

# આગમ મનીષી
# શ્રી તિલોકચંદ જૈન દ્વારા સંપાદિત
# મીઠી મીઠી લાગે મહાવીરની દેશના
## : પરિશિષ્ટ :

(અનુભવ અર્ક)

ચર્ચા–વિચારણાઓ,

ઐતિહાસિક સંવાદ અને નિબંધ

આવશ્યક સૂત્ર ચિંતનો.

# ઐતિહાસિક સંવાદ : ખંડ-૧

## વિષય-સૂચિ


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | શાસ્ત્રોની વાર્તા | ૧૭ |
| ૨ | વ્યાખ્યા ગ્રંથ વાર્તા | ૧૮ |
| ૩ | પટ્ટાવલી ગ્રંથ વાર્તા | ૧૮ |
| ૪ | અન્ય ગ્રંથ વાર્તા | ૧૯ |
| ૫ | કથા ગ્રંથ વાર્તા | ૧૯ |
| ૬ | પ્રક્ષેપ વાર્તા | ૨૦ |
| ૭ | માંસ પ્રક્ષેપ વાર્તા | ૨૦ |
| ૮ | મૂર્તિ નમોત્થુણં પ્રક્ષેપ વાર્તા | ૨૧ |
| ૯ | દશાશ્રુત સ્કંધ પ્રક્ષેપ વાર્તા | ૨૨ |
| ૧૦ | સ્થવિરાવલી વાર્તા | ૨૨ |
| ૧૧ | પ્રમાણિક અપ્રમાણિક વાર્તા | ૨૩ |
| ૧૨ | વિવેક બુદ્ધિ વાર્તા | ૨૫ |
| ૧૩ | નિર્યુક્તિ રચના વાર્તા | ૨૬ |
| ૧૪ | પ્રાચીન ભદ્રબાહુ વાર્તા | ૨૬ |
| ૧૫ | મહાવિદેહથી ચૂલિકા લાવવાની વાર્તા | ૨૮ |
| ૧૬ | શાસ્ત્રોની ભાષા શૈલીની વાર્તા | ૨૮ |
| ૧૭ | ઠાણાંગ સમવાયાંગ વાર્તા | ૨૯ |
| ૧૮ | સૂત્રોમાં પરિવર્તન અધિકાર વાર્તા | ૩૦ |
| ૧૯ | અનધિકાર ચેષ્ટા (દૂષિત પરિવર્તન) વાર્તા | ૩૦ |
| ૨૦ | પૂર્વાચાર્યોની આશાતના વાર્તા | ૩૧ |
| ૨૧ | આર્ય રક્ષિત વાર્તા | ૩૨ |
| ૨૨ | કુત્સિત કલ્પનાઓની વાર્તા | ૩૩ |
| ૨૩ | નિશીથ સૂત્ર રચના વાર્તા | ૩૪ |
| ૨૪ | પ્રશ્ન વ્યાકરણ સૂત્ર વિચ્છેદ વાર્તા | ૩૪ |
| ૨૫ | જય પાહુડ વાર્તા : પ્રશ્નવ્યાકરણ વાર્તા | ૩૫ |
| ૨૬ | આવશ્યક સૂત્ર વાર્તા | ૩૭ |
| ૨૭ | ઉત્તરાધ્યયન સૂત્ર વાર્તા | ૩૭ |
| ૨૮ | દશવૈકાલિક સૂત્ર વાર્તા | ૩૮ |
| ૨૯ | નંદી સૂત્રની પચાસ ગાથા સંબંધી વાર્તા | ૪૦ |
| ૩૦ | ગ્રંથોના વાંચન-અવાંચનની વાર્તા | ૪૧ |
| ૩૧ | દિગંબર મત વાર્તા | ૪૧ |
| ૩૨ | મૂર્તિપૂજક ધર્મ વાર્તા | ૪૬ |
| ૩૩ | મુખવસ્ત્રિકા વાર્તા | ૫૪ |
| ૩૪ | તેમાં પાશ્ચાત્ય વિદ્વાનોની પ્રમાણ વાર્તા | ૫૮ |
| ૩૫ | મંદિર મૂર્તિપૂજા સંબંધી પ્રમાણ વાર્તા | ૬૧ |
| ૩૬ | તેમાં પાશ્ચાત્ય વિદ્વાન પ્રમાણ વાર્તા | ૬૮ |
| ૩૭ | પીતાંબર જૈન વાર્તા | ૬૯ |
| ૩૮ | રાત્રે પાણી રાખવા સંબંધી વાર્તા | ૭૧ |
| ૩૯ | શાસ્ત્ર પાઠમાં ચોરીઓની વાર્તા | ૭૨ |
| ૪૦ | બાવીસ અભક્ષ્ય વાર્તા | ૭૩ |
| ૪૧ | અનંતકાય વાર્તા | ૭૫ |
| ૪૨ | વાસક્ષેપ વાર્તા | ૭૬ |
| ૪૩ | **कयवलिकम्मा** ની વાર્તા | ૭૭ |
| ૪૪ | એકલ વિહારી વાર્તા | ૭૮ |
| ૪૫ | પર્વ તિથી (સંવત્સરી) વાર્તા | ૭૮ |
| ૪૬ | ધાતુ રાખવા સંબંધી વાર્તા | ૭૯ |
| ૪૭ | પોસ્ટેજ રાખવા સંબંધી વાર્તા | ૭૯ |
| ૪૮ | સૂર્ય પ્રજ્ઞપ્તિ વાર્તા | ૮૦ |
| ૪૯ | લોગસ્સ પ્રતિક્રમણ વાર્તા | ૮૦ |
| ૫૦ | મસ્તક ઢાંકવા સંબંધી વાર્તા | ૮૧ |
| ૫૧ | નિત્ય ગોચરી જવા સંબંધી વાર્તા | ૮૧ |
| ૫૨ | કપડાના માપ સંબંધી વાર્તા | ૮૧ |
| ૫૩ | છેદસૂત્ર અધ્યયન વાર્તા | ૮૨ |
| ૫૪ | ધોવણના પાણીની વાર્તા | ૮૨ |
| ૫૫ | તેરાપંથ ધર્મ વાર્તા | ૮૩ |
| ૫૬ | દયાદાન વાર્તા | ૮૪ |
| ૫૭ | સ્થાનકવાસી ધર્મની વાર્તા | ૮૫ |
| ૫૮ | વિકૃત પ્રવૃત્તિઓની વાર્તા | ૮૭ |
| ૫૯ | મંજન-સ્નાન વિભૂષા વાર્તા | ૮૭ |
| ૬૦ | દૈનિક સમાચાર પત્ર વાર્તા | ૮૭ |
| ૬૧ | શિથિલાચાર પ્રવૃત્તિઓની વાર્તા | ૮૮ |
| ૬૨ | સંજયા નિયંઠા વાર્તા | ૮૯ |
| ૬૩ | સ્વગચ્છીય સમાચારી પાલન વાર્તા | ૯૦ |
| ૬૪ | અંતિમ ઉપસંહાર વાર્તા | ૯૧ |
| ૬૫ | જ્ઞાનગોષ્ઠી : આગમ વિચારણા | ૯૧ |
| ૬૬ | જ્ઞાનગોષ્ઠી : મંદિર મૂર્તિ વિચારણા | ૯૪ |
| ૬૭ | જ્ઞાનગોષ્ઠી : ઉપકરણ પરિમાણ વિચારણા | ૯૬ |
| ૬૮ | જ્ઞાનગોષ્ઠી : શ્રાવકોનું આગમ અધ્યયન વિચારણા | ૯૭ |
| ૬૯ | જ્ઞાનગોષ્ઠી : મુખવસ્ત્રિકા વિચારણા | ૯૮ |
| ૭૦ | જ્ઞાનગોષ્ઠી : માસિક ધર્મમાં ધર્માનુષ્ઠાન વિચારણા | ૧૦૦ |
| ૭૧ | દિગંબર માન્યતા વિચારણા | ૧૦૩ |
| ૭૨ | મંદિર મૂર્તિ અને આગમમાં પ્રક્ષેપ વિચારણા | ૧૦૪ |
| ૭૩ | સંવત્સરી પર્વ વિચારણા સંવાદ | ૧૦૬ |

# ઐતિહાસિક સંવાદ : પરિશિષ્ટ ખંડ-૧

## શાસ્ત્રોની વાર્તા

***જિજ્ઞેશ :– શાસ્ત્રો ક્યારે બન્યા, કોણે રચ્યાં ?***

**જ્ઞાનચંદ :** જિનશાસનમાં તીર્થંકર ભગવંતો દ્વારા પ્રાપ્ત જ્ઞાન વડે, તેમના પ્રમુખ શિષ્ય ગણધર ભગવંત બાર અંગ શાસ્ત્ર તથા આવશ્યક સૂત્રની રચના કરે છે.

***જિજ્ઞેશ :– તે સિવાયનાં શાસ્ત્ર ક્યારે અને કોણે રચ્યાં ?***

**જ્ઞાનચંદ :** તે સિવાય અર્થાત્ અંગબાહ્ય શાસ્ત્રની રચના બધા ગણધરોના નિર્વાણ થયા બાદ, જ્યારે પણ જરૂર પડી ત્યારે બહુશ્રુત ગીતાર્થ શ્રમણોએ તે અંગ શાસ્ત્રના જ્ઞાનના આધારે ઉપશાસ્ત્રોની રચના કરી.

***જિજ્ઞેશ :– આવા કુલ કેટલા શાસ્ત્ર બન્યાં ?***

**જ્ઞાનચંદ :** નંદીસૂત્રમાં આવા કુલ ૭૨ સૂત્રના નામ ઉપલબ્ધ છે, જે વાસ્તવમાં ફક્ત ૫૯ જ છે.

***જિજ્ઞેશ :– ૫૯માંથી ગણધર કૃત કેટલા છે અને અન્ય શ્રમણ કૃત કેટલા છે?***

**જ્ઞાનચંદ :** ૧૨ અંગ + ૧ આવશ્યક = ૧૩ ગણધરકૃત છે. બાકીના ૫૯–૧૩ = ૪૬ આગમ અન્ય શ્રમણકૃત છે.

***જિજ્ઞેશ :– અન્ય શ્રમણકૃત ૪૬ આગમોના કર્તાના નામ શું છે ?***

**જ્ઞાનચંદ :–** (૧) દશવૈકાલિક સૂત્રના કર્તા શય્યંભવાચાર્ય (૨) નંદીસૂત્રના કર્તા– દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ(દેવવાચક) (૩) અનુયોગદ્વાર સૂત્રના કર્તા–આર્યરક્ષિત (૪) પ્રજ્ઞાપના સૂત્રના કર્તા– શ્યામાચાર્ય (૫ થી ૭) દશાશ્રુતસ્કંધ સૂત્ર, બૃહત્કલ્પ સૂત્ર, વ્યવહાર સૂત્ર, આ ત્રણ સૂત્રના કર્તા– પ્રથમ ભદ્રબાહુ સ્વામી છે. (૮–૯) આતુર પ્રત્યાખ્યાન તથા દેવેન્દ્ર સ્તવ પ્રકીર્ણકના કર્તા– વીરભદ્ર આચાર્ય છે. આ સિવાય ૩૭ આગમોના કર્તાના નામો અપ્રસિદ્ધ છે, અજ્ઞાત છે. તે સિવાય નિશીથ સૂત્ર, આચારાંગ સૂત્રનો વિભાગ હોવાથી ગણધર કૃત સમજવો યોગ્ય છે.

***જિજ્ઞેશ :– નંદીસૂત્રમાં નામ સાથે આવતા ૭૨ આગમોને વાસ્તવમાં ૫૯ આગમ છે તેમ કહેવાનું શું તાત્પર્ય છે ?***

**જ્ઞાનચંદ :–** સ્થાનાંગ સૂત્રમાં સંક્ષેપિકદશા સૂત્રના દસ અધ્યયન કહ્યાં છે, તે જ દસ અધ્યયનનાં નામ નંદી સૂત્રમાં જુદા-જુદા શાસ્ત્ર રૂપે લખ્યાં છે. એ જ પ્રકારે નિરિયાવલિકા સૂત્રમાં તેના પાંચ વર્ગ કહ્યાં છે, એ જ પાંચ નામ નંદીસૂત્રમાં પાંચ સૂત્ર રૂપમાં લખેલા મળે છે. આ રીતે આગમાધારથી જ ૭૨માં લિપિ દોષ આદિ માની ૫૯ કહ્યાં છે.



***જિજ્ઞેશ :– આજકાલ આગમોની સંખ્યા ૩૨ કે ૪૫ માનવામાં આવે છે જે નંદી સૂત્રની આ સંખ્યાથી ભિન્ન છે, એવું કેમ ?***

**જ્ઞાનચંદ :–** ભિન્ન-ભિન્ન સમયે અપેક્ષા વિશેષથી ૪૫ કે ૩૨ આગમની માન્યતા પ્રચલિત થઈ છે. વાસ્તવમાં બંને માન્યતાઓ કસોટીએ ખરી નથી ઉતરતી એટલે બંને જ અશુદ્ધ માન્યતાઓ છે. આ વિષય પર અન્ય ચર્ચા, પ્રમાણ સહિત, જાણકારી માટે આગમ સારાંશના ખંડ–૪,'છેદ શાસ્ત્ર'નું ધ્યાનપૂર્વક અધ્યયન કરવું જોઈએ.

## વ્યાખ્યા ગ્રંથ વાર્તા

***જિજ્ઞેશ :– આ સૂત્રો પર વ્યાખ્યાઓ ક્યારે બની અને તે ક્યારે લખવામાં આવી ?***

**જ્ઞાનચંદ :–** સૂત્રોના અર્થ, પરમાર્થ અને વ્યાખ્યાઓ પણ પરંપરાથી મૌખિકરૂપે તો તે સૂત્રોની સાથે જ શરૂઆતથી જ ચાલતાં આવ્યાં છે. આગમોનું જ્યારે વ્યવસ્થિત લખાણ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં થઈ ગયું, ત્યારબાદ ટૂંક સમયમાં જ વ્યાખ્યાઓની લેખિત રચનાઓ પુસ્તકરૂપે કરવામાં આવી. અર્થાત્ વીર નિર્વાણ દસમી શતાબ્દીના અંતમાં આગમો લિપિબદ્ધ થયા અને વીર નિર્વાણ અગ્યારમી શતાબ્દીના પૂર્વાર્ધમાં દ્વિતીય ભદ્રબાહુ દ્વારા કેટલાંક સૂત્રોની નિર્યુક્તિ નામની વ્યાખ્યાઓ લેખિતરૂપમાં રચાઈને પુસ્તકારૂઢ કરવામાં આવી. ત્યારપછી ક્રમશઃ કેટલાંક સૂત્રોના ભાષ્ય લેખિત બન્યાં. તે પછી ચૂર્ણિઓ આદિ વ્યાખ્યાઓ પણ લેખિત રૂપમાં તૈયાર થઈ અર્થાત્ બધા સૂત્રોની વ્યાખ્યાઓ એક સાથે ન રચાતાં, જુદા-જુદા આચાર્યો અથવા બહુશ્રુતો દ્વારા જુદા-જુદા સમયે રચવામાં આવી; તે વિક્રમની બારમી-તેરમી શતાબ્દિ અને વીર નિર્વાણની સોળમી સત્તરમી શતાબ્દિમાં મલયગિરિ આચાર્યના સમયમાં પૂર્ણ થઈ. પરંતુ ત્યાં સુધીમાં ૭૨ આગમોમાંથી કેટલાય આગમો અનુપલબ્ધ થઈ ગયા ! અને આમ કેટલાક સૂત્ર પર એક, તો કેટલાક સૂત્રો પર અનેક આચાર્યોની વ્યાખ્યાઓ લખાઈને ઉપલબ્ધ થવા લાગી.

## પટ્ટાવલી ગ્રંથ વાર્તા

***જિજ્ઞેશ :– ઈતિહાસ અને પટ્ટાવલિઓ ક્યારે બન્યાં ?***

**જ્ઞાનચંદ :–** ઉક્ત આગમોમાં તથા વ્યાખ્યાઓમાં વિખરાયેલા ઈતિહાસની સામગ્રી અહીં-તહીં જોવા મળે છે અર્થાત્ તેમાં જે કોઈ ઘટના કે ચારિત્ર વગેરે દર્શાવ્યા છે, તેમાંથી જ ઘણાં ઈતિહાસના તત્ત્વો જાણવા મળે છે. તેમ છતાં ઐતિહાસિક સ્વતંત્ર ગ્રંથ તથા પટ્ટાવલિઓ બારમી-તેરમી શતાબ્દિમાં તથા ત્યારપછીના સમયમાં લેખિત રૂપમાં રચાવા લાગી.

***જિજ્ઞેશ :– નંદીસૂત્ર તથા કલ્પસૂત્રમાં તો ઘણા વખત પહેલાથી જ હતી ને ?***

**જ્ઞાનચંદ :–** કલ્પસૂત્રનું આ પ્રારંભિક રૂપ, આ જ બારમી-તેરમી વિક્રમ શતાબ્દીમાં તૈયાર કરાયેલું છે. માટે તેમાં ઉપલબ્ધ પટ્ટાવલીઓ પણ એ જ યુગનું સંકલન છે, તે સ્પષ્ટ જણાય છે. આ સંબંધી ચર્ચાની માહિતી માટે છેદ શાસ્ત્ર સારાંશ ખંડ–૪ જુઓ. નંદી સૂત્રમાં પટ્ટાવલીઓ નથી, ફક્ત પ્રસિદ્ધ કે સ્મૃતિ પ્રાપ્ત અનુયોગધર બહુશ્રુતોનું ગુણ-કીર્તન છે. આ વિષયની વિસ્તૃત ચર્ચા આ જ પુસ્તકના આગળના પરિશિષ્ટ ખંડ–રના વિષય નંબર–રરમાં જુઓ.

## અન્ય ગ્રંથ વાર્તા

***જિજ્ઞેશ :– અન્ય જૈન સાહિત્ય તથા ગ્રંથોની રચના ક્યારે થઈ ?***

**જ્ઞાનચંદ :–** નિર્યુક્તિ રચના પછી, ભાષ્ય રચનાકાળમાં શરૂ થઈને આજ સુધી અનેક ગ્રંથ તથા સાહિત્યની રચનાઓ થઈ છે અને થઈ રહી છે.

***જિજ્ઞેશ :– તીર્થંકરોના સમયમાં કે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પર્યન્ત શું કોઈ પણ શ્રમણ કશું લખતા ન હતા ?***

**જ્ઞાનચંદ :–** વ્યક્તિગત અપેક્ષાએ કોઈપણ શ્રમણ પોતાની પાસે નોંધના રૂપમાં ગમે તે લખી શકતા હતા. તેમાં તે પોતાના માટે અથવા શિષ્યો માટે આવશ્યકતાનુસાર કોઈપણ વિષય તત્ત્વ કે ચિંતનનું સંકલન કરી શકતા હતા. એટલા માટે જ નંદી સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે જેટલા શ્રમણ થયાં તેટલાં જ પ્રકીર્ણક સૂત્રો પણ સંભવી શકે છે. તેમ છતાં આજના સમયે લેખનકાર્યની જેટલી આવશ્યકતા જણાય છે તેટલી તે કાળે જણાતી નહોતી. વેપારી વર્ગ પણ આજની અપેક્ષાએ પ્રાચીન સમયમાં કે આજથી ૫૦-૧૦૦ વર્ષે પહેલાં પણ લેખનકાર્ય ઓછું કરતો હતો. આગમોનું વ્યવસ્થિત ક્રમબદ્ધ લેખન તો એક સાથે દેવર્દ્ધિગણિના સમયે જ થયું.

## કથા ગ્રંથ વાર્તા

***જિજ્ઞેશ :– કથા ગ્રંથ ક્યારે બન્યા ?***

**જ્ઞાનચંદ :–** સૂત્રો અને વ્યાખ્યાઓમાં પણ અનેક કથાઓ છવાયેલી છે. એ સિવાય સ્વતંત્ર કથા ગ્રંથ 'પ્રબંધ'ના નામે આગમ લેખન પછી ગ્રંથ રચનાઓની સાથે જ લખાવા લાગ્યા.

***જિજ્ઞેશ :– આ કથા ગ્રંથ કે બીજા ગ્રંથ અને વ્યાખ્યા ગ્રંથ આગમની જેમ જ માન્ય કરવા જોઈએ ?***

**જ્ઞાનચંદ :–** આગમોનું સ્થાન સર્વોચ્ચ છે એ સ્વતઃ પ્રમાણિત છે. જેનાં નામ નંદીસૂત્રમાં છે. તે સિવાયની રચનાઓ પરતઃ(આગમ કસોટીથી) પ્રમાણિત છે.



અર્થાત્ આગમ કથિત તત્ત્વ અને સિદ્ધાંતોને પુષ્ટ કરનારા તથા આગમથી અવિરુદ્ધ તત્ત્વ જ પ્રમાણભૂત છે, આગમ વિરુદ્ધ તત્ત્વ અપ્રમાણિક હોય છે.

***જિજ્ઞેશ :– નંદી સૂત્ર કથિત આગમોમાં બધા તત્ત્વો પૂર્ણ પ્રમાણિક છે ? અવિરુદ્ધ છે ?***

**જ્ઞાનચંદ :–** લિપિ દોષ, પરંપરા દોષ તથા વિવક્ષા ભેદ તો, આ સૂત્રોમાં પણ સંભવી શકે છે, જેને પરસ્પર સૂત્રો તથા સિદ્ધાંતો સાથે સમન્વય કરીને સમજી શકાય છે, જેમ કે– (૧) **લિપિદોષ–** એક સૂત્રની અનેક પ્રતિઓ જોવાથી ખ્યાલ આવી જાય છે અને તેની વ્યાખ્યાઓ જોવાથી પણ લિપિ દોષના અનુભવ થઈ જાય છે. કોઈ-કોઈ વાર તો જે પાઠની ચૂર્ણિ ટીકાકારે વ્યાખ્યા કરી છે, તેવો પાઠ કોઈપણ પ્રતમાં નથી મળતો ! અર્થાત્ ટીકાકાર વગેરેની સામે જે પાઠ (શબ્દ) હતો તે હવે નથી રહ્યો પરંતુ બીજો જ પાઠ જોવા મળે છે.

(૨) **પરંપરા દોષ–** કેટલાક સૂત્રોમાં પાઠાંતર લખેલા હોય છે જેમ કે **एगे एवं आहंसु, एगे पुण एवं । अन्ने भणंति, अन्ने पढंति, पाढांतरं** વગેરે શબ્દોના પ્રયોગો આગમોમાં મળે છે.

(૩) **વિવક્ષા ભેદ–** કેટલાક સૂત્રમાં અણાહારક બે સમયનો કહ્યો છે, કેટલાકમાં ત્રણ સમયનો કહ્યો છે. આચાર પ્રકલ્પ ક્યાંક પાંચ કહેલ છે તો ક્યાંક ૨૮ કહ્યા છે. આવા ઘણાં દૃષ્ટાંતો છે. અતઃ વિવેક તથા સમન્વય બુદ્ધિ રાખવી એ તો સર્વત્ર જરૂરી છે તથા અહિંસા વગેરે મૌલિક સિદ્ધાંતોની કસોટી પણ સર્વત્ર આવશ્યક છે.

## પ્રક્ષેપ વાર્તા

***જિજ્ઞેશ :– આ ઉપરોક્ત ત્રણ વિકલ્પ સિવાય શાસ્ત્રોમાં ક્યાંય પ્રક્ષેપ પરિવર્તન પણ થયા છે ?***

**જ્ઞાનચંદ :–** લેખન કાળમાં ક્યાંક ક્યાંક અસદ્બુદ્ધિથી લહિયાઓ દ્વારા તથા સ્વાર્થવશ પણ ક્યારેક શ્રમણો દ્વારા પ્રક્ષેપ તથા પરિવર્તન થયા છે. જેમ કે– આચારાંગ આદિ શાસ્ત્રોમાં માંસ મત્સ્ય આદિ આમિષ ભોજન સંબંધી પાઠ, રાજપ્રશ્નીય સૂત્રમાં મૂર્તિઓ અને ચાર તીર્થંકરોના નામ સંબંધી પાઠ, જ્ઞાતાસૂત્રમાં નમોત્થુણંનો પાઠ, દશા શ્રુતસ્કંધ સૂત્રની આઠમી દશા સમાચારી વર્ણનમાં અન્ય વર્ણન જોડીને તથા તે સમાચારીને વધારીને કરેલ કલ્પસૂત્ર વગેરે કેટલાંય ઉદાહરણો છે. મહાનિશીથ સૂત્ર પણ આવા જ દોષોનો ભંડાર છે !!

## માંસ પ્રક્ષેપ વાર્તા

***જિજ્ઞેશ :– માંસ પરક શબ્દોનો તો અન્ય અર્થ થઈ જાય છે ?***

**જ્ઞાનચંદ :–** આ એક ભ્રમિત પ્રવાહ છે. સૂત્ર રચનાકાર ગણધરો અને બહુશ્રુતોએ પણ માંસ અને મત્સ્ય શબ્દનો 'આમિષ' અર્થમાં, આગમોમાં પ્રયોગ કર્યો છે. માંસના આહારને નરકનું કારણ બતાવ્યું છે, ત્યાં પણ 'માંસ' નો જ શબ્દ પ્રયોગ છે. આવા સ્પષ્ટ અને પ્રચલિત અર્થવાળા માંસ શબ્દનો પ્રયોગ આચારશાસ્ત્રોમાં સાધુની ગોચરીના પ્રકરણમાં ગણધર પ્રભુ કરે, એ સંભવી પણ ન શકે. શું તે વનસ્પતિ માટે તેમને અન્ય શબ્દ ન મળ્યો હોય ? જેના કારણે તેમને આચારાંગમાં એવો પાઠ આપવો પડ્યો કે **मच्छगं मंसगं भोच्चा,अट्ठियाइं कंटए य गहाय।**

**અર્થ :** મત્સ્ય અને માંસને ખાઈને તેમાં રહેલા કાંટા અને હાડકાને સાધુ એકાંતમાં લઈ જઈને પરઠે ! આવા ભ્રામક અને પ્રસિદ્ધ શબ્દનો પ્રયોગ ગણધરકૃત માનવામાં કોઈ સમજદારી નથી !

જો આગમ રચનાકાળમાં માંસ અને મત્સ્ય વનસ્પતિ રૂપમાં જ પ્રયુક્ત હોય અને ત્યારે આમિષ ભોજન અર્થમાં પ્રયુક્ત ન હોય તો તે દેશકાળનો પ્રચલિત શબ્દ પ્રયોગ હશે તેમ માની પણ શકાય. પરંતુ આવું ન હતું, એ વાત તો આગમથી જ સ્પષ્ટ થઈ જાય છે. કારણ કે એ આગમોમાં 'મંસ-મચ્છ' શબ્દ માંસ અને માછલીને માટે પ્રયુક્ત થયા છે. અતઃ આવા પાઠ ક્યારેક કોઈ વિરોધી માનસ-વાળાએ પ્રક્ષિપ્ત કરી પ્રચારમાં લાવ્યા હશે, તેમ માનવું જ હિતાવહ છે.

## મૂર્તિ : નમોત્થુણં પ્રક્ષેપ વાર્તા

***જિજ્ઞેશ :– મૂર્તિ, મૂર્તિનામ તથા णमोत्थुणं પ્રક્ષેપ કથનનો શો અર્થ (ભાવ) થાય છે ?***

**જ્ઞાનચંદ :–** રાજપ્રશ્નીય સૂત્રમાં ૧૦૮ શા✓ત મૂર્તિઓનો પાઠ યથાસ્થાન છે. તેમાં કોઈપણ વ્યક્તિનું નામ કહ્યું નથી. પરંતુ સ્તૂપ વર્ણન પછી તેની ચારે તરફ મૂર્તિઓનું કથન અને તેના મુખ સ્તૂપની તરફ છે તેમ કહેવું અર્થાત્ દક્ષિણ અને પશ્ચિમમાં પણ મૂર્તિના મુખ છે તેમ કહેવું અને તેના ઋષભ તથા વર્ધમાન આદિ નામો પણ કહી દેવા, આ બધું સ્પષ્ટ રીતે પ્રક્ષિપ્ત છે. કેમ કે શા✓ત મૂર્તિઓ કોઈ વ્યક્તિ કે તીર્થંકરની હોતી નથી. મૂર્તિનું મુખ પણ પૂર્વ કે ઉત્તરમાં જ હોય છે.

દુરાગ્રહ બુદ્ધિથી તીર્થંકરોની મૂર્તિ સિદ્ધ કરવાને માટે ણમોત્થુણંનો પાઠ પણ ધરાર રાખી દેવાયો છે. કેમ કે શા✓ત મૂર્તિ, કોઈ ગુણવાનની કે વ્યક્તિ વિશેષની હોઈ જ ન શકે, તો પછી તેની તીર્થંકરોના ગુણોથી સ્તુતિ કરવાનું કોઈ પ્રયોજન નથી. જ્ઞાતાસૂત્રની પ્રાચીન પ્રતમાં તો એ ણમોત્થુણંનો પાઠ મળતો જ નથી. વાસ્તવમાં તો ણમોત્થુણંના ગુણવાળી એ ૧૦૮ શા✓ત મૂર્તિઓ હોતી જ નથી !!

અન્ય જાણકારી માટે રાજપ્રશ્નીય સૂત્રનો સારાંશ, આગમ સારાંશ ખંડ–૧ કથા શાસ્ત્રમાં જુઓ.



## દશાશ્રુતસ્કંધ પ્રક્ષેપ વાર્તા

***જિજ્ઞેશ :– દશાશ્રુતસ્કંધ તથા મહાનિશીથસૂત્ર સંબંધમાં શી વાત છે ?***

**જ્ઞાનચંદ :–** દશાશ્રુતસ્કંધ સૂત્ર એક છેદસૂત્ર છે. જેમાં નાના-નાના અધ્યયન (દશા) છે; આવું સ્વયં નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે. તેમ છતાં ૧૨૦૦ શ્લોક જેટલું મોટું કલ્પસૂત્ર રચીને કહી દીધું કે આ દશાશ્રુતસ્કંધ સૂત્રનું આઠમું અધ્યયન જ છે ! અને મોકો જોઈને કોઈ સાધુએ કોઈ હસ્ત પ્રતમાં આઠમી દશામાં તે આખું સૂત્ર લખી પણ નાખ્યું ! પરંતુ આ સૂત્ર ઉપર ભાષ્ય, નિર્યુક્તિ ચૂર્ણિ ઉપસ્થિત છે. તેમાં તો આવા પાઠોની વ્યાખ્યા કરવામાં આવી નથી. ઘણી પ્રતોમાં આવો પાઠ મળતો પણ નથી. આ વિષયની વિશેષ જાણકારી દશાશ્રુતસ્કંધ સૂત્ર આગમ સારાંશ ખંડ–૪માં જોઈ લેવું જોઈએ.

મહાનિશીથ સૂત્રમાં પણ કોઈકે કેટલીક સ્વચ્છંદી અને બનાવટી વાતો ભરીને એ સૂત્રને પણ હાસ્યને પાત્ર બનાવ્યું છે. આ સંબંધમાં એક સંકલન આ જ પુસ્તકના ઐતિહાસિક પરિશિષ્ટ ખંડ–રમાં જુઓ.

## સ્થવિરાવલી વાર્તા

***જિજ્ઞેશ :– હિમવંત સ્થવિરાવલી કઈ સદીની રચના છે ? તેના કર્તા કોણ છે ?***

**જ્ઞાનચંદ :–** ઈતિહાસવેતા ✓તાંબર મૂર્તિપૂજક વિદ્વાન કલ્પસૂત્ર અને નંદીસૂત્ર પછી ત્રીજા નંબરે યુગ પ્રધાન પટ્ટાવલી **दुस्समकाल समण संघत्थवं** ને કહે છે જે વિક્રમની તેરમી સદીની રચના છે અને જેના રચનાકાર ધર્મઘોષ સૂરિ છે. હિમવંત સ્થવિરાવલીનો નંબર પ્રાચીનતામાં ત્રીજા નંબરે માનવામાં આવતો નથી, અતઃ **दुस्समकाल समण संघत्थव**ની પછીની રચના છે, તે સુસ્પષ્ટ છે. જેથી તેનો રચનાકાળ તેરમી સદીની પહેલાંનો તો હોય જ નહીં, એવું પણ નિશ્ચિતરૂપે કહી શકાય છે.

વાસ્તવિકતા પણ એ જ છે કે પટ્ટાવલિઓ વગેરેની રચનાનો યુગ પણ તેરમી સદીમાં પ્રારંભ થયો છે. તે પહેલાં આવી રચનાઓનો પ્રાદુર્ભાવ થયો ન હતો.

***જિજ્ઞેશ :– કલ્પસૂત્ર સ્થવિરાવલી તો વીર નિર્વાણની ત્રીજી સદીની રચના ગણાય છે ?***

**જ્ઞાનચંદ :–** આ કથન તો સ્વતઃ ખોટું સાબિત થઈ જાય છે કેમકે કલ્પસૂત્ર સ્થવિરાવલીમાં વીર નિર્વાણ દસમી સદી સુધીના મહાપુરુષોના વંદન ગુણગ્રામ યુક્ત નામ છે.

સ્વયં કલ્પસૂત્ર પણ પ્રસિદ્ધ ટીકાકાર શ્રીમલયગિરિ આચાર્ય પછીની

રચના છે. વાસ્તવમાં આ કલ્પસૂત્ર અહીં-તહીંથી સંકલન કરીને લખાયેલું એક કલ્પિત સૂત્ર જ છે ! તેમ છતાં તેનું મહત્વ વધારે દર્શાવવા ખોટી પ્રાચીનતા કલ્પિત કરેલ છે. કેમ કે ૩૨ કે ૪૫ અથવા ૭૨ કે ૮૪ માંની કોઈપણ આગમ ગણનામાં આ કલ્પસૂત્રની ગણતરી જ નથી કરાઈ !! આ કલ્પસૂત્રનું સ્વતંત્ર નામ કોઈપણ નિર્યુક્તિ, ચૂર્ણિ, ટીકા કે મલયગિરિ આચાર્યના પૂર્વ રચિત કોઈપણ ગ્રંથમાં ઉપલબ્ધ થતું નથી.

અતઃ આ કલ્પસૂત્રમાં વર્ણિત સ્થવિરાવલીને વીર નિર્વાણની ત્રીજી સદીની રચના કહેવી કે માનવી એ કેવળ અંધશ્રદ્ધા જ છે.

## પ્રમાણિક અપ્રમાણિક વાર્તા

***જિજ્ઞેશ :– તો પછી હિમવંત સ્થવિરાવલીને એકાંત અપ્રમાણિક માનવી જોઈએ કે પ્રમાણિક ?***

**જ્ઞાનચંદ :–** ગણધર તથા ચૌદપૂર્વી કે ૧૦ પૂર્વી સિવાય કોઈની પણ રચનાને પૂર્ણ એકાંત પ્રમાણિક માની શકાય નહીં. આજ વાત નંદીસૂત્રમાં આ પ્રકારે કહેલ છે **भिन्नेसु भयणा** અર્થાત્ ૧૦ પૂર્વથી ઓછા જ્ઞાનવાળાની રચના ભજનાથી પ્રામાણિક છે, એકાંતથી નહીં; તેમ માનવું જોઈએ. કેમકે તેમાં કથિત તત્ત્વો સમ્યક્ અને અસમ્યક્ બંને પ્રકારના હોઈ શકે. એટલે પૂર્ણ રૂપથી કે એકાંત રૂપથી અપ્રમાણિક તો કોઈ પણ જૈન સાહિત્યને કહી ન શકાય. વર્તમાન યુગના આચાર્ય, ઉપાધ્યાય કે શ્રમણ આદિ સામાન્ય જ્ઞાની પુરુષોની રચના કે વક્તવ્યને પણ એકાંત કે પૂર્ણ અપ્રમાણિક કહી ન શકાય.

પૂર્ણ પ્રમાણિકતા સર્વજ્ઞોના તથા દસ અથવા ચૌદપૂર્વધારીઓના કથિત વચનોમાં જ હોઈ શકે. જ્યારે સર્વજ્ઞોના વચનોમાં શ્રદ્ધા કે અપેક્ષા રાખનારા કોઈપણ છદ્મસ્થના વચનો પૂર્ણ અપ્રમાણિક કે પૂર્ણ હેય નથી હોતા તે તો પરતઃ પ્રામાણિક હોય છે, પછી ભલે તે કોઈ નિબંધ ગ્રંથ રૂપ હોય કે પછી વ્યાખ્યાન રૂપે હોય !

માટે દશ પૂર્વથી ઓછા જ્ઞાનવાળા છદ્મસ્થોની રચનામાં અંધશ્રદ્ધાની આગ્રહ બુદ્ધિ ન રાખતાં વિવેક બુદ્ધિ રાખવી જ યોગ્ય છે. અન્ય આગમોમાં પણ મિશ્રણ દોષ, પ્રક્ષેપદોષ, પરિવર્તન દોષ, પરંપરા દોષ તથા લિપિદોષ વગેરે સંભવી શકે છે. માટે તે અંગે પણ વિવેક સહિત વિચારણા કરવાનું જરૂરી છે.

***જિજ્ઞેશ :– શું બધા જ આગમો અપ્રમાણિક અને કસોટી કરવા યુક્ત સંદેહશીલ થઈ ગયા છે ?***

**જ્ઞાનચંદ :–** પૂર્વોક્ત કથનનો અર્થ એમ નથી કે 'બધાં જ આગમો સંદેહયુક્ત



અને સર્વથા અપ્રમાણિક થઈ ગયા છે, તેમાં કથિત બધા જ તત્ત્વ સંદેહશીલ થઈ ગયા.' પરંતુ ઉપલબ્ધ આગમોને ઉપલબ્ધ અન્ય આગમો સાથે સમન્વય કરીને તથા મૌલિક સિદ્ધાંતો સાથે સમન્વય કરીને વિવેકબુદ્ધિથી સમજવાની કોશિશ કરવામાં જ તટસ્થતા રહેલી છે. કોઈપણ વ્યાખ્યા ગ્રંથ કે વિવેચન, ભાષાંતર, નિબંધ, ઈતિહાસના ગ્રંથો પર રાગ-દ્વેષ ન રાખતા તેની પ્રત્યે આદરભાવ રાખવો, અવસરે તે વાંચવા, સમજવા, સ્વવિવેક અનુસાર તેનું ચિંતન કરવું, અન્ય આગમજ્ઞાનના (સિદ્ધાંત જ્ઞાનના) અનુભવથી તુલના કરી વિચારવું, નવનીત પ્રાપ્ત કરતા રહેવું તે જ્ઞાન આરાધનાનું જ એક અંગ છે. આવું કરવું તે 'કોઈપણ પૂર્વાચાર્ય કે ગુરુ પ્રતિ અશ્રદ્ધા અભક્તિ છે' તેમ કહેવું તે શાસ્ત્રજ્ઞાનની અણસમજનું સૂચક છે.

કેમ કે શાસ્ત્ર બૃહત્કલ્પ સૂત્રમાં કહ્યું છે કે ગીતાર્થ ગુરુ આચાર્યએ આપેલું પ્રાયશ્ચિત્ત પણ જો આગમોક્ત હોય તો તે ગ્રહણ કરવું જોઈએ અને જો તે આગમોક્ત ન હોય તો ગ્રહણ કરવું જોઈએ નહીં.

વ્યવહાર સૂત્રમાં કહ્યું છે કે કાળ કરતા સમયે આચાર્યએ જો જણાવ્યું હોય કે મારા સ્થાને અમુક સાધુને આચાર્ય બનાવજો; છતાં પણ તે આચાર્યના કાળ- ધર્મ પામ્યા બાદ તે સાધુ યોગ્ય હોય તો જ તેને આચાર્ય પદ આપવું અન્યથા બીજા યોગ્ય સાધુને આચાર્ય બનાવવા. આમ છેદ સૂત્રોમાં પણ ગુરુ તથા આચાર્યની આજ્ઞાનું પાલન કરવામાં પણ વિવેક બુદ્ધિને પ્રમુખતા આપવામાં આવી છે.

સારાંશ એટલો જ છે કે બધા છદ્મસ્થોની વાક્ય રચનાઓ, વિચારણાઓ ચિંતન કરવા યોગ્ય છે. ઉક્ત બંને આગમ પ્રમાણોથી શાસ્ત્રાજ્ઞા પણ આવી રીતે સ્પષ્ટ છે. માટે આવું કરવાથી કોઈની આશાતના થાય તેવી કલ્પનાને કોઈ સ્થાન નથી ! જિજ્ઞાસા તથા સત્યની શોધ કરવાની દષ્ટિથી ન્યાય બુદ્ધિથી કોઈ અપરાધ થતો નથી. સર્વજ્ઞોનો પરિચય ન થતાં નિર્ણય કરવાને માટે તેમની પણ પરીક્ષા કરનાર ભગવતી સૂત્ર વર્ણિત ગાંગેય અણગાર આદિ આરાધક બન્યા છે.

વર્તમાનમાં ઉપલબ્ધ માન્ય આગમોમાં પણ લિપિ દોષ, પ્રેસ દોષ, પરંપરા દોષ, પ્રક્ષેપ દોષ, મિશ્રણ દોષ, હ્રાસ દોષ વિગેરે અનેક નાના-મોટા ક્ષમ્ય દોષો છે. જે સર્વ વિદિત અને સર્વ માન્ય તત્ત્વ છે. તેથી વિદ્વાનો માટે સત્યની શોધ, વિવેકપૂર્ણ તટસ્થ વૃતિથી આગમના મૂળ પાઠોનો, અર્થોનો, પરંપરાઓનો નિર્ણય કરવો તે અનુપયુક્ત તો ન જ કહી શકાય.

જે પ્રકારે ગાળેલું પાણી તથા શુદ્ધ ભોજન પણ ગ્રહણ કરતી વખતે જોઈને ખાવું-પીવું જોઈએ તથા તેમાંની અશુદ્ધિને કાઢી નાખવી જોઈએ, તે વિવેક છે અને તેમાં માખી કે ઝેરી જંતુનો અંશ હોય તો છોડી દેવા તે પણ વિવેક છે; પછી ભલે

તેના બનાવનાર ગમે તેટલા હોશિયાર હોય; તે જ પ્રકારે આગમ વ્યાખ્યાઓ, ગ્રંથ, સાહિત્ય બધામાં ઉક્ત દોષ સંભવ હોવાથી વિવેક રાખવો શ્રેયસ્કર છે.

***એક વાતનું અત્રે ખાસ ધ્યાન રાખવાનું છે કે ઉક્ત સંપૂર્ણ વિવેક–બુદ્ધિમાન, શાસ્ત્રોના ગહન અભ્યાસીઓ, અનુભવીઓ તથા બહુશ્રુત વિદ્વાનો માટે છે, પરંતુ સામાન્ય સમજણવાળાઓ માટે નહીં ! તેમણે તો ગીતાર્થ બહુશ્રુત ગુઢઓના નિર્દેશ તથા આજ્ઞાનુસાર જ કાર્ય કરવું જોઈએ કે સમજવું જોઈએ.***

## વિવેક બુદ્ધિ વાર્તા

***જિજ્ઞેશ :– શાસ્ત્રો માટે વિવેક બુદ્ધિ કથન અન્ય બીજા કોઈ વિદ્વાને પણ ક્યાંય ક્યારેય કહ્યું છે ? કે પછી આપે જ બધી આગમ સત્તા પોતાના અને વિદ્વાનોના હાથમાં લઈ લીધી છે ?***

**જ્ઞાનચંદ :–** જી હાં ! ✓. મૂર્તિપૂજક વિદ્વાન શ્રી પુણ્યવિજયજી એ આ અંગે તેવા જ પોતાના વિચારો પણ એક જગ્યાએ જણાવ્યા છે જેમ કે– ''અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે આજના જૈન આગમોમાં મૌલિક અંશો ઘણા ઘણા છે એમાં શંકા નથી. પરંતુ જેટલું અને જે કાંઈ છે એ બધું ય મૌલિક જ છે એમ માનવા મનાવવાનો પ્રયત્ન કરવો એ સર્વજ્ઞ ભગવંતોને દૂષિત જ કરવા જેવી વાત છે.''

''આજના જૈન આગમોનાં એવા એવા ઘણા ઘણા અંશો છે, જે જૈન આગમોને પુસ્તકારૂઢ કરવામાં આવ્યા ત્યારે, કે તે આસપાસ ઉમેરાયેલા કે પૂર્તિ કરાયેલા છે. કેટલાક અંશો એવા પણ છે જે જૈનેતર શાસ્ત્રોને આધારે ઉમેરાયેલા અને જૈન દષ્ટિથી દૂર પણ જાય છે. ઈત્યાદિ અનેક બાબતો જૈન આગમના અભ્યાસી ગીતાર્થ ગંભીર જૈન મુનિગણે વિવેકથી ધ્યાન રાખવા જેવી છે.'' — ***[બૃહત્કલ્પ સૂત્ર ભાષ્ય ભાગ ૬. પ્રસ્તાવનાંશ.]***

આ પ્રકારે ***મૂર્તિપૂજક પ્રસિદ્ધ વિદ્વાન શાસ્ત્રોદ્ધારક પદ વિભૂષિત પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મ.સા.*** એ મૌલિક આગમોમાં પણ ગીતાર્થ મુનિઓને વિવેક બુદ્ધિ રાખવાનો નિર્દેશ કર્યો છે. આવી સ્થિતિમાં આગમાતિરિક્ત ગ્રંથો, વ્યાખ્યાઓ તથા કલ્પિત કથાગ્રંથો, ઈતિહાસ ગ્રંથો અને કલ્પસૂત્ર કે મહાનિશીથ અથવા પટ્ટાવલિઓ માટે આગ્રહ અને વિવેક બુદ્ધિનો નિષેધ કોઈ પણ દ્વારા કરવો, એ કદાપિ ઉચિત હોઈ શકે નહીં.

એટલા માટે અનુભવ તથા ચિંતનપૂર્વક જ આગમો માટે લિપિ દોષ, દષ્ટિ દોષ, પરંપરા દોષ, પ્રક્ષેપ દોષ, પરિવર્તન દોષ સંભવ હોઈ શકે તેવું કહેવામાં આવ્યું છે અને આ જ મુખ્ય કારણોને ધ્યાનમાં રાખીને વિવેક બુદ્ધિ રાખવાનો સંકેત કર્યો છે. જે અન્ય આગમ મનીષીઓ દ્વારા સંમત હોવાથી એક નિરાબાધ સત્ય સંકેત છે. આનો આશય સમજ્યા વિના ઉપેક્ષા અને આક્ષેપ કરવા તે



સમજદારી નથી.

## નિર્યુક્તિ રચના વાર્તા

***જિજ્ઞેશ :– વીર નિર્વાણ દસમી શતાબ્દિ પછી નિર્યુક્તિ ભાષ્ય વગેરે બન્યા એવું કથન કઈ રીતે યોગ્ય છે ? કેમકે નિર્યુક્તિઓની રચના તો ભદ્રબાહુ સ્વામીએ વીર નિર્વાણ ત્રીજી સદીમાં જ કરી દીધી હતી ?***

**જ્ઞાનચંદ :–** એક સરખા નામની સમાનતાને કારણે આવો ભ્રમ થયો છે. પૂર્વે પ્રસિદ્ધ બે ભદ્રબાહુ સ્વામી થઈ ગયા છે. લાંબા સમયના આંતરાના કારણે બંનેના જીવન સંબંધી કેટલાક વર્ણનો મિશ્રિત થઈ ગયા છે. વરાહમિહિરના ભાઈ ભદ્રબાહુસ્વામી વીર નિર્વાણ દસમી સદીમાં થઈ ગયા, જ્યારે ૧૪ પૂર્વી ભદ્રબાહુસ્વામી વીર નિર્વાણ ત્રીજી સદીમાં થયા હતા. નિર્યુક્તિઓની રચના તથા ભદ્રબાહુસંહિતાની રચના વરાહ મિહિરના ભાઈ બીજા ભદ્રબાહુ સ્વામીની છે, જ્યારે ત્રણ છેદસૂત્રની રચના પ્રથમ ભદ્રબાહુ સ્વામીએ કરી છે. કેમકે વરાહમિહિરે વરાહી સંહિતા બનાવી છે અને તેમાં જે રચનાકાળ ઉપલબ્ધ છે તે દસમી સદીનો છે તથા નિર્યુક્તિઓના કર્તા ભદ્રબાહુસ્વામી, વરાહમિહિરના ભાઈ છે. છેદસૂત્રની નિર્યુક્તિમાં પ્રારંભની મંગલગાથામાં ત્રણ છેદસૂત્રોની રચના કરનારા પ્રાચીન ભદ્રબાહુ સ્વામીને વંદન કર્યા છે. આ વિષયમાં સપ્રમાણ વિસ્તૃત ચર્ચા, મંદિરમાર્ગી વિદ્વાનમુનિ શ્રી પુણ્યવિજયજીએ સભાષ્ય બૃહત્કલ્પસૂત્રના છઠ્ઠા ભાગની પ્રસ્તાવનામાં કરી છે. ઉક્ત મંતવ્ય એ જ ચર્ચાનો એક ભાગ છે. વધારે જાણકારી માટે આ જ પુસ્તકમાં ઐતિહાસિક પરિશિષ્ટ ખંડ–૨માં તે સંકલન જેમ છે તેમજ આપ્યું છે. માટે તે જોઈ લેવા વિનંતી.

## પ્રાચીન ભદ્રબાહુ વાર્તા

***જિજ્ઞેશ :– પ્રાચીન ભદ્રબાહુ સ્વામીએ મહાપ્રાણ સાધના કરી હતી ? તે સાધના શું છે ? કયા સૂત્રમાં છે ?***

**જ્ઞાનચંદ :–** આ પણ એક કલ્પિત કથા અને કલ્પિત ઈતિહાસ છે. શ્રાવકો અને શ્રમણોની અનેક સાધનાઓ, અભિગ્રહ, જિનકલ્પ કે પડિમાઓના વર્ણન આગમોમાં છે. મહાપ્રાણ સાધના નામની કોઈ ચીજ આગમોમાં નથી. ગચ્છ મુક્ત બાર ભિક્ષુ-પડિમાઓ પણ અલ્પ સમય માટે હોય છે. જિનકલ્પ આદિ ગચ્છ મુક્ત સાધનાઓ પણ ૧૪ પૂર્વીઓએ ધારણ કરવાની આવશ્યકતા નથી હોતી. પરિહાર વિશુદ્ધ ચારિત્ર પણ ૧૪ પૂર્વીઓએ ધારણ કરવાની આવશ્યકતા હોતી નથી. તેઓ ગચ્છમાં રહીને જ વિશિષ્ટ નિર્જરા કરી લે છે.

જિનશાસનની આવશ્યક સેવા છોડીને ૧૪ પૂર્વી દ્વારા ૧૨ વર્ષની એકલ-

વિહારી વાળી સાધના કરવી, આવા ઉત્કૃષ્ટ બહુશ્રુત જ્ઞાની વિચક્ષણ મહાન શ્રમણ દ્વારા સંઘની આજ્ઞાની અવહેલના ઉપેક્ષા કરાવવી, ગોતી ગોતીને જુદા તારવીને યોગ્ય ૫૦૦ સાધુઓને સંઘ દ્વારા મોકલવા, તેમાંથી પણ ૪૯૯ સાધુઓનું વચ્ચેથી જ છોડીને પાછા ફરવું, બાર વર્ષનો દુકાળ પડવો, ઈત્યાદિ જે અણઘડ બાબતોનું વર્ણન છે, તે કલ્પિત છે. તેમાં પણ અમુક બાબતો વિચારવા લાયક છે. જેવી કે– (૧) ચૌદ પૂર્વ જ્ઞાની એવા ભદ્રબાહુસ્વામી પોતે નહીં સમજતા હોય કે જિનશાસનમાં જ્ઞાન આપવું મારે આવશ્યક છે (૨) આવી મહાપ્રાણ સાધનાનું વર્ણન કોઈ આગમમાં તપના ભેદોમાં નથી (૩) ૫૦૦ યોગ્ય સાધુ તારવનારા પણ મૂર્ખ હતા શું ? (૪) વળી તેમની એવી કેવી યોગ્યતા હતી કે જેઓ ત્યાં રોકાયા નહીં અને તેમને છોડીને વચ્ચેથી પાછા ફર્યા (૫) ઉપાલંભ દઈને તેમને ફરી પાછા કેમ ન મોકલ્યા ? (૬) શું પાછા ફરનારા આજ્ઞા માનીને ફરી જઈ નહોતા શકતા ? (૭) તો તે જ ૪૯૯ ને આજ્ઞા બહાર કેમ ન કર્યા ? (૮) બાર વર્ષના દુકાળ પહેલાં જ ભદ્રબાહુ મહાપ્રાણ સાધના કરવા નીકળ્યાં કે પછી? (૯) પહેલાં નીકળ્યા હોય તો ૧૨ વર્ષની મહાપ્રાણ સાધના પૂર્ણ થઈ જવી જોઈતી હતી અને જો દુકાળ પછી ગયા હોય તો તેઓ મહાન અવિવેકી છે તેમ ગણાય ! કેમ કે આવા ભયંકર દુકાળની સંકટમય સંઘની સ્થિતિમાં તેમનું એકલા જવું એજ વિચારણા માંગી લે તેવું છે. તેમણે કોની આજ્ઞા લીધી ? તેવા સમયે આજ્ઞા દેનારું કોણ હતું ? (૧૦) બાર વર્ષના દુકાળની કલ્પના આવા કથાનકો સાથે કેમ જોડી દેવાય છે ? (૧૧) ભદ્રબાહુ સ્વામીની કથા માટે કે સ્કંદિલાચાર્યના સમયે તથા દેવર્ધિગણિના આગમ લેખન માટે, ૧૨ વર્ષના દુકાળની કલ્પના માત્ર છે. આવા દુકાળ, આવી બધી ઘટના સાથે જોડી દેવાયા છે, વાસ્તવમાં વિચારવામાં આવે તો અજ્ઞાત સુદૂર એ વીર નિર્વાણના ૧૦૦૦ વર્ષમાં કેટલાય ૧૨ વર્ષીય દુકાળ થઈ ગયા હોય તો પછી હવે ૧૫૦૦ વર્ષોમાં આવા દુકાળો કેમ નથી પડ્યા ? આનું કારણ સ્પષ્ટ છે કે આ ૧૫૦૦ વર્ષમાં લેખન યુગ ચાલી ગયો હતો, જેના માટે એવા વ્યાપક વિષયની કલ્પનાઓ ચાલવી સંભવ રહી નથી અને એ ૧૦૦૦ વર્ષોને માટે જેને જે મન ફાવ્યું તે કલ્પના કરી હોત તો તે પણ ચાલ્યુ જાત.

વાસ્તવમાં ૨-૪ વર્ષનો કે એક વર્ષનો પણ મહા દુકાળ પડે તો લોકો ત્રાહી-ત્રાહી પોકારી ઉઠે છે. તો બાર વર્ષનો દુકાળ અને તે પણ વારંવાર પડ્યા કરે ઈત્યાદિ કથન યોગ્ય નથી. એ તો તે તે ઘટનાઓ તેમજ કલ્પનાઓને જમાવવા માટે કરવામાં આવેલી એક કલ્પના માત્ર છે. વાસ્તવિક્તા એ જ છે કે કોઈપણ વિશેષ ઘટનાને સિદ્ધ કરવા સમજાવવા માટે ૧૨ વર્ષના દુષ્કાળ બતાવવાનો જાણે એક પ્રવાહ બની ગયો. જેમ કે– (૧) સ્થૂલિ ભદ્રની વિશેષતા કહેવી હોય તો ૧૨



વર્ષનો દુકાળ જોડી દીધો (૨) દિગંબર-શ્વેતાંબર વચ્ચેના ભેદ બતાવવા હોય તો ૧૨ વર્ષનો દુકાળ જોડી દીધો (૩) મૂર્તિઓની સ્થાપના બતાવવી હોય તો તેમાંય બાર વર્ષના દુકાળને જોડી દેવાયો (૪) સ્કંદિલાચાર્યના સમયમાં શાસ્ત્રોદ્ધાર બતાવવો હોય તો ત્યાંય બાર વર્ષના દુકાળને જોડી દીધો (૫) દેવર્દ્ધિગણિના સમયમાં શાસ્ત્રલેખન થવાનું છે તોપણ બાર વર્ષના દુકાળને જોડી દીધો. તો ફરી આ જ રીતે ઈતિહાસકારોમાં કેટલાય પ્રવાહ ચાલે છે. સુદૂરવર્તી કાળનું અંતર હોવાથી તેમની શોધ પણ કોણ કરી શકે ? અને આમ તે પ્રવાહ ચાલતાં રહે છે.

## મહાવિદેહથી ચૂલિકા લાવવાની વાર્તા

***જિજ્ઞેશ :– શું સ્થૂલિભદ્રની બહેન સાધ્વી મહાવિદેહ ક્ષેત્રથી ચૂલિકા લાવી હતી ?***

**જ્ઞાનચંદ :–** ચૂલિકા તો સૂત્રનું એક અંગ છે. તેની રચના તો સૂત્રની સાથે જ કરવામાં આવે છે. જેમ કે– બારમું અંગ દૃષ્ટિવાદ છે, તેમાં ચૂલિકા પણ એક વિભાગ છે. જેમ મેરૂ પર્વતની ચૂલિકા તેની સાથે જ છે તેવી જ રીતે ઘણા આગમોમાં પણ તેની સાથે ચૂલિકાની રચના થઈ જાય છે.

કેટલીયે કલ્પિત વાર્તાઓ સમયે-સમયે કોઈ એકાંગી દૃષ્ટિકોણથી રચવામાં આવે છે. પહેલા કોઈ ગ્રંથમાં બે ચૂલિકા લાવવાની વાત કરી છે, પછીના ગ્રંથોમાં ચાર ચૂલિકા લાવવાની વાત કરવામાં આવી. આ બધી ગ્રંથ કથાઓ ઘણા સમય પછી બનેલી તથા વિકૃતિઓથી ભરપૂર છે. દશવૈકાલિક ચૂર્ણિના કર્તા આચાર્યશ્રી અગસ્ત્યસિંહસૂરિના સમય સુધી આવી કલ્પનાઓ જ નહોતી ઊઠી, એટલે તેમણે ચૂલિકાની વ્યાખ્યા કરતી વખતે સ્પષ્ટ કહ્યું છે કે દશવૈકાલિક રચનાકાર શ્રી સ્વયંભવાચાર્યે પ્રથમ ચૂલિકામાં આ વિષયનું કથન કર્યું છે. અર્થાત્ તેમની દૃષ્ટિમાં દશવૈકાલિકના તથા પહેલી-બીજી બંને ચૂલિકાના કર્તા સ્વયંભવાચાર્ય જ હતા.

મહાવિદેહથી ચૂલિકા લાવવા સંબંધી કલ્પિત કથા દશવૈકાલિક ચૂર્ણિથી ઘણાં વખત પછીના ગ્રંથોમાં ઉલ્લેખિત છે. અતઃ આવી અસત્ય કલ્પનાઓ કોઈ કોઈ યુગમાં થયા કરે છે. પરંતુ તે જાણવા યોગ્ય જ છે. માટે તેનો આગ્રહ રાખવો એ અવિવેક છે.

## શાસ્ત્રોની ભાષા શૈલીની વાર્તા

***જિજ્ઞેશ :– ગણધરો દ્વારા રચિત આચારાંગ સૂત્ર વગેરેની ભાષામાં આટલો ફેર કેમ છે ? ભાષા વિદ્વાન અન્વેષક, ભાષાના આધારે સૂત્રનો વિભિન્ન રચના કાળ બતાવે છે. તદનુસાર પ્રથમ આચારાંગ સિવાય અનેક અંગ***

***આગમ કાલાંતરમાં રચાયેલા પ્રતીત થાય છે તો તેને ગણધર કૃત કેમ કહેવાય ?***

**જ્ઞાનચંદ :–** ભાષાનો તર્ક કરીને આગમોના ઉત્પત્તિ કાળના વિભાજનની કલ્પના કરવી તે એક નિરર્થક પ્રયત્ન છે.

આજકાલના કલાકારો-લેખક પણ સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ગુજરાતી, મારવાડી કે સાહિત્યિક ભાષા કે સરળ ભાષા કે ગૂઢ ભાષામાં તથા ગદ્ય, પદ્ય, મુક્તક, ઢાળ, ચોપાઈ, એક દેશીય કે અનેક રાગોવાળી, સંક્ષિપ્ત કે વિસ્તૃત વિવિધ રૂપોમાં રચના કરવાની ક્ષમતા રાખે છે અને એવી વૈવિધ્યપૂર્ણ રચનાઓ રચે છે. એક વક્તા પણ આ રીતે વિભિન્ન રૂપોમાં વક્તવ્ય આપી શકે છે અને એટલે જ આવી વિભિન્ન રચનાઓના આધારે વ્યક્તિ ભેદ કે કાળભેદની કલ્પના કરવી એ કોઈ પ્રામાણિક સત્ય ચિંતન કહી ન શકાય.

આપણા ગણધર પ્રભુ તથા શાસ્ત્રકાર બહુશ્રુત પૂર્વધર શું આજના વિદ્વાનોથી નિમ્ન હતા ? કે તેઓ જુદા જુદા પ્રકારની રચના નહોતા કરી શકતા ? શું ગણધર ભગવંતો અગિયાર અંગોને કે આવશ્યકસૂત્રને કે દષ્ટિવાદને વિભિન્ન પદ્ધતિથી જુદી જુદી શૈલીમાં ગુંથી ન શકે ?

વાસ્તવમાં ગણધર પ્રભુ ઉપલબ્ધ પ્રથમ આચારાંગ પણ આવી રીતે બનાવી શકતા હતા. આચારાંગનો બીજો શ્રુતસ્કંધ તેમજ સૂયગડાંગ પણ પદ્યમય ગદ્યમય બનાવી શકતા હતા; ઠાણાંગ, સમવાયાંગ, ભગવતીની પદ્ધતિની ગૂંથણી પણ તેઓ કરી શકે તેમ હતા જ અને જ્ઞાતા આદિ ધર્મ શાસ્ત્રોની ગૂંથણી પણ કરી શકે તેમ હતા પરંતુ તેમને જે શૈલી કે પદ્ધતિ ઉપયુક્ત લાગી તે મુજબ સૂત્રોનું કથન અલગ-અલગ પ્રકારે કર્યું. આમાં કશું જ અસંભવ કે શંકા કરવા જેવું નથી.

અતઃ ભાષાશૈલીને આધારે આગમોના રચનાકાળનો વિચાર કરવો તે વિદ્વાનોની એકાંગી દષ્ટિ છે, તેના પ્રવાહમાં તણાઈ જવું તે નરી ભાવુકતાનો અતિરેક માત્ર સમજવો જોઈએ.

## ઠાણાંગ : સમવાયાંગ વાર્તા

***જિજ્ઞેશ :– ઠાણાંગ, સમવાયાંગ સૂત્રોમાં તો સંખ્યા સંબંધી કેટલાય વર્ણનો ગણધરોની પછીના છે, તો તેને કેમ સમજવા ?***

**જ્ઞાનચંદ :–** આ બંને સૂત્રો સંખ્યા સંબંધી સંકલન સૂત્ર છે. તેમાં ઉપયોગી કેટલાય તત્ત્વો, સમયે-સમયે સંપાદનકર્તા પૂર્વધર બહુશ્રુતોએ ફરી સ્થાપિત કર્યા છે, તેમ માનવામાં કોઈ શંકા નથી. અન્ય સૂત્રોમાં પણ ક્ષેત્રકાળની અપેક્ષાને



ધ્યાનમાં રાખીને બહુશ્રુતો પૂર્વધરોએ તેમાં હીનાધિક કરવાનું, ફેરફાર કરવાનું કાર્ય અધિકાર પૂર્વક કર્યું છે એવું માનવામાં કોઈ વાંધો નથી. તે પરિવર્તન સ્વચ્છંદ બુદ્ધિથી નહીં પરંતુ અન્ય બહુશ્રુતોની સલાહ તથા વિવેકપૂર્વક કરવામાં આવ્યું છે. સૂત્રોનો ઊંડો અભ્યાસ કરનાર, આ અનુભવથી અજાણ નથી, એટલે તેઓને આ વાત સહજ માન્ય હોય છે. જેમ કે– (૧) આચારાંગ સૂત્રનું સાતમું અધ્યયન વિચ્છેદ જવું, (૨) નિશીથ અધ્યયન અલગ થઈને ભાવના અને વિમુક્તિ અધ્યયનનું સંલગ્ન થવું (૩) ઠાણાંગ, સમવાયાંગમાં અનેક બોલો સંલગ્ન થવા (૪) ભગવતી આદિ સૂત્રોમાં પાઠાંતર, વૈકલ્પિક પાઠ રાખવા (૫) સૂત્રોને સંક્ષિપ્ત કરવા **જાવ** લગાવવું કે અન્ય સૂત્રની ભલામણ કરવી (૬) બારમા અંગમાંથી જુદા કાઢીને નવા નવા સૂત્રો બનાવવા (૭) પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પૂર્ણ રીતે પરિવર્તન કરી નાખવું (૮) અને તેમાંથી અલગ કાઢેલા સૂત્રો અધ્યયનોમાંથી ઉત્તરાધ્યયન અને ઋષિભાષિત સૂત્ર સ્વતંત્ર બનાવી દેવા વિગેરે વિગેરે...

## સૂત્રોમાં પરિવર્તન અધિકાર વાર્તા

***જિજ્ઞેશ :– આ સંપાદનના અધિકારો ક્યાં સુધી રહ્યા ? અને શું આજે પણ છે?***

**જ્ઞાનચંદ :–** શાસ્ત્ર લિપિબદ્ધ કરવાના સમયે આવશ્યક સંપાદન પૂર્વધરોની સાક્ષીએ કરવામાં આવેલ, ત્યારબાદ આ અધિકાર કોઈને પણ ન રહ્યો. તેમજ પૂર્વ જ્ઞાનનો પણ વિચ્છેદ થઈ ગયો. ત્યારપછી લિપિદોષ, પ્રક્ષેપદોષ વગેરે દોષોને વિવેકપૂર્વક સુધારવાનો અધિકાર તો આગમોના ગહન અભ્યાસી વિવેકવાન બહુશ્રુતોને જ છે. તેમાં જરા પણ સંદેહ કરવો જોઈએ નહીં. પરંતુ સ્વચ્છંદ મતિથી વ્યક્તિગત કે બહુમતથી આગમમાં વધ-ઘટ કરવી કે પરિવર્તન કરવું અથવા પ્રક્ષેપ કરવાનો અધિકાર કોઈને પણ નથી.

## દૂષિત પરિવર્તન વાર્તા

***જિજ્ઞેશ :– લેખનકાળ કે દેવર્દ્ધિગણિના સંપાદન પછી આગમોમાં કોઈએ પણ કાંઈ પરિવર્તન, પ્રક્ષેપ કે વધ-ઘટ કરવાનું કર્તવ્ય નથી કર્યું ?***

**જ્ઞાનચંદ :–** અધિકાર ન હોવા છતાં પણ સ્વાર્થથી કે સ્વચ્છંદ મતિથી સમયે-સમયે જૈન વિદ્વાનોએ આગમોમાં હસ્તક્ષેપ કરેલ છે. દુર્માનસવાળા કેટલાંક શાસ્ત્ર લેખકોએ પણ વિકૃત પ્રક્ષેપ કે વત્તું-ઓછું પરિવર્તન કર્યું છે. સાથે થોડો લિપિ દોષ, દષ્ટિ દોષ તથા ભૂલથી પણ પરિવર્તન થયું છે. જેમ કે– (૧) કેટલીક જગ્યાએ સૂત્રોમાં મદ્યમાંસ સેવનનું કથાનક કે આચાર વિધાન કરતા શબ્દોનો પ્રક્ષેપ થયો છે (૨) ક્યાંક મૂર્તિઓના પાઠો ઉમેરાયા છે (૩) ક્યાંક ણમોત્થુણંના

પાઠનો પ્રક્ષેપ કરવામાં આવ્યો છે (૪) ક્યાંક દોરા સાથે મુહપતિનો વાક્યાંશ જોડવામાં આવ્યો છે (૫) ક્યાંક મેલ-પરિષહ કે મોય-સમાચરણ સંબંધી પાઠ જ કાઢી નાખવામાં આવ્યો છે (૬) દશાશ્રુત સ્કંધમાં આઠમી દશામાં સમાચારીના પાઠોને વધારે-ઓછાં અને વિકૃત કરી દેવામાં આવ્યા છે. ભગવાનના મુખેથી કોઈ અધ્યયનને વારંવાર પરિષદમાં કહેવાયાના ઉપસંહાર પાઠ પણ જોડી દેવામાં આવેલ છે. પર્યુષણ સંબંધી પાઠને પણ અટપટી અને મનમાની રીતે બનાવીને રાખી દીધા છે (૭) ચુલ્લકલ્પ અને મહાકલ્પ સૂત્ર અને વ્યક્તિગત સમાચારીઓ, પટ્ટાવલીઓને જોડીને નવું જ કલ્પસૂત્ર બનાવીને, તેને આઠમી દશાનું નામ આપીને પ્રસિદ્ધ કરી દેવાયું છે; વળી એ ૧૨૦૦ શ્લોક પ્રમાણ કલ્પસૂત્રને ભદ્રબાહુસ્વામીએ ગૂંથ્યું છે તથા ભગવાન મહાવીરે પરિષદમાં વારંવાર સંભળાવ્યું છે એવું પણ લખી નાખ્યું છે ! તો કોઈકે વળી હિંમત કરીને આઠમી દશામાં જ તેને પૂરૂં લખી નાખ્યું છે. તે હસ્ત લિખિત પ્રત ***અમદાવાદની એલ.ડી. ઈન્સ્ટીટ્યુટમાં*** ઉપલબ્ધ છે (૮) કોઈકે ખંડિત મહાનિશીથને અસંગત વાતોથી પરિપૂર્ણ કરીને રાખી દીધું છે (૯) આવશ્યક સૂત્રની બાબતમાં તો જાણે બધાએ પોતપોતાના હાથમાં પરિવર્તન પરિવર્ધન કરવાનો પૂરેપૂરો અધિકાર લઈ રાખ્યો છે. એ બધા આગમ અંગેના અનધિકારના કર્તવ્યો છે. નિશીથ સૂત્રની ચૂર્ણિના અંતે કોઈ દિગંબરાચાર્યની સૂત્રકર્તાના રૂપમાં છાપ પણ લગાડી દીધી છે !!

આ અનધિકૃત રીતે કરેલ પરિવર્તન કે લિપિદોષ અથવા ભૂલ દોષથી થયેલ પરિવર્તનોને વિવેક અને અન્વેષણ પૂર્વક સુધારીને સાચું સંપાદન કરવાનો અધિકાર તો આગમોના ગહન અભ્યાસી ગીતાર્થ મુનિઓને આજે પણ છે જ, એ સમજી લેવું જોઈએ. આનો સ્વીકાર નહીં કરીએ તો 'મક્ષિકા સ્થાને મક્ષિકા પાત્રં' વાળી ઉક્તિ ચરિતાર્થ થશે. અતઃ લકીરના ફકીર પણ નથી બનવાનું, એકાંત રૂપે પરંપરાઓનો આગ્રહવાદ પણ નથી રાખવાનો, સાથે સાથે નકલમાં વિવેકયુક્ત અક્કલ પણ રાખવી જરૂરી છે.

## પૂર્વાચાર્યોની આશાતના વાર્તા

***જિજ્ઞેશ :– પૂર્વાચાર્યોએ બનાવેલા ગ્રંથો અને સૂત્ર વ્યાખ્યાઓને વાંચવા પણ ખરા અને માનવા પણ ખરા તથા પોતાને યોગ્ય ન લાગે તો તેને ખોટું છે તેમ કહી દેવું આ તો સર્વ સત્તા પોતાના હાથમાં રાખવાની વાત છે અને શું આ પૂર્વાચાર્યોને પોતાનાથી અલ્પજ્ઞ સમજવાની વાત નથી ?***

**જ્ઞાનચંદ :–** કોઈ પણ પૂર્વાચાર્ય કે વર્તમાન વિદ્વાનોના સાહિત્યનું વાંચન શ્રદ્ધા-પૂર્વક કરવા છતાં જો તેમાં કંઈપણ આગમથી વિપરીત હોય કે પાપવર્ધક હોય તે કથનને આગમ આધારથી કસોટી કરીને નિર્ણય કરવું, તે આગમ સન્માન છે



તેમાં કોઈની પણ આશાતનાની કલ્પના કરવી જ અયોગ્ય છે.

આ કારણે પૂર્વાચાર્યોને અલ્પજ્ઞ સમજવાની કલ્પના કરવી તે પણ અજ્ઞાન દશા જ છે. સૂત્રના આદેશ પ્રમાણે તો આચાર્ય પ્રદત્ત કોઈપણ પ્રાયશ્ચિત્ત શાસ્ત્રાનુકુળ ન હોય તો તે પ્રાયશ્ચિત્ત લેવાની ના કહેવાનો અધિકાર પણ શાસ્ત્રજ્ઞ શિષ્યને છે, એવી સ્પષ્ટ શાસ્ત્રાજ્ઞા છે. આવી જ અન્ય અનેક શાસ્ત્રાજ્ઞાઓથી એ સ્પષ્ટ થાય છે કે આગમ સાપેક્ષ ન્યાય યુક્ત નિર્ણય લેવામાં તેના વિપક્ષમાં રહેલાં કોઈપણ મોટા વિદ્વાનો કે આચાર્યો અથવા ગુઢ કે સાહિત્યકારની આશાતના થાય તેવું આગમકાર માનતા નથી.

## આર્યરક્ષિત વાર્તા

***જિજ્ઞેશ :– શું આર્ય રક્ષિત આચાર્યે છેદસૂત્ર સાધ્વીઓને વાંચવા વંચાવવાનો નિષેધ કર્યો હતો ? આગમ અનુયોગનો વિચ્છેદ કર્યો ? માત્રક રાખવાની છૂટ આપી ?***

**જ્ઞાનચંદ :–** (૧) નંદીસૂત્રમાં જણાવ્યા અનુસાર આર્ય રક્ષિતે અનુયોગની રક્ષા કરી છે પરંતુ વિચ્છેદ કરવાની વાત ત્યાં જણાવી નથી. ઉલ્ટું ત્યાં તો એમ જણાવ્યું છે કે આર્યરક્ષિત પછી પણ અનેક અનુયોગના ધારક તથા પ્રવર્તક શ્રમણો થઈ ગયા. નંદીકર્તાએ એક ગાથામાં એમ પણ જણાવ્યું છે કે આજે પણ અર્ધ ભરતક્ષેત્રમાં અનુયોગનું પ્રવર્તન ચાલુ છે. અર્થાત્ આર્ય રક્ષિતે અનુયોગનો વિચ્છેદ નહોતો કર્યો પણ અર્થ વ્યાખ્યાનના કથનની જે પદ્ધતિ હતી, તેને તેઓએ અનુયોગદ્વાર સૂત્રની રચના કરીને તેમાં સુરક્ષિત કરી દીધી હતી. આ પ્રમાણે આર્યરક્ષિતે અનુયોગની સુરક્ષા કરી હતી પરંતુ વિચ્છેદ નહોતો કર્યો. વિશેષ માહિતી માટે આગમ સારાંશ ખંડ–૭માં અનુયોગદ્વાર સૂત્રનું સંપાદકીય જોઈ લેવું.

(૨) છેદસૂત્ર અને પાત્ર સંબંધી કલ્પના અસત્ય છે તથા વ્યર્થ રીતે આર્ય રક્ષિતના નામે પ્રચલિત કરવામાં આવી છે. એનું કારણ એ છે કે આર્ય રક્ષિતની પૂર્વેના જે આગમો ઉપલબ્ધ છે તેમાં અનેક પાત્ર રાખવાનું તથા માત્રક રાખવાનું સ્પષ્ટ વિધાન છે. આ વિષયક વિશેષ માહિતી આગમ સારાંશના **છેદ શાસ્ત્ર** ખંડ–૪માં છે તે જોઈ લેવું જોઈએ.

આ જ રીતે સાધ્વીઓને આવશ્યક રૂપે છેદસૂત્ર(નિશીથ સૂત્ર) કંઠસ્થ કરવા તથા ધારણા કરવાનું વિધાન પણ આર્યરક્ષિતથી પૂર્વે રચિત આગમોમાં આજે પણ જોવા મળે છે. એની ચર્ચા પણ છેદશાસ્ત્ર ખંડ–૪માં કરવામાં આવી છે તે સ્થાનેથી અધ્યયન કરીને વિશેષ જાણકારી મેળવી લેવી જોઈએ.

આર્ય રક્ષિતના નામે આવી કાલ્પનિક વાતો ઈતિહાસના પાનાઓમાં થઈ છે, જે સ્પષ્ટરૂપે આગમ વિઢદ્ધ પ્રરૂપણા છે. તેમ છતાં અંધશ્રદ્ધા તથા ગાડરીયા પ્રવાહવાળા લોકો તેને ચલાવતા રહ્યા છે.

એક માન્યતા પ્રમાણે આચાર્ય ભદ્રબાહુકૃત શાસ્ત્રમાં સાધ્વી માટે છેદસૂત્ર વાંચવા અંગે વિધાન કરવામાં આવેલ છે. તેથી તેનાથી વિપરીત વિધાન આગમમાં આર્યરક્ષિત આચાર્ય ન કરી શક્યા. પરંતુ તેમણે મૌખિક રૂપે તો પરંપરામાં તેને ચાલુ કરી જ દીધું જે આજ સુધી ચાલુ છે. આવી માન્યતા કરવાવાળા વિદ્વાનો દ્વારા પણ આર્યરક્ષિત જેવા મહાન આચાર્યની પ્રતિષ્ઠાને પણ હાનિ પહોંચે છે !

પાત્ર બાબત પણ એવું લખી નાખ્યું કે પહેલાં એક જ પાત્ર સાધુઓ રાખતા હતા, તેમાં જ ખાતા હતા તથા અન્ય કાર્ય કરતા હતા. પછી આર્ય રક્ષિતે માત્રક રાખવાની મૌખિક છૂટ આપી. પરંતુ તેનો અકારણ ઉપયોગ કરવાની મનાઈ પણ કરી હતી. જ્યારે વ્યવહાર સૂત્રમાં સાધુઓને અનેક પાત્ર હોવાનું તથા તેમાં અને કરપાત્રમાં ખાવા-પીવાનું સ્પષ્ટ વિધાન આજે પણ ઉપલબ્ધ છે. આ રીતે આર્યરક્ષિતના નામે કેટલીક વાતો ચલાવવામાં આવી અને આજે પણ એ ચાલી રહી છે, તે તો જાણે બુદ્ધિમાનોની આશ્ચર્યકારી પ્રરૂપણાઓ તથા પ્રવૃત્તિઓ છે.

## કુત્સિત કલ્પનાઓની વાર્તા

***જિજ્ઞેશ :– પહેલાં સાધુઓ જંગલોમાં વસતા હતા, પછી બગીચાઓમાં અને ક્રમશઃ શહેરો અને ગામડાઓની અંદર રહેવા લાગ્યા. પહેલાં સાધુઓ નગ્ન અથવા ફક્ત લંગોટધારી કે નાનકડું વસ્ત્ર લજ્જા ઢાંકવા પૂરતું બાંધતાં હતાં, પછીથી વસ્ત્રધારી બની ગયા. સમયે સમયે જરૂરતો અને પરિસ્થિતિઓ બદલાતી ગઈ, જેને કારણે શાસ્ત્રોના વિધાનોમાં પણ પરિવર્તન કરવાનું જરૂરી બનવા લાગ્યું. એક યુગની અપેક્ષાએ બનાવેલા નિયમો આગળ ના બીજા યુગમાં ન ચાલી શક્યા. એટલા માટે બૃહત્કલ્પ અને વ્યવહાર-સૂત્રમાં પણ ફેરફાર કરવા પડ્યા અને નિશીથસૂત્રની એટલી પ્રાયશ્ચિત્ત સંકલના પણ બનાવવી પડી; આવા બધાં કથનો ક્યાં સુધી સાચા છે ?***

**જ્ઞાનચંદ :–** સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ ભગવાનના શાસનમાં આચાર-શાસ્ત્રો એક યુગની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને બન્યા, આ અનુચિત કલ્પના છે. સંપૂર્ણ શાસન કાળને દષ્ટિપથ પર રાખ્યા વિના જ શાસ્ત્ર તથા આચાર વિધાન બનાવ્યાનો આવો અજ્ઞાન ભર્યો આક્ષેપ સર્વજ્ઞો અને ગણધરો તથા ૧૪ પૂર્વી આચાર્યો પર જાય છે. અતઃ સ્વચ્છંદ મતિ યુક્ત આવી કલ્પનાઓ જિન શાસન પ્રેમીઓ તથા આગમ અનુભવીઓને જરા પણ ગળે ઉતરે તેમ નથી લાગતી.



આ વિષય પર વિસ્તૃત ચર્ચા આ જ પુસ્તકમાં આગળના નિબંધ પ્રકરણમાં જુઓ. સાધુઓની રહેણી-કરણી પણ પહેલાં કે પછીથી કોઈ એકાંતિક ન હતી. આવા એકાંતવાદના કથનોની ઉચિત અનુચિતતા પણ આ પુસ્તકમાં આગળ સ્વતંત્ર નિબંધ દ્વારા વિચારવામાં આવેલ છે.

## નિશીથ સૂત્ર રચના વાર્તા

***જિજ્ઞેશ :– નિશીથ સૂત્રની ક્યારે અને કોણે રચના કરી ?***

**જ્ઞાનચંદ :–** દશાશ્રુત સ્કંધની નિર્યુક્તિની પ્રથમ ગાથાથી એ વાત સ્પષ્ટ થાય છે કે આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ ત્રણ છેદ સૂત્રોની રચના કરી હતી. નિશીથ સૂત્ર, આચારાંગ સૂત્રનું જ એક અધ્યયન છે. તેનું જ પૃથક કરેલું આ સૂત્ર છે, જેનું પ્રારંભિક નામ આચારાંગથી પૃથક કરેલ હોવાથી, 'આચાર-પ્રકલ્પ' કહેવાયું. પાછળથી તેના મૌલિક નિશીથ અધ્યયન રૂપ નામથી, નિશીથસૂત્ર એવું નામ નિશ્ચિત કરાયું. અર્થાત્ 'આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ જ્યારે ત્રણ છેદ સૂત્રોની રચના કરી, ત્યારે તે આચાર-પ્રકલ્પના નામે જ પ્રસિદ્ધ હતું. ત્યારપછી નંદી સૂત્ર રચનાના સમય સુધીમાં તેનું નિશીથ સૂત્ર એવું નામકરણ સ્થિર થઈ ગયું. એટલે ત્રણ છેદ સૂત્રોના પાઠોમાં તેનું નિશીથ નામ ઉપલબ્ધ નથી અને નંદી સૂત્રમાં તેનું આચાર-પ્રકલ્પ નામ નથી. આ વિષયના વિકલ્પો અને માન્યતાઓની વિસ્તૃત જાણકારી માટે છેદ શાસ્ત્ર ખંડ–૪માં નિશીથ સૂત્રનો સારાંશ જુઓ તથા આ પુસ્તકમાં આગળ સ્વતંત્ર નિબંધ પણ છે, તે જોઈ લેવો.

## પ્રશ્નવ્યાકરણ સૂત્ર વાર્તા

***જિજ્ઞેશ :– ઉપલબ્ધ પ્રશ્ન વ્યાકરણ સૂત્ર શું ગણધર રચિત છે ?***

**જ્ઞાનચંદ :–** નંદી સૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં પ્રશ્નવ્યાકરણ સૂત્રના વિષય વસ્તુનો પરિચય આપ્યો છે; ઠાણાંગ સૂત્રમાં તેના દસ અધ્યયન હોવાનું કથન કરવામાં આવ્યું છે. જેમાં ત્રીજા અધ્યયનનું નામ ઋષિ ભાષિત છે, ચોથું આચાર્ય ભાષિત તથા પાંચમું મહાવીર ભાષિત છે. બાકીના પાંચ અધ્યયન વિભિન્ન પ્રશ્ન વિદ્યા સંબંધી બતાવ્યાં છે. એ પાછલા પાંચ અધ્યયનના કારણે પ્રશ્નવ્યાકરણ સૂત્રનું મૂળથી પરિવર્તન કરવામાં આવ્યું છે તેવું મનાય છે. ઋષિ ભાષિત અધ્યયનના નામે અલગ સૂત્ર બની ગયું તથા આચાર્ય ભાષિત અને મહાવીર ભાષિત શ્રેષ્ઠ અધ્યયનોમાંથી ઉત્તરાધ્યયન સૂત્ર બનાવવામાં આવ્યું. નંદીસૂત્રમાં આ બંને સૂત્રોનો ઉલ્લેખ સૂત્ર સૂચિમાં કરવામાં આવ્યો છે. પરંતુ પ્રશ્નવ્યાકરણના ઉપલબ્ધ આશ્રવ તથા સંવર વર્ણનનો કિંચિત પણ નિર્દેશ નંદી સૂત્રમાં કરવામાં આવ્યો નથી. ત્યારે આ એક અસમાધિત પ્રશ્ન રહી જાય છે કે નંદી કર્તાની

સમક્ષ જો પ્રશ્નવ્યાકરણનું વર્તમાન ઉપલબ્ધ રૂપ હતું તો તે સૂત્રના વિષય પરિચયમાં આશ્રવ-સંવરના વર્ણનનું કથન પણ કરવું જોઈતું હતું, જો આશ્રવ-સંવરનું વર્ણન હતું નહી, ને નંદી કથિત વિષય વર્ણન જ હતું તો ઋષિ ભાષિત અને ઉત્તરાધ્યયનના નામો નંદી સૂત્રમાં કેવી રીતે આવ્યા ?

આનું સમાધાન એ છે કે નંદી સૂત્રનો રચનાકાળ અને આગમ લેખન-કાળમાં થોડા સમયનું જ અંતર રહ્યું હતું. અર્થાત્ દેવર્દ્ધિગણિએ વાચક પદ અવસ્થામાં નંદી સૂત્રની રચના કરી હતી. ત્યારબાદ કાળાંતરે જ્યારે તેમને ગણિપદ અને ક્ષમાશ્રમણ પદથી વિભૂષિત કરવામાં આવ્યા ત્યારે તેમણે આગમ લેખન કાર્યમાં સક્રિયપણે ભાગ લીધો હતો. લેખન પ્રસંગમાં ચમત્કારિક વર્ણનોને દૂર કરવાની જરૂરીયાત લાગવી બુદ્ધિગમ્ય પણ છે. અતઃ આગમ લેખન પ્રસંગમાં જ આચારાંગના સાતમા અધ્યયનને લિપિ બદ્ધ નથી કર્યું અને પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં વધારે પડતાં ચમત્કારિક વર્ણનો હોવાથી સંપૂર્ણ વિષય જ નવો બનાવી દીધો. જેનાથી ૧૦ અધ્યયનના ફરી ૧૦ અધ્યયન જ રહી ગયા. પ્રાચીન પ્રશ્ન વ્યાકરણ સૂત્રના પાંચ અધ્યયન તો ઉપદેશી વિષયોથી ભરેલા હતાં તેને બે સૂત્રોમાં વિભાજન કરીને, ૧–ઉત્તરાધ્યયન સૂત્ર અને ૨–ઋષિ ભાષિત સૂત્ર કર્યું.

આ બંને નવા સૂત્ર બન્યા એટલે એના નામો નંદી સૂત્રમાં તે સમયે લખી નાખવામાં આવ્યા પરંતુ પ્રશ્ન વ્યાકરણ સૂત્રના પરિચયમાં આવું પરિવર્તન કરવાનું રહી ગયું અને આચારાંગ સૂત્રના પરિચયમાં પણ ૨૫ અધ્યયનના સ્થાને ૨૪ અધ્યયન કરવાનું રહી ગયું.

પ્રશ્ન વ્યાકરણ સૂત્રના આ પરિવર્તન સંબંધી જાણકારી તથા આચારાંગ સૂત્રના સાતમા અધ્યયન સંબંધી મૌલિક જાણકારી આ સૂત્રોના ટીકાકારોએ પણ નથી આપી. આને કારણે આ વિષય ઉપરના નિર્ણયો ખૂબ જ સમસ્યાઓ ભર્યા રહ્યાં છે. તેમ છતાં અહીં યથાશક્ય ચિંતન સાર પ્રસ્તુત કર્યો છે. આ પણ એક કલ્પના માત્ર છે. બીજી કલ્પના એવી પણ સંભવી શકે કે શાસ્ત્ર લેખન કાળ પછી પ્રશ્ન વ્યાકરણ સંબંધી પરિવર્તન થયા હશે અને તેને કોઈએ નંદી સૂત્રમાં સ્થાન પણ આપી દીધું હશે.

આવી સ્થિતિથી એવો પણ એક નિષ્કર્ષ નીકળે છે કે વીર નિર્વાણ પછીની એ સદીઓમાં ઐતિહાસિક જાણકારીઓ લખવાનો ક્રમ ચલણમાં નહીં હોય. જેથી કરીને કેટલાંક ઐતિહાસિક તત્ત્વો સમસ્યાવાળા તથા કલ્પિત અને વિકૃત થઈને પ્રચલિત થયાં છે.

## જયપાહુડ : પ્રશ્નવ્યાકરણ વાર્તા

***જિજ્ઞેશ :–*** ***ઉત્તરાધ્યયન સૂત્ર અને ઋષિ ભાષિત સૂત્ર સિવાય પણ અન્ય***



***કોઈ સૂત્ર પ્રાચીન પ્રશ્ન વ્યાકરણ સૂત્રના વિભાગરૂપમાં ઉપલબ્ધ છે ?***

**જ્ઞાનચંદ :–** દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં અથવા તો તેમના પછી જ્યારે પણ પ્રાચીન પ્રશ્ન વ્યાકરણમાંથી પ્રશ્ન વિદ્યાઓને કાઢી નાખવામાં આવી ત્યારે પણ કેટલાક શ્રમણો દ્વારા તે કંઠસ્થ પરંપરામાં પણ થોડી ઘણી ચાલુ રહી હશે. કાળાંતરે કોઈ શ્રમણે સ્મૃતિ અનુસાર યથાવિશેષ તે પ્રશ્ન વ્યાકરણ સૂત્રના વિભાગને લિપિબદ્ધ કર્યો હશે. જે સ્વતંત્ર ગ્રંથના રૂપમાં લિપિબદ્ધ થતાં-થતાં પરંપરા વડે ભંડારોમાં સુરક્ષિત રહી ગયો હશે. તેનાજ ફળ સ્વરૂપે ગ્રંથ ભંડારોમાં તેની પ્રતો ઉપલબ્ધ થાય છે. જેસલમેરના ખરતરગચ્છની આચાર્ય શાખાના ભંડારમાં 'જયપાહુડ પ્રશ્નવ્યાકરણ' નામના ગ્રંથની એક તાડપત્રીય પ્રત હતી જે સંવત ૧૩૩૬ ની ચૈત્ર વદ ૧ની લખેલી હતી. મુનિ શ્રી જિનવિજયજીએ તેને સંશોધિત સંપાદિત કરીને સંવત ૨૦૧૫માં 'સિંઘી જૈન ગ્રંથમાલા'ના ગ્રંથાંક ૪૩ના રૂપમાં પ્રકાશિત કરાવ્યું. તેની પ્રસ્તાવનામાં તેમણે આવો ભાવાંશ લખ્યો છે.

''પ્રસ્તુત ગ્રંથ અજ્ઞાત તત્ત્વ અને ભાવોનું જ્ઞાન પ્રાપ્ત કરવા-કરાવવાનું વિશેષ રહસ્યમય શાસ્ત્ર છે. આ શાસ્ત્ર જો કોઈ મનીષી કે વિદ્વાનને સારી રીતે આવડતું હોય તો તે તેના આધારે કોઈ પણ પ્રશ્નકર્તાના લાભાલાભ કે, શુભ-અશુભ કે સુખ દુઃખ અને જીવન-મરણની વાતોના સંબંધમાં ઘણું જ નિશ્ચિત અને તથ્યપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.'' મૂળ ગ્રંથકારે તો આ ગ્રંથનું 'જય-પાહુડ'નામ રાખ્યું છે અને અંતમાં તેમણે 'પ્રશ્નવ્યાકરણ સમાપ્તમ્' લખ્યું છે. વ્યાખ્યાકારે પ્રારંભમાં આ પ્રમાણે લખ્યું છે– **महावीराख्यं शिरसा प्रणम्य प्रश्नव्याकरणं शास्त्रं व्याख्यामि ।** અને અંતમાં લખ્યું છે– **इति जिनेन्द्र कथितं प्रश्न चूडामणि सार शास्त्रं समाप्तम् ॥**

'જિન રત્નકોષ'ના પૃ. ૧૩૩માં પણ આજ નામવાળી પ્રતનો ઉલ્લેખ છે તથા ત્યાં એ પણ સૂચિત કર્યું છે કે ખંભાતના શાંતિનાથ ભંડારમાં આ (જયપાહુડ-પ્રશ્નવ્યાકરણ) શાસ્ત્રની કેટલીક પ્રતો છે.

આ બધા ઉલ્લેખો તથા વિચારણાઓનો એ નિષ્કર્ષ નીકળે છે કે પ્રાચીન પ્રશ્ન વ્યાકરણ શાસ્ત્ર જુદા-જુદા ભાગોમાં વેચાઈને પૃથક્-પૃથક્ નામોવાળા શાસ્ત્રોમાં ફેરવાઈ ગયું. આજનું ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણ સૂત્ર પણ એનો જ એક વિભાગ હોય એવું સંભવી શકે છે. આ પ્રમાણે પ્રાચીન પ્રશ્નવ્યાકરણ શાસ્ત્રના સ્થાને આજે ચાર શાસ્ત્ર અવશેષ છે– (મુદ્રિત પણ છે) (૧) આશ્રવ સંવરમય પ્રશ્નવ્યાકરણ સૂત્ર (૨) ઉત્તરાધ્યયન સૂત્ર (૩) ઋષિ ભાષિત સૂત્ર (૪) જય-પાહુડ પ્રશ્ન વ્યાકરણ. પ્રશ્નોત્તરમય રચનાઓના નામના સામ્યથી પણ પ્રશ્ન વ્યાકરણનો ભ્રમ થવો અને સંબંધિત થઈ જવું, એવી સંભાવના પણ હોઈ શકે. વાસ્તવમાં ગણધર રચિત પ્રશ્ન વ્યાકરણ એક જુદી જ કૃતિ રહી હશે, જે

ધર્મકથામય વિષયોથી પરિપૂર્ણ હતી. અન્ય વિષયો સાથે તેનો કોઈ સંબંધ નહીં હોય. આ મંતવ્ય માટે જુઓ આચાર શાસ્ત્ર ખંડ–૩, પ્રશ્ન વ્યાકરણ સૂત્રની પ્રસ્તાવના.

## આવશ્યક સૂત્ર વાર્તા

***જિજ્ઞેશ :– આવશ્યક સૂત્રની રચના કોણે કરી ? તેને નંદી સૂત્રમાં શું અંગબાહ્ય સૂત્ર કહેવામાં આવ્યું છે ?***

**જ્ઞાનચંદ :–** આવશ્યક સૂત્રના સામાયિક આદિ છએ અધ્યયન ભગવાનના શાસનના બધા સાધુ-સાધ્વીને ઉભય કાળે કરવાના જરૂરી હોવાથી કંઠસ્થ હોવા પણ ઘણા જ આવશ્યક હતા. આમાં સ્હેજ માત્ર પણ સંદેહ કરી શકાય તેમ નથી. એટલે પ્રારંભથી જ ગણધર દ્વારા આ સૂત્રની ગૂંથણી થઈ હશે, એ સ્વતઃ સ્પષ્ટ સિદ્ધ થઈ જાય છે. તેના રચનાકાળ અંગે કોઈ પણ તર્ક-વિતર્કને સ્થાન નથી. અંતગડ સૂત્રમાં અણગારોના આગમ અધ્યયનનું વર્ણન છે તેમાં પણ અંગસૂત્રો ની પૂર્વે જ આવશ્યક સૂત્રના અધ્યયનનો સંકેત કરવામાં આવ્યો છે.

***અતઃ અંગ બાહ્ય હોવા છતાં પણ આ સૂત્રને ગણધર કૃત જ માનવું આગમ સમ્મત છે.*** પ્રાચીન તથા અર્વાચીન બધા આચાર્યોએ આ સૂત્રનું પરિમાણ ૨૦૦ શ્લોક પ્રમાણ જ માન્યું છે. વાસ્તવમાં જે પણ મૌલિક પાઠો છે, તેની અક્ષર સંખ્યા ગણીને હિસાબ કરવાથી, આ પરિમાણ સત્ય સાબિત થાય છે. આજકાલ તેની સાથે હિન્દી, ગુજરાતી પાઠ ગદ્ય પદ્ય આદિ જોડીને તેને વિશાળ બનાવી દેવાયું છે. કોઈએ તેને એક હજાર શ્લોક પ્રમાણ બનાવ્યું છે, તો કોઈએ ૫૦૦૦ શ્લોક પ્રમાણ બનાવી દીધું છે. વળી કોઈએ પાક્ષિક સૂત્ર જુદું બનાવી રાખ્યું છે. કોઈએ બે પ્રતિક્રમણ અને કોઈએ પાંચ પ્રતિક્રમણ બનાવી દીધા છે. આવા બધાં પ્રતિક્રમણ કરતાં કોઈને એક કલાક તો કોઈને ૩-૪ કલાક પણ લાગે છે.

## ઉત્તરાધ્યયન સૂત્ર વાર્તા

***જિજ્ઞેશ :– ઉત્તરાધ્યયન સૂત્ર તો ભગવાન મહાવીરની અંતિમ દેશના છે. એને પ્રશ્નવ્યાકરણનું પૃથક્ થયેલું અંગ કેમ કહેવામાં આવ્યું છે ?***

**જ્ઞાનચંદ :–** વીર નિર્વાણ પછી સુધર્મા ગણધરે એક સાથે સૂત્રોમાં ઉપયોગી પરિવર્તન કર્યા હોય એવું માનવું ઉચિત છે, તો જ ભગવાનના શાસનકાળમાં થયેલાં શ્રમણોપાસક કે શ્રમણ શ્રમણીઓના જીવન વર્ણનો આ અંગ શાસ્ત્રોમાં આવી શક્યાં હોય. આવું ન કર્યું હોત અને દીક્ષા લીધાં પછી ગણધરોએ એક વાર જે દ્વાદશાંગીની રચના કરી તે સ્થાઈ રહી હોત, તો અર્જુનમાળી, આનંદ વગેરે શ્રાવકો, ગૌતમ ગણધરના મિત્ર ખંધક સન્યાસી, સૂર્યાભદેવ દ્વારા બતાવેલા નાટકો,



ગૌતમસ્વામી દ્વારા કરવામાં આવેલ હજારો પ્રશ્ન, કોણિક, શ્રેણિક રાજા આદિ સંબંધી ઘટનાઓ ઇત્યાદિ વર્ણનો આ શાસ્ત્રોમાં ન આવ્યાં હોત !! કેમ કે આ બધી ઘટનાઓ દ્વાદશાંગીની રચના પછી જ ઘટિત થઈ હતી.

એટલે એવું સ્વીકારવામાં જરા પણ ખચકાટ ન હોઈ શકે કે સુધર્મા ગણધરે સૂત્રોમાં પુનઃસંપાદન જરૂર કરેલું છે. એજ પુનઃસંપાદનમાં ભગવાનની દેશનારૂપ કેટલાંક વિષયોને તેમણે પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ગૂંથિત કરી દીધાં અને તે અધ્યયનનું નામ 'મહાવીરભાષિત' એવું રાખ્યું. સાથે-સાથે ત્યાં 'આયરિય ભાષિત' અને 'ઋષિ ભાષિત' નામના અધ્યયન પણ રચવામાં આવ્યા હતા. આ નામો ઠાણાંગ સૂત્રના દસમા ઠાણામાં, પ્રશ્નવ્યાકરણ સૂત્રના અધ્યયનરૂપે ગણાવ્યા છે. તેથી પ્રશ્નવ્યાકરણ સૂત્રના વિચ્છેદ કર્યા પછી તે જ અધ્યયનોમાંથી આ ઉત્તરાધ્યયન સૂત્રની સંકલના કરવામાં આવી છે. જેમાં શ્રેષ્ઠ અધ્યયનોનું સંકલન પણ છે અને ભગવાન મહાવીર ભાષિત અધ્યયનોથી સંબંધિત હોવાથી તેમની અંતિમ દેશના સાથે એને જોડી દેવામાં આવેલા છે. આ રીતે ઉત્તરાધ્યયન સૂત્ર પણ પરંપરાથી ગણધર રચિત જ છે. જે પ્રકારે ***નિશીથસૂત્ર આચારાંગ સૂત્રથી જુદું પાડેલું અધ્યયન હોવાથી ગણધર રચિત જ છે, તેવી જ રીતે ઉત્તરાધ્યયન સૂત્ર પણ પ્રશ્નવ્યાકરણ સૂત્રથી કાઢીને જુદું વ્યવસ્થિત રચાયેલું સૂત્ર છે.***

## દશવૈકાલિક સૂત્ર વાર્તા

***જિજ્ઞેશ :– દશવૈકાલિક સૂત્રની રચના શય્યંભવ સ્વામીએ પોતાના પુત્ર 'મનક' માટે કરી હતી ?***

**જ્ઞાનચંદ :–** કહેવાય છે કે પોતાના પુત્રનું છ મહિનાનું અલ્પ આયુષ્ય જાણીને શય્યંભવાચાર્યે દશવૈકાલિક સૂત્રની રચના કરી અને તેના દિવંગત થયા પછી પુનઃ તે સૂત્રને વિલીન કરવાનો સંકલ્પ કર્યો. ત્યારે સંઘે અત્યંત આગ્રહ કર્યો કે તેઓ તેને સ્વતંત્ર સૂત્ર રૂપે રાખે અને તેને વિલીન ન કરે. સંઘ દ્વારા કરાયેલ એ આગ્રહના સ્વીકારના ફળ સ્વરૂપે આ દશવૈકાલિક સૂત્ર ઉપલબ્ધ રહ્યું છે.

આ ઘટનાક્રમમાં પણ ઐતિહાસિક કલ્પિત કલ્પનાઓનો પ્રભાવ જ વધારે જણાય છે, વાસ્તવિકતા હોવા જેવું લાગતું નથી. સૂત્ર બનાવવું અને તેને વિલીન કરવું એ તો બાળકોના ખેલ જેવું કહેવાય. રથનેમિ અને રાજેમતિની ઘટનાયુક્ત વિષય તથા મદ્યસેવન કરનારા કપટી સાધુઓનું વિસ્તૃત કથન, વગેરે વર્ણનો 'મનક' માટે હોય તેવું અપ્રાસંગિક જ લાગે છે.

અતઃ આ મનક સંબંધી કથાનક તથા સ્થૂલિભદ્રની બહેનનું મહાવિદેહમાં જઈને ચૂલિકા લાવવા સંબંધી કથાનકો વગેરે સેંકડો વર્ષ પછી

ઈતિહાસની કલ્પનાઓ કરનારા વિદ્વાનોની પોતાની બુદ્ધિની ઉપજ હોય તેવું જણાય છે.

દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રનું જે સ્વરૂપ અને મહત્વ આજે ઉપલબ્ધ છે તે નિર્યુક્તિ ભાષ્યકારના સમયે પણ હતું. તે વ્યાખ્યા ગ્રંથોમાં જ્યાં સાધુના અધ્યયન ક્રમ સંબંધી કથન કરવામાં આવ્યું છે, ત્યાં વ્યાખ્યાકારોએ બતાવ્યું છે કે આચારાંગ નિશીથના અધ્યયન પૂર્વે દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રનો અધ્યયન ક્રમ છે અને તેનાથી પૂર્વે આવશ્યક સૂત્રનો. તેથી આ વાત સ્પષ્ટ છે કે આ બંને સૂત્રો નવદીક્ષિત કે દીક્ષાર્થીના પ્રારંભિક અધ્યયનના ઉપયોગી સૂત્રો છે અને વ્યાખ્યાકારોએ તેને અધ્યયન ક્રમમાં નિયુક્ત પણ કરેલા છે.

ભદ્રબાહુસ્વામી દ્વારા વ્યવહાર સૂત્રમાં જે અધ્યયન ક્રમ સૂચવેલો છે તેમાં આ ઉપયોગી કે અતિ ઉપયોગી સૂત્રોનું કથન કરવામાં આવ્યું નથી. તેનું કારણ એ જ હોઈ શકે કે આ બંને સૂત્ર વ્યવહાર સૂત્રની રચના પૂર્વે નહીં બન્યાં હોય. એમાં ઉત્તરાધ્યયનની નહીં બન્યાની વાત તો સમજાઈ ગઈ છે કે એને માટે કોઈ સૂત્રકર્તા આચાર્યનો નિર્દેશ ઈતિહાસમાં પણ નથી. પરંતુ દશવૈકાલિક સૂત્રના રચનાકારના રૂપમાં શય્યંભવાચાર્યનું નામ મળે છે કે જે ભદ્રબાહુ સ્વામી કરતાં ઘણાં સમય પહેલાં થઈ ગયા હતાં. આ પ્રકારે ઉપલબ્ધ વર્ણન ધારણા અનુસાર દશવૈકાલિક સૂત્ર ભદ્રબાહુના સમયે ઉપલબ્ધ હતું. તેમ છતાં આટલા ઉપયોગી અને પ્રચલિત સૂત્રનો તેમણે અધ્યયન ક્રમમાં ઉલ્લેખ નથી કર્યો, જ્યારે પોતાના બનાવેલા દશાશ્રુત સ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહાર સૂત્રને અધ્યયન ક્રમમાં રાખી દીધાં. અર્થાત્ પોતાના પૂર્વજ પ્રામાણ્ય પુરુષો દ્વારા રચિત આ મહત્વશીલ ઉપયોગી તથા પ્રચલિત દશવૈકાલિક સૂત્રને અધ્યયન ક્રમમાં નિયુક્ત ન કરવા પાછળ તેમનો આશય શો હોઈ શકે તે વિચારણીય પ્રશ્ન છે.

આની વિચારણાથી જ એ ફલિત થાય છે કે ઉત્તરાધ્યયન સૂત્રની જેમજ દશવૈકાલિક સૂત્ર પણ ભદ્રબાહુ સ્વામી દ્વારા વ્યવહાર સૂત્રની રચના કર્યા પછી જ કોઈકે બનાવ્યું હશે પરંતુ કથાઓમાં ક્યારેક કોઈકે શય્યંભવાચાર્યની સાથે સંબંધ જોડી દીધો હશે અથવા તો ભદ્રબાહુ પછી શય્યંભવ નામના અન્ય કોઈ શ્રમણ થયા હોય જેણે દશવૈકાલિકની રચના કરી હોય અને તે ભદ્રબાહુની પૂર્વે થયેલા પ્રસિદ્ધ શય્યંભાવાચાર્યના નામ સાથે જોડાઈ ગઈ હોય.

તેમ થવું અસંભવ પણ નથી કેમકે વીર નિર્વાણ અગિયારમી સદીમાં રચાયેલી નિર્યુક્તિઓ અને તેજ સદીમાં થઈ ગયેલ વરાહ મિહિર અને ભદ્રબાહુની કથા વીર નિર્વાણની ત્રીજી સદીમાં થયેલ ભદ્રબાહુના વર્ણન સાથે મિશ્રિત થઈને પ્રચારિત થઈ ગઈ અને અંતે દુરાગ્રહમાં પડી ગઈ. જેને



આગમોદ્ધારક ધુરંધર વિદ્વાન શ્રી પુણ્યવિજયજી મંદિર માર્ગી અન્વેષક શ્રમણે પોતાની બૃહત્કલ્પ ભાષ્યની પ્રસ્તાવનામાં સ્વીકાર કરેલ છે કે આ રીતે નામની સમાનતાના કારણે અહીં-તહીંના કથાનક વર્ણન ઘટના મિશ્રિત થઈ ગયાં છે. વાસ્તવમાં પ્રથમ ભદ્રબાહુ સ્વામી ત્રણ છેદ સૂત્રોના કર્તા અલગ છે. તે ૧૪ પૂર્વી હતાં અને વરાહ મિહિરના ભાઈ નિર્યુક્તિ કર્તા તથા ભદ્રબાહુ સંહિતા બનાવનારા જ્યોતિષ વેત્તા ભદ્રબાહુ અલગ છે, જે વીર નિર્વાણ અગિયારમી સદીમાં થઈ ગયા.

તેથી ઐતિહાસિક કેટલીય કથાઓ કલ્પિત છે, કેટલીક ભ્રમિત તથા કાળ દોષ અને નામ સામ્યતાને કારણે વિકૃત બની ગઈ છે. એટલે તેના સંબંધમાં ચિંતન અનુપ્રેક્ષણનું હંમેશાં સ્થાન રાખવું જોઈએ. પરંતુ કોઈ પણ ઘટનાના વિષયમાં અત્યંત આગ્રહ કે દુરાગ્રહ રાખવો જોઈએ નહીં.

સાર એ છે કે ઉત્તરાધ્યયન સૂત્ર તથા દશવૈકાલિક સૂત્ર ૧૪ પૂર્વી શ્રી પ્રાચીન ભદ્રબાહુના સમયે તથા વ્યવહાર સૂત્રની રચનાના સમયે ઉપલબ્ધ ન હતા પણ પાછળથી તેમની રચના થઈ છે. એ જ વધારે સંગત લાગે છે.

## નંદીસૂત્રની ગાથા સંબંધી વાર્તા

***જિજ્ઞેશ :– નંદી સૂત્રની ૫૦ ગાથાઓ કોણે બનાવી છે ?***

**જ્ઞાનચંદ :–** એ ગાથાઓમાં જે પચાસમી ગાથા છે તેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આ હું કાલિકશ્રુતના અનુયોગધરોને નમસ્કાર કરીને હવે જ્ઞાનની પ્રરૂપણા કરીશ. આ વાક્યથી એ ફલિત થાય છે કે નંદી સૂત્રના જ્ઞાન વિષયની ગુંથણી કરનારા શ્રુતધર જ આ ૫૦ ગાથાઓના રચનાકાર છે. કેમ કે પચાસમી ગાથાની આ પ્રકારે ગુંથણી અન્ય કોઈ ન કરી શકે. તેથી આ ૫૦ ગાથા પણ મૌલિક નંદી સૂત્રનું જ એક અંગ છે એમ સમજવું જોઈએ.

***જિજ્ઞેશ :– કેટલીક પરંપરાઓમાં અકાળે અને અસજ્ઝાયના સમયે પણ નંદી સૂત્રની આ ૫૦ ગાથાઓનો તથા દશવૈકાલિકની બંને ચૂલિકાઓનો સ્વાધ્યાય કરવામાં આવે છે, તે ઉચિત છે ?***

**જ્ઞાનચંદ :–** આ વિષયમાં એમ કહેવાય છે કે ઉક્ત ગાથાઓ અને ચૂલિકાઓ મૌલિક નથી. રચનાકાર સિવાય કોઈના દ્વારા બનાવીને જોડી દેવામાં આવી છે. પણ આવી માન્યતા ભ્રમિત અને અનુચિત છે. નંદીસૂત્ર તથા ૫૦ ગાથાના કર્તા દૂષ્યગણિના શિષ્ય દેવવાચક શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ છે અને દશવૈકાલિક સૂત્ર અને બંને ચૂલિકાના કર્તા આચાર્ય શય્યંભવ છે, એવું દશવૈકાલિક ચૂર્ણિ કર્તા શ્રી અગત્સ્યસિંહ સૂરિએ માન્ય કરેલ છે. પરંતુ મહાવિદેહથી તેને લાવવા સંબંધી કલ્પનાનો લેશ માત્ર ઈશારો પણ તેમાં કર્યો નથી. પરિશિષ્ટ પર્વ અને આવશ્યક

ચૂર્ણિ આદિ ગ્રંથોમાં મહાવિદેહથી ચૂલિકા ૨ અથવા ૪ લાવવાનો ઉલ્લેખ છે, જે ઉક્ત અગત્સ્યચૂર્ણિ પછી ઘણા સમય બાદ રચાયેલાં ગ્રંથ છે.

આ રીતે મૌલિક સૂત્રનું અંગ હોવાથી સ્વાધ્યાયના નિયમ નંદીસૂત્રની ગાથાઓ અને ચૂલિકાઓને માટે સમાન જ છે. એટલે અસ્વાધ્યાય કે અકાળમાં તેનો સ્વાધ્યાય કરવો તે સર્વથા અનુચિત જ છે અને એવું કરવાથી, નિશીથ ઉ. ૧૯ ના અનુસાર પ્રાયશ્ચિત્ત આવે છે. વિશેષ માટે જુઓ– ***અગત્સ્ય ચૂર્ણિ.***

## ગ્રંથોના વાંચનની વાર્તા

***જિજ્ઞેશ :– ગ્રંથોમાં ઈતિહાસમાં અમાન્ય કે અસત્ય તત્ત્વો આવે છે માટે તેનું અધ્યયન કરવું જોઈએ નહીં અને તે ગ્રંથોમાંની કોઈપણ વાતનો સ્વીકાર કરવો જોઈએ નહીં. ફક્ત આગમો જ વાંચવા જોઈએ અને તેમાં આવતા તત્ત્વોને જ માનવા જોઈએ. ત્યારે તો દેવર્દ્ધિગણિના સાનિધ્યમાં શાસ્ત્રોનું વ્યવસ્થિત લેખન કરવામાં આવ્યું હતું તેમ પણ ન માનવું જોઈએ કેમ કે તે પણ ઈતિહાસના ગ્રંથોનું જ વર્ણન છે !!***

**જ્ઞાનચંદ :–** સામાન્ય સાધુનું પ્રત્યેક અધ્યયન ગુઢ આજ્ઞા તથા ગુઢ નિશ્રાથી થાય છે. વિશિષ્ટ પ્રજ્ઞાવાન વિચક્ષણ વિવેક બુદ્ધિવાળા શ્રમણ પ્રત્યેક આગમ ગ્રંથ, વ્યાખ્યા, નિબંધ ઈતિહાસ વગેરેના અધ્યયનથી જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. કોઈ વ્યક્તિના બધા વચનો, બધી રચનાઓ પૂર્ણ અપ્રમાણિક નથી હોતી અને કોઈપણ ગ્રંથના બધા વાક્યો, બધા તત્ત્વો અસત્ય થઈ જતાં નથી. પૂર્ણ પ્રમાણિકતા તો સર્વજ્ઞોની જ છે. તેમ છતાં છદ્મસ્થોની સંગતિ, સેવા, પ્રવચન શ્રવણ તથા ધર્મલાભ પોતાના ક્ષયોપશમ અનુસાર લેવાનો નિષેધ નથી કરી શકાતો કે આતો પૂર્ણ પ્રમાણિક પુરુષ નથી ! એવું માનવાથી તો તીર્થંકરોનું શાસન ક્યારનુંય છિન્ન-ભિન્ન થઈ ગયું હોત કે છદ્મસ્થોની સંગતિ જ ન કરવી પરંતુ એવું થતું નથી. એટલે કોઈ પણ જૈન સાહિત્યમાંથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું કે છદ્મસ્થ શ્રમણો પાસેથી જ્ઞાનોપદેશ પ્રાપ્ત કરવાનું કે પછી વિશેષ પ્રમાણિક આગમોના આધારે ચિંતન કરવાનું, સત્ય તત્ત્વનો સ્વીકાર કરવાનું વગેરે ક્યારેય અનુચિત હોઈ શકે નહીં.

એટલે જે પણ પૂર્વાચાર્યોનું સંકલન, સંગ્રહ, ઈતિહાસ આદિ કોઈ પણ આગમ સિદ્ધાંત તર્ક કે વ્યવહાર આદિથી વિરૂદ્ધ ન હોય તો તેને ન માનવાની પ્રેરણા કરવી કદાપિ ઉચિત નથી.

એટલે દેવર્દ્ધિગણિના સાનિધ્યમાં આગમોનું વ્યવસ્થિત લેખન થયું. આ સંગત અને અવિરુદ્ધ તત્ત્વને ન માનવાનો કોઈપણ હેતુ નથી. આવા વ્યર્થ કુતર્ક પણ ન કરવા જોઈએ.



## દિગમ્બર મત વાર્તા

***જિજ્ઞેશ :– દિગમ્બર જૈન ધર્મ અને શ્વેતાંબર જૈન ધર્મમાં સાચો અને પ્રાચીન ધર્મ કયો છે ?***

**જ્ઞાનચંદ :–** આપણા અનેક આગમોમાં શ્વેતાંબર(વસ્ત્રધારી) અને દિગંબર (નિર્વસ્ત્ર) શ્રમણ, તેમ બંને પ્રકારના શ્રમણો થયા હોય તેવું સ્પષ્ટ વર્ણન કેટલીક જગ્યાએ આવે છે. એટલે આપણા શ્વેતાંબર આગમ અનુસાર તો બંને પ્રકારનો ધર્મ તથા સાધુ જીવન તીર્થંકર પ્રભુની આજ્ઞામાં છે. પરંતુ વર્તમાનમાં દિગંબર કહેવાતાં કેટલાક એકાંતિક આગ્રહો અનુચિત છે અને તે કસોટી પર ખરા ઉતરતા નથી. તે કેટલાક એકાંતિક આગ્રહો આ પ્રમાણે છે– (૧) વસ્ત્ર સહિતનો મોક્ષ થતો નથી, તે પણ એટલે સુધી કે સૂતરનો એક તાર પણ કોઈ પાસે હોય તો તે મુક્ત થતો નથી (૨) આગમો બધા વિચ્છેદ ગયા છે (૩) ભોજન સંબંધી કેટલાય પ્રકારના શુચિ ધર્મીપણાના આગ્રહોના સ્પષ્ટીકરણ આગળ આ જ પ્રકરણમાં છે (૪) સ્ત્રીને સંયમ કે મોક્ષ પ્રાપ્ત નથી થતો.

**વિચારણા :–** (૧) દિગમ્બરોના માન્ય ગ્રંથમાં ૧૫ ભેદે સિદ્ધમાં 'સ્ત્રી લિંગ સિદ્ધા' માન્ય કરેલ છે. તે સ્ત્રીલિંગ ત્યારે જ હોય શકે– કાં તો સ્ત્રીનું શરીર હોય અથવા સ્ત્રી વેશના કપડા પહેર્યા હોય. આ બંને અવસ્થામાં સિદ્ધ થવા પર ઉક્ત આગ્રહ નં.–૧ અને ૪નું સ્વતઃ ખંડન થઈ જાય છે. આ પ્રમાણે નવા આગમ બનાવ્યા પછી પણ તેઓ પોતાના દુરાગ્રહની રક્ષા કરી શક્યા નથી; આ જ છદ્મ દોષનું પરિણામ છે.

(૨)એક હજાર વર્ષ સુધી પૂર્વજ્ઞાન તથા એકવીસ હજાર વર્ષ સુધી બીજા આગમ જ્ઞાન રહેશે તેવું ભગવતી સૂત્રમાં જણાવ્યું છે, માટે આગમ વિચ્છેદવાળી વાત પણ અસંગત છે.

**તર્ક–** ઉપલબ્ધ ભગવતી આદિ બધા આગમ નવા બનાવેલ છે, ગણધર રચિત તો બધા નષ્ટ થઈ ગયા છે, તો તેમાં કહેલ વાતની પ્રમાણિકતા શું ?

**સમાધાન–** પહેલી વાત એ કે કંઠસ્થ પરંપરામાં આટલું જલ્દી બધા આગમ જ્ઞાનનું નષ્ટ થવું સંભવ જ નથી. તેમ છતાં જે સમયે બધા આગમ નષ્ટ થઈ ગયા હતાં તો બચ્યું શું હતું ? કાંઈ નહીં ! તો શું એ સમયના બધા શ્રમણ-શ્રમણીઓ અજ્ઞાની થઈ ગયાં હતાં ? અગિયાર અંગ કે દષ્ટિવાદ કાંઈ બચ્યું નહોતું ? તો એ સમયે જેણે પણ દિગંબર હોવાનો આગ્રહ ચલાવ્યો અથવા દિગંબરના નવા શાસ્ત્રો રચ્યાં તે શ્રમણ શું આગમ જ્ઞાન રહિત અજ્ઞાની હતાં ? તો પછી એ અજ્ઞાનીએ બનાવેલ ગ્રંથ કે ચલાવેલ ધર્મનો શો વિશ્વાસ ?

વળી જો એમ કહીએ કે એ દિગંબર સંતને પૂર્વોનું જ્ઞાન હતું તો એ પણ

અસંગત કથન છે. કેમ કે આચારાંગ વગેરે બધા જ મૌખિક અંગ શાસ્ત્ર જ્ઞાનનો વિચ્છેદ થઈ જાય તો પૂર્વજ્ઞાન રહેવાનો સવાલ જ નથી થતો. પહેલાં પૂર્વ જ્ઞાન જ નષ્ટ થાય પછી અંગોનું જ્ઞાન તો ઘણાં સમય સુધી ચાલે છે.

દિગંબર ધર્મનો એકાંતિક આગ્રહ કરનારાઓએ નવા શાસ્ત્રો બનાવ્યા એ તો નિશ્ચિત જ છે માટે તેઓ જ્ઞાની તો હતાં જ. એટલે સંપૂર્ણ આગમ જ્ઞાનનો વિચ્છેદ થયો એ કથન તો નિરર્થક જ સાબિત થાય છે. જેથી ઉપલબ્ધ ભગવતી આચારાંગ વગેરે આગમોક્ત તત્ત્વ પ્રમાણિક જ રહ્યાં છે.

**શંકા–** હવે તુલના એવી કરવી જોઈએ કે શ્વેતાંબર આગમ વસ્ત્રના આગ્રહમાં પડવાથી બન્યા છે કે દિગંબર આગમ ? અને કોના આગમ સ્વાભાવિક રીતે જ પહેલાંથી ચાલતાં આવ્યાં છે ?

**સમાધાન–** આ એક સ્વાભાવિક તથ્ય છે કે જે વ્યક્તિ પોતાના એકાંતિક દુરાગ્રહથી કોઈ શાસ્ત્રની રચના કરે તો તેમાં (૧) તે પ્રતિપક્ષનું મંડન નહીં જ કરે (૨) પ્રતિપક્ષનું ખંડન અવશ્ય કરશે. આ બંને દૂષણ શ્વેતાંબર માન્ય આગમોમાં હજાર વાર શોધવાથી પણ મળશે નહીં.

શ્વેતાંબર આગમ આચારાંગ વગેરેમાં દિગંબર અર્થાત્ સાધુના વસ્ત્ર રહિત રહેવાનો ક્યાંય નિષેધ નથી કે ખંડન પણ કર્યું નથી. એનાથી ઉલટું આ આગમોમાં ઘણી જગ્યાએ અચેલ નિર્વસ્ત્ર રહેવાની પ્રેરણા મળે છે અથવા નિર્વસ્ત્ર રહેવું શ્રેષ્ઠ છે એવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. આથી કોઈપણ સામાન્ય બુદ્ધિવાળા કે વિવેક રાખનારા એ સમજી શકે છે કે આ શ્વેતાંબર માન્ય આગમો, દિગંબર કે શ્વેતાંબર રૂપ બે ભેદ હોવાથી દિગંબરોના વિરોધમાં કે શ્વેતાંબરોના આગ્રહમાં નથી બન્યા.

આ આગમોનું અંતર નિરીક્ષણ કરતાં એમ સ્પષ્ટ સમજાય છે કે આ આગમો દિગંબરમાંથી શ્વેતાંબર બનેલા દુરાગ્રહ પ્રેરિત સાધુઓએ નથી બનાવ્યાં પરંતુ બંને પ્રકારના ધર્મને માન્ય સ્યાદ્વાદમય અવસ્થામાં બનેલા છે. અર્થાત્ વીતરાગ પ્રરૂપિત ગણધર રચિત જ આ આગમો છે; આ શ્વેતાંબર આગમોમાં અચેલ નિર્વસ્ત્ર રહેવાની ઘણી જ પ્રશંસા કરવામાં આવી છે અને તેના મહાન લાભો પણ દર્શાવ્યા છે. આ આગમોમાં સચેલકલ્પ અને અચેલકલ્પ બંનેનું સ્પષ્ટ મિશ્રિત વર્ણન છે. તે જોવાથી એ સહજ અનુમાન થાય છે કે આ આગમો નિષ્પક્ષ અનાગ્રહ અવસ્થામાં બન્યા હતાં, જેમાં પક્ષ કે વિપક્ષ અવસ્થાની સ્હેજ પણ ગંધ નથી. એટલે દિગંબર ધર્મમાંથી શ્વેતાંબર ધર્મના આગ્રહમાં પડવા-વાળા ક્યારેય આવી નિષ્પક્ષ આગમોની રચના કરી ન શકે. તેઓ એમ જ કહે છે કે **अचेले लाघवियं आगम माणे पसत्थे भवइ** અર્થાત્ નિર્વસ્ત્ર રહેવાથી દ્રવ્ય ભાવથી લઘુતાની ઉપલબ્ધિ થાય છે માટે નિર્વસ્ત્ર રહેવું ઉત્તમ, શ્રેષ્ઠ છે !



આ રીતે વિચારણા, સમીક્ષા, તુલના કરવાથી એ સ્પષ્ટ થાય છે કે આ શ્વેતાંબર આગમ નવા કલ્પિત બન્યાં નથી પરંતુ ગણધર પરંપરાથી પ્રાપ્ત પ્રાચીન આગમ જ છે. એટલે ભગવતી સૂત્રોક્ત તથ્ય સાચું છે કે એકવીસ હજાર વર્ષ સુધી આગમ જ્ઞાન અને જિન શાસન ચાલશે અને એક હજાર વર્ષ સુધી પૂર્વનું જ્ઞાન ચાલ્યું હતું. જ્યારે દિગંબર તો વીર નિર્વાણના થોડા સમય પછી જ સંપૂર્ણ આગમો વિચ્છેદ ગયા તેવું કહે છે !

દિગંબર આગમોમાં સ્ત્રી મુક્તિનો નિષેધ તથા ખંડન મળે છે. વસ્ત્ર રાખવાનો નિષેધ મળે છે, વસ્ત્રથી કે સ્ત્રીત્વથી મુક્તિ ન મળે, સંયમ પણ ન આવી શકે એવા આગ્રહ ભર્યા તત્ત્વ દિગંબર ગ્રંથોમાં જ મળશે. જેથી સ્પષ્ટ સમજાય છે કે વાસ્તવમાં તેમના આગમો આવા જ કોઈ દુરાગ્રહમાં પડવાથી પોતાના દુરાગ્રહને પુષ્ટ કરવાના લક્ષ્યથી બનાવ્યાં છે.

(૩) દિગંબર સાધુઓએ પોતાના આહાર ગ્રહણમાં અભિગ્રહોના એવા ઢંગ અપનાવી રાખ્યા છે અને શુચિ ધર્મીપણાના કાયદા પકડી રાખ્યા છે કે જેથી તેઓને હંમેશાં મહાન આરંભ, સમારંભ, હિંસાના પ્રેરક, અનુમોદક બનવું પડે છે. એષણા સમિતિના મૌલિક સૈદ્ધાંતિક નિયમોનો તો તેમણે ખાત્મો બોલાવી દીધો છે. આ રીતે તેમનું આહારમય જીવન ભગવદ્ આજ્ઞાથી, અહિંસા સિદ્ધાંતથી અને પ્રથમ મહાવ્રતથી કોસો દૂર ભાગે છે તથા તે આહાર અનેક કઢંગા કષ્ટપ્રદ નિયમોથી સંકલિત થઈ ગયો છે. જેથી કરીને ભક્ત લોકો તે કષ્ટપ્રદ કઠિનતાના ચક્કરથી પ્રભાવિત બનીને મૌલિક દોષ તથા સંયમ, સમિતિથી વિપરીત, સિદ્ધાંતથી વિપરીત તથા ભગવદ આજ્ઞાથી વિપરીત, આચરણને સમજી જ શકતા નથી કે પોતાના સાધુ ત્રણ કરણ, ત્રણ યોગથી અહિંસા મહાવ્રતથી કેટલા પતિત થઈ રહ્યા છે ? અને પોતે પણ અજ્ઞાન તથા મોહ દશામાં પડીને પોતાના સાધુઓને કેટલા પતિત કરાવતા જાય છે !!

વાસ્તવમાં જોવા જઈએ તો આ દિગંબર સાધુઓ માટે ક્યારેક એક ઘરમાં તો ક્યારેક ૫-૧૦ ઘરોમાં અગ્નિ પાણી વનસ્પતિનું વિવિધ પ્રકારે પાપ કરવામાં આવે છે, ત્યારે કોઈ ઘરમાં તેમનું ખાવાનું બને છે. આ સાધુઓ માટે જ કૂવા આદિમાંથી પાણી લાવવું, અનાજ દળાવવું, બધા વાસણ આદિ ધોવા, સ્વતંત્ર ચૂલા સળગાવવા, દૂધ વગેરે સામાન તેમના માટે જ સ્પેશ્યલ લાવવો, ફળો લાવવા, તેમના માટે જ સુધારવું, વળી તેમના નિયમોને યોગ્ય સ્ત્રીઓ જ ત્યાં સ્નાનાદિ કરીને હાજર રહે, મકાનની જગ્યા ધોઈને સ્વચ્છ રાખે વગેરે ઘણી હિંસામય પ્રવૃત્તિ પ્રક્રિયાઓ કરવામાં આવે છે. આવી તૈયારી અનેક ઘરોમાં કરી રાખવી પડે છે. વળી તેમના અભિગ્રહ માટે ચાલતી કેટલીક પ્રથા ગૃહસ્થો કરે છે, જેમ કે પાણી ભરેલો કળશ લાવો, તેમાં ગુલાબનું ફૂલ નાખો, શ્રીફળ લાવો વગેરે શું-શું

નથી કરતાં ! એટલું બધું કરે ત્યારે તેઓના અભિગ્રહ પૂર્ણ થાય છે. આવા પ્રકારના અભિગ્રહો રાખવા અને લોકોમાં તેનો પ્રચાર કરવો, વળી તે અભિગ્રહોની પૂર્તિ માટે લોકો આટલી બધી પ્રવૃતિઓ કરે, એ કોઈ જિનાજ્ઞા નથી. અભિગ્રહ તો નિર્વદ્ય હોય અને જ્યારે સંયોગ સ્વાભાવિક રીતે મળે ત્યારે પૂર્ણ થાય તો જ તે ભગવદાજ્ઞા ગણાય છે.

આ પ્રકારે દિગંબર સાધુઓની આહાર વિધિ, એષણાના આધાકર્મી, ઔદ્દેશિક, ક્રીત, અભિહડ આદિ અનેક દોષોનો ભંડાર બની ગઈ છે. જ્યારે દશવૈકાલિક સૂત્રમાં બતાવ્યું છે કે 'અહો ! મોક્ષના સાધન ભૂત દેહને ધારણ કરવા માટે ભગવાને કેવી નિર્વદ્ય પાપ રહિત આહાર વિધિ બતાવી છે.' આહાર કરતી વખતે ભિક્ષુએ આ પ્રકારે ચિંતન મનન કરવું જોઈએ. જ્યારે આનાથી બિલકુલ વિપરીત જ દિગંબર મુનિઓની આહાર વિધિ બનેલી છે.

આ વિકૃતિનું કારણ પણ તેમની એકાંતિક દુરાગ્રહ વૃત્તિ જ છે અર્થાત્ આ લોકોએ શુચિમૂલકતાનો આગ્રહ વધારે વિશેષ રૂપથી પકડી રાખ્યો છે. અભિગ્રહો અને ઘણા અનાવશ્યક તથા જાતે ઘડેલા નિયમો, અભિગ્રહો કાયમ કરી નાખ્યા છે.

આ કારણોથી દિગંબરોની કષ્ટમય સાધના પણ સફળીભૂત નથી થતી. કેમકે અનેક સૈદ્ધાંતિક દૂષણ તેમાં ઘુસી ગયાં છે અને તેઓ દુરાગ્રહમાં પડી ગયા છે. એટલે ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે–

***કોઈ માસ-માસખમણની વિકટ તપસ્યા કરે, પારણામાં ફક્ત કણ માત્રનો આહાર કરે, આવી કષ્ટમય સાધના કરે તો પણ તે જિનોક્ત ધર્મરૂપ પૂનમની સામે અમાસની બરોબર પણ નથી. તેથી ફક્ત કઠિનતા જ કલ્યાણ માર્ગ નથી બની શકતી પરંતુ તેની સાથે સૈદ્ધાંતિક સુરક્ષા હોવી નિતાંત જરૂરી છે.*** સાધુ જીવનમાં સૈદ્ધાંતિક તત્ત્વ, અહિંસા અને એષણા સમિતિ પણ પ્રમુખ અંગ રૂપ છે. જેનો અત્યધિક ભંગ દિગંબર સંતોની આહાર વિધિમાં થાય છે. એટલે તેમના આહાર સંબંધી કઠિન નિયમો તથા શુચિ ધર્મીપણાનો આગ્રહ જિનાજ્ઞાથી બહાર છે, જ્યારે તેઓને તો તેમાં જ પ્રભુની આજ્ઞા હોવાનો ખ્યાલ છે.

આ વિચારધારાથી પાઠક સ્વયં સમજવાનો પ્રયત્ન કરે કે દિગંબર અને શ્વેતાંબર ધર્મમાં પ્રાચીન અને સમીચીન(સત્ય) ધર્મ કયો છે !!

***જિજ્ઞેશ :– આ દિગંબર ધર્મ કોણે અને કેમ ચલાવ્યો ?***

**જ્ઞાનચંદ :–** આમ તો ભગવાનના શાસનમાં વસ્ત્ર યુક્ત અને વસ્ત્ર રહિત બંને પ્રકારના સાધકો હતા. પરંતુ એક વખત(વીર નિર્વાણ સંવત્ ૬૦૯માં) 'શિવભૂતિ' નામના એક શ્રમણને રાજાની પ્રસન્નતાથી એક રત્નકંબલ મળી. તે શ્રમણને



એમાં અત્યંત મોહ થઈ ગયો. જેનું નિવારણ કરવા ગુરૂએ તેના અનેક ટુકડા કરી ને બધા સાધુઓમાં વહેંચી દીધા, એ ખબર જ્યારે શિવભૂતિને પડી ત્યારે એકદમ અશાંત બની તેણે બધાને સ્પષ્ટ જણાવી દીધું કે 'વસ્ત્ર છે ત્યાં જ આસક્તિ છે માટે સાધુએ વસ્ત્ર રાખવા જોઈએ નહીં', આમ કહી તેમણે પોતાના તમામ વસ્ત્રો ઉતારી નાખ્યા અને નગ્ન અવસ્થામાં ચાલવા માંડ્યા. આ રીતે ધર્મમાં એકાંત નગ્નત્વની પ્રરૂપણા શરૂ કરી. તેમની સાધ્વી બનેલ બહેન પણ તેમના પક્ષમાં આવીને નગ્ન રહેવા લાગી પરંતુ તે લાંબા સમય સુધી નિર્વસ્ત્ર ન રહી શકી. એટલે શિવભૂતિએ બે પ્રરૂપણા શરૂ કરી– (૧) વસ્ત્ર સહિત મુક્તિ નથી અને (૨) સ્ત્રીને સંયમ અને મોક્ષ નથી મળતો અને જ્યારે આગમોમાંથી આ સિદ્ધાંતોનું ખંડન થવા લાગ્યું અને પોતાનો આગ્રહ અપ્રમાણિક થવા લાગ્યો ત્યારે આ શાસ્ત્રોને જ ખોટા અને કલ્પિત ગણાવીને શિવભૂતિએ નવા જ ગ્રંથોની રચના પોતાની મરજી પ્રમાણે કરી નાખી. આ રીતે દિગંબર ધર્મની શરૂઆત થઈ. તે સમયે ગ્રંથોની રચના મૌખિક જ શિષ્ય પ્રશિષ્યોમાં ચાલતી હતી. શ્વેતાંબર આગમ લેખન પછી વીર નિર્વાણ સંવત્ ૧૦૦૦માં કુંદકુદાચાર્યે દિગંબર ગ્રંથોની લિખિત રચના કરી.

## મૂર્તિપૂજક ધર્મ વાર્તા

***જિજ્ઞેશ :– જૈન ધર્મમાં મંદિર અને મૂર્તિપૂજા કેટલા પ્રાચીન છે ? શું તીર્થંકરોના સમયમાં પણ તેમના મંદિર તથા તેમની પૂજા કરવામાં આવતી હતી ?***

**જ્ઞાનચંદ :–** કોઈ પણ વ્યક્તિના માતા-પિતા હયાત હોય અને પરસ્પર બહુજ પ્રેમ ભક્તિ હોય તો પણ પુત્ર-પિતાની મૂર્તિ બનાવી રોજ તેમની પૂજા નથી કરતો અને પિતા પણ પુત્રને કહેતા નથી કે દિકરા રોજ ઉઠીને પહેલા મારી મૂર્તિની પૂજા કર! વાસ્તવમાં આવું સંભવી શકે નહીં. એટલે ભગવાનની ઉપસ્થિતિમાં તો તેમનું મંદિર અને તેની મૂર્તિ પૂજા હતાં જ નહિ અર્થાત્ અમૂર્તિપૂજક ધર્મ જ ત્યારે હતો.

આગમોમાં કોણિકની ભગવાન મહાવીર પ્રત્યેની અત્યધિક ભક્તિનું વર્ણન છે, તેના કેટલાય સંદેશવાહક હતા, જે ભગવાનની નિત્ય ખબર લઈ તેનો સંદેશો કોણિકને પહોંચાડતા હતા. આ ભક્તિ વર્ણનની સાથે ક્યાંય પણ એવું વર્ણન નથી મળતું કે તે નિત્ય ભગવાનની મૂર્તિની પૂજા કરતા હતા. કોણિકનું ઘરમાં બેઠા બેઠા પ્રભુને વંદન કરવાનું વર્ણન છે પણ ત્યાંય મૂર્તિનું નામનિશાન નથી ! કોણિકની અપાર રાજ્યઋદ્ધિ સંપદાનું વિસ્તૃત વર્ણન આગમમાં છે પરંતુ

ત્યાં ક્યાંય મંદિર કે સેંકડો જિનાલય તેણે બંધાવ્યા એવું વર્ણન નથી.

ઉપાસક દશાસૂત્રમાં દસ શ્રાવકોની ગૃહસંપદાનું વિસ્તૃત વર્ણન છે. શ્રાવકના અનેક ગુણો, કર્તવ્યો, ક્રિયા કલાપોનું વર્ણન છે, નિયમ વ્રતોનું વર્ણન છે, તેઓની વ્યક્તિગત પૌષધશાળાઓનું વર્ણન છે, પરંતુ ક્યાંય પણ તેમાં મૂર્તિ પૂજન કરવાના નિયમનું કે મૂર્તિ પૂજા રોજ કરતા હતા તેવું અથવા તેઓએ મંદિર બાંધ્યા કે તેના પૂર્વજોએ બંધાવ્યા અને તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો વગેરે કોઈપણ બાબતોનું વર્ણન નથી.

અન્ય આગમોમાં પણ અનેક શ્રાવકો અને ભગવાનના ઉપાસકોનું વર્ણન છે. તેમાં પણ ક્યાંય તીર્થંકરોની મૂર્તિ પૂજનનું વર્ણન નથી. પરંતુ મૂર્તિપૂજકોને કોઈપણ આગમ વર્ણિત શ્રાવક જીવનમાં આવું વર્ણન ન મળતાં; ભોગના નિયાણા કરેલ અને તે નિયાણાથી અભિભૂત બનેલ મિથ્યાદષ્ટિ અવસ્થામાં રહેલી દ્રૌપદી દ્વારા લગ્નના પ્રસંગે કામદેવની મૂર્તિ પૂજા કરતા હોવાનો પાઠ આગળ ધરીને સંતોષ માનવો પડે છે. પણ કોઈ સંપત્તિશાળી શ્રાવકના કે જૈની રાજાના મંદિર કે મૂર્તિઓના ઢગલા છે તેવા વર્ણનો આગમમાંથી તેઓ બતાવી ન શકે !

ભગવાનના સમયમાં કે ગૌતમ સ્વામીના ઉપદેશમાં આટલા ગામોમાં આટલા જિનમંદિરો બન્યા, આટલાનો જીર્ણોદ્ધાર થયો, એવો આછો ઈશારો પણ આગમોમાં જ્યારે આ લોકોને ન મળી શક્યો ત્યારે આ મૂર્તિપૂજક લોકો શા✓ત સ્થાનો, પર્વતો અને દેવલોકના વર્ણનને આગળ કરીને સંતોષ માને છે, જ્યારે શા✓ત મૂર્તિઓ કોઈ વ્યક્તિ વિશેષની હોઈ ન શકે કેમ કે વ્યક્તિ તો અશા✓ત છે અને તે મૂર્તિઓ શા✓ત છે, વળી વ્યક્તિની મૂર્તિ તો ક્યારેય પણ બની શકે જ્યારે શા✓ત મૂર્તિઓ કોઈએ બનાવેલ નથી તેમ સૂત્રમાં કહ્યું છે. તો જો કોઈએ આ મૂર્તિઓ બનાવી નથી, કોઈ વ્યક્તિ વિશેષની નથી તો તે તીર્થંકરની મૂર્તિ હોઈ જ ન શકે ! અને જો તીર્થંકરની મૂર્તિ ન હોય તો તેની તથા મૂર્તિની પૂજા કરવાથી જૈન ધર્મનો કોઈ સંબંધ જ ન હોઈ શકે અને જ્યાં તીર્થંકર અને જૈન ધર્મ સંબંધી કોઈ વાત જ ન હોય ત્યાં તીર્થંકરોના ગુણોવાળા ણમોત્થુણંના પાઠની શી લેવા દેવા ? અર્થાત્ એ શા✓ત મૂર્તિઓનો તીર્થંકર, કે તીર્થંકર ધર્મ તથા ણમોત્થુણંથી કોઈ સંબંધ ન હોઈ શકે. તેથી એ મૂર્તિઓનું પૂજન જન્મ સમયે કરવાનો દેવોનો જીતાચાર-લૌકિકકૃત્ય જ છે. એ લૌકિક કૃત્યમાં તે દેવો શા✓ત મૂર્તિઓ સિવાય દેવલોકના બધા સ્થાનો, દિવાલો, દરવાજાઓ, વાવો વગેરેની પણ પૂજન વિધિ કરે છે. પછી તે સમ્યગ્ દષ્ટિ હોય કે મિથ્યાદષ્ટિ ! લૌકિક કૃત્ય કરવામાં તેઓ સ્વતંત્ર છે, જ્યાં સુધી કે તે લોક વ્યવહારમાં હોય છે. યથા–

અર્હનક શ્રાવકની ધર્મ શ્રદ્ધાને દેવો પણ વિચલિત ન્હોતા કરી શક્યા તેમ છતાં લૌકિક કૃત્યના સ્થાને તે અર્હનક શ્રાવકે પણ યાત્રાની પૂર્વે વહાણની



પૂજન વિધિ કરી હતી, એવું જ્ઞાતા સૂત્રમાં વર્ણન છે.

આ પ્રકારે આગમોમાં શ્રાવકોના ઘણા બધા વર્ણનોમાં ક્યાંય પણ મંદિર બનાવવા સંબંધી અને તીર્થંકરની મૂર્તિની પૂજા કરવા વગેરે બાબતોનું વર્ણન નથી મળતું તેથી આ મૂર્તિપૂજકોને મિથ્યાદષ્ટિ દ્રૌપદી અને દેવોના જીતાચારનો પાઠ જ હાથમાં આવ્યો છે. પછી શું જોઈએ ? જાણે કે– **मिल गया चाबुक का तोडा, घटे फिर लगाम और घोड़ा ।**

મૂર્તિપૂજા ધર્મ જૈન સિદ્ધાંતોથી વિપરીત ધર્મ છે. તેમાં અનાવશ્યક હિંસા કૃત્યોની ધર્મના નામે પ્રેરણા મળે છે. પર્યુષણ જેવા અને સંવત્સરી જેવા, મહાન ધાર્મિક, અહિંસક પર્વના દિવસોમાં પણ હજારો લાખો ફૂલોથી અનંત જીવોની ઘાત ફક્ત ધર્મના નામે જ થાય છે. સેંકડો હજારો બલ્બ, દિપક જલાવીને અગ્નિ-કાયની તથા મચ્છર, પતંગિયા વિ. જીવોની હિંસા કરવામાં આવે છે. હજારો લાખો ઘડા પાણી ઢોળવામાં પણ ધર્મ માનવામાં આવે છે. સાથે સાથે નૃત્ય, ગાન, વાદન વગેરે ઈન્દ્રિયોના પોષણ અને જીવ જંતુઓના ઘમસાણ કરીને ધર્મ માનવામાં આવે છે ! અને તેમ છતાં ય ત્યાં અહિંસા પરમો ધર્મની જય બોલાય છે.

મૂર્તિપૂજક સાધુ પણ તે પાપ કાર્યના પ્રેરક તથા અનુમોદક હોય છે. ત્યારે વિચારો કે તેમના ત્રણ કરણ, ત્રણ યોગવાળા પહેલા મહાવ્રતનું શું ? આ લોકો અતિશયોક્તિવશ એમ પણ વિચાર્યા વગર લખી નાખે છે કે–

'એક મંદિર બાંધનારાને કે એક મંદિરનો પાયો કે તેમાં એક ઈંટ નાખનારાને અથવા અમુક પર્વત પર ચઢનારાને એક ભવમાં મોક્ષ મળે છે.'

આવી પ્રરૂપણા કરનારાને પૂછવામાં આવે કે આટલો સસ્તો મોક્ષ મળે તો પૈસાવાળા કે રાજા મહારાજા આટલો કષ્ટદાયક સંયમ શા માટે સ્વીકારે ? તેના બદલે એકાદ મંદિર બંધાવી મોક્ષ કેમ ન મેળવી લે ! અને જે ગરીબ હોય તે દેરાસરના પાયામાં એકાદી ઈંટ રાખી એક ભવમાં મોક્ષ પ્રાપ્ત કરી લે. પછી તો આટલી બધી ક્રિયાઓ કે નિયમોમાં, વ્રતોની કે તે નિમિત્તે થનારા કષ્ટોની શી જરૂર છે ? પરંતુ એવું સંભવ નથી; આ તો ફક્ત ભોળા લોકોને ભ્રમિત કરવા માટે કરાયેલી ખોટી પ્રરૂપણા છે.

સાર એટલો જ છે કે આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનમાં એવું સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ***આ સંસારમાં કેટલાય લોકો ધર્મ અને મોક્ષને માટે છકાયના જીવોની હિંસા કર્યા કરે છે. પરંતુ એ હિંસા તેમના માટે અહિતકારક હોય છે અને તેમને બોધિ પ્રાપ્તિ દુર્લભ થાય છે.*** અર્થાત્ કોઈપણ પ્રકારે, કોઈપણ ઉદ્દેશ્યથી કરવામાં આવેલ હિંસા અહિતકારક તો હોય છે પરંતુ ધર્મ અને મોક્ષ હોય તેવી બુદ્ધિથી જે હિંસાની પ્રવૃત્તિઓની વૃદ્ધિ કરે તો ભવિષ્યમાં તેમને માટે ધર્મની પ્રાપ્તિ થવી પણ દુર્લભ બને છે. આવું કથન અનેક વખત અલગ-અલગ પ્રસંગોમાં

આચારાંગ સૂત્રના એક જ અધ્યયનમાં કરવામાં આવ્યું છે.

આ પ્રમાણે જૈન ધર્મમાં મંદિર અને મૂર્તિપૂજાનો ધર્મ પ્રાચીન આગમ કાલથી કે આગમ સમ્મત નથી પરંતુ આગમ વિરુદ્ધ, ધર્મ વિરુદ્ધ અને સંયમ વિરુદ્ધ તથા અહિંસા સિદ્ધાંતની વિરુદ્ધમાં છે. સાથે સાથે સાધુઓના અહિંસા મહાવ્રતનો નાશક છે.

***જિજ્ઞેશ :– ઉપાશ્રય કે સ્થાનક બનાવવામાં પણ પાપ તો થાય છે તેમજ સાધુઓની ગમનાગમન વગેરે ક્રિયાઓમાં પણ પાપ તો થાય જ છે ને ?***

**જ્ઞાનચંદ :–** ઉપાશ્રય અને સ્થાનક બાંધવામાં પાપ છે અને તેને પાપ જ સમજવામાં આવે છે; તેનાથી મોક્ષ મળે તેમ ન કહી શકાય અને ઉપાશ્રયનું વર્ણન તો આગમોક્ત શ્રાવકોના જીવનની સાથે આગમોમાં પણ મળે છે. જેમ કે આદર્શ શ્રાવક પોતાની પૌષધશાળામાં જઈને પૌષધ કરતા હતા. અનેક શ્રાવકોની વ્યક્તિગત પૌષધ-શાળાનું શાસ્ત્રોક્ત વર્ણન પણ છે અને એ તો પોતાના મકાનની જેમ રહેવાનું આવશ્યક અંગ માનવામાં આવ્યું છે. પરંતુ તે આદર્શ શ્રાવકોના પૌષધ કે ધર્મ કરવા માટે મંદિર હતા અને તેઓ ત્યાં જઈ પૂજા કરતા, તેવું વર્ણન કોઈપણ શાસ્ત્રોમાં નથી. એટલે પૌષધશાળા કહો કે ઉપાશ્રય અથવા સ્થાનક બધા એકાર્થ પર્યાયવાચક શબ્દો છે. મંદિર સાથે તેની તુલના કરવી કે જોડવું એ મહત્વપૂર્ણ નથી.

સાધુઓની ગમનાગમન વગેરે ક્રિયા પણ જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી એ આવશ્યક ક્રિયાઓ છે. તેનો આગમમાં એકાંત નિષેધ નથી. તેમ છતાં તે ક્રિયા કરતા શ્રમણો પાપ કર્મોનો બંધ કરતા નથી, એવું સ્પષ્ટીકરણ દશવૈકાલિક સૂત્રમાં કરવામાં આવ્યું છે. આથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે ગમનાગમન વગેરે ક્રિયાઓ સાધુઓએ યતનાપૂર્વક કરવી જોઈએ, તેવી ભગવદ આજ્ઞા છે. તેની અત્યાવશ્યક અને અત્યલ્પ વાયુકાયિક હિંસાને મૂર્તિપૂજાના અને મંદિરના અનાવશ્યક પાપની સમકક્ષ જોડવું તે સમજદારી નથી.

આ પ્રકારે આગમોથી અને સિદ્ધાંતોથી મૂર્તિપૂજા અને મંદિર ધર્મની સત્યતા અને પ્રાચીનતા સિદ્ધ થતી નથી. એવી સ્થિતિમાં મૂર્તિપૂજકો દ્વારા પોતાના અભિનિવેષને પુષ્ટ કરવા માટે કેટલીય કલ્પિત કથાઓ જોડવામાં આવી, ઈતિહાસના બહાને ઢંગ-ધડા વગરની મંદિર અને મૂર્તિઓની જોડી-જોડીને વાતો લખવામાં આવી. એવી જોડી કાઢેલી વાતમાં સત્ય મહાવ્રતનું પણ દેવાળું કાઢવામાં આવ્યું અર્થાત્ જે શ્રેણિક રાજા વગેરે કેટલીય વ્યક્તિઓનો શાસ્ત્રમાં વર્ણન મુજબ મંદિર મૂર્તિ વગેરે સાથે સંબંધ નથી, ત્યાં ગણિ ગણાય નહીં એટલી મૂર્તિ સંબંધી વાતો જોડી દેવામાં આવી. કેટલાય ખોટા શિલાલેખ બનાવવાનું પાપ પણ કરવું પડ્યું અને તેને ખોદી ખોદીને બહાર કાઢયાનું બતાવી પોતાના



મનને ખોટા ઈતિહાસોથી જ સંતુષ્ટ કરવા લાગ્યા.

***જિજ્ઞેશ :– આવો ખોટો જૈન ધર્મ ક્યારે ચાલ્યો કોણે ચલાવ્યો ?***

**જ્ઞાનચંદ :–** ઉપરોક્ત દિગંબર ધર્મની જેમ કોઈ વ્યક્તિએ કોઈ આગ્રહ વશ આ મંદિરનો ધર્મ નથી ચલાવ્યો. પરંતુ **ધીમે ધીમે દેખાદેખી-ગાડરિયા પ્રવાહની જેમ આ ધર્મની વિકૃતિનું બીજ વધીને વટવૃક્ષ થઈ ગયું.** પછી વ્યાપક બનીને સાધુ સાધ્વીઓમાં અને શ્રાવક-શ્રાવિકાઓમાં વ્યાપ્ત બની ગયું.

***જિજ્ઞેશ :– ખોટો ધર્મ હોવા છતાં આટલો અધિક વ્યાપક કેમ બની ગયો ?***

**જ્ઞાનચંદ :–** મંદિર માર્ગીઓએ અહીં-તહીંથી જોડી જોડાઈને એક કલ્પસૂત્ર બનાવ્યું છે અને તેને તેઓ ભગવદ ભાષિત માને છે. તેમના પ્રિય તે શાસ્ત્રમાં જ લખ્યું છે કે ભગવાનના નિર્વાણના સમયે તેમને ભસ્મગ્રહનો સંયોગ હતો, જેના કારણે ભગવાનનું શાસન ૨૦૦૦ વર્ષ સુધી વધુમાં વધુ અવનતિ થતું ચાલ્યા કરશે, પછી પુનઃ તેની ઉન્નતિ થશે. આ કારણે તેમના તે શાસ્ત્રથી પણ તે લોકો ખોટા અને અવનત ધર્મના ભાગી બન્યા છે. ખરેખર જ્યારે ૨૦૦૦ વર્ષ ભગવાનના શાસનને પૂરા થયા ત્યારે ઉન્નતિરૂપે સ્થાનકવાસી ધર્મરૂપ જૈન ધર્મનું પુનરુત્થાન થયું. એટલે મંદિર મૂર્તિનું ઉક્ત બધું કાર્ય તે ભસ્મગ્રહના પ્રતાપે થયું એવું મંદિર માર્ગી લોકોના પેલા કલ્પસૂત્રથી સિદ્ધ થાય છે અને આ જ ભસ્મગ્રહના પ્રભાવે મધ્યકાળમાં આ મંદિરના કાર્યને પાપકારી માનનારા કોઈ સાધુ હોય ખરા, છતાં પણ તેમનું પ્રચાર-પ્રસારરૂપે કંઈ ચાલતું ન હતું.

***જિજ્ઞેશ :– એવું કોઈ ઉદાહરણ છે કે સ્થાનકવાસીઓના લોકાશાહની પૂર્વે પણ કોઈ સાધુ મંદિર મૂર્તિને નહોતા ઈચ્છતા ?***

**જ્ઞાનચંદ :–** આ મંદિરમાર્ગી લોકોએ જે પીસ્તાલીસ આગમો માન્ય ગણ્યાં છે તેમાં વિચિત્ર તત્ત્વોથી ભર્યું એક શાસ્ત્ર છે, જેનું નામ **'મહાનિશીથ સૂત્ર'** છે. જેનું થોડું દિગ્દર્શન આ પુસ્તકમાં જ આગળ એક સંકલિત નિબંધના રૂપમાં આપવામાં આવશે. આ **મહાનિશીથ સૂત્ર**ના પાંચમા અધ્યયનના ૧૨૯માં સૂત્રમાં આ પ્રકારે કથન છે કે–

એક સમયે આચાર્ય કુવલયપ્રભ વિહાર કરતાં-કરતાં ચૈત્યવાસીઓ મંદિરવાસીઓના ક્ષેત્રમાં પહોંચી ગયા. તે મંદિરવાસીઓએ તેમને વંદન સત્કાર કરી, ઉતારો આપ્યો અને યથાસમયે નિવેદન કર્યું કે 'આપ અત્રે ચોમાસું કરો, આપના ઉપદેશથી સુંદર ચૈત્યમંદિર બનશે અને ઘણો જ લાભ થશે.' ત્યારે તે આચાર્યે આ પ્રકારે જવાબ આપ્યો કે ***'હે પ્રિયંવદ ! ભલે આ જિન મંદિરનું કાર્ય હોય, તેમ છતાં આ પાપકારી કૃત્ય છે; એટલે હું તેમાં એક શબ્દ પણ નહીં કહું.'*** આ રીતે યથાયોગ્ય સારપૂર્ણ સિદ્ધાંતિક વચન નિડરતાપૂર્વક તે મિથ્યાદષ્ટિ કુલિંગી, સાધુના લિંગ માત્રના વેષને ધારણ કરનારા સાધુઓની સામે કહ્યા. આવા

હિંમતપૂર્ણ સત્ય સિદ્ધાંત કહેવાના કારણે તે આચાર્ય કુવલયપ્રભે તે સમયના શુદ્ધ શ્રેષ્ઠ પરિણામો વડે તીર્થંકર નામ કર્મ બાંધી લીધું અને સંસારને પરિત્ત કરી એકભવાવતારી બન્યા. અર્થાત્ એકભવ દેવનો અને એક ભવ મનુષ્યનો કરીને અંતે તે આચાર્ય મોક્ષગામી બનશે. આ પાછલા અંશનો મૂળ પાઠ આ મુજબ છે–

**ताहे भणियं तेण महाणुभागेण गोयमा जहा भो भो पियंवए ! जइ वि जिणालये, तहा वि सावज्जमिणं णाहं वायामित्तेण एवं आयरिज्जा, एयं च समय सारयरं तत्तं जहाट्ठियं, अविविरीयं, णीस्संकं भणमाणेणं तेसिं मिच्छदिट्ठी कुलिंगीणं साहुवेसधारीणं मज्झे गोयमा ! आसंकलियं तित्थयर नाम-कम्म-गोयं तेणं कुवलयपभेणं आयरिएणं, एगभवावसेसीकओ भवोयहि।** – *મહાનિશીથ સૂત્ર, અધ્યયન–૫, સૂત્ર–૧૨૯.*

આ સૂત્ર હરિભદ્ર સૂરિના સમકાલમાં બન્યું હશે. કેમ કે આ સૂત્રમાં હરિભદ્રસૂરિનો નામોલ્લેખ પણ છે. આ સૂત્રને મંદિર માર્ગીઓ પોતાનું આગમ માને છે. જ્યારે સ્થાનકવાસીઓ પોતાના ૩૨ આગમોમાં આ સૂત્રને માન્ય નથી ગણતા એટલે દેરાવાસીઓનું આ વ્યક્તિગત માન્યતાવાળું સૂત્ર છે, જે સ્થાનક-વાસીઓના લોકાશાહના સેંકડો વર્ષો પહેલાં બની ગયેલું હતું. જ્યારે દેરાવાસી ધર્મ ભસ્મગ્રહને કારણે વ્યાપક બનેલ હતો ત્યારે પણ આવા શાસ્ત્રોના પાઠ બન્યા છે અને આવું નિર્ભય રીતે કહેવાવાળા આચાર્યોની જ પોતાના સૂત્રમાં પ્રશંસા, ગુણગ્રામ કરીને તેના દ્વારા તીર્થંકર ગોત્ર બાંધીને એક ભવ કરીને મોક્ષ જવાનું બતાવે છે. એટલા માટે જ ઉપર કહેવામાં આવ્યું છે કે ***દેખાદેખી ગાડરિયા પ્રવાહથી અંકુરિત થઈ વટવૃક્ષ બનેલ આ મંદિરમાર્ગી ધર્મ છે.***

આ સૂત્રમાં એક બીજી મહત્વપૂર્ણ વાત પણ છે, જેમ કે– **પ્રશ્ન–** હે ભગવાન્ ! કુગુરુ ક્યારે થશે ? **ઉત્તર–** હે ગૌતમ ! સાડા બારસો વર્ષ વીત્યાં પછી કુગુરુ થશે.

આ પ્રશ્નોત્તરમાં ભગવાને એમ કહયું છે કે તેમના શાસનના ૧૨૫૦ વર્ષ વીત્યાં પછી આ શાસનમાં કુગુરુ એટલે કે ખોટા સાધુ થશે અર્થાત્ તેઓ ખોટું આચરણ આચરીને ખોટો ધર્મ ચલાવશે.

હવે પાઠક એમ વિચારે કે સ્થાનકવાસી અને વીર લોકાશાહ તો વીર નિર્વાણના ૨૦૦૦ વર્ષ પછી થયાં, એટલે કુગુઢ અને તેમનો કુધર્મ તો તે પહેલાં જ પ્રગટ થઈ ચૂક્યો હતો.

કલ્પસૂત્ર અનુસાર ભસ્મગ્રહના પ્રભાવથી અવનતિવાળો ધર્મ તો આ મંદિર માર્ગી ધર્મને જ કહેવાયો છે અને ૨૦૦૦ વર્ષ પછી, ભસ્મગ્રહ દૂર થયા પછી ધર્મ ઉન્નત થવાનું જે કહ્યું છે તે સમયે જ સ્થાનકવાસી ધર્મ પ્રગટ થયો છે. અર્થાત્ મંદિર માર્ગીના વ્યક્તિગત આ બે શાસ્ત્રો (કલ્પસૂત્ર અને મહાનિશીથ



સૂત્ર) માંથી જે સિદ્ધ થાય છે, તે મુજબ તો તેમનો પોતાનો જ ધર્મ અવનતિ-વાળો અને ખોટો ધર્મ છે એવું સાબિત થાય છે અને તેમના સાધુ જ કુગુરુની સંજ્ઞામાં ઉપલક્ષિત કરવામાં આવ્યા છે, તેમના જ આ શાસ્ત્રોમાં !!

માટે બહુમત કે વ્યાપકતાના ચક્કરમાં પડ્યા વગર ઊંડા આગમ અનુભવથી જ ધર્મનું મૂલ્યાંકન કરવું જોઈએ.મંદિર માર્ગીઓના આ બે સૂત્રો સિવાય બીજા ઘણા એવા ગ્રંથો છે, જેમાં એવી અનેક શિક્ષાની અને બીજી પણ મહત્વપૂર્ણ વાતો કરવામાં આવી છે, યથા– ધર્મદાસગણિની 'ઉપદેશમાલા' તથા હરિભદ્રસૂરિના કેટલાક ગ્રંથો વગેરે વગેરે.

***જિજ્ઞેશ :– 'ચૈત્ય' શબ્દ તો શાસ્ત્રમાં કેટલીયે જગ્યાએ આવે છે, તેનો અર્થ તો મૂર્તિ મંદિર જ થાય છે ને ?***

**જ્ઞાનચંદ :–** એક શબ્દના અનેક અર્થ પણ થાય છે. જેમ કે– 'સેંધવ' શબ્દનો અર્થ ઘોડો અને નમક બંને થાય છે. એજ રીતે 'ચૈત્ય' શબ્દના પણ સો થી વધારે અર્થ શબ્દકોષમાં બતાવ્યા છે અને જૈનાગમોમાં પણ 'ચૈત્ય' શબ્દના ઘણાં અર્થ ઉપલબ્ધ છે. જેમ કે બધા તીર્થંકરોના ચૈત્યવૃક્ષ કહ્યાં છે, જે કેવળજ્ઞાન ઉત્પત્તિ થયાના વૃક્ષ છે. જ્યારે તીર્થંકરોને તિક્ખુત્તોના પાઠથી વંદન કરવામાં આવે છે ત્યારે ત્યાં ગુણગ્રામ કરતા કહેવાય છે કે આપ ચૈત્યવાન છો અર્થાત્ જ્ઞાનવાન અથવા સંયમવાન છો, અહીં જ્ઞાન અથવા સંયમ અર્થમાં ચૈત્ય શબ્દનો પ્રયોગ થયો છે. એમ જ, ક્યાંક બગીચા માટે પણ શાસ્ત્રોમાં ચૈત્ય શબ્દ વપરાયો છે. ઉપાસકદશામાં તીર્થંકરોના સાધુઓ માટે ચૈત્ય શબ્દનો ઉપયોગ થયો છે. ત્યાં કહેવાયું છે કે આનંદ શ્રાવક પ્રતિજ્ઞા કરે છે કે અન્યતીર્થિઓના ધર્મને અંગીકાર કરનારા ભૂતપૂર્વ જૈન ચૈત્યોને એટલ કે સાધુઓને પણ હું આદર કે વંદનાદિ નહીં કઢં તથા તેમની સાથે વાર્તાલાપ પણ નહીં કઢં. આ રીતે 'ચૈત્ય' શબ્દ અનેક અર્થોમાં આગમોમાં પ્રયુક્ત થયો છે અને ઘણી જગ્યાએ સ્વાર્થવશ મંદિર ધર્મવાળાઓએ કંઈક પ્રક્ષિપ્ત કરીને ચૈત્ય શબ્દવાળા પાઠોને વિકૃત બનાવી દીધા છે. જૂની પ્રતો સાથે મેળવવાં જઈએ તો કેટલીયે જગ્યાએ તેમના આવા કુકૃત્યોનો પર્દાફાશ થઈ જાય છે. તેમ છતાં આ લોકો ખૂબ શાનથી કહ્યાં કરે છે કે શાસ્ત્રમાં એક અક્ષર પણ આઘો-પાછો કરવામાં મહાપાપ છે, જે અનંત સંસારને વધારે છે. પરંતુ આ વાત ફક્ત બીજાને શિખામણ દેવા માટે જ છે. તે પણ એટલા માટે કે જેથી તેમના વિકૃત કરાયેલા પાઠોને કોઈ સુધારે નહીં.

***જિજ્ઞેશ :– રાજપ્રશ્નીય સૂત્રના સૂર્યાભ વર્ણનમાં દેવલોકમાં ભગવાન મહાવીર અને ઋષભદેવ ભગવાનની મૂર્તિઓ છે ને ?***

**જ્ઞાનચંદ :–** ઉપર બતાવી દેવાયું છે કે દેવલોકની મૂર્તિઓ અનાદિ છે, જે ક્યારેય કોઈના પણ દ્વારા બનાવેલ નથી હોતી અને તે કોઈપણ વ્યક્તિ કે તીર્થંકરની ન

હોઈ શકે. ઋષભ અને મહાવીર તો આ અવસર્પિણીમાં થયા છે. જ્યારે દેવલોક અને તેની મૂર્તિઓ તો અનંત-અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળચક્રથી શા√ત બનેલ છે. તો તેમાં ભગવાન મહાવીર કે ઋષભ કેવી રીતે પ્રવેશી શકે.

રાજપ્રશ્નીય સૂત્રમાં ૧૦૮ મૂર્તિઓનું વર્ણન છે પણ તેના નામોનું કોઈ વર્ણન નથી આપ્યું. પરંતુ તેમાં એક સ્તૂપની ચારે તરફ ચાર મૂર્તિઓનો જે પ્રશ્ન-ગત પાઠ છે તે એવી જ ચોરીઓનો પાઠ છે અને તેમાં જ વર્તમાનના ચાર તીર્થંકરોનાં નામ જોડી દેવામાં આવ્યા છે. આ વાતનું સ્પષ્ટીકરણ રાયપ્પસેણીય સૂત્રના સારાંશના **શિક્ષા અને જ્ઞાતવ્ય** વિભાગના ક્રમાંક નં.૧૩ પર છે. જુઓ કથાશાસ્ત્ર ખંડ–૧.

***જિજ્ઞેશ :– દેવલોકની આ મૂર્તિઓના સ્થાનને જિનાલય કેમ કહેવામાં આવ્યું છે ?***

**જ્ઞાનચંદ :–** જે રીતે ચૈત્ય શબ્દના ઘણાં અર્થો થાય છે એજ રીતે જિન શબ્દના પણ અનેક અર્થ થાય છે. જેથી જિન શબ્દમાં અનેક જાતિના દેવતાઓનો પણ સમાવેશ થઈ જાય છે.

મુખ્ય વાત તો એ છે કે આ શા√ત સ્થાનોને જિનાલય કહો કે સિદ્ધાયતન કહો, આ કોઈ વ્યક્તિ વિશેષના હોતા નથી અથવા ક્યારેય કોઈના દ્વારા બનાવેલા નથી હોતા, એટલે આ સ્થાનોને સંસારના કોઈપણ મુક્તગામી તીર્થંકર આદિ સાથે જોડવામાં અજ્ઞાનતા જ ભાસે છે.

***જિજ્ઞેશ :– 'જિન'ના અનેક અર્થ થાય છે. પરંતુ 'સિદ્ધ' ના તો અનેક અર્થ ન હોઈ શકે. તો એ અનેક શા√ત સ્થાનોમાં સિદ્ધાયતનોનું વર્ણન કેમ આવે છે? જેમ કે– દેવલોકમાં, પર્વત પર, કૂટો પર અને તિર્છાલોકમાં અનેક જગ્યાએ!***

**જ્ઞાનચંદ :–** જે સંપૂર્ણ કર્મ ક્ષય કરીને મુક્ત થઈ ગયા છે, તેને સિદ્ધ કહેવામાં આવે છે, આવા બધા સિદ્ધ સાદિ અનંત હોય છે. પ્રત્યેક સિદ્ધની આદિ-શરૂઆત હોય છે. જ્યારે સિદ્ધાયતનોમાં વર્ણવેલ મૂર્તિઓ તો અનાદિ છે. એટલે તે કોઈપણ સિદ્ધ થયેલ વ્યક્તિની ન હોઈ શકે તે નિશ્ચિત છે. એટલે શા√ત સ્થાનોમાં મૂર્તિઓ કે સિદ્ધાયતનનું હોવું અસંગત છે. અર્થાત્ શા√ત સ્થાનોમાં કોઈપણ વ્યક્તિની મૂર્તિ અને તેનું મંદિર તો હોઈ જ ન શકે. કેમ કે કોઈપણ પ્રસિદ્ધ વ્યક્તિ અનાદિ ન હોઈ શકે જ્યારે મૂર્તિઓ અને સિદ્ધાયતન અનાદિ છે એટલે વ્યક્તિ વગરની મૂર્તિ અને સિદ્ધાયતન એ તો આકાશ કુસુમવત્ જ, નિરર્થક ઠરે છે.

વાસ્તવમાં શા√ત સ્થાનો અને સિદ્ધાયતનનો પરસ્પર કોઈ તાલમેલ નથી બેસતો. એટલે આ બધા સિદ્ધાયતન અને તેના દેખાડેલા આડંબર, પૂજા



વગેરે વર્ણનો ક્યારેક મધ્યકાળમાં સૂત્રોમાં પ્રક્ષિપ્ત કરવામાં આવેલ છે. વિશેષ જ્ઞાન માટે આગમ સારાંશ ખંડ–૭માં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રના સારાંશ પછી પરિશિષ્ટ–૧ જોઈ લેવું.

## મુખ વસ્ત્રિકા વાર્તા

***જિજ્ઞેશ :– મુખ વસ્ત્રિકાને બાંધવી અને હાથમાં રાખવી આ વિષયમાં આગમ આશય શું છે તથા પ્રાચીન પદ્ધતિ કઈ હતી ?***

**જ્ઞાનચંદ :–** આ વિષયનું વર્ણન આગમ સારાંશના છેદ શાસ્ત્ર ખંડ–૪માં કરેલું જ છે. વિસ્તૃત જાણકારી તેના અધ્યયનથી પ્રાપ્ત કરવી જોઈએ.

મુખ્ય તત્ત્વ એ છે કે....

(૧) ઉઘાડા મોંએ બોલવું, મુખવસ્ત્રિકાથી મુખને ઢાંક્યા વિના બોલવું, એ સાવદ્ય ભાષા છે. આ પ્રકારે બોલવું કોઈપણ સાધુ સાધ્વીને કલ્પે નહીં. આ તત્ત્વમાં મંદિર માર્ગીઓ તથા સ્થાનકવાસીઓ એક મત છે.

(૨) મુખવસ્ત્રિકા એ સાધુનું આવશ્યક ઉપકરણ છે, જેનું પ્રયોજન જીવ રક્ષા કરવાનું મુખ્યપણે છે અને મુનિપણાનું પણ આ આવશ્યક અંગ ગણાય છે. અચેલ વસ્ત્ર રહિત રહેનારા સાધુઓને માટે પણ મુખવસ્ત્રિકા અને રજોહરણ આવશ્યક માનવામાં આવ્યા છે.

મુખવસ્ત્રિકા બાંધનારા સાધુઓની મુખવસ્ત્રિકા મુનિલિંગના રૂપમાં સ્પષ્ટ ઉપયોગમાં આવે છે અને મુનિલિંગ રૂપમાં દેખાય પણ છે.

પરંતુ મુખ પર ન બાંધીને હાથમાં રાખનારાને માટે એ રૂમાલ જેવી લાગે છે અથવા ચોલપટ્ટકમાં લટકાવી દેવાથી તો ઘણીવાર તે દેખાતી પણ નથી અને ઘણી વખત સાધુઓને તે શોધવા જાય તોય ક્યાંય પોતાની મુહપત્તિ જડતી નથી, તે વખતે તેઓ ચાદરના પાલવને(પલ્લાને) મુખવસ્ત્રિકા બનાવી લે છે અને દેરાવાસી સાધ્વીઓ તો ઘણે ભાગે ચાદરના પાલવને જ મુખવસ્ત્રિકાના સ્થાને મોઢા સામે ઢાંકીને બોલે છે, જે સ્પષ્ટપણે સાધુપણાની ઉપેક્ષાનું કર્તવ્ય છે જે મુખવસ્ત્રિકા મોં પર ન બાંધવાથી થાય છે.

(૩) જીવરક્ષાનો તથા ઉઘાડા મોઢે નહીં બોલવાનો જે ભગવતી સૂત્રનો સર્વમાન્ય એક મત સિદ્ધાંત છે, તેનું પાલન પણ મુખવસ્ત્રિકાને હાથમાં રાખીને થતું નથી. પ્રમાણ માટે આ એક સત્ય વાત છે કે આજે લગભગ ૬૦૦૦ સાધુ સાધ્વી એવા છે, જે મુખ પર મુહપત્તિ બાંધવાના બદલે હાથમાં રાખે છે અને તેમાંથી કદાચ એક પણ સાધુ કે સાધ્વી એવા નહી હોય જેમણે પોતાના પૂરા દીક્ષાકાળમાં ક્યારે ય ખુલ્લા મ્હોંએ વાત ન કરી હોય અને આમ ભગવતીના એ સર્વમાન્ય

સિદ્ધાંતનું ઉલ્લંઘન ન કર્યું હોય. બસ આ જ પરિણામ પુરવાર કરે છે કે મુખવસ્ત્રિકા મ્હોં પર બાંધવાથી જ સિદ્ધાંતની સાચી રક્ષા સંભવી શકે. એટલે મુખવસ્ત્રિકા ને મ્હોં પર બાંધવી એ આગમ સંમત તથા આગમ આજ્ઞાપોષક પદ્ધતિ છે અને હાથમાં રાખવી એ આગમ આજ્ઞા વિરુદ્ધ પ્રવૃત્તિ છે, આ ઉક્ત પરિણામથી સ્વતઃ સિદ્ધ થાય છે.

આજ પણ સેંકડો દેરાવાસી સાધુ અને કેટલાય આચાર્યો 'ઉઘાડા મ્હોં એ ન બોલવું' એ વાત સ્વીકારે છે અને તેનું પાલન ન થઈ શકવાને તે પોતાની કમજોરી છે, તેમ સ્વીકારે પણ છે. તેમ છતાંય કેટલાંક રીઢા તર્કબાજ લોકો એમ પણ કહેવા લાગે છે કે ઉઘાડા મ્હોંએ વાત કરવામાં પાપ છે તો ખુલ્લા નાકે શ્વાસ લેવાય છે તેને કેમ રોકશો ?

આ કેવળ કુતર્ક છે, કેમ કે વિષય છે ખુલ્લા મોઢે ન બોલવાનો, જેને પ્રાચીન મંદિર માર્ગી આચાર્યોએ અનેક ગ્રંથોમાં સ્વીકારેલ છે અને આજે પણ પ્રત્યક્ષ સેંકડો સાધુ સ્વીકારે છે.

(૪) મુખવસ્ત્રિકા બાંધવાથી સંમૂર્ચ્છિમ જીવોની હિંસાનું કથન પણ અસંગત છે. કેમ કે આ મંદિર માર્ગી લોકો થૂંક અને પરસેવામાં સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે, તેમ પોતાના મનથી માને છે. તેમ છતાં તેમને જ્યારે પૂછવામાં આવે કે ૪-૫ કલાક સુધી ગર્મીમાં વિહાર કરવાથી તમારા શરીરના પરસેવાથી ચાદર ચોલપટ્ટા વગેરે વસ્ત્રો લથપથ થઈ જાય છે ત્યારે શું તેમાં સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન નથી થતા ? ત્યારે જવાબમાં તેઓ કહે છે કે તે વસ્ત્રો શરીર પર હોવાથી શરીરની ઉષ્મામાં સંલગ્ન રહેવાથી સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થતા નથી. જ્યારે તે વસ્ત્રોને શરીર પરથી કાઢીને જુદા રાખવામાં આવે ત્યારે તેના એક મુહૂર્ત પછી જ તેમાં સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થઈ શકે છે, પણ જ્યારે તે શરીર પર હોય ત્યારે સંમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન થતા નથી. આથી તેમને કહેવામાં આવ્યું કે જુઓ અમારી મુહપત્તિ તો તમારી ચાદર કે ચોલપટ્ટાની સરખામણીએ અમારા શરીરની વધારે નીકટ છે, તો તેમાં લાગનારા થૂંકમાં શરીરની ઉષ્માને કારણે જીવ ઉત્પત્તિ થાય કે કેમ ? તો જવાબ મળે કે ના, પણ તે ખોલીને રાખો તો એક મુહૂર્ત પછી એમાં સંમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન થાય, તો તે વખતે તેમને સમજાવાય છે કે જુઓ અમારી મુહપત્તિ બાંધવાથી આગમ સિદ્ધાંતનું પાલન પણ થાય છે અને સંમૂર્ચ્છિમ જીવ પણ ઉત્પન્ન થતા નથી; કેમ કે તે મુહપત્તિ હંમેશાં મોઢા પર બાંધેલી જ રહે છે. શરીરની ઉષ્માથી જો ચાદર-ચોલપટ્ટામાં પરસેવાનાં પણ સંમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન ન થાય તો, તેજ પ્રમાણે શરીરની ઉષ્માને કારણે મુહપત્તિમાં પણ થૂંક વગેરેના સંમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન ન થાય તેમ માનવું આવશ્યક થઈ ગયું. પરંતુ મુહપત્તિ દિવસ ભર હાથમાં રાખવામાં સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થવાનો ભય પણ નિરર્થક



જ રહ્યો અને બેધડક ઉઘાડા મુખે બોલ્યા કરવામાં જિનાજ્ઞાનો ભંગ થાય તે વાત સ્પષ્ટપણે સ્વીકારવી જ પડે અર્થાત્ મુહપત્તિ ન બાંધીને છેવટે તો નુકસાનીમાં જ રહ્યા. ફાયદો તો તેમાં કશો ય થયો નહીં. ઉલ્ટું વારંવાર હાથને ઊંચા-નીચા કરવામાં કષ્ટ પડ્યું તે વધારે !! જેમાં હાથ હલાવવાની વ્યર્થ અજતના વધી અને ઉઘાડા મોઢે ન બોલવાની જતના પણ પૂરી ન થઈ !!

(૫) આનું મુખવસ્ત્રિકા કે મુહપત્તિ એ નામ જ સ્પષ્ટ રૂપે જણાવે છે કે તે મુખ પર રાખવાનું વસ્ત્ર છે.

(૬) વાસ્તવમાં મુખવસ્ત્રિકા હાથમાં રાખવી કે મોઢા પર બાંધવી એવો સ્પષ્ટ ઉલ્લેખ કોઈપણ આગમમાં નથી, તેમ છતાં આ લિંગના ઉપકરણના ઉપયોગની પ્રાચીન પદ્ધતિ મોઢા પર બાંધવાની હતી એ પ્રાચીન પ્રમાણોથી સિદ્ધ છે અને શાસ્ત્રાજ્ઞા પાલનના પરિણામથી પણ સિદ્ધ છે. શાસ્ત્રાજ્ઞા પાલનના પરિણામની સિદ્ધ થયેલ બાબતો ઉપર કહેવાઈ ગઈ છે. હવે પ્રાચીન પ્રમાણોથી સિદ્ધ થયેલ વાત આ પ્રકારે છે–

(૧) આવશ્યક સૂત્ર ઉપર હરિભદ્રસૂરિની ૨૨ હજાર શ્લોક પ્રમાણ ટીકા છે, તેમાં લખ્યું છે કે **લિંગ વાસ્તે મૃત સાધુના મુખ પર નવી મુહપત્તિ બાંધવી.** પાઠક વિચારે કે મરેલ સાધુ તો બોલી શકવાના નથી, ન તો મોઢું ખોલી શકવાના કે ન તો શ્વાસ લઈ શકવાના, તો પણ મુખવસ્ત્રિકા બાંધવાનું ધુરંધર મંદિરમાર્ગી આચાર્ય હરિભદ્રસૂરિએ જ લખ્યું છે.

(૨) યોગ શાસ્ત્ર પૃ. ૨૬૦માં લખ્યું છે કે મુખની ઉષ્ણ હવાથી વાઉકાયના જીવોની વિરાધના થાય છે માટે તેની રક્ષા કરવાના હેતુથી મુહપત્તિ છે. આવું મહાન આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યના રચેલ ગ્રંથમાં જણાવ્યું છે.

(૩) એશિયાટીક સોસાયટી કલકત્તાના નેતા મિસ્ટર હર્નલ સાહેબ ઉપાસકદશા સૂત્રની અંગ્રેજી ટીકા કરતા, ગૌતમસ્વામીની મુખવસ્ત્રિકાના વર્ણન ઉપર એમ લખે છે કે– A small piece of cloth suspended over the mouth to protect against entrance of any living thing.

**અર્થ :** એક નાનો કપડાનો ટુકડો મોઢા પર ટીંગાડાતો હતો જેથી કોઈ સચેત જીવ મોંમા પ્રવેશી ન શકે, તેની રક્ષાને માટે.

(૪) મંદિરમાર્ગી દેવસૂરીજી પોતાના સમાચારી પ્રકરણ ગ્રંથમાં લખે છે કે– **मुखवस्त्रिका प्रतिलेख्य मुखे बध्वा प्रतिलेखयंति रजोहरणं ।**

**અર્થ–** મુખવસ્ત્રિકાની પ્રતિલેખના કરીને તે ફરી મુખ પર બાંધીને પછી રજોહરણની પ્રતિલેખના કરે.

(૫) દેરાવાસી વિજયસેનસૂરિ પોતાની 'હિત શિક્ષા' પૃ.૭૮માં લખે છે કે–

**મુખ બાંધે તે મુખપતિ, હેઠે પાટો ધાર,**
**અતિ હેઠે દાઢી થઈ, જોતર ગલે નિવાર. ॥૧॥**

**'એક કાને' ધ્વજ સમ કહી, ખાંધે પછેવડી ધાર,**
**કેડે ખોસી કોથળી, ના આવે પુણ્ય ને કામ. ॥૨॥**

આનો સાર તો એ જ છે કે મુહપત્તિ મોઢા પર બાંધવી જોઈએ, બાકી તો બધા વિવિધ દૂષિત પ્રકારો છે, જેમાં કોઈ પુણ્ય અર્થાત્ ધર્મ નથી.

(૬) મંદિરમાર્ગી આચાર્ય શ્રી લબ્ધિવિજયજી 'હરીબલ મચ્છી કે રાસ' પૃ. ૭૩ માં લખે છે કે–

**સુલભ બોધિ જીવડા, માંડે નિજ ષટ કર્મ,**
**સાધુ જન મુખ મુહપત્તિ, બાંધી કહે જિન ધર્મ. ॥૧॥**

અહીં પણ મોઢા પર મુહપત્તિ બાંધીને જિન ધર્મ–જિનોપદેશ કરવાનું કથન છે.

(૭)'સાધુવિધિ પ્રકાશ'માં કહ્યું છે–સાધુ પ્રતિલેખના કરતી સમયે મુહપત્તિ બાંધી લે.

(૮) મંદિર માર્ગી પ્રભસૂરિકૃત 'યતિદિનચર્યા સટીક'માં કહ્યું છે કે સાધુ શૌચાદિ જાય ત્યારે પણ મુહપત્તિ બાંધી લે.

(૯) હેમચંદ્રાચાર્ય કૃત 'યોગ શાસ્ત્ર'ની કૃતિમાં કહ્યું છે કે ભણતી વખતે અને પ્રશ્ન વગેરે પૂછતી વખતે મુહપત્તિ બાંધીને પ્રશ્ન પૂછે અથવા ભણાવે.

(૧૦) મંદિર માર્ગી દ્વારા બનાવેલ 'શતપદી' ગ્રંથમાં કહ્યું છે કે ઉપદેશ દેતી વખતે પણ સાધુઓએ મુહપત્તિ બાંધવી.

(૧૧)'આચાર દિનકર' મંદિર માર્ગીઓના બનાવેલ ગ્રંથમાં લખેલું છે કે મકાનનું પ્રમાર્જન કરતી વખતે અને વાંચનાદિ કાર્યોમાં પણ મોં પર મુહપત્તિ બાંધે.

(૧૨)મંદિર-માર્ગી આચાર્યોએ બનાવેલ બૃહત્કલ્પ ભાષ્યમાં કહ્યું છે કે ગણધર મહારાજ પણ વ્યાખ્યાન વાંચતી વખતે મુહપત્તિ બાંધતા હતા.

(૧૩)મંદિર માર્ગીઓ દ્વારા બનાવેલ નિશીથ ચૂર્ણિમાં લખ્યું છે કે કોઈની સાથે વાર્તાલાપ કરતી વખતે સાધુએ મુહપત્તિ બાંધી લેવી જોઈએ.

(૧૪)પ્રતિક્રમણ કરતી વખતે મુહપત્તિ બાંધવાનું તો કેટલાય મંદિરમાર્ગી આચાર્યોએ પ્રતિક્રમણના વિવિધ ગ્રંથોના પ્રારંભમાં જ લખ્યું છે.

(૧૫)મંદિર માર્ગીઓ દ્વારા રચેલ 'પ્રવચન સારોદ્ધાર' ગ્રંથમાં લખ્યું છે કે મુહપત્તિ સંપાતિમ જીવોની રક્ષાને માટે છે. (સંપાતિમ જીવોની રક્ષા મુખ પર બાંધવાથી જ થાય, હાથમાં રાખવાથી કે કમર પર લટકાવવાથી નહીં).



(૧૬)મંદિર માર્ગી બુદ્ધિ વિજયજીએ પોતાના વૃદ્ધ સંતોને પ્રશ્ન કર્યો કે ઘડીએ ઘડીએ આમ મુખ પર મુહપત્તિ કેમ બાંધો છો ? ત્યારે વૃદ્ધ સંતોએ જવાબ આપ્યો કે શાસ્ત્રોમાં મુહપત્તિ બાંધવાનું કહ્યું છે અને પરંપરાથી બાંધતા આવ્યા છીએ, એમ આપણે પણ આમ વારંવાર બાંધી લઈએ છીએ.

(૧૭)શિવપુરાણ અધ્યાય ૨૧માં જૈન સાધુનો પરિચય આ પ્રમાણે આપ્યો છે–

**हस्ते पात्रं दधानाश्च, तुण्डे(मुखे) वस्त्रस्य धारका ।**
**मलिनान्येव वासांसि, धारयंति अल्प भाषिणः ॥२४॥**

અહીં મુખ પર વસ્ત્ર ધારણ કરવાવાળા અર્થાત્ બાંધવાવાળાને જૈન સાધુ કહેલ છે. અર્થાત્ શિવપુરાણ રચનારાને પોતાના સમયમાં આવા મુખવસ્ત્રિકા બાંધનારા સાધુઓ દષ્ટિગોચર થયા હશે.

(૧૮) મંદિર માર્ગી આચાર્ય શ્રી બુદ્ધિવિજયજીએ પોતાની લખેલી 'મુહપત્તિ ચર્ચા' પુસ્તકમાં પૃષ્ટ ૩૦ પર લખ્યું છે કે– મેં લાલા મોહરસિંહજી પાસે મુહપત્તિ બાંધવાની સંમતિ માગી તો તેમણે જણાવ્યું કે હવે તમે આમ કરશો તો તમે હાંસીને પાત્ર ઠરશો.

પૃષ્ટ ૬૩ પર આજ પુસ્તકમાં લખ્યું છે કે મારા સિવાય બધા સંવેગી સાધુઓ મુહપત્તિ બાંધતા હતા. આ બુદ્ધિવિજયજીના વડીલોએ તેમના પ્રશ્નનો જે જવાબ આપેલ તે ઉપર પોઈન્ટ નં. ૧૬માં લખ્યો છે.

પૃષ્ટ–પચાસથી બાવન સુધી તેઓ લખે છે કે દસમા અચ્છેરામાં અસંયતિઓની પૂજા થઈ છે, તે આ પ્રકારે છે– **સંવેગી નામ ધરાવશે જ્ઞાનના નામે ભંડાર ભરાવશે** વગેરે વગેરે. અંતમાં સંવેગીઓનો મત શાસ્ત્ર વિદ્ધદ્ધ છે, તેમ કહ્યું છે.પૃષ્ટ ૪૫ ઉપર લખ્યું છે કે આ પાંચમા આરામાં મને સંયમી ગુઢ નથી મળ્યા એ મારા પાપનો ઉદય છે અને એટલે મારો સંયમ પણ સાચો નથી. પૃષ્પ ૪૪ પર લખ્યું છે કે હું પણ નામ માત્રનો (સંવેગી) તપાગચ્છી છું. આ બુદ્ધિવિજયજી બીજા કોઈ નહીં પણ સ્થાનકવાસી ધર્મ ત્યજીને જવા- વાળા આત્મારામજી મ. સાહેબે જેમને પોતાના ગુઢ બનાવ્યા હતા અને ગુઢએ જેમનું નામ વલ્લભવિજય રાખ્યું હતું.

## મુખ વસ્ત્રિકામાં પાશ્ચાત્ય વિદ્વાનોની પ્રમાણ વાર્તા

1.Chamber's Encyclopoedia Volume VI

London 1906, Page 268.

"The Yati has to lead a life of continence and absti-nence; he should wear a thin cloth over his mouth to

prevent insects from flying into it and he should carry a brush to sweep the place on which he is about to sit"

**અર્થ :** ચેમ્બર એનસાઈક્લોપીડીયા ભાગ–૬. લંડન–૧૯૦૬ પૃ. ૨૬૮.

જૈન યતિ નિવૃત્તિ માર્ગ અને ત્યાગ પરાયણતાથી આયુ વ્યતીત કરે છે અને તે પોતાના મુખ પર ઉડતા જીવોની રક્ષા કાજે એક કપડું ધારણ કરે છે અર્થાત્ બાંધે છે અને પ્રતિલેખનાને માટે જ્યાં તેઓ બેસે છે તે જમીનને પહેલા સાફ કરવા એક ગુચ્છો(ઓઘો) પાસે રાખે છે.

2. The religions of the world by John Murdoch.

L.L. D. 1902 Page-128.

"The Yati has to lead a life of continence, he should wear a thin cloth over his mouth to prevent insects from flying into it; he should strain water through a cloth before drinking and he should carry a broom (ougha) to sweep the place on which he is about to sit to remove every living creatures out of the way of danger.

**અર્થ :** ધ રીલીજન્સ ઓફ ધ વર્લ્ડ કર્તા જોન માર્ડક્ એલ. એલ. ડી. ૧૯૦૨, પૃષ્ટ–૧૨૮

જૈન મુનિ પોતાનું ધાર્મિક જીવન એવી રીતે વ્યતીત કરે છે– તેઓ વાયુમાં ઉડવાવાળા જીવોની રક્ષાને માટે પોતાના મુખ પર એક પાતળો કપડાનો ટુકડો ધારણ કરે છે, પાણીને પીતા પહેલાં એક કપડાથી ગાળી લે છે અને જે સ્થાન પર તે બેસવાની ઈચ્છા રાખે તે સ્થાનને પહેલા સાફ કરવા માટે અને રસ્તામાં પડેલા જીવજંતુઓની રક્ષા કરવા માટે હાથમાં એક ગુચ્છો (ઓઘો) રાખે છે.

3. The religions of India by A Burth London 1891. Page 145.

"Not only do the Jains abstain from all kinds of flesh, but the more figid of them drink only filtered water, breathe only through veil and go sweeping the ground.

**અર્થ :** હિન્દ (ભારત વર્ષ)ના ધર્મ કર્તા– એ બર્થ લંડન ૧૮૯૧ પૃષ્ટ–૧૪૫.

જૈની કેવળ માંસ ભક્ષણની જ ઘૃણા કરે છે એટલું જ નહીં પણ તેઓ પાણી ગાળીને પીવે છે માટે તથા મુખ પર ✓ાસો✓ાસ લેવા માટે (જેથી સૂક્ષ્મ



જીવોની પણ હિંસા ન થાય) વસ્ત્ર ધારણ કરતા રહે છે તથા ભૂમિને પહેલાંથી સાફ (પડિલેહન) કર્યા વિના ચાલવાની અતિશિક્ષા (નિષેધ) પણ કરે છે.

4. Indian Wisdom by moviler williams M.A. London-1875 Page 131.

"Do not kill or injure, which Jains carry to a preposterous an extreme that they strain water before drinking it, sweep the ground with a brush before treading upon it, never eat or drink in the dark, and wear muslin before their mouthes to prevent the risk of swollowing minute insects.

**અર્થ :** ઈંડિયન વિઝડમ કર્તા મોવિલ વિલિયમ્સ એમ. એ. લંડન-૧૮૭૫ પૃષ્ટ-૧૩૧.

'કોઈને પણ ઈજા ન કરો અને કોઈના પ્રાણ ન લો; જે જૈનીઓમાં સૌથી અધિક છે અને તેઓ પાણી પણ પીતાં પહેલાં ગાળી લે છે, ચાલતી વખતે આગળની જમીનને એક ગુચ્છા(ઓઘા)થી સાફ કરી લે છે અને રાત્રીના ભોજન ક્યારેય નથી કરતા તેમજ પાણી પીતા નથી તથા સૂક્ષ્મ જંતુ જે હંમેશાં ઉડતા રહેતાં હોય તેની રક્ષા નિમિત્તે, જીવજંતુ વગેરે મુખમાં ન જાય તે માટે પોતાના મુખ પર હંમેશાં પાતળું કપડું બાંધી રાખે છે.'

આ રીતે પાશ્ચાત્ય વિદ્વાનોએ જૈન મુનિના મુખ્ય વ્યવહારોમાં મુહપત્તિ મોઢા પર બાંધવાનું, રજોહરણથી જમીન પૂંજવાનું, પાણી ગાળીને પીવાના ઉપયોગમાં લેવાનું, રાત્રિના ખાવાપીવાનું બંધ રાખવા જેવી અનેક બાબતોનું વિવરણ લખી પરિચય કરાવ્યો છે. પરંતુ ત્યાં ક્યાંય ડંડો કે તર્પણી અને હથપત્તિ(હસ્ત-વસ્ત્ર) વગેરે કહેલ નથી.

***જિજ્ઞેશ :– મુહપત્તિના મુખ્ય ગુણ કયા છે ?***

**જ્ઞાનચંદ :–** મુખ્યતયા ત્રણ ગુણ આ પ્રકારે છે–

**त्रिविधा गुणा संयुक्ता, लोकेदं मुखवस्त्रिका ।**
**प्रथमं जैन चिन्हं स्यात्, रक्षणं जीवसूत्रयो ॥१॥**

**અર્થ :** (૧) મુખવસ્ત્રિકા જૈનનું ચિહ્ન છે (૨) સૂત્ર પર, પુસ્તક પર થૂંક ઉડવાથી રક્ષા કરે છે. (૩) વાયુકાય તથા ત્રસ-સંપાતિમ જીવોની રક્ષા કરવાવાળી છે.

આ સિવાય શ્રાવકાચારમાં મુનિ દર્શન કરવાના પાંચ નિયમ(અભિગમ) શાસ્ત્રમાં ઘણી જગ્યાએ બતાવ્યા છે, તેમાં પણ મુનિઓની સેવામાં ઉપસ્થિત રહેતી વખતે શ્રાવકે ઉઘાડા મુખે રહેવાની મનાઈ કરી છે. અર્થાત્ મોઢા પર કપડું લગાડીને જ મુનિની સીમામાં પ્રવેશ કરવાનું જણાવ્યું છે.

મોટા-મોટા શેઠ, સેનાપતિ, રાજા વગેરે જે કોઈ પણ શ્રાવક હોય તેઓ શાસ્ત્રાજ્ઞાનું પાલન કરતા તથા વસ્ત્ર લગાડીને જ મુનિની સેવામાં પ્રવેશ કરતા હતા.

તેથી એક ગુણ તો સ્પષ્ટ થાય છે જ કે મુહપત્તિ બાંધવાથી, પાસે ઉભેલા શ્રમણોની સાથે વાતચીત કરતી વખતે પોતાનું થૂંક તેમના પર ઉડે નહીં. ઉઘાડા મોંએ ધૃષ્ટતા પૂર્વક નિર્લજ્જપણે બોલનારા અને જિનાજ્ઞાની મર્યાદાનો લોપ કરનારા સાધુ અને શ્રાવકોના મુખમાંથી થૂંક ઉછળીને કેટલીકવાર બીજા શ્રમણો પર ઉડે છે ! જેથી ગુઢની આશાતના થાય છે. દેરાવાસીઓ નિષ્પ્રાણ મૂર્તિની આશાતનાથી બચવા મોઢા પર વસ્ત્ર બાંધી મૌનપૂર્વક જ પૂજા કરે છે પરંતુ શાસ્ત્રાજ્ઞા ભંગ કરીને પણ ગુઢઓની સામે આવે ત્યારે મોંએ વસ્ત્ર બાંધતા શરમનો અનુભવ કરે છે અને કેટલાક સ્થાનકવાસી લોકો પણ આળસને કારણે મુહપત્તિ બાંધતા નથી તે પણ ઠીક નથી. પોતાના નિયમો અને વિધિ વિધાનોનું દરેક ક્ષેત્રમાં ધ્યાન રાખવું જ જોઈએ.

## મંદિર–મૂર્તિ પૂજા સંબંધી પ્રમાણ વાર્તા

***જિજ્ઞેશ :– મુખવસ્ત્રિકાની જેમ મૂર્તિ-મંદિરના સંબંધમાં પણ કંઈક જણાવો.***

**જ્ઞાનચંદ :–** નિર્ગ્રંથ પ્રવચન અહિંસા પ્રધાન તથા દયા પ્રધાન છે, એમાં કોઈ પણ પ્રાણીની હિંસા કરવાનું કે હિંસા કાર્યને ધર્મ કહેવાનું, કદાપિ સંભવી ન શકે. આ ધર્મના ધારક શ્રમણ, ગણધર, તીર્થંકર વગેરે બધા સાધક, હિંસા કરવી, કરાવવી કે અનુમોદન કરવાની અર્થાત્ તેવી પ્રેરણા કરવાની તથા તે હિંસાને ભલી જાણવી તે બાબતના પૂર્ણ ત્યાગી હોય છે. આ ત્યાગ તેમના માટે જીવનભરનો ત્યાગ હોય છે અને એને જ જીવનભરની સામાયિક કહેવાય છે.

આવા જૈન શ્રમણ નિર્ગ્રંથ હિંસામાં ધર્મ છે તેમ ન કહી શકે, ન તો કોઈ પણ પ્રકારની હિંસાકારી પ્રવૃત્તિની પ્રેરણા કરી શકે. અતઃ મંદિર-મૂર્તિ બનાવવાનું કે ફૂલ-પાણી-અગ્નિના આરંભ(પાપકાર્ય)થી દ્રવ્ય પૂજા કરવાનું, કોઈપણ જૈન શ્રમણ તો કહી ન શકે અને આવું કહેનારા કે પ્રેરણા કરનારા મહાવ્રતધારી જૈન શ્રમણ ન રહી શકે ! તેઓ ફક્ત દ્રવ્ય વેશધારી જિનાજ્ઞાની અવજ્ઞા કરનારા અને સંયમ મર્યાદાના ભંજક જ રહી જાય છે !

(૧) દશવૈકાલિક સૂત્ર અધ્યયન–૬ માં કહ્યું છે કે–

**सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं ।**
**तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥**

**અર્થ :** સંસારના નાના મોટા બધાય જીવો જીવવા ચાહે છે, મરવાનું કોઈપણ



ચાહતું નથી. એટલા માટે કોઈ પણ જીવની હિંસા કરવી તે ઘોર પાપ છે. શ્રમણ નિર્ગ્રંથ આ હિંસાનો પૂર્ણ રીતે ત્યાગ કરે છે.

(૨) આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે ભૂત ભવિષ્યના બધા તીર્થંકરો એ જ નિરૂપણ કરે છે કે– **सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परिघेतव्वा, ण परितावेयव्वा ण किलामेयव्वा, ण उद्दवेयव्वा, एस धम्मे धुवे, सुद्धे, नितिये सासए, सम्मिच्च लोयं खेयन्नेहिं पवेइए ।**

**ભાવાર્થ :** પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ તથા ત્રસ જીવ વગેરે સમસ્ત સાંસારિક જીવોમાંથી કોઈને પણ કષ્ટ વગેરે પહોંચાડવું નહીં તથા પ્રાણથી રહિત કરવા જોઈએ નહીં. એજ અહિંસા પ્રધાન શુદ્ધ શા✓ત ધર્મ સર્વજ્ઞોએ જીવોના ખેદ–દુઃખને જાણીને બતાવ્યો છે.

(૩) પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં કહ્યું છે– **सव्व जग जीव रक्खण दयट्ठाए भगवया निग्गंथं पावयणं सुकहियं ।**

**અર્થ :** ભગવાને ધર્મોપદેશ શા માટે આપ્યો ? એ વાતનું અહીં સમાધાન છે કે સર્વ જગતના ચરાચર જીવોની રક્ષા તથા દયા અનુકંપાને માટે જ ભગવાને નિર્ગ્રંથ પ્રવચનની પ્રરૂપણા કરી.

(૪)આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે ઉપસ્થિત પરિષદને શ્રમણ એવો ઉપદેશ આપે જેમ કે–

**संतिं, विरतिं, उवसमं, निव्वाणं, सोयं, अज्जवियं, मद्दवियं, लाघवियं, अणइवत्तियं ।**

**અર્થ :** (૧) આત્મ શાંતિની પ્રાપ્તિ (૨) વૈરાગ્ય (૩) ઉપશાંતિ (૪) મુક્તિ (૫) હૃદયની પવિત્રતા (૬) સરળતા (૭) નમ્રતા (૮) આશ્રવથી અને પરિગ્રહથી કે અહંભાવથી હળવાપણું (૯) અહિંસા ધર્મ. આવા આત્મવિકાસના વિષયો પર ઉપદેશ દેવો જોઈએ. પરંતુ અહીં મંદિર મૂર્તિ બનાવવાનો કે પાપ પ્રવૃત્તિયુક્ત દ્રવ્ય પૂજાનો ઉપદેશ દેવાનું ક્યાંય પણ કહ્યું નથી.

(૫)પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પ્રથમ આશ્રવ દ્વારમાં કહ્યું છે કે ચૈત્ય અને દેવાલય અર્થાત્ મંદિર બનાવવામાં જે પૃથ્વી, પાણી, અગ્નિ વગેરે જીવોની હિંસા કરે છે તે મંદ બુદ્ધિવાળા છે અર્થાત્ અજ્ઞાની, ભોળા, મૂર્ખ પ્રાણી છે. જે જીતાચાર માટે અને ધર્મને માટે હિંસા કરે છે કે કરાવડાવે છે, તેમને તે હિંસા કટુક ફળદાયી થાય છે.

(૬)સૂયગડાંગ સૂત્રના બીજા અધ્યયનમાં કહ્યું છે કે–

**तिविहेण वि पाण मा हणे, आयहिए अणियाण संवुडे ।**
**एवं सिद्धा अणंतसो, संपइ जे य अणागयावरे ॥**

**ભાવાર્થ :** આત્મહિત ગવેષક સંવૃત, અનિદાન અણગાર ત્રણ કરણ ત્રણ યોગથી પણ પ્રાણીની હિંસા ન કરે, એવું શુદ્ધ અહિંસક આચરણ કરવાથી જ ત્રણે કાળમાં મોક્ષ પ્રાપ્ત કરે છે અર્થાત્ હિંસક કાર્યોવાળી મૂર્તિપૂજા વગેરે કરવા, કરાવવાથી મુક્તિ નથી મળતી !

(૭) ઉત્તરાધ્યન સૂત્ર અધ્યયન આઠમાં કહ્યું છે કે–

**न हु पाणवहं अणुजाणे, मुच्चेज्ज कयाइ वि सव्वदुक्खाणं ।**

**અર્થ :** પ્રાણીહિંસાનું અનુમોદન પણ કરનારા અર્થાત્ હિંસાજન્ય કાર્યોને ભલું જાણનારા, ક્યારેય અર્થાત્ ત્રણ કાળમાં મોક્ષે ન જઈ શકે, સમસ્ત કર્મોથી મુક્ત ન થઈ શકે, તે સંસારમાં જ ભ્રમણ કરતા રહે છે–

(૮) ભદ્રબાહુ સ્વામીએ ચંદ્રગુપ્ત રાજાને સોળ સ્વપ્નોના ફળમાં ચોથા પાંચમાં સ્વપ્નોનું ફળ આ પ્રમાણે બતાવ્યું છે કે–

**दुवालस वास परिमाणो दुकालो भविस्सइ । तत्थ कालिय सुय पमुहा वोच्छिज्जिस्सइ । चेइयाइ ठव्वावइ । दव्वाहारिणो मुणि भविस्सइ। लोभेण मालारोहण देवल उवहाण उज्जमण, जिण बिम्ब पइट्ठावण विही उमाइयेहिं। बहवे तवभावा पयाइस्संति अविय पंथे पडिस्सइ ।**

**અર્થ :** આ સ્વપ્નનું ફળ એ છે કે બાર વર્ષનો દુકાળ પડશે, જ્યારે સૂત્ર જ્ઞાન વિચ્છેદ જશે, ત્યારે જૈન સાધુ સંયમ માર્ગની ભગવદાજ્ઞાને છોડીને મંદિર બનાવશે ધન ભેગું કરવા, કરાવનારા બનશે; અતિ ધન લોભી થઈને માલારોહણ વગેરે મહોત્સવ કરશે, ઉપધાન તપનું ઉજમણું કરશે. જિનેશ્વરની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરાવશે. આવા ઘણાં બધાં કાર્યો કરીને અનેક સાધુ તપ સંયમથી ભ્રષ્ટ થઈને ધર્મથી વિપરીત માર્ગમાં પડી જશે અર્થાત્ બધા સાધુ એવું નહીં કરે. કેટલાંક આત્માર્થી મુનિ આવી પ્રવૃત્તિઓથી નિરપેક્ષ પણ બન્યા રહેશે.

આ સ્વપ્ન ફળથી ભદ્રબાહુ સ્વામીની ભાષાથી જ સ્પષ્ટ થઈ જાય છે કે તે સમયમાં જિનેશ્વરોની મંદિર મૂર્તિ ન હતી. તેથી જ કહ્યું કે સ્વપ્નના સંકેત મુજબ સમયના કુપ્રભાવથી આવું કરીને તે સાધુ કુમાર્ગમાં પડશે. આ ૧૬ સ્વપ્નોનો ગ્રંથ પણ મૂર્તિપૂજક શ્રમણ શ્રદ્ધાથી ભદ્રબાહુ સ્વામીનો માને છે.

આનાથી સ્પષ્ટ થાય છે કે ભદ્રબાહુ સ્વામીના સમયમાં પણ મૂર્તિપૂજક ધર્મ નહોતો, સ્થાનકવાસી માન્ય સત્ય આગમિક ધર્મ જ પહેલાં હતો. મંદિરમાર્ગી ધર્મ પાછળથી શરૂ થયો, જેનેપણ ભદ્રબાહુએ કુમાર્ગ ગણાવી દીધો અને તપ-સંયમથી ભ્રષ્ટ થવારૂપ જણાવી દીધો.

અહીં મૂર્તિપૂજકના જ ગ્રંથ તથા તેમના મહાપૂજનીય ભદ્રબાહુ સ્વામી



એ બનાવેલા તેને જ(મૂર્તિપૂજકોને જ) કુમાર્ગી બતાવે છે, સ્વપ્ન ફળના નામથી. ભદ્રબાહુના શબ્દોનો આશય સ્પષ્ટ છે કે આગળ ક્યારેક બાર વર્ષનો દુકાળ પડશે જ્યારે મંદિર મૂર્તિની સ્થાપના થશે અને ત્યારે મૂર્તિ પૂજા ચાલશે.

એટલે એ મંદિરમાર્ગીઓ કેટલા ખોટા શિલાલેખો લખાવીને દાટી દે અને લાખો વર્ષ જૂની પૂરાણી શંખેશ્વર પાર્શ્વનાથની મૂર્તિનો ઢોંગ રચી દે અથવા તો મહાવીર સ્વામીની જીવિત અવસ્થાની મૂર્તિ અને મંદિર હોવા ઉપર કાવ્ય તુક રચીને તેનો પ્રચાર કરી દે, તેનાથી કાંઈ પણ અર્થ સરવાનો નથી.

હવે આગળ તે જ મંદિરના પુજારીઓનું ફરી એક સૂત્રનું પ્રમાણ જોઈએ કે રૂ લપેટી આગ ક્યાં સુધી રોકી શકાય છે ? અને કેટલી ફેલાય છે તે આગ ? એ જ રીતે એમનું પોતાનામાંજ ખોટા પ્રમાણોથી સાચા બનવાનું તેમના શાસ્ત્રોના શબ્દોથી જ તેમને ભારે પડી રહ્યું છે. ફક્ત ખોટી શેખી કરવા જેવું જ થઈ રહ્યું છે.

(૯)મહાનિશીથ સૂત્રમાં મૂર્તિપૂજા કરનારાઓને અનંત સંસારમાં ભ્રમણ કરવાવાળા જણાવ્યા છે. તે પાઠ આ પ્રમાણે છે–

**एत्थं च गोयमा केइ अमुणी समयप्पभावे उसण्णविहारी णिइय वासिणो अदिट्ठ-परलोय-पच्च-वाए सयं मई इड्ढि-रस-गारवाइ मुच्छिए राग दोस मोह अहंकार ममीकाराइ सपडिबद्धा कसिण संजम सद्धम्मे परम्मुहा निद्दय नित्तंस निग्घिण अकलुण निक्किव एगंतेणं पावायरण अभिनिविट्ठ-बुद्धि अइचंडरोद्द कूराभिगाहिए मिच्छदिट्ठी कय-सव्व -सावज्ज -जोग-पच्चक्खाण-विप्पमुक्का से संघारंभ परिग्गाहे तिविहेण पडिवन्ना सामाइये य दव्वत्ताए, न भावत्ताए, नाममेव मुंडा अणगारा महव्वयधारी समणे विभविताणा एवं मण्णमाणा य सव्वहा उम्मग्गं पव्वतंति । तहा किल अम्हे अरिहंताणं भगवंताणं गंध-मल्ल- पदीव- सम्मज्जण-उवलेवण, विचित वत्थ बलि धूवाइयेहिं पूयासक्कारेहिं अणुदिया-महभवण पकुव्वमाणा तित्थथवणं करेइ । तं णो णं तहत्ति गोयमा समणुजाणेज्जा ।**

**से भयवं केणट्ठणं एवं वुच्चइ जहाणं तं च णो णं तहत्ति समणुजाणेज्जा?**

**गोयमा ! तदवत्थणुसारेणं असंजम बहुलेणं च मूल कम्मासवं, मूलकम्मासवाओ य अज्झवसाय पडुच्च महोयर-सुहासुह-कम्मपयडिबंधो, सव्व-सावज्जाणं विरयाणं वयभंगो, वयभंगेण च आणाइक्कमं, आणाइ कम्मेणं तु उम्मग्ग-गामीतं, उम्मग्गगामितेणं च समग्गापलायणं उम्मग्गगा पवत्तणं, समग्गा विलोयणेण महति आसायणा, तओ अनंत संसार हिंडणं ।**

**एएण अट्ठेणं गोयमा ! एवं वुच्चइ जहा णं गोयमा ! णो णं तहत्ति समणुजाणेज्जा ।**

**ભાવાર્થ :–** આ જિનશાસનમાં હે ગૌતમ ! કેટલાય શ્રમણ, કાળના પ્રભાવથી શિથિલાચારી થઈ જશે ! તેઓ પરલોકના દુઃખોને ભૂલી જશે. વર્તમાન સુખોમાં જ આસક્ત રહેશે ! કલ્પ મર્યાદાનું પાલન નહીં કરે ! રાગદ્વેષ મોહ અહંકાર અને મારું મારું(મમત્વ) કરવા લાગશે ! સંપૂર્ણ સંયમ ધર્મથી મુખ ફેરવી લેશે. તેઓ દયા રહિત, પાપની ઘૃણા રહિત, કૃપા કઢણા રહિત એકાંત પાપમાંજ જેની બુદ્ધિ રહી જશે, તેવા ચંડ-રૌદ્ર ક્રૂર કર્તવ્ય કરવાવાળા, મિથ્યાદષ્ટિ, અસાધુ થશે. તેઓ સાવદ્ય યોગો(પાપકાર્યો)ના પચ્ચક્ખાણ કરીને પણ તેને છોડી દેનારા થશે. સંઘ કાઢવારૂપ આરંભને ગ્રહણ કરી લેશે અથવા અનેક પ્રકારનો આરંભ પરિગ્રહ કરનારા થશે. ત્રણ કરણ ત્રણ યોગથી પાપ ત્યાગ રૂપ પ્રતિજ્ઞા ગ્રહણ કરીને પણ ભાવ સામાયિક ચારિત્રમાં ટકશે નહીં, ફક્ત દ્રવ્ય સામાયિકમાં રહેશે. તેઓ ફક્ત નામ માત્રના મુંડિત અણગાર કે મહાવ્રતધારી બની રહેશે. પોતેજ પોતાને, અમે સાધુ છીએ એવું માનશે અને તેમ માનતા હોવા છતાં ઉન્માર્ગમાં પડી જશે !

એમ કરતાં કરતાં તેઓ અમારી તીર્થંકરોની ચંદન આદિથી, માળાઓથી, દિપ પ્રગટાવીને, વિચિત્ર વસ્ત્ર બલિ, ધૂપ વગેરેથી પૂજા કરશે, ઊંચા ઊંચા મંદિરો બનાવીને તીર્થ સ્થાન બનાવશે, આવા તે લોકોના કર્તવ્યોની હે ગૌતમ, અનુમોદના પણ ન કરવી કે તેમના કર્તવ્યોને રૂડા પણ જાણવા જોઈએ નહીં. ***પ્રશ્ન***– હે ભંતે ! એવું કેમ કહ્યું કે તેમના કર્તવ્યોને રૂડા પણ જાણવા નહીં ? **ઉત્તર :–** હે ગૌતમ ! તે પ્રકારનાં અસંયમ પ્રમુખ કર્તવ્યોથી સંસાર મૂલક કર્મોનો આશ્રવ થાય છે. તે આશ્રવો તથા અશુભ અધ્યવસાયોથી શુભાશુભ મહાન કર્મોનો બંધ થાય છે.

એ જ રીતે સંપૂર્ણ સાવદ્ય યોગના ત્યાગીઓના વ્રત ભંગ થાય છે. વ્રતભંગ થવાથી ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન થાય છે અને તેઓ ઉન્માર્ગગામી બનીને સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે, જેને કારણે તેઓ મહાન આશાતનાના ભાગી બનીને અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

માટે હે ગૌતમ ! એમ કહ્યું કે એ અસાધુઓની પ્રવૃત્તિઓને રૂડી જાણવી જોઈએ નહીં. આ પ્રકારે મંદિર માર્ગીના માનેલા ૪૫ આગમોમાંથી, આ મહાનિશીથ સૂત્રમાં તેમની તથા તેમના ખોટા મતની કેટલી દુર્દશા બતાવી છે એ સહજ રીતે સમજી શકાય છે.

હા, એટલું ખરૂં કે તેઓએ(મંદિરમાર્ગીઓએ) આ સૂત્રને પોતાની શ્રદ્ધાનું કેન્દ્ર બનાવી રાખ્યું છે. તેમ છતાં આવી સચોટ અને તેમનું સત્યાનાશ કરે તેવી વાતો આ સૂત્રમાં હોવાથી તેને છુપાવી રાખવાની હોશિયારી કરે છે; આ કારણે



જ આજ સુધી આ સૂત્રની વ્યાખ્યા અનુવાદ કરીને કોઈ તેને પ્રકાશિત કરતા નથી, કેમ કે પોલંપોલ તો આમ જ ચાલી શકે ને !!

તેઓ ભક્તિરસના બહાને ભોળાં લોકો દ્વારા યશ કીર્તિ સન્માન પામીને ફૂલ્યાં કરે છે. જ્યારે તેમના જ પ્રિય અને મનગમતાં શાસ્ત્રો તેમની જ પોલ ખોલે છે. પરંતુ તેમણે એક હોંશિયારી જરૂર દાખવી છે કે ભક્તો તથા શ્રાવકોને શાસ્ત્રનું વાંચન કરવા કે તેને જોવાથી મહાન પાપ છે (ભય છે) તેમ જણાવી, શાસ્ત્ર વાંચનથી વંચિત જ રાખ્યા છે. માટે એ અંધશ્રદ્ધાળુ ભક્તો શાસ્ત્રોને જોઈ કે વાંચી ન શકે તો તેમની હોશિયારી કેવી રીતે પકડી શકે !

(૧૦)મંદિર માર્ગીઓના પૂર્વાચાર્ય કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્ર આચાર્યજીએ 'યોગ શાસ્ત્ર' પૃષ્ટ–૨૮૭ ઉપર લખ્યું છે કે– સ્નાન મૂર્તિપૂજા વગેરે સાવદ્ય કાર્યોનો ઉપદેશ સૂત્રકારોનો ઉપદેશ નથી અને ભદ્રબાહુ સ્વામીએ તો સ્વપ્ન ફળોમાં કહી જ દીધું છે કે બાર વર્ષીય દુકાળના સમયથી મૂર્તિપૂજાની શરૂઆત થશે.

આ દુરાગ્રહી મંદિરમાર્ગીઓ પોતાના જ પૂર્વાચાર્યો અને પોતાના જ શાસ્ત્રો તથા ગ્રંથોની વાત હજમ કરીને, શરમહીન થઈને કહ્યાં કરે છે કે જૈન ધર્મમાં મૂર્તિ પૂજા અનાદિકાળથી છે.

(૧૧)મંદિર માર્ગીઓના પાંચ પ્રતિક્રમણ સૂત્રના પૃષ્ટ–૪૫૫માં લખ્યું છે કે જેમ તીર્થંકરોના થઈ ગયા પછી અમે જિને✓ર દેવની મૂર્તિની સ્થાપના કરી તેવી જ રીતે ગુઢની અનુપસ્થિતિને માટે તેમની સ્થાપના પણ કરી લેવી જોઈએ અર્થાત્ સ્થાપનાચાર્ય લાકડીના ડંડાનું કે કોડીઓનું બનાવીને તેમાં આચાર્યની સ્થાપના કરી લેવી જોઈએ.

આ રીતે આ મંદિરમાર્ગીઓ પર કઢણા થાય છે કે જાણી-બૂઝીને તેઓ પત્થર અને ધાતુઓમાં ભગવાનને તથા લાકડીઓ અને કોડીઓમાં ગુઢને બેસાડી સંતોષ માને છે. જરૂરી તો એ હતું કે હૃદયમાંજ ભગવાન અને ગુઢને સ્થાપવાના હતા. તો આ લાકડીઓ, કોડીઓના સંગ્રહની અને પથ્થરોના પાપ કાર્યોની જરૂર ન રહેત.

(૧૨)પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં સાધુના ઉપકરણોના નામ કહ્યાં છે, તે વિષયમાં આ મંદિર માર્ગી આચાર્યોએ 'સમ્યક્ત્વ સલ્યોદ્ધાર' ગ્રંથમાં તે ઉપકરણોના નામ લખ્યાં બાદ કહ્યું છે કે– ''જે સાધુ પાસે આ ઉપકરણ ન હોય અને બીજા કોઈ પણ ઉપકરણો હોય તે જૈન સાધુ નથી.''

આ ઉપકરણોના નામોમાં ડંડા, ડંડાસણ, તર્પણી, હત્થપત્તી(રૂમાલ), સ્થાપનાચાર્ય વિ. નથી જણાવ્યાં, તો પણ આ મંદિરમાર્ગી સાધુ સાધ્વી આ

ઉપકરણોને મરજી પ્રમાણે રાખવાની પરંપરા ચલાવીને પણ પોતાને જૈન સાધુ ગણાવે છે; એજ અજ્ઞાન દશા અને ભવિતવ્યતા છે. ઉક્ત પુસ્તકને લખનારા મહાશય છે સ્થાનકવાસીથી મંદિરમાર્ગી આચાર્ય બનનારા શ્રી આત્મારામજી. જેઓ ધુરંધર વિદ્વાન મનાતા અને પૂજાતા હતા.

(૧૩) ભદ્રબાહુ સ્વામીએ આઠમા સ્વપ્નના ફળમાં કહ્યું છે કે– **जत्थ जत्थ भूमिए पंच जिनकल्याणं तत्थ तत्थ देसे देसे धम्म हाणि भविस्संति ।**

**અર્થ :** જે-જે સ્થાનો પર જિને✓ર દેવોના નિર્વાણ વગેરે થયાં છે, તે સ્થાનો પહાડો વગેરે પર ધર્મની હાનિ થશે. અર્થાત્ ત્યાં સંયમથી પતિત બનેલ શિથિલાચારી સાધુ લોકો મંદિર મૂર્તિઓ બનાવીને, મહાન પાપનું કાર્ય છ કાયના જીવોની હિંસા કરાવશે. પછી પૂજા પ્રતિષ્ઠા આડંબરથી હિંસાની વૃદ્ધિ કરાવશે. આમ આ નિર્વાણ જગ્યાઓમાં હિંસા કરીને તેને ધર્મ માનવામાં આવશે. આ અપેક્ષાએ જૈન ધર્મના સિદ્ધાંતોની અને અહિંસા ભગવતીની અવહેલના થવાથી ધર્મની હાની થવાની ભવિષ્યવાણી રૂપ સ્વપ્નફળ જે ભદ્રબાહુ સ્વામી એ બતાવ્યું, તે સાકાર થઈ રહ્યું છે.

તેમ છતાં એ મંદિર માર્ગી લોકો આ હાનિથી પણ ધર્મની વૃદ્ધિ માની રહ્યાં છે, એજ તેમની અજ્ઞાનતા અને મિથ્યાત્વપણું છે તથા નિરંતર આ દુરાગ્રહ જાળમાં વધારે ને વધારે ફસાતા જ જાય છે !

(૧૪) મંદિરમાર્ગીઓએ બનાવેલ 'જૈન તત્ત્વાદર્શ' ગ્રંથમાં પૃષ્ટ–૩૮૭ પર લખ્યું છે કે– **पूजा कोटि समं स्तोत्रं** । અર્થાત્ કરોડ પૂજા કરવાથી જે ફળ મળે તેટલું જ ફળ એકવાર સ્તોત્ર વાંચવાથી મળે !

વાંચક અત્રે જરા વિચાર કરે કે એક દેરાવાસીભાઈ દિવસમાં બે વખત પૂજા કરે તો વર્ષમાં ૩૬૦×૨ = ૭૨૦ પૂજા થશે અને ૧૦૦ વર્ષ સુધી પૂજા કરે તો ૭૨૦×૧૦૦ = ૭૨૦૦૦ પૂજા થશે. અર્થાત્ જીંદગીભર પણ કોઈ આજ પૂજા કરે તો પણ તે એક સ્તોત્ર ફળની બરાબર નથી ! ત્યારે કોણ એવું મૂર્ખ હોય કે પાણી, ફૂલ, અગ્નિના વિવિધ આરંભ વાળી પાપ ક્રિયાઓથી ઓતપ્રોત મંદિર મૂર્તિ પૂજા કરીને આત્માને વધારે દોષિત બનાવે ? તેના કરતાં એક વખત સ્તોત્ર વાંચવાનો તેનાથી કરોડ ગણો લાભ કોઈપણ બુદ્ધિમાન છોડશે નહીં ! અને છોડે તો તેની બુદ્ધિ ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયનની પાંચમી ગાથામાં જણાવ્યા અનુસાર સૂવરની સમાન વિકૃત થઈ ગઈ છે, જે ઉચ્ચ શાલિ ભોજન છોડીને વિષ્ટા તરફ(અશુચિ તરફ) જાય છે !!

આ રીતે જૈન તત્ત્વાદર્શ મૂર્તિપૂજક લેખકે જ મૂર્તિપૂજાને અતિ મહત્વહીન ગણાવી છે. તે માટે જ તેમના કથનથી પણ મૂર્તિપૂજા ન કરનારા સ્થાનકવાસીઓ જ લાભમાં રહ્યા છે કે મૂર્તિપૂજાના વિવિધ પાપ અનુષ્ઠાનોથી પણ બચી જાય અને સ્તોત્ર વગેરે વાંચીને કે નવકાર મંત્રનો જાપ કરીને મૂર્તિપૂજાથી કરોડ ગણો અને ક્રોડાક્રોડ ગણો લાભ પ્રાપ્ત કરી લે છે.



મંદિરમાર્ગી ભક્ત લોકો તો નુકસાનીનો સોદો કરીને પોતાના જ આચાર્યોના કથનાનુસાર મહામૂર્ખ જ બને છે. એક દસ મિનિટના નવકારમંત્રના જાપથી ક્રોડાક્રોડ ગણિ પૂજા જેટલો લાભ છોડીને ફક્ત એકાંશ જેટલો લાભ અને તેમાં પણ જીવ હિંસાથી વિવિધ પાપોના ભાગી પણ બને છે.

(૧૫) 'અજ્ઞાન તિમિર ભાસ્કર' ગ્રંથ મંદિર માર્ગીઓએ બનાવેલ છે, તેમાં લખ્યું છે કે– ''મુર્તિ પૂજા શાસ્ત્રોક્ત નથી, એજ કારણે અમે ગ્રંથોના નામ લખીએ છીએ શાસ્ત્રોના નહીં.''

(૧૬) આ રીતે મંદિર માર્ગી સાધુ પોતાના ગ્રંથોમાં આધાકર્મી દોષના સેવનને ગાયનું માંસ ખાવા જેટલું કહી દે છે, તેમ છતાં ગામે ગામ આધાકર્મી આહાર ફળો અને ગરમ પાણી લઈને નિડર થઈને ખાતા-પીતાં રહે છે, ગોમાંસની ઉપમાની વાતને લખનારા સ્વયં એ વાત ભૂલી જાય છે.

## મૂર્તિપૂજા હેતુ પાશ્ચાત્ય વિદ્વાન પ્રમાણ વાર્તા

એક પાશ્ચાત્ય વિદ્વાન આચારાંગ સૂત્રના અંગ્રેજી અનુવાદના પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે જૈનોમાં મૂર્તિપૂજા નથી કેમકે તેમના તીર્થંકરોનો એવો ઉપદેશ નથી. પરંતુ તેમના થઈ ગયા બાદ તેમના અનુયાયીઓમાં બીજા ધર્મોની દેખા દેખીને લીધે આવેલી વિકૃતિ છે, તેવા વાક્ય આ મુજબ છે–

Mr. Lesson says, "I believe that this worship had nothing to do with original Buddhisim or Jainisim that it did not originate with monks, but with the lay community while the people in general felt the want of a higher call than that of their rude deities and demons, and when the religious development of India found in the Bhakti the supreme means of salvation. Therefore, instead of seeing in the Budhists the original, and in the jains the immitators, with regard to the erection of temples and worship of statues, I assume that both sets were, independent from each other brought to adopt this practice

by the perpetual and irresistable influence of the religious development of the people in India."

**ભાવાર્થ :** મિસ્ટર લેસન પ્રતિજ્ઞા પૂર્વક લખે છે કે– એ વાત પર મને પૂરો વિશ્વાસ છે કે બૌદ્ધો અને જૈનોમાં પહેલા મૂર્તિપૂજા નહોતી અને એના પ્રણેતા પણ સાધુ લોકો નહોતા થયાં.(અર્થાત્ ગૃહસ્થોએ ચલાવી કે તેને ચલાવવાવાળા સાધુ પણ ગૃહસ્થ જેવા જ ગણાવ્યા છે.) કેમ કે જ્યારે લોકોને પ્રાયઃ પત્થરો તથા બીજા દેવતાઓથી સહાયતા લેવાની આવશ્યકતા પડી છે અર્થાત્ જ્યારે હિન્દુસ્તાનના અન્ય ધર્મોથી એ વિશેષ રૂપથી પ્રકટ થવા લાગ્યું કે ભક્તિરસ પણ એક નિર્વાણ મુક્તિનો માર્ગ છે. ત્યારથી આ લોકો(જૈનો અને બૌદ્ધો)માં મૂર્તિપૂજાની શરૂઆત થવા લાગી. પરંતુ જે લોકો એમ કહે છે કે જૈનોમાં, બૌદ્ધોની નકલથી મૂર્તિપૂજા આવી એ અસત્ય છે. આ બંને ધર્મોવાળા ઉપર અન્ય મૂર્તિપૂજકોનો પ્રભાવ વિશેષ પડવાથી આ લોકોએ પણ મૂર્તિપૂજા પ્રચલિત કરી!

**સાર :** ઉક્ત વિવિધ પ્રમાણોથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે મૂર્તિપૂજા જૈન ધર્મથી વિપરીત અને ભદ્રબાહુ સ્વામી વગેરે વિશિષ્ટ જ્ઞાનીઓના ઘણા વખત બાદ અન્ય ધર્મોની દેખાદેખી ગાડરિયા પ્રવાહની જેમ ઘુસી ગયેલી એક વિકૃત ત્રસ સ્થાવર જીવોની હિંસા રૂપ પાપથી યુક્ત સાવદ્ય પ્રવૃત્તિ છે.

## પિતાંબર જૈન વાર્તા

***જિજ્ઞેશ :– પિતાંબર ધર્મ જૈનોમાં ક્યારે થયો ?***

**જ્ઞાનચંદ :–** આ કોઈ ધર્મ કે સિદ્ધાંત કે નવો મત નથી. ક્યારેક કોઈ વ્યક્તિગત પરિસ્થિતિવશ, પ્રવૃત્તિ રહી હશે. જેની કેટલાક બુદ્ધિવિહીન લોકોએ નકલ ચાલુ રાખી દીધી છે. જેમ કે– એક ઘણી મોટી ભૂલ કેટલાક પ્રાચીન મંદિરમાર્ગી સાધુઓએ કરી હતી, તે એ હતી કે– કોઈ એક રાજાએ કોઈ વિશેષ પરિસ્થિતિમાં એક જૈનાચાર્યને પાંચમની સંવત્સરી કરવા માટે મંજૂરી આપી નહીં અને બીજા કોઈ દિવસે સંવત્સરી કરવાનો આગ્રહ કર્યો જેથી ચોથના દિવસે સંવત્સરી ઉજવી. તે પછી ઘણાંએ આગમ આજ્ઞાની દરકાર કર્યા વિના એજ પરંપરાને પકડી રાખી. આવા લોકો પર ખૂબજ દયા આવે છે કે જેઓ જાણી-બૂઝીને ભગવદ્ આજ્ઞાની બિલકુલ વિપરીત પ્રવૃત્તિ કોઈની ખોટી નકલ કરીને કર્યા કરે છે અને પછી તેને પરંપરા બનાવી દે છે. આગળ જતાં તેને સિદ્ધાંત માનવાનો દુરાગ્રહ કરી બેસે છે અને મરજી પ્રમાણે તેને શાસ્ત્રના પાઠમાં જોડી પણ દે છે ! પછી ભલેને તે પાઠ ઢંગધડા વગરનો જ કેમ ન લાગે ! ! સાર એટલો જ છે કે આ પિતાંબર કોઈ સૈદ્ધાંતિક સ્વતંત્ર ધર્મ નથી પરંતુ વિકૃત નકલ માત્ર છે. પ્રમાણ માટે– 'જૈન તત્ત્વાદર્શ' નામના ગ્રંથમાં પિતાંબરી આત્મારામજી લખે છે કે–



મહાવીર પ્રભુના સાધુઓના વસ્ત્રો તો સફેદ જ હતાં પરંતુ ગણિ સત્યવિજયજીએ કોઈ વિશેષ કારણવશાત્ વસ્ત્રોને પીળા રંગથી રંગી નાખ્યા હતાં. આ રીતે રંગવાનું શરૂ થયું અને ચાલતું રહ્યું. જોકે આપણાં વૃદ્ધ ગુઢઓની એવી શ્રદ્ધા નહોતી કે સાધુઓ રંગીન વસ્ત્ર ધારણ કરે.

આ રીતે પાંચમના બદલે ચોથની સંવત્સરી ઉજવવાની નકલ પણ આજ મંદિર માર્ગીઓના ગ્રંથોની વ્યાખ્યાઓમાં લખેલી મળે છે. આ રીતે નકલ દ્વારા આવા જ્ઞાની જૈન સમાજમાં ગાડરિયા પ્રવાહની જેમ કેટલીક પરંપરાઓ ચાલી રહી છે, જે મહાન આશ્ચર્ય છે. વળી આવી પરંપરાઓનો દુરાગ્રહ એટલો બધો ફેલાયેલો છે કે કેટલાય પ્રમાણો અથવા આગમોથી સાચી વાત સમજાવવામાં આવે તો પણ આજના આ લોકો એ જૂની અને ખોટી પરંપરાઓને છોડવા તૈયાર જ થતા નથી. ઉલટાનું જેમ તેમ કરીને ખોટી વાતો તથા ખોટી રજૂઆતોને હોશિયારીથી સત્ય, શાસ્ત્રોક્ત તથા કલ્યાણકારી સિદ્ધ કરવાની હોંશિયારી પણ કરે છે. સાથે-સાથે સાચી આગમોક્ત ચિંતન હકીકત પ્રકટ કરનારાનો આ લોકો સખત વિરોધ પણ કરે છે. આ સ્પષ્ટ રૂપે વ્યક્તિ તથા સમાજના પતનની એક દશા છે. કેમ કે આગમ શ્રદ્ધા અને બૌદ્ધિક વિકાસ યુક્ત સમાજ હોવા છતાં પણ લોકો આવી પરંપરાઓના મોહમાં ફસાતા જાય છે.

'ચતુર્થ સ્તુતિ નિર્ણય શંકોદ્ધાર' નામના ગ્રંથમાં તથા 'જૈન મત વૃક્ષ' નામના ગ્રંથમાં પણ લખ્યું છે કે પહેલાં સાધુ સફેદ રંગના વસ્ત્ર જ પહેરતા હતા અને સફેદ વસ્ત્રની જ ધારણા હતી.

'ગચ્છાચાર પઈણ્ણા'માં રંગવાળા વસ્ત્ર અથવા રંગબેરંગી વસ્ત્રના ઉપયોગ કરનારા વિશે લખ્યું છે કે, 'તે જૈન સાધુ નથી પરંતુ પાખંડી છે અને ગચ્છ મર્યાદાની બહાર છે.'

'યોગ શાસ્ત્ર' પૃ. ૨૬૩માં રંગીન વસ્ત્ર ધારણ કરનારાઓને 'કુપાત્ર' છે, તેમ લખ્યું છે.

આમ આ મંદિર માર્ગી સમસ્ત સાધુ-સાધ્વી રજોહરણ પર લગાડવાના નિશીથિયામાં પણ અંદર એક રંગ-બેરંગી ચિત્રામણયુક્ત ભરત-ગૂંથણની કારીગરીવાળું કપડું રાખે છે. જેને બીજા કપડાઓથી ઢાંકીને રાખે છે.

આ રીતે આ લોકો ગણધરોના શાસ્ત્રોની, તેના વિધાનોની ઉપેક્ષા તો કરે જ છે, સાથે-સાથે પોતાના વડીલ ગુઢઓના કથનોની પણ ઉપેક્ષા કરીને, કોઈ પણ પ્રવૃતિ ચલાવે છે અર્થાત્ દંડો, તર્પણી, સ્થાપનાચાર્ય, વાસક્ષેપની પોટલી, દંડાસણ આદિ અને નિશીથિયાની નીચે ભરત ગુંથણી યુક્ત વસ્ત્ર રાખી લે છે.

## રાત્રે પાણી રાખવા સંબંધી વાર્તા

***જિજ્ઞેશ :– રાત્રિમાં સાધુઓને પાણી રાખવાની પરંપરા કેવી રીતે શરૂ થઈ ?***

**જ્ઞાનચંદ :–** ગણધરોના રચિત આગમોમાં અને આ મંદિર માર્ગી ગ્રંથોમાં, રાજેન્દ્ર સૂરિના સંપાદિત રાજેન્દ્ર કોષમાં પણ જૈન સાધુ સાધ્વીઓ માટે રાત્રે પાણી કે આહાર રાખવાનો પૂર્ણ નિષેધ છે અને સ્પષ્ટરૂપથી નિશીથ સૂત્રના દસમા ઉદ્દેશકમાં તેનું પ્રાયશ્ચિત્ત વિધાન પણ છે એટલે ક્વચિત કોઈ સાધુએ કોઈ અપવાદરૂપ પરિસ્થિતિમાં પાણી રાખી લીધું હોય અને પછીથી તેનું પ્રાયશ્ચિત્ત લઈ લીધું હશે તેમ બન્યું પણ હોય ! એટલે નકલ કરવાવાળા શિથિલાચારીઓએ તેનું પણ અનુકરણ કરીને એની નવી પદ્ધતિ શરૂ કરી દીધી છે. જ્યારે આ માટેની મનાઈ આજે પણ શાસ્ત્ર પ્રમાણરૂપ જોવા મળે છે.

***જિજ્ઞેશ :– તે લોકો તો એમ પણ કહે છે કે પાણીના અભાવે રાત્રિના સાધુઓ શૌચ નિવૃત્તિના સમયે શુદ્ધિ શેનાથી કરે ?***

**જ્ઞાનચંદ :–** સ્વમૂત્ર શરીરનો એક નિષ્કાસિત પદાર્થ છે તેમ છતાં તેને લોકો એકાંત અશુચિ માનીને વ્યવહાર કરતાં નથી. પ્રસંગે પ્રસંગે લોકો બાળકોને સ્વયંનું મૂત્ર પીવડાવે છે. કોઈ ઘા કે ચીરો પડે તો મૂત્ર લગાડવાનો પ્રયોગ થાય છે. આયુર્વેદિક ગ્રંથોમાં આને 'સર્વૌષધિ' ગણિને કેટલાય રોગોના ઉપચારમાં પીવા તથા લેપ કે માલિસ કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જૈનાગમોમાં આચારાંગમાં 'મોય સમાયારે' શબ્દ વડે સાધુને સમયે સમયે તેનો ઉપયોગ કરનારા કહ્યા છે. મૂર્તિપૂજક શ્રી રાજેન્દ્રસૂરિના બનાવેલ અભિધાન રાજેન્દ્ર કોષના **णिसाकप्प** શબ્દમાં પણ તેના માટે અશુચિ નિવારણ આદિના ઉપયોગમાં આવવાનું કથન છે તથા જૈનાગમ વ્યવહાર સૂત્રના મૂળપાઠમાં સાત દિવસના ચૌવિહાર તપસ્યાવાળી વિશિષ્ટ પડિમામાં દિવસે પોતાનું નિર્દોષ મૂત્ર પાન કરવાનું કહ્યું છે. તેની વ્યાખ્યામાં મંદિરમાર્ગી આચાર્યોએ તે મૂત્રનો ગુણાનુવાદ કરતાં જણાવ્યું છે કે તેનાથી શરીર સ્વસ્થ તથા કંચન વર્ણું બની જાય છે. અર્થાત્ પાણીના અભાવમાં સાધુઓ રાત્રિમાં પોતાની રુચિ અનુસાર વિવેકપૂર્વક શુચિ-શુદ્ધિ કરી શકે છે.

યદ્યપિ આગમ 'વ્યવહાર સૂત્ર'ના મૂળપાઠમાં રાત્રિમાં મૂત્ર પીવાનો સ્પષ્ટ નિષેધ કરવામાં આવ્યો છે. તેમ છતાં આપણા આ મૂર્તિપૂજક પોતાના જ સંસ્કૃત ગ્રંથોમાં કોષોમાં તો લખે છે પણ સામાન્ય જનતા માટે ઉપયોગમાં લેવાતા પંચ પ્રતિક્રમણસૂત્રની ચોપડીમાં પણ છપાવે છે !

પ્રાચીન પંચ પ્રતિક્રમણના પુસ્તકના પૃ. ૪૭૯માં લખ્યું છે કે ચૌવિહારના નિયમવાળાઓ રાત્રિમાં કોઈ વસ્તુ ખાતા પીતા નથી, તેમ છતાં સર્વ પદાર્થોમાં અનિષ્ટ સમાન મૂત્ર જો રાત્રે પી લે તો કોઈ વાંધો નથી !



આ વાક્યને જ્યારે નાભાની રાજસભામાં સપ્રમાણ બતાવવામાં આવ્યું તો તે પછી તેઓએ એવું વાક્ય પંચ પ્રતિક્રમણના પુસ્તકમાંથી કાઢી તેની જગ્યાએ બીજું પાનું છાપીને જોડી દીધું, પરંતુ તેમના કોષ અને ગ્રંથોમાં આજે પણ તેવું કથન જોવા મળે છે.

માટે જ આ લોકોને વ્યર્થ નિંદા કરવાનો કોઈ અધિકાર નથી તેમ છતાં તેઓ પોતે પોતાના કાર્યોમાં ખોટા પુરવાર થઈને પોતાના હાથે પોતાની જાતને ઉઘાડી પાડીને જિનધર્મને નિંદાને પાત્ર બનાવે છે અને આમ ખુદ પોતેજ બેશરમ પુરવાર થતાં રહે છે.

## શાસ્ત્ર પાઠમાં ચોરીઓની વાર્તા

***જિજ્ઞેશ :– શું ઉપર કહ્યા મુજબ શાસ્ત્રોમાં પાનાઓ કે શબ્દો વગેરેને પણ જૈન સાધુ લોકો બદલતાં રહે છે ?***

**જ્ઞાનચંદ :–** એક અંગ્રેજ ઉપાસક દશાશ્રુતનો અંગ્રેજી અનુવાદ કરતા હતા. ત્યારે કોઈ પાઠમાં તેમને શંકા ઉપજતા, તેઓએ અનેક પ્રતો જોઈ-વાંચીને પછી નિશ્ચય કરીને લખ્યું કે– સંવત ૧૬૨૧ અને સંવત ૧૭૪૫ તથા સંવત ૧૮૨૪માં લખાયેલી પ્રતોમાં ફક્ત 'ચેઈયાઈ' એટલો જ શબ્દ છે અને સંવત ૧૯૧૬ અને ૧૯૩૩માં લખાયેલી પ્રતોમાં 'અરિહંત ચેઈયાઈ' એવો શબ્દ છે. આથી એવું સ્પષ્ટ જણાય છે કે સંવત ૧૮૨૪ પછીની પ્રતોમાં કોઈકે આ શબ્દ પ્રક્ષિપ્ત કરેલ છે.

પ્રમાણને માટે સન ૧૮૮૮માં અર્થાત્ સંવત ૧૯૪૫માં છપાયેલી અંગ્રેજીના ઉપાસકદશાના પુસ્તકના પૃ. ૨૩માં નોટ નં. ૯૬ જોઈ શકાય છે. આ પુસ્તકના અનુવાદક છે 'એ. એફ. રોડાલ્ફ હર્નલ સાહેબ, પી. એચ. ડી.' આ પુસ્તક આજથી ૧૧૫ વર્ષ પહેલાં છપાયું હતું.

પાઠક વિચારી લે કે એક અંગ્રેજે જ્યારે આ નિર્ણય આપ્યો છે, તેનાથી સિદ્ધ થાય છે કે, જ્યારે જ્યાં, જેને મનફાવ્યું તેમ શાસ્ત્રમાં પ્રક્ષિપ્ત કરવાનું ચૂક્યા નથી. આ ઉપાસકદશામાં જે શબ્દ ઉમેર્યો છે તે મંદિરમાર્ગીઓ દ્વારા પોતાના જૈન મંદિરના પક્ષના આગમ પ્રમાણ બનાવવા માટે ઉમેરવામાં આવ્યો છે.

આવા જ કેટલાક પ્રક્ષેપ આ લોકોએ સ્વાર્થ વશ કર્યા છે. જે અન્વેષક બુદ્ધિવાળાઓને જ સમજાય ! ચાહે તે હિન્દુ હોય કે અંગ્રેજ. 'જિન ખોજે તિન પાઈયા, ગહરે પાની પેઠ' તે સાચું તત્ત્વ શોધી જ લે છે.

ખોટી રીતે પકડી રાખેલી પાપમય વિધિવાળી મૂર્તિપૂજાને માટે એવા ખોટા પાપ પણ કરવા પડે છે. આવી વૃત્તિને કારણે જૂદી જૂદી જગ્યાએ 'ણમોત્થુણં'નો પાઠ પણ જોડી દેવામાં આવ્યો છે. તેવી જ રીતે ક્યાંક મૂર્તિઓનું વર્ણન જોડવામાં

આવ્યું છે, તો ક્યાંક દેવલોકમાં પણ મૂર્તિ માટે મહાવીર અને ઋષભ નામ લખ્યાં છે, આવું તો મૂળ આગમ પાઠોમાં ઘણું જોડી દીધું છે, તો ગ્રંથોમાં અને શાસ્ત્રની ટીકા ચૂર્ણિ નિર્યુક્તિઓમાં ક્યાં શું-શું ઉમેર્યું હશે તે તો ભગવાન જ જાણે ! માટે કોઈ પણ પ્રાચીન આગમ કે ગ્રંથ કે વ્યાખ્યાઓને વાંચતી કે સમજતી વખતે ઉક્ત અંગ્રેજની જેમ, વિવેક-આંખને ખુલ્લી રાખીને વાંચવું જોઈએ; ખોટી વાતોમાં ભરમાવું જોઈએ નહીં. એક જૂઠાણું છુપાવવા, સાત વાર જૂઠું બોલવું પડે અને સાત જૂઠાણા માટે સો વાર જૂઠું બોલવું પડે !! અને ચોરી તો પકડાઈ જાય પણ જૂઠાણાને પકડવું આકરું છે. એટલે શ્રાવકે તો વિવેક બુદ્ધિ રાખી સત્યને જ વળગી રહેવું ઘટે.

એટલે એક મંદિર માર્ગી અન્વેષક વિદ્વાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે, જેનો આશય આ છે કે ઉપલબ્ધ આગમ સર્વજ્ઞની વાણી નથી, એવું માનવાની કોઈ આવશ્યકતા નથી. તથાપિ ઉપલબ્ધ આગમનો એક એક અક્ષર સર્વજ્ઞ વાણી જ છે તેમાં કિંચિત માત્ર પણ પરિવર્તન નથી થયું કે આટલા લાંબા કાળ દરમ્યાન કોઈ અક્ષર વધારે ઓછો નથી થયો; એમ માનવું પણ સર્વથા અનુચિત છે.

જુઓ બૃહત્કલ્પ ભાષ્ય ભાગ–૬ની પ્રસ્તાવના. અહીંઆ શાસ્ત્રોદ્ધારક મૂર્તિપૂજક મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** એ પોતાના અન્વેષણ અનુભવથી ગીતાર્થ મુનિઓને આગમોમાં પણ વિવેક બુદ્ધિ રાખવાની સૂચના કરી છે. તો પછી સ્થાનકવાસી શ્રમણો, જો વિકૃત જૈન સાહિત્યમાં અને જૈન અજૈન ધૂર્તોની ધૂર્તતાથી અંકિત આગમ સ્થળોમાં વિવેક બુદ્ધિ રાખે અને વિવેક બુદ્ધિ રાખવાની પ્રેરણા કરે તો તેમાં કોઈ પણ પ્રકારે અપરાધ છે શું ? તેમ છતાં કોઈ અપરાધ માને તો તે તેમની સ્વાર્થપૂર્ણ બુદ્ધિનો પ્રભાવ જ છે, એવું માનવું જોઈએ.

## બાવીસ અભક્ષ્ય વાર્તા

***જિજ્ઞેશ :– ૨૨ અભક્ષ્યના સંબંધમાં શું સમજવું જોઈએ ?***

**જ્ઞાનચંદ :–** કોઈપણ સાધુએ કે સમુદાયે ત્યાગ બુદ્ધિથી ચલાવેલું હોય ત્યાં સુધી તો ઠીક છે. કેમ કે જિનશાસનમાં ત્યાગનું તો વિશેષ મહત્વ છે જ. પરંતુ તેમાં કોઈ પણ વસ્તુને માટે એકાંતિક સર્વ વ્યાપક નિષેધ કરવાનું અનુચિત છે. સાથે જ તે પદાર્થોના વિષયમાં કોઈ નિરૂપણ-પ્રરૂપણ આગમ નિરપેક્ષ(આગમ પ્રમાણ વિનાનો) તથા આગમ વિરુદ્ધ કરવાનું તો સર્વથા અનુચિત કર્તવ્ય છે.

૨૨ અભક્ષ્યોને માટે આવી અનેક વાતો થઈ છે, અર્થાત્ આગમ નિરપેક્ષ તથા આગમ વિરુદ્ધ ખોટી પ્રરૂપણાઓ ચાલું થઈ છે અને એટલે આ ત્યાગ–વૃત્તિવાળા ૨૨ અભક્ષ્ય પણ પરાપકર્ષ કે નિંદા કરવા માટેના થઈ રહ્યા છે.

જેમ કે– માખણના ત્યાગની સાથે એવી નકામી વાતો જોડી દીધી છે, જે મૂળ આગમોથી વિરુદ્ધ છે તથા નિર્યુક્તિ વ્યાખ્યાઓથી પણ વિરુદ્ધ છે. કેમ કે



આગમોમાં અનેક જગ્યાએ માખણ સાધુએ વાપરી શકાય તેવું વિધાન છે અને ૧૦ કલાક સુધી રાખી શકાય તેવું મૌલિક વિધાન પણ આગમમાં છે.

પરિઠાવણિયા નિર્યુક્તિમાં પણ માખણ વહોરીને ઉપયોગમાં લેવા સંબંધી વિવેક બતાવેલ છે. એટલે માખણ સંબંધી એકાંતિક ખોટી માન્યતાઓ જે ચાલે છે, તે અપ્રમાણિક છે અને તે કારણે તેને એકાંત-અભક્ષ્ય કહેવું તે દુરાગ્રહ છે.

જમીનના નીચે થતાં કંદ-મૂલ બાબતે પણ એકાંતિક આગ્રહ અને પ્રરૂપણા આગમ વિરુદ્ધ છે. આગમ આચારાંગમાં અચિત્ત લેવાનું વિધાન પણ છે. દશવૈકાલિકમાં સચેત કંદમૂળ લેવાનો નિષેધ છે.

દ્વિદળ સંબંધી દહીં સંયોગથી જે જીવોત્પતિ માનવાની પરંપરા છે, તે પણ તર્કથી અસંગત અને અપ્રમાણિક છે. કેમ કે કોઈપણ વસ્તુનું તત્કાળ વિકૃત થવાનું અને તેમાં તત્કાલ જીવોત્પત્તિ થવાનો કાયદો કરવો તે જ ખોટું છે. જેમ કે માખણ માટે પણ તત્કાલ જીવોત્પત્તિ થવાનો કરેલો કાયદો આગમ પ્રમાણથી ખોટો સાબિત થઈ ચૂક્યો છે. એ જ આગમ પ્રમાણોથી એવો નિષ્કર્ષ નીકળે છે કે પ્રત્યેક વસ્તુનો સ્વભાવ અને શુદ્ધ રહેવાની ક્ષમતા જુદી-જુદી હોય છે. ક્ષેત્રકાળ વાતાવરણ પણ તેમાં ઘણો ભાગ ભજવે છે.

તેની પરીક્ષાનું જ્ઞાન એ છે કે જે તે વસ્તુની અંદર વર્ણમાં, ગંધમાં, રસમાં, સ્પર્શમાં, અશુભ વિકૃતિ થતાં જીવોત્પતિ થવાનો સ્વભાવ હોઈ શકે છે, જેનો કોઈ સમય નિર્ધારિત કરી શકાતો નથી. પરંતુ વાતાવરણ, સંયોગ, વિયોગ વગેરેની તારતમ્યતાથી તેના વિકૃત થવાના સમયમાં અંતર પડી શકે છે. જેમ કે લોટમાંથી બાંધેલી કણિક શિયાળામાં ૧૦ કલાક સુધી પણ ખરાબ નથી થતી પરંતુ ગરમીના ઉનાળાના દિવસોમાં ૪ થી ૫ કલાકમાં જ બગડી જઈ શકે છે. પરંતુ ફ્રીજમાં રાખવામાં આવે તો તેની અવધિ વધારે થઈ જાય છે. એજ રીતે માખણને પાણી અથવા છાશની અંદર રાખવાથી; ગરમીમાં, ફ્રીજમાં રાખવાથી પણ પાણી કે છાશ વગર રાખવાથી તેની અંદર વિકૃતિ થવાના સમયમાં ફેરફાર થઈ જાય છે. આ જ રીતે બધા જ પદાર્થો વિશે સમજી લેવું જોઈએ. જેની પરીક્ષા, ચાખવાથી વિકૃત સ્વાદ ફેર લાગે, સૂંઘવાથી વિકૃત અશુભ ગંધ આવે, સ્પર્શ કરવાથી ચીકાશ-વાળું લાગે, કે ઉપર લીલ ફુગ થાય વગેરે જુદા-જુદા પ્રકારેથી ખાવા-પીવાની સામગ્રીની પરીક્ષા કરી શકાય છે અને વિકૃતિ જણાય તો ત્યારે જ તેમાં જીવોત્પત્તિ છે તેમ નિર્ણય લઈ શકાય છે. આ બધું જ્ઞાન પણ અનુભવ ચિંતન તથા વિવેક બુદ્ધિ તથા અભ્યાસથી પ્રાપ્ત થાય છે.

મધ અને માખણને મહાવિગય કહેવામાં આવ્યું છે એટલે તેનો ત્યાગ કરવાનું શ્રેષ્ઠ જ છે. પરંતુ દારૂ અને માંસાહારને આગમમાં નરકાયુ બાંધવાના કારણભૂત માનવામાં આવ્યું છે. તેની સમાન અખાદ્ય અભક્ષ્ય તો આ મધ અને

માખણને ન કહી શકાય.

બીજા અભક્ષ્યમાં રાત્રિ ભોજન તથા અનેક વનસ્પતિઓ છે, જેનો ત્યાગ કરવામાં લાભ જ છે, હાનિનો કોઈ પ્રશ્ન જ નથી.

સાર એટલો જ કે ૨૨ અને ૨૨ થી પણ વધારે વસ્તુઓનાં ત્યાગ કે ત્યાગની પ્રેરણા કરવી શ્રેષ્ઠ જ છે, પરંતુ તેના સ્વરૂપ કથનમાં આગમ વિપરીત અતિશયોક્તિ યુક્ત કથન પ્રરૂપણા ન કરવી જોઈએ તથા ગાડરિયા પ્રવાહમાં વહેવાનો દષ્ટિભ્રમ પણ ન હોવો જોઈએ.

જાણકારી માટે એ પ્રચારિત ૨૨ અભક્ષ્ય આ મુજબ છે–

(૧ થી ૫) વડ, પીપળો, પીપળ, ઉંબરો, કાલુંબર આ પાંચના ફૂલ, ઘણાં બધાં બી, તથા સૂક્ષ્મ બીજ હોવાથી, (૬ થી ૯) મધ, માખણ, મદ્ય, માંસ આ ચાર મહાવિગય છે. આમાં બે પ્રશસ્ત છે અને બે અપ્રશસ્ત છે. (૧૦) બરફ, (૧૧) વરસાદના કરાં, (૧૨) ખડી માટી, (૧૩) વિષ, (૧૪) રાત્રિભોજન (૧૫) દ્વિદળ (કાચુ દહીં તથા કઠોળનું સંયોજન) (૧૬) રસ ચલિત પદાર્થ (વિકૃત રસ થવાથી દુર્ગંધ આવે તે) (૧૭) તુચ્છ ફળ (૧૮) ઘણાં બીજ વાળું ફળ (૧૯) અજાણ્યું ફળ (૨૦) રીંગણ (૨૧) બોરનું અથાણું (૨૨) અનંતકાય.

## અનંતકાય વાર્તા

***જિજ્ઞેશ :– અનંતકાયનો શો અર્થ છે ?***

**જ્ઞાનચંદ :–** જેમાં એક નાનકડા શરીરમાં અનંત જીવ હોય અને જેમાં પ્રતિક્ષણ તે જીવ જન્મ્યા કે મર્યા કરે છે, તે પદાર્થને અનંતકાય કહે છે.

***જિજ્ઞેશ :– નાના શરીરનો આશય શું થાય ?***

**જ્ઞાનચંદ :–** એક સોયના અગ્રભાગ પર અસંખ્ય ગોળા હોય, પ્રત્યેક ગોળામાં અસંખ્ય પ્રતર હોય છે, પ્રત્યેક પ્રતરમાં અસંખ્ય શરીર હોય છે અને એ નાના (નાનકડા) શરીરમાં અનંત જીવ હોય છે.

***જિજ્ઞેશ :– આ અનંતકાય શું કંદમૂળ જ હોય છે ?***

**જ્ઞાનચંદ :–** કંદમૂળ તો અનંતકાય હોય જ છે. તે સિવાય પણ અનેક અનંતકાય હોય છે. જેમ કે– (૧) જ્યાં પણ, જેમાં પણ ફુગ થાય તે અનંતકાય છે. (૨) જે વનસ્પતિના પાંદડા વગેરે કોઈપણ ભાગમાંથી દૂધ નીકળે ત્યારે તે અવસ્થામાં. દા.ત. તરીકે આકડાનું પાન, કાચી મગફળી વગેરે. (૩) જો કોઈ પણ લીલું શાક કે વનસ્પતિનો ભાગ તોડતા એક સાથે 'તડ'એવો અવાજ આવે અને તે ભાગ ટૂટી જાય. જેમ કે ભીંડા, કાકડી, તુરિયા વગેરે. (૪) જે વનસ્પતિને ચાકૂ વડે ગોળાકાર કાપવાથી તેની સપાટી પર રજકણ જેવા જલબિંદુ દેખાય તે. (૫) જે વનસ્પતિની



છાલ અંદરથી પણ જાડી હોય તે અનંતકાય છે. (૬) જે પાંદડામાં રગો દેખાય નહીં તે. (૭) જે કંદ અને મૂળ ભૂમિની અંદર પાકીને નીકળે તે. (૮) બધી જ વનસ્પતિના કાચા મૂળિયા. (૯) બધીજ વનસ્પતિની કાચી કૂંપળો. (૧૦) કોમળ તથા રગો દેખાય નહીં તેવી પાંખડીયોવાળાં ફૂલ. (૧૧) પલાળેલા કઠોળ કે ધાન્યમાં તત્કાળ ફણગા ફૂટયા હોય તે. (૧૨) કાચા કોમળ ફળ–આમલી, મંજરી વગેરે.

ઉપર જણાવેલ લક્ષણો વનસ્પતિના કોઈ પણ વિભાગમાં દેખાય તો તે બધાં વિભાગો અનંતકાય છે. વિશેષ જાણકારી તથા પ્રમાણ માટે જુઓ સારાંશ ખંડ–૪ છેદ શાસ્ત્રમાં વનસ્પતિજ્ઞાન સંબંધી પરિશિષ્ટ અથવા પન્નવણા સૂત્રનું અધ્યયન કરવું જોઈએ.

કંદમૂળના કેટલાક નામો આ મુજબ છે– (૧) બટેટા (૨) રતાળુ (૩) સૂરણ (૪) વજ્રકંદ (૫) લીલી હળદર (૬) આદુ (૭) ડુંગળી (૮) લસણ (૯) ગાજર (૧૦) મૂળા (૧૧) અડવી (૧૨) સક્કરીયા વગેરે.

## વાસક્ષેપ વાર્તા

***જિજ્ઞેશ :– વાસક્ષેપ શું છે ? શા માટે નાખવામાં આવે છે ?***

**જ્ઞાનચંદ :–** કલ્પસૂત્ર કથિત ભગવાન મહાવીર સ્વામી પછી ૨૦૦૦ વર્ષનો ભસ્મગ્રહ સમાપ્ત થતાં પુનઃ શુદ્ધધર્મ અર્થાત્ સ્થાનકવાસી ધર્મ ચાલવા લાગ્યો. મહાન આત્મા શ્રી લોકાશાહ દ્વારા તે સત્ય, અહિંસા પૂર્ણ ધર્મનો પુરજોરથી પ્રચાર થવા લાગ્યો. મંદિરમાર્ગીઓનો પોતાનો પ્રભાવ ઓછો થવા લાગ્યો. ત્યારે તેમણે લોકો ઉપર મંત્રિત ભૂકી નાખવાનું શરૂ કર્યું જેથી, જેના માથામાં તે પાવડર નાખ્યો હોય, તે લોકાશાહના પ્રભાવમાં ન આવે પરંતુ આ ચમત્કાર પણ તેમનો ઝાઝો ટક્યો નહીં. અડધા કરતાં પણ વધારે અર્થાત્ ૧૫ લાખ જૈનોમાંથી આઠ લાખ જૈનોને તેમણે શુદ્ધ ધર્મથી સંલગ્ન કરી દીધા હતા. તે સમયે તેમના ઉપદેશનો મૌલિક વિષય હતો– જૈન સાધુનું શુદ્ધ મહાવ્રત તથા આચારનું સ્વરૂપ દેખાડવું તથા વ્યર્થના પાપકારી આડમ્બરો અર્થાત્ સંઘ કાઢવો, પૂજા પ્રતિષ્ઠા કરવી, મંદિર બનાવવા વગેરે સાવદ્ય સપાપ પ્રવૃત્તિઓનો વિરોધ કરવો તથા 'અહિંસા પરમો-ધર્મ' ને સાકાર કરવો.

હવે તો આ વાસક્ષેપ પાવડર ચંદનના ભૂકા વગેરે સારી સારી ૪૦-૫૦ વસ્તુઓના મિશ્રણ વડે, થોડાક મંત્ર-જાપ સંયોગ દ્વારા તૈયાર કરવામાં આવે છે અને હવે તેનો ઉપયોગ ફક્ત ભક્તોને ખુશ રાખવા માટે કે પૈસા કઢાવવા માટે કરવામાં આવે છે અને ભગત લોકો પોતાના લૌકિક પારિવારિક સુખ સુવિધાની આશા રાખીને વાસક્ષેપ નંખાવ્યા કરે છે. પ્રાયઃ બધી પદવી પ્રાપ્ત અને સંઘાડા પ્રમુખની પાસે એ રેશમી કપડાના ડબ્બા જેવી પોટલી વાસક્ષેપ ભરેલી રહે છે.

આવો ઉક્ત મંદિરમાર્ગી સમુદાયમાં રિવાજ છે, અન્ય દિગંબર તેરાપંથ કે સ્થાનકવાસી સમુદાયમાં આવો રિવાજ નથી.

## કયવલિકમ્મા ની વાર્તા

***જિજ્ઞેશ :– આગમોમાં ઘણી જગ્યાએ એવો પાઠ આવે છે કે– 'કયવલિકમ્મા' એનું શું તાત્પર્ય છે ?***

**જ્ઞાનચંદ :–** આ એક પ્રકારનો સંક્ષિપ્ત પાઠ છે, જેમ કે– કોઈ વિસ્તૃત વર્ણનને સંક્ષિપ્તમાં કહેવાનું હોય તો એને માટે આગમોમાં વણઓ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આજ રીતે આગમોમાં સ્નાનની વિધિનું વિસ્તૃત વર્ણન હોય છે, ત્યાં આ નાનો શબ્દ નથી હોતો પરંતુ જ્યાં સંક્ષિપ્ત વિધિનું કથન કરવામાં આવે છે ત્યાં ઉક્ત 'કયવલિકમ્મા' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલો છે. એટલે એટલું તો સ્પષ્ટ થઈ જાય છે કે, આ એક પ્રકારનો સંક્ષિપ્ત પાઠ રૂપ સાંકેતિક શબ્દ છે. એનો અર્થ થાય છે કે 'અન્ય પણ સંપૂર્ણ સ્નાન સંબંધી કર્તવ્યો કર્યાં' કય = કર્યાં, વલિ = અને બીજા પણ 'કમ્મા' = સ્નાન સંબંધી કર્તવ્ય, વિધિ.

આ ઉક્ત શબ્દપ્રયોગનું સાચું પ્રયોજન-આશય છે. પરંતુ 'વલ્લી'ની જગ્યાએ ભ્રમથી 'બલિ' વાંચવામાં આવી જતો હોવાથી અને અર્થ બલિકર્મથી જોડી દેવામાં આવતો હોવાથી વાસ્તવમાં આ એક લિપિ દોષ અને મતિભ્રમથી ચાલ્યાં કરતી ભૂલ છે. પરંતુ સ્નાનની શાસ્ત્રોક્ત વિસ્તૃત વિધિમાં બલિકર્મ નામની કોઈ વસ્તુ કે વિધિ છે જ નહીં. ઉદાર બુદ્ધિથી વિચાર કરવાથી એટલું સમજી શકાય છે કે સ્નાન કરતી વખતે કે તે સ્થલ પર સ્નાન કર્યા પહેલાં પણ બલિકર્મનો કોઈ સંબંધ સંભવી ન જ શકે. તેને ત્યાં જોડી દેવું તે પણ અવિચારીપણું ગણાય !

કેમ કે, સ્નાનની સંક્ષિપ્ત વિધિમાં બલિકર્મ કરવામાં આવતું હોય તો તે કૃત્ય વિસ્તૃત સ્નાન વિધિમાં અવશ્ય હોવું જોઈએ, પરંતુ આગમ પાઠોમાં તેમ નથી અર્થાત્ સંક્ષિપ્ત પાઠોમાં આ શબ્દ પ્રતોમાં મળે પણ વિસ્તૃત પાઠોમાં આ શબ્દ મળતો નથી.

અત્રે ઉક્ત ભ્રમ કેવલ 'વ'ને 'બ' વાંચવાથી ઉત્પન્ન થયેલો છે. એમાં વધારે સૂક્ષ્મપણે બીજું કશું વિચારવાનું રહેતું નથી. શબ્દાર્થ અને ભાવાર્થ બન્ને ઉપર કહી દીધા છે.

આ પ્રસંગમાં પણ વિદ્વાનોની જોહુકમી ચાલી આવી છે. નકલમાં પણ અક્કલ વાપરવાના સ્તર સુધી તેઓ પહોંચ્યાં જ નથી. તેઓ કોઈને કોઈ રીતે સ્નાન સમયે બલિકર્મ કરવાની પ્રવૃત્તિને સમજાવવાની કોશીશ કર્યા કરે છે. પરંતુ સીધું અને સરળ ચિંતન કોઈ પણ કરતું નથી કે બલિકર્મ ક્યારે, ક્યાં હોય છે, શું નહાતી વખતે સ્નાનઘરમાં બેઠાં બેઠાં બલિકર્મ થઈ શકે ? શું ત્યાં ભોજન સામગ્રી



કે બલિની સામગ્રી લઈને બેસે છે ?

સીધી સાદી વાત છે કે, સ્નાનના સમયે બલિકર્મ નામનું કોઈ તત્ત્વ જોડે હોય જ નહીં. **કયવલિકમ્મા** એ સ્નાન વિધિનો સૂચક સંક્ષિપ્ત પાઠ છે. આવું નિઃસંદેહ માનવું જોઈએ. આમ સમજવાથી સ્હેજ પણ ગુંચવણ ઊભી થતી નથી અને સૂત્ર પાઠનો પ્રસંગાનુકૂળ ઉચિત અર્થ પણ સમજવામાં આવી જાય છે.

## એકલવિહારી વાર્તા

***જિજ્ઞેશ :– એકલવિહારી સાધુના વિચરણ બાબતે શી પરંપરા ચાલે છે ?***

**જ્ઞાનચંદ :–** સાધુનું એકલવિહારીપણું તો આગમોક્ત એક વિશિષ્ટ સાધના છે. પ્રત્યેક સાધુની અને ગચ્છ પ્રમુખની હંમેશાં એવી મનોકામના હોય છે કે ક્યારે તે ગચ્છમુક્ત એકલવિહાર ચર્યા ધારણ કરે. આ મનોરથનું વર્ણન ઠાણાંગ સૂત્રના ત્રીજા અધ્યયનમાં છે.

ક્યારેક સાધુ પોતાના આત્માની આપત્કાલીન ઉત્પન્ન, કર્મજન્ય પરિસ્થિતિને કારણે પણ એકલ વિહાર ધારણ કરી શકે છે, એવું આચારાંગ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, સૂયગડાંગ સૂત્ર વગેરેમાં કથન છે. આ પ્રમાણે આગમોના વર્ણનથી આ એકલવિહાર બે પ્રકારે સિદ્ધ થાય છે. (૧) વિશિષ્ટ સાધના માટે ગુઢ આજ્ઞા અને સત્કાર સન્માનપૂર્વક મર્યાદિત કાળ કે આજીવન માટે હોય છે. (૨) પોતાની કર્મજન્ય, શરીર જન્ય અથવા શુદ્ધ સંયમ સાધના નિમિત્તથી ઉત્પન્ન પરિસ્થિતિમાં ગચ્છથી ઉદાસીન થઈને વિવેકપૂર્વક સ્વતઃ ત્યાંથી પોતાને અલગ કરીને વિચરણ કરવું.

આ બીજા પ્રકારનું એકલવિહારીપણું સ્પષ્ટ રૂપથી આગમ કથિત હોવા છતાં ગચ્છાભિમાની કષાય પૂર્ણ તથા સ્વાર્થપૂર્ણ માનસવાળા લોકો તથા સાધુ-સાધ્વીઓ દ્વારા નિંદા અને વિરોધ તથા તિરસ્કારપૂર્ણ વાતાવરણમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે અને બહુલપક્ષ હોવાથી આવી એકાંત પ્રરૂપણાની રીતી ચાલી ગઈ છે. જે આગમ વિપરીત તથા ગર્વિત અને દ્વેષિત બુદ્ધિજન્ય હોવાથી સ્વ પર અહિતકારક છે.

આ સંબંધી વિશેષ આગમ પ્રમાણોની ચર્ચા સહિત તટસ્થ જાણકારી માટે જુઓ આગમ સારાંશનો ખંડ–૨, ઉપદેશ શાસ્ત્ર. તેમાં સૂત્રકૃતાંગ સૂત્રના પરિશિષ્ટ રૂપે **એકલ વિહારથી મોક્ષ** નામનો વિસ્તૃત નિબંધ છે.

## પર્વતિથિ વાર્તા

***જિજ્ઞેશ :– સંવત્સરી, પાખી, ચાતુર્માસી વગેરે દિવસો વિશે જુદી-જુદી***

***બહુમતોવાળી પરંપરાઓ કેમ ચાલી રહી છે ? એકતા કેમ નથી પ્રવર્તતી?***

**જ્ઞાનચંદ :–** પાંચમ અને પૂનમ, અમાસથી ચાલેલી પરંપરામાં ક્યારેક પરિસ્થિતિ વશ પરિવર્તન કરવું પડ્યું હોય ત્યારે તો કેટલાક લોકો અનુકરણ વૃત્તિથી પરંપરા બનાવી લે છે. જેમ ભવિતવ્યતા વશ દુનિયામાં અનેક ખોટા ધર્મો પ્રવર્તે છે તેવી જ રીતે જૈન ધર્મમાં આવી અનેક અનાગમિક અથવા વિકૃત પરંપરાઓ ચાલી રહી છે. ક્યારેક કોઈ વાતનું આગમમાંથી સમાધાન ન મેળવી શકવાથી પણ કોઈ પોતાની મરજી પ્રમાણે પ્રવૃત્તિ આચર્યા કરે છે. આ વિશે સ્વતંત્ર સંવાદ આ જ પુસ્તકમાં આગળ જુઓ– 'સંવત્સરી વિચારણા સંવાદ'.

## ધાતુ ગ્રહણ-ધારણ વાર્તા

***જિજ્ઞેશ :– ધાતુની વસ્તુ રાખવા સંબંધી શી પરંપરા છે ?***

**જ્ઞાનચંદ :–** ત્રણ જાતિના પાત્ર રાખવાનું તથા અન્ય કોઈ બીજું પાત્ર ન રાખવાનું વર્ણન આગમોમાં છે તથા સકારણ રાખવા માટેનો દંડ પણ કાષ્ટ, વાંસ વગેરેનો જ રાખવાનું વિધાન છે. સાધના પ્રમુખ, સાધકની પ્રત્યેક ઉપધિ અત્યાવશ્યક તથા સામાન્ય જાતિની હોવી જોઈએ. આ તેનો અપરિગ્રહ મહાવ્રતનો વિષય છે. પરંતુ સમય પ્રભાવથી જ્યારે લેખન કાર્ય સ્વીકાર કરવું પડ્યું છે ત્યારે તેમાં સમય શક્તિના ખર્ચનો વિવેક તો રાખવો પડે. ત્યાં પરંપરાનો દુરાગ્રહ રાખવાને બદલે હાનિ તથા લાભાલાભનો વિચાર કરી આગમ દ્વારા તેની ચિંતવના કરવી જોઈએ. આમ કરવા જતાં અત્યાવશ્યક ઉપકરણ ચશ્મા, પેન વગેરે ધાતુનો ઉપયોગ થઈ જાય તો તે આગમ વિરુદ્ધ ન ગણાય તથા અન્ય બીજા ઘણાં દોષો, પ્રમાદોનો પણ આનાથી બચાવ થઈ જાય છે. આ વિષયમાં વિશેષ સપ્રમાણ ચર્ચાનો સંવાદ છેદશાસ્ત્ર ખંડ–૪માં આપેલ છે, તે વાંચી લેવો જોઈએ.

## પોસ્ટેજ રાખવા સંબંધી વાર્તા

***જિજ્ઞેશ :– પોસ્ટેજ રાખવું તે પણ શું અશુદ્ધ પરંપરા છે, પરિગ્રહ મહાવ્રતમાં દોષ છે ?***

**જ્ઞાનચંદ :–** જૈન સાધુને પોસ્ટ લખવાનું અને લખાવવાનું કાર્ય અથવા ગૃહસ્થ દ્વારા સમાચાર મોકલવાનું કે મંગાવવાનું કાર્ય એક પરિસ્થિતિજન્ય પ્રવૃત્તિ છે. આમ તો કાંઈ જ લખવું તે પણ એક પરિસ્થિતિવશ કરાતું કાર્ય જ છે. કેમ કે પ્રશ્ન-વ્યાકરણ વગેરે સૂત્રોમાં સાધુઓના ઉપકરણોમાં ક્યાંય પણ લખવાની સામગ્રી કે પુસ્તકો રાખવા સંબંધી કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ લેખન પ્રવૃત્તિ અને તત્સંબંધી અનેક ઉપકરણ પરિસ્થિતિજન્ય પ્રવૃત્તિઓ જાણવી જોઈએ.

પરિસ્થિતિજન્ય પ્રવૃત્તિમાં એટલો વિવેક રાખવો જોઈએ કે કેટલી



પ્રવૃત્તિની આવશ્યક્તા છે અને કેવી રીતે કરવામાં ક્રિયા, પ્રમાદ, ગૃહસ્થ સેવા વગેરેને ઓછામાં ઓછી રીતે આદરવામાં આવે એટલે જ્યારે લખવાનું કાર્ય જરૂરી હોય તે સમયે પોસ્ટ, તત્સંબંધી લેખન સામગ્રી તથા પોસ્ટેજ સામગ્રી રાખવામાં પ્રમાદ વગેરે ઓછો થવાથી તે વિવેક જ ગણાશે.

પરિગ્રહ સંબંધી આગમ નિર્દેશ તો **अहणे णिज्जाय रूव रयये** = ભિક્ષુ ધન, સોનું, ચાંદી વગેરેને ન રાખે, તેમ કથન છે. પણ ઉપયોગી વસ્તુઓનો નિષેધ નથી. ધનનો અર્થ અહીં લે-વેંચના વ્યવહારમાં ઉપયોગી પૈસાને સમજવો.

વ્યવહાર દષ્ટિથી પણ બજારમાં જેના દ્વારા, વેપાર-વાણિજ્ય, ધંધો, વગેરે થાય તેને રૂપિયા, પૈસા વગેરેને ધન કહેવાયું છે. જે ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં સ્પષ્ટપણે જોવા મળે છે. બીજી અલ્પ અથવા અધિક કિંમતી આવશ્યક ઉપયોગી વસ્તુને ત્યાં ધન રૂપ પરિગ્રહમાં નથી ગણાવી. માટે પોસ્ટેજ રાખવાથી ધન રાખી લીધું તેમ ન સમજવું જોઈએ. આ વિષયનો પ્રમાણોલ્લેખ **ધાતુ સંબંધી નિબંધમાં** જુઓ– છેદશાસ્ત્ર, સારાંશ ખંડ–૪.

## સૂર્ય પ્રજ્ઞપ્તિ વાર્તા

***જિજ્ઞેશ :– ચંદ્ર પ્રજ્ઞપ્તિ અને સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર એક જ છે કે જુદા-જુદા છે ?***

**જ્ઞાનચંદ :–** આ સૂત્ર પણ મધ્યકાળમાં થયેલી વિકૃતિઓથી પ્રભાવિત છે. સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રના પ્રારંભ માં જે પ્રતિજ્ઞા રૂપે ગાથાઓ આપેલી છે તેમાં તેનું નામ 'જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ' દર્શાવેલું છે, ચંદ્ર પ્રજ્ઞપ્તિ કે સૂર્ય પ્રજ્ઞપ્તિ તે બંને નામો નથી. આ વિષયમાં વધારે ચિંતન એ જ સૂત્રના સારાંશમાં છે. તે માટે જુઓ સારાંશ ખંડ–૭, તત્ત્વ શાસ્ત્ર. હાલ આ બંને એક જ સૂત્રમાં ઉપલબ્ધ છે.

***જિજ્ઞેશ :– આ સૂત્રમાં માંસાહાર સંબંધી કથન છે ખરૂં ?***

**જ્ઞાનચંદ :–** જૈનાગમોમાં માંસ ભક્ષણને નરકમાં જવાનું કારણ સ્પષ્ટરૂપથી દર્શાવવામાં આવ્યું છે. ત્યારે તેના ખાવા સંબંધી વિધાન આગમોમાં હોઈ જ ન શકે એવું નિશ્ચિત જાણવું, સમજવું જોઈએ. એટલે આ સૂત્રમાં કે અન્ય કોઈપણ સૂત્રમાં માંસ સંબંધી જે વર્ણન છે તે મધ્યકાળમાં લહિયા વગેરે દ્વારા અથવા અશુદ્ધ માનસવાળાઓ દ્વારા કરવામાં આવ્યું છે. આ પરિવર્તન કે પ્રક્ષેપ છે અથવા તેને લિપિદોષ માનવો જોઈએ.

## લોગસ્સ પ્રતિક્રમણ વાર્તા

***જિજ્ઞેશ :– બે પ્રતિક્રમણ કે ૪૦ લોગસ્સનો કાઉસગ્ગ અને ધર્મ ધ્યાનનો કાઉસગ્ગ વગેરે શી પરંપરાઓ છે ?***

**જ્ઞાનચંદ :–** બે પ્રતિક્રમણ કરવાની પ્રવૃતિ ભ્રમથી ચાલી આવી છે. તે સંબંધી સ્પષ્ટીકરણ જ્ઞાતાસૂત્રના સારાંશમાં છે. તે માટે જુઓ સારાંશ ખંડ–૧, કથા શાસ્ત્ર.

લોગસ્સ અને ધર્મધ્યાનનો કાઉસગ્ગ પણ જુદા-જુદા સમયે ચલાવી દીધેલી પરંપરા માત્ર છે. લોગસ્સ એક ગુણકીર્તનનો પાઠ છે, જે ઉચ્ચારણ કરવાને યોગ્ય છે, તેને કાઉસગ્ગમાં ગણવો ઉપયુક્ત ગણી શકાય નહીં. ગુજરાતના કોઈ સંપ્રદાયોમાં લોગસ્સનો કાઉસગ્ગ થતો નથી. આ અંગે વિસ્તૃત ચર્ચા આ જ પુસ્તકમાં આગળ આવશ્યક સૂત્રના પરિશિષ્ટમાં જુઓ.

## મસ્તક ઢાંકવાની વાર્તા

***જિજ્ઞેશ :– સાધુએ રાત્રે માથું ઢાંકીને જવા સંબંધી શી વાર્તા છે ?***

**જ્ઞાનચંદ :–** સાધુએ મકાનની બહાર ક્યાંય પણ માથું ઢાંકીને જવા બાબતે નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે. અચેલ અને સચેલ બંને રીતના સાધક જિનશાસનમાં હોય છે જેથી મુનિ સર્વ વસ્ત્રોના ત્યાગ કરી શકે છે આ કારણે વસ્ત્ર સંબંધી કોઈપણ એકાંતિક કાયદો સાધુ માટે કરી શકાય નહીં. તેથી સ્પષ્ટ થાય છે કે સાધુએ કપડું ઓઢીને જ બેસવું કે માથુ ઢાંકીને જ બહાર જવું અથવા કામળી ઓઢીને જવું વગેરે કાયદા આગમ સંમત નથી, કારણ કે આગમમાં વસ્ત્રનો જ આગ્રહ નથી [વિશેષ માટે જુઓ– છેદ શાસ્ત્ર સારાંશ ખંડ–૪માં.]

## નિત્ય ગોચરી જવા સંબંધી વાર્તા

***જિજ્ઞેશ :– ગોચરી જવા સંબંધી, આજે જવું કે કાલે જવું, સવારે જવું અથવા સાંજે ન જવું વગેરે શી પરંપરા છે ?***

**જ્ઞાનચંદ :–** એષણાના ૪૨ દોષમાં આ સંબંધી કોઈ ચર્ચા નથી. આગમ વર્ણિત અન્ય વિધિ નિષેધોમાં પણ આવો એકાંતિક કોઈ નિયમ જડતો નથી. હાં, નિમંત્રણ અને તૈયારીપૂર્વક રોજ રોજ એક ઘરમાં જઈને આહારાદિ લેવા બાબતમાં **નિયાગપિંડ** નામક દોષ છે. નિત્યપિંડ નામે એક દાનપિંડ દોષ આચારાંગમાં દર્શાવેલ છે જેનો અર્થ છે કે, જે ઘરમાં દાનપિંડ બનાવીને રોજ તે પૂરેપૂરો દાનમાં આપી દે ત્યાં ગોચરી જવાનો નિષેધ છે અને નિશીથ સૂત્રમાં તેનું પ્રાયશ્ચિત્ત છે. આ વિષે વિશેષ સપ્રમાણ ચર્ચા દશવૈકાલિક સૂત્ર સારાંશના પરિશિષ્ટમાં છે, તે માટે જુઓ સારાંશ ખંડ–૩, આચાર શાસ્ત્ર.

## વસ્ત્રના માપ સંબંધી વાર્તા

***જિજ્ઞેશ :– ૭૨ હાથ જેટલું કાપડ કે ૯૬ હાથ જેટલું કાપડ વગેરે ઉપકરણ સંબંધી મર્યાદાની શી પરંપરા છે ?***



**જ્ઞાનચંદ :–** આગમમાં એવો કોઈ સ્પષ્ટ ઉલ્લેખવાળો પાઠ મળતો નથી. છતાં ગણતરી કે માપથી વધારે ઉપકરણ રાખવાનું પ્રાયશ્ચિત્ત નિશીથ સૂત્ર ઉદ્દેશક–૧૬માં છે. માટે પરંપરા અને ગુઢ આજ્ઞા પ્રમાણે વિવેક પૂર્વક વર્તન કરવું જોઈએ. આવશ્યકતા અનુસાર ઉપકરણો રાખવામાં મૂર્છાભાવ કે સંગ્રહ વૃત્તિ ન રાખવી, તેટલું ધ્યાન અવશ્ય રાખવું જોઈએ. આ સંબંધી અન્ય વિસ્તૃત જાણકારી છેદ શાસ્ત્ર, સારાંશ ખંડ–૪માં પરિશિષ્ટ વિભાગમાં આપી છે તે જોઈ લેવું.

## છેદસૂત્ર અધ્યયન વાર્તા

***જિજ્ઞેશ :– છેદ સૂત્રો સંબંધી અર્થ પરમાર્થની જાણકારી માટે કયા પ્રકાશનો વાંચવા જોઈએ ?***

**જ્ઞાનચંદ :–** છેદ સૂત્રોનો સર્વાંગી અભ્યાસ કરવાથી જ સાધક ગીતાર્થ તથા આચાર શાસ્ત્રોમાં પારંગત બને છે. એટલે સંસ્કૃત પ્રાકૃતના અભ્યાસી જિજ્ઞાસુઓએ છેદ સૂત્રો પર પ્રકાશિત ભાષ્ય, ટીકાઓ તથા ચૂર્ણિઓ રૂપ વ્યાખ્યાઓનું અધ્યયન જરૂર કરવું જોઈએ અને ગુજરાતી ભાષાના અભ્યાસીઓએ ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટથી પ્રકાશિત વિવેચન યુક્ત છેદસૂત્રોનું અધ્યયન કરવું જોઈએ. તે બે ભાગમાં ઉપલબ્ધ છે. (૧) નિશીથ સૂત્ર (૨) ત્રણ છેદ સૂત્ર(દશાશ્રુત સ્કંધ, વ્યવહાર અને બૃહત્કલ્પ સૂત્ર).

## ધોવણ પાણી વાર્તા

***જિજ્ઞેશ :– દેરાવાસી સાધુ સાધ્વી, ધોવણ પાણી નથી લેતાં અને તેનો નિષેધ કરે છે. સ્થાનકવાસી કોઈ ધોવણ પાણી લે છે, કોઈ ગરમ પાણી લે છે. આવી જુદી-જુદી પરંપરાઓ કેમ ?***

**જ્ઞાનચંદ :–** આગમોમાં જણાવ્યા અનુસાર ગરમ પાણી તથા ધોવણમાંથી જ્યારે જે કાંઈ પણ સુલભ નિર્દોષ મળે તે જ લેવું જોઈએ. આધાકર્મી વગેરે દોષ લાગવાની શક્યતા હોય તો તેવું ધોવણ પણ ન લેવું જોઈએ અને ગરમ પાણી બાબતે પણ આધાકર્મી વગેરે દોષ લાગતો હોય તો તે પણ ન લેવું જોઈએ. એષણા દોષની ગવેષણા સિવાય આનો કોઈ એકાંતિક આગ્રહ રાખવો જોઈએ નહીં.

ધોવણ કે ગરમ પાણી સંબંધી અન્ય વિવિધ વિસ્તૃત જાણકારીને માટે છેદ શાસ્ત્ર, સારાંશ ખંડ–૪નું અધ્યયન કરવું જોઈએ.

દેરાવાસીઓના પ્રિય કલ્પસૂત્રમાં અટ્ઠમ સુધીની તપસ્યામાં ધોવણ પાણી પી શકાય તેવો ઉલ્લેખ છે. તો સામાન્ય આહારના દિવસોમાં ધોવણ પાણી પીવાનું સિદ્ધ થઈ જાય છે.

તેમ છતાં આ લોકો પોતાની જકડી રાખેલી પરંપરાની અસરમાં સૂત્રો

અને ગ્રંથોના બધા પ્રમાણોને ભૂલી જવાની અદ્‌ભુત શક્તિ રાખે છે અને એટલા માટે જ ધોવણ પાણીનો નિષેધ કર્યા કરે છે.

## તેરાપંથ ધર્મ વાર્તા

***જિજ્ઞેશ :– તેરાપંથ કયો ધર્મ છે ?***

**જ્ઞાનચંદ :–** આ કોઈ પંથ કે ધર્મ કે સિદ્ધાંત નથી. આ તો સ્થાનકવાસીઓ જ છે. તેમના આચાર-વિચાર સિદ્ધાંત અને આગમ બધું જ સ્થાનકવાસીનું જ લગભગ છે. એક સંપ્રદાયમાં કે ગચ્છમાં અનેક સાધુઓ હોય છે અને તેમના અનેક પ્રકારે જુદા-જુદા વિચારો હોય છે. એવા જ કોઈ સામાન્ય વિચારોને કારણે ગુઢથી જૂદા થઈને આ લોકો અલગ રીતે વિચરવા લાગ્યા છે અને તેમનો પોતાનો સ્વતંત્ર સંપ્રદાય અને અનુશાસન ચાલુ થઈ ગયેલ છે. એમ તો દેરાવાસીઓમાં પણ ઘણાં સંપ્રદાયો અને અનેક વિચાર ભેદ અન્યોન્ય ગચ્છમાં છે. તેમ છતાં ત્રણ થૂઈ, ચાર થૂઈ, તથા ખરતર વગેરે બધા ગચ્છો આમ તો દેરાવાસી જ કહેવાય છે. સ્થાનકવાસીઓમાં પણ વિભિન્ન સંપ્રદાયોમાં ભિન્ન ભિન્ન માન્યતાઓ છે, તેમ છતાં મૌલિક સિદ્ધાંત અને આગમ એક જ છે, એટલે સ્થાનકવાસી ધર્મ તો એક જ છે. આજ રીતે સ્થાનકવાસીથી પણ એક ગચ્છ સમૂહ સામાન્ય વિચારોથી અલગ વિચરવા લાગ્યો છે જેનું નામ તેરાપંથી સમુદાયથી પ્રસિદ્ધ થઈ ગયું છે.

આ સમુદાય પણ દેરાવાસીઓના દેરાસર કે પૂજા વગેરે સિદ્ધાંતોને માનતો નથી. આગમની માન્યતા તથા પ્રમાણિકતા પણ સ્થાનકવાસીઓ જેવી જ છે. વેશભૂષામાં પણ કોઈ ખાસ પરિવર્તન નથી. એટલે આ એક સ્થાનકવાસીનો જ વિશેષ સમુદાય છે. સ્થાનકવાસીઓનો મુખ્ય સિદ્ધાંત મુહપત્તિ બાંધવાનો અને મંદિર, મૂર્તિપૂજા ધર્મને આગમ સમ્મત ન માનવાનો છે. તે બંને સિદ્ધાંતને આ તેરાપંથી સમુદાય માન્ય કરે છે. જેવી રીતે શ્વેતાબંરમાંથી નીકળેલો સ્થાનકવાસી સમૂહ શ્વેતાંબર સ્થાનકવાસી કહેવાય છે, તેવી જ રીતે સ્થાનકવાસીમાંથી નીકળેલો તેરાપંથી સમૂહ પણ સ્થાનકવાસી તેરાપંથ છે.

***જિજ્ઞેશ :– એમનો જુદો સમુદાય બનાવવાનો મુખ્ય વિચાર ભેદ કયો છે.***

**જ્ઞાનચંદ :–** આગમ વિષયના સૂક્ષ્મ ચિંતનના કોઈ ભાગનું કથન કરવાની વાક્ય-શૈલીમાં અને કોઈ દષ્ટિકોણમાં અંતર પડી ગયું અને ચર્ચામાં ઘર્ષણ વધી જવાથી થોડા સાધુઓ ગુઢથી વિખૂટાં પડીને અલગ રીતે વિચરવા લાગ્યા. તે વિષય આ પ્રમાણે છે– (૧) જીવોની હિંસા ન કરવી એ ધર્મ તો બરાબર છે, પરંતુ કોઈ જીવ સ્વતઃ મરી રહ્યો છે, કોઈને બીજો જીવ મારી રહ્યો છે તો તેમાં વચ્ચે પડીને છોડાવવા જવું નહીં. (૨) અન્ન પુણ્ય વગેરે જે પુણ્ય બતાવ્યાં છે, તેમાં કોઈપણ જીવની સહેજ પણ હિંસા થાય તો તેને એકાંત પાપ સમજવું, પુણ્ય નહીં.



નાની-નાની વાતો પણ વિવાદ અને વિરોધમાં પડી જતી હોય છે. આવા નજીવા મતભેદોને કારણે આ તેરાપંથ સમુદાય સ્થાનકવાસીથી પોતાને અલગ માનવા તથા કહેવડાવવા લાગ્યો છે. વાસ્તવમાં, આગમ તથા મૌલિકતા એક જ હોવાથી સ્થાનકવાસીનો જ એક સ્વતંત્ર સમુદાય વિશેષ છે. અલગતા હોવાથી હીનાધિક સમાચારી ભેદ રહે તે સ્વાભાવિક જ છે.

## દયા દાન વાર્તા

***જિજ્ઞેશ :– એવું કહેવાય છે ને કે તેરાપંથી દયાદાનને નથી માનતા ?***

**જ્ઞાનચંદ :–** આ તો આગ્રહપૂર્વક કહેલી વાત છે જે શબ્દો સુધી સિમીત છે. બાકી તેમના ભોજન કે પાણીમાં કોઈ માખી વગેરે પડે તો તેઓ તરફડતી માખીને તત્કાળકાઢીને તેના જીવની રક્ષા તો કરે જ છે. ગુઢથી જુદા થયા પછી પણ તે સાધુઓ આવું કરતા હતા તથા ક્યારેક કોઈ સાધુ-સાધ્વીના માથામાં જૂ પડી જાય તો તેને પણ તેઓ પોતાનું રક્ત પીવરાવીને રક્તદાન તો કરતા જ હતા. દયા અને અનુકંપા તો સમકિતના લક્ષણો છે, તે કોઈ ધર્મિષ્ટ લોકોમાંથી નીકળી શકે તેમ નથી. દાન, શીલ, તપ અને ભાવના આ ચાર આત્મકલ્યાણના અંગો છે, તેમાં પણ દાન તો પ્રથમ છે.

***જિજ્ઞેશ :– કોઈ જીવ સ્વયં મરવા પડ્યો હોય કે તેને કોઈ મારતું હોય અને આપણે તેને ન બચાવીએ તો તેમાં આપણું શું નુકસાન થાય ?***

**જ્ઞાનચંદ :–** જે રીતે જૈન સાધુના સ્વયંના ગચ્છના કે અન્ય કોઈ પણ ગચ્છના પરિચિત અથવા અપરિચિત સાધુ પાણીમાં ડૂબતાં હોય અને જોનાર સાધુને તરતાં આવડતું હોય તો તેણે તત્કાલ ડૂબતાને બચાવવા એવી ઠાણાંગ સૂત્રની આજ્ઞા છે. તેથી પાણી અને પાણીમાંના જીવોની હિંસા પ્રત્યક્ષ હોવા છતાં, તેને સાધુનું કર્તવ્ય આગમમાં બતાવ્યું છે.

જ્યારે પાણીમાં મરતા સાધુને સાધુ બચાવી શકે છે, આહાર પાણીમાં પડેલા જીવ(તિર્યંચ)ને કોઈ આગમમાં નથી કહ્યું છતાં સાધુ બચાવી શકે છે, 'જૂ'ને પોતાનું રક્ત પાઈ શકે છે તે સાધુ ધર્મ છે. તેવી જ રીતે ગૃહસ્થ માનવના દ્વારા કોઈ માનવને કે પશુને મરતા બચાવવું તે પણ ગૃહસ્થ ધર્મ છે.

સાધુને બચાવવામાં નદીના ત્રસ સ્થાવર જીવોની પ્રત્યક્ષ થયેલી હિંસા પણ અનુકંપાની પ્રમુખતાએ ગૌણ થઈ જાય છે. જિંદગીભર સાધુ પણ ગમના-ગમન ક્રિયાઓ કરે જ છે, ખાય છે, શૌચ જાય છે.

એ જ પ્રકારે માણસ પણ માણસની કે પશુની રક્ષા કરે છે, તેમાં કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ દ્રવ્ય અને ભાવ હિંસા સંભવ હોય તો તે પણ અનુકંપાની પ્રમુખતામાં ગૌણ બની જાય છે.

જો કોઈ વ્યક્તિની સામે કોઈ બીજી વ્યક્તિ ગળે ફાંસો ખાય કે કોઈ ઝેર ખાઈને મરવાનો પ્રયત્ન કરતો હોય તો તેને જોઈને તે વ્યક્તિ તેને બચાવવાનો પ્રયત્ન ન કરે અથવા એક વ્યક્તિ ચોરી કરતી હોય ને બીજી વ્યક્તિ ત્યાં મૂક બની જોયા કરે કે હું શા માટે એ અંતરાયનો ભાગીદાર બનું; તો વ્યવહારમાં તે પણ અપરાધી ગણાય છે.

એ જ રીતે મરતા કે મારતા જીવોને પોતાની ક્ષમતા અનુસાર પણ બચાવવાનો કોઈ પ્રયત્ન ન કરવો તે પણ પ્રત્યક્ષ અનુકંપા ભાવનું હનન છે.

તીર્થંકર પ્રભુ પોતાના સંયમ ભાવમાં, સાતમા ગુણસ્થાનકેથી જ્યારે લાખો કરોડોને અનુકંપા દાન દઈ શકે છે તો તેને એકાંત પાપ તો ન જ કહી શકાય. જ્યારે તેમના હાથેથી દેવામાં આવેલી સોના મહોર તો સંસારના પાપકાર્યોમાં જ કામ આવતી હોય છે. તેમ છતાં દાનનું મહત્વ અને લાભ સમજીને જ તેઓ આમ કરતાં હોય છે. તીર્થંકર પ્રભુના દ્વારા એકાંત પાપની પ્રવૃતિ ધર્મ ભાવનાની પ્રમુખતાથી કરવાનું સંભવી જ ન શકે. એટલે અનુકંપાદાન પણ એકાંત હેય(છોડવા લાયક) સમજવું ઉપયુક્ત નથી.

**આગમના પ્રમાણો :–** (૧) સૂયગડાંગ સૂત્રના અગિયારમા અધ્યયનમાં આવા અનુકંપાદાનના કાર્યોને એકાંત પાપ કહેવાનો સ્પષ્ટ નિષેધ છે અને તેનું કારણ પણ સ્પષ્ટ કર્યું છે કે, તેવી ખોટી પ્રરૂપણા કરવામાં અંતરાય કર્મનો બંધ થાય છે. (૨) આગમમાં સ્પષ્ટ રૂપથી નવ પ્રકારના પુણ્ય કહ્યાં જ છે, તેનો પણ નિષેધ ન કરી શકાય. (૩) પરદેશી રાજાએ ધર્મી બન્યા પછી દાનશાળા ખોલી, જેનો કેશી શ્રમણે નિષેધ ન હોતો કર્યો અને શાસ્ત્રકારે ધર્મી બન્યા પછી જ આ કાર્ય થયું તેવું કથન કર્યું છે. (૪) દુષ્ટ તથા વિધર્મનો પ્રચાર કરનાર ગોશાલકને લેશ્યાથી બળતો જોઈ, ભગવાને તત્કાળ બચાવી લીધો અને તે કાર્યને ખોટું ગણીને પ્રાયશ્ચિત્ત લીધું હોય તેવું કથન ભગવતી સૂત્રમાં ગણધરોએ કર્યું નથી.

એટલે વિવિધ આગમ પ્રમાણોથી તથા અન્ય હેતુઓથી એ સ્પષ્ટ થાય છે કે કોઈ પણ મરતા પ્રાણીને બચાવવું તે અનુચિત નથી; એકાંત પાપ કે અધર્મ પણ નથી પરંતુ મહાપુરુષો દ્વારા આચરિત અને આગમોક્ત છે.

## સ્થાનકવાસી ધર્મની વાર્તા

***જિજ્ઞેશ :– સ્થાનકવાસી ધર્મ ક્યારે શરૂ થયો છે ? કોણે ચલાવ્યો ?***

**જ્ઞાનચંદ :–** વીર નિર્વાણના ૨૦૦૦ વર્ષ પછી લોકાશાહે શુદ્ધ ધર્મનો પુનઢદ્ધાર કર્યો. તે શુદ્ધ ધર્મ સ્થાનકવાસી ધર્મના નામથી પ્રચલિત થયો. કલ્પસૂત્રમાં જણાવ્યા અનુસાર ભગવાન મહાવીરના મોક્ષ કાળના સમયે તેમના જન્મ નક્ષત્ર પર ભસ્મગ્રહનો સંયોગ થયો હતો, જેના કારણે ૨૦૦૦ વર્ષ સુધી ભગવાનનું



શાસન અવનતિમાં ચાલશે અર્થાત્ અસંયતિની પૂજા થશે તેવું કથન છે. તે અવધિમાં ધર્મના નામથી હિંસા, આડંબર વધુને વધુ થતાં ગયાં અને જૈન સાધુઓ પણ પરિગ્રહ વૃત્તિવાળા તથા આગમ વિપરીત આચરણવાળા બની ગયા હતા; અનેક પ્રકારની કુરીતિઓ, દુષ્ટ અને અન્યાયપૂર્ણ પ્રવૃત્તિઓ પણ જૈન યતિ વર્ગમાં પ્રવિષ્ટ થઈ ગઈ હતી. આવા ૨૦૦૦ વર્ષના સમય સંયોગમાં લોકાશાહે આગમ સાપેક્ષ શુદ્ધ અહિંસા સંયમ પ્રધાન ધર્મ તથા આડંબર, આરંભ-સમારંભ રહિત ધર્મનો ઉપદેશ આપ્યો તથા ખોટા હિંસા-પરિગ્રહ મૂલક રિવાજોનો વિરોધ કરી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓને પુનઃ શુદ્ધ ધર્મના માર્ગમાં પ્રેરિત કર્યા. આ પ્રકારે વીર નિર્વાણના ૨૦૦૦ વર્ષ પછી અને આજથી ૫૦૦ વર્ષ પૂર્વ આ સ્થાનકવાસી ધર્મ તરીકે ભગવાન મહાવીર ઉપદિષ્ટ ધર્મ ચેતનવંતો થયો. વાસ્તવમાં મધ્યકાળમાં વિકૃત બનેલાં વીતરાગ ધર્મનો પુનઢદ્ધાર માત્ર થયો છે. આગમાનુસાર શુદ્ધ ધર્મનો પુનઃ જોર શોરથી પ્રચાર થયો છે, તે અપેક્ષાએ આ સ્થાનકવાસી ધર્મ પોતાના સિદ્ધાંત અને પ્રરૂપણ તથા લક્ષ્યની અપેક્ષાએ તો મૌલિક વીતરાગ ધર્મ જ છે, જે પ્રારંભથી તીર્થંકરના શાસનનો જ ધર્મ છે. વચ્ચે આવી પડેલી વિકૃતિઓનું ભાન(જ્ઞાન) કરાવીને તેને દૂર કરવાના પુનઢદ્ધારથી આ ધર્મને સ્થાનકવાસી નામ સાંપડ્યું છે, જે એ જ નામે ઓળખાય છે.

***જિજ્ઞેશ :– સ્થાનકવાસીઓનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે ?***

**જ્ઞાનચંદ :–** મધ્યકાળમાં પ્રવર્તતી આગમ વિપરીત વિકૃતિનો ત્યાગ કરવો, શાસ્ત્રાજ્ઞા અનુસાર જ સંયમના મહાવ્રતો, સમિતિ, ગુપ્તિ વગેરે નિયમોનું યથાર્થ પાલન કરવું વગેરે ઉદ્દેશ્ય મુખ્યરૂપે છે. સાથે સાથે, મંદિર, મૂર્તિ બનાવવાની પ્રેરણા ન કરવી, મૂર્તિપૂજાને ધર્મનું અંગ ન માનવું, ધર્મના નામે આડંબર આરંભ સમારંભની પ્રેરણા ન દેવી તથા મોઢા પર મુહપત્તિ બાંધવી, આગમ વિપરીત કોઈ પ્રરૂપણા ન કરવી, આગમ વિપરીત કોઈપણ ઉપકરણ રિવાજ રૂપે ન રાખવા, ધર્મના નામથી દ્રવ્ય પૂજાના ચક્કરમાં ન પડવું, શાસ્ત્રથી પણ વધુ કે શાસ્ત્રની સમકક્ષ ગ્રંથોને મહત્વ ન આપવું, મૂર્તિ પૂજાના નામથી પૃથ્વી, પાણી, અગ્નિ, ફળ-ફૂલના એકેંદ્રિય જીવોનું પાપ ન વધારવું, તીર્થયાત્રા માટે ન ફરવું પરંતુ ફક્ત સંયમ પાલન કે ધર્મનો પ્રચાર કરવાને માટે યોગ્ય ક્ષેત્રમાં વિચરણ કરવું, ચાલતી વખતે પૂંજવા માટે યોગ્ય એવું લાંબુ રજોહરણ રાખવું.

આ બધા સિદ્ધાંતો તેરાપંથી અને સ્થાનકવાસીઓમાં એક સરખા જ છે. દેરાવાસીઓ પણ ઉક્ત કેટલાક સિદ્ધાંતોને સાચા માને છે પરંતુ આચરણમાં ગતાનુગતિક પરંપરાવાળા જ બની રહે છે.

સ્થાનકવાસી ધર્મરૂપ વીતરાગ ધર્મનો પુનઢદ્ધાર કરનારા લોકાશાહના જીવન પરિચય વિશે આ પુસ્તકમાં જ આગળ વિવરણ આપ્યું છે.

## વિકૃત પ્રવૃત્તિઓની વાર્તા

***જિજ્ઞેશ :– સ્થાનક બનાવવાની કે દેરાસર બાંધવાની પ્રેરણા, સાધુના પગલા કરવા, ગળામાં સાધુઓના તાવિજ રાખવા, સાધુઓના સમાધિ સ્થળ બનાવવા, વગેરે પ્રવૃતિઓની પરંપરાના વિષયમાં શું સમજવું ?***

**જ્ઞાનચંદ :–** સ્થાનક હોય કે મંદિર તેના નિર્માણ કાર્યની પ્રેરણા સાધુએ કરવી ઉચિત નથી. એનાથી પ્રથમ મહાવ્રત દૂષિત થાય છે. અન્ય પગલા, તાવિજ વગેરેની પ્રવૃત્તિ પણ ભક્તિ મૂલક શિથિલાચારની પ્રવૃત્તિઓ છે, જે દેખા-દેખી કે માન-સન્માનની વૃત્તિઓથી તથા ઐહિક ચાહનાઓથી ચાલુ થઈ જાય છે. આવી કેટલીય પ્રવૃત્તિઓ સાવધાની ન રાખવાથી શિથિલાચારના વાતાવરણમાં ચાલ્યા કરે છે.

## મંજન : સ્નાન : વિભૂષા વાર્તા

***જિજ્ઞેશ :– મંજન કરવું, સ્નાન કરવું અથવા સાબુ, સોડા વગેરેથી કપડા ધોઈને સાફ-ચોખ્ખા રાખવાની પ્રવૃત્તિ પરંપરા ઉચિત છે ?***

**જ્ઞાનચંદ :–** મંજન તથા સ્નાન કરવાને દશવૈકાલિક સૂત્રમાં અનાચાર કહેલ છે. એટલે એ કાર્યો કરવા સાધુઓ માટે સર્વથા અનુચિત છે. મંજન કરવું કે ન કરવું તે માટે ઉપચારની આવશ્યક પરિસ્થિતિમાં કાંઈ પણ કરવામાં આવે તો સ્થવિર કલ્પીને તેની છૂટ રહે છે. વિશેષ જાનકારી માટે સારાંશ ખંડ–૩, આચાર શાસ્ત્રમાં દશવૈકાલિક સૂત્રના પરિશિષ્ટમાં જુઓ.

વસ્ત્ર ધોવાનું તો સ્થવિર કલ્પીઓ માટે એકાંત નિષેધ અને અનાચાર નથી પરંતુ તેમાં વિભૂષાની વૃત્તિ હોય તો તે અનાચાર છે. વિભૂષાની વૃત્તિનો અભાવ હોય અર્થાત્ ક્ષમતાની કમી વગેરે કારણોથી વસ્ત્રો ધોવા પડે તો તે મેલ પરિષહથી હારવા સમાન છે અને જીવ રક્ષા હેતુ ધોવા છે તો તે વિવેક છે; કિંતુ આદત અને સફાઈની વૃત્તિથી ધોવું તે શિથિલાચાર તથા બકુશવૃત્તિ છે. અતઃ વસ્ત્ર ધોવા પાછળની માનસ વૃત્તિ શી છે તેનું મૂલ્યાંકન હોવું જોઈએ પરંતુ ધોવા સંબંધી એકાંતિક નિષેધ ન સમજવો જોઈએ.

## દૈનિક સમાચાર પત્ર વાર્તા

***જિજ્ઞેશ :– દૈનિક અખબાર વાંચવાની પ્રવૃત્તિ યોગ્ય છે ?***

**જ્ઞાનચંદ :–** આ પણ શિથિલાચાર યુગની દેન છે, તેમાં વિશેષ કરીને વિકથા વિભાગ જ અધિક છે. જેની સાધુઓ માટે આગમમાં મનાઈ કરવામાં આવી છે.



## શિથિલાચાર પ્રવૃત્તિઓની વાર્તા

***જિજ્ઞેશ :– સંયમ તથા ભગવદાજ્ઞાથી વિપરીત મુખ્ય કઈ-કઈ પ્રવૃત્તિઓ જૈન સમાજમાં ચાલી રહી છે ? અર્થાત્ વર્તમાન યુગની અત્યંત વિકૃત પ્રવૃત્તિઓની પરંપરા શી છે ?***

**જ્ઞાનચંદ :–** શિથિલાચારથી ચાલી રહેલી મુખ્ય પ્રવૃત્તિઓ આ પ્રકારે છે–

(૧) એકબીજાની પરસ્પર નિંદા અવહેલના કરવી (૨) તંબાકુ રાખવી કે સૂંઘવી (૩) મંજન, બજર ઘસવી, બ્રસ કરવું (૪) મધ્યમ અથવા મોટું સ્નાન કરવું (૫) મેલ-પરીષહ જરા પણ ન સહેવો (૬) વાળ ઓળવા કે દાઢી કરવી (૭) વિભૂષા વૃત્તિ કરવી, પ્રયત્નપૂર્વક સાફ-સુથરા રહેવું કે અતિ પ્રક્ષાલન વૃત્તિ રાખવી (૮) ચંપલ, પગરખાં પહેરવાં (૯) ડોળી, ગાડી, વ્હીલચેર વગેરેથી વિચરણ કરવું (૧૦) લાઉડ સ્પીકરમાં બોલવું (૧૧) ફોટા વગેરે પડાવવા (૧૨) વીડીયો કેસેટ કઢાવવી (૧૩) વીજળીના પંખાનો ઉપયોગ કરવો (૧૪) ફ્લશ, સંડાસ-જાજરૂનો ઉપયોગ કરવો (૧૫) દૈનિક સમાચાર પેપરો વાંચવા (૧૬) ચારે કાળમાં સ્વાધ્યાય ન કરવો (૧૭) શાસ્ત્રનું જ્ઞાન કંઠસ્થ ન કરવું (૧૮) દિવસે સૂવું (૧૯) સાધ્વીઓ પાસે સીવવાનું કાર્ય કરાવવું, વસ્ત્ર પ્રક્ષાલન, પ્રતિલેખના, ગોચરી વગેરેના કાર્યો કરાવવા, તેમની સાથે આહારની લેવડ-દેવડ કરવી, તેમની સાથે ગમના-ગમન, ભ્રમણ કે વિહાર કરવો, વધારે સંપર્ક રાખવો (૨૦) ગૃહસ્થો પાસે સેવા કરાવવી, કામ કરાવવું, વિહારમાં સામાન ઉપડાવવો અને પૈસા દેવડાવવા (૨૧) ઓપરેશન કરાવવું (૨૨) ખરીદી કરાવીને દવા વગેરે મંગાવવી. (૨૩) ખરીદાવીને કપડાં, રજોહરણ વગેરે મંગાવવા અથવા ક્રીતદોષ-વાળા આવા પદાર્થો લેવા (૨૪) ફાળો એકઠો કરાવવો (૨૫) બેંકોમાં ખાતા રખાવવા (૨૬) નિર્માણ કાર્યોમાં ભાગ લેવો, પ્રેરણા કરવી જેમ કે સ્થાનક, સ્કૂલ, દેરાસર, હોસ્પીટલ, બોર્ડિંગ, સંસ્થા વગેરે (૨૭) પોતાની પાસે દવા રાખવી (૨૮) પ્રતિલેખન પ્રમાર્જન ન કરવું (૨૯) પ્રતિક્રમણ ન કરવું (૩૦) રાત્રિના વિહાર કરવો કે બહાર જવું (૩૧) પોતે ન ઉપાડી શકે તેટલો સામાન વગેરે રાખવો (૩૨) આધાકર્મી નિમિત્તનું ધોવણ પાણી કે ગરમ પાણી લેવું (૩૩) આધાકર્મી દોષયુક્ત આહાર પાણી લઈને આયંબિલ કરવી (૩૪) કોઈ પણ જગ્યાએ પોતાનો સામાન રાખવો કે રખાવવો, સંગ્રહવૃત્તિ રાખવી (૩૫) ટી. વી. (ટેલીવિઝન) જોવું (૩૬) રેડિયાનો ઉપયોગ કરવો (૩૭) દર્શનીય સ્થળ જોવા જવું (૩૮) પત્રિકાઓ છપાવવી (૩૦) બેંડવાજા કે વરઘોડા સાથે ચાલવું (૪૦) ઉઘાડા મોં એ બોલવું (૪૧) પોતાની તપસ્યાની કે જન્મ, દીક્ષા વિગેરે તિથિઓએ સભાઓ રાખવી (૪૨) શિષ્યોને ક્રમથી આગમોની વાંચના ન આપવી, અધ્યયન

અધ્યાપનની દેખરેખ ન જાળવવી, શિક્ષિત કરાવીને યોગ્ય લાયક બનાવવાની કોશિશ ન કરવી (૪૩) સાધુઓ દ્વારા સ્ત્રીઓનો વધારે સંપર્ક રાખવો કે રાખવા દેવો તેમજ સાધ્વીઓ દ્વારા પુઢષોનો સંપર્ક રાખવો કે રાખવા દેવો (૪૪) બહુમૂલ્ય ઉપકરણ, માળાઓ વગેરે રાખવી, ગળામાં પહેરવી (૪૫) ભાષાનો કોઈ વિવેક ન રાખવો, યોગ્યાયોગ્યનો વિચાર ન કરવો (૪૬) સામેથી લાવેલું કે ટીફીનમાં આણેલો આહાર લેવો (૪૭) ઉતાવળે ચાલવું (૪૮) વાતો કરતાં-કરતાં ચાલવું (૪૯) યંત્ર, મંત્ર, તંત્ર, ચિકિત્સા વગેરે પ્રવૃત્તિઓ કરવી, કરાવવી તથા શુભ મુહૂર્ત વગેરે ગૃહસ્થોને જણાવવા (૫૦) દીક્ષા, વય, શ્રુતજ્ઞાન, ગંભીરતા વિચક્ષણતા વગેરે યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના જ મુખી બનીને અથવા એકલા થઈને વિહાર કરવો કે કરવા દેવો (૫૧) ચિંતન જાગૃતિયુક્ત પ્રતિક્રમણ ન કરવું બલ્કે વાતો કરવી કે ઊંઘવું (૫૨) ચા, દૂધ, મેવા, ફળો વગેરે માટે નિમંત્રણ પૂર્વક અથવા સંકેતપૂર્વક જાવું (૫૩) રાત્રિ વ્યાખ્યાન માટે કે શૌચ નિવૃત્તિ માટે ઘણું દૂર જાવું (૫૪) પ્રકાશન કાર્યમાં ભાગ લેવો, નિબંધ છાપવા આપવો, પુસ્તકો છપાવવા અથવા છપાવવા માટે પુસ્તકો લખવા વગેરે.

***જિજ્ઞેશ :– શિથિલાચારની સાચી અને સચોટ પરિભાષા કઈ છે ?***

**જ્ઞાનચંદ :–** (૧) આગમ વિપરીત, ભગવદાજ્ઞા વિપરીત પ્રવૃત્તિઓનું પરંપરાના રૂપમાં આચરણ કરવું, તેનું પ્રાયશ્ચિત્ત ન લેવું અથવા પ્રાયશ્ચિત્ત લેવાનો સંકલ્પ પણ ન રાખવો, અકારણ અથવા સામાન્ય કારણોસર આગમ વિપરીત પ્રવૃત્તિ કરતાં રહેવી, આ બધા શિથિલાચાર છે, આવી વૃત્તિઓવાળાને શિથિલાચારી જાણવા.

(૨) સકારણ પરિસ્થિતિવશ હાનિ લાભનો વિવેક રાખીને આગમ વિપરીત નાનું કે મોટું આચરણ કરવું, તેને છોડવાનો કે પ્રાયશ્ચિત્ત લેવાનો સંકલ્પ કરવો, તે પ્રવૃત્તિને ટેવ કે પરંપરારૂપ ન બનાવવી અને તેને પોતાનો દોષ છે તેમ દોષ રૂપ જાણવું તથા અંતર મનમાં પણ દોષ સમજી પ્રાયશ્ચિત્ત લેવું તે શિથિલાચાર નથી. આવી વૃત્તિવાળાને શિથિલાચારી ન કહી શકાય.

## સંજ્યા-નિયંઠા વાર્તા

***જિજ્ઞેશ :– નિયંઠા અવસ્થાની કે સંયમ અવસ્થાની શી સીમા રહી છે ?***

**જ્ઞાનચંદ :–** આગમમાં નિયંઠારૂપ સંયમાવસ્થાના ૬ પ્રકાર બતાવ્યા છે જેમાં અત્યારે ત્રણ નિયંઠા હોય છે. જેમ કે– (૧) બકુશ (૨) પ્રતિસેવના (૩) કષાય કુશીલ.

(૧) શરીર ઉપકરણ સંબંધી પ્રમાદ વૃત્તિઓ તથા સંયમ સ્વાધ્યાય વગેરે યોગોમાં જાગૃતિની કમીને કારણે થતાં આચરણો સિવાય સંયમની મૂળગુણ ઉત્તરગુણની આગમોક્ત બધી પ્રવૃત્તિઓનું યથાવત્ પાલન કરનારા તથા સાચી પ્રરૂપણા કરવાવાળા 'બકુશ નિયંઠા'ની સીમામાં ગણાય છે.



(૨) પરિસ્થિતિવશ ઉત્સર્ગ અપવાદનું ધ્યાન રાખીને, તેની સીમા અને ક્ષેત્રકાળનો વિવેક રાખીને, મૂળગુણમાં કે ઉત્તરગુણોમાં અત્યાવશ્યક દોષ લગાડનારા અને તેને યથાસમયે છોડીને શુદ્ધિ કરવાની ભાવનાવાળા, પ્રતિસેવના કુશીલ નિયંઠાની સીમામાં ગણવામાં આવે છે. આમાં પણ જ્ઞાનના સંબંધમાં મૂળ ગુણ અને ઉત્તરગુણમાં દોષ લગાડનારા અને ફરી દોષને છોડીને શુદ્ધિ કરવાનો સંકલ્પ રાખનારાને જ્ઞાન પ્રતિસેવના કુશીલ ગણવામાં આવે છે વિશેષ ધ્યાન એ રાખવું જોઈએ કે સીમિત આવશ્યક દોષ સિવાય અન્ય બધા સંયમ વિધિ વિધાનોનું આગમોક્ત વિધિથી પાલન કરનારા હોય અને સાચી પ્રરૂપણા કરનારા હોય, તે પ્રતિસેવના કુશીલ નિર્ગ્રંથ કહેવાય છે.

(૩) કષાય કુશીલ નિર્ગ્રંથ શુદ્ધ નિરતિચાર સંયમ પાલન કરે છે, કોઈ પણ નિમિત્તથી કોઈપણ રીતે સંયમને દૂષિત કરતા નથી.

**નોંધ :** નિયંઠા સંબંધી વિસ્તૃત જાણકારી માટે અને શિથિલાચાર શુદ્ધાચાર સંબંધી વિસ્તૃત આકર્ષક પદ્ધતિ યુક્ત જાણકારીને માટે સારાંશ ખંડ–૨, ઉપદેશ શાસ્ત્રનું અધ્યયન કરવું જોઈએ.

## સ્વગચ્છીય સમાચારી પાલન વાર્તા

***જિજ્ઞેશ :– પોતાના ગચ્છની સમાચારી ન પાળવાથી શિથિલાચારી બને છે, કે અન્ય ગચ્છોની સમાચારીને ન પાળવાથી પણ શિથિલાચારી બને છે, અથવા ફક્ત આગમોક્ત સમાચારીનું પાલન ન કરવાથી જ શિથિલાચારી બને છે ?***

**જ્ઞાનચંદ :–** આગમોક્ત સમાચારીના અપાલનથી જ શિથિલાચારી બને છે. અન્ય ગચ્છોની સમાચારીનું પાલન-અપાલનથી શિથિલાચારીનો કોઈ સંબંધ ન ગણવો જોઈએ.

સ્વગચ્છ સમુદાય કે પોતાના સંઘની સમાચારીનું પાલન ન કરવું, જેની નિશ્રામાં, આજ્ઞામાં વિચરવાનું હોય તેની જ ઉપેક્ષા કરવી, તે મહાન અપરાધ છે. આવું કરનારા નાના સાધુ હોય કે મોટા સાધુ; અનુશાસ્તા હોય કે અનુશાસિત હોય, તે શિથિલાચારીની સાથે-સાથે સ્વચ્છંદાચારી પણ છે. આવું કરવું તે નૈતિકતાની બહાર છે. એટલે જે સમુદાય કે સંઘમાં સાધુએ રહેવાનું હોય, તેના નિર્ણિત પ્રત્યેક સમાચારીનું નિષ્ઠાપૂર્વક ઈમાનદારીથી પાલન કરવું જોઈએ.

આ આગમોક્ત જ્ઞાતવ્ય સમાચારીઓની, આગમથી અતિરિક્ત સમાચારીઓની સૂચી કે વરણી જાણવી હોય તો સારાંશ ખંડ–૨, ઉપદેશ શાસ્ત્રનું ધ્યાનથી અધ્યયન કરવું જોઈએ.

## અંતિમ ઉપસંહાર વાર્તા

***જિજ્ઞેશ : શિથિલાચારીની પરિભાષામાં આવતા કોઈ નિયંઠા હોય છે અને નિયંઠાની પરિભાષામાં શિથિલાચારી પણ આવે છે ? તથા આ શિથિલાચારી અને નિયંઠાવાળા પરસ્પર વંદન વ્યવહાર પણ કરે છે ખરાં? નિયંઠાવાળા, નિયંઠાવાળાના વંદન વ્યવહાર બંધ કરાવી શકે અથવા શિથિલાચારી બીજા હીનાધિક શિથિલાચારીને વંદન કરી શકે ખરા ?***

**જ્ઞાનચંદ :** શિથિલાચારી કહેવાને યોગ્ય વ્યક્તિ નિયંઠાવાળા ન કહી શકાય પરંતુ નિયંઠાને અભિમુખ હોઈ શકે ખરાં અને કોઈ પણ નિયંઠાની પરિભાષામાં ગણાતા શિથિલાચારી ન ગણાય, પણ તે શિથિલાચારીની અભિમુખ હોઈ શકે ખરાં. વ્યવહારની વંદન વ્યવસ્થા વ્યવહારપક્ષને અનુરૂપ હોય છે અને ભાવવંદના ભાવ સંયમવાન ગુણવાનોને ભાવથી જ થઈ જાય છે.

[*નોંધ :– વંદન વ્યવહાર સંબંધી વિભાજન યુક્ત તથા અનુભવ પૂર્ણ વિસ્તૃત ખુલાસો સારાંશ ખંડ–૨, ઉપદેશ શાસ્ત્રમાં કરવામાં આવ્યો છે, તે ધ્યાનપૂર્વક અધ્યયન કરી લેવું.*]

## જ્ઞાન-ગોષ્ઠી : આગમ વિચારણા

**ધુરંધર વિજય :–** કેવલ મુનિ મ૦ સા૦ ! તમે લોકો શાસ્ત્ર કેટલા માનો છો ?

**કેવલ મુનિ :–** ધુરંધર વિજયજી ! અમારા પૂર્વાચાર્યોએ ૩૨ શાસ્ત્ર માનેલા છે.

**ધુરંધર વિજય :–** અમારા આચાર્યોએ તો ૪૫ શાસ્ત્ર કહ્યાં છે, તેમ છતાં તમે લોકોએ ૧૩ શાસ્ત્રો કેમ છોડી દીધાં ?

**કેવલ મુનિ :–** ૧૦ પૂર્વી કે ૧૪ પૂર્વીના શાસ્ત્રો જ માન્ય ગણાય છે, તેનાથી ઓછાં જ્ઞાનવાળાના શાસ્ત્રોને શાસ્ત્ર ન મનાય, તેથી અમે બીજા ૧૩ ને માનતા નથી.

**ધુરંધર વિજય :–** ના જી, શાસ્ત્ર તો ૪૫ જ હોય છે, તમારા લોકાશાહને ૩૨ જ મળ્યાં એટલે તમે ૩૨ ને જ માનો છો અને હવે તો તમને બધાં જ મળે છે તો તમારે ૪૫ જ માનવા જોઈએ.

**કેવલ મુનિ :–** નંદી સૂત્રમાં કહ્યું છે કે ૧૦ પૂર્વી અથવા ૧૪ પૂર્વીના સૂત્રો સમ્યક્ હોય છે, જ્યારે તેનાથી ઓછાં જ્ઞાનવાળાના શાસ્ત્ર સમ્યક્ અથવા મિથ્યા બંને જાતના હોઈ શકે છે, એટલે સાચાં શાસ્ત્ર તો ૩૨ જ માનવા જોઈએ; ૪૫ માનવામાં મિથ્યાત્વ લાગે છે.

**ધુરંધર વિજય :–** નંદી સૂત્રમાં ૪૫નાં નામો મળે છે, એટલે ઓછાં માનવાથી તો તમને મિથ્યાત્વ લાગે છે !!

**પંડિત ન્યાયચંદ્રજી :– मत्थएण वंदामि**, ધુરંધર વિજય મ૦ સા૦ ! નંદીસૂત્રમાં



સૂત્રોના નામ ગણાવ્યા છે અને હજારો પ્રકીર્ણક હોવાનું કહ્યું છે ત્યાં ૪૫ તો કહ્યા નથી

**ધુરંધર વિજય :–** તો ત્યાં કેટલા નામ ગણાવ્યા છે ?

**પંડિતજી ન્યાયચંદ્રજી :–** ત્યાં ૧૨ અંગ + ૨૯ ઉત્કાલિક સૂત્ર, ૩૦ કાલિક સૂત્ર અને એક આવશ્યક સૂત્ર એમ કુલ ૭૨ શાસ્ત્રોના નામ છે.

**કેવલ મુનિ :–** ધુરંધર વિજય મ૦સા૦ ! ત્યારે તો ૪૫ માનવાથી તમને પણ ઓછાં માનવાનું મિથ્યાત્વ લાગશે જ.

**ધુરંધર વિજય :–** કેવલ મુનિ મ૦સા૦ ! અત્યારે તો નંદીમાં કહ્યાં છે તે સૂત્રોમાંથી ૪૫ જ મળે છે, બાકી તો લોપ થઈ ગયા છે એટલે ૪૫ જ માનવા જોઈએ અને તેની ટીકા ચૂર્ણિ, ભાષ્ય, નિર્યુક્તિ મોટા-મોટા આચાર્યોએ કરી છે, એટલે તેને પણ માનવી જોઈએ. નહીં તો એ મહાપુરુષોની આશાતના લાગે છે.

**કેવલ મુનિ :–** ધુરંધર વિજયજી મ૦ સા૦ ! હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, મલયગિરિ વગેરે કેટલાય મોટા-મોટા વિદ્વાન મહાપુરુષોના સેંકડો ગ્રંથ આજે ઉપલબ્ધ છે, તેમ છતાં તમે ૪૫-૪૫ નું રટણ કરો છો તો તમને પણ કેટલી આશાતનાનું પાપ લાગશે ? આ મોટા મોટા આચાર્યોના શાસ્ત્રોને તો તમે ૪૫ આગમમાં ગણતાં જ નથી તો ૩૨ માનીએ તેમાં ખોટું શું છે ?

**પંડિત ન્યાયચંદ્રજી :– मत्थएण वंदामि** ! નંદીસૂત્ર દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે રચેલું છે. તેમને એક પૂર્વનું જ્ઞાન હતું. તેમણે જ બધા શાસ્ત્રો લિપિબદ્ધ કરાવ્યા, તેમણે તે સમયે જેટલા આચાર્યોના શાસ્ત્રો બન્યા હતા તે બધાને નંદી સૂત્રમાં શ્રુતજ્ઞાનના ખુલાસામાં નામ સહિત ગણાવ્યા છે. તેમાંથી અત્યારે જેટલા શાસ્ત્ર મળે છે, તેને જ આગમ શાસ્ત્ર સમજવાં જોઈએ,ત્યારપછીના મહાપુરુષોના બનાવેલ શાસ્ત્રોને જૈન સાહિત્ય અને જૈન ગ્રંથ સમજવા જોઈએ.

નંદી સૂત્રમાં જેમનું શાસ્ત્ર રૂપમાં નામ નથી, તેને શાસ્ત્ર માનવાનો આગ્રહ રાખવો ખોટો છે અને જેનું નામ નંદી સૂત્રમાં છે તથા વર્તમાનમાં તેમાંથી જે મળે છે, તેને શાસ્ત્ર ન કહેવું તે પણ ઉચિત તો નથી જ.

**બંને મુનિવર :–** પંડિતજી ! હાલ કેટલાં શાસ્ત્ર ઉપલબ્ધ છે ?

**પંડિતજી ન્યાયચંદ્રજી :– मत्थएण वंदामि** ! ૧૧ અંગ, ૧ આવશ્યક સૂત્ર, ૧૮ પ્રકીર્ણક અને અન્ય ૨૦, એમ કુલ ૫૦ શાસ્ત્ર હાલ મળે છે, જેમાં દેરાવાસી સાધુ લગભગ ૧૦ શાસ્ત્રને નથી માનતાં, જ્યારે સ્થાનકવાસી સાધુ લગભગ ૨૦ શાસ્ત્રને નથી માનતા.

બંનેની ૩૨ કે ૪૫ ના આગ્રહની માન્યતા એકાંત દષ્ટિવાળી છે. ૧૦ પૂર્વી અને ૧૪ પૂર્વીના શાસ્ત્રો તો કુલ ૧૦-૧૫ જ હશે, બાકી કોઈનો ઈતિહાસ પણ નથી મળતો અને જે મળે છે તે પણ પૂર્ણ પ્રમાણિક નથી. એટલે નંદી સૂત્ર

અનુસાર લગભગ ૫૦ શાસ્ત્ર બંને એ માનવા જોઈએ.

**કેવલ મુનિ :–** પંડિતજી ! કેટલાય શાસ્ત્રોમાં ભેળ સેળ થઈ ગઈ છે, દોષ દાખલ થઈ ગયા છે, એટલે બધા ન માનવા, ૩૨ જ માનવા સારા છે.

**પંડિતજી ન્યાયચંદ્રજી :– मत्थएण वंदामि !** ભગવાનના હજાર વર્ષ પછી શાસ્ત્રો લખીને વ્યવસ્થિત કરવામાં આવેલા ત્યારે કેટલાક શાસ્ત્રો ઓછાં થયાં, કેટલાય વાક્ય અને વિષયો નવા જોડીને ઉમેરવામાં આવેલાં અને આજ સુધી ૧૫૦૦ વર્ષમાં લખનારે લખતાં-લખતાં કેટલી ભૂલ કરી, તેની કોઈ સંખ્યા નથી. જ્યારે કેટલાક લખનારે જાણી કરીને ક્યાંક મરજી મુજબ આડું-અવળું લખી નાખ્યું, તો કેટલાક આચાર્યોએ પણ પરંપરા ભેદથી, સમજ ભેદથી, સુધારા વધારા કર્યા છે. આજે તો કોઈ પણ શાસ્ત્ર ૫૦૦-૭૦૦ વર્ષથી વધારે જૂના લખેલા નથી મળતાં અને શાસ્ત્રોને છપાવવાવાળા કેટલાય પંડિત મુનિરાજ લખે છે કે, ઘણાં દોષોથી ભરેલા પાઠો મળે છે, જેનું સંપાદન કરતાં મગજ પણ ચકરાઈ જાય છે. બહુ જ વિવેકથી નિર્ણય લેવો પડે છે. એટલે મુનિરાજ મહોદય તમને વિનંતી કરવાની કે વિવેક બુદ્ધિ તો સર્વત્ર રાખવી જોઈએ. બધાં પૂર્વાચાર્યોના વચનોને આદરથી સાંભળવા-વાંચવા જોઈએ અને શાસ્ત્રો તો નંદીમાં કહ્યાં તેટલાં જ માનવા જોઈએ. વિવેક બુદ્ધિ તો શાસ્ત્રોમાં, ગ્રંથોમાં, ટીકા-ભાષ્યમાં, બધામાં રાખવી જોઈએ. કેમ કે છદ્મસ્થ તો ભૂલને પાત્ર હોય શકે. તેટલા માટે જ વ્યવહાર સૂત્ર ઉદ્દેશક–૩ માં કહ્યું છે કે આચાર્યશ્રીએ કાળ કરતી વખતે કહ્યું હોય કે 'અમુકને આચાર્ય બનાવજો' ત્યારપછી જો તે સાધુ યોગ્ય લાગે તો જ તેને આચાર્ય બનાવવા અને અયોગ્ય લાગે તો તેને આચાર્ય ન બનાવવા, બલ્કે બીજા જે યોગ્ય સાધુ હોય તેને આચાર્ય બનાવવા, આવો સ્પષ્ટ આદેશ મૂલપાઠમાં છે.

બૃહત્કલ્પ ઉદ્દેશક ચારમાં કહ્યું છે કે બે સાધુના ક્લેશ આદિ પ્રસંગે આચાર્ય જે પ્રાયશ્ચિત્ત આપે તે શાસ્ત્રાનુસાર હોય તો ગ્રહણ કરવું અને શાસ્ત્ર અનુસાર ન હોય તો ગ્રહણ ન કરવું; એવો સ્પષ્ટ અધિકાર દેવામાં આવ્યો છે. આમ છદ્મસ્થની ભૂલ તો સર્વત્ર સંભવ છે, તે વાત શાસ્ત્રકારો પણ માને છે. એટલે વર્તમાનમાં કોઈપણ શ્રમણના વાક્યોને એકાંત સાચા માનવાનો(અર્થાત્ **बाबावाक्यं प्रमाणं**નો)આગ્રહ કરવાનું અનુચિત છે અને સંપૂર્ણ ખોટું છે તેમ કહેવાનો દુરાગ્રહ કરવો કે તેવી પ્રેરણા કરવી પણ અયોગ્ય છે. આ બાબતમાં વિવેકબુદ્ધિ રાખવી તે જ પ્રશંસનીય છે.

**ધુરંધર વિજય :– પંડિતજી ! વિવેક બુદ્ધિ કેવી રીતે રાખવી જોઈએ ?**

**પંડિતજી :–** સામાન્ય બુદ્ધિવાળાઓએ પોતાના ગુઢ વગેરેના નિર્દેશ અનુસાર શ્રદ્ધા રાખીને પાપોનો, કષાયોનો ત્યાગ કરતાં તપ સંયમમાં લીન રહેવું જોઈએ.

વિશેષ પ્રજ્ઞાવાળાઓએ નંદીસૂત્ર કથિત ઉપલબ્ધ આશરે ૫૦



આગમોમાં લિપિ દોષ વગેરેનો કુશાગ્ર બુદ્ધિ વડે નિર્ણય કરવો અને અન્ય ટીકા, ભાષ્ય, નિર્યુક્તિ, ગ્રંથ, સાહિત્ય, નિબંધ, વ્યાખ્યાન, ચર્ચા વગેરેને એ આગમોથી વધારે મહત્વ ન આપવું. અર્વાચીન આચાર્યો અને ગ્રંથોની અપેક્ષાએ પ્રાચીન આચાર્યો અને ગ્રંથોને વધારે મહત્વ આપવું, ફક્ત શાસ્ત્રોને સર્વોપરી નિર્ણાયક સમજવા. ૧૮ પાપનો ત્યાગ, શાંતિ, સંયમ, સમિતિ, ગુપ્તિને પ્રમુખતા આપવી અને ત્રણ કરણ, ત્રણ યોગો વડે મહાવ્રતોની શુદ્ધ આરાધના કરવી, પાપ કાર્યોની પ્રેરણા, અનુમોદના પણ ક્યારેય ન કરવી. નંદીસૂત્રમાં કહેલા સૂત્રોની આજ્ઞાઓથી ન્યાયપૂર્વક નિર્ણય કરવો. કથા વર્ણનોની અનેક વાર્તાઓથી સૂત્રોની આજ્ઞાઓની ઉપેક્ષા ન કરવી જોઈએ વગેરે. તીર્થંકર ભગવાનનો મૂળ-પાયાનો ઉપદેશ અનેકાંતવાદ, સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ ચારિત્રના માપદંડની મર્યાદામાં વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. વિવેકબુદ્ધિએ માત્ર સ્વતંત્ર તર્કબુદ્ધિ નથી અને એમ કરવું એ મિથ્યાત્વ પણ નથી પરંતુ તેમ કરવાથી અનેકાંત અને શાંત દૃષ્ટિ હોવાથી શુદ્ધ આરાધના થાય છે.

**ધુરંધર વિજય :–** પંડિતજી ! આપે તો ઘણી સૌમ્ય દૃષ્ટિ અને અનેકાંતિક દૃષ્ટિનો બોધ આપ્યો અને આ રીતે આપશ્રીએ તો કોઈ શાસ્ત્રની સંખ્યાના આગ્રહને અને કોઈ શાસ્ત્ર કે ગ્રંથ વગેરેને માનવા મનાવવાના આગ્રહને પણ જડમૂળથી ઉખેડી નાખ્યો. એટલે થોડીક નાની-મોટી બાબતોના વિષયમાં પણ વિચાર વિમર્શ કરી લઈએ.

## જ્ઞાન-ગોષ્ઠી : મંદિર મૂર્તિ વિચારણા

**કેવલ મુનિ :–** પંડિતજી ! આપે જે વિદ્વાનો માટે વિવેક બુદ્ધિ રાખવા, અંગે વિમર્શ કર્યો છે, આગમોમાં તો જુદી જુદી જગ્યાએ મૂર્તિઓનું વિસ્તૃત તથા સંક્ષિપ્ત વર્ણન આવે છે અને ગ્રંથોમાં હજારો લાખો કરોડો મંદિર મૂર્તિઓના જીર્ણોદ્ધારનું વર્ણન પણ આવે છે, જ્યારે મંદિર બનાવવું કે બનાવવાની પ્રેરણા આપવી તે પણ સાવદ્ય છે, મહાનિશીથમાં બતાવ્યું છે કે, એક મંદિર પ્રેમી સાધુના દ્વારા મંદિર બનાવવાની વિનંતી અને આગ્રહને વખોડીને તેને સાવદ્ય કામ કહેવાવાળા નિડર આચાર્ય કુવલયપ્રભસૂરિએ તીર્થંકર નામ કર્મનો બંધ બાંધ્યો. તો આ વિષયમાં શું વિવેક સમજવો જોઈએ તે કહેશો ?

**પંડિત ન્યાયચંદ્રજી :–** કેવલમુનિ સાહેબ ! નંદીસૂત્રમાં કથિત સૂત્રોમાં મંદિર મૂર્તિનું વર્ણન છે પરંતુ તે મૂર્તિઓ શા✓તી છે, તે મૂર્તિઓને બનાવનાર કોઈ હોતું નથી. કથા ગ્રંથોમાં આગમ પ્રસિદ્ધ મહાપુઢષોની સાથે મંદિરમૂર્તિઓ વિશે વર્ણન છે પરંતુ તે જ પુઢષો વિશે આગમમાં આવેલ વર્ણન મંદિર કે મૂર્તિની પ્રેરણાથી એકદમ રહિત છે. ત્યાં તો મંદિરનો કિંચિત્ પણ ઉલ્લેખ નથી.

ઉપાસકદશા સૂત્રમાં શ્રાવકોની વિસ્તૃત દિનચર્યાનું વર્ણન છે. પણ ત્યાં ક્યાંય પૂજા કરવા બાબતનું કે દેરાસર બાબતનું કોઈ વર્ણન કે વિધાન નથી. તેમના પરિગ્રહમાં પણ દેરાસર હોવાનો ક્યાંય ઉલ્લેખ નથી.

આચારાંગ સૂત્ર, સૂયગડાંગ સૂત્ર, દશાશ્રુતસ્કંધ સૂત્ર, બૃહત્કલ્પ સૂત્ર, નિશીથ સૂત્ર, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક વગેરે સૂત્રોમાં સાધુ-સાધ્વીના આચારોનું વર્ણન છે, પરંતુ દેરાસર બાંધવાનું, દર્શન કરવા જવાનું કે ચૈત્યવંદન કરવા અંગેનું વર્ણન ક્યાંય પણ નથી. નિશીથ સૂત્રમાં હજાર-બે હજાર પ્રાયશ્ચિત્તો કહ્યાં છે, પરંતુ તેમાં મંદિર મૂર્તિ દર્શન વગેરે સંબંધી એક પણ પ્રાયશ્ચિત્ત કહ્યું નથી !

દેવલોક વગેરેની મૂર્તિઓ શાશ્વત છે અર્થાત્ અનાદિ છે, જ્યારે પ્રત્યેક તીર્થંકરોનો આદિ અને અંત(મોક્ષ) છે. એટલે શાશ્વત અનાદિ મૂર્તિઓ તીર્થંકરોની ન હોઈ શકે.

ઉર્ધ્વલોકમાં, તિચ્છર્લોકમાં મૂર્તિઓ છે, પરંતુ ઉક્ત સાધુ શ્રાવકના આચાર શાસ્ત્રોમાં કોઈ પ્રાયશ્ચિત્ત વિધાન ન હોવાથી મૂર્તિપૂજા, મૂર્તિ દર્શન તથા મંદિર, શાસ્ત્ર વિહિત થતાં નથી અને આગમોક્ત મૂર્તિઓ અનાદિ હોવાથી તે તીર્થંકરોની ન હોઈ શકે. એટલે સાવદ્ય કાર્યના ત્યાગમાં રત સાધુ કે શ્રાવકનો મૂર્તિપૂજા સાથે કોઈ સંબંધ નથી, શ્રાવકની અગિયાર પડિમાના વર્ણનમાં પણ ક્યાંય મૂર્તિપૂજાનો ઉલ્લેખ નથી.

એટલે આગમ કથિત અને ક્યારેક કોઈના દ્વારા ન રચાયેલાં એવા અનેક અનાદિ જિનાલયો, મૂર્તિઓના વર્ણનો તથા ગ્રંથોના હજારો મંદિર બનાવવા સંબંધી વર્ણનો જે છે તેને, સાધુ શ્રાવકના આચાર સાથે નિસ્બત નથી. તેથી તેના વડે સાધુ શ્રાવકની જીવનચર્યામાં મૂર્તિપૂજાનો આગ્રહ શાસ્ત્ર સંમત નથી.

**ધુરંધર વિજય :–** પંડિતજી ! દ્રૌપદીએ પણ મૂર્તિપૂજા કરી હતી તેવું જ્ઞાતાસૂત્રમાં વર્ણન છે ને ?

**પંડિત ન્યાયચંદ્રજી :–** જ્ઞાતા સૂત્રના એ પાઠ સાથે કોઈએ ચેડાં કર્યા છે. જૂની પ્રતોની શોધ કરીને વિદ્વાનોએ આવો નિર્ણય લીધો છે, અર્થાત્ દ્રૌપદીના વર્ણનમાં પ્રાચીન પ્રતોમાં અર્વાચીન પ્રતો જેવો પાઠ મળતો નથી.

બીજી વાત એ છે કે દ્રૌપદી પૂર્વભવમાં ભોગનું નિદાન કરીને આવી હતી એટલે નિદાન પૂરું થાય તે પહેલાં સુધી તે શ્રાવિકા તો નહોતી પરંતુ સમ્યગ્ દૃષ્ટિવાળી પણ નહોતી.

ત્રીજી વાત છે વિવેકની, જે પહેલાં કહી છે તે યાદ રાખવી જોઈએ કે આચાર સંબંધી વિધાનને આચાર શાસ્ત્રોથી સમજવા જોઈએ ન કે કથાઓના વર્ણનથી. કથાઓમાં તો એક ઉચ્ચ શ્રાવકને ૧૩ પત્નીઓ હતી તેવું વર્ણન છે.



માંસાહારી પત્ની પણ શ્રાવકને ત્યાં હતી તેવું કહ્યું છે અને પતિવ્રતા સ્ત્રીને પાંચ પતિ હોવાનું વર્ણન પણ છે. તો તેથી શું શ્રાવકે વધારે પત્ની રાખી શકાય ? માંસાહાર કરી શકાય કે વધારે પતિ રાખી શકાય તેવું વિધાન સમજવું ? આવું સમજવામાં અવિવેક જ ગણાય ને ? એટલે વાર્તા-કથાને વિવેક બુદ્ધિથી જ સમજવી જોઈએ.

## જ્ઞાન-ગોષ્ઠી : ઉપકરણ પરિમાણ વિચારણા

**કેવલ મુનિ :–** પંડિતજી ! સાધુ-સાધ્વીના ઉપકરણોના નામ શાસ્ત્રમાં છે, પરંતુ તે બધાનું માપ તથા સ્પષ્ટીકરણ નથી તો ભાષ્ય નિર્યુક્તિમાં કહ્યા અનુસાર માનવામાં જ બુદ્ધિ-વિવેક છે શું ?

**પંડિત ન્યાયચંદ્રજી :– મત્થએણ વંદામિ !** દશવૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં કહ્યું છે, કે સાધુ-સાધ્વી વસ્ત્ર, પાત્ર, કાંબળી, પાદપોછન આદિ જે ઉપકરણો રાખે છે તે સંયમ માટે અને લજ્જા માટે રાખે છે અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પણ શરીર રક્ષા માટે ઉપકરણ રાખવાનું કહ્યું છે, તેને દશવૈકાલિકમાં પરિગ્રહ નથી કહ્યો અને કહ્યું છે કે મૂર્છા આસક્તિ જ પરિગ્રહ છે. આગમોમાં સાધુ-સાધ્વીની ચાદરોની સંખ્યા કહી છે, અન્ય ઉપકરણોની સંખ્યા કહી નથી. તેમ છતાં ભાષ્ય નિર્યુક્તિમાં કહેલ પરિમાણ સંખ્યા એકાંત આગ્રહ કરીને માન્ય રાખી શકાય નહીં. સંયમ અને શરીરની રક્ષા હેતુ, લજ્જા હેતુ, આસક્તિ રહિત ભાવોથી ઉપકરણ રાખવા માટે, વિવેક બુદ્ધિથી નિર્ણય કરવો જોઈએ.

એનું કારણ એ છે કે ભાષ્યમાં એક પાત્ર કે બે પાત્રા રાખવાનો આગ્રહ છે જ્યારે આગમોમાં અનેક પાત્રા રાખવા અંગેનું પ્રમાણ છે.

આગમોમાં રજોહરણને જીવરક્ષા અને ભૂમિ પ્રમાર્જન માટેનું ઉપકરણ ગણાવ્યું છે અને ભાષ્ય નિર્યુક્તિમાં પણ કહ્યું છે કે રજોહરણ એટલો લાંબો પણ ન રાખવો જોઈએ કે અહીં-તહીં આંખ, મોંમાં વાગી જાય અને એટલો નાનો પણ ન હોવો જોઈએ કે વાંકા વળીને પૂંજીએ તો કમર દુઃખવા લાગે અર્થાત્ ચાલતી વખતે ઊભા-ઊભા ભૂમિ પ્રર્માજન કરી શકાય તેટલું માપ યોગ્ય કહેવાય. જ્યારે ભાષ્યમાં ૩૨ આંગળનું માપ નાના-મોટા બધા સાધુ-સાધ્વીઓ માટે કહેલું છે તે ઉચિત પણ નથી. કેમ કે તેમ કરવાથી તે નાનકડા રજોહરણથી ચાલતી વખતે પ્રમાર્જન ન કરી શકાય અને દંડાસન નામનું (ડાંડિયો) અધિક ઉપકરણ પૂંજવા માટે સાધુ- સાધ્વીઓએ રાખવું પડે છે અને ભાષ્યમાં ઉક્ત સ્વકથનથી પણ વિરોધ થાય છે. એટલે ૩૨ આંગળના માપનો બધા માટે આગ્રહ રાખવાથી, સંયમની મર્યાદાને અનુકૂળ ન હોવાથી તે આગમ વિરુદ્ધ છે. માટે વિવેક એટલો જ રાખવો જોઈએ કે પોતાની ઊંચાઈ પ્રમાણે રજોહરણનું યોગ્ય માપ રાખવું જોઈએ અને દંડાસન નામના ઉપકરણને નાહક રાખવું જોઈએ નહીં.

ચોલપટ્ટો અને ચાદર પણ ભાષ્યમાં નાના બતાવ્યા છે, જે લજ્જા અને શરીર રક્ષા માટે પર્યાપ્ત નથી. એટલે મૂર્તિપૂજક અને સ્થાનકવાસી બધા લોકો ભાષ્યની મર્યાદાનું પાલન કરતા નથી. પાત્રા રાખવા અંગે પણ ભાષ્યમાં કહેલ મર્યાદાનું બંને સમુદાયવાળાઓ પાલન કરતા નથી. પરંતુ ૪-૬ આદિ ઇચ્છાનુસાર પાતરાં રાખે છે. એટલે ઓછામાં ઓછા અને આવશ્યક ઉપકરણો જ રાખવા તથા આસક્તિ ભાવ ન રાખવો; એ જ વિવેક બુદ્ધિ છે.

## જ્ઞાન-ગોષ્ઠી : શ્રાવક શાસ્ત્ર વાંચન વિચારણા

**ધુરંધર વિજય :–** પંડિતજી ! ત્રણ વર્ષના દીક્ષા પર્યાય પહેલાં સાધુઓએ પણ શાસ્ત્ર વાંચવાની મનાઈ છે તો ગૃહસ્થે તો ક્યારેય શાસ્ત્ર વાંચી જ ન શકાય ને ? તેમને તો વાંચવાનો અધિકાર જ ન હોય ને ?

**પંડિત ન્યાયચંદ્રજી :– मत्थएण वंदामि !** ઘણી જગ્યાએ આગમ વિધાનના અર્થની પરંપરા બરોબર જળવાઈ નથી એટલે તેમાં વિકૃતિ ઘર કરી ગઈ છે.

શાસ્ત્રમાં ત્રણ વર્ષની દીક્ષા પર્યાયવાળાને ઉપાધ્યાય પદ આપી શકાય તેવું વિધાન છે અને ત્રણ વર્ષની દીક્ષાવાળાને ઉપાધ્યાય બનવા માટે બહુશ્રુત હોવું પણ આવશ્યક જણાવ્યું છે. એટલે ત્રણ વર્ષની દીક્ષાના સમય પહેલાં શાસ્ત્રાધ્યયન ન કરી શકાય એવો અર્થ ખોટો છે. તે સૂત્રોનો એવો અર્થ સમજવો જોઈએ કે ત્રણ વર્ષવાળા યોગ્ય સાધુને ઓછામાં ઓછો એટલો અભ્યાસ (શાસ્ત્રમાં કહ્યા મુજબનો) કરાવી લેવો જોઈએ; યોગ્યતા હોય તો વધારે કરાવી શકાય તેનો કોઈ નિષેધ ન સમજવો જોઈએ.

ગૃહસ્થને માટે શાસ્ત્ર વાંચવા સંબંધી નિશીથમાં પ્રાયશ્ચિત્ત કહેલ છે, તેનો અર્થ પણ ભાષ્યકારે મિથ્યાદષ્ટિની અપેક્ષાએ કર્યો છે અને કહ્યું છે કે તે તેનો દુરુપયોગ કરશે. પરંતુ જિનેશ્વર ભગવાન પ્રતિ જે અનુરક્ત છે અને જે શ્રાવક છે, તેને માટે કદાપિ નિષેધ ન સમજવો જોઈએ. નંદી સૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં જે રીતે સાધુઓ માટે શાસ્ત્ર અધ્યયન અને ઉપધાનનું કથન છે, તેવું જ કથન શ્રાવકો માટે પણ છે. અન્ય આગમોના વર્ણનોથી યોગ્ય શ્રદ્ધાળુ શ્રાવક પણ આગમજ્ઞાની, બહુશ્રુત, કોવિદ, જિનમતમાં નિપુણ થઈ શકે છે. આગમમાં પણ શ્રાવક, સાધુને સમાન રૂપે તીર્થ રૂપ કહ્યાં છે તથા ચાર પ્રકારના શ્રમણ સંઘમાં પણ શ્રાવકોને ગણાવ્યા છે, એટલે આગમકારની દષ્ટિથી શ્રાવકોને માટે આગમ અધ્યયનનો નિષેધ કે અનધિકાર નથી તેથી ઉક્ત એકાંતિક આગ્રહ પણ અવિવેક પૂર્ણ છે.

હે મુનિરાજો ! મેં આગમનું અધ્યયન કર્યું છે તો તેનાથી આપને નુકસાન થયું કે લાભ ? જિન શાસનને લાભ થયો કે હાનિ ?



**બંને મુનિરાજ :–** પંડિતજી, આપનું જ્ઞાન તો અમારી વિવેક બુદ્ધિને પણ વિકસિત કરે તેવું છે. આ માટે આપનો મહાન ઉપકાર. આવા શ્રાવક તો જિનશાસનના તીર્થરૂપ છે. તેમને શાસ્ત્રના પઠન માટે દોષ હોઈ ન શકે, ઉલટું તેથી મહાન લાભ જ થાય તેમ છે. એટલે વિવેક એટલો જ સમજવો જોઈએ કે યોગ્ય સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકા શાસ્ત્રનું અધ્યયન કરે અથવા કરાવે, તો કોઈ પ્રાયશ્ચિત્ત ન આવે, એવું આપનું કહેવું સત્ય છે.

## જ્ઞાન-ગોષ્ઠી : મુખવસ્ત્રિકા વિચારણા

**કેવલમુનિ :–** ધુરંધર વિજયજી ! આપ મુખવસ્ત્રિકા હાથમાં કેમ રાખો છો ? બાંધતા કેમ નથી.

**ધુરંધર વિજયજી :–** કેવલ મુનિ સાહેબ ! શાસ્ત્રમાં મુખવસ્ત્રિકા રાખવાનું કહ્યું છે, દોરીથી બાંધવાનું નથી કહ્યું એટલે બાંધવાનું ખોટું છે.

**કેવલ મુનિ :–** શાસ્ત્રોમાં તો સાધુઓને ચોલપટ્ટો વાપરવાનું કહ્યું છે તો તમે આટલી મોટી દોરી કેમ બાંધો છો સાધ્વીઓ પણ ચોલપટ્ટો પહેરવામાં દોરી લગાડે છે, તેના બદલે ફક્ત લુંગીની જેમ જ કેમ નથી બાંધી લેતા ?

**ધુરંધર વિજયજી :–** બોલવાથી મુહપત્તિ પર થૂંક લાગે છે, જેમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે, જેનાથી જીવ હિંસાનું પાપ લાગે છે એટલે પણ અમે મુહપત્તિ નથી બાંધતા પણ હાથમાં રાખીએ છીએ.

**કેવલ મુનિ :–** ધુરંધર વિજયજી ! શાસ્ત્રમાં કહેલ ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ મનુષ્યના બોલમાં, તે વડીનીત, પેશાબ, કફ, શ્લેષ્મ, લોહી, રસી(પઢ), વીર્ય, કલેવર વગેરે બધા નામો સ્પષ્ટ કહ્યાં છે. થૂંકનું નામ તો કફ, શ્લેષ્મની સાથે પણ નથી કહ્યું એટલે થૂંકમાં સંમૂર્ચ્છિમ મનુષ્યની ઉત્પત્તિ કહેવી તે અતિપ્રરૂપણા દોષરૂપ છે.

**ધુરંધર વિજય :–** પંડિત ન્યાયચંદ્રજી ! અમે તો થૂંક અને પરસેવામાં જીવોત્પતિ માનીએ છીએ, આપે મુખવસ્ત્રિકા વિશે આગમથી શું જાણ્યું છે ? આપની સમજણ સ્પષ્ટ કરશો ?

**પંડિત ન્યાયચંદ્રજી :–** મત્થેણં વંદામિ ! આ ઉપકરણના નામથી જ એ સ્પષ્ટ નિર્દેશ થાય છે કે તે મુખ પરની વસ્તુ છે, હાથની કે કમરની નહીં. મુખવસ્ત્રિકા તથા રજોહરણ એ બે ઉપકરણ જિનકલ્પીઓએ તથા અચેલ ભિક્ષુએ પણ અવશ્ય રાખવા જોઈએ. આ બંને જૈન લિંગના આવશ્યક ઉપકરણો છે અને બંને સંયમ રક્ષાર્થ ઉપકરણ છે, શરીર રક્ષાર્થે નહીં.

ભગવતી સૂત્રમાં ઉઘાડા મોંએ બોલાતી ભાષાને સાવદ્ય ભાષા કહી છે.

મુખવસ્ત્રિકાથી મોં ઢાંક્યા વિના વાત ન કરાય એ સિદ્ધાંત દેરાવાસી તથા સ્થાનકવાસી બંને સ્વીકારે છે. શ્રાવકો માટે પણ દેવ-ગુઢ દર્શન હેતુ તેના અવગ્રહમાં પ્રવેશ કરવા માટે પ્રથમ મુખ પર વસ્ત્ર લગાડવું, તે આવશ્યક વિધિ છે. જેનું કથન ભગવતી આદિ અનેક સૂત્રોમાં છે.

એટલે બોલતી વખતે, ઉપાશ્રયમાંથી બહાર જતી વખતે, પ્રતિક્રમણ કરતી વખતે મુખવસ્ત્રિકા મુખ પર હોવી જોઈએ; તેવું આવશ્યક મનાયુ છે. આ નિયમને તોડીને અધિકાંશ મંદિર માર્ગી સાધુ-સાધ્વીઓ નિરંકુશ રૂપથી ઉઘાડા મોં એ જ બોલ્યા કરે છે. તેમનું થૂંક, સામે બેઠેલી વ્યક્તિ ઉપર અને શાસ્ત્રો પર પડે છે, જેથી મહાન આશાતના થાય છે અને સાવદ્ય ભાષાનું પાપ પણ લાગે છે. જો દોરી બાંધવાથી પાપ હોત તો ચોલપટ્ટામાં જાડી દોરી લગાડવાનો પ્રારંભ ન થાત. આ રીતે દોરીમાં તો કોઈ પાપ નથી અને ઉઘાડા મોંએ બોલવાથી પાપ લાગે, વગેરે બાબતોને ધ્યાનમાં રાખી મુહપત્તિ બાંધવી ઉચિત જ છે. સામેની વ્યક્તિ પર અને શાસ્ત્ર પર થૂંક પણ ન પડે તે ફાયદો વધારામાં !

પરસેવામાં તથા થૂંકમાં સંમૂચ્છિમ મનુષ્યની ઉત્પત્તિ થતી નથી. સાધુ-સાધ્વીઓ માટે કેટલાય કલાકો સુધી વિહાર કરવાનો કે બોલ્યા કરવાનો (વ્યાખ્યાન આદિ) પ્રસંગ આવે જ છે. ત્યારે ગરમીથી કપડાં પરસેવાથી રેબઝેબ થઈ જાય છે, તેમાં સંમૂચ્છિમ જીવ ઉત્પન્ન થાય તો સાધુ જીવન પાળવાનું અસંભવ થઈ જાય.

**ધુરંધર વિજય :–** પંડિતજી ! પરસેવાના કપડા શરીરથી સંલગ્ન રહે છે તેથી તેમાં જીવોત્પત્તિ થતી નથી.

**પંડિતજી :–** મુનિવર ! જ્યારે શરીરથી સંલગ્ન પરસેવાવાળા કપડામાં સંમૂચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થતાં નથી તો મુખની અત્યંત નજીકમાં લાગેલી મુહપત્તિમાં સંમૂચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થવાની કલ્પના કરવી વ્યર્થ જ છે. નિષ્કર્ષ એવો થયો કે મોઢાં પર મુહપત્તિ બાંધવાથી સંમૂચ્છિમનું પાપ લાગે નહીં અને સાવદ્ય ભાષા બોલવાથી બચી શકાય તથા શાસ્ત્રની આશાતના પણ ન થાય. યદ્યપિ આગમોમાં મુખવસ્ત્રિકા હાથમાં રાખવાનો કે મોં પર બાંધવાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. તેમ છતાં આગમ વિધાનોના આશયથી એવો વિવેક પ્રગટ થાય છે કે બોલવાના સમયે તથા ઉપાશ્રયમાંથી બહાર જતી વખતે મુખ પર મુખવસ્ત્રિકા બાંધવાનું લિંગને માટે તથા સાવદ્ય ભાષાથી બચવા માટે આવશ્યક છે. સૂતાં, જાગતાં, મૌન, ધ્યાન બધી અવસ્થાઓમાં ૨૪ કલાક મુખવસ્ત્રિકા બાંધ્યા કરવી, તે પણ અનાવશ્યક જ છે. અને બેધડક ઉઘાડા મોંએ વાત કરવી પણ મર્યાદા યુક્ત નથી. એટલે વિવેક પૂર્વક, યોગ્ય સમયે મુહપત્તિ બાંધીને દોષોથી બચવું હિતાવહ છે.



## જ્ઞાન-ગોષ્ઠી : માસિક ધર્મ સંબંધી વિચારણા

**ધુરંધર વિજય :–** કેવલ મુનિ ! આપ માસિક ધર્મને અસ્વાધ્યાય માનો છો ?

**કેવલ મુનિ :–** હા જી, અમે માસિક ધર્મને અસ્વાધ્યાય માનીએ છીએ.

**ધુરંધર વિજય :–** તમો શ્રાવિકાઓને સામાયિકનો નિયમ કરાવો છો ત્યારે શું ત્રણ દિવસનો આગાર રખાવો છો ?

**કેવલ મુનિ :–** નહીં જી ! સામાયિક અને સ્વાધ્યાયનો કોઈ સંબંધ જ નથી. સાધ્વીજી કોઈ પણ આગાર વગર જીવનભરની સામાયિકના પચ્ચક્ખાણ કરી શકે જ છે. સામાયિકનો અર્થ છે ૧૮ પાપનો ત્યાગ કરવો. એક મુહૂર્તની કે જીવનભરની સામાયિક લીધા પછી માસિક ધર્મ વગેરે કોઈપણ અસ્વાધ્યાય હોય તો પણ તેનાથી સામાયિક ભંગ થવાનું કોઈ કારણ નથી.

પંડિતજી ! આપ અસ્વાધ્યાય-સ્વાધ્યાયનો શો અર્થ જણાવો છો ?

**પંડિત ન્યાયચંદ્રજી :– मत्थएण वंदामि** ! અભિધાન રાજેન્દ્ર કોષ પ્રથમ ભાગ પૃષ્ટ–૮૨૭માં બતાવ્યું છે કે સત્શાસ્ત્રનું અધ્યયન કરવું એ જ સ્વાધ્યાય છે. તે અધ્યયન જ્યારે, જ્યાં ન કરવાનું હોય તે હેતુ અસ્વાધ્યાય કહેવાય છે. દા.ત. રક્ત નીકળતું હોય ત્યારે વગેરે.. આવા અસ્વાધ્યાય ૩૨ કહ્યાં છે. તે સમયે સૂત્રના મૂળપાઠનું અધ્યયન, ઉચ્ચારણ કરવું જોઈએ નહીં. માટે હે મુનિવરો ! અસ્વાધ્યાયનો સંબંધ ફક્ત મૂળપાઠના ઉચ્ચારણ સાથે છે. નિત્ય નિયમ, ધાર્મિક ક્રિયા, પાપ-ત્યાગ, તપસ્યા વગેરે કાર્યોનો અસ્વાધ્યાય સાથે કોઈ સંબંધ નથી. પ્રતિક્રમણરૂપ નિત્ય નિયમનો પણ ૩૨ અસ્વાધ્યાય સાથે કોઈ સંબંધ નથી. ગાજ-વીજ હોય, સૂર્ય ગ્રહણ હોય કે ચૈત્રી પૂનમ કે એકમ હોય કે સંધ્યાકાળ (લાલ દિશા) હોય, નિત્ય નિયમમાં ઉપયોગી આવશ્યક સૂત્ર, આગમ હોવા છતાં પણ તેના ઉચ્ચારણ બાબતે કોઈ નિષેધ નથી. અર્થાત્ ૩૨ અસ્વાધ્યાયમાં પણ પ્રતિક્રમણ તો કરી જ શકાય છે.

એટલે માસિક ધર્મના સમયે સામાયિક, પ્રતિક્રમણ, વ્રત-નિયમ, પ્રત્યાખ્યાન, પૌષધ વગેરેનો નિષેધ મનઃકલ્પિત છે, આગમ સંમત નથી.

**ધુરંધર વિજય :–** આગમના મૂળપાઠોના અધ્યયનની પણ અસજ્ઝાય કેમ થાય છે ? આગમ તો સ્વયં મંગલરૂપ હોય છે, તેમને પણ અસ્વાધ્યાયના સમયે વાંચે તો શો દોષ લાગે ? શાસ્ત્રમાં જે અસ્વાધ્યાય કહ્યું છે તેનું હાર્દ શું છે ?

**પંડિત ન્યાયચંદ્રજી :–** મત્થેણં વંદામિ ! તીર્થંકર ભગવાન દ્વારા પ્રરૂપિત ભાવોને એક વિશિષ્ટ ભાષામાં ગૂંથણી કરવાથી તે શાસ્ત્ર કહેવાય છે. સૂત્ર હંમેશાં કોઈ એક વિશિષ્ટ ભાષામાં રચવામાં આવે છે ત્યારે જ તે કંઠસ્થ પરંપરામાં શુદ્ધ રીતે

ચાલી શકે છે. વ્યાખ્યાન, વિચારણા, અર્થ, ભાવાર્થ સમજાવવું એ પ્રાયઃ જન-સાધારણની ભાષામાં હોય છે.

તદ્નુસાર ભગવાન દ્વારા પ્રરૂપિત ભાવોને ગણધર એક વિશિષ્ટ ભાષામાં ગૂંથણી કરે છે. ગણધર એના માટે દેવોની ભાષાને પસંદ કરે છે અર્થાત્ દેવવાણી રૂપ અર્ધમાગધી ભાષામાં આગમોની રચના કરે છે. આ પ્રકારે આપણા આગમોની મૌલિક ભાષા(અર્ધમાગધી) દેવોની ભાષા છે.

દેવોમાં કેટલાક હલકા-કુતૂહલપ્રિય તથા મિથ્યાત્વી દેવો પણ હોય છે. તેમના કુતૂહલનો કે ઉદ્દંડતા કરવાનો સમય પણ નિયત હોય છે. જેમ પાઠ-શાળાઓમાં બાળકોને રમત-ગમત વગેરે પ્રવૃતિનો સમય ચોક્કસ હોય છે, તેમ તે તે દેવોના કુતૂહલના સમયમાં દેવવાણીવાળા આ શાસ્ત્રોના ઉચ્ચારણમાં ભૂલ થઈ જાય તો આ દેવો કુતૂહલ કે રોષ પ્રકટ કરી શકે છે. તેથી સ્વાધ્યાયના નિમિત્તે આવી આપત્તિ ન આવે, એટલા માટે તે તે સમયને ૩ર પ્રકારના અસ્વાધ્યાયમાં મૂકીને નિષેધ કરવામાં આવ્યો છે. રુધિર, પરૂ આદિની અસ્વાધ્યાય આત્મ(સ્વ) અસ્વાધ્યાય કહેલ છે. આ પોતાની વ્યક્તિગત અસ્વાધ્યાય ત્રણ દિવસ કે અનેક દિવસ નિરંતર રહી શકે છે. આ કારણે વ્યવહાર સૂત્ર ઉદ્દેશક–૭ તથા નિશીથ સૂત્ર ઉદ્દેશક–૧૯માં પરસ્પર સાધુ-સાધ્વીઓએ માસિકધર્મ કાળમાં પણ સૂત્રાર્થ વાંચણી દેવાનું વિધાન કર્યું છે. સાથે-સાથે માસિકધર્મ કાળમાં સ્વયં એકલા બેસીને સ્વાધ્યાય કરવાનો નિષેધ પણ કર્યો છે. નિર્યુક્તિ ભાષ્યમાં પોતાના લોહી પરૂના વિષયમાં શુદ્ધિ કરીને તથા વસ્ત્રપટ લગાવીને પરસ્પર વાંચના દેવાની સ્પષ્ટ વિધિ બતાવી છે.

આ જ પ્રકારે સૂત્રોના માસિકધર્મ સંબંધી અસ્વાધ્યાયમાં પણ આવશ્યક સૂત્રના પાઠોના(નવકાર મંત્ર વગેરે) ઉચ્ચારણ કરવાનું તથા અન્ય આગમોની વાંચના દેવાનું આગમ અને ભાષ્યોથી સિદ્ધ થાય છે. ત્યારે અસ્વાધ્યાયનો જ્યાં કિંચિત પણ સંબંધ નથી, તેવી ધાર્મિક ક્રિયાઓનો નિષેધ કરવો કદાપિ ઉચિત નથી.

શુચિ પ્રધાન સમાજની નજીક રહેવાથી વીતરાગ ધર્મમાં વિકૃતિ આવી ગઈ છે કે ધાર્મિક ક્રિયાઓ પણ ન કરવી પરંતુ આપણો ધર્મ વિનયમૂલ ધર્મ છે, શુચિમૂલક નથી. આગમમાં તો સાત દિવસની ચૌવિહારી તપસ્યા કરનારા નિરંતર કાયોત્સર્ગમાં લીન રહેનારા પડિમાધારી સાધુને સ્વમૂત્રપાન કરવાનું વિધાન પણ કરવામાં આવ્યું છે. આચારાંગ સૂત્રમાં ગૃહસ્થોને શુચિધર્મી કહીને ભિક્ષુઓને મોયસમાચારીવાળા કહ્યાં છે. અર્થાત્ આવશ્યકતા પડે તો તે સ્વમૂત્રનો પ્રયોગ કરે તેવા કહ્યાં છે. તેઓ શુચિ ધર્મી ન હોઈ શકે.

રાત્રિમાં સાધુઓએ આહાર-પાણી બધા જ પદાર્થોને ન રાખવાનું કહ્યું છે, (ત્યાગવાનું કહ્યું છે), કદાચ રાખેતો નિશીથ સૂત્રમાં તેનું પ્રાયશ્ચિત્ત પણ કહ્યું



છે. તથા અન્ય વિલેપનના પદાર્થોને રાત્રિમાં રાખવાનો નિષેધ તથા પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે. સાધુ-સાધ્વીએ પરસ્પર એકબીજાનું મૂત્ર લઈ પીવાનું કે અન્ય ઉપયોગ કરવાનું પણ સૂત્રમાં વિધાન મળે છે. અતઃ શુચિધર્મી જનસાધારણની નકલ કરીને ધાર્મિક ક્રિયાઓનો એકાંત નિષેધ કરવો તે આગમ સંમત નથી.

**ધુરંધર વિજય :–** પંડિતજી ! અમે તો સંવત્સરીના દિવસે પણ રજસ્વલા બહેનોને ધર્મ આરાધના કરવાની પૂર્ણતઃ ના પાડીએ છીએ, તેઓ એક નમસ્કાર મંત્ર પણ ભણી ન શકે. ખરેખર તેમને નિષેધ છે ?

**પંડિતજી :–** મુનિરાજ ! આ અર્વાચીન નકલ થયેલી પરંપરા છે, જે આગમોથી અને ભાષ્ય વ્યાખ્યાઓથી પણ વિરુદ્ધ છે. ઉપર કહેલ રાજેન્દ્ર કોષના સ્પષ્ટી-કરણોથી પણ વિરુદ્ધ છે.

પૂજ્ય મુનિરાજ આપ ચિંતન કરો કે પૌષધ, સામાયિક કે સંયમ લીધા પછી માસિક ધર્મ હોય તો તે વ્રત શું ખંડિત થઈ જાય છે ? તો પછી તે બાબતનો નિષેધ કેમ ? સ્વાધ્યાય કરતી વખતે જો કોઈ અસ્વાધ્યાયનું કારણ બની જાય તો તેનું જ્ઞાન થતાં સ્વાધ્યાય તરત જ રોકી શકાય છે. પરંતુ સંયમનો કે સામાયિક, પૌષધ કે પ્રતિક્રમણનો ત્યાગ કરવાની જરૂર નથી.

એટલે અસ્વાધ્યાયનો સંબંધ સૂત્ર પાઠના અધ્યયન સાથે જ છે પરંતુ ધાર્મિક ક્રિયાઓ સાથે નથી, એવું સમજવું જોઈએ અને લોકમાન્યતાને ધર્મ સિદ્ધાંતમાં આરૂઢ કરવી જોઈએ નહીં. કેમ કે તેમ કરવાથી નિષ્પ્રયોજન જ ધર્મ આરાધનામાં અંતરાય થાય છે અને તે આગમ વિરુદ્ધ છે.

**કેવલ મુનિ :–** જી હા પંડિતજી ! વાસ્તવમાં આવું કરવાથી ઘણી મોટી અંતરાય લાગે છે. સંવત્સરી મહાપર્વના દિવસે અઠ્ઠમ હોય અને કોઈ બહેનને પૌષધ કરવાના ભાવ થાય અને અચાનક માસિક ધર્મ શરૂ થઈ જાય તો તે બહેન એક નવકાર મંત્ર પણ ન ગણે, પ્રભુ ભક્તિ, સ્તુતિ ન કરે, ઉપાશ્રય પણ ન જાય અને અવ્રતમાં રહીને સાવદ્ય કાર્યમાં રચ્યાં-પચ્યાં ઘરમાં ફર્યા કરે એ જરાય ઉચિત નથી. આવા નિયમ ઘડવાનું તો સર્વજ્ઞોને દૂષિત કરવા જેવું ગણાય ! આગમમાં તો યથાવસર માસિક ધર્મમાં પરસ્પર વાંચના દેવા-લેવાની પણ છૂટ આપી છે. ભાષ્યમાં દેરાવાસી આચાર્યોએ તેની વિધિ પણ બતાવેલ છે. તો પછી આવા નિત્ય-નિયમોના સંબંધમાં એકાંત નિષેધ કરવામાં કોઈ લાભ નથી. નુકસાનીનો કાયદો ચલાવવો તે સર્વથા અનુચિત છે.

**ધુરંધર વિજયજી :–** પંડિત જી ! કોઈ વ્યક્તિને એકસીડંટ થઈ જાય અને તેના શરીરમાંથી કલાકો સુધી લોહી નીકળે તો શું તે પ્રભુ ભક્તિ કે નવકાર મંત્ર વગેરે ભણી શકે ?

**પંડિતજી :–** હા, મુનિવર ! આ જ વિવેક શીખવાનો છે કે આવા સમયે કોઈ ધર્મ સિદ્ધાંત દ્વારા પ્રભુ સ્મરણ વગેરે તથા ત્યાગ પ્રત્યાખ્યાનનો કે પાપોના ત્યાગનો નિષેધ ન કરી શકાય. કોઈને દીર્ઘકાલીન અશુચિમય રોગ કોઢ વગેરે થઈ જાય તો તે પણ એવી અવસ્થામાં યથાશક્તિ ધર્મ આરાધના કરી શકે છે, તેનો કોઈપણ ૩૨-૪૫ કે ૭૨ આગમોમાં નિષેધ નથી. આગમની અસ્વાધ્યાય પરિસ્થિતિનો આશય એટલો જ છે, કે આવશ્યક સૂત્ર (પ્રતિક્રમણ)ના પાઠોને છોડીને બાકી બધા આગમોના મૂળપાઠનું ઉચ્ચારણ અસ્વાધ્યાય કાળમાં ન કરવું જોઈએ.

માટે બધા અસ્વાધ્યાયોમાં આગમ પાઠના ઉચ્ચારણ સિવાય સામાયિક, પૌષધ, વ્યાખ્યાન શ્રવણ, પ્રતિક્રમણ, ગુઢદર્શન, જાપ-ધ્યાન વગેરે અન્ય કોઈપણ ધર્મારાધનની પ્રવૃત્તિઓ કરી શકાય છે.

## લઘુ સંવાદ : દિગંબર માન્યતા વિચારણા

***પ્રશ્ન :– સ્ત્રીનો મોક્ષ થઈ શકે છે ?***

**ઉત્તર :–** શ્વેતાંબર અને દિગંબર બંનેને પંદર ભેદે મોક્ષ હોવાનું માન્ય છે કેમ કે દિગંબરોના પોતાના શાસ્ત્રોમાં પણ સ્ત્રીલિંગ સિદ્ધ હોવાનું કહ્યું છે.

***પ્રશ્ન :– વસ્ત્ર ધારણ કરનારા સાધુ-સાધ્વી મોક્ષે જઈ શકે છે ?***

**ઉત્તર :–** સ્વલિંગ, અન્યલિંગ અને ગૃહસ્થલિંગ; આ ત્રણ પ્રકારના લિંગ વસ્ત્ર વિના સંભવી ન શકે અને ત્રણેય ને અચેલ માનવા તે અનુચિત છે, કેમ કે દિગંબરી માન્યતાનુસાર નિર્વસ્ત્ર બધા સ્વલિંગી હોય તો પણ ત્રણ પ્રકાર કહેવાનું નિરર્થક જ ગણાય. ફક્ત એકને જ સ્વલિંગવાળા કહી શકાય. કેમ કે બધા નગ્નોનો એકમાં સમાવેશ થઈ જાય છે. તેમને અલગ-અલગ લિંગવાળા કહેવાની પછી તો જરૂર જ રહેતી નથી. જ્યારે ત્રણે ય પ્રકારના લિંગવાળાને મોક્ષ મળવાનું વિધાન શ્વેતાંબર-દિગંબર બંનેના શાસ્ત્રોમાં છે.

***પ્રશ્ન :– શું આપણા આગમો પ્રાચીન નથી ? બધાં જ આગમો આચાર્યોએ બનાવ્યા છે ?***

**ઉત્તર :–** દિગંબરોનું આ વિષયમાં જે કથન છે તે ભ્રમપૂર્ણ છે. કેમ કે સંપૂર્ણ જ્ઞાનનો વિચ્છેદ માનવાથી તેના આચાર્યોને શ્રુતહીન, અજ્ઞાની જ માનવા પડે અને આમ અજ્ઞાની દ્વારા રચાયેલા શ્રુતને મિથ્યાશ્રુત જ માનવું પડે.

***પ્રશ્ન :– આપણા શાસ્ત્રોની પ્રમાણિકતા પ્રાચીનતાનું કોઈ પ્રમાણ છે ખરૂં ?***

**ઉત્તર :–** જો દિગંબરોથી જૂદા થઈને શ્વેતાંબરોએ પોતાના શાસ્ત્રો રચ્યાં હોત તો શ્વેતાંબર શાસ્ત્રોમાં જુદી-જુદી જગ્યાએ વસ્ત્ર રહિત હોવાનો નિષેધ થયો હોત તે સ્વાભાવિક છે. પરંતુ આ શાસ્ત્રોમાં અચેલ હોવાનું પ્રશસ્ત કહ્યું છે. અચેલતાનું



સુંદર વિધાન હોય અને ખંડનનો અભાવ હોય એ વાત જ આ શાસ્ત્રોની પ્રાચીનતાને સિદ્ધ કરી દે છે. જ્યારે દિગંબર શાસ્ત્રોમાં વસ્ત્રનો નિષેધ તથા ખંડન પણ છે તેમજ ક્યાંય વસ્ત્રની પ્રશંસા જોવા મળે પણ નહીં. એ જ તેમની અર્વાચીનતા સ્પષ્ટ સિદ્ધ કરે છે.

કોઈપણ છદ્મસ્થ પોતાના દ્વારા નવનિર્મિત શાસ્ત્રોમાં પોતાના આગ્રહ તથા નિર્ણયને નિશ્ચિત્ત જ સ્થાન આપે છે, આવી છદ્મસ્થતા પણ દિગંબર શાસ્ત્રોમાં છે પરંતુ શ્વેતાંબર શાસ્ત્રોમાં તેવું નથી. એટલે આપણા શાસ્ત્રો તીર્થંકર પ્રણીત મૌલિક છે, છદ્મસ્થકૃત નથી. આ શાસ્ત્રોમાં ખૂબ જ સમાનભાવોથી અચેલ તથા સચેલ બંને પ્રકારનું વર્ણન છે.

***પ્રશ્ન :– સ્ત્રીલિંગ સિદ્ધનો અર્થ સ્ત્રીનો મોક્ષ સમજવાને બદલે કોઈ પુરુષ સ્ત્રીનો વેશ પહેરે તો તેની અપેક્ષાએ તેને સ્ત્રીલિંગ સિદ્ધ સમજવું. ?***

**ઉત્તર :–** સૂતરનો એક તાંતણો પણ કોઈની પાસે હોય તો તેની મુક્તિ અટકી જાય છે, તો સ્ત્રીના વેશ યુક્ત પુરુષને મોક્ષે મોકલાય ? આ વાત જ મૂર્ખામીવાળી છે.

***પ્રશ્ન :– ભાવની અપેક્ષાએ સ્ત્રીવેદ હોય તો મોક્ષે જાય તેને સ્ત્રીલિંગ સિદ્ધ માની શકાય ?***

**ઉત્તર :–** આવું વિચારવું તે પણ ખોટું છે. કોઈપણ ભાવ-વેદ હોય ત્યાં સુધી મુક્તિ થઈ શકતી નથી. ભાવની અપેક્ષાએ અવેદીને જ મુક્તિ મળી શકે છે.

## જિનમંદિર : આગમમાં પ્રક્ષેપ વિચારણા

***પ્રશ્ન :– અન્ય મતના શાસ્ત્રોમાં પણ જિનમંદિરના કથનો છે એટલે મંદિર પૂજા ઘણી પ્રાચીન છે ?***

**ઉત્તર :–** અન્ય મતના શાસ્ત્રોનો રચના સમય પણ આગમ લેખન કાળ શરૂ થયા પછીનો જ જાણવો અને તે કાળમાં બધા લોકો પોતાના શાસ્ત્રોમાં જે ફાવ્યું તે લખતા હતા તેથી તેવા શાસ્ત્રો બન્યા છે. એટલે અન્ય મતના શાસ્ત્રોનું મહત્વ આપણા ગ્રંથોની સરખામણીમાં ઓછું જ સમજવું જોઈએ.

એ મધ્યકાલીન યુગમાં કેટલીય અયુક્ત વાતો ગ્રંથોમાં જોડી દીધી છે અને તક મળે ત્યારે પૂર્વાચાર્યોની રચનાઓમાં પણ બેધડક પ્રક્ષેપ કરવાની સત્તા રાખવામાં આવી છે.

***પ્રશ્ન :– આ બાબતનું ઉદાહરણ આપશો ?***

**ઉત્તર :–** (૧) રાવણે તીર્થંકર ગોત્ર બાંધ્યું અને તે ચોથી નરકમાં ગયો, તેવું કહ્યું છે જે આગમથી તથા કર્મગ્રંથથી વિપરીત છે. (૨) એક તીર્થ પર પગ મૂકવાથી મોક્ષ મળે અથવા એક મંદિર બનાવવાથી મોક્ષ મળે તેમ હોય, એટલે પૈસાથી જ

ધર્મ અને મોક્ષ પ્રાપ્ય હોય તો ચક્રવર્તીઓ નરકે શા માટે જાય ? અને પૈસાદારોએ સાધુપણું શા માટે સહેવું ? તેઓ તો પૈસાથી મંદિર બાંધીને આરામથી મોક્ષે જઈ શકે ને ? (૩) ગૌતમસ્વામીની સાથે ૧,૫૦૦ સાધુને કેવળજ્ઞાન થયું તેમ કહ્યું છે જ્યારે ભગવાનના કેવળી સાધુની સંપદા ૭૦૦ ની જણાવી છે ! ગણધરોના શિષ્યોને પણ ભગવાનની સંપદામાં ગણવામાં આવે ત્યારે ૧૪,૦૦૦ સાધુ થાય. (૪) કલ્પસૂત્રમાં જૂઓ તો તેમાં કલ્પનાઓ અને ખોટી માન્યતાઓનું પૂર જણાય છે. એક છેદસૂત્રના એક અધ્યયનના નામે આટલા બધા ગોટાળા કરવા, તે તો ભયંકર અપરાધ જ ગણાય અને શાસ્ત્રોના નામે ગોટાળા કરનારાઓ નિર્યુક્તિ, ભાષ્યોમાં મરજી પ્રમાણે વાતો રચે તેમાં શી નવાઈ? વાસ્તવમાં પર્યુષણા કલ્પસૂત્રના સ્વતંત્ર અસ્તિત્વનું આચાર્ય મલયગિરિના વખત સુધી નામોનિશાન ન હતું !

***પ્રશ્ન :– કેટલાય પ્રમાણિક ગ્રંથોમાં મૂર્તિપૂજા, મંદિરનું વર્ણન તો છે જ ને ?***

**ઉત્તર :–** નંદી સૂત્રમાં કહેલ શ્રુતજ્ઞાન રૂપ ૭૨ શાસ્ત્રોમાં ક્યાંય પણ શ્રાવક સાધુ દ્વારા નિર્મિત મૂર્તિ અથવા મૂર્તિપૂજા કે મંદિર નિર્માણનો ઉલ્લેખ નથી અને કોઈ આચાર શાસ્ત્રમાં પણ આ સંબંધી વિધાન નથી.

આ ૭૨ શાસ્ત્રો સિવાયના અન્ય કોઈપણ ગ્રંથ કે વ્યાખ્યા, નિર્યુક્તિ, ભાષ્ય વગેરે છે તે બધા નંદીસૂત્ર પછી બન્યાં તે નિશ્ચિત છે, કેમ કે તે બધાં સ્વતંત્ર ગ્રંથ રૂપમાં બનાવેલાં છે. નંદીસૂત્ર કર્તાને એક પૂર્વનું જ્ઞાન હતું તેમણે એક પૂર્વધરો દ્વારા રચિત અનેક શાસ્ત્રોને શ્રુતમાં ગણેલ છે અને ૭૨ નામો પછી અંત કરતાં કહ્યું છે કે ભગવાનના શાસનમાં જેટલા બુદ્ધિમંત સાધુઓ હોય તેટલાં પ્રકીર્ણક શ્રુત જાણવા. પરંતુ નિર્યુક્તિ ભાષ્ય ટીકા વગેરેને કોઈ શ્રુત સંખ્યામાં નથી કહ્યાં અને હિમવંત સ્થવિરાવલી વગેરેને પણ શ્રુતમાં નથી કહ્યાં એટલે કે બધી પછીની રચનાઓ છે, તે સ્પષ્ટ છે. નહિ તો દેવર્દ્ધિગણિ દ્વારા પૂર્વધરોની રચનાઓને શ્રુતમાં ન ગણવાનું કોઈ કારણ ન હતું. પોતાની રચનાને પણ શ્રુતમાં ગણી છે.

નિર્યુક્તિઓમાં ચૌદપૂર્વી ભદ્રબાહુને તથા વજ્રસ્વામી વગેરેને નમસ્કાર કરેલ છે. નિર્યુક્તિની ચૂર્ણિ કરનારા જિનદાસગણિ પણ એજ કહે છે કે અહીં પ્રથમ ગાથામાં નિર્યુક્તિકાર મહારાજ સૂત્રકર્તા શ્રી ચૌદપૂર્વી ભદ્રબાહુને પ્રણામ કરે છે.

શાસ્ત્રોદ્ધારક પંડિતરત્ન શ્રી પુણ્યવિજયજી લખે છે, કે નિર્યુક્તિઓની રચનાના સંબંધમાં પ્રચલિત ગોટાળો ચૂર્ણિકારના સમયમાં ન હતો. એ તો તેરમી, ચૌદમી શતાબ્દીમાં નામ સામ્યતાથી શરૂ થયેલ ગોટાળો છે. જે ઈતિહાસની વિકૃતિઓના પ્રચારથી ઉત્પન્ન થયેલ છે.

***પ્રશ્ન :– જિનદાસ ગણિનો સમય ક્યો છે ?***

**ઉત્તર :–** વીર નિર્વાણ બારમી, તેરમી શતાબ્દીનો મનાય છે.



***પ્રશ્ન :– કેટલાક શ્રાવકો, સાધુઓએ મંદિર બનાવ્યાં છે, એવું કેટલીય કથા ઓમાં આવે છે.***

**ઉત્તર :–** નંદી સૂત્રમાં કહ્યાં છે તે શાસ્ત્રોમાં લગભગ ૨૦૦૦ પાનાઓ જેટલી કથાઓ છે પરંતુ એક પણ જગ્યાએ સાધુ કે શ્રાવક દ્વારા મંદિર બનાવવાની કે તેવી પ્રેરણાની વાતનું નામનિશાન પણ નથી. તો પછીના કથા ગ્રંથોમાં તે ક્યાંથી આવે ? સ્વચ્છંદ મતિ કલ્પિત થવા સિવાય તેને કોઈ સ્થાન પ્રાપ્ત થાય નહીં.

***પ્રશ્ન :– મંદિર માર્ગવાળા લોકો તો અમને કહે છે કે તમે પૂર્વાચાર્યો મહાપુરુષોના શાસ્ત્રોને નથી માનતા તે ઠીક નથી. પરંતુ તેઓ કેમ ૪૫-૪૫ જ કહ્યાં કરે છે ?***

**ઉત્તર :–** હાથીનાં દાંત ચાવવાના જુદાને દેખાડવાના જુદા તેવી આ વાત છે. તે જ રીતે બીજા પર આક્ષેપ કરવાનો હોય ત્યારે બધા ગ્રંથ સાહિત્યને શાસ્ત્ર માનવાનો આગ્રહ કરશે. પરંતુ પોતે પોતાના મોં એ ૪૫ શાસ્ત્ર ગણાવીને હરિભદ્રસૂરિ, દેવેન્દ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, મલયગિરિ રચિત અનેક ગ્રંથોને આગમમાં નથી ગણતાં આવી બેવડી ચાલ ચાલવાની તેમની આદત બની ગઈ છે. કર્મગ્રંથ, ત્રિષષ્ટિ- શલાકા પુરુષ ચરિત્ર, પરિશિષ્ટ પર્વ, બૃહત્સંગ્રહણી વગેરેને તેઓ ૪૫ આગમમાં નથી ગણતાં તેમ છતાં તેમને કોઈ દોષ લાગતો નથી અને ૩૨ આગમો માનનારાને તેઓ અનેક ગ્રંથો માનવાનો આગ્રહ તથા આક્ષેપ કરે છે, એ તેમની 'દીવા નીચે અંધારું ન દેખાય' તેવી સ્થિતિ છે.

આ વિષયોનું સ્પષ્ટીકરણ વિસ્તૃત સંવાદમાં કર્યું હોવાથી અહીં સંક્ષિપ્તમાં જ જણાવ્યું છે.

## જિન શાસન એકતા

## સંવત્સરી પર્વ વિચારણા સંવાદ

*[**નોટ–** સંવત્સરી સંબંધી વિવિધ વિષયોને સુગમતાથી સમજાવવા જિજ્ઞેશ તથા દિનેશના નામે સંવાદ આપેલ છે.]*

***જિજ્ઞેશ :– સંવત્સરી પર્વની પ્રાચીન તિથિ કઈ છે ?***

**દિનેશ :–** ભાદરવા સુદ પાંચમ.

***જિજ્ઞેશ :– આજ કાલ ચોથની સંવત્સરી પણ હોય છે, એનું શું કારણ છે ?***

**દિનેશ :–** એક એવું કથાનક પ્રચલિત છે કે કોઈ ચાતુર્માસમાં એક રાજાના આગ્રહથી એક આચાર્યને ચોથની સંવત્સરી કરવી પડી હતી. તેને જ પરંપરા બનાવીને આજ સુધી પણ કેટલાક ચોથની સંવત્સરી કરે છે.

***જિજ્ઞેશ :– ચોથની સંવત્સરી કોણ મનાવે છે ?***

**દિનેશ :–** શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ.

***જિજ્ઞેશ :– પાંચમની સંવત્સરી કોણ મનાવે છે ?***

**દિનેશ :–** શ્વે. સ્થાનકવાસી સમાજ તથા શ્વે. તેરાપંથી સમાજ.

***જિજ્ઞેશ :– દિગંબર સમાજ સંવત્સરી ક્યારે મનાવે છે ?***

**દિનેશ :–** દિગંબર સમાજ પણ સંવત્સરી ભાદરવા સુદ પાંચમની મનાવે છે. પરંતુ તેઓએ સંવત્સરી પછી નવ દિવસ આરાધનાના રાખ્યા તથા ધીરે-ધીરે ભાદરવા સુદ પાંચમનું મહત્વ ઘટીને ધર્મારાધનાના છેલ્લા દિવસ ચતુર્દશીનું મહત્વ વધી ગયું અને તે દિવસ સંવત્સરી જેવો મહત્વનો પ્રચલિત થઈ ગયો. તો પણ તેમની પર્યુષણ પર્વારાધના ભાદરવા સુદ પાંચમથી જ પ્રારંભ થતી મનાય છે.

***જિજ્ઞેશ :– જૈનોના મુખ્ય ચાર ફિરકા છે, તેમાં ચતુર્થીવાળા કેટલા છે ? અને પંચમીવાળા કેટલા છે ?***

**દિનેશ :–** શ્વે. મૂર્તિપૂજક સિવાયના ત્રણેય ફિરકા ભાદરવા સુદ પાંચમને સંવત્સરી પર્વ માનનારા છે. શ્વે. મૂર્તિપૂજકમાં પણ કોઈ સમુદાય પાંચમની માન્યતાવાળા છે.

***જિજ્ઞેશ :– ચતુર્થીની સંવત્સરી મનાવનારા પણ પાંચમની પ્રાચીનતા તથા મૌલિકતા સ્વીકારે છે ?***

**દિનેશ :–** હા, ચતુર્થીની સંવત્સરી મનાવનારા બધા સુજ્ઞ સાધકો પંચમીની મૌલિકતા તથા પ્રાચીનતા સહર્ષ સ્વીકારે છે તથા ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણના સેંકડો વર્ષો પછી ચોથની પરંપરા ચાલુ થયાનું માને છે.

***જિજ્ઞેશ :– એક આચાર્યએ એક નગરમાં સંજોગોવશાત્ ચતુર્થીની સંવત્સરી કરી હતી તો તેને કાયમી પરંપરા કેમ બનાવી ?***

**દિનેશ :–** સમાજમાં એવી ઘણી પરંપરાઓ એમજ પડી જાય છે. પાછળનો સમાજ તેને ધ્રુવ સિદ્ધાંત બનાવી લે છે. તેનું કારણ અવિચારકતા તેમજ ભક્તિનો અતિરેક જ સમજવું જોઈએ.

***જિજ્ઞેશ :– ચતુર્થીની સંવત્સરી કરવી એ શું આગમ વિરુદ્ધ છે ? તેનું કોઈ પ્રાયશ્ચિત્ત છે ?***

**દિનેશ :–** હા, ચતુર્થીની સંવત્સરી કરવી તે આગમ આજ્ઞાનું ઉલ્લંઘન છે તથા શાસ્ત્રમાં તેનું પ્રાયશ્ચિત્ત કહેલ છે.

***જિજ્ઞેશ :– તેનું આગમ પ્રમાણ શું છે ?***

**દિનેશ :–** નિશીથ સૂત્ર ઉદ્દેશક–૧૦, સૂત્ર–૩૬, ૩૭.

***જિજ્ઞેશ :– તે સૂત્રોમાં શું કહેવામા આવ્યું છે ?***



**દિનેશ :–** નિશીથ સૂત્રના આ બે સૂત્રોનો આશય આ પ્રમાણે છે– (૧) સંવત્સરીનો જે નિશ્ચિત દિવસ છે, તે દિવસે સંવત્સરી પર્વ આરાધના ન કરવી, તે એક અપરાધ છે. (૨) સંવત્સરીના નિશ્ચિત દિવસે સંવત્સરી પર્વ આરાધના ન કરતાં અન્ય કોઈપણ દિવસે સંવત્સરી પર્વની આરાધના કરવી, તે પણ અન્ય અપરાધ છે. આ બંને અપરાધ કરનાર શ્રમણને ગુઢ ચોમાસી પ્રાયશ્ચિત આવે છે.

***જિજ્ઞેશ :– સંવત્સરીના નિશ્ચિત દિવસ તો આજકાલ ચોથ અને પાંચમ બંને પ્રચલિત છે ને ? તો પ્રાયશ્ચિત્ત કોને આવે છે ?***

**દિનેશ :–** નિશીથ સૂત્રનો આ પાઠ તો અતિ પ્રાચીન તેમજ ગણધર રચિત છે, તથા ચોથની પરંપરા તો વીર નિર્વાણના સાધિક ૯૦૦ વર્ષ પછીની છે. પાંચમની નિશ્ચિત તિથિ જ આગમકાલીન છે અને આગમ નિશીથ સૂત્રનું ઉપરનું વિધાન પણ પંચમીની અપેક્ષાએ જ છે.

***જિજ્ઞેશ :– પાંચમનું સ્પષ્ટ પ્રમાણ શું છે ?***

**દિનેશ :–** ચોથ કે પાંચમ કોઈપણ દિવસે સંવત્સરી માનનારા પણ પાંચમને જ મૌલિક, પ્રાચીન તેમજ આગમકાલીન સહર્ષ સ્વીકારે છે. તેમાં કોઈનો વિરોધ છે જ નહીં. એ સત્ય હકીકત છે. એ જ પાંચમની પ્રાચીનતાનું પ્રબળ પ્રમાણ છે.

આગમમાં સંવત્સરીનો એક નિશ્ચિત દિન હોવાનો નિર્દેશ છે અને આગમની વ્યાખ્યામાં અનેક સ્થાને 'ભાદરવા સુદ પંચમી'નો જ નિર્દેશ કરેલ છે. પ્રચલિત ચતુર્થીને માટે પણ એક રાજા અને એક આચાર્યનું ઘટિત કથાનક આપેલ છે, તેનાથી પણ પાંચમની જ મૌલિકતા સ્પષ્ટ થાય છે તથા ચોથ તો પાછળથી ચલાવેલી પરંપરાથી છે, તે પણ સ્પષ્ટ છે.

***જિજ્ઞેશ :– નિશીથ સૂત્રમાં નિશ્ચિત તિથિએ સંવત્સરી આરાધના કરવા સિવાય બીજા સંવત્સરી સંબંધી શું-શું વિધાન છે ?***

**દિનેશ :–** નિશીથ સૂત્ર ઉદ્દેશક–૧૦માં સંવત્સરી સંબંધી અન્ય વિધાનો આ પ્રમાણે છે– (૧) સંવત્સરી સુધીમાં શ્રમણે લોચ અવશ્ય કરી લેવો જોઈએ. ગો રોમથી નાના વાળ હોય તો લોચ કરવો જરૂરી નથી. (૨) સંવત્સરીના દિવસે શ્રમણે ચૌવિહારો ઉપવાસ કરવો જરૂરી છે. તેણે કિંચિત્ પણ આહાર-પાણી સંવત્સરીના દિવસે વાપરવા નહીં. (૩) પર્યુષણ કલ્પ નામના દશાશ્રુત સ્કંધ સૂત્રના આઠમા અધ્યયનનું સંવત્સરીના દિવસે વાંચન, શ્રવણ, ચિંતન, મનન કરવું જરૂરી છે. તેને ગૃહસ્થ પરિષદમાં સંભળાવવું ન જોઈએ.

***જિજ્ઞેશ :– નિશીથ સૂત્રના આ વિધાનોમાં સંવત્સરી પ્રતિક્રમણ સંબંધી શું કોઈ વિધાન નથી ?***

**દિનેશ :–** નિશીથ સૂત્રમાં ઉપરોક્ત સાધ્વાચાર સંબંધી વિશિષ્ટ વિધાન છે.

પ્રતિક્રમણ સંબંધી તેમાં કોઈ વિધાન નથી. તેનું કારણ એ છે કે પ્રતિક્રમણ તો શ્રમણોનું સામાન્ય આવશ્યક વિધાન છે. તેથી વિશેષ વિધાનોમાં તેના કથનની કોઈ આવશ્યકતા પણ નથી.

***જિજ્ઞેશ :– શું શ્રમણ-શ્રમણીઓનું સંવત્સરી પ્રતિક્રમણ કરવાનું વિશેષ કર્તવ્ય નથી?***

**દિનેશ :–** ચોવીસમા તીર્થંકરના શાસનમાં શ્રમણ-શ્રમણીઓને નિત્ય ઉભયકાલ પ્રતિક્રમણ કરવાનું આવશ્યક હોય છે, જેથી શ્રમણ નિત્ય જ વ્રત શુદ્ધિ તેમજ ક્ષમાપના ભાવમાં ઉપસ્થિત થાય છે. આ પ્રતિક્રમણ ધર્મવાળા પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનના શ્રમણોનો દૈવસિક ધ્રુવાચાર છે. તેથી સંવત્સરી આરાધનાના આ વિષયોમાં તેનું જુદું કથન કરેલ નથી.

***જિજ્ઞેશ :– પાખી, ચોમાસી તથા સંવત્સરી પ્રતિક્રમણનું જે અલગ મહત્વ માનવામાં આવે છે, તે કઈ અપેક્ષાએ ?***

**દિનેશ :–** શ્રાવક વર્ગમાં ઉભયકાળ નિત્ય પ્રતિક્રમણ કરનારા હોતા નથી. અમુક શ્રાવકો જ નિત્ય પ્રતિક્રમણ કરે છે પરંતુ અધિકાંશતઃ પાક્ષિક, ચોમાસી કે સંવત્સરી પ્રતિક્રમણ કરનારા હોય છે. તેથી તેની બહુલતાના લક્ષે શ્રાવક સમાજની અપેક્ષાએ પાક્ષિક, ચોમાસી તેમજ સંવત્સરી પ્રતિક્રમણનું મહત્વ સમજવું જોઈએ.

***જિજ્ઞેશ :– જ્ઞાતાસૂત્રના પાંચમા અધ્યયનમાં શ્રમણોને માટે પણ પર્વદિન ચોમાસી, પાખીના પ્રતિક્રમણ સંબંધી વર્ણન છે ને ?***

**દિનેશ :–** જ્ઞાતાસૂત્રમાં વર્ણિત શ્રમણ ૨૨ મા તીર્થંકરના શાસનવર્તી હતા. બીજા તીર્થંકરથી ૨૩મા તીર્થંકર સુધીના શાસનવર્તી શ્રમણોને નિત્ય દેવસીય રાત્રિક પ્રતિક્રમણ કરવું આવશ્યક હોતું નથી. તેથી શ્રાવક વર્ગની જેમ તેમને પણ પાક્ષિક આદિ પર્વ તિથિઓનું વિશેષરૂપે પ્રતિક્રમણ હોય છે. એ અપેક્ષાએ જ જ્ઞાતાસૂત્રનું તે વર્ણન છે.

***જિજ્ઞેશ :– નિશીથ સૂત્ર સિવાય અન્ય આગમમાં સંવત્સરી સંબંધી કોઈ વિધાન છે ?***

**દિનેશ :–** સમવાયાંગ સૂત્ર સમવાય–૭૦માં વિધાન છે. જેનો આશય એમ માનવામાં આવે છે કે ચોમાસાના એક માસ અને વીસ દિવસ વીતે ત્યારે તથા સિતેર દિવસ શેષ રહે ત્યારે સંવત્સરી પર્વ આરાધના કરવી જોઈએ. તે સિવાય ત્યાં અન્ય કોઈ વિષય નથી. આ સૂત્રની ટીકામાં પણ ભાદરવા સુદ પાંચમનું જ કથન કરવામાં આવેલ છે.

***જિજ્ઞેશ :– કલ્પસૂત્રમાં પણ સંવત્સરી સંબંધી વિધાન છે ને ?***

**દિનેશ :–** કલ્પસૂત્ર ૩૨ આગમમાં નથી, તથા ૪૫ આગમમાં પણ આ સૂત્રની



ગણતરી થતી નથી. તે દશાશ્રુત સ્કંધના આઠમા અધ્યયનના નામે અન્ય અનેક ઉચિત અનુચિત મિશ્રણોથી બનેલ સૂત્ર છે. આ કલ્પસૂત્રનું પ્રથમ સૂત્ર સંવત્સરી વિષયક છે જે તર્ક સંગત પણ નથી, આગમ વિપરીત પણ છે. આ વિષયની અન્ય વિસ્તૃત જાણકારી છેદશાસ્ત્ર, સારાંશ ખંડ–૪ના પરિશિષ્ટમાં જોઈ લેવી.

***જિજ્ઞેશ :– સ્થાનકવાસી, તેરાપંથી તથા દિગંબર એ ત્રણે ય જૈન ફિરકા પાંચમનો સ્વીકાર કરનારા હોવા છતાં પણ તેઓ ક્યારેક ચોથની અને ક્યારેક પાંચમની સંવત્સરી કરતાં જોવા મળે છે. સ્થાનકવાસી સમાજનાં સમુદાયો પણ એક જ વર્ષમાં કોઈ ચોથની તો કોઈ પાંચમની સંવત્સરી મનાવતાં હોય છે તથા સંવત્સરી પર્વની એકતા અનેકતાના નામે આ પાંચમ પક્ષવાળામાં પણ પરસ્પર વિવાદ કેમ થાય છે ?***

**દિનેશ :–** તેમાં બે વિભાગ છે. એક વિભાગ પ્રતિક્રમણ સમયે પાંચમના ઘડી-પળ હોવાનો આગ્રહ રાખે છે. બીજો વિભાગ પંચાંગમાં લખેલી પાંચમનો સ્વીકાર કરે છે; એ જ વિવાદ અને વિભેદનું મુખ્ય કારણ છે.

***જીજ્ઞેશ :– આ બંને વિભાગોમાં કોણ કઈ બાજુ છે ?***

**દિનેશ :–** શ્વેતાંબર તેરાપંથ, કેટલાક સ્થાનકવાસી તથા પ્રાયઃ દિગંબરનું એક સંમિલિત સંગઠન છે. જે પંચાંગમાં લખેલી પાંચમે સંવત્સરી કરવાના નિર્ણયમાં સંકલ્પ બદ્ધ છે. આ પહેલો વિભાગ છે.

બીજા વિભાગમાં બાકીના સ્થાનકવાસીના કેટલાક સંપ્રદાયો છે. તે અસ્ત તિથિની પ્રમુખતા મુજબ પર્વ કરે છે. તેને પોતાની પ્રાચીન પરંપરા સમજે છે તથા પ્રતિક્રમણના સમયે ઘડીઓ પળોમાં પાંચમ આવવાનું ધ્યાન રાખે છે. એ કારણે આ સમુદાયો ક્યારેક પંચાંગમાં લખેલ ચોથની સંવત્સરી કરે છે, ક્યારેક પંચાંગમાં લખેલી પાંચમની સંવત્સરી કરે છે.

***જિજ્ઞેશ :– પ્રતિક્રમણ સમયે ઘડી-પળ પાંચમના જોવા ઉચિત છે ?***

**દિનેશ :–** ઉપર બતાવેલ છે કે શ્રમણોને માટે સંવત્સરીનું આગમિક મહત્વ ઉપવાસ આદિ કર્તવ્યોને માટે છે, પ્રતિક્રમણ માટે નહિ. આગમમાં સંવત્સરી પ્રતિક્રમણ કરવા સંબંધી પ્રાયશ્ચિત્ત ન કહેતાં ઉપવાસ ન કરવાનું પ્રાયશ્ચિત્ત કહેલ છે. તેથી પાંચમના ઘડીપલને પ્રતિક્રમણ માટે શોધવા ઉચિત નથી. ઉપવાસને યોગ્ય પાંચમનો દિવસ કયો છે, તે શોધવું અને વિચારવું જોઈએ.

***જિજ્ઞેશ :– શાસ્ત્રમાં સંવત્સરીનો ઉપવાસ કરવાનું પ્રમુખ કર્તવ્ય છે તો શું તેને પાંચમના ઘડી-પળે કરવાનું ધ્યાન રાખવું જોઈએ ? શા માટે ?***

**દિનેશ :–** ઘડી-પળની પાંચમ જોઈને ઉપવાસ કરવો સંભવ પણ નથી અને એવો ઉપવાસ જૈન માન્યતાથી વિપરીત અને હાસ્યાસ્પદ થાય છે. કારણ કે જો

ચોથના દિવસે ૪ વાગે પાંચમની ઘડી ચાલુ થઈને બીજે દિવસે ત્રણ વાગે સમાપ્ત થઈ જાય, ત્યારે ઘડી-પળની પાંચમ કરવાવાળા ચોથના ૪ વાગ્યા સુધી ખાશે અને પાંચમના ૩ વાગ્યા પછી પારણું કરી લેશે. આમ જૈનાગમ મુજબ ચોથનો પણ તેનો ઉપવાસ નહીં થાય અને પાંચમનો પણ નહીં થાય. તેથી ઉપવાસ તો પંચાંગમાં લખેલી તિથિ પ્રમાણે જ કરવો યોગ્ય છે. તે પંચાંગની તિથિ નિશ્ચિત હોય છે. ઘડી-પળ મુજબ ઉપવાસ કરવાને તો જૈન શું જૈનેતર સમાજ પણ માન્ય કરતા નથી.

***જિજ્ઞેશ :– શું અસ્તતિથિના આગ્રહવાળા આટલી સ્પષ્ટ પ્રમાણયુક્ત વાતને સમજી શકતા નથી ?***

**દિનેશ :–** પ્રતિક્રમણ અને ઉપવાસમાંથી આગમમાં ઉપવાસનું મહત્ત્વ છે, એ જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી તેઓ પ્રતિક્રમણની પ્રમુખતામાં ગુંચવાયા રહેવાને કારણે આ વાતને સહજ સમજી શકતા નથી તથા સ્વીકારી પણ શકતા નથી.

***જિજ્ઞેશ :– આગમમાં કે ગ્રંથોમાં ઉદય-અસ્ત સંબંધી કંઈ પણ કથન છે ?***

**દિનેશ :–** ૩૨ આગમો કે ૪૫ આગમોમાં ૬ પર્વ તિથિઓનો તથા ચાતુર્માસી સંવત્સરી પર્વનો નિર્દેશ છે. પરંતુ ઉદય-અસ્ત, ઘડી-પલ આદિના હિસાબનો નિર્દેશ જરા પણ નથી. **પ્રાચીન જૈનગ્રંથોમાં ઉદય તિથિને** જ પર્વકૃત્યો માટે સ્વીકારેલ છે અર્થાત્ પ્રચલિત વ્યવહારિક તિથિના દિવસે જ પર્વો મનાવવાની પ્રેરણા કરેલ છે તેમજ તેનું જ ઔચિત્ય બતાવેલ છે.

***જિજ્ઞેશ :– જૈનગ્રંથના તે વાક્યાંશો અર્થ સહિત સમજાવો.***

**દિનેશ :–** धर्म कर्मादिषु(प्रगट) तिथिरूपा तिथिरेव ग्राह्या । तिथिश्च प्रातः प्रत्याख्यान वेलायां या स्यात् सा प्रमाणम् । सूर्योदयानुसारेणेव लोकेऽपि दिवसादि व्यवहारात् । आहुरपि–

**ગાથા–** चाउमासिय वरिसे, पक्खीअ पंचऽट्ठमीसु ।
ताओ तिहिओ जासिं, उदेइ सूरो न अण्णाओ ॥१॥

पूआ पच्चक्खाणं पडिक्कमणं तह य नियम गहणं च ।
जीए उदेइ सूरो, तीए तिहिए उ कायव्वं ॥२॥

उदयम्मि जा तिहि सा पमाणं, इयराए कीरमाणीए ।
आणाभंग अणवत्था मिच्छत्त विराहणं पावे ॥३॥

**ભાવાર્થ :–** ધર્મકાર્યોમાં જે વ્યવહારિક તિથિ હોય છે તે જ સ્વીકારવી જોઈએ. ચાતુર્માસી, સંવત્સરી, પાંચમ, આઠમ, પાખી વગેરે એ જ તિથિઓ હોય છે કે જેમાં સૂર્ય ઉદય થાય છે, અન્ય તિથિ નહીં. પૂજા, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, નિયમ ગ્રહણ આદિ ઉદય તિથિ(વ્યવહારિક તિથિ) અનુસાર કરવી જ પ્રમાણિક થાય



છે. અન્ય અવ્યવહારિક તિથિએ ઉક્ત કાર્ય કરવાથી આગમ આજ્ઞા ભંગ કરવાનો દોષ લાગે છે તથા અન્ય પણ અનેક દોષો લાગે છે– *અભિ૦ રા૦ કોષ ભાગ-૩ 'તિહિ'.*

***જિજ્ઞેશ :– ઘડી-પળ જોઈને જ પર્વતિથિનો નિર્ણય કરવાની પરંપરા જે ચાલી રહી છે તેને છોડી દેવી શું ઉચિત છે ?***

**દિનેશ :–** પરંપરાઓ તો ઘણી બનતી રહે છે તથા બદલતી રહે છે. કોઈપણ એવો સમુદાય નથી કે જે કહી શકે કે અમારા સમુદાયમાં ૫૦-૧૦૦ વર્ષમાં કોઈપણ પરંપરા બદલી નથી. તેથી પરંપરાનો તર્ક કે આગ્રહ મહત્ત્વનો નથી.

***જિજ્ઞેશ :– શું પરંપરાઓનું કોઈ મહત્ત્વ જ નથી ? કોઈપણ પરંપરા બદલી શકે છે ?***

**દિનેશ :–** (૧) કોઈપણ પરંપરા કોઈપણ આગમથી વિપરીત હોય તો ખ્યાલમાં આવતાં જ તેનું પરિવર્તન કરવું સર્વથા ઉચિત છે. તેનો આગ્રહ રાખવો સર્વથા અનુચિત છે.

(૨) કોઈ પરંપરાના સંબંધમાં આગમમાં સંમતિ કે વિરોધ ન હોય તો તેમાં ક્ષેત્રકાળની અપેક્ષા હાનિલાભ તથા સમાજની શાંતિ, એકતા આદિનો વિચાર કરી નિર્ણય કરવો જોઈએ.

(૩) જે પરંપરા આગમ સંમત છે, આગમ આજ્ઞા તથા ભગવદાજ્ઞારૂપે છે તેનું પરિવર્તન કરવું કે તેના પરિવર્તનનો નવો સિદ્ધાંત બનાવવો એ જિન શાસનનો મહાન અપરાધ છે. એનો અધિકાર કોઈને નથી. વ્યક્તિગત કે થોડા સમય માટે પરિસ્થિતિ વશ તે પરંપરામાં અપવાદ સેવન કરે અને યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે, તે આગમ સંમત છે.

***જિજ્ઞેશ :– સંવત્સરીના આ પ્રકરણમાં પરંપરામાં કહેલ ત્રણ વિકલ્પોમાં કયો વિકલ્પ ઉપસ્થિત છે ?***

**દિનેશ :–** નિશીથસૂત્રના પ્રમાણોથી સંવત્સરીપર્વમાં ઉપવાસની મુખ્યતા હોવાથી ઘડી-પલ જોવાની પરંપરા પ્રથમ વિકલ્પમાં આવે છે. તે પ્રમાણે તેમણે સંવત્સરીનો ભાદરવા સુદ પાંચમનો ઉપવાસ, પ્રચલિત તેમજ પંચાગની પાંચમ પ્રમાણે જ કરવો જોઈએ અને ભ્રાંતિથી ચાલતી પરંપરાનો ત્યાગ કરવો જોઈએ.

આગમાધાર રહિત પ્રતિક્રમણની પ્રમુખતાવાળી પરંપરા બીજા વિકલ્પમાં આવે છે તે પ્રમાણે પણ સમાજની એકતા તથા હાનિ-લાભનો વિચાર કરી પરિવર્તન કરવું સંભવે છે. તેથી પ્રતિક્રમણને માટે ઘડી-પળ જોવાની ચાલતી પરંપરાનું પરિવર્તન કરવામાં કોઈપણ દોષ થાય નહીં.

***જિજ્ઞેશ :– કોઈને પ્રત્યેક પાંચમનો, વર્ષમાં ૨૪ ઉપવાસનો નિયમ હોય તો શું તેને ઘડી પળની પાંચમ કે અસ્ત તિથિની પાંચમ જોવી જોઈએ ?***

**દિનેશ :–** નહીં; તેને તો પંચાંગની પાંચમના જ બધા ઉપવાસ કરવા જોઈએ.

***જિજ્ઞેશ :– ઘડી-પળથી તથા અસ્ત તિથિથી સંવત્સરી કરનારા જ્યારે ચોથની સંવત્સરી કરે તો પાંચમનો ઉપવાસ ક્યારે કરશે ?***

**દિનેશ :–** તે વર્ષના ૨૩ ઉપવાસ તો પંચાંગ પ્રમાણે પાંચમના કરશે અને ભાદરવા સુદ પાંચમનો ઉપવાસ તે ચોથની સંવત્સરીએ કરશે તથા પાંચમના પારણા કરશે અથવા તો પાંચમનો છઠ્ઠ કરી લેશે.

***જિજ્ઞેશ :– પાંચમનો કોઈને બ્રહ્મચર્ય પાલનનો નિયમ હોય તથા લીલોતરીનો ત્યાગ હોય તો તે શું કરશે ?***

**દિનેશ :–** ઘડી-પળથી ચોથની સંવત્સરી કરનારા એ બંને નિયમોનું ચોથની સંવત્સરીએ પણ પાલન કરશે તથા બીજે દિવસે પંચાંગ પ્રમાણે પાંચમને પણ પાલન કરશે.

***જિજ્ઞેશ :– તેઓને સંવત્સરીની પાંચમ જુદી અને ત્યાગ-પ્રત્યાખ્યાન આદિની પાંચમ જુદી એમ જુદું-જુદું કરવું સંગત છે ?***

**દિનેશ :–** ઉપરોકત પ્રમાણો અનુસાર બધા ધાર્મિક વ્રત, નિયમ, ઉપવાસ આદિ કરવારૂપ પર્વ દિવસની તિથિમાં પંચાંગની તિથિ જ સ્વીકારવી ઉચિત છે અને એમ કરવાથી ઉપરોકત દર્શાવેલી કોઈ અસંગતતા થતી નથી.

***જિજ્ઞેશ :– આ વાર્તાલાપનો સારાંશ શું છે ?***

**દિનેશ :–** સંવત્સરીનું મુખ્ય કર્તવ્ય સાધુને ચૌવીહારો ઉપવાસ નિશીથ સૂત્રમાં બતાવેલ છે. અન્ય કર્તવ્ય પણ તેમાં છે. પરંતુ પ્રતિક્રમણની મુખ્યતા નથી. તેથી સંવત્સરીની પાંચમની તિથિ ઉપવાસની અપેક્ષાએ જ સમજવી જોઈએ. તેથી પ્રતિક્રમણના સમયને માટે ઘડી-પળ જોઈને કયારેક ચોથ અને કયારેક પાંચમની એમ અસ્થિર તિથિની સંવત્સરી કરવાને બદલે પંચાંગ મુજબની સ્થિર તિથિએ જ સંવત્સરી આરાધના ઉપવાસ દ્વારા કરવી જોઈએ.

***જિજ્ઞેશ :– એવું કરવાથી છઠ્ઠની ઘડીઓમાં પ્રતિક્રમણ થશેને ?***

**દિનેશ :–** તેમાં કોઈ મુશ્કેલી નથી. કોઈપણ શાસ્ત્રથી વિરોધ નથી. પરંતુ ઉપવાસ તો સદા પાંચમનો જ થશે, જેથી આગમ આજ્ઞાની આરાધના થશે. ઉપવાસ આદિરૂપ નિશીથ સૂત્રની આજ્ઞા એક નિશ્ચિત તિથિની અપેક્ષાએ છે અને તે તિથિ ભાદરવા સુદ પાંચમ સર્વ માન્ય અને પ્રાચીન છે. પ્રતિક્રમણ સમયે પાંચમ જોવાવાળા શ્રમણ શાસ્ત્રાજ્ઞાવાળા પાંચમનો ઉપવાસ કયારેક ચોથનો કરે છે, જેનું નિશીથ ઉદ્દેશક–૧૦, સૂત્ર–૩૭માં ગુઢ ચોમાસી પ્રાયશ્ચિત્ત કહેલ છે.

પરંતુ છઠ્ઠની ઘડીઓમાં પ્રતિક્રમણ થાય તો કોઈપણ શાસ્ત્રપાઠથી પ્રાયશ્ચિત્ત આવતું નથી કે કોઈ શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી. પ્રસિદ્ધ ચોથનો



ઉપવાસ કરીને પ્રસિદ્ધ પાંચમનો ઉપવાસ ન કરવો એ સ્પષ્ટરૂપે શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન છે.

***જિજ્ઞેશ :– પર્વદિવસોના આરાધનાકાર્ય પ્રસિદ્ધ તિથિએ ન કરીને અસ્તતિથિએ તથા ઘડી-પળથી કરવા જોઈએ ?***

**દિનેશ :–** આ કલ્પના આગમ સંમત પણ નથી અને વ્યવહાર સંગત પણ નથી. કારણ કે આગમમાં પર્વ તિથિઓ છ બતાવેલ છે. બે આઠમ, બે ચૌદશ, અમાસ અને પૂનમ. તથા બે પાંચમ, બે અગિયારસ અને બે બીજ એમ પણ પર્વતિથિઓ જૈન સમાજમાં માન્ય છે. આ બધી પર્વ તિથિઓ એ ઉપવાસ-પૌષધ તથા અન્ય વિવિધ ત્યાગ નિયમ શ્રમણવર્ગ તથા શ્રમણોપાસક વર્ગમાં હોય છે. તે બધા પર્વ તિથિઓની વ્રત આરાધના પ્રસિદ્ધ તિથિએ જ કરે છે, અસ્ત તિથિએ નહીં, એ સત્ય હકીકત છે. તેથી અસ્તતિથિએ પર્વતિથિની વ્રત આરાધનાની કલ્પનામાં સત્યતા કે વાસ્તવિકતા નથી અને ઘડીપળથી પર્વતિથિની આરાધનાની વાત પણ પૂર્ણતઃ વ્યવહાર વિરુદ્ધ તથા આગમ વિરુદ્ધ છે. અર્થાત્ પાંચમ, આઠમ, ચૌદશ વગેરે જ્યારે જે ઘડી-પલથી શરૂ થઈને જે ઘડી-પળમાં પૂર્ણ થાય તે (દિવસના) મધ્યકાલીન સમયમાં તે તિથિના વ્રત, નિયમ, ઉપવાસ, પૌષધ-વ્રત આદિ કરવા મૂર્ખતાપૂર્ણ જ થશે.

જેમ કે–પાંચમના ઘડીપલ દિવસના બે વાગે શરૂ થાય અને બીજે દિવસે ૧૨ વાગે પૂર્ણ થાય તો ઉપવાસ,બ્રહ્મચર્ય પાલન,લીલોતરી ત્યાગ પૌષધ,મૌનવ્રત આદિ કઈ રીતે કરશે ? એવા ઘડીપલની તિથિના ઉપવાસ આદિ નિંદાપાત્ર થશે.

તેથી અસ્ત તિથિ અને ઘડી-પલથી પર્વતિથિની વ્રતઆરાધના ન કરતાં, પ્રસિદ્ધ તિથિએ જ કરવા જોઈએ.

***જિજ્ઞેશ :– પાંચમનો ક્ષય કે વૃદ્ધિ હોય તો શું કરવું જોઈએ ?***

**દિનેશ :–** આગમોક્ત અન્ય પર્વતિથિઓના વૃદ્ધિ-ક્ષય થતાં જે નિર્ણય લેવાય છે અર્થાત્ તે તિથિના વ્રત-નિયમ એવં ઉપવાસ આદિ કરાય છે, તેવી રીતે જ ભાદરવા સુદ પાંચમના વૃદ્ધિ કે ક્ષય થતાં નિર્ણય કરવો જોઈએ.

***જિજ્ઞેશ :– પર્યુષણમાં અઠ્ઠાઈ કયા દિવસે આવવી જોઈએ ?***

**દિનેશ :–** આગમમાં માત્ર સંવત્સરીના એક દિવસનો જ ઉલ્લેખ તથા તત્સંબંધી વિધાન છે. તેથી તેનો યોગ્ય નિર્ણય કરવો જ પર્યાપ્ત છે. પછી તેના હિસાબે સાત દિવસ પહેલાં કોઈપણ તિથિએ અઠ્ઠાઈ કરવામાં કોઈ શાસ્ત્રનો વિરોધ નથી.

***જિજ્ઞેશ :– પર્યુષણમાં પાખી આદિ કયા દિવસે આવવા જોઈએ ?***

**દિનશે :–** તેનો પણ સંવત્સરીના દિવસથી કોઈ પ્રતિબંધ ન સમજવો જોઈએ. અન્ય પાખીના નિર્ણય અનુસાર આ પાખીનો પણ નિર્ણય કરી લેવો જોઈએ.

અર્થાત્ પર્યુષણમાં પાખી બીજા દિવસે, ત્રીજા દિવસે કે ચોથા દિવસે આવે તેમાં કોઈ પણ આગમથી વિરોધ નથી.

***જિજ્ઞેશ :– ઉક્ત ચર્ચા પ્રમાણે શું પાખી આદિનો નિર્ણય પણ અસ્ત-તિથિના ઘડી- પલથી ન કરાય ?***

**દિનેશ :–** પાખી આદિ પર્વદિન પણ સાધુ માટે ઉપવાસ વ્રત નિયમાદિની મુખ્યતાએ જ હોય છે. તેથી પક્ષનો છેલ્લો દિવસ અમાસ-પૂનમ જ્યારે પંચાંગ પ્રમાણે હોય અર્થાત્ પ્રસિદ્ધ અમાસ-પૂનમના દિવસે જ પાખી પર્વ સ્વીકારવું જોઈએ.

***જિજ્ઞેશ :– અમાસ કે પૂનમના ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે શું કરવું ?***

**દિનેશ :–** જે રીતે અન્ય આઠમ આદિ પર્વ તિથિઓના ક્ષય થવા પર તેના વ્રતાદિ કરવાના વ્યવહાર હોય છે, તે જ રીતે પાખી પર્વને માટે પણ સમજવું. ધ્યાન એ રાખવું કે પાખીના બીજે દિવસે પછીનો પક્ષ આવી જવો જોઈએ. કારણ કે પાખી પર્વનો મતલબ જ એ છે કે પક્ષના અંતિમ દિવસની આરાધના કરવી.

***જિજ્ઞેશ :– જે વર્ષે બે ભાદરવા મહિના હોય તેમાં સંવત્સરી ક્યારે કરવી ?***

**દિનેશ :–** જ્યારે અન્ય મહિના વધે છે ત્યારે તે મહિનામાં આવતા પર્વો જે રીતે કરાય છે તે જ રીતે આમાં કરવું જોઈએ.

***જિજ્ઞેશ :– બીજા મહિના વધે ત્યારે કયા પર્વો ક્યારે કરાય છે ?***

**દિનેશ :–** બે અષાઢ હોય ત્યારે ચોમાસી પાખી બીજા અષાઢમાં કરાય છે. બે શ્રાવણ હોય ત્યારે રક્ષાબંધન બીજા શ્રાવણમાં કરાય છે. બે ભાદરવા હોય ત્યારે ઋષિ પંચમી બીજા ભાદરવામાં હોય છે. બે કારતક હોય ત્યારે કારતક ચોમાસી પાખી બીજા કારતકમાં મનાવાય છે. બે ફાગણ હોય ત્યારે ફાગણ ચોમાસી બીજા ફાગણમાં કરાય છે. બે ચૈત્ર હોય ત્યારે મહાવીર જયંતિ તથા આયંબિલ ઓળી બીજા ચૈત્રમાં કરાય છે. બે વૈશાખ હોય તો અખાત્રીજ બીજા વૈશાખમાં કરાય છે. તદનુસાર બે ભાદરવા હોય ત્યારે સંવત્સરી બીજા ભાદરવામાં જ કરવી જોઈએ.

***જિજ્ઞેશ :– બે શ્રાવણ હોય તો સંવત્સરી ક્યારે કરવી જોઈએ ?***

**દિનેશ :–** સંવત્સરી ભાદરવા મહિનાનું પર્વ છે. શ્રાવણ બે હોય કે એક, સંવત્સરી માટે તો ભાદરવા સુદ પાંચમ જ નિશ્ચિત તિથિ છે અને નિશ્ચિત તિથિનું પરિવર્તન કરવાનું નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત છે. તેથી તેમાં પરિવર્તન કરવાને અનાગમિક સમજવું જોઈએ.

***જિજ્ઞેશ :– શાસ્ત્રમાં તો અષાઢી ચોમાસીથી પચાસમા દિવસે સંવત્સરી હોવાનું કહેલ છે ને ?***

**દિનેશ :–** એ તો એક કલ્પિત કલ્પના છે. ૫૦ કે ૪૯ દિવસની કોઈ સંખ્યા શાસ્ત્રમાં નથી. તે માત્ર કલ્પિત વાત છે.



***જિજ્ઞેશ :– મહિનો વધે ત્યારે પર્વ બીજા મહિનામાં શા માટે કરાય છે ?***

**દિનેશ :–** મહિનો વધે ત્યારે પ્રથમ મહિનો ગૌણ-નગણ્ય-નપુંસક માસ ગણાય છે. તેમાં કોઈ પર્વો થતાં નથી. બીજા મહિનાને જ વાસ્તવિક મનાય છે.

***જિજ્ઞેશ :– ધર્મકાર્ય તો પહેલાં જ કરવા જોઈએને પછી શા માટે ?***

**દિનેશ :–** કોઈપણ કાર્યનો જે નિશ્ચિત દિવસ હોય તેથી પહેલાં-પહેલાં કરતાં જવાથી અવ્યવસ્થા થાય છે. જ્યારે ચોમાસી, મહાવીર જયંતિ, અખાત્રીજ આદિને પહેલા મહિનામાં નથી કરતાં તો માત્ર સંવત્સરી માટે જ કેમ એમ કરવું ? જ્યારે તેના માટે તો 'એક નિશ્ચિત દિવસે જ કરવી, પરિવર્તન ન કરવું' એવી આગમ આજ્ઞા છે તથા તેમાં પરિવર્તન કરવાનું ગુઢ ચોમાસી પ્રાયશ્ચિત્ત પણ નિશીથ સૂત્રમાં કહેલ છે. તેથી જો ધર્મકાર્ય પહેલાં કરવાનો વિકલ્પ મહત્ત્વશીલ હોત તો ઉપરોક્ત બધા પર્વ પણ મહિના વધે ત્યારે પ્રથમ માસમાં કરવા જોઈતા હતા, પરંતુ તેમ થતું નથી. તેથી તે કથન મહત્ત્વશીલ નથી.

***જિજ્ઞેશ :– આ પાછલી ચર્ચાનો સાર શું છે ?***

**દિનેશ :–** કોઈપણ મહિનો કે તિથિ વધે તો પણ સંવત્સરી પર્વની નિશ્ચિત તિથિ ભાદરવા સુદ પાંચમનું પરિવર્તન કરાય નહીં. પ્રતિક્રમણના સમયે ઘડીપળ જોવાની મુંઝવણમાં પડવું નહિ. પ્રસિદ્ધ તિથિએ પર્વ દિવસના ઉપવાસ, પૌષધ આદિ વ્રત, નિયમ કરવા જોઈએ. જેવી રીતે અન્ય મહિનાના અન્ય ધાર્મિક પર્વ કરવાના નિર્ણય લેવાય છે; તે જ રીતે સરળતાપૂર્વક સંવત્સરી પર્વનો પણ નિર્ણય કરવો જોઈએ.

જે ક્ષેત્રમાં અને સમાજમાં આપણે રહીએ છીએ, તે સમાજની એકતા, શાંતિ, સમાધિ જેવી રીતે જળવાય રહે; પ્રેમ, વાત્સલ્યતા જેમ વધે; એ દિવસે આપણે સંવત્સરી પર્વની આરાધના કરવી જોઈએ. સંપૂર્ણ જૈન સમાજને પ્રસિદ્ધ પાંચમે જ સંવત્સરી કરવાની પ્રબળ પ્રેરણા મળે, એવો પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. જેથી સમગ્ર જૈન સમાજની સ્થાયી એકતા તથા જિનાજ્ઞાની સારી આરાધના થઈ શકે.

**★ જિન શાસન એકતા : સંવત્સરી વિચારણા સંવાદ સંપૂર્ણ ★**

**શ્રેષ્ઠ મંતવ્ય** *જો કે આપણી પરંપરા અસ્ત તિથિની રહેલ છે પરંતુ તેનાથી બહુ જ અવ્યવસ્થા થઈ ગઈ છે. કયારેક ચોથ, કયારેક પાંચમ, કયારેક ચૌદશ, કયારેક પૂનમ એમ પ્રત્યેક પર્વમાં દુવિધા ફેલાઈ ગઈ છે. અત્યારે સમાજ વિસ્તૃત થઈ ચૂકયો છે. વિકાસશીલ પણ બધા સ્થાયિત્વ ઈચ્છે છે. તેથી બધા સ્થાનકવાસી સમાજે એક મત થઈ ઉદય તિથિનો સ્વીકાર કરી લેવો જોઈએ. ✓. મૂર્તિપૂજક જૈન ઉદય તિથિના આધારે ચોથની સંવત્સરી નિશ્ચિતરૂપે કરે છે. ✓.સ્થા. તેરાપંથી જૈન પણ ઉદયના આધારે પાંચમ કરી લે છે. દરેક જૈન સમાજ સ્થાયી તિથિની માન્યતા રાખે છે. માત્ર સ્થાનકવાસીઓમાં જ આ દુવિધા છે– કયારેક ચોથ, કયારેક પાંચમ ! આ સ્થિતિ બંધ થવી જોઈએ. મનન કરવું જોઈએ. —* **શ્ર. સં. મહામંત્રીશ્રી સૌભાગ્ય મલજી મ.સા.**

## તિથિ નિર્ણય : અભિધાન રાજેન્દ્ર કોષથી

**પારાસર સ્મૃતિ આદિમાં :–**

आदित्योदय वेलायां या स्तोका पि तिथि र्भवेत् ।
सा संपूर्णा इति मन्तव्या, प्रभूता नोदयं विना ॥

**અર્થ–** સૂર્યોદય સમયે અલ્પસમય માત્ર પણ જે તિથિ હોય તેને જ સંપૂર્ણ તિથિરૂપે માનવી જોઈએ. પરંતુ સૂર્યોદય સમયે જે તિથિ ન હોય તે આખો દિવસ કે વધારે સમય સુધી હોવા છતાં પણ માન્ય ન કરવી.

**ઉમાસ્વાતિ વાચક પ્રઘોષશ્ચૈવં શ્રૂયતે :–**

क्षये पूर्वां तिथि कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।
एवं पौषधादिना पर्व दिवसा आराध्या इति पर्व कृत्यानि ॥

**અર્થ–** કોઈપણ તિથિ ક્ષય થાય ત્યારે તે તિથિના કાર્ય પૂર્વની તિથિના દિવસે કરવા જોઈએ. કોઈપણ તિથિની વૃદ્ધિ હોય ત્યારે બીજા દિવસે તે તિથિના કાર્ય કરવા જોઈએ. આ પ્રમાણે માનીને જ પૌષધ આદિ દ્વારા પર્વ દિવસોની આરાધના કરવી જોઈએ.

उमा स्वाति वाचक वचन प्रमाण्याद् वृद्धौ सत्यां स्वल्पापि अग्रेतना तिथिः प्रमाण्यम्।

**અર્થ–** ઉમા સ્વાતિ આચાર્યના વચનને પ્રમાણ કરીને કોઈ તિથિ વધે ત્યારે બીજે દિવસે અલ્પ સમય જ તે તિથિ હોય તો પણ બીજા દિવસે જ પર્વતિથિ માનવી જોઈએ.– *અભિધાન રાજેન્દ્ર કોષ ભાગ–૪ 'તિહિ' શબ્દ.*

## સંવત્સરી વિચારણા નિબંધ વિષે મન્તવ્ય

**શ્રી જીતમલજી ચોપડા, અજમેર**

જૈન સમાજનું એક મહાન પર્વ છે **સંવત્સરી.** સંવત્સરી પર્વની વિશેષતા છેકે હૃદયોની અનેકતાને એકતામાં પરિવર્તિત કરવી. હૃદયોની એકતાની પહેલાં સમાજની એકતા પણ નિતાંત આવશ્યક છે. તેથી કોઈપણ રીતે સમગ્ર સમાજની સંવત્સરી એક દિવસે થાય તે માટે હાર્દિક લગન સાથે પ્રયત્ન કરવો તે પ્રત્યેક સાચા જૈનનું કર્તવ્ય છે.

શાસ્ત્રોમાં સંવત્સરીના દિવસનો કે તિથિનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી તો પણ પ્રાચીન પરંપરા ભાદરવા સુદ પાંચમની જ હતી. તેમાં બધા સંપ્રદાયો સંમત છે.

શ્રદ્ધેય આગમ મનીષી શ્રી તિલોકમુનિજીએ કોઈ સ્વાર્થ કે અહમ્ વિના સંવત્સરીપર્વ પર સ્પષ્ટ, નિષ્પક્ષ તેમજ સત્ય વિચારો દર્શાવી પોતાની વાત સંવાદરૂપે રજૂ કરી છે. આ સંવાદમાં આગમ તથા સામાજિક દષ્ટિએ વિચારણા



રજૂ કરી, સમાજને એકતા અને પ્રેમની સ્થિરતા માટે આદર્શ ચિંતન પ્રસ્તુત કર્યું છે.

એકતાપૂર્વક સંવત્સરી ઉજવાય તેમાં જૈન સમાજની શોભા છે. સાથોસાથ દેશમાં સાર્વજનિક અવકાશ તથા લાખો જીવોને અભયદાન મળી શકે છે.

હું આશા રાખું છું કે જૈન સમાજનો નેતાગણ સરળભાષામાં પ્રસ્તુત સંવાદનું અધ્યયન કરીને પોતાના કર્તવ્ય અને સમાજના હિતનો અવશ્ય વિચાર કરશે.

### પ્રાસંગિક સાર વાક્ય

(૧) આગમ તથા વ્યાખ્યાકાર સંમત સંવત્સરી ભાદરવા સુદ પાંચમ છે.

(૨) સ્વયં કાલકાચાર્યે ભાદરવા સુદ પાંચમની સંવત્સરીની પ્રરૂપણા કરી હતી.

(૩) કાલકાચાર્યે અપવાદિક પરિસ્થિતિમાં જ ચોથની સંવત્સરી કરી હતી.

(૪) અપવાદિક પરિસ્થિતિમાં કરાયેલા કોઈપણ આચરણની નકલ કરવી કે તેને પરંપરા અથવા સિદ્ધાંત બનાવવો તે જિન શાસનનો મહાન અપરાધ છે અને આગમકારોની મહાન આશાતનાનું કૃત્ય છે.

(૫) સંવત્સરીનું વિશેષ કર્તવ્ય છે– ભાદરવા સુદ પાંચમના દિવસે ઉપવાસ કરવો– નિશીથ સૂત્ર ઉ. ૧૦.

(૬) ઉપવાસ કરવામાં અસ્ત તિથિ જોવી એ ઉચિત નથી.

(૭) અસ્ત તિથિએ પર્વ મનાવવાનું કોઈપણ જૈનાગમ કે જૈન પ્રાચીન ગ્રંથોમાં નિર્દેશ નથી.

(૮) રાજેન્દ્રકોષ ભાગ–૪માં ઉદયતિથિએ જ પર્વ કરવા જોઈએ એવું સ્પષ્ટ પ્રરૂપણ છે.

(૯) જ્યારે આજે પણ બધી તિથિઓ તથા બધી આગમિક પર્વ તિથિઓ ઉદયથી જ મનાય છે તો માત્ર સંવત્સરી કે પાખી માટે વિવાદ કરવો નિરર્થક છે તથા દુરાગ્રહ છે.

**॥ ઐતિહાસિક સંવાદ : પરિશિષ્ટ ખંડ–૧ સંપૂર્ણ ॥**

# ઐતિહાસિક નિબંધ : પરિશિષ્ટ ખંડ–૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | લિપિકર્તાના મંગલપાઠ અને પ્રશસ્તિઓ. | ૧૨૦ |
| ૨ | નિશીથ સૂત્રનો ઐતિહાસિક પરામર્શ. | ૧૨૩ |
| ૩ | નિર્યુક્તિઓના કર્તા દ્વિતીય ભદ્રબાહુસ્વામી. | ૧૨૮ |
| ૪ | નિર્યુક્તિ ગ્રંથ અને સંખ્યાતા નિર્યુક્તિઓનો હાર્દ | ૧૩૪ |
| ૫ | મહાનિશીથ સૂત્રમાંથી નોંધ. | ૧૩૫ |
| ૬ | કલ્પસૂત્રની રચના સંબંધી વિચારણા. | ૧૪૦ |
| ૭ | મધ્યકાલીન ઈતિહાસ અને આગમ સાહિત્ય. | ૧૪૩ |
| ૮ | ઐતિહાસિક ગંભીર સમસ્યાઓનું સમાધાન. | ૧૪૬ |
| ૯ | ત્રણ આગમોમાં 'ણમોત્થુણં' પાઠની વિચારણા. | ૧૫૦ |
| ૧૦ | મધ્યકાલનું એક ચિત્રણ તથા ઐતિહાસિક નોંધનો સાર. | ૧૫૧ |
| ૧૧ | સાધુનો વનવાસ કે વસતિવાસ આગમ ચિંતન. | ૧૫૪ |
| ૧૨ | આગમોની રચનામાં વારંવાર પરિવર્તન-એક ચિંતન. | ૧૫૮ |
| ૧૩ | અક્ષય તૃતીયા અને ભગવાન ઋષભ દેવનું પારણું-પ્રમાણ ચિંતન | ૧૬૨ |
| ૧૪ | મહાત્મા લોકાશાહનું જીવન | ૧૬૪ |
| ૧૫ | આચારાંગ નિશીથ ધારણ કરવાવાળા | ૧૬૭ |
| ૧૬ | દ્રવ્યપૂજા-ભાવપૂજા. | ૧૬૮ |
| ૧૭ | પદાર્થોના પરઠવા સંબંધી જ્ઞાન : દ્વિદલ, માખણ | ૧૬૯ |
| ૧૮ | નિર્યુક્તિકાર દ્વારા સ્પર્શિત દશાશ્રુત સ્કંધનું આઠમું અધ્યયન | ૧૭૨ |
| ૧૯ | ઐતિહાસિક પ્રમુખ ઘટનાઓ તથા તેનો સમય | ૧૭૩ |
| ૨૦ | વિશિષ્ટ પ્રસિદ્ધ પ્રાચીન શ્રમણ | ૧૭૪ |
| ૨૧ | કેટલાક વીણેલાં સંકલનો અને તેના પર ટિપ્પણ | ૧૭૬ |
| ૨૨ | ઐતિહાસિક પ્રશ્નો : દેરાવાસી વિદ્વાનોથી | ૧૯૪ |




# ઐતિહાસિક નિબંધ : પરિશિષ્ટ ખંડ–૨

## લિપિકર્તાના મંગલપાઠ અને પ્રશસ્તિઓ

આ ભારતીય સંસ્કૃતિ છે, જેમાં પ્રત્યેક સુજ્ઞ પોતાના પ્રત્યેક કાર્યનો પ્રારંભ કરતી વખતે પોતાના 'ઈષ્ટ' ને મંગલરૂપે યાદ કરીને તેમનો વિનય કરે છે.

જૈનાગમોના અધ્યયન કર્તા સર્વ પ્રથમ આવશ્યક સૂત્રનું અધ્યયન કરે છે. તેના પ્રથમ અધ્યાયમાં આદિ સૂત્ર 'નમસ્કાર'મંત્ર છે. એ જ સંપૂર્ણ જૈન આગમોનું આદિ મંગલ છે. આ સર્વોત્કૃષ્ટ મંગલ પછી કોઈપણ આગમના આદિ, મધ્ય કે અંતમાં 'મંગલ'ની આવશ્યકતા રહેતી નથી, આવું આગમોનું અન્વેષણયુક્ત અધ્યયન કરવાથી સ્પષ્ટ થાય છે.

નવકાર મંત્રની રચનામાં ગણધર ભગવંતોએ સમસ્ત જિનશાસનના નમસ્કરણીયોનો સમાવેશ કરી દીધો છે. એના સિવાય જિનવાણીના રસિક મુમુક્ષુ આત્માઓ માટે ઈષ્ટરૂપ નમસ્કરણીય બીજું કશું નથી.

નવકાર મંત્રમાં કોઈના પણ નામનો નિર્દેશ કર્યા વિના દેવ-ગુઢ પદસ્થ બધાં આત્માઓનો સમાવેશ કરી દીધો છે. ત્રણ તત્ત્વોમાં દેવ ગુઢની સાથે ધર્મ તત્ત્વનો પણ સમાવેશ છે. તેમ છતાં ધર્મ તત્ત્વને આચરણીય, આદરણીય જ સમજવું જોઈએ. નમસ્કરણીય તો દેવગુઢ તત્ત્વોને જ કહ્યાં છે. નમસ્કાર મંત્રથી એ સ્પષ્ટ થાય છે.

આનાથી એ સિદ્ધાંત નિર્ણિત થાય છે, કે ગુણોને ધારણ કરનારા ગુણી આત્માઓ નમસ્કરણીય છે અને ગુણ આદરણીય છે પરંતુ નમસ્કરણીય નથી. નહીં તો નમસ્કાર મંત્રની રચનામાં ગણધર 'ણમોધમ્મસ્સ' 'ણમોસુયસ્સ' વગેરે અન્ય પદ પણ રાખે. ગણધર ભગવંતોની રચનામાં અપૂર્ણતા ન માનવાથી અન્ય નમસ્કરણીય પદોને માનવાની આવશ્યકતા જિનશાસનમાં રહેતી નથી.

દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં દેવોને માટે પણ નમસ્કરણીય કોણ છે, તે જણાવ્યું છે. ત્યાં પણ અહિંસા વગેરે ધર્મો (ગુણો)ને નમસ્કરણીય ન કહીને ધર્મ ધારક ધર્મી-ગુણી ને જ નમસ્કરણીય કહ્યાં છે.

**देवा वि तं णमंसंति, जस्स धम्मे सया मणो** । આના પૂર્વાર્દ્ધમાં અહિંસા સંયમ તપ રૂપ ધર્મને ઉત્કૃષ્ટ મંગલ કહ્યાં છે પરંતુ નમસ્કરણીય નથી કહ્યાં.

નમસ્કાર મંત્રમાં પાંચ પદોને નમસ્કાર કર્યા પછી એમ પણ કહ્યું છે કે આ પાંચ પરમેષ્ટી પદોને કરેલા નમસ્કાર બધાં પાપકર્મોને નષ્ટ કરવાવાળા છે તથા બધા મંગલોમાં પ્રધાન મંગલ છે.

આ રીતે જિનવાણીના રસિક મુમુક્ષુ આત્માઓ માટે લોકોત્તર આરાધનામાં દેવગુઢના પાંચપદ નમસ્કરણીય છે અને દેવ ગુઢ ધર્મ આ ત્રણ તત્ત્વો જ ઉત્કૃષ્ટ પ્રધાન-મંગલ છે. જિનવાણીની આરાધના કરનારા સાધક આગમોનો સ્વાધ્યાય વગેરે કરતાં પહેલાં પણ દેવ તથા ગુઢને વંદન નમસ્કાર કરે છે.

સંસારમાં અનેક લૌકિક મંગલો પણ માનવામાં આવે છે, પરંતુ ધર્મ આરાધનામાં કે જિનવાણીરૂપ આગમો માટે, તે મંગલની કોઈ આવશ્યકતા હોતી નથી.

દેવગતિના દેવ, જિનવાણીની આરાધના કરનારા મુમુક્ષુ આત્માઓના આરાધ્ય દેવ નથી હોતા, તેમના માટે અરિહંત, સિદ્ધ, દેવ પદ રૂપ આરાધ્ય છે. પરંતુ દેવી-દેવતા તો સંસારી પ્રાણી છે. દેવગતિની અપેક્ષાએ તેઓ દેવ કહેવાય છે. તેમની ચાર જાતિઓ હોય છે, તેઓ દિવ્ય સાંસારિક ભૌતિક ઋદ્ધિના કારણે દેવ કહેવાય છે. આધ્યાત્મિક તેમજ ધાર્મિક ઋદ્ધિની અપેક્ષાએ જિનવાણીનો નાનો આરાધક પણ તેમનાથી વિશિષ્ટ હોય છે. એટલે ધાર્મિક આરાધનાની દૃષ્ટિએ આ દેવ-દેવીઓ, શ્રાવક-શ્રાવિકા અને સાધુ-સાધ્વીઓ માટે નમસ્કરણીય દેવ નથી, પરંતુ આ દેવ-દેવીઓ માટે ધર્મનિષ્ટ સાધુ-સાધ્વી અને શ્રાવક શ્રાવિકાઓ નમસ્કરણીય છે. ભગવતી સૂત્રમાં સાધુઓને 'ધર્મદેવ' પણ કહ્યાં છે.

'ચમત્કાર ત્યાં નમસ્કાર' આ એક લૌકિક ઉક્તિ છે, એનું ધર્મક્ષેત્રમાં કોઈ મહત્વ નથી.

આગમની કંઠસ્થ પરંપરા પછી લેખન કાળ આવે છે. લેખક પોતાના કાર્યના પ્રારંભમાં થોડા મંગળ શબ્દો લખે અને અંતમાં થોડી પ્રશસ્તિ, નમસ્કાર વગેરે લખે છે, જેના અનેક પ્રકારો હોય છે. વર્તમાનકાળમાં પણ દેશ અને પ્રદેશની અપેક્ષાએ વ્યક્તિગત મંગલરૂપ આદ્ય શબ્દોના અનેક પ્રકાર છે.

આગમ લેખન કાર્ય મોટે ભાગે સાધુ સ્વયં જ કરતા હતા. એટલે મુખ્યપણે આગમોના લિપિકર્તા તો તેઓ જ છે. તેમના દ્વારા કરવામાં આવેલ આ મંગલ પ્રશસ્તિઓ સૂત્રના આદિ તથા અંતમાં અલગ રૂપવાળી હોય છે.

આગમ નિષ્ઠા હોવા છતાં પણ સમય પ્રભાવ તથા છાદ્મસ્થિક દોષથી લિપિને, શ્રુતને, દેવી-દેવતાઓને પણ નમસ્કાર કરવામાં આવ્યા છે. તેમ છતાં તેને આગમથી બાહ્ય રૂપમાં રાખ્યા તથા માન્યા છે. પરંતુ જેમ જેમ આચારની શિથિલતા વધવા લાગી, યતિઓનું જોર વધ્યું ત્યારે ગૃહસ્થ લહિયાઓને મહેનતાણું અપાવીને આગમ સંગ્રહ કરાવવામાં આવ્યા અને એ વખતના લહિયાઓ દ્વારા આ મંગલ પ્રશસ્તિઓની ભિન્નતા ન રહી શકી અર્થાત્ મૂલપાઠમાં તે પ્રશસ્તિઓ ભળી ગઈ.

ભગવતી સૂત્ર બધાં આગમોમાં વિશાળ કાય છે, એટલે તેમાં મંગળોની અધિકતા છે, જે આજે આગમ પાઠના રૂપમાં ઉપલબ્ધ છે. સર્વ પ્રથમ પ્રધાન



મંગલ નમસ્કાર મંત્ર રાખવામાં આવેલ છે અને ધીરે ધીરે ક્રમશઃ નમો સુયસ્સ, **णमो बंभीए लिवीए** ને પ્રવેશ મળેલ છે. આગળ વધતા ગૌશાલક અધ્યયનના મંગલ માટે 'શ્રુત દેવતા ભગવતી' એક શ્રુતાધિષ્ઠાતા દેવીને નમસ્કાર કરેલ છે. આ રીતે અનંતકાય વર્ણનના ૨૩માં શતકના પ્રારંભમાં દેવીને નમસ્કાર કરેલ છે. સૂત્રના અંતમાં ગૌતમ સ્વામીને નમસ્કાર કરવાની સાથે સાથે શ્રુતાધિષ્ઠાતા દેવી, શાસનાધિષ્ઠાતા દેવી, કુંભ દેવ, શાંતિકરી વૈરોટયા દેવી, વિદ્યા દેવી વગેરેને નમસ્કાર કરવાનું પણ કેટલાક લિપિકર્તાને જરૂરી લાગ્યું છે. જેની નકલ, પરંપરા રૂપે આગળ ચાલતી જ રહી છે.

આગમોનું સંપાદન કે પ્રકાશન કરવા માટે ધુરંધર પંડિતો જ પ્રાયઃ આગળ આવ્યા છે. તેઓ લખાણોની અનેક પ્રશસ્તિઓ સંવત, મિતિઓ, શ્રીરસ્તુ, કલ્યાણ મસ્તુ વગેરેને જેમ છે તેમ પ્રકાશિત કરતાં નથી અને એ બધાને આગમોમાંથી કાઢવામાં કોઈ અપરાધ પણ માનતા નહોતા.

લિપિકારોની પ્રવૃતિઓને ધ્યાનમાં રાખીને લિપિકાલથી પ્રાપ્ત આગમોને પ્રકાશિત કરવામાં ચિંતનપૂર્વક શુદ્ધ આગમ પાઠનું પ્રકાશન થઈ શકે છે.

પરંતુ ભગવતી સૂત્રના પ્રકાશનમાં અનેક સંપાદકોથી ચૂક થઈ છે, એ ત્યાં સુધી કે તેઓ ગાડરિયા પ્રવાહમાં વહી ગયા. ભગવતી સૂત્રની ટીકા કરવા-વાળા આચાર્ય શ્રી અભયદેવસૂરિજી સ્પષ્ટ લખી રહ્યાં છે કે 'આ ગૌતમ ગણધરની સ્તુતિ પછી લેખન લહિયાઓનું છે.' અને આમ કહીને તેમણે તેની વ્યાખ્યાની ઉપેક્ષા કરી છે અર્થાત્ વ્યાખ્યા કરી નથી.

ભગવતી સૂત્રની આ અંતિમ પ્રશસ્તિમાં શ્રુત દેવતા(દેવી) આદિ અનેકો ના નામ છે. આ લહિયાઓ દ્વારા લેખિત છે, એવું ટીકાકારે સ્પષ્ટ જણાવ્યું છે. તો બુદ્ધિમાન પ્રકાશકો આ લહિયાઓના શબ્દોનો આગમ ભગવતીમાં સમાવેશ કરી તેને પ્રકાશિત કરવામાં પોતાની ઈમાનદારી કે બુદ્ધિમત્તા સમજી શકે ખરા ? અથવા તેને પોતાની એક ભૂલ સ્વીકારી શકે ખરા ?

જ્યારે અંતમાં શ્રુતાધિષ્ઠાતા દેવીને લહિયાઓએ નમસ્કાર કર્યા છે, આ વાત નિશ્ચિય થઈ જાય છે; ત્યારે શતક ૧૫ તથા ૨૩ની નમસ્કરણીય દેવી પણ લહિયાઓની જ રહી ને !! આ પ્રમાણે મંગલ પ્રશસ્તિઓ પણ લેખન કાળની જ છે, તે વાત નિઃસંદેહ છે.

ભગવતીનું સંપાદન કાર્ય કરનારા મહાપુઢષો પોતાની ભૂલનો સ્વીકાર કરી સ્પષ્ટીકરણ કરે, તેમાં જ વિવેકપૂર્ણ આગમ સેવા છે, નહિ તો આંધળું અનુકરણ જ ગણાશે.

સંપાદકોને હસ્તલિખિત સૂત્રો માંહેના 'શ્રી' 'કલ્યાણ', સંવત, મિતી,

લિપિકારનું નામ વગેરે કાઢી નાખવામાં કોઈ દોષ લાગે નહીં તો પછી એ દેવી, દેવતાઓ વગેરેના નમસ્કારોને કાઢી નાખવામાં કયો દોષ લાગવાનો હતો ? એટલે તેમ કરતાં લેશ માત્ર પણ દોષ લાગે નહીં.

શ્રુતદેવી, શાસનદેવી આદિ કલ્પનાઓ પણ મધ્યકાલની દેન છે. જે લિપિકાળના સમય પછી આગમ ગ્રંથોમાં પ્રવેશેલી છે.

**સાર :–** (૧) વાસ્તવમાં ધર્મ આરાધનામાં દેવ-દેવીઓ નમસ્કરણીય ન હોઈ શકે. પણ દેવ ગુઢ રૂપ પાંચ પરમેષ્ટી પદ જ નમસ્કરણીય માનવા જોઈએ. જિનશાસનમાં ગુણીને નમસ્કરણીય સમજવા જોઈએ, ગુણોને નહીં એટલે નમો ણાણસ્સ, નમો સુયસ્સ વગેરે કહેવું તે ખોટી પરંપરા છે. (૨) મૂળ પાઠના સંપાદનમાં લહિયા વગેરે દ્વારા જોડવામાં આવેલ મંગલ શબ્દો વગેરેને જુદા તારવીને સંપાદન પ્રકાશન કરવું જોઈએ, નહિ તો અવિવેક અને અતિપ્રરૂપણાનો દોષ લાગે છે.

(૩) નમસ્કાર મંત્ર સિવાય સૂત્રોના બધા આદિ તથા મધ્ય મંગલ પાઠ અને અંતિમ પ્રશસ્તિઓ રૂપ વાક્ય ગાથાઓ તથા શબ્દ, તે આગમનો અંશ નથી, પરંતુ લિપિકર્તાના પોતાના શબ્દો છે. (૪) ભગવતી સૂત્ર સંપાદન જેવા મહાન કાર્ય તથા તેવા મહાન પ્રમાણિક આગમના મૂળપાઠમાં મંગલ તથા પ્રશસ્તિઓ જેમની તેમ પ્રકાશિત કરવામાં આવે છે; તે અંગે આગમ પ્રકાશન કરનારાઓ દ્વારા યોગ્ય ચિંતન થયું નથી તેમ સમજવું જોઈએ.

## નિશીથ સૂત્રનો ઐતિહાસિક પરામર્શ

**આચારપ્રકલ્પ :–** (૧) વ્યવહાર સૂત્ર ઉદ્દેશક—૩માં મુનિને 'આચારપ્રકલ્પધારી' હોવાનું વિધાન છે. (૨) વ્યવહાર સૂત્રના દશમા ઉદ્દેશકમાં સાધુને સર્વ પ્રથમ 'આચાર પ્રકલ્પ નામક અધ્યયન'ની વાચના દેવાનું વિધાન છે. (૩) વ્યવહાર સૂત્રના પાંચમાં ઉદ્દેશકમાં 'આચાર-પ્રકલ્પ અધ્યયન'ને ભૂલી જનારા યુવાન સાધુ તથા સાધ્વીઓને પ્રાયશ્ચિત્ત દેવાનું પણ વિધાન છે. આ રીતે આ વ્યવહાર સૂત્રમાં કુલ સોળ વાર આચાર પ્રકલ્પ કે આચાર-પ્રકલ્પ- અધ્યયનનું કથન છે.

| ઉદ્દેશક | સૂત્ર |
|---|---|
| ૩ | ૩, ૧૦માં એક-એક વાર, |
| ૫ | ૧૭ માં એક વાર |
| ૧૦ | ૨૧, ૨૨, ૨૩માં એક-એક વાર |
| ૫ | ૧૫, ૧૬, ૧૮ માં બબ્બે વાર |
| ૬ | ૧૭, ૧૮ માં બબ્બે વાર |



નંદીસૂત્રમાં કાલિક ઉત્કાલિક સૂત્રોની સૂચીમાં ૭૧ આગમોના નામ આપવામાં આવ્યા છે. જેમાં 'આચાર પ્રકલ્પ' કે 'આચારપ્રકલ્પ અધ્યયન'' નામનું કોઈ સૂત્ર કહ્યું નથી એટલે એવું વિચારી શકાય કે 'આચાર પ્રકલ્પ' કયા સૂત્ર માટે નિર્દિષ્ટ છે અને કાળ પરિવર્તન દ્વારા એનું નામ પરિવર્તન થયું છે ? આ વિષયમાં વ્યાખ્યાકાર પૂર્વાચાર્યોના મંતવ્યો આ પ્રકારે ઉલ્લેખિત મળે છે.

(१) पंचविहे आयारप्प कप्पे पण्णत्ते तं जहा–(१) मासिए उग्घाइए (२) मासिए अणुग्घाइए (३) चाउमासिए उग्घाइए (४) चाउमासिए अणुग्घाइए (५) आरोवणा. – *સ્થાનાંગ સૂત્ર : સ્થાન–૫.*

**ટીકા–** आचारस्य प्रथमांगस्य पदविभाग-समाचारी लक्षण-प्रकृष्ट-कल्पाभिधाय-कत्वात् प्रकल्पः आचार प्रकल्पः निशीथाध्ययनम् । स च पंचविधः, पंचविध प्रायश्चित्ता- भिधायकत्वात् ।

(२) आचारः प्रथमांगः तस्य प्रकल्पो अध्ययन विशेषो, निशीथम् इति अपराभिधानस्य।

(३) अष्टाविंशति विधः आचार प्रकल्पः निशीथाध्ययनम्, आचारांगम् इत्यर्थः स च एवं- (१) सत्थपरिण्णा जाव (२५) विमुत्ती (२६) उग्घाइ (२७) अणुग्घाइ (२८) आरोवणा तिविहमो निसीहं तु, इति अट्ठावीसविहो आयारप्पकप्पनामोति । – *રાજેન્દ્ર કોશ ભા૦ ૨ પૃ૦ ૩૪૯–आयारप्पकप्प શબ્દ. – પ્રશ્ન વ્યાકરણ સૂત્ર. અ. ૧૦.*

(४) आचारः आचारांगम् प्रकल्पो-निशीथाध्ययनम्, तस्येव पंचमचूला, आचारेण सहितः प्रकल्पः आचारप्रकल्प, पंचविंशति अध्ययनात्मकत्वात् पंचविंशति विधिः आचार; उद्घातिमं, अनुद्घातिमं, आरोवणा इति त्रिधा प्रकल्पो मीलने अष्टाविंशतिविधः ।– *અભિધાન રાજેન્દ્ર કોશ ભા૦ ૨ પૃષ્ટ. ૩૫૦ 'आयारप्पकप्प' શબ્દ.*

**વિચારણા :–** અહીં સમવાયાંગ સૂત્ર તથા પ્રશ્નવ્યાકરણ સૂત્રના મૂળપાઠમાં ૨૮ પ્રકારના આચાર પ્રકલ્પનું કથન કર્યું છે, જેમાં સંપૂર્ણ આચારાંગ સૂત્રના ૨૫ અધ્યયન અને નિશીથ સૂત્રના ત્રણ વિભાગનો સમાવેશ કરીને કુલ ૨૮ બતાવેલ છે. આથી સ્પષ્ટ થાય છે કે આગમોમાં નિશીથને આચારાંગ સૂત્રનો જ એક ભાગ કે અધ્યયન દર્શાવેલ છે. કેમ કે ફક્ત આચારાંગ સૂત્ર ગ્રહણ કરીએ તો 'પ્રકલ્પ' શબ્દ નિરર્થક થઈ જાય છે અને જો ફક્ત નિશીથ સૂત્ર સમજીએ તો આચારાંગનું અધ્યયન કર્યા વિના નિશીથ સૂત્રનું અધ્યયન કરવાનું માનવું પડે, જે સર્વથા અનુચિત ગણાય. એનું કારણ એ છે કે પ્રાયશ્ચિત્તના વિધાનોનું અધ્યયન કરતાં પહેલાં આચાર-વિધાનોનું અધ્યયન કરવું જરૂરી છે. સમવાયાંગ અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પણ સૂત્રકારે આચાર સંબંધી પચ્ચીસ અધ્યયનની સાથે પ્રાયશ્ચિત્ત રૂપી ત્રણ અધ્યયન કહીને, કુલ ૨૮ અધ્યયન એક સાથે ગણાવ્યા છે.

નંદીસૂત્રની રચનાના સમયે પ્રાયશ્ચિત્ત વિધાયક ત્રણ વિભાગોના વીસ

ઉદ્દેશક, આચારાંગ સૂત્રથી પૂર્ણતઃ પૃથક્ થઈ ગયા હતાં અને તેનું નામ નિશીથ અધ્યયન નામના આધારે 'નિશીથ સૂત્ર' રાખવામાં આવ્યું હતું. આ કારણે નંદી સૂત્રમાં 'પ્રકલ્પ' કે 'આચારપ્રકલ્પ' નામનું કોઈ સૂત્ર કહ્યું નથી અને નંદી સૂત્રની પહેલાં રચાયેલાં સૂત્રોમાં ઘણી જગ્યાએ 'આચારપ્રકલ્પ'નું કથન છે પરંતુ ત્યાં 'નિશીથ સૂત્ર'નું નામ જ નથી.

સમવાયાંગ સૂત્રની ઉપર્યુક્ત ટીકાના અંશમાં ટીકાકારે સ્પષ્ટ કર્યું છે કે 'આચારનો અર્થ પ્રથમાંગ આચારાંગ સૂત્ર અને પ્રકલ્પનો અર્થ તેનું અધ્યયન વિશેષ. જેનું પ્રસિદ્ધ બીજુ નામ નિશીથ સૂત્ર છે.' આમ આ બંને સૂત્રો મળીને સૂત્રોક્ત સંપૂર્ણ આચાર પ્રકલ્પ સૂત્ર બને છે.

**'આચાર-પ્રકલ્પ' શબ્દના વૈકલ્પિક અર્થ આ પ્રકારે થાય છે :–** (૧) આચાર અને પ્રાયશ્ચિત્તોના વિધાન કરવાવાળું સૂત્ર નિશીથ અધ્યયન યુક્ત આચારાંગ સૂત્ર. (૨) આચાર વિધાનોના પ્રાયશ્ચિત્તનું પ્રતીક સૂત્ર=નિશીથ સૂત્ર. (૩) આચાર વિધાનો પછી તે સંબંધી પ્રાયશ્ચિત્તોને કહેવાવાળું અધ્યયન=આચાર પ્રકલ્પ અધ્યયન=નિશીથ અધ્યયન. (૪) આચારાંગથી પૃથક કરવામાં આવેલો વિભાગ કે ખંડ રૂપ સૂત્ર અથવા અધ્યયન=આચાર-પ્રકલ્પ અધ્યયન=નિશીથ સૂત્ર.

વ્યવહાર સૂત્રમાં પ્રયુક્ત 'આચાર-પ્રકલ્પ,' આ ચારે વિકલ્પોમાં પ્રથમ વિકલ્પની અપેક્ષાએ સુસંગત લાગે છે.

સંખ્યા પ્રધાન ઠાણાંગ અને સમવાયાંગ સૂત્રમાં અનેક અપેક્ષાઓથી અનેક પ્રરૂપણ કરવામાં આવેલા છે. તેને એકાંત અપેક્ષાએ સમજવું અનુચિત થાય છે. જેમ કે નિશીથ સૂત્રના ૨૦ ઉદ્દેશક છે. પરંતુ તેમને વિભિન્ન અપેક્ષાઓથી ત્રણ અથવા પાંચની સંખ્યામાં જ ગણાવ્યા છે. ઠાણાંગ સૂત્રમાં પાંચ અનુદ્ઘાતિક કહ્યા છે. તેમ છતાં ત્રણ અનુદ્ઘાતિક પણ કહેલ છે. આ જ રીતે આચારપ્રકલ્પમાં પાંચ વિભાગ પણ કહેલાં છે અને ૨૮ વિભાગ પણ કહેલા છે. આવા અનેક ઉદાહરણો છે. માટે ઓછી સંખ્યાનો આગ્રહ રાખવાના બદલે વધારે સંખ્યાને જ માનવું જોઈએ.

સારાંશ એટલો જ કે સંક્ષિપ્ત અપેક્ષાથી ઉપલબ્ધ નિશીથ સૂત્રને બે આગમ અને વ્યાખ્યાઓમાં આચારપ્રકલ્પ કહેલ છે અને વિસ્તૃત તથા પરિપૂર્ણ અપેક્ષાથી ઉપલબ્ધ આચારાંગ અને નિશીથ સૂત્ર બંનેને ભેળવીને તેને આચારપ્રકલ્પ કહેલ છે. નિષ્કર્ષ એ થયો કે આ બંને એક જ સૂત્રના બે ભાગ છે.

નંદીસૂત્રની રચનાના સમય સુધીમાં તેનું વિભક્ત થઈ જવું તથા નિશીથ નામકરણ થઈ જવું પણ સંભવ છે. તેના પહેલાં આગમ સ્થળોમાં નિશીથ સૂત્ર નામનું કોઈ અસ્તિત્ત્વ નથી, ફક્ત 'આચાર પ્રકલ્પ' અથવા 'આચારપ્રકલ્પ



અધ્યયન' ના નામથી વિધાન કરેલ છે.

**નિશીથ સૂત્રના રચનાકાર :–** નિશીથસૂત્રના જુદા થવાના કારણે તેના રચનાકારના સંબંધમાં ઘણાં વિચારો પ્રચલિત છે, જેમ કે– (૧) આ સૂત્ર વિશાખાગણિ દ્વારા પૂર્વોમાંથી ઉદ્ધૃત કરવામાં આવેલ છે. (૨) સમયની માંગ જોઈને આર્યરક્ષિતે આની રચના કરી છે. (૩) ચૌદ પૂર્વી ભદ્રબાહુ સ્વામીએ નિશીથની સાથે સાથે ચારેય છેદ સૂત્રોને પૂર્વોમાંથી ઉદ્ધૃત કરેલ છે, વગેરે કલ્પનાઓ કરવામાં આવી છે.

**વિચારણા :–**

(૧) વ્યવહાર સૂત્રમાં 'આચારપ્રકલ્પ અધ્યયન'નું વર્ણન છે. જેને સાધુ-સાધ્વીઓએ કંઠસ્થ કરવું તેમ કથન પણ છે, એટલે ભદ્રબાહુ સ્વામીની પછી થયેલા વિશાખાગણિ અને આર્યરક્ષિત દ્વારા આચાર પ્રકલ્પની રચના થઈ તેવી કલ્પના આગમથી વિપરીત છે.

(૨) આ બંને આચાર્યોમાંથી કોઈએ, પૂર્વશ્રુતથી ઉદ્ધૃત કરીને રચના કરી તેવું માનવાથી, નિશીથસૂત્રને પૂર્વશ્રુતનો એક અંશ માનવો પડે. વ્યવહારસૂત્રમાં સાધ્વીઓએ એ પ્રકલ્પને કંઠસ્થ કરવું તેવું વિધાન છે, જ્યારે સાધ્વીઓને પૂર્વોનું અધ્યયન કરવાનો નિષેધ છે. એટલે એ બંને આચાર્યો દ્વારા પૂર્વોથી ઉદ્ધૃત કરવાનો વિકલ્પ સત્ય નથી. પરંતુ તે આચાર્યોના પહેલા પણ આ આચારપ્રકલ્પ પૂર્વથી ભિન્ન શ્રુત રૂપમાં ઉપલબ્ધ હતું અને સાધુ-સાધ્વીઓ માટે તેની સર્વ પ્રથમ વાંચના કંઠસ્થ કરવાનું આવશ્યક હતું, એ વાત નિશ્ચિત છે.

(૩) ભદ્રબાહુ સ્વામીએ ચાર છેદસૂત્રોની રચના નહોતી કરી પરંતુ ત્રણ છેદ સૂત્રોની રચના કરી હતી, જે દશાશ્રુતસ્કંધ સૂત્રની નિર્યુક્તિની પ્રથમ ગાથાથી સ્પષ્ટ છે.

**वंदामि भद्दबाहुं पाईणं, चरिम सगल सुयणाणिं ।**
**सुत्तस्स कारगमिसिं, दसासु कप्पे य ववहारे ॥१॥**

દશાશ્રુતસ્કંધના નિર્યુક્તિ કર્તા દ્વિતીય ભદ્રબાહુ સ્વામીએ પ્રથમ ભદ્રબાહુ સ્વામીને પ્રાચીન ભદ્રબાહુના નામે વંદન કરીને તેને ત્રણ સૂત્રોની રચના કરવા- વાળા કહ્યાં છે.

ભદ્રબાહુ સ્વામીએ જો નિશીથ સૂત્રની રચના કરી હોત તો તે વ્યવહારસૂત્રમાં સોળ વખત 'આચાર પ્રકલ્પ'નો પ્રયોગ કરવાની જગ્યાએ અથવા અધ્યયન ક્રમના વર્ણનમાં ક્યાંક તો 'નિશીથ' નામનો ઉલ્લેખ કરે ! પરંતુ અધ્યયન ક્રમમાં પણ 'નિશીથ' એ નામ નથી આવતું. આચાર પ્રકલ્પ અને 'દસા-કપ્પ-વ્યવહાર'નામ આવે છે. એટલે નિશીથ સૂત્રને ભદ્રબાહુની રચના કહેવાનું પણ પ્રમાણ સંગત નથી.

**ઉપસંહાર :–** આ બધી વિચારણાઓથી એટલું તો સિદ્ધ થાય છે કે– આ કોઈની રચના નથી પરંતુ આચારાંગના અધ્યયનને કોઈ આશયથી પૃથક્ કરવામાં આવેલ

છે. તે સૂત્રનું કેટલાક સુધી આચારપ્રકલ્પ નામ રહ્યું અને ક્યારે નિશીથ નામ થયું તેની પૂરી જાણકારી આધાર સાથે મળતી નથી; તોપણ નંદી સૂત્રની રચનાના સમયે તેનું 'નિશીથ સૂત્ર' નામ નિશ્ચિત થઈ ગયું હતું અને આચારપ્રકલ્પ નામનું કોઈ પણ સૂત્ર તે સમયે પ્રસિદ્ધ નહોતું. તેમ છતાં આચારપ્રકલ્પના નામથી અનેક વિધાનો તો આજ સુધી આગમોમાં જોવા મળે છે. એટલે પૃથક્કરણના સમયથી લઈને તે પ્રથમ ભદ્રબાહુના સમય સુધી તેનું કથન 'આચારપ્રકલ્પ' નામે જ થતું હતું. 'નિશીથ સૂત્ર' એ ઘણા વખત પછી પ્રચલિત થયેલું નામ છે.

વ્યવહાર સૂત્ર ઉદ્દેશક–૩ના સૂત્ર ત્રીજા, ચોથામાં ઉપાધ્યાય પદ યોગ્ય ભિક્ષુ માટે તેનું અધ્યયન કરવાનું અને તેને અર્થ સહિત કંઠસ્થ ધારણ કરવાનું વિધાન પણ છે. આ ઉપાધ્યાય પદ યોગ્ય સાધુ માટે અત્યંતાવશ્યક 'જઘન્ય શ્રુત' છે. જેનો અર્થ એટલો જ કે અર્થ સહિત તેને કંઠસ્થ ન કરનારા સાધુ ઉપાધ્યાય પદ પર સ્થાપિત થવા માટે અયોગ્ય ગણાય !

**સાર :–** નિશીથ સૂત્ર, ગણધર રચિત આચારાંગ સૂત્રનું પૃથક્ કરેલ અધ્યયન છે, પૃથક્કર્તાનું નામ અજ્ઞાત છે. 'આચાર પ્રકલ્પ' શબ્દથી આચારાંગ અને નિશીથ બંને સૂત્રોનું અધ્યયન વગેરેનું વિધાન, શ્રુત કેવળી પ્રથમ ભદ્રબાહુ સ્વામી દ્વારા રચિત વ્યવહાર સૂત્રમાં કરવામાં આવ્યું છે. ત્યાં તેમણે સોળ વખત આચાર-પ્રકલ્પ શબ્દનો પ્રયોગ કરેલ છે, પરંતુ નિશીથ સૂત્ર એ નામનો પ્રયોગ કરેલ નથી.

આનું કારણ એટલું જ છે કે કેવળ નિશીથ અધ્યયનનું કથન કરવાનું હોય ત્યારે 'નિશીથ સૂત્ર' એવો શબ્દ પ્રયોગ થાય અને સંપૂર્ણ આચારાંગનું અર્થાત્ બંને ખંડોનું કથન કરવાનું હોય ત્યારે 'આચારપ્રકલ્પ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

નંદીસૂત્ર કર્તાને પૃથક્ સૂત્રમાં તેનું કથન કરવાનું હતું તેથી ત્યાં 'નિશીથ સૂત્ર' નામ પ્રયોગ છે અને વ્યવહાર સૂત્રના કર્તાને અધ્યયન અધ્યાપનના પ્રસંગમાં, બંને સૂત્રનો એક સાથે નિર્દેશ કરવાનો છે, એટલે ત્યાં "આચારપ્રકલ્પ" શબ્દનો જ પ્રયોગ કરવામાં આવ્યો છે.

રચનાકાર સંબંધી ઉપર કથિત ત્રણે ય કલ્પનાઓ અસંગત તથા ભ્રમપૂર્ણ છે.

પ્રત્યેક સાધુ-સાધ્વીએ આચાર પ્રકલ્પ(આચારાંગ તથા નિશીથ) અર્થ સહિત કંઠસ્થ ધારણ કરવાનું આવશ્યક હોય છે. અન્યથા તે સંઘાડાનું પ્રમુખપદ કે બીજી કોઈ જવાબદારીયુક્ત પદ ધારણ કરવા અયોગ્ય ગણાય છે.

આ રીતે આ 'આચાર પ્રકલ્પ' જિનશાસનમાં પ્રારંભથી જ હોવું જરૂરી છે. એટલે આ ગણધર રચિત સંપૂર્ણ આચારાંગ સૂત્રના જ બંને વિભાગોમાં વિભાજિત અંશોનો પરિચાયક શબ્દ છે.



## નિર્યુક્તિઓના કર્તા દ્વિતીય ભદ્રબાહુ સ્વામી

***[તેમને ચૌદ પૂર્વી પ્રાચીન ભદ્રબાહુ ન સમજવા]***

[***વિશેષ :–*** *જૈન શાસ્ત્રોના મહાન ઉદ્ધારક સંશોધક સાક્ષર શિરોમણિ મૂર્તિપૂજક સમુદાયના પંડિત રત્ન મુનિ શ્રી પુણ્ય વિજયજી મ. સાહેબે બૃહત્કલ્પ ભાષ્યની પ્રસ્તાવનામાં ચર્ચા પ્રમાણો દ્વારા એવું સ્પષ્ટ કર્યું છે કે, 'નિર્યુક્તિ નામક વ્યાખ્યાઓના કર્તા પ્રથમ (પ્રાચીન) ભદ્રબાહુ સ્વામી નહોતા.' એ જ પ્રસ્તાવનાની ચર્ચા પ્રમાણોના થોડા અંશ ખૂબ જ ઉપયોગી હોવાથી ગુજરાતીમાંથી હિન્દીમાં ભાષાનુવાદ તથા ભાવાનુવાદ કરીને અત્રે-ફરી ગુજરાતીમાં આપેલા છે.*]

**જ્ઞાતવ્ય :–** પ્રાચીન ભદ્રબાહુ સ્વામી ચૌદ પૂર્વી હતા. તેમણે ત્રણ છેદ સૂત્રો (૧) દશાશ્રુતસ્કંધ (૨) બૃહત્કલ્પ (૩) વ્યવહારની રચના કરી છે. વીર નિર્વાણની બીજી શતાબ્દીમાં તે થયા. દ્વિતીય ભદ્રબાહુ સ્વામી જ્યોતિષવેત્તાના રૂપમાં પ્રસિદ્ધ થયા. તેઓ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની પછી વીર નિર્વાણની અગિયારમી શતાબ્દિમાં થયા, જે વરાહ મિહિરના મોટાભાઈ હતા. વરાહી સંહિતા તથા ભદ્રબાહુ સંહિતાના કર્તા પણ તે બંને ભાઈઓ હતા. ભગવતી સૂત્ર અનુસાર તે સમયે પૂર્વનું જ્ઞાન વિછિન્ન થઈ ચૂક્યું હતું.

અત્રે આગળ જે નિર્યુક્તિઓના પ્રમાણ આપવામાં આવેલ છે, તે વીર નિર્વાણ ત્રીજી શતાબ્દીથી અગ્યારમી શતાબ્દીની વચ્ચેના છે. પ્રથમ ભદ્રબાહુ સ્વામી બીજી શતાબ્દિ વીરનિર્માણ–૧૭૦માં થયા છે.

(૧) દશાશ્રુત સ્કંધ સૂત્રની નિર્યુક્તિની પ્રથમ ગાથા–

**वंदामि भद्दबाहुं पाईणं, चरिम सगल सुयणाणिं ।**
**सुत्तस्स कारगमिसिं, दसासु कप्पे य ववहारे ॥**

**અર્થ–** દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહાર આ ત્રણે સૂત્રોની રચના કરનારા અંતિમ શ્રુતકેવળી પ્રાચીન ભદ્રબાહુસ્વામીને હું વંદન કરું છું.

કોઈપણ વ્યક્તિ પોતાને તો પ્રણામ કરી જ ન શકે એટલે અહીં પ્રથમ નિર્યુક્તિ ગાથામાં ૧૪ પૂર્વી પ્રાચીન ભદ્રબાહુ સ્વામીને ત્રણે સૂત્રોના કર્તાનું વિશેષણ લગાડીને વંદન કરવામાં આવેલ છે. એટલે ભદ્રબાહુ સ્વામીને માટે પ્રાચીન વિશેષણ તથા ત્રણ સૂત્રોના કર્તાનું વિશેષણ લગાડીને આદિ મંગલરૂપે તેમને વંદન કરનારા શ્રમણ તો દ્વિતીય ભદ્રબાહુ સ્વામી છે.

આ નિર્યુક્તિ ગાથાની ચૂર્ણિ કરતી વખતે ચૂર્ણિકારે પ્રારંભમાં એમ કહ્યું છે કે– હવે ભાવ મંગલ નિર્યુક્તિકાર કહે છે કે **तत्थ भाव मंगलं निज्जुत्तिकारो आह ।** અહીં કોઈ બીજી કલ્પનાને પણ સ્થાન રહેતું નથી. કેમ કે ચૂર્ણિ કરનારા

આચાર્ય પણ સ્વીકારે છે કે આ ગાથા નિર્યુક્તિકારની છે અને તેમાં તેમણે આદિ મંગલરૂપમાં સૂત્રકર્તા પ્રાચીન ભદ્રબાહુ સ્વામીને વંદન કરેલ છે.

આમ આ ગાથાને પ્રક્ષિપ્ત ગાથા પણ ન કહી શકાય કેમ કે ચૂર્ણિકારની સમક્ષ આ ગાથા હતી અને તેમણે નિર્યુક્તિકારથી સૂત્રકાર ભિન્ન છે તેવું પણ સ્પષ્ટ સ્વીકારેલું છે. આથી એવું પણ સ્પષ્ટ થઈ જાય છે કે ચૂર્ણિકારના જમાનામાં એવો ભ્રમ નહોતો કે સૂત્રના અને તેની નિર્યુક્તિઓના કર્તા ભદ્રબાહુ સ્વામી છે. કેમ કે એવી ધારણા તે સમયે હોત તો આ પ્રથમ ગાથાની ચૂર્ણિ કરતાં તેઓ વિચારમાં પડી જાત, કે વ્યક્તિ સ્વયં જ પોતાને વંદન કેવી રીતે કરી શકે ? પરંતુ અત્રે વ્યાખ્યા કરતી વખતે ચૂર્ણિકારે સ્હેજ પણ મુંઝવણમાં પડયા વિના સરળતાથી આ નિર્યુક્તિ ગાથાની ચૂર્ણિ કરી દીધી છે.

આ પ્રકારે એટલું તો સિદ્ધ થાય છે કે ચૂર્ણિકારના સમય સુધી એવો કોઈ શંકાસ્પદ પ્રશ્ન નહોતો ઉઠયો કે નિર્યુક્તિ કર્તા અને સૂત્ર કર્તા એક જ વ્યક્તિ છે અને તે પણ ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામી જ છે. હકીકતમાં આ ગોટાળો ચૂર્ણિકારના ઘણા વર્ષો પછી નામ સામ્યતાના ભ્રમથી ઉત્પન્ન થયેલ છે.

(૨) ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમા અધ્યયનની નિર્યુક્તિ ગાથા–

**सव्वे एए दारा मरणविभत्तिए वण्णिया कमसो ।**
**सगल निउणे पयत्थे, जिण चउद्दसपुव्वी भासंति ।२३।**

**અર્થ–** મરણ વિભક્તિ સંબંધી અનેક દ્વારોથી ક્રમશઃ એવું વર્ણન કરવામાં આવેલ છે, પરંતુ વધારે સ્પષ્ટ અને સંપૂર્ણ વિવેચન તો તીર્થંકર તથા ૧૪ પૂર્વધારી જ કરી શકે છે.

આવું કથન કરવાવાળા સ્વયં ૧૪ પૂર્વી તો ન જ હોઈ શકે. આ નિર્યુક્તિ ગાથાની ટીકા કરવાવાળા શાંત્યાચાર્યના સમયે, એક સરખા બે નામથી થયેલો ભ્રમ પ્રચલિત થઈ ચૂક્યો હતો, તેથી તેમણે ઉક્ત નિર્યુક્તિ ગાથા સંબંધી શંકા પ્રગટ કરી કે નિર્યુક્તિકાર સ્વયં ૧૪ પૂર્વી હોવા છતાં, આવું કેમ જણાવે છે ! પછી વૈકલ્પિક સમાધાન કર્યું છે કે (અ) પોતાનાથી પણ વિશિષ્ટ ૧૪ પૂર્વી માટે આવું કહેલ હશે. (બ) અથવા તો દ્વાર ગાથાથી શરૂ કરીને બધી ગાથા ભાષ્ય ગાથા હશે, પરંતુ નિર્યુક્તિ ગાથા નહીં હોય, એટલે શંકા કરવી જોઈએ નહીં.

આવા વૈકલ્પિક સમાધાનો યોગ્ય નથી જણાતા કેમ કે દશાશ્રુતસ્કંધના ચૂર્ણિકારેને ઉક્ત ગાથા નિર્યુક્તિકારની હોવાનું સ્વીકાર કરતી વખતે કિંચિત માત્ર પણ સંદેહ થયો નહોતો. એટલે ટીકાકારનો સંદેહ તથા વૈકલ્પિક સમાધાન ભ્રામક ગોટાળાના પ્રભાવથી યુક્ત છે.

(૩) સૂત્રકૃતાંગ સૂત્રના નિર્યુક્તિકારે 'પુંડરિક' પદનું નિરૂપણ કરતાં દ્રવ્ય



નિક્ષેપમાં ત્રણ મત કહ્યાં છે. તે ત્રણ મત બૃહત્કલ્પ સૂત્રની ચૂર્ણિ અનુસાર સ્થવિર આર્ય મંગૂ, આર્ય સમુદ્ર અને આર્ય સુહસ્તી, આ ત્રણ સ્થવિરોની જુદી જુદી માન્યતાના રૂપમાં છે. આ ત્રણેય આચાર્ય ૧૪ પૂર્વી ભદ્રબાહુની પછીના છે અને દ્વિતીય ભદ્રબાહુની પહેલાના છે. આ ત્રણેયની માન્યતાના સંકલનો નિર્યુક્તિમાં હોવાથી એવું પણ સિદ્ધ થઈ જાય છે, કે આ આચાર્યોની પહેલા નિર્યુક્તિની રચના નહોતી થઈ પરંતુ પછી જ નિર્યુક્તિઓની રચના થઈ હોવી જોઈએ.

(૪) ગોષ્ઠામાહિલ નિન્હવ અને દિગંબર મતની ઉત્પત્તિની હકિકત પણ નિર્યુક્તિમાં જણાવી છે. આ બંને ઘટનાઓ પ્રાચીન ભદ્રબાહુ અને આર્ય રક્ષિતથી પછીના સમયની છે. એનાથી પણ આ સિદ્ધ થાય છે કે આ નિર્યુક્તિઓ પ્રાચીન ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીની નથી.

મુનિશ્રી પુણ્યવિજયજીના મંતવ્યોનો એક પરિચ્છેદ અહીં તેમની ભાષામાં રજૂ કરવાનું ઉપયુક્ત બને છે, જેનો સાર છે કે ભ્રમ તથા દુરાગ્રહથી નિર્યુક્તિઓને ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીની માનવાથી કેટલીય શંકાઓ, કેટલાય વિષયોમાં ઉત્પન્ન થાય છે. જેના સમાધાન માટે ખાલી ખોટી દૂષિત કલ્પનાઓ કરવી પડે છે. આવું ઊંઘ બગાડી આંખો ચોળવામાં કોઈ સાર નથી. એટલે નિર્યુક્તિઓ માટે ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીની તે રચનાઓ છે, તેવી ખોટી જિદ છોડી દેવી જોઈએ અને તે નામ સામ્યતા ધરાવતા દ્વિતીય ભદ્રબાહુ સ્વામીની રચનાઓ છે તેમ માની લેવું જોઈએ. આવું સત્ય માની લેવાથી કેટલીય સમસ્યાઓ(શંકા)નું નિવારણ આપોઆપ થઈ જાય છે. આ સાર વાળો ફકરો આ પ્રમાણે છે–

"અહીં પ્રસંગવશાત્ એક વાત સ્પષ્ટ કરી લઈએ કે ચૌદપૂર્વી ભગવાન ભદ્રબાહુના જમાનાના નિર્યુક્તિ ગ્રંથોને આર્યરક્ષિતના યુગમાં વ્યવસ્થિત કરી અને ફરીથી પછીના યુગમાં વ્યવસ્થિત કરવામાં આવે. એટલુ જ નહિ પણ એ નિર્યુક્તિ ગ્રંથોમાં ઉત્તરોત્તર ગાડાને ગાડા ભરીને વધારો ઘટાડો કરવામાં આવે, આ જાતની કલ્પના કરવી જરાય યુક્તિ સંગત નથી. કોઈપણ મૌલિક ગ્રંથમાં આવા ફેરફાર કર્યા પછી, એ ગ્રંથને મૂળ પુઢષના નામથી પ્રસિદ્ધ કરવામાં ખરે જ એના પ્રણેતા મૂળ પુઢષની તેમજ પછીના સ્થવિરોની પ્રામાણિકતા દૂષિત જ થાય છે. વસ્તુતઃ વિચાર કરવામાં આવે તો કોઈ પણ સ્થવિર મહર્ષિ પ્રાચીન આચાર્યના ગ્રંથને અનિવાર્ય રીતે વ્યવસ્થિત કરવાની આવશ્કયતા ઉભી થતા તેમાં સંબંધ જોડવા પૂરતો ઘટાડો ઉમેરો કે સહજ ફેરફાર કરે એ સહ્ય હોઈ શકે પણ તેને બદલે તે મૂળ ગ્રંથકારના જમાનાઓ પછી બનેલી ઘટનાઓ ને કે તેવી કોઈ બીજી બાબતોને મૂળ ગ્રંથમાં નવેસરથી પેસાડી દે એથી એ ગ્રંથનું મૌલિકપણું ગૌરવ કે પ્રમાણિકતા, વધશે ખરા ? આપણે નિર્વિવાદપણે કબૂલ કરવું જોઈએ કે

મૂળ ગ્રંથમાં એવો નવો ઉમેરો ક્યારેય પણ વાસ્તવિક માન્ય ન કરી શકાય. કોઈ પણ મહર્ષિ એવો ઉમેરો કરે પણ નહીં અને તે જમાનાના બીજા સ્થવિરો પણ તેને સ્વીકારે નહીં. એ નિર્યુક્તિઓને ચૌદપૂર્વી ભદ્રબાહુની રચના માનવાથી જ એવી અઘટિત દૂષિત કલ્પનાઓ કરવી પડે.'' *–બૃહત્કલ્પ ભાષ્ય ભાગ–૬ પ્રસ્તાવના.*

(૫) નિર્યુક્તિકાર ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામી હોત તો નિર્યુક્તિઓમાં નિમ્ન વર્ણન ન મળવા જોઈએ જ્યારે આ વર્ણનો આજે પણ મળે છે જેમ કે–

(૧) આવશ્યક નિર્યુક્તિ ગાથા ૭૬૪ થી ૭૭૬ સુધીમાં સ્થવિર ભદ્રગુપ્ત (વજ સ્વામીના ગુરુ) આર્ય સિંહગિરિ, શ્રી વજસ્વામી, શ્રી તોસલીપુત્ર, આચાર્ય આર્ય રક્ષિત, આર્ય ફલ્ગુરક્ષિત વગેરે બધા ય આચાર્યો પ્રાચીન ભદ્રબાહુસ્વામીની પછીના છે. તેમના વિશે વર્ણન ઉક્ત ગાથાઓમાં છે.

(૨) પિંડ નિર્યુક્તિ ગાથા ૪૯૮માં પાદલિપ્તાચાર્ય સંબંધી વર્ણન તથા ગાથા ૫૦૩ થી ૫૦૫માં વજસ્વામીના મામા આર્ય સમિત દ્વારા બ્રહ્મદ્વીપિક તાપસોની પ્રવ્રજ્યા અને બ્રહ્મદ્વીપિક શાખાની ઉત્પત્તિનું વર્ણન છે. આનુ તાત્પર્ય એટલું જ કે બ્રહ્મદ્વીપિક શાખાની ઉત્પત્તિની પછી આ નિર્યુક્તિઓ રચાયેલી છે.

(૩) ઉત્તરાધ્યયન સૂત્રની નિર્યુક્તિ ગાથા ૧૨૦માં કાલકાચાર્ય સંબંધી ઘટનાનો ઉલ્લેખ છે.

(૪) આવશ્યક નિર્યુક્તિ ૭૬૪ થી ૭૬૯ સુધીમાં વજસ્વામીના ગુણાનુવાદ કરતાં પુનઃ પુનઃ તેમને નમસ્કાર કરીને વર્ણન કરેલ છે, જે ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામી માટે સર્વથા અનુપયુક્ત લાગે છે, કેમ કે વજસ્વામી તેમના ગુરુ કે રત્નાધિક નહોતા પરંતુ શિષ્યાનુશિષ્ય હતા. તે નમસ્કારવાળી ગાથાઓ આ પ્રકારે છે–

**जो गुज्झएहिं बालो, निमंतिओ भोयणेण वासंते ।**
**णेच्छइ विणीय विणओ, तं वइर रिसिं नमंसामि ॥७६५॥**
**जो कन्नाइ धणेण य णिमंतिओ जुवणम्मि गिहीवइणा ।**
**णयरम्मि कुसुमणामे, तं वइररिसिं नमंसामि ॥**
**जेण उद्धरिया विज्जा, आगास गमा महापरिण्णाओ ।**
**वंदामि अज्जवइरं, अपच्छिमो जो सुयहराणं ॥७६९॥**

(૫) આવશ્યક નિર્યુક્તિ ગાથા ૭૭૩ અને ૭૪ માં બતાવ્યું છે કે 'અનુયોગનું પૃથક્કરણ આર્ય રક્ષિતના સમયે થયું, વજસ્વામી ત્યારે નહોતા થયાં.' આ ભૂતકાળ વાળું વાક્ય છે. આથી એવું સાબિત થાય છે કે નિર્યુક્તિઓ પ્રાચીન ભદ્રબાહુની રચના નથી.

(૬) આવશ્યક નિર્યુક્તિ ૭૭૮ થી ૭૮૩ સુધી અને ઉત્તરાધ્યયન નિર્યુક્તિ ગાથા ૧૬૪ થી ૧૭૮ સુધીમાં સાત નિન્હવો અને આઠમા દિગંબર મતની ઉત્પત્તિ તથા તેમની માન્યતાઓનું વિસ્તૃત વર્ણન કરેલ છે. જેમાં વીર નિર્વાણના ૭૦૦ વર્ષ સુધીના પ્રસંગ તથા તે વખતની ઘટનાઓ પણ છે.



**સારાંશ :–** નિર્યુક્તિઓની રચના 'ભદ્રબાહુ સ્વામી'ની છે, એવો જે ઈતિહાસ પ્રસિદ્ધ છે તથા ગ્રંથોમાં વ્યાખ્યાઓમાં ઉલ્લેખિત છે, તેનો કિંચિત માત્ર પણ વિરોધ નથી. રચનાકારનું નામ જે પ્રસિદ્ધ છે, તે સત્ય છે તેને ખોટું ઠરાવવાનું તો યોગ્ય જ નથી. વળી વરાહમિહિરના ભાઈ હોવાનું, ભદ્રબાહુ સંહિતાના રચનાકાર હોવાનું વગેરે પણ નિર્યુક્તિકાર ભદ્રબાહુના જીવનની સાથે જે સંબંધિત પ્રસંગ ઉપલબ્ધ છે, તે પણ નિર્યુક્તિકાર ભદ્રબાહુની સાથે માનવામાં કે સ્વીકારવામાં કોઈ વાંધો નથી. પરંતુ નામ સામ્યતાથી નિર્યુક્તિકાર ભદ્રબાહુથી ઘણા વર્ષ (૮૮૦) પૂર્વ થયેલ પ્રાચીન ૧૪ પૂર્વી ભદ્રબાહુને માટે, નિર્યુક્તિકર્તાનો સંબંધ જોડી દઈને જે ગોટાળો થયો છે તે સ્હેજ પણ ઉચિત કે ન્યાય સંગત નથી.

સ્વયં નિર્યુક્તિઓનું જે ક્લેવર(વિષય વર્ણન) છે, તે પણ એ વાતની સાક્ષી પૂરે છે કે નામ સામ્યતાથી ૧૪ પૂર્વી ભદ્રબાહુથી જોડવામાં નિર્યુક્તિકર્તાનો સંબંધ, સ્પષ્ટપણે ખોટો અને ભ્રામક છે.

(૧) આવો ગોટાળો શાસ્ત્ર લેખનના સમયમાં નહોતો કેમ કે એ શાસ્ત્રોમાં પ્રાચીન ભદ્રબાહુની દસ નિર્યુક્તિઓનો ક્યાંય ઉલ્લેખ નથી.

(૨) નિર્યુક્તિકર્તા દ્વિતીય ભદ્રબાહુના સમયે પણ આવો ગોટાળો નહોતો, તેમણે તો ત્રણ છેદ સૂત્ર કર્તા પ્રાચીન ભદ્રબાહુ સ્વામીને પ્રથમ ગાથામાં આદિ મંગલમાં વંદન કર્યા છે.

(૩) ચૂર્ણિકર્તાના સમય સુધી તો આ નામ સામ્યતાનો ભ્રામક ગોટાળો શરૂ નહોતો થયો. કેમ કે ચૂર્ણિકારે કોઈપણ ખચકાટ વિના સ્પષ્ટ અર્થ કર્યો છે કે હવે દશાશ્રુતસ્કંધ સૂત્રના નિર્યુક્તિકારે આદિ-મંગળરૂપમાં તે સૂત્ર સહિત ત્રણ છેદ-સૂત્રના કર્તા પ્રાચીન ભદ્રબાહુસ્વામીને નમસ્કાર કર્યા છે.

આ જ કારણોસર મૂર્તિપૂજક પ્રસિદ્ધ આગમોદ્ધારક વિદ્વાન મુનિશ્રી પુણ્ય વિજયજી મ. સાહેબે આને નામ સામ્યતાવાળો ભ્રામક ગોટાળો કે ગેરસમજ છે તેમ જણાવ્યું છે. આ ગેરસમજનું નિર્યુક્તિ, ભાષ્ય તથા ચૂર્ણિકારોના જમાના સુધી કોઈ અસ્તિત્વ જ નહોતું. પાછળથી ટીકાકારોના જમાનામાં જ્યારે શિથિલાચારનું તથા જડતાનું પ્રમાણ વધ્યું ત્યારે આ ગેરસમજ ભ્રમિત ગોટાળા રૂપમાં ઉત્પન્ન થઈ અથવા તો કદાચ કોઈએ ઈરાદાપૂર્વક આવી ગેરસમજ વહેતી કરી એ હકીકત છે.

ઉપલબ્ધ નિર્યુક્તિ ગ્રંથોમાં– (૧) વજસ્વામીને સભક્તિ વારંવાર નમસ્કાર કરેલ છે. (૨) સ્થૂલભદ્રના માટે **भगवं** શબ્દનો પ્રયોગ છે. (ઉત્તરાધ્યયન નિર્યુક્તિ) (૩) અનેક ઘટનાઓ ઘટિત થશે, તેના વર્ણન દરમ્યાન ભૂતકાળના વાક્યમાં પ્રયોગ પણ એજ સૂર પૂરે છે.

કોઈ વ્યક્તિને ભવિષ્ય ભાખવાનું હોય તો તે તેનું કથન કરતી વખતે ભૂતકાળનો પ્રયોગ તો ન જ કરે પરંતુ ભવિષ્યકાળની ક્રિયાનો પ્રયોગ કરીને પોતાનું જ્ઞાન વ્યક્ત કરે એટલે નિર્યુક્તિ કર્તાના રૂપમાં જે ભદ્રબાહુ સ્વામીનું નામ પ્રસિદ્ધ છે તે ઘટનાઓની પૂર્વેની વ્યક્તિ ન જ હોઈ શકે, પછીની વ્યક્તિ જ હોઈ શકે.

આમ નિર્યુક્તિઓમાં પણ જે જે વિષયોનું વર્ણન છે કે પ્રસંગ છે, તે વર્ણનો પ્રાચીન ભદ્રબાહુ સ્વામી પછી થઈ ગયેલ આચાર્યોના જ હોઈ શકે, કેમ કે ત્યાં પણ ભૂતકાળનો પ્રયોગ થયેલ છે એટલે એ તમામ બાબતો તથા પ્રસંગો પછીના સમયમાં થયેલ બીજા ભદ્રબાહુ સ્વામી જ આ નિર્યુક્તિઓના રચનાકાર છે, તે ધ્રુવ સત્ય સમજવું. તેઓ વરાહમિહિરના ભાઈ હતા અને ભદ્રબાહુ સંહિતાના રચનાકાર પણ હતા.

દશાશ્રુતસ્કંધ સૂત્રની નિર્યુક્તિની પ્રથમ ગાથાથી એટલું સ્પષ્ટ છે કે ૧૪ પૂર્વી પ્રાચીન ભદ્રબાહુ સ્વામીએ નિર્યુક્તિઓની રચના નહોતી કરી પરંતુ તેમણે ત્રણ છેદ સૂત્રો રચ્યાં હતાં.

૧૪ પૂર્વી પ્રથમ ભદ્રબાહુ સ્વામીને નિર્યુક્તિના કર્તા જણાવવા અંગે જે ગેરસમજ થયેલ છે કે તેઓ વરાહમિહિરના ભાઈ હતા અને અન્ય પ્રસંગોના વર્ણનમાં પણ આ ગેરસમજથી થયેલો ગોટાળો છે તેવું સ્પષ્ટ જણાય છે જ. કેમ કે વરાહમિહિરે જે 'પંચાસિકા' ગ્રંથની રચના કરી છે તેના અંતમાં તે સમયની જે સંવત તારીખ છે, તે જે સમય દર્શાવે છે, તે દેવર્દ્ધિગણિના પછી અને બીજા ભદ્રબાહુ સ્વામીના વખતનો છે અને એ વીર નિર્વાણની અગિયારમી શતાબ્દીનો વખત છે.

**ઉપસંહાર :–** આમ આગમ પ્રમાણોથી, તર્ક વિચારણાઓથી તથા મૂર્તિપૂજક વિદ્વાન મુનિ પુણ્યવિજયજીના મંતવ્યોથી એટલું નિશ્ચિત છે કે–

'નિર્યુક્તિ કર્તા ભદ્રબાહુ સ્વામી હતા તેમાં કોઈ શંકા નથી પરંતુ તે ૧૪ પૂર્વી પ્રાચીન(પ્રથમ) ભદ્રબાહુ સ્વામી ન હતા પરંતુ વરાહમિહિરના ભાઈ દ્વિતીય ભદ્રબાહુસ્વામી હતાં.'

આ સત્યને સ્વીકારવાથી ઘણી શંકાઓનું સમાધાન થઈ જાય છે. વળી ચિંતનશીલ વિદ્વાનોએ પરંપરા કે જડ માન્યતાઓમાં ફસાવાના બદલે આ વાતને સમજી સરળતાથી સ્વીકારવી જોઈએ. બાકી પ્રદેશી રાજાએ કરેલ 'પરંપરા વ્યામોહ'માં ફસાવાથી કે કેશીશ્રમણ દ્વારા આપવામાં આવેલ જવાબમાં નિર્દિષ્ટ લોહ વણિકના સાથી પણ ન બનવું જોઈએ.

ટૂંકમાં નિર્યુક્તિકર્તા દ્વિતીય ભદ્રબાહુ સ્વામી છે અને છેદ સૂત્રના કર્તા પ્રથમ(પ્રાચીન) ભદ્રબાહુ સ્વામી છે, એવું દઢતાપૂર્વક માનવામાં જ વિવેક છે. નિર્યુક્તિઓની રચના આગમ લેખન તથા નંદી સૂત્રની રચના પછીના વખતમાં જ થઈ હતી, પહેલાં થઈ નથી.



## સંખ્યાતા નિર્યુક્તિઓનો હાર્દ

નિર્યુક્તિઓ દ્વિતીય ભદ્રબાહુ સ્વામી દ્વારા રચાયેલી છે તેમ માનવાથી નવી શંકા ઉદ્‌ભવે છે કે નંદી સૂત્ર તથા સમવાયાંગ સૂત્રમાં **संखेज्जाओ निज्जुत्तिओ** પાઠ આવે છે, તેનો મતલબ શું છે ?

**સમાધાન :–** સમવાયાંગ તથા નંદીમાં કથિત નિર્યુક્તિ શબ્દને કોઈ વ્યવસ્થિત રચેલ ગ્રંથ ન સમજતાં, તે સૂત્રના સંબંધમાં જુદા-જુદા આચાર્યોના અર્થ પ્રતિપાદનની યુક્તિઓ છે, તેમ સમજવું જોઈએ. આપણા આગમો તથા તેના અર્થો જ્યારે મૌખિક પરંપરાથી ચાલતા હતા ત્યારે આગમના અર્થોને બહુશ્રુત ભગવંતો અનુયોગ પદ્ધતિથી શિષ્યોને સમજાવતા હતા, એ જ અર્થપ્રતિપાદક યુક્તિઓને નંદીસૂત્રમાં નિર્યુક્તિ શબ્દ તરીકે સૂચિત કરેલી છે. એ જ બહુશ્રુત ભગવંતોની મળીને ઘણી બધી અર્થ પ્રતિપાદક યુક્તિઓ, સંખ્યાતા નિર્યુક્તિઓ જેટલી થઈ જાય છે. આ અપેક્ષાએ જ અહીં સંખ્યાતા નિર્યુક્તિ સમજવી. તેને ગ્રંથના રૂપમાં સમજવી યોગ્ય નથી. ''આચારાંગ વગેરે પ્રત્યેક અંગસૂત્રો ઉપર સંખ્યાતા નિર્યુક્તિ ગ્રંથ રચાયેલાં છે.'' આમ સમજવાથી એવો પ્રશ્ન પણ થાય કે આ સૈંકડો હજારો ગ્રંથો કોના રચેલાં છે ? અને તે બધા ગયાં ક્યાં ? જ્યારે આગમ, લખાણમાં આવ્યા ત્યારે તે ગ્રંથોનું પણ લખાણ થયું હોવું જોઈએ અને ત્યારે તો શ્રુતજ્ઞાનમાં એ ગ્રંથોનો એક જુદો વિભાગ હોવો જોઈએ અને એમ જ હોત તો પાછળથી આચાર્યોએ વ્યાખ્યા ગ્રંથ રચવાની જરૂર જ ન રહેત ! આમ સંખ્યાતા નિર્યુક્તિ ગ્રંથ એક એક સૂત્રના છે તેમ માનવું જરાય ઉચિત નથી. પ્રત્યેક સૂત્રના મૌખિક વ્યાખ્યા કરવાના પ્રકાર સંખ્યાતા થાય તેમ સમજવું જોઈએ અને એજ અપેક્ષાએ **संखेज्जाओ निज्जुत्तिओ** શબ્દ પ્રયોગ છે, તેમ માનવું જોઈએ.

નિર્યુક્તિઓની સ્વતંત્ર વ્યાખ્યા ગ્રંથરૂપ રચના અને તેના રચનાકાર, જેની નિર્યુક્તિઓ આજે ૮-૯ ઉપલબ્ધ છે, તે આગમ લેખન તથા નંદીસૂત્રની રચના પછીની છે. અન્યથા નંદીસૂત્રમાં વ્યાખ્યા ગ્રંથનો શ્રુતજ્ઞાનમાં એક સ્વતંત્ર વિભાગ હોત જ ને ? કેમ કે દેવર્દ્ધિગણિ તથા તેમના સમયના એક પૂર્વધારીની રચના રૂપ નંદી સૂત્ર પ્રકીર્ણ સૂત્ર આદિને શ્રુતજ્ઞાનમાં કહ્યાં છે તો તેમનાં પહેલાંના વધારે પૂર્વધારીની રચનાઓ રૂપ નિર્યુક્તિઓ વગેરે ઉપલબ્ધ હોત તો તેને પણ શ્રુતજ્ઞાનમાં જુદા વિભાગમાં અવશ્ય આવરી લેવાત, પણ એવું થયું નથી.

એટલે નંદીસૂત્ર કથિત નિર્યુક્તિઓ તથા ઉપલબ્ધ નિર્યુક્તિ ગ્રંથમાં ભિન્નતા સમજવી જોઈએ. નિર્યુક્તિ ગ્રંથ તો એક એક શાસ્ત્ર પર એક જ હોય, તે પણ આજે ૫-૭ શાસ્ત્ર પર જ ઉપલબ્ધ છે. જ્યારે નંદી તથા સમવાયાંગ સૂત્રમાં

સંખ્યાતા નિર્યુક્તિઓ પ્રત્યેક અંગ આગમની કહેલી છે. જેમાંથી આજે ૫-૫ પણ ઉપલબ્ધ નથી. તો ઉપલબ્ધ નિર્યુક્તિ વ્યાખ્યા ગ્રંથ અને નંદીસૂત્રમાં જણાવેલ કેટલીય સંખ્યાતા નિર્યુક્તિઓનું તાત્પર્ય જુદું-જુદું સમજવું જોઈએ.

**સાર :–** (૧) નિર્યુક્તિ વ્યાખ્યા ગ્રંથ દ્વિતીય ભદ્રબાહુ સ્વામી દ્વારા રચિત ગ્રંથ છે (૨) નંદી સૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં પ્રત્યેક અંગ આગમની સંખ્યાતા નિર્યુક્તિઓ મૌખિક સમજાવેલી, પ્રત્યેક વાચનાચાર્યની વિભિન્ન પદ્ધતિઓને કહેવામાં આવેલ છે. જિનશાસનમાં અનેક વાચનાચાર્ય હોવાથી આ નિર્યુક્તિઓને સંખ્યાતા કહી છે.

## મહાનિશીથ સૂત્રમાંથી નોંધ

[*મહાનિશીથ સૂત્રનો પરિચય કરાવવા માટે તેના મૂળપાઠના વિષયોનું ઉદ્ધરણ આપીને તેના ઉપર કરવામાં આવેલ દેરાવાસી વિદ્વાન મુનિ કલ્યાણ વિજયજીની ટિપ્પણી પણ આ સાથે આપવામાં આવે છે. ઈતિહાસમાં રસ ધરાવનાર પાઠક તેને ધ્યાનથી વાંચે*].

(૧) ''સબળોં (શિથિલાચારીઓ)ના સંબંધમાં નથી લખી શકાયું કેમકે ગ્રંથનો વિસ્તાર વધી જવાનો ભય છે, ભગવાને પણ આ પ્રસંગમાં કુશીલાદિકોનું અધિક વર્ણન કર્યું નથી.''

આવા વચનોનો સાર જોતા એટલું ચોક્કસ સમજાય છે કે ઉપલબ્ધ 'મહાનિશીથ' સૂત્ર નથી બલ્કે એક પ્રબંધ છે. સૂત્રકાર સૂત્રોમાં એવું ક્યારેય ન લખે કે **ભગવાને પણ આમ નથી કર્યું**. આવું કથન તો મહાનિશીથની અસૌત્રિકતા પ્રમાણિત કરે છે. જે સૂત્ર ગણધર રચિત હોય છે, તેમાં ક્યારેય એવું ન કહ્યું હોય કે **ભગવાને પણ વધારે નથી કહ્યું**. આથી એટલું ચોક્કસ સાબિત થાય છે કે મહાનિશીથ એક અર્વાચીન ગ્રંથ છે, ગણધરરચિત શાસ્ત્ર નથી.

આ ત્રીજા અધ્યયનના અંતમાં કહ્યું છે કે, ''ઘણાં ખરાં શ્રુતધરોએ ભેગાં મળીને અંગ ઉપાંગાત્મક દ્વાદશાંગશ્રુત સમુદ્રમાંથી અંગ ઉપાંગ શ્રુતસ્કંધ અધ્યયન ઉદ્દેશકોનું ચયન કરીને થોડાક સંબંધિત પાઠ લઈને તેને વ્યવસ્થિત કરી લેખબદ્ધ કર્યા છે. પોતના ગાણા નથી ગાયા !'' પૃ. ૯૧

(૨) ચોથા અધ્યયનના અંતમાં કહ્યું છે કે– 'અહીં ચોથા અધ્યયનમાં કેટલાક સૈદ્ધાંતિક વિદ્વાનો, કતિપય આલાપકો પર શ્રદ્ધા નથી કરતા અને તેમને શ્રદ્ધા ન હોવાથી અમને પણ તેમના પર શ્રદ્ધા નથી થતી, આવું હરિભદ્ર સૂરિ કહે છે. પરંતુ આખુ ચોથું અધ્યયન અથવા અન્ય અધ્યયન એવું નથી, અર્થાત્ ચોથા અધ્યયનના જ કેટલાક આલાપક અશ્રદ્ધેય છે. કેમ કે સ્થાનાંગ, સમવાયાંગ જીવાભિગમ પન્નવણા આદિ સૂત્રોમાં આવી વાતો નથી આવી. જેમ કે પ્રતિસંતાપસ્થળ આસ્થિત તદ્ ગુફાવાસી મનુષ્યના રૂપમાં પરમાધર્મિકોનું સાત



આઠવાર ઉત્પન્ન થવું કઠોર વજ્રશિલાપીંડોની વચ્ચે પીડાતા રહેવા છતાં એક વર્ષ પહેલાં પ્રાણનો ત્યાગ ન થાય તેવું વગેરે. પરંતુ વૃદ્ધોનું કથન એ છે કે 'આ સૂત્ર આર્ષ છે. આમાં કોઈપણ વિકૃતિ થઈ નથી અને આમા વિશિષ્ટ પ્રકારના ગણધરોના વચનો પણ છે. એટલે આ સૂત્રના વિષયમાં કોઈપણ શંકા કરવી ઉચિત નથી.' એક બે નહીં પણ કેટલીય બાબતો છે, જે અન્ય સૂત્રોથી પ્રમાણિત ન કરી શકાય. જેનું પ્રાયશ્ચિત્ત નિરૂપણ તો છેદ સૂત્રોથી મેળ જ ખાતું નથી. આથી એટલું તો ચોક્કસ પ્રમાણિત થાય છે કે 'મહાનિશીથ' ખંડિત મહા-નિશીથનો એક અવશેષ નથી પરંતુ એક સ્વતંત્ર કૃતિ છે. પૃષ્ટ–૯૨.

(૩) જ્યાં આવશ્યક ચૂર્ણિમાં પ્રાયશ્ચિત્તનું નામોનિશાન નહોતું ત્યાં ૨૦૦ વર્ષ પછી નિશીથ વિશેષ ચૂર્ણિમાં લઘુમાસનું પ્રાયશ્ચિત્ત આવ્યું(પ્રતિક્રમણ કર્યા પછી જ્યાં ચૈત્ય હોવા છતાં પણ વંદન કરે તે) અને પ્રતિક્રમણના પ્રારંભમાં ચૈત્યવંદનનું કોઈ સૂચન જ નથી. જે પછીથી મહાનિશીથમાં આવ્યું કે ચૈત્યવંદન કર્યા પછી જ પ્રતિક્રમણ કરવું અન્યથા ઉપવાસનું પ્રાયશ્ચિત્ત સમજવું.

મૌલિક છેદસૂત્રોમાં દેવ (ચૈત્ય) વંદન કરવું કે ન કરવું એવી કોઈ ચર્ચા જ નથી. તો પછી પ્રાયશ્ચિત્તની વાત ક્યાંથી આવી ? સમય જતાં વિક્રમ સંવત ૧૧મી સદી પછી સમાચારીઓમાં ૭ વખત ચૈત્ય વંદન કરવાનું નિશ્ચિત્ત થયું.

'ત્રિકાળ ચૈત્યવંદન ન કરે તો એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત અને બીજીવાર ભૂલ થાય તો છેદનું પ્રાયશ્ચિત્ત, ત્રીજીવાર મૂળ પ્રાયશ્ચિત્ત અને અવિધિથી કરે તો પારાંચિત પ્રાયશ્ચિત્ત'. અધ્યયન–૬માં.

(૪) ભગવાનનું મેઢ પર્વતને હલાવવાનું કથન કરેલ છે– અધ્યયન–૪માં.

(૫) અધ્યયન છઠ્ઠામાં કેવા ગુઢને ગચ્છપતિ બનાવવા તે અંગે વિસ્તૃત લક્ષણ- ગુણો કહ્યાં છે. આ અધ્યયનમાં ચૈત્યવાસની ઉત્પત્તિનું વિસ્તૃત વર્ણન છે. પ્રાયશ્ચિત્ત વર્ણન પણ છે.

(૬) 'જે કોઈ હરિયાળી, બીજ, પુષ્પ કે ફળનું 'પૂજાર્થે' મહિમાર્થે કે શોભાર્થે સંગ્રહણ સ્પર્શ આદિ કરે, કરાવે, ઉક્ત લીલોતરીનું છેદન કરે, કરાવે, સંગ્રહ અને છેદન કરનારાઓનું અનુમોદન કરે તો આ સર્વ સ્થાનોમાં ગાઢ-પ્રગાઢ ભેદથી યથાક્રમથી ઉપસ્થાપના, ક્ષપણ(છઠ્ઠ), ચઉત્થભક્ત, આયંબિલ, એકાસણું, નીવીનું પ્રાયશ્ચિત્ત દેવું.'

(૭) મહાનિશીથના નિર્માતા જો સુવિહિતાચાર્ય હોત તો ઉપધાનના અંતે જિન ચૈત્યમાં નંદીની ક્રિયા કરી ✓ત તાજા ફૂલોની માળા "જિન"ના પૂજા દેશથી પોતાના હાથોમાં લઈને ગૃહસ્થના ગળામાં પહેરાવવાનું વિધાન ક્યારેય કરત નહીં. આથી એટલું જરૂર સમજાય છે, કે રચયિતા પોતે ખુદ શિથિલાચારીઓની પંક્તિના વિદ્વાન હતા. શિથિલાચારીઓને પણ ક્યારેક બીજા શિથિલાચારીઓની

કેટલીક પ્રવૃત્તિઓ પસંદ નથી હોતી. આવા વખતે તેના મુદ્દાનો જોર જોરથી વિરોધ કરતા હોય છે, જે આજની તારીખમાં પણ બને છે. એવું જ કથન લગભગ મહાનિશીથ કારે કરેલું છે.

(૮) **વિચિત્ર પ્રાયશ્ચિત્ત–** જિન વંદન કે પ્રતિક્રમણ કરનારાઓની સામેથી બિલાડી પસાર થઈ જાય તો તે બધા સાધુઓએ લોચ કરવો જોઈએ અથવા કઠોર તપ કરવું જોઈએ. જો આ 'પ્રાયશ્ચિત્ત' ન કરે તો તેને ગચ્છની બહાર મૂકી દેવા જોઈએ.

પગમાં ચંપલ પહેરીને ફરે તો નવી દીક્ષા, ચંપલ ન રાખે તો છટ્ઠ. દેવવંદન વિના પ્રતિક્રમણ કરે તો ઉપવાસ. આવશ્યક પ્રસંગ પર પગરખાં ન પહેરે તો છટ્ઠ. રાત્રિના પ્રથમ પ્રહરમાં પ્રતિક્રમણ કર્યા પછી સ્વાધ્યાય ન કરે તો પાંચ ઉપવાસ. પહેલો પ્રહર પૂરો થયા પહેલાં સંથારાનો આદેશ લે તો છટ્ઠ. આદેશ વગર સૂવે તો ઉપવાસ. સ્થંડિલ પ્રતિલેખન કર્યા વગર સંથારો કરે તો પાંચ ઉપવાસ. અવિધિથી સંથારો(શયનાસન) કરે તો ઉપવાસ. ઉત્તરપટ્ટા વગર સંથારો કરે તો ઉપવાસ. દુપટ્ટ સંથારો કરે તો ઉપવાસ.

સૂતી વખતે આયરિય ઉવજ્ઝાએનો પાઠ ન કરે, કાનમાં રૂ ન ભરાવે, સાગારી સંથારાના પચ્ચકખાણ ન કરે તો પ્રત્યેકમાં નવી દીક્ષા. પછી પરમ મંત્રાક્ષરોથી શરીરની બાર ભાવના ભાવીને સાપ, સિંહ, હાથી, દુષ્ટપ્રાણી, વાણવ્યંતર, પિશાચાદિથી રક્ષા ન કરે તો નવી દીક્ષા. આ બધાં વિચિત્ર પ્રાયશ્ચિત્તો છે. સુખ સાધનોનો ઉપયોગ ન કરવામાં કોઈ પ્રાયશ્ચિત્ત લાગતું નથી તો ઉપસર્ગ દૂર કરવામાં કે પગરખાં વગેરે ન પહેરવામાં પ્રાયશ્ચિત્ત કેવું ? આવું વિધાન કરવું તે અનાગમિક છે. ઉત્તરપટ્ટાનો ઉપયોગ પણ પૂર્વકાળમાં નહોતો થતો. મહાવીર નિર્વાણના સેંકડો વર્ષ પછી તેનું અસ્તિત્ત્વ થયું એટલે એનું પણ પ્રાયશ્ચિત્ત કેવું ?

'૧૨ ભાવના ન ભાવે તો ૨૫ આયંબિલનું પ્રાયશ્ચિત્ત અને તે આયંબિલ ન કરે તો પાંચ ઉપવાસ. રાત્રિમાં છીંક, ખાંસી વગેરે આવે તો છટ્ઠ. દિવસ-રાત દરમ્યાન હાસ્ય, ક્રીડા, કંદર્પ, નાસ્તિકવાદની વાત કરે તો નવી દીક્ષા. તેઉકાય, અપકાયનો સંઘટ્ટો થઈ જાય તો ૨૫ આયંબિલ. સ્ત્રી સંબંધી મૈથુન સેવનનું પ્રાયશ્ચિત્ત– કદાચિત મહાતપસ્વી હોય તો તેને ૭૦ માસ ખમણ, ૭૦ અર્ધમાસ ખમણ, ૭૦ પંચોલા યાવત્ ઉપવાસ, આયંબિલ, એકટાણાં, નીવી, એકાસણા બધુ ૭૦-૭૦' આ બધાં વિધાનો અન્ય કોઈ સૂત્રમાં થયા નથી.

(૯) 'આ પ્રાયશ્ચિત્ત વિધાન ક્યાં સુધી ચાલશે ? આચારાંગ સૂત્ર રહેશે ત્યાં સુધી ઉક્ત પ્રાયશ્ચિત્ત પદ્ધતિ પણ ચાલતી રહેશે. પ્રાયશ્ચિત્ત સૂત્રના વિચ્છેદ થવા પર ૭ દિવસમાં ચંદ્ર-સૂર્યની કાંતિ ઓછી થઈ જશે.' આચાર્ય, મહત્તર અને પ્રવર્તિનીને આ બધા પ્રાયશ્ચિત્તો ચાર ગણા વધારે સમજવા. આ વિધાન પણ આગમિક નથી.



(૧૦) **પ્રશ્ન–** 'હે ભગવાન કુગુઢ ક્યારે થશે ? સાડા બારસો વર્ષ વીત્યાં પછી કુગુઢ પ્રગટ થશે. હે ભગવાન કોઈ ગણિ આવશ્યક કાર્યમાં પ્રમાદી બની જાય તો શું કરવું ? **ઉત્તર–** તેવા ગણિને અવંદનીય ગણવો. નિષ્કારણ ક્ષણભર પણ પ્રમાદ કરે તેને આ પ્રાયશ્ચિત્ત'.

વિક્રમની આઠમી સદી(વીર નિર્વાણ ૧૨૫૦) જૈન શ્રમણોના શૈથિલ્યનો પ્રધાન સમય હતો. શ્રી ધર્મદાસગણિની ઉપદેશમાળા, હરિભદ્રસૂરિનાં ગ્રંથો તથા મહાનિશીથના અમુક લેખોથી સિદ્ધ થાય છે કે તે સમય શિથિલાચારીઓના પ્રાબલ્યનો સમય હતો.

(૧૧) અધ્યયન–૮ "હે ભગવાન આચાર્યોને કેટલું પ્રાયશ્ચિત્ત આવે ? ઉત્તર– એ જ અપરાધમાં ૧૭ ગણું પ્રાયશ્ચિત્ત આવે. જો શીલમાં સ્ખલન થાય તો ત્રણ લાખ ગણું પ્રાયશ્ચિત્ત આવે."

(૧૨) અધ્યયન બીજામાં દર્શાવ્યું છે કે 'સ્ત્રીની યોનિમાં દર સમયે ૯ લાખ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવ રહે છે. એક જ વખતના મૈથુનમાં વ્યક્તિ તે તમામ જીવોનો નાશક બને છે. બધા કેવળી એ જીવોને દેખે છે.' અને તેની આગળની ગાથામાં કહ્યું છે કે 'એ જીવ ફક્ત કેવળ જ્ઞાનનો વિષય છે પરંતુ કેવળી તેને જોતા નથી. અવધિજ્ઞાની જાણે છે, પણ દેખતા નથી; મનઃપર્યવજ્ઞાની જાણતા પણ નથી, દેખતા પણ નથી.'

(૧૩) સૂક્ષ્મ પૃથ્વીકાયની કિલામના થઈ હોય તો સર્વે કેવળી તેને અલ્પારંભ કહે છે અને જીવનો વિનાશ સંભવ હોય તો તેને મહારંભ કહે છે.

(૧૪) ત્રીજા અધ્યયનમાં દર્શાવ્યું છે કે 'જેને રાત-દિવસ ગોખવાં છતાં અડધો શ્લોક પણ યાદ ન રહે તો તેણે શું કરવું જોઈએ ? ઉત્તરમાં ભગવાને કહ્યું છે કે– તેણે સ્વાધ્યાયીની સેવા કરવી જોઈએ અને ૨૫૦૦ નવકારમંત્રને એકાગ્રચિત્તથી ગોખ્યા કરવા જોઈએ.'

(૧૫) અધ્યયન ચોથામાં દર્શાવ્યું છે કે રત્નદ્વીપના મનુષ્યો દ્વારા જળમનુષ્યોથી અંડગોળક પ્રાપ્ત કરવાની વિધિ બતાવી છે. આ વિધિ પણ બીજા આગમમાં નથી. પછીના ગ્રંથોમાં તેની નકલ થયેલી છે– 'બાકીના વિવરણ માટે પ્રશ્ન વ્યાકરણના વૃદ્ધ વિવરણને જોઈ લેવું'. આવો સંકેત મૂળપાઠમાં જ કરી દેવાયો છે.

(૧૬) અધ્યયન પાંચમાં દર્શાવ્યું છે કે શાસનમાં આચાર્યોની સંખ્યા ૫૫ કરોડ લાખ, ૫૫ કરોડ હજાર, ૫૫ સો કરોડ, ૫૫ કરોડ અર્થાત્ ૫૫,૫૫,૫૫, ૫૫, ૦૦,૦૦, ૦૦૦ 'થશે'. એવું પણ કોઈ આગમમાં નથી.

(૧૭)આજ અધ્યયનમાં મુનિ, સંઘ, તીર્થ, ગણ પ્રવચન, મોક્ષમાર્ગ, દર્શન-જ્ઞાન-ચારિત્ર ઘોર ઉગ્ર તપ અને ગચ્છ, આ બધાને એકાર્થક બતાવ્યા છે. ગાથા–

मुणिणो, संघं तित्थं, गणपवयण मोक्ख मग्ग एगट्ठा ।
दंसण णाण चारित्ते घोढग्गतवं चेव गच्छ णामे॥९३॥

(૧૮) દુપ્પસહ આચાર્ય અને વિષ્ણુશ્રી સાધ્વી ઉપવાસમાં કાળ કરીને પ્રથમ દેવલોકમાં જશે.

(૧૯) **સાધ્વી સંપર્ક નિષેધ :–**

जत्थ य गोयमा साहु, अज्जाहिं सह पहम्मि अहूणा ।
अववाएण वि गच्छेज्जा, तत्थ गच्छम्मि का मेरा ॥

जत्थ य अज्जा लद्धं पडिग्गहमादि विविहमुवकरणे ।
परिभुंजइ साहुहि ते गोयमा केरिसे गच्छं ॥ અ. ૫. ગાથા. ૧૦૦

**ભાવાર્થ :–** હે ગૌતમ ! જે ગચ્છમાં સાધુ-સાધ્વી માર્ગમાં સાથે ગમન કરે તે ગચ્છમાં કોઈ મર્યાદા નથી.

હે ગૌતમ ! જે ગચ્છમાં સાધ્વી દ્વારા ગવેષણા કરેલ પાત્ર આદિનો ઉપભોગ સાધુઓ કરે તે કેવો ગચ્છ છે ? અર્થાત્ તે કોઈ ગચ્છ જ નથી.

(૨૦) એક સ્થાન પર લખ્યું છે કે– 'એવા નામધારી સૂરિ થશે કે જેમનું નામ લેવાથી પણ પ્રાયશ્ચિત્ત લાગશે તેટલું નિશ્ચિત્ત સમજો.' ગાથા–

भूए अजाइ कालेण केइ होहिंत गोयमा सूरि ।
णाम गहणेण वि जेसिं होज्ज नियमेण पच्छित्तं ॥

(૨૧) **આચાર્ય વજ્ર–** તેમના ૫૦૦ શિષ્ય આજ્ઞા લીધા વિના તીર્થ યાત્રાએ નીકળ્યા. તેમની પાછળ જતાં આચાર્ય વજ્રે કહ્યું કે હે મહાભાગો ! સાધુ સાધ્વીને માટે તીર્થંકર ભગવાને ૨૭૦૦૦ સ્થંડિલ કહ્યાં છે. તેને શોધીને ઉપયોગપૂર્વક ચાલવું જોઈએ. ઉપયોગ શૂન્યતાથી જેમ તેમ ચાલવું જોઈએ નહીં. બેઈન્દ્રિય, તેઈન્દ્રિયના સંઘટ્ટા જનિત કર્મના સર્વે તત્ત્વોનું સારભૂત સૂત્ર ભૂલી ગયા કે શું ? વિચાર કરો. આ પ્રકારે સમજાવવાથી પણ હિતાવહ વચન ન માન્યા તો એકનો વેષ જ ઝુંટવી લીધો તો બાકી બધા ભાગી ગયા. (સંક્ષિપ્ત)

(૨૨) એક સમયે આચાર્ય કુવલયપ્રભ વિહાર ક્રમથી ચૈત્યવાસીઓના ક્ષેત્રમાં જઈ ચડ્યા. ચૈત્યવાસીઓએ વંદન કરી સત્કાર કરી, ત્યાં જ ચાર્તુમાસ કરવાની વિનંતી કરી. આપના ઉપદેશથી સુંદર ચૈત્ય બનશે અને ઘણો લાભ થશે. **"ताहे भणियं तेण महाणभागेणं गोयमा;जहा भो भो पियंवए। जइवि जिणालए तहावि सावज्जमिणं णाहं वायामितेणं एयं आयरिज्जा । एयं च समय सारवरं तहिं जहाठियं, अविवरीयं णीसंकं भणमाणए णं तेसिं मिच्छदिट्ठी लिंगीणं साहु वेसधारीणं मज्झे गोयमा ! आसंकलियं तित्थयर नाम, कम्म गोयं तेण कुवलय पभेणं, एगभवावसेसी कओ भवोयहि ।** ५/૧૨૯૪.



**ભાવાર્થ :–** ચૈત્યની પ્રેરણાના ઉત્તરમાં કુવલયપ્રભ આચાર્યે તે કાર્યને સાવદ્ય અને અકરણીય બતાવી તેનો નિષેધ કર્યો. આ રીતે નિડર સાર પૂર્ણ વચન કહીને તે આચાર્યે પેલા શિથિલાચારી મિથ્યાદષ્ટિ વેષધારીઓ વચ્ચે તે જ સમયે તીર્થંકર નામ કર્મ બાંધ્યું અને એક ભવાવતારી બન્યા.

(૨૩)વ્રત ભંગ કરવાવાળા માટે માચ્છીમારના ભવથી આઠગણું પાપ કહ્યું છે–

**आजम्मेणं तु जे पावे, बंधेज्जा मच्छ बंधगो ।**
**वय भंगे काउमाणस्स, तं चेव अट्ठगुणं मुण** (અ. ૬, ગા. ૧૪૯)

મહાનિશીથ ભલે આવું જણાવે પણ સિદ્ધાંતમાં આવું કહ્યું નથી. સિદ્ધાંત મુજબ વ્રત શુદ્ધ પાળવાવાળો ઉત્તમ, અશુદ્ધ કરવાવાળો મધ્યમ અને અવ્રતી જઘન્ય માનવામાં આવે છે.

(૨૪) જે નિર્દયી પુરુષ એક લાખ સ્ત્રીઓના ૭-૮ માસના ગર્ભને પેટ ચીરીને મારી નાખે, એને જેટલું પાપ લાગે, એથી નવગણું પાપ સ્ત્રી સંગથી સાધુ બાંધે, સાધ્વી સંગથી હજાર ગણું અને પ્રેમ વશ આવું કામ કરે તો કરોડ ગણું અને ત્રીજી વાર કરે તો બોધિનો નાશ કરે.

(૨૫) સાતમા અધ્યયનમાં કઠોર, કર્કશ ભાષા, કષાય, ક્લેશના અનેક પ્રાયશ્ચિત્ત વર્ણન છે. – *'પ્રબંધ પારિજાત', પં. કલ્યાણ વિજય ગણિ.*

**નોંધ :–** આ નિબંધ લગભગ ઉક્ત પ્રબંધ પારિજાત ગ્રંથમાંથી કરાયેલું સંકલન માત્ર છે અર્થાત્ તેમાં કથિત વાક્ય મહાનિશીથ સૂત્રના તથા મૂર્તિપૂજક પં. શ્રી કલ્યાણ વિજય ગણિના છે.

## કલ્પસૂત્રની રચના સંબંધી વિચારણા

આગમ લેખન કાળમાં ત્રણ કલ્પસૂત્ર વિદ્યમાન હતા. જેનું દેવર્દ્ધિગણિએ નંદી સૂત્રમાં કથન કર્યું છે. (૧) 'કપ્પો' (બૃહત્કલ્પ સૂત્ર) જે છેદ સૂત્ર છે તથા કાલિક સૂત્ર છે. (૨) 'ચૂલકપ્પ સૂત્ર' (૩) 'મહાકપ્પ સૂત્ર'. આ બંને ઉત્કાલિક છે અને બંને આજે પોત-પોતાના નામે સ્વતંત્રરૂપમાં અનુપલબ્ધ છે.

જો ચોથું પર્યુષણા કલ્પસૂત્ર દેવર્દ્ધિગણિએ સંપાદિત કરી પૃથક્ કર્યું હોત તો તે તેનું નામ પણ કાલિક સૂત્રની સૂચિમાં નંદી સૂત્રમાં અવશ્ય આપત અને જો આઠમા અધ્યયનને જ સંવર્ધિત સંપાદિત કર્યું હોત તો નિર્યુક્તિકારની સામે દશાશ્રુત-સ્કંધમાં તે હોવું જોઈતું હતું. અતઃ નંદી સૂત્રમાં અનિર્દિષ્ટ આ પર્યૂષણા-કલ્પસૂત્ર દેવર્દ્ધિના સમયમાં પણ સ્વતંત્રરૂપમાં નહોતું બન્યું, ન તો દશાશ્રુતસ્કંધની આઠમી દશામાં એનું આ સ્વરૂપ હતું. દેવર્દ્ધિગણિ પછી લગભગ ૨૦૦ વર્ષ સુધી પણ તેનું સ્વતંત્ર અસ્તિત્ત્વ ન હોતું એટલું સ્પષ્ટ છે. એટલે દેવર્દ્ધિગણિના

સમકાલીન ચતુર્થ કાલકાચાર્યે એનું સભામાં વાચન કર્યું, એવું કથન પણ કલ્પના માત્ર છે. કેમ કે આ સૂત્રનો પ્રાર્દુભાવ જ નહોતો થયો.

ધ્રુવસેન રાજા ત્રણ થયાં છે. જેમાં પ્રથમ ધ્રુવસેન રાજાનો પુત્ર આનંદપુરમાં વિક્રમ સંવત ૫૮૪માં કાળધર્મ પામ્યો. ચતુર્થ કાલકાચાર્ય વિક્રમ સંવત ૫૨૩ સુધી રહ્યાં. કેમ કે દુષમાકાળ શ્રમણ સંઘ સ્તોત્રમાં ભૂતદિન્નની પછી કાલકાચાર્યનું અગિયાર વર્ષ સુધી પાટ પર રહ્યાનું જણાવ્યું છે. એટલે રાજાનો પુત્રશોક દૂર કરવા માટે સભામાં કલ્પસૂત્ર કાલકાચાર્ય દ્વારા વાંચવામાં આવ્યું, એ વાત પણ અસત્ય અને નકામી કલ્પના માત્ર છે.

***સૂત્ર લેખન પછીના નિકટ સમયમાં (૪૦-૫૦ વર્ષમાં) આવશ્યક સૂત્ર તથા આચાર સૂત્રોની વ્યાખ્યા રૂપ નિર્યુક્તિઓની રચના થઈ. પછી તેના ભાષ્ય, ચૂર્ણિ બન્યાં. ત્યાર પછી આઠમી શતાબ્દિમાં હરિભદ્ર સૂરિએ આવશ્યક સૂત્રની ટીકા કરી. ગંધહસ્તીએ અંગ સૂત્રની ટીકા શરૂ કરી. જે પ્રથમ આચારાંગથી આગળ ન વધી શકી. પછી શીલાંકાચાર્ય બે અંગ શાસ્ત્રોના ટીકાકાર બન્યા. પછી અભયદેવસૂરિ નવાંગી ટીકાકાર થયા. પછી મલયગિરિ મહાન ઉત્સાહી ટીકાકાર થયા.***

જો કલ્પસૂત્રની રચના દેવર્દ્ધિગણિ તથા કાલકાચાર્યના સમયમાં થઈ હોત અને વાચના સભામાં થઈ હોત તો આવા પ્રચલિત સૂત્રની આઠસો વર્ષ સુધીમાં થયેલ મહાન વ્યાખ્યાકારોમાંથી એક પણ વિદ્વાને ટીકા કેમ ન કરી ? એ વ્યાખ્યા- કારો તથા વિદ્વાનોએ ક્યાંય પણ પયૂર્ષણાકલ્પસૂત્રનું પૃથક્કરણ કે સભામાં વાંચન જેવી વાતનો કોઈ નિર્દેશ પણ કર્યો નથી. આ સૂત્રનો ક્યાંય નામોલ્લેખ નથી.

***મહાન ટીકાકાર શ્રી મલયગિરિએ દેવીથી વરદાન પ્રાપ્ત કરીને અનેક સૂત્રોની ટીકાઓ રચી.*** જો પર્યુષણાકલ્પ પણ કોઈ સ્વતંત્ર સૂત્ર હોત અને વ્યાખ્યાનમાં વાંચવામાં આવતું હોત તો તે સૂત્ર ઉપર ટીકાની રચના કરવાનું પણ મલયગિરિ માટે અત્યંત આવશ્યક બન્યું હોત, પરંતુ એવું બન્યું નથી.

પર્યૂષણાકલ્પસૂત્રનું સ્વતંત્ર રૂપ જ્યારે બન્યું અને સભામાં વાંચન શરૂ થયું કે થોડા સમય પછી તરત જ તેની વ્યાખ્યાઓ બનવાની શરૂ થઈ. પ્રાથમિક વ્યાખ્યાઓ કલ્પાંતરવાચ્ય કહેવામાં આવી. જે વિક્રમની ચૌદમી શતાબ્દીમાં થઈ. ત્યારપછી તેના પર ટીકાઓ વગેરે બન્યા.

જો કલ્પસૂત્ર દશાશ્રુતસ્કંધનું આઠમા અધ્યયનના રૂપે, આ કલ્પાંતરવાચ્ય કર્તા તથા ટીકાકારોની સામે હોત તો તેની ટીકાની રચનામાં નિર્યુક્તિ વગેરેનો સમાવેશ જરૂર હોત. જેમ કે છેદ સૂત્રોની અને દશવૈકાલિક તથા આવશ્યક સૂત્ર વગેરેની ટીકાઓ, તેની નિર્યુક્તિઓનો પોતાનામાં સમાવેશ



કરતા બની છે. વાસ્તવમાં કલ્પાંતરવાચ્ય(કલ્પસૂત્રની ટીકા) શ્રી મલયગિરિ આચાર્યના દિગવંત થયા પછી(૧૩-૧૪મી શતાબ્દીમાં લગભગ) રચવામાં આવી છે, તે વાત ઈતિહાસ થી સ્પષ્ટ છે. તેથી એ પણ સ્પષ્ટ થાય કે મલયગિરિની પછી જ કલ્પસૂત્રનું આ સ્વરૂપ બન્યું અને તેને સભામાં વાંચવાનું ચાલું થયું. તેની સાથે જ તેની કલ્પાંતર વાચ્ય નામની ટીકા પણ થઈ.

દશાશ્રુતસ્કંધ કાલિક સૂત્ર છે અને કલ્પસૂત્ર ઉત્કાલિક સૂત્ર છે એટલે તેનું વાંચન બપોરે થાય છે અર્થાત્ તેનો આધાર ઉત્કાલિક સૂત્ર પર જ રહ્યો છે નહીં કે કાલિક દશાશ્રુતસ્કંધ સૂત્ર પર. સભામાં વાંચન શરૂ કરનારાઓએ સૂત્રના કાળને ધ્યાનમાં ન રાખ્યો હોય, એ પણ સંભવ લાગતું નથી.

આઠસો વર્ષ પછી સંબંધ જોડવાથી આવી ભૂલ થાય તેવું બને ખરૂં અને એટલે જ ચોથા કાલકાચાર્ય અને પ્રથમ ધ્રુવસેન રાજાના પુત્રના મૃત્યુ સમય બાબત સમયની સંગતિ થતી નથી. ઉપરોક્ત અનેક તર્કથી તો ઉલટી અસંગતતા સિદ્ધ થાય છે.

ચુલ્લકલ્પસૂત્ર ઉત્કાલિક સૂત્ર છે, જે સાંડિલ્યના અજ્ઞાત નામવાળા શિષ્યે બનાવ્યું છે. તેમાં તીર્થંકરોનું વર્ણન તથા સ્થવિરાવલિ સાંડિલ્ય સુધી ગદ્ય પાઠમય બનાવેલ હશે. તે બંને વિષયોને ૧૩મી ૧૪મી શતાબ્દીમાં કોઈ આચાર્યે ભેગા કરીને તેનું વ્યાખ્યાનમાં વાંચન શરૂ કર્યું હશે. પાછળથી તે સૂત્રના મહત્વને વધારતાં કાળક્રમે તેમાં નામ સામ્યતાથી દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયન **(कप्पो)**ને જોડી દેવામાં આવ્યું હશે. મિશ્રણને ગુપ્ત રાખવાના હેતુથી દેવર્દ્ધિગણિ સુધી સ્તુતિ વંદના પાઠની વૃદ્ધિ કરી હશે. તેથી જ તેમાં દેવર્દ્ધિગણિને પણ વંદન કરેલ છે અને ૯૮૦ તથા ૯૯૩ના સંવત્સરની અસંગત વિકલ્પવાળી વાત જોડી દીધી હશે. પછી તેને પ્રમાણિક સિદ્ધ કરવા માટે તે ૧૨૦૦ શ્લોક પ્રમાણ આખું મિશ્રિત સૂત્ર પ્રાચીન ભદ્રબાહુના નામથી જોડી દેવાયું હશે અને પછી ભગવાન દ્વારા વારંવાર સભામાં વાંચન વાળો પાઠ પણ ઉપસંહાર રૂપે જોડી દીધો હશે અને તેનું નામ **चुल्लकल्प** છોડીને કલ્પસૂત્ર રાખી દીધું હશે.

કોઈએ તો વળી ૧૪મી શતાબ્દીમાં દશાશ્રુતસ્કંધ સૂત્રની આઠમી દશામાં આખું કલ્પસૂત્ર લખી પણ નાખ્યું. તેના પહેલાંની દશાશ્રુતસ્કંધની કોઈપણ હસ્તપ્રતમાં આવો પાઠ નથી કે ન તો ચૂર્ણિ, નિર્યુક્તિકારની સામે આવો પાઠ! એટલે આ લેખન પણ કોઈ મૂર્તિપૂજકના પોતાના અભ્યસ્ત પ્રક્ષેપ દોષનું પરિણામ થયું.

**સાર :–** ઉક્ત પ્રમાણ ચિંતનથી એટલું સિદ્ધ થાય છે કે મહાન ટીકાકાર શ્રી મલયગિરિની પછી કલ્પસૂત્રની રચના થઈ. પહેલાં ચુલ્લકલ્પ સૂત્રના રૂપમાં વ્યાખ્યાનમાં વાંચન શરૂ થયું પછી અન્ય સામગ્રી જોડીને તેને પર્યૂષણાકલ્પ કહેવામાં આવ્યું. પછી નામની સરખામણીએ દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનરૂપે તેની ગણના થવા લાગી. અંતમાં તેને પ્રાચીન ભદ્રબાહુ કૃત અને

ભગવદ્ ભાષિત સૂત્ર માનવામાં આવ્યું. અન્ય વિશેષ જાણકારી માટે દશાશ્રુત સ્કંધ સૂત્ર, સારાંશ ખંડ–૪, છેદ શાસ્ત્રમાં જોઈ લેવું.

## મધ્યકાલીન ઇતિહાસ અને આગમ સાહિત્ય

આજે આપણી સામે ઈતિહાસને જાણવાની સામગ્રી જે કાંઈ પણ ઉપલબ્ધ છે, તે ઘણી વિશાળ માત્રામાં છે, તેના આધારે અનેક વિદ્વાનોએ પોતાના ચિંતનો પ્રકટ કર્યા છે. તેમ છતાં મૂળ આધાર એટલો શુદ્ધ અને મજબૂત ન હોવાથી નૂતન વિજ્ઞાનની જેમ આપણો ધાર્મિક ઈતિહાસ પણ નવી શોધો તથા સત્ય સમીક્ષાની સદા અપેક્ષા રાખે છે.

આજે જેટલું પણ સાહિત્ય હસ્તલેખનમાં ઉપલબ્ધ છે, તેમાં એક હજાર વર્ષથી વધારે જૂની કોઈપણ પ્રતો મળતી નથી. જે પણ ગ્રંથો ઉપલબ્ધ છે, જેમાં ઐતિહાસિક સામગ્રી કે પટ્ટાવલી વગેરે ઈતિહાસ ઉપલબ્ધ છે, તે બધાં પણ વીર નિર્વાણ ૨૦મી શતાબ્દી પછીના સમયના છે. ખોદકામની સામગ્રી બાબતમાં પણ શ્વેતાંબર, દિગંબર કે અન્ય પંથવાળા એકબીજાની કુશાગ્ર બુદ્ધિ પર આશંકિત છે માટે તે બધા પર પણ કેટલો વિશ્વાસ રાખવો એ વિચારણીય છે. કેમ કે વીર નિર્વાણની પછીનો જે હજાર વર્ષ ઉપરાંતનો સમયગાળો હતો, તેમાં પોત-પોતાના ધર્મને બધી બાજુથી મજબૂત કરવાનું વાતાવરણ ફેલાયેલું હતું. જેમાં ગ્રંથ રચના, ચૈત્ય તથા બિંબ રચના, શિલાલેખ રચના, રાજ સહયોગ, મંત્ર વિદ્યાબળ, ચમત્કાર અને અનૈતિક બળ આદિ પ્રવૃત્તિઓનું પણ આલંબન રહ્યું હતું. આ બધું ઉપલબ્ધ ઈતિહાસની જાણકારીથી જ્ઞાત થાય છે.

વીર નિર્વાણની દસમી શતાબ્દી સુધીનો જે કાળ વ્યતીત થયો છે તેમાં કંઈક આગમ રચનાનું સંકલન થયેલું પરંતુ દેવર્દ્ધિગણિની લેખન અવસ્થા સુધીના જે કાંઈ પણ આગમો આજે ઉપલબ્ધ છે, તેમાં હજાર વર્ષ સંબંધી ઈતિહાસ વિષયક માહિતી ન હોવા બરાબર છે, એવું કહેવામાં કાંઈ અતિશયોક્તિ નથી.

પટ્ટાવલીઓ તથા ગુરુકુલ, શિષ્ય પરિવાર લેખનની પરંપરા પણ વીર નિર્વાણના દોઢ હજાર વર્ષ પછી જ ચલાવવામાં આવેલી પ્રણાલિકાઓ છે. અર્થાત્ ૧૭મી તથા ૧૮મી શતાબ્દીની છે.

નંદી સૂત્રના પ્રારંભમાં ૫૦ ગાથાઓ વડે જે સ્તુતિ કરવામાં આવેલી છે, તે પણ પટ્ટાવલી નથી. શાસનપતિ, સંઘ, ૨૪ તીર્થંકર, ૧૧ ગણધરોનું સ્મરણ તેમાં કરવામાં આવેલ છે. ત્યાર પછી સુધર્મા સ્વામીથી દુષ્યગણિ સુધી વંદન ગુણગ્રામ કરવામાં આવેલ છે. આમાં કોઈ શિષ્ય પરંપરા કે પાટ પરંપરાની કલ્પના કરવાનું અથવા તેને યુગપ્રધાન પટ્ટાવલી કહેવાનું, એક સમસ્યા ઉભી કરવા બરાબર છે. સ્વયં રચનાકારે કોઈ પ્રતિજ્ઞા કે ઉત્થાનિકા કરી નથી કે હું



ક્રમિક પાટ પરંપરા અથવા શિષ્ય પરંપરા કે યુગપ્રધાન પટ્ટાવલી રજૂ કરું છું !! તેમજ ઉપસંહારમાં અંતિમ વંદન ગાથામાં પણ એમ નથી કહ્યું કે હું "આ ક્રમિક પાટ પરંપરા પ્રાપ્તોને વંદન કરું છું તથા બાકી બધા સાધુઓને હવે સમુચ્ચય વંદન હો." વગેરે કોઈ પણ સ્પષ્ટીકરણ કરેલું નથી.

અર્થાત્ નંદી સૂત્રમાં કોઈ પટ્ટાવલી સંગ્રહિત કરવામાં આવી હોય તેવું લાગતું નથી. પરંતુ સ્મૃતિ પરંપરામાં તથા પ્રસંગ પ્રાપ્ત જે કોઈપણ વિશિષ્ટ શ્રુતધર કાલિક શ્રુત તથા અનુયોગધારી પ્રસિદ્ધિ પ્રાપ્ત, દિવંગત પૂર્વધર તથા દુષ્યગણિ, લોહિત્ય, ભૂતદિન(સંભવતઃ) પરિચય પ્રાપ્ત પૂર્વધરોને નાના-મોટા ક્રમમાં,(તેમાંનાં ઘણાં સમકાલીન હોવાં છતાં) બધાને વંદન કરેલ છે અને ઉપસંહારરૂપ અંતિમ ગાથામાં બાકીના બીજા, અર્થાત્ જેના નામો સ્મૃતિમાં કે પ્રસંગમાં ન વણાયાં હોય તેવાં કાલિક શ્રુત અનુયોગધરોને વંદન કરેલ છે. જ્યારે પરિશેષમાં પણ કાલિક શ્રુત અનુયોગધરોને(પૂર્વધરો) વંદન કરે છે તો જેના નામ સહિત-ગુણ વંદન કર્યા હોય તેઓ પણ કોઈ પાટ પરંપરા કે શિષ્ય પરંપરા વાળા હોવાને બદલે વિશિષ્ટ પ્રખ્યાત શ્રુતધર માત્ર જ હોઈ શકે એવું ચોખ્ખું સમજાય છે. સ્કંદિલાચાર્યથી લઈને દૂષ્યગણિ સુધીના જે શ્રુતધરોનાં નામ છે તેમની પણ તે ૧૪૦ વર્ષ કાળમાંની પાટ પરંપરા પણ કોયડા રૂપ લાગે છે. કેમ કે તેમાનાં ત્રણ મહાપુરુષો, સ્કંદિલ, હિમવંત, નાગાર્જુન, લગભગ સમકાલીન હતાં તથા વિભિન્ન પ્રાંતવર્તી પણ હતાં. વળી બે મહાપુરુષ નાગાર્જુન તથા ભૂત લગભગ ૭૮ તથા ૭૯ વર્ષની ઉંમરના થયેલ, જે સાત મહાપુરુષોને પોતાના જ કાળમાં સમાવિષ્ટ કરી લે તેવાં હતાં. એટલે જ્યાં 'સાત' ને વંદન કર્યા છે ત્યાં તેમને પાટાનુપાટ માનવું સુસંગત નથી.

આમ નંદીસૂત્રની રચનાના પ્રસંગમાં પણ પાટની પરંપરા એટલે કે પટ્ટાવલી લેખન પદ્ધતિનો પ્રાદુર્ભવ નહોતો થયો એમ સમજવું હિતાવહ છે.

નિર્યુક્તિઓની રચનાના રચનાકાર ભદ્રબાહુસ્વામી હતા, જે આગમ લેખન-કાળ તથા દેવર્દ્ધિગણિની નંદીસૂત્ર રચનાના પછી થયાં. આ વાત પ્રમાણો દ્વારા દેરાવાસી સંત શ્રી પુણ્યવિજયજીએ બૃહત્કલ્પ ભાષ્ય, ભાગ છની પ્રસ્તાવનામાં વિસ્તાર સહિત સમજાવી છે. જેને આ પુષ્પમાં આગળ દર્શાવી દીધી છે.

(૧) દશાશ્રુતસ્કંધ પર પણ નિર્યુક્તિની રચના થઈ છે. જેમાં શરૂઆતમાં જ દસ દશાઓના નામની સાથે નિર્યુક્તિકારે એવું પણ સમજાવ્યું છે કે આ સૂત્રમાં નાની-નાની (દસ) દશાઓનું કથન છે અને મોટી દશાઓ જ્ઞાતાસૂત્ર વગેરેમાં છે. આ કથનથી આઠમી દશારૂપ ગણાતા કલ્પસૂત્ર જે ૧૨૦૦ શ્લોક પ્રમાણ છે તે નિર્યુક્તિ રચનાકારની સામે ન હતું એટલું સ્પષ્ટ થાય છે.

(૨) આઠમી દશાની નિર્યુક્તિ ગાથાઓના પ્રારંભમાં ચાર્તુમાસ(પર્યૂષણા) કલ્પ

સમાચારીનું કથન છે અને અંત સુધી સંભવતઃ કોઈ વિષયાંતર થયું નથી. એટલે નમસ્કાર વગેરે યુક્ત પટ્ટાવલી સુધીનો કલ્પસૂત્રનો પાઠ જો રચનાકાળથી જ, આઠમી દશામાં હોત તો અને પર્યૂષણકલ્પ સમાચારીનો પાઠ અંતમાં હોત તો તેનું કથન નિર્દેશ તેની નિર્યુક્તિમાં જ શરૂઆતમાં જ થયું હોત ! પરંતુ એવું થયું નથી.

(૩) તીર્થંકર વર્ણનના અંતમાં આવતો સંવત્સર સંબંધી વૈકલ્પિક પાઠ તથા દેવર્દ્ધિગણિ સુધીના વંદન ગુણગ્રામ વગેરેને ભદ્રબાહુ પ્રણીત આઠમા અધ્યયનમાં માનવા તથા ૧૨૦૦+૯૦૦= ૨૧૦૦(બે હજાર એકસો) શ્લોક પ્રમાણ દશાશ્રુતસ્કંધ સૂત્રને ચૌદપૂર્વી ભદ્રબાહુ રચિત માનવું તો હાસ્યાસ્પદ જ છે !!

(૪) નિર્યુક્તિકારના એક શતાબ્દીથી પણ વધારે કાળ પછી ચૂર્ણિકારે પણ સંવત્સરી તથા વૈકલ્પિક પાઠ સંબંધી કોઈ નિર્દેશ કે સ્પષ્ટીકરણ અથવા ચર્ચા કરી નથી. આ પાઠની ચર્ચા ૧૩મી શતાબ્દીની પૂર્વે કોઈ પણ વ્યાખ્યાકારે ક્યાંય પણ કરી નથી તે બાબત નોંધનીય છે.

(૫) નિર્યુક્તિકારે આઠમી દશાના પ્રસંગમાં ન તો કલ્પસૂત્રનું નામકરણ દર્શાવ્યું છે કે ન તો આ દશાના પૃથક્કરણનો ક્યાંય ઉલ્લેખ કર્યો છે ! તેમજ તેના પરિચયમાં પણ એવું કશું નથી જણાવ્યું કે આમાં દેવર્દ્ધિગણિએ સંશોધન-વર્ધન કર્યું છે અને કાલકાચાર્યે સભામાં તેનું વાંચન શરૂ કર્યું હતું ! આ રીતે જ્યારે નિર્યુક્તિ તથા ચૂર્ણિકાર આ દશાના વર્ણનમાં આવું કોઈ ઈતિહાસનું કથન કરતા નથી જેઓ ખુદ દેવર્દ્ધિગણિ તથા કાલકાચાર્યના નિકટવર્તી(છઠ્ઠી કે સાતમી શતાબ્દીના) હતાં, તો પછી સેંકડો વર્ષો વીત્યા બાદ ૧૩મી કે ૧૪મી શતાબ્દીવાળાઓ આવો ઈતિહાસ ક્યાંથી પ્રગટ કરી શકે ? એટલે નિર્યુક્તિ, ચૂર્ણિની રચનાની પછી તથા ૧૩મી-૧૪મી શતાબ્દીની આસપાસ જ આ કલ્પસૂત્રનું ઉપલબ્ધ સ્વરૂપ તૈયાર થયું, એમ સમજવું જોઈએ.

(૬) પ્રાચીન ભદ્રબાહુ સ્વામીએ છેદ સૂત્રોની રચના સાધ્વાચાર વિષયને લઈને કરી છે, તે પૂર્વોને આધારે છે તો તેમાં નવ વ્યાખ્યાનરૂપ ઉપલબ્ધ કલ્પસૂત્ર વિષયાંતર રૂપ જ હોત. ચિંતનાધારને માટે બૃહત્કલ્પ, વ્યવહાર તથા દશાશ્રુત-સ્કંધના સંપૂર્ણ વર્ણન પાઠ જોવા.

આ રીતે જ્યારે કલ્પસૂત્રની મૌલિકતા, પ્રમાણિકતા સંદેહયુક્ત છે ત્યારે તેમાં ઉપલબ્ધ પટ્ટાવલીની પ્રાચીનતા કેટલી હોઈ શકે ? એ સ્વતઃ સમજી શકાય છે.

આ રીતે કલ્પસૂત્ર તથા નંદી સૂત્રની પટ્ટાવલી સંબંધી વર્ણનને જુદાં કર્યા પછી, જે પણ પટ્ટાવલીઓ ઉપલબ્ધ છે, તે ૧૩મી શતાબ્દી અર્થાત્ વીર નિર્વાણ ૧૮ મી શતાબ્દી પહેલાંની નથી. એથી એટલું સિદ્ધ થાય છે કે આજના વખતમાં જે કાંઈ પણ પટ્ટાવલીઓ અથવા ઈતિહાસ ઉપલબ્ધ છે, તેનો અધિકાંશ વિભાગ વીર નિર્વાણની ૧૮મી શતાબ્દીની રચના તથા કલ્પના તથા અનુભવોનો છે. પ્રાચીન વ્યાખ્યા



ગ્રંથોમાં કટકે-કટકે સામગ્રી ઉપલબ્ધ છે, તેમાં પણ વખતોવખત વિકૃતિ તથા પ્રક્ષેપદોષ થયેલ છે.

## ઐતિહાસિક ગંભીર સમસ્યાઓનું સમાધાન
### (નંદી સૂત્ર તથા પાટ પરંપરા વિચારણા)

નંદી સૂત્રના રચનાકાર દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને માટે પ્રાયઃ બધા સંમત છે. તે સૂત્રમાં જ્ઞાનના વિષયના પ્રારંભની ૫૦ ગાથાઓમાં શ્રમણ પુંગવોની સ્તુતિ, ગુણ ગ્રામ તથા વંદન કરવામાં આવ્યાં છે. જેના સંબંધમાં વિદ્વાન ઈતિહાસજ્ઞ કેટલાય પ્રકારની વિચારણાઓ પ્રગટ કરે છે. સાથે સાથે તેની તુલના કલ્પસૂત્ર તથા અન્ય પટ્ટાવલીઓ વગેરેની સાથે પણ કરે છે. પરંતુ તે બધી વિચારણાઓ કરવા છતાં પણ જ્યાં સુધી તેનો (સૂત્રનો) મૌલિક ઉદ્દેશ્ય શું છે તે પકડમાં આવે નહીં ત્યાં સુધી એ સંબંધે સમાધાન કરવા જતાં, સમસ્યાઓ, વધારે જટિલ બન્યા કરે છે.

નંદી સૂત્ર સિવાય દેવર્દ્ધિગણિની અન્ય કોઈ રચના કે સંકેત મળતા નથી કે સંવત ભેદ ક્યારે, કેમ પડ્યાં ? કોણે ગુર્વાવલી લખી કે પાટ પરંપરા લખી કે યુગપ્રધાનાવલી લખી કે સ્થવિરાવલી લખી ?

કઈ પરંપરા દેવર્દ્ધિગણિની છે અને કઈ કાલકાચાર્યની છે એવો પણ કોઈ ઉલ્લેખ મળતો નથી. માથુરી યુગપ્રધાન પટ્ટાવલી છે, કે વલભી યુગપ્રધાન પટ્ટાવલી છે કે કેટલા વર્ષ સુધી કોની પાટ પરંપરા ચાલી, એનું વિધિવત્ વ્યવસ્થિત પ્રાચીન ઉલ્લેખવાળું લખાણ પણ નથી. એટલે આ અંગેની કલ્પનાઓ મોટેભાગે પાછળથી કરવામાં આવેલી છે અને એટલા માટે જ પૂઢં સત્ય તે બાબતમાં સમજવું એ વિદ્વાનો માટે કોયડા સમાન બન્યું છે.

એક બાજુ વલભીયુગ પ્રધાનાવલી નાગાર્જુન તથા ભૂતદિન્ન આ બંનેના ક્રમશઃ ૭૮ અને ૭૯ વર્ષ કરીને કાલકાચાર્ય સુધી પહોંચે છે. તો બીજી બાજુ માથુરી યુગ પ્રધાનાવલી આ બંનેને સામેલ કરીને તે જ કાળમાં(૧૫૦ વર્ષમાં) બીજા પાંચ મહાપુઢષોનો સમાવેશ કરે છે ત્યારે દેવર્દ્ધિગણિ સુધી પહોંચે છે. જ્યારે કલ્પ સ્થવિરાવલી આ સાતેય મહાપુઢષોમાં એકેયના નામ વિના, અન્ય નામો સાથે સાંડિલ્ય સુધી પહોંચે છે અને ત્યાં વળી દેવર્દ્ધિને સાંડિલ્યના શિષ્ય પણ માન્યા છે !! અને કાલકાચાર્યને દેવર્દ્ધિના સમકાલીન માનેલ છે.

વીર નિર્વાણ સંવત ૮૪૦ની આસપાસ માથુરી-વલભી વાંચના થઈ જેમાં સ્કંદિલ અને નાગાર્જુનની મુખ્યતા વધારે જણાય છે. નંદીસૂત્રની રચના વીર નિર્વાણ ૯૯૦ની આસપાસની માનવામાં આવે છે. સ્કંદિલથી દેવર્દ્ધિગણિ

સુધીના સાત મહાપુઢષોનો અંતરકાળ ૧૫૦ વર્ષનો થાય છે.

૧૫૦ વર્ષનો કાળસમય ત્રણ પ્રકારથી જણાય છે– (૧) નાગાર્જુન તથા ભૂતદિન આ બંને થી પૂર્ણ થાય છે (૨) સ્કંદિલથી દુષ્યગણિ સુધી નાગાર્જુન અને ભૂતદિન સહિત સાત મહાપુઢષોથી પૂર્ણ થાય છે. (૩) કલ્પસૂત્રગત ધર્મસિંહ અને સાંડિલ્ય બે વ્યક્તિથી પૂર્ણ થાય છે.

સાંડિલ્યના શિષ્ય તરીકે દેવર્દ્ધિગણિને માનીએ તો નંદીસૂત્રમાં તેમના ગુઢ તરીકે સાંડિલ્ય નામ હોવું જોઈએ તે નથી. વળી કલ્પસૂત્રમાં તો દુષ્યગણિ સુધીના નંદી સૂત્રોક્ત તે સાતેય મહાપુઢષોમાંથી એકનું પણ નામોનિશાન નથી. આવી ઘણી બધી કલ્પનાઓ તથા સમસ્યાઓ મૂળ સત્યને સમજ્યા વિના દૂર થાય તેમ નથી.

જો નંદીસૂત્ર અને કલ્પસૂત્રના કર્તા એક છે, તો તે દૂષ્યગણિના શિષ્ય છે કે સાંડિલ્યના ? આ વાતનું કોઈ સંતોષકારક સમાધાન થતું નથી, વળી કલ્પસૂત્રમાં દેવર્દ્ધિગણિને પણ વંદન કર્યાં છે– જે એક જટિલ સમસ્યા ઉભી કરે છે, સાથે સાથે સત્ય સમાધાનને ઉજાગર કરનારી બાબત છે.

**સમાધાન :–** નંદીસૂત્રમાં કોઈ પણ પ્રકારની 'આવલિકા' નથી અર્થાત્ સ્થવિરાવલી યુગપ્રધાનાવલી, ગુર્વાવલી અથવા પટ્ટાવલી નથી. અર્થાત્ ક્રમ કે સમયની કોઈ સમસ્યા ત્યાં ઊભી થતી નથી અને ઊભી કરવાનું પ્રયોજન પણ નથી.

વાસ્તવમાં નંદીકર્તાએ ઉક્ત કોઈપણ ગુર્વાવલી વગેરેની પ્રતિજ્ઞા પણ કરી નથી. વળી કોઈ અન્ય રચનામાં પણ તેમણે ક્યાંય કહ્યું નથી કે મેં નંદીસૂત્રમાં ગુર્વાવલીનું કથન કર્યું છે. નંદીસૂત્રમાં નામ સહિત ગુણગ્રામમાં તથા અંતમાં જે કાંઈ પણ સંકેત સૂચિત કરેલ છે તેમાંથી એટલું જ સિદ્ધ થાય છે કે નંદીસૂત્ર કર્તાનું લક્ષ્ય કોઈપણ પ્રકારની આવલિકા બનાવવાનું નહોતું, કેમ કે તેમણે એવો કોઈ શબ્દ પ્રયોગ ન કરતાં ફક્ત કાલિક શ્રુત તથા તેના અનુયોગને ધારણ કરનારા વિખ્યાત બહુશ્રુતોનું સ્મરણ કર્યું છે તથા ગુણ-કીર્તન, વંદન વગેરે કર્યા છે. આ વર્ણનમાં તેમણે ક્યાંક સમકાલીન બે અથવા ત્રણ મહાપુઢષોનું પણ કથન કર્યું છે તો ક્યાંક આર્ય-રક્ષિતથી(૨૫૦) અઢીસો વર્ષના કાળમાં કેવળ ચાર જ મહાપુઢષોના નામ આપ્યાં છે અને પછીના(૧૫૦) દોઢસો વર્ષમાં સાત નામ પણ કહ્યાં છે. જેમાના ૭માંથી બેની ઉમર લાંબી ૭૮ અને ૭૯ વર્ષની હતી.

અર્થાત્ ક્રમ અને કાળ તથા આવલિકાનો આગ્રહ છોડી દેવાથી કેટલીય સમસ્યાઓ આપોઆપ બંધ થઈ જાય છે. અન્યથા કેટલોય કાળ તથા પાટ પરંપરાના જમાનાની વિગતો બુદ્ધિની એરણ પર ચઢે અને કલ્પનાઓ તથા તર્ક-વિતર્કમાં પડતાં સમસ્યાઓ વધારે જટિલ બને !



કલ્પસૂત્ર અને અન્ય પટ્ટાવલી સંબંધી જે પણ પ્રશ્નો ઉપસ્થિત થાય છે, તેને માટે એટલું સમજવું જોઈએ કે કલ્પ સૂત્રની મૌલિક રચનાનો સમયકાળ જ એક કોયડા રૂપ છે. તેની રચના અને પ્રચલન તેરમી શતાબ્દી પૂર્વેની નહોતી અને અન્ય પટ્ટાવલીઓની રચના પણ ૧૩મી શતાબ્દી પૂર્વે નહોતી. આ બાબતે દેરાવાસી વિદ્વાનો પણ સહમત છે. આથી નંદીસૂત્રના વર્ણનથી તેને વધારે ગૂંચવવાની જરૂર નથી. નંદી સૂત્રનો રચનાકાળ પ્રાચીન છે તથા તેનું વર્ણન પ્રમાણિક છે. જો કોઈ આવલિકામાં વ્યર્થ ન ગુંચવાય તો નંદીસૂત્રમાં ગુંચવણ ઊભી ન થાય. આ સૂત્રની પચાસમી ગાથામાં પણ ઉપસંહાર કરતા રચનાકારે સ્પષ્ટ કરી દીધું છે કે **આ ઉક્ત વર્ણન સિવાય બીજા કોઈ પણ કાલિક શ્રુત અનુયોગને ધારણ કરવાવાળાં બન્યાં હોય તો એ બધાને નમસ્કાર કરીને હવે હું જ્ઞાનની પ્રરૂપણા કરીશ.** નંદીસૂત્ર કર્તાનો ઉદ્દેશ્ય કાલિકશ્રુત અનુયોગ- ધરોને વંદના કરવાનો છે, પટ્ટાવલી આપવાનો નથી. એમ ઉપસંહાર ગાથાથી સ્પષ્ટ થાય છે. આ ઉદ્દેશ્ય સૂત્રના વિષય(જ્ઞાન)ને અનુરૂપ છે. જ્ઞાનની પ્રરૂપણા કરવી છે માટે જ્ઞાની અનુયોગધરોને વંદના કરી છે.

નંદીસૂત્ર માટે તો યુગ પ્રધાનાવલીની કલ્પના કરવાનું જ અવાસ્તવિક છે. કારણ કે આચાર્ય કે ગુઢ પાટ પરંપરા ચાલી શકે, પણ ગુઢ અને શિષ્ય તો થાય અથવા કરવામાં આવે છે, આચાર્ય પદ પણ દેવામાં અને લેવામાં આવે છે. આ બધા એક પછી એક થઈ પણ શકે છે. પરંતુ યુગપ્રધાનો માટે આવો કોઈ પણ વ્યવહાર અથવા પરંપરા સંભવી શકે નહીં. એ તો પોતાના ગુણો વડે અથવા તો જિનશાસનની પ્રભાવના કરવાથી, ક્રમથી પણ તેમજ પરંપરા રહિત પણ ગમે ત્યારે, ગમે ત્યાં થઈ શકે છે. એટલે યુગ પ્રધાનોની પાછળ **આવલિકા** લગાડી તેમને ગુંચવવાનો કોઈ અર્થ નથી. નંદીસૂત્ર વર્ણિત કાલિક શ્રુતધરોને યુગ પ્રધાન સમજી લઈએ તો તે પણ કાંઈ અનુચિત નથી જ. કેમ કે અનુયોગ અને શ્રુતને ધારણ કરનારા વિખ્યાત બહુશ્રુતોનું યુગપ્રધાન હોવું સ્વાભાવિક છે, પરંતુ તેઓના ક્રમના ચક્કરમાં પડવું જોઈએ નહીં.

ક્રમ અથવા આવલિકાના આગ્રહમાં પડવાથી અનેક વિકલ્પ-કલ્પનાઓ ઉંમર બાબતની, વર્ષોની અને તે વખતના જીવન-વર્ષોની ઉંમર વગેરે લઈને કરવી પડે. તેના અનુભવ માટે જુઓ– ***''વીર નિર્વાણ સંવત્ તથા જૈન કાળ ગણના''*** પંડિત મુનિ શ્રી કલ્યાણવિજયજી દ્વારા સંપાદિત.

**સાર :–** નંદી સૂત્રમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત અને તે સ્થળ પર વંદન સ્મરણ ગુણગ્રામ કરવાને યોગ્ય મહાપુઢષોનું સ્મરણ-વંદન તથા ગુણ કીર્તન કરવામાં આવેલ છે. ***અંતિમ વંદનીય શ્રી દૂષ્યગણિ જ દેવર્દ્ધિના પરમ ઉપકારી ગુઢ હતા, તેમાં સ્હેજ પણ શંકા કરવાની જરૂર નથી.***

કલ્પ સૂત્રની રચના નંદીસૂત્રથી ૮૦૦ વર્ષ પછીની છે તથા અન્ય પટ્ટાવલીઓ પણ એટલા જ સમય પછીની છે. તેને વધારે પ્રાચીન સમજવાના આગ્રહથી સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. પરંતુ વાસ્તવમાં તે બધી લગભગ દેવર્દ્ધિગણિ પછીના ૮૦૦ વર્ષ પછીની છે. તે બધી પટ્ટાવલીઓ જુદા જુદા અનુભવ તથા પરંપરા અને ઉદ્દેશ્યથી બનાવેલી છે. એટલે એ પટ્ટાવલીઓને નંદી સાથે કે એક બીજા સાથે જોડવાની કે કાળ અંતર અને ઉંમરના વિભિન્ન આગ્રહમાં પડવાની કોઈ આવશ્યકતા નથી. કલ્પસૂત્ર તથા અન્ય પટ્ટાવલીઓના રચનાકાળ સંબંધી ચર્ચા આ પુષ્પમાં યથાસ્થાને કરેલ છે.

આ પ્રકારના ચિંતન સારને હૃદયમાં સ્થિર કરી લેવાથી લગભગ બધી જ સમસ્યાઓનું સમાધાન થઈ જાય છે. સૂત્ર વિપરીત કોઈ પણ નિર્ણય કરવો પડતો નથી બલ્કે નંદી સૂત્રની ૫૦ ગાથાઓથી સંમત નિર્ણય થઈ જાય છે.

**ચર્ચા વિષયમાં સૂચિત મહાપુરુષોની યાદી :–**

| કલ્પસૂત્રીય ગુર્વાવલી | માથુરી યુગપ્રધાનાવલી | વલભી યુગપ્રધાનાવલી |
|---|---|---|
| | **નંદીસૂત્રોક્ત :–** | |
| **૩૧** માં સિંહ સૂરિ | ૨૪. બ્રહ્મ દિપિકસિંહસૂરી (૭૮ વર્ષની ઉંમર) | ૨૪. સિંહ સૂરી (૭૮ વર્ષ) |
| **૩૨** માં ધર્મસૂરિ | ૨૫. સ્કંદિલાચાર્ય | ૨૫. નાગાર્જુન (૭૮ વર્ષ) |
| **૩૩** માં સાંડિલ્ય | ૨૬. હિમવંત | ૨૬. ભૂતદિન (૭૯ વર્ષ) |
| **૩૪** માં દેવર્દ્ધિગણિ | ૨૭. નાગાર્જુન (૭૮ વર્ષ) | ૨૮. કાલકાચાર્ય (૧૧ વર્ષ) |
| | ૨૮. ગોવિંદ | [આ ધર્મઘોષસૂરિકૃત **સિરિ દુસમાકાલ શ્રમણ-સંઘ થવં(સ્તોત્ર)** માં છે. ૧૩ મી શતાબ્દીમાં રચના થઈ. તેમાં વાચક વંશના આચાર્યોની નામાવલી છે.] |
| | ૨૯. ભૂતદિન (૭૯ વર્ષ) | |
| | ૩૦. લોહિત્ય | |
| | ૩૧. દૂષ્યગણિ | |
| | ૩૨. દેવવાચક (દેવર્દ્ધિગણિ) | |

***નોંધ :–** મૂર્તિપૂજક વિદ્વાન મુનિશ્રી કલ્યાણવિજયજી કૃત 'વીર નિર્વાણ સંવત અને જૈન કાળ ગણના' નામક ગ્રંથમાંથી આ સૂચિ ઉદ્ધૃત કરેલી છે.*

આ પ્રકારે આ ચિંતનમાં સૂચિત વિચારણાને સ્વીકારી લેવાથી પટ્ટાવલી–ઓના ટકરાવાની સમસ્યા અને ૯૮૦ તથા ૯૯૩ના સંવત સંબંધી જે માનસિક વિવિધ પાસાઓ ઉભરાય છે, તે બધાનો તેમાં અંત થઈ જાય છે. અર્થાત્ ૧૩મી શતાબ્દીની આસ-પાસ કલ્પસૂત્ર તૈયાર થાય તેમાં દેવર્દ્ધિગણિ બાબતે કાલગણના અથવા ધારણા અંગે અંતર થાય, તે સ્વાભાવિક છે. તેને જ કોઈએ આ સૂત્રમાં રાખી દીધું છે. તે



સિવાય ૯૮૦ અને ૯૯૩ સંવતને દેવર્દ્ધિગણિ આદિની ગૂંચવણ માનવી અને વ્યર્થમાં તેઓ દ્વારા તે ગૂંચવણને સૂત્રમાં પ્રક્ષિપ્ત કરવાની કલ્પના કરવી, તે તો મહાન આચાર્યોની અવહેલના આશાતના કરવા રૂપ જ થાય છે. કારણ કે તે મોટા-મોટા મહાન આચાર્યોએ પોત-પોતાના વ્યક્તિગત હઠાગ્રહમાં વિવિધ પ્રસંગો સૂત્રમાં આલેખ્યાં હોય, એતો અપરાધ કરવા જેવું છે. આવી કલ્પના કરનારા દયાને પાત્ર ગણાય, મહાપુરુષો સંબંધી આશાતના કે અપરાધ થાય. એટલે જ ઉપર્યુક્ત ચિંતન મનન કરીને વાચકે યોગ્ય નિર્ણય લેવો ઘટે.

જો યુગપ્રધાનાવલી ચાલતી હોય તો આજે ય એ પરંપરામાં જળવાઈ કેમ નહીં ? વળી વીર નિર્વાણ સંવતમાં જો ૯૮૦ અને ૯૯૩નો મત-મતાંતર હતો તો તે આજે કેમ નથી રહ્યો ? એ ભેદ ક્યારે ભૂંસાઈ ગયો ? જેને દેવર્દ્ધિગણિ વગેરે પણ ટાળી નહોતા શક્યા !!

વાસ્તવમાં આ બંને નકામી, જડ અને ક્લિષ્ટ માન્યતાઓ છે. જેનું પરિણામ કંઈ જ નથી. વિવેકી વ્યક્તિએ એ દુરાગ્રહથી દૂર જ રહેવું જોઈએ.

## ત્રણ આગમોમાં નમોત્થુણં પાઠની વિચારણા

મૂર્તિપૂજક સમાજના એક પ્રતિષ્ઠિત વિદ્વાન પોતાના 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' નામના પુસ્તકમાં લખે છે– ***મૂર્તિપૂજા આગમ વિરુદ્ધ છે, તેના માટે તીર્થંકરોએ શાસ્ત્રમાં કોઈ વિધાન કર્યું નથી, આ કલ્પિત પદ્ધતિ છે.*** આમ મૂર્તિપૂજક વિદ્વાન પણ મૂર્તિપૂજાને આગમિક માનતા નથી. ત્યારે તે મૂર્તિને તીર્થંકર ભગવાન સમજીને તેમને 'ણમોત્થુણં' દેવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી અર્થાત્ તેમની માન્યતાઓમાં પણ ણમોત્થુણંના પાઠને પ્રક્ષિપ્ત માનેલ છે. આગમોમાં જ્યાં ક્યાંય પણ પ્રતિમા સંબંધી વર્ણન છે પ્રાયઃ ત્યાં પાઠ એકસરખા જ છે. દ્રૌપદીના પ્રતિમાર્ચનના સંબંધમાં સ્વયં ટીકાકારે ણમોત્થુણં વિનાના પાઠને વધું મહત્વ આપ્યું છે. આમ પ્રતિમાર્ચનનો પાઠ બધે સરખો હોવાથી સૂર્યાભદેવ(રાજપ્રશ્નીય સૂત્રમાં)તથા વિજયદેવના વર્ણનમાં(જીવાભિગમ સૂત્રમાં) પણ ણમોત્થુણંના પાઠને પ્રક્ષિપ્ત કરેલો સમજવો જોઈએ.

વિક્રમની આઠમી-નવમી શતાબ્દિઓમાં જ્યારે ચૈત્યવાસિઓનું જોર ચારે તરફ ખૂબ હતું ત્યારે તેઓ મઠાધીશ યતિઓ બની ગયાં હતાં. તેઓ મંદિરોના પૈસાની ઉઘરાણી કરતાં હતાં અને બધો વહીવટ પોતાના હાથમાં રાખતા હતાં. જેનું ખંડન સંબોધ પ્રકરણમાં તથા મહાનિશીથમાં થયેલું છે. મોટેભાગે તેજ યુગમાં (સમયમાં) ણમોત્થુણંનો પાઠ આ ત્રણેય પ્રતોમાં પ્રક્ષિપ્ત થયો હશે, એવી સંભાવના વધારે જણાય છે. ૧૨મી શતાબ્દિમાં થયેલ નવાંગી ટીકાકારના સમયે બંને પ્રકારની પ્રતો ઉપલબ્ધ હતી. જેના કારણે તેમણે જ્ઞાતાસૂત્રમાં ણમોત્થુણં

વગરના પાઠને પ્રધાનતા આપી છે. આમ સાતમી-આઠમી શતાબ્દિમાં લખેલ જૂની પ્રતો સાથે સરખામણી કરતાં તેની પ્રક્ષિપ્તતા સમજાઈ જાય છે. એટલા માટે પુરાણી પ્રતો સાથે તે પ્રતોને સરખાવી લેવી જોઈએ. રાયપ્પસેણીય તથા જીવાભિગમ સૂત્રના ટીકાકાર શ્રી મલયગિરિજી, નવાંગી ટીકાકાર શ્રી અભયદેવ સૂરિના પશ્ચાત્વર્તી હતા. જેમને પ્રક્ષિપ્ત થયેલ પાઠવાળી પ્રતો જ ઉપલબ્ધ થઈ હશે. જેના કારણે તેમણે પોતાની ટીકામાં ણમોત્થુણં વગેરે પાઠની પણ ટીકા કરી છે. પરંતુ તેની સંગતિના વિષયમાં તેઓ મૌન છે. આમ મૂર્તિપૂજક આચાર્ય સ્વયં અનેક ગ્રંથોમાં મૂર્તિપૂજાને જિનાગમ વિઢદ્ધ સિદ્ધ કરે છે. ણમોત્થુણં પાઠની પ્રક્ષિપ્તતાનો ઉહાપોહ પણ તેમની ટીકાઓમાં મળે છે.

***સાર :– જ્ઞાતાસૂત્ર રાયપ્પસેણીય સૂત્ર અને જીવાભિગમ સૂત્ર આ ત્રણેય સૂત્રોમાં ણમોત્થુણંનો પાઠ પ્રક્ષિપ્ત છે, આવું જૂની પ્રતો જોવાથી તથા તેના વ્યાખ્યા ગ્રંથોને જોવાથી સ્પષ્ટ થઈ જાય છે.***

આ પણ એક સ્વપક્ષ સિદ્ધ કરવાની પ્રકૃતિનું પરિણામ છે. જે વિક્રમ સંવતની આઠમી સદી પછી લગભગ ૧૨ મી, તેરમી શતાબ્દીની વચ્ચેના કાળ ના વખતની વાત છે. એ વખતનો ૪૦૦-૫૦૦ વર્ષનો મધ્યકાળ ઉત્કૃષ્ટ શિથિલા-ચારના સમયનો હતો. સાથે સાથે વિરોધ કરનારા ધુરંધર વિદ્વાન મૂર્તિપૂજકોના સાથી શ્રમણોનો પણ તે કાળ હતો. તેઓ પણ કોઈને કોઈ રીતે પોતાની શુદ્ધાચાર મૂલક પ્રરૂપણા જુદી જુદી જગ્યાએ કરી જ લેતા હતા. તેઓ સ્વતંત્ર ઉપદેશી ગ્રંથ રચીને તેમાં પણ પોતાની શ્રદ્ધા ઢચિ પ્રમાણે પ્રરૂપણા તથા મૂર્તિ પૂજા આડંબર વગેરેનું ખંડન પણ કરી લેતા હતા. આવા અનેક પ્રમાણો આજે ઉપલબ્ધ છે. આવા વિરોધના પ્રતિસ્પર્ધાવાળા, પ્રતિવાદવાળા તે મધ્યકાલીન જમાનામાં કલ્પિત પ્રક્ષેપો, કલ્પિત રચનાઓ, આગમ સંબંધી ચોરીઓ, ખોટા શિલાલેખો વગેરે અનેક કારનામાઓ એ વખતે થયાં હતાં. એટલે આગમો પ્રત્યે અંધશ્રદ્ધા બુદ્ધિ રાખવાના બદલે વિવેક બુદ્ધિ રાખવી ઉપયુક્ત છે.

## મધ્યકાળનું ચિત્રણ : ઐતિહાસિક નોંધ-સાર

(૧) દેવર્દ્ધિગણિના પછીના કાળને અર્થાત્ વીર નિર્વાણ ૧૦૦૦ વર્ષ પછીના કાળને અત્રે મધ્યકાળ ગણ્યો છે.

''દિગંબરો દ્વારા મથુરાના સ્તૂપમાં નગ્ન મૂર્તિઓ બનાવીને રાખવામાં આવી તથા બીજે પણ આ પ્રકારે કરવામાં આવ્યું. ખોટાં સાચાં શાસ્ત્રો ઘડી નાખવામાં આવ્યાં. ખરતર ગચ્છ વગેરે ગચ્છની પટ્ટાવલીઓમાં જે વર્ણન છે તે તો સાવ કલ્પિત અને કિંવદંતી સમાન કે એથી પણ હીન દશાથી પરિપૂર્ણ છે. લોકમતની પટ્ટાવલીઓ પણ ખોટી તથા ભ્રમિત છે. દેવર્દ્ધિગણિની પછી અનેક



પંથોમાં, સાહિત્ય રચનાઓને રાગ-દ્વેષ કે મોહના પરિણામોથી યુક્ત કરવામાં આવી છે. જેમાં વિ✓સનીય અને અવિ✓સનીય કેટલીય ઘટનાઓના વૃત્તાંત ઈતિહાસરૂપે ઘડી નાખેલા છે.'' – *પ્રબંધ પારિજાત.(શ્રી કલ્યાણ વિજય રચિત)*

આવી ઘણી બાબતોને મૂર્તિપૂજક મુનિ શ્રી કલ્યાણવિજયજીએ ઘણા જ ભારપૂર્વક ખોટી ઠરાવી છે તથા મધ્યકાલીન મહાપંડિતોની પંડિતાઈને ખોટી ઠરાવી, તેમના જૂઠા શાસ્ત્રોને આહ્‌વાન આપેલું છે. તેમણે દિગંબર તથા ✓તાંબર બંને માટે પણ ઘણું લખ્યું છે. સારાંશ એટલો જ કે દેવર્દ્ધિગણિ પછીના સમયમાં કેટલાક ઈમાનદાર શાસ્ત્રીય વ્યાખ્યાકાર પણ થયાં. તો બીજા વળી એવાં હતાં જેમણે પોતાના મત તથા પોતાની પ્રવૃત્તિઓને ભવિષ્યમાં આગળ ચલાવવા ખોટા માપદંડો ઠેરવ્યાં અને પોતાની વાત સાચી ઠેરવે તેવા સાહિત્યની રચના કરી, શિલાલેખ લખાવ્યાં, મૂર્તિઓ બનાવરાવી, તત્ત્વ વિવેચન કર્યું, કલ્પિત કથાઓ કરી તથા કલ્પિત મહાવીર ગૌતમ સંવાદ ઘડ્યો, પૂર્વેના ઈતિહાસને કલ્પિત તથા સત્યમિશ્રિત બંને રીતે જોડી દીધો, વર્તમાન તથા ભૂતકાળની પટ્ટાવલીઓને અતિશયોક્તિ યુક્ત કલ્પનાઓવાળી બનાવી અને પોતાની આપવડાઈ કરી બીજાની નિંદા કરીને ઘણી લેખન સામગ્રી ભેગી કરી. મધ્યકાળ આવો હતો.

મધ્યકાલના ચેડા કરનારા પંડિતોએ પોત-પોતાના મહત્વને વધારવા જે કર્યું તે ઠીક, પણ આગમોના નામે ધાર્મિક ભ્રમો પણ ચલાવ્યાં. કોઈકની રચના બીજાના નામે કરવાની શરૂઆત પણ કરી અને ક્યાંક ણમોત્થુણં તથા મૂર્તિઓનો પાઠ અને ક્યાંક ચૈત્ય, અરિહંત વગેરે શબ્દો ઉમેરવામાં આવ્યા. ક્યાંક જીતાચાર કે અપવાદના આચરણની આગળ હંમેશાને માટે(જે આગમ વિપરીત કે પ્રાયશ્ચિત્ત રૂપ છે તોપણ તેની) દઢતા પકડી અને તે માટે જ કલ્પસૂત્રમાં ચોથની સંવત્સરીનો પાઠ ઉમેરવામાં આવ્યો. કાલકાચાર્યના નામે પણ ઘણી સાચી ખોટી વાતો જોડી દીધી. કલ્પસૂત્રને દશાશ્રુતસ્કંધના અધ્યયન તરીકે ઘડી દેવામાં આવ્યું. મહાનિશીથ જેવી અસંબદ્ધ રચના કરીને મહાન આચાર્યોની સંમતિની અસત્ય છાપને મૂળપાઠમાં જોડી દીધી. તેવી જ રીતે કેટલાય મહાન રાજાઓના જીવન વૃત્તાંતની સાથે દેરાસર, ચૈત્ય પૂજાને વણી લીધી. જ્યારે ૧૪ પૂર્વી કે ૧૦ પૂર્વી કે ગણધરકૃત જે આગમ છે, તેમાં કોઈપણ સાધુ કે શ્રાવકના જીવનમાં દેરાસર બાંધવાની કે બંધાવવાની પ્રેરણા અને તે દ્વારા જલ્દીથી મોક્ષ પ્રાપ્ય થાય તેવું કોઈ કથન લેશમાત્ર પણ નથી. એજ આગમોક્ત વ્યક્તિઓના જીવનની કથાઓમાં પાછળથી આચાર્યોએ દેહરાં બાંધવા સંબંધી ખોટી વાર્તા ઘડી નાખી. ઉપલબ્ધ આગમોમાં સાધુના આચાર વિશે કેટલાય સૂત્રો છે, દિનચર્યાઓનું વર્ણન પણ છે; શ્રાવકોની ઋદ્ધિઓનું વર્ણન પણ છે; શ્રાવક સાધુના ત્યાગ-તપ, પડિમા,

ઘર-પરિવાર, જ્ઞાન અધ્યયનનું વર્ણન છે. પરંતુ ગણધરો તથા પૂર્વધરોના શાસ્ત્રોમાં તે કોઈની સાથે ચૈત્ય રચના કે ચૈત્યનો ઉપદેશ કે ચૈત્યના પરિગ્રહનો સંબંધ દર્શાવેલ નથી, તેમ છતાં પછીના ગ્રંથોમાં તે જ શ્રાવક, રાજા વગેરેના જીવન વૃત્તાંતમાં આવા ચૈત્યો-મૂર્તિ પ્રતિષ્ઠા વગેરેની વાતો જોડી દેવામાં આવેલ છે. નિશીથસૂત્રમાં હજારથી પણ વધારે પ્રાયશ્ચિત્તોના બોલ છે પણ તેમાં એકે ય બોલમાં દેરાસર ન જવા વિશે કે મૂર્તિ પૂજા ન કરવાથી અમુક પ્રાયશ્ચિત્ત લાગે, એવો એકે ય બોલ નથી ! તેમાં અસંવત્સરીમાં સંવત્સરી કરી હોય તો તેનું પ્રાયશ્ચિત્ત પણ ગણાવ્યું છે. આચારાંગ, દશવૈકાલિક, કોઈ પણ સૂત્રમાં દેરાસર ન જવા અંગે, કે બાવીસ અભક્ષ્ય અંગે, સ્થાપનાચાર્ય ન રાખવા અંગે; વગેરે ઘણી બાબતો અંગે કોઈ સૂત્ર પાઠ નથી અને નિશીથમાં તેનું પ્રાયશ્ચિત્ત પણ નથી. પરંતુ ત્યાર પછીના ગ્રંથોમાં આવી ઘણી બધી પ્રવૃત્તિઓને જોડી દેવામાં આવેલ છે.

ટૂંકમાં દેવર્દ્ધિગણિના પછીના સમયની નાની મોટી અનેક રચનાઓ તથા ઈતિહાસ અને સંશોધનની ઉપલબ્ધિઓ કોઈ ખાસ વિ✓સનીય નથી. કારણ કે તે બધાયમાં એ વખતનાં (દેવર્દ્ધિગણિ પછીના) ઘણાં ખરાં બુદ્ધિમાનોની કલ્પનાની ઉપજ છે. જે કલ્પનાઓ કલ્યાણવિજયજીએ અન્ય દિગંબરો વગેરે માટે કરેલ છે, તેજ કલ્પનાઓ ✓તાંબરો માટે પણ થાય છે. તેમને પણ તેમના વિચારો ફેલાવવાનો મોહાગ્રહ હોય જ ને ? એટલે શિલાલેખ અને ખોદકામ દ્વારા પ્રાપ્ય ઈતિહાસ સંપૂર્ણ સત્ય જ છે, એવું ન વિચારવું. બલ્કે જેવી જેની બુદ્ધિ-રુચિ હોય, તેમ તે સિદ્ધ કરી શકે છે.

વિશિષ્ટ પૂર્વધારીઓ દ્વારા રચાયેલ આગમો જ વધારે વિ✓સનીય સમજવા જોઈએ તથા ઈતિહાસકારોની રચનાઓ પૂર્ણતઃ સત્ય સમજવી જોઈએ નહી. ફક્ત આગમ પાઠોને સમજવા માટે જ એ રચનાઓનું આલંબન લઈ શકાય, એટલાં પૂરતાં જ તે ગ્રંથો અગત્યના છે, તેનાથી વધારે મહત્વ તે રચનાઓ કે ગ્રંથોને આપવું જોઈએ નહીં.

જેમણે આત્મ સાધનામાં આચાર સાધના કરવી છે, તેમણે તે આગમોમાં આવતાં શ્રાવક અને સાધુના જીવનમાંથી ત્યાગ તપ જ્ઞાન વગેરેનું અનુસરણ કરવું અને આચારાંગ, સૂયગડાંગ, છેદસૂત્ર, ઉત્તરાધ્યયન અને દશવૈકાલિક સૂત્ર કથિત આચારોનું યથાશક્તિ ઈમાનદારીથી પાલન કરવું જોઈએ તો જ પોતાની બોલચાલ, રીતભાત, ખાન-પાન વગેરે પ્રવૃત્તિ, સમિતિ, ગુપ્તિ, સ્વાધ્યાય-ધ્યાન પ્રમાણે યોગ્ય આરાધનામય બને.

ઉક્ત વિષયોની જાણકારી માટે મૂર્તિપૂજક વિદ્વાન મુનિ શ્રી કલ્યાણ વિજયજી મ.સા. દ્વારા સંપાદિત "પ્રબંધ પારિજાત" ગ્રંથનું અધ્યયન કરવું જોઈએ.



## સાધુને વનવાસ કે વસતિમાં વાસ–આગમ ચિંતન

### (જૈન આચાર વિચારમાં અનેકાંતિકતા)

***"સાધુ પહેલાં પહાડોમાં રહેતાં હતાં, પછી પાછળથી કમજોરી-વશ વસતિવાસ(ગામોમાં રહેવું) શરૂ કર્યું"***, આવું વિદ્વાનો તથા ઈતિહાસકારો દ્વારા કહેવાયું છે પણ, તે કથન આગમાનુસાર નથી.

આર્ય ભદ્રબાહુસ્વામી કૃત છેદ સૂત્રો તથા આચારાંગ સૂત્ર વગેરે ગણધર કૃત આચાર શાસ્ત્રોથી સર્વજ્ઞ કથિત વીતરાગ માર્ગનું આવું એકાંતિક રૂપ હોય તેવું લાગતું નથી. ભગવાનના સમયમાં પણ નવદીક્ષિત, સ્થવિર, વૃદ્ધ, ગ્લાન, અશક્ત, સ્થવિર વાસ વિરાજિત સાધુ કે સાધ્વીઓ વગેરે અનેક પ્રકારના સાધકો હતાં.

અંગ સૂત્રોમાં અને છેદ સૂત્રોમાં જ્યાં ઉપાશ્રયોનું વર્ણન છે ત્યાં ૧૮ પ્રકારના અથવા ૨૧ પ્રકારના રહેઠાણો સાધુ-સાધ્વીઓને રહેવા માટે કહ્યાં છે.

બૃહત્કલ્પ સૂત્રમાં કહ્યું છે કે સાધુને પુરુષ સાગરિક ઉપાશ્રયમાં રહેવાનું કલ્પે પણ સ્ત્રી સાગરિક ઉપાશ્રયમાં રહેવાનું કલ્પે નહીં. અનાજ તથા ખાદ્ય સામગ્રી યુક્ત મકાનમાં કેવી વ્યવસ્થિત સ્થિતિ સાંપડતા રહેવાનું કલ્પે ?(શેષ કાળ માટે) અને ક્યાં, ક્યારે ચાર્તુમાસ રહેવાનું કલ્પે વગેરેનું સ્પષ્ટ વર્ણન છે. દુકાનોમાં, ગલીના નાકે, ત્રણ રસ્તે કે ચાર રસ્તે બનેલા મકાનોમાં સાધ્વીને ઉતરવું કલ્પે નહીં, પરંતુ સાધુને કલ્પે, એવું સ્પષ્ટ વિધાન છે. પરંતુ બંનેને માટે એવું સ્થળ કલ્પે નહીં, એવું વિધાન નથી. આમ આર્ય ભદ્રબાહુ રચિત, આ છેદ સૂત્રમાં ગામડા- ઓમાં રહેવાનો નિષેધ નથી અપિતુ વિધિરૂપ રહેવાનું જ સિદ્ધ થાય છે.

બીજી અનેક વૈકલ્પિક અવસ્થાઓ જેવી કે, સ્થવિર કલ્પી તથા જિનકલ્પીના, એક વસ્ત્રધારી કે અનેક વસ્ત્રધારી હોવાની; કરપાત્રી કે એક પાત્રી હોવાની અને કારણસર અસમર્થ વગેરેને અધિક પાત્ર ધારણ કરવાનું કે નિષ્કારણ નહીં લેવાનું વગેરે કેટલીય અવસ્થાઓનું અંગસૂત્ર તથા છેદસૂત્રમાં વર્ણન મળે છે. ઘણાં આચાર વિધાનો પણ અનેકાંતિકતાથી ભર્યા છે. જેવા કે–

(૧) વિગય રહિત સદા નીરસ આહાર લેવો, તો ક્યાંક એવું પણ કહ્યું છે કે વારંવાર વિગયનું સેવન ન કરવું, તો ક્યાંક વિગય સેવન કરીને જે મુનિ તપમાં રત ન રહે તેને પાપી શ્રમણ કહેવામાં આવેલ છે, પરંતુ વિગય યુક્ત આહાર કરીને તપમાં લીન રહેતા શ્રમણને પાપી નથી કહ્યા.

(૨) ક્યાંક એવું વિધાન છે કે ગોચરીમાં નવું વાસણ ન ભરાવવું, તો ક્યાંક એવું છે કે પશ્ચાત્કર્મ ન હોય તો લઈ લેવું, તો ક્યાંક થાળીમાં મોદકભરીને વહોરાવે તો પણ તે લઈ લેવાં, તેવું વર્ણન છે.

(૩) ક્યાંક એવું લખ્યું છે કે **पंत कुलाइं परिव्वए स भिक्खु** । અર્થાત્ નિર્ધન-ગરીબ ઘરોમાં ભિક્ષાચારી કરનારા સાચા ભિક્ષુ છે. તો ક્યાંક મોટા-મોટા શ્રીમંતો અને રાજ-મહેલોમાં પણ ગોચરીએ જવાનું સ્પષ્ટ વર્ણન છે. ક્યાંક ખીરખાંડની ભોજન પ્રાપ્તિનું વર્ણન પણ છે.

આ પ્રમાણે આપણા જૈન આગમ તાત્ત્વિક સિદ્ધાંતોની અપેક્ષાએ જેમ સ્યાદવાદથી પરિપૂર્ણ છે તેમજ આચાર વિધાનોના પણ અનેક વિષયોમાં અનેકાંતતા ધારણ કરેલ છે.

એટલા માટે જૈન સાધ્વાચાર સંબંધી નિયમો માટે, ઊંડું શાસ્ત્ર-ચિંતન કર્યા વિના ફક્ત ગ્રંથો, ઈતિહાસ અને ઉદાહરણો તથા શિલાલેખોમાંથી અથવા કથાઓમાંથી કોઈ પણ એકાંત કલ્પના કરવી યુક્તિ સંગત નથી. ઓછામાં ઓછું બે અંગ સૂત્ર, ચાર છેદ સૂત્ર અને બે મૂળસૂત્ર એમ કુલ આઠ આચાર સૂત્રોનું ચિંતનયુક્ત અનુભવ જ્ઞાન રાખવું અને તેને સામે રાખી ચિંતન કરવાનું પર્યાપ્ત થઈ જાય છે. અર્થાત્ આટલું ધ્યાન રાખી લેવાથી પણ અર્થ વગરની વર્તમાન સાધુઓની નબળાઈઓ જણાવવાની સ્થિતિ પેદા થાય નહી. વાસ્તવમાં એવી કલ્પિત અવાસ્તવિક નબળાઈઓ દેખાડવાથી ધર્મશ્રદ્ધા અને ઉત્સાહમાં કોઈ પણ પ્રકારે લાભ થવાની શક્યતા નથી.

સર્વજ્ઞોની વાણીમાં અને તેમાં પણ આચાર સંબંધી વિધાનોમાં તો બધાય પ્રકારના સાધકોને ધ્યાનમાં રાખીને અનેક દરજ્જાના વિધાનોનો સમાવેશ કરાય છે. જઘન્ય દરજ્જાની પણ પોતાની એક સીમા હોય છે, એટલે ભગવતી સૂત્રમાં કહ્યું છે કે બકુશ અને પ્રતિસેવના નિયંઠાવાળા પણ વૈમાનિક દેવો સિવાય ક્યાંય પણ જઈ શકતા નથી તેમના જઘન્ય ચારિત્ર પજ્જવા પણ પુલાકના ઉત્કૃષ્ટ ચારિત્ર પજ્જવાથી અનંત ગણા વધારે હોય છે ત્યારે તો તે નિયંઠાવાળા ટકી શકે છે અન્યથા નીચે પડતાં વાર શી ? અર્થાત્ અસંયમ અવસ્થા પ્રાપ્ત કરી લે.

સ્વયં ભગવાન મહાવીર સ્વામીના છદ્મસ્થકાળનું વર્ણન, આચારાંગ સૂત્રમાં છે. તેને જો ધ્યાનથી વાંચી, સમજી લઈએ તો રહેઠાણ સંબંધી સાચી સ્થિતિનો ખ્યાલ આવી જાય.

એટલે વ્યર્થમાં એવી ભ્રમણાઓ કે– પહેલાંના વખતના સાધુઓ પહાડોમાં, વનમાં ચોમાસું કરતાં અને વસતિવાસ પાછળથી શરૂ થયો; એ સ્પષ્ટપણે આગમ વિપરીત પ્રરૂપણા છે. આજકાલ ઉત્કૃષ્ટતાની આવી ઘણી બધી ફાલતુ વાતો ઈતિહાસ કે આગમના નામે ઠોકી દેવાય છે. પરંતુ હકીકતો એ છે કે પહેલાંના જમાનામાં પણ આવી ઉત્કૃષ્ટતાવાળા અનેક સાધકો થતા હતા અને સામાન્ય સાધકો પણ થતા હતા. તેમ છતાં તેઓની તે ઉત્કૃષ્ટતાને આગમ પ્રમાણ વગર ફક્ત ઉદાહરણને ખાતર ઈતિહાસમાં અને શિલાલેખોમાં ઘુસાડીને



તે સંબંધી એકાંતિક કથન કરવું અનુચિત કહેવાય. સાધુના આચાર હોય કે પછી જૈન સિદ્ધાંતના મુખ્ય તત્ત્વો હોય, પ્રમાણિક પૂર્વધારીઓના આગમોમાંથી જ કસોટીની એરણ પર તેને ચડાવી તેનું યોગ્ય ચિંતન-મનન કરવું જોઈએ. એજ નિરાબાધ માર્ગ છે.

આપણા આગમો નગ્નતાનું ખંડન અને અવહેલના કરતાં નથી. સચેલકતાનું પણ વિસ્તૃત કથન કરે છે અને અચેલકતાને પણ પ્રશસ્ત કહે છે. તેજ પ્રમાણે આગમોમાં ત્રણ જાતિના પાત્ર કહ્યાં છે. અસમર્થ સાધુ ત્રણે જાતિના પાતરાં એક સાથે રાખે છે. સામર્થ્યવાન સાધુ ફક્ત એક જાતના જ પાત્ર રાખી શકે છે. સ્થવિરકલ્પી સાધુનું વર્ણન કરતાં કહ્યું છે કે તે પોતાના પાત્રમાં, પોતાના માત્રકમાં (પલાસકમાં) પોતાના કમંડળમાં કે પોતાના હસ્તયુગલમાં (ખોબા)માં આહાર લઈ ખાઈ શકે છે. આવું વ્યવહાર સૂત્રમાં છે. એવી જ રીતે વધારે પાતરાં રાખવા સંબંધી કે તેમાં ગોચરી આરોગવા સંબંધી, હાથમાં લેવા સંબંધી ઘણાં વર્ણનો આપેલાં છે. જો ઉણોદરી કરવાની હોય તો એક વસ્ત્ર રાખવાનું કે પરિત્યક્ત ઉપકરણ જ લેવાનો નિર્દેશ પણ કરેલો છે, પરંતુ એકાંત દષ્ટિથી એક પાતરું રાખવાની પ્રરૂપણા કરી નથી.

દવા વગેરે ઔષધની ઈચ્છા માત્રનો (પરિષહ સહન કરવાની અપેક્ષાએ) નિષેધ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય.–૨ તથા ૧૯માં કરવામાં આવ્યો છે. તેમ છતાં નિશીથ સૂત્રમાં સ્વસ્થ સાધુને ઔષધ સેવનનું પ્રાયશ્ચિત્ત પણ કહ્યું છે અને અસ્વસ્થ સાધુ માટે ત્યાં પ્રાયશ્ચિત્ત કહ્યું નથી તેમજ એજ ભવે મોક્ષે જનારા સાધુઓ માટે ઔષધ ઉપચાર કરાવ્યાંના વર્ણનો પણ આગમમાં આપ્યાં છે.

સાધુની મર્યાદાઓમાં સંયમ, સમિતિ-ગુપ્તિ, મહાવ્રત સુરક્ષિત રહે એ જ મુખ્ય છે. બાકી અન્ય વિધિઓમાંથી કેટલીક તો લોકોની દષ્ટિએ વ્યવહારિક પણ છે, તો કેટલીક અવ્યવહારિક જેવી લાગતી વિધિઓ પણ આગમ સિદ્ધ છે, જેમ કે– અદંત ધાવન વગેરે. તેના સંબંધમાં પણ કોઈ માત્ર વ્યવહાર દષ્ટિ રાખીને તેની મજાક કરે તો તે વ્યક્તિગત અસભ્યતા અને અવિવેક જ છે જેનો કોઈ ઈલાજ નથી.

દુનિયામાં બધી જાતના લોકો રહે છે. સાધુએ વ્યવહારનું પણ ધ્યાન રાખવું જોઈએ અને તે રાખે જ છે. પરંતુ ભગવદાજ્ઞા, મહાવ્રત, સમિતિ, ગુપ્તિ તથા આગમ સંબંધી બધા નિયમોની ઉપેક્ષા કર્યા વગર વ્યવહાર કરવો જોઈએ કારણ કે પોતાના નિયમોમાં ભગવદ આજ્ઞા મુજબ રહેવું , તે સાધુનું પરમ કર્તવ્ય છે.

અતઃ વ્યવહારના નામથી સંયમની મૌલિકતા તથા આગમ કથિત નિયમોની ઉપેક્ષા પણ ન કરવી જોઈએ. તેમજ ઉત્કૃષ્ટતાને નામે આગમ સિદ્ધ જુદા-જુદા સામાન્ય આચાર, વિધિ વગેરેનો નિષેધ કરીને, તેને શિથિલાચાર પણ

ન કહેવું જોઈએ અને સમય પરિવર્તનના નામે કોઈ એકાંત પ્રરૂપણ પણ ન કરવું જોઈએ.

આ રીતે ***સાધુ માટે વસતિવાસ અને વન વિહાર બંનેને આગમ સિદ્ધ માનવા જોઈએ અને 'વસતિ વાસ' સમયના પરિવર્તનથી થયેલી વિકૃતિ છે, એવું માની લેવું જોઈએ નહીં અને તેવી ખોટી પ્રરૂપણા પણ કરવી જોઈએ નહીં.*** કારણ કે તે એકાંત દષ્ટિવાળું કથન છે. શ્રદ્ધાળુએ તો એકાંગી વિચારોના પ્રવાહોથી દૂર રહી પોતાના જ્ઞાન દર્શન ચારિત્રને સુરક્ષિત રાખી સમ્યગ્ શ્રદ્ધાથી સમ્યક્ આરાધના કરતાં રહેવું જોઈએ.

**ભગવાન મહાવીર દ્વારા પ્રયુક્ત શય્યા :–** (૧) ધર્મશાળાઓમાં (૨) પરબોમાં (૩) દુકાનોમાં (૪) સોની કે લુહાર-સુથારના કારખાનાઓમાં (૫) ઝુંપડીમાં (૬) મુસાફરખાનામાં (૭) આરામગૃહોમાં (૮) ગ્રામોમાં (૯) શહેરોમાં (૧૦) સ્મશાનમાં (૧૧) શૂન્યગૃહમાં (૧૨) વૃક્ષની નીચે.

ઉક્ત સ્થાનોમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ છદ્મસ્થ અવસ્થામાં વિચરણ કર્યું હતું તથા નિવાસ કર્યો હતો.– *આચારાંગ સૂત્ર. અધ્યયન–૯.*

**સાધુ સાધ્વીઓને કલ્પનીય શય્યાઓ :–** (૧) પથિકશાળા (ધર્મશાળા) (૨) વિશ્રામગૃહ (૩) ગૃહસ્થનું ઘર (૪) મઠ-આશ્રમ.

(૧) લુહાર શાળા (૨) ધર્મશાળા (૩) સભાસ્થળ (૪) પરબ (૫) દેવાલય (૬) દુકાન (૭) ગોદામ (૮) યાનગૃહ (૯) ચૂનાનું કારખાનું (૧૦) યાનશાળા (૧૧) ઘાસ અથવા ચામડાનું કારખાનું (૧૨) કોલસાનું કારખાનું (૧૩) સુથાર શાળા (૧૪) સ્મશાનગૃહ (૧૫) પર્વતગૃહ (૧૬) ગુફા (૧૭) શાંતિકર્મ ગૃહ (૧૮) પત્થરના કારખાનાઓ વગેરે નિર્દોષ ભવનો તથા ગૃહોમાં સાધુ-સાધ્વીઓને ઉતરવું કલ્પે છે. – *આચારાંગ સૂત્ર. શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૨.*

**સાધ્વી માટે અયોગ્ય તથા સાધુ માટે યોગ્ય શય્યાઓ :–** (૧) દુકાન યુક્ત ઘરમાં (૨) ગલીના પ્રારંભનું(નાકા પરનું) મકાન (૩) ત્રણ રસ્તે પડતું મકાન (૪) ચાર રસ્તે પડતું મકાન (૫) સીંઘાડાના આકારનો માર્ગ હોય ત્યાં મળતું મકાન (૬) અનેક માર્ગ ભેગાં થતાં હોય તે સ્થાન પરનું મકાન (૭) દુકાનમાં (ઉતરવા જોગ ખાલી જગ્યા હોય તો) સાધુઓ ઉતરી શકે પણ સાધ્વીઓએ તે સ્થાને ઉતરવું નહીં.– *બૃહત્કલ્પ સૂત્ર. ઉદ્દેશક–૧, સૂત્ર–૧૨.*

આ પ્રમાણે આગમ વિધાનોમાં સ્પષ્ટ છે, કે નગ્નપણે વિચરનારા તીર્થંકર પ્રભુ તથા સાધુ સાધ્વીઓ ગામ, નગરોમાં કે વન-ઉપવનમાં ગમે ત્યાં યોગ્ય સ્થળે નિવાસ કરી શકે છે. સાધ્વીઓ માટે બ્રહ્મચર્યની રક્ષાકાજે અનેક અસુરક્ષિત સ્થાનોનો



નિષેધ છે. પરંતુ ક્યાં ય વસતિ-વાસમાં રહેવાનો નિષેધ આગમોથી સિદ્ધ થતો નથી. 'ઉપાશ્રય' શબ્દનો પ્રયોગ સ્પષ્ટ છે અને ક્યાંક પૌષધશાળાનો ઉલ્લેખ પણ થયો છે.

ઉપરોક્ત બાબતોને લઈ ક્યારેક કોઈ વિદ્વાનોએ આગમ અધ્યયન કરીને પછી પોતાના ચિંતન પ્રમાણે ભિન્ન ભિન્ન કલ્પનાઓ દ્વારા ગ્રંથો કે શિલાલેખોમાંથી વિચારણાઓ ફેલાવી હોય અને એ પરંપરા બની ગઈ હોય તેવું ચોક્કસ બન્યું હોવું જોઈએ. એ એકાંત દષ્ટિનો દુરાગ્રહ ગણાય અને જિનશાસનની કુસેવા ગણાય. આજના વિદ્વાનોએ આ બધી બાબતો પર ધ્યાન દઈ, ફક્ત આગમ સાપેક્ષ વાતોને પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરવો એ જ વિવેક ધર્મ છે.

***નોંધ :–*** *આ આગમ નવનીત પુષ્પમાં પણ કેટલાંક નવા ચિંતનો પ્રસ્તુત કરવામાં આવ્યા છે, જે પ્રચલિત પરંપરાઓ તથા ધારણાઓથી તદ્દન જુદાં જ છે, પરંતુ તેના માટે આગમ સાપેક્ષ ચિંતન તથા ભ્રમણાઓનું પુઢં ધ્યાન રખાયું છે, તેમ છતાં કોઈ વિદ્વાન વાચકના ધ્યાનમાં કોઈ આગમ નિરપેક્ષ વાત જણાય તો તે પોતાની વાત નિઃસંકોચ સંપર્ક સૂત્રના સરનામા પર લખી જણાવે અને જિનશાસનની સાચી સેવા કર્યાનો આનંદ મેળવે.*

## આગમ રચનામાં વારંવાર પરિવર્તન : અનુશીલન

ગણધર ભગવંતો તથા ૧૪ પૂર્વધારી વગેરે જિનશાસનમાં જે પણ આચાર શાસ્ત્રની રચના કરે ત્યારે તેઓ પરિપૂર્ણ શાસનકાળના સાધુઓનું ધ્યાન રાખીને જ વિધિ-નિષેધના નિયમો રચે છે. તેમના નિયમો સંબંધી વિધાનો વિશે એવી કલ્પના કરવી અનુચિત છે કે– 'તેઓ પોતાના શાસનકાળના આચાર શાસ્ત્રો વિશે કાયદાઓ, નિયમો ઘડે જે ૨૦૦ કે ૪૦૦ વર્ષ પછી ચાલે નહીં; તેથી ફરી તેમાં ફેરફાર થાય. ત્યારપછી વળી બીજા ૨૦૦ કે ૩૦૦ વર્ષ સમયગાળો જતાં તે નિયમો, શાસ્ત્રોમાં ફરી બીજા કોઈ દ્વારા બદલાય.' – આવી કલ્પના કરવામાં પૂર્વધરો તથા શાસ્ત્ર રચનાકારોની અયોગ્યતા ઘોષિત કરવા જેવું થાય !

એવી કોઈ લેખિત પરંપરા પ્રાપ્ત પ્રતો પણ નથી કે જેથી સાબિત થાય કે ૧૪ પૂર્વી અથવા ગણધરો દ્વારા રચાયેલ આચાર શાસ્ત્રોના કાયદાઓ આગળ જતાં બીજા કાળમાં ચાલી શકે તેમ નહોતા જેથી આર્ય રક્ષિતે અથવા અન્ય કોઈએ તે નિયમો પુનઃ ઘડ્યાં હોય. શ્રુતકેવળીની રચનામાં આવા દૂષણની કલ્પના કરવી તે જરા પણ યોગ્ય નથી.

એક વાતનું હંમેશા ધ્યાન રાખવું જોઈએ કે ઈતિહાસ, કલ્પના કે ગ્રંથોને મૂળ આગમો કરતાં વધારે મહત્વ આપવું જોઈએ નહીં. આચાર શાસ્ત્રોમાં જે વિધાનો છે, તેમાં થોડો પણ ફેરફાર કર્યા વિના અનેક સાધકો, વસ્ત્ર, પાત્ર કે ઉપકરણો રાખનારા હોઈ શકે છે અને સવિશેષ સાધના કરનારા અથવા પર્વતો

પર જનારા, વિશેષ ત્યાગ, તપ, અભિગ્રહ, પડિમા, જિનકલ્પ વગેરે સાધનાઓ કરનારા પણ એજ આચાર શાસ્ત્રોના આધારે રહેતા હોય છે.

આગમોમાં વારંવાર પરિવર્તનની આવશ્યકતા માની લેવાથી શાસ્ત્રોનું મહત્વ કેટલું રહે ? કેમ કે આજ રીતે આચાર શાસ્ત્રના કાયદાઓ બદલવાનો અધિકાર દર ૨૦૦-૪૦૦ વર્ષ પછી કોઈ આચાર્યના હાથમાં હોય તો આખી અવ્યવસ્થાનો દોષ લાગી જાય. એકવીસ હજાર વર્ષ સુધીમાં તો કેટલાય નિયમ બદલાઈ જાય ! ખરેખર તો આવું કશું વિચારવું યોગ્ય જ ન ગણાય. ***આગમોમાં જે કાંઈ, જેટલા પણ વિધિ-નિષેધ જણાવ્યાં છે, તે જિનશાસનની દીર્ઘ દષ્ટિથી પરિપૂર્ણ છે.***

વ્યક્તિગત રીતે કે અમુક સંઘ દ્વારા અથવા અપવાદ રૂપી ક્યારેય કાંઈ કરવાનું આવે, તો તે અપવાદ પરિસ્થિતિ તથા રુચિ કે વાતાવરણ પર નિર્ભર કરે છે. જેનો સંકેત પણ આગમો તથા તેની વ્યાખ્યાઓમાંથી સ્વતઃ પ્રાપ્ત થાય છે. આચાર શાસ્ત્રોમાં ક્યાંક ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કર્તવ્યોની શિક્ષા આપી છે તો ક્યાંક મધ્યમ આચાર વિધાન પણ છે અને ક્યાંક અપવાદ પરિસ્થિતિમાં છૂટછાટ પણ છે અને તેમ છતાંય કોઈનાથી અન્ય વિપરીત આચરણ થઈ જાય તો તે માટે પ્રાયશ્ચિત્ત વર્ણન પણ આગમમાં આપેલાં છે.

આગમ ભગવતીમાં કહેલાં કોઈ નિયંઠા મૂળગુણ પડિસેવી પણ છે, તો કોઈ ઉત્તરગુણ પડિસેવી પણ છે અને કોઈ પૂર્ણ શુદ્ધ પણ છે. તેમાંના કેટલાક આરાધનામય તો કેટલાક વિરાધનામય તેમ અનેક પરિસ્થિતિઓનું વર્ણન પણ છે. આ વિવિધ સદોષ નિર્દોષ નિયંઠાવાળાઓને પણ સાધુત્વમાં ગણાવ્યા છે.

**એકવીસ હજાર વર્ષ સુધીમાં, કોઈના માટે આચાર શાસ્ત્રમાં ફેરફાર કરવો પડે તેવું કશું છે જ નહીં.** જો કોઈ એવું વિચારે કે આ આગમો ન ચાલી શકવાના કારણે પાછળથી વ્યવસ્થિત કરવામાં આવ્યા છે કે સુધારવામાં આવ્યા છે, તો તે કલ્પનાકારે એમ પણ વિચારવું રહ્યું કે મારી કલ્પના અનુસાર એક પૂર્વધર દ્વારા વ્યવસ્થિત કરાયેલ શાસ્ત્ર ૨૦,૦૦૦ વર્ષ ચાલે તેવા છે તો ૧૪ પૂર્વી તથા ગણધરોની રચનાના વિધાનો ૧૦૦, ૨૦૦ કે ૩૦૦, ૪૦૦ વર્ષમાં વારંવાર બદલવા પડે તે કેટલું ઉચિત છે ? અર્થાત્ આ એક ખોટી તથા અનુચિત કલ્પના છે. આવી કલ્પના કરવામાં કંઈ લાભ નથી. વળી આમ કરવાથી પૂર્વધરોની યોગ્યતા અને આગમની મહત્તાને કલંકિત કરવા જેવું થાય. માટે વિવેકીજનોએ આગમ બાબત આવી અર્થહીન કલ્પના કરવી જોઈએ નહીં. પછી તેવી કલ્પના ઈતિહાસ કે ગ્રંથ ગમે તેમાં હોય, તે અઘટિત અને અનુચિત જ છે; તેટલું સમજી લેવું જોઈએ.

છદ્મસ્થોની સ્મરણ શક્તિની કમીને કારણે શાસ્ત્રોમાં વિકૃત બનેલ



પૂર્વાપર સંબંધોને જોડીને કે કાંઈ પણ અવ્યવસ્થિત હોય તેને વ્યવસ્થિત કરવાને, સંક્ષિપ્ત કરવાને,સ્પષ્ટ કરવાને અને આગળની સ્મરણશક્તિનો વિચાર કરીને કે પહેલાની સ્મૃતિ દોષના કારણે સમજવામાં થયેલ ભૂલનું સંશોધન કરવાને માટે જે જે પ્રયત્ન થયેલાં હોય તેને યોગ્ય કહી શકાય. કેમ કે આવું કરવાથી રચનાકાર પૂર્વધરો કે ગણધરો પર કોઈ આંચ આવતી નથી.

ટૂંકમાં આચારાંગ, સૂયગડાંગ, ૪ છેદ, દશવૈકાલિક તથા બીજા પણ કેટલાક આગમોમાં જ્યાં આચાર વિધાન છે, તેમાં ક્ષેત્ર-કાળના કારણે ફેરફાર કરવામાં આવ્યા છે, તેવું માનવું, સમજવું એક અસત્ય કલ્પના છે.

આ આચાર આગમોમાં આવતા વિધાનો, નિષેધો અને અપવાદોના બધા નિયમોને સમજીને તેનો પૂર્વાપર સમન્વય સાધીને, તથા સાચી વિધિનો નિર્ણય કરીને યથા સંભવ ઉત્સર્ગ માર્ગ પર પણ ચાલી શકાય તથા ક્યારેક પ્રાયશ્ચિત્ત માર્ગ પર ચાલી શકાય અને ફરી પાછા ઉત્સર્ગ માર્ગ પર આવી શકાય. આ બધું વ્યક્તિગત નિર્ણય તથા પરિસ્થિતિ પર વધારે નિર્ભર કરે છે, પરંતુ આગમ વિધાનને અયોગ્ય માની અથવા અપર્યાપ્ત ગણી તેમાં ફેરફાર કરવાની જરૂરત ક્યારેય પડતી નથી. બલ્કે એજ આગમ વર્ણનો તથા તેની વ્યાખ્યાઓમાંથી બધી પરિસ્થિતિઓનો હલ નીકળી શકે છે, જે બહુશ્રુતગમ્ય છે.

આટલું સ્પષ્ટ થઈ ગયા પછી પણ કોઈ બધા માટે અથવા હંમેશાં માટે મૂળપાઠમાં કે બીજા કોઈ ગ્રંથ બનાવીને કાયદાઓમાં ધરમૂળથી ફેરફાર કરે કે બદલી નાખે તો તે તેનું વ્યક્તિગત દૂષણ કહેવાય તથા આગમ વિપરીત પ્રરૂપણ વર્તન ગણાય.

જે વિષય અંગે આગમના મૂળપાઠમાં કોઈ સ્પષ્ટ વિધિ નિષેધ નથી તથા પ્રાયશ્ચિત્ત પણ કહ્યું નથી, તે વિષયનો સંપૂર્ણ વિધિ-નિષેધ, પ્રાયશ્ચિત્ત વગેરેનો નિર્ણય બહુશ્રુતના નિર્ણય પર નિર્ભર કરે છે. પરંતુ તેઓને પણ પોતાના નિર્ણયને આગમ પાઠમાં જોડી દેવાનો અધિકાર નથી. તેમજ તે નિર્ણયને બીજા બહુશ્રુતો પર કે સમુદાય પર લાદી દેવાનો અધિકાર પણ નથી.

ચશ્મા, પુસ્તક વગેરે જ્ઞાન સંબંધી ઉપકરણો માટે આગમમાં ક્યાંય પણ વિધિ નિષેધ નથી તેમજ પ્રાયશ્ચિત્ત પણ નથી. તે બધા માટે બહુશ્રુતોની આજ્ઞાનુસાર પાલન કરી શકાય છે.

ચૌદપૂર્વી ભદ્રબાહુ સ્વામીએ બધા સાધુ-સાધ્વીઓ માટે નિશીથ સૂત્રના અધ્યયન અધ્યાપનની ધ્રુવ આવશ્યક આજ્ઞા આપી છે તથા જે સાધુ સાધ્વી તેને ભૂલી જાય તો તેની કઠોર સારણા અને દંડ વિધાન પણ કરેલ છે. આવી સૂત્રોક્ત આજ્ઞાને ૪૦૦ વર્ષ પછી કોઈને અનુચિત લાગે તેથી તે તેનાથી વિપરીત મૌખિક

કાયદો ઘડીને લાગુ કરે, એવી કલ્પના કરવી જ વ્યર્થ છે, કેમ કે આવી કલ્પનાનું તાત્પર્ય એ થાય કે ચૌદ પૂર્વી ભદ્રબાહુસ્વામીને આચાર-છેદ સૂત્રોના વિધાન કરતી વખતે એટલું પણ જ્ઞાત નહોતું કે આગળ જતાં ૪૦૦ વર્ષ પછી આ વિધાનો ચાલશે નહીં ! જ્યારે આર્યરક્ષિતે કરેલાં વિધાનો ૧૫૦૦ વર્ષ સુધી ચાલ્યાં કરે !! આવું ચિંતન કોઈ પણ બુદ્ધિમાન સ્વીકારે નહીં.

તેથી એ ખોટી કલ્પના છે કે આર્યરક્ષિતને આચાર શાસ્ત્રના વિધાનોમાં પરિવર્તન કરવાની જરૂર પડી. વાસ્તવમાં મધ્યકાળમાં આ પ્રકારના વાતાવરણનો પ્રવાહ ખૂબ ચાલતો હતો.

યથા– ચૌદપૂર્વી ભદ્રબાહુ સ્વામી દ્વારા જ્યારે અસંવત્સરીમાં સંવત્સરી કરવાના ગુઢ ચોમાસી પ્રાયશ્ચિત્તનો શાસ્ત્રમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે, તેમ છતાં પરિસ્થિતિ વશ સંવત્સરીને આગળ-પાછળ ઉજવીને તેનું પ્રાયશ્ચિત્ત લેવાના બદલે એ જ અપવાદને નિયમ બનાવી તેવો પાઠ સૂત્રમાં ઘૂસાડી તેની પરંપરા પણ ચલાવી નાખી. આવી કેટલીય પરંપરાઓ મધ્યકાળથી શરૂ થઈને આ જ સુધી ચાલી આવેલ છે. પરંતુ આ નિયમોનો પ્રવાહ આગમ પ્રમાણિત નથી. આગમના નિયમો જ સર્વોપરી છે. તેના આધારે સત્ય શોધી તે મુજબ વિચારી, ખોટી માન્યતા કે પરંપરાઓથી મુક્તિ મેળવી લેવી જોઈએ.

૧૪પૂર્વી ગણધર વગેરેની જે સ્પષ્ટ આજ્ઞા છે, તેનાથી વિપરીત કોઈપણ વાત વિષે પાછળના ઓછા જ્ઞાની પણ ઈમાનદાર આચાર્ય આજ્ઞા કરવાનું વિચારે નહીં, તેટલું નિશ્ચિત છે. જો કોઈએ અપવાદ રૂપી સંજોગોમાં વિપરીત આજ્ઞા કરી હોય તો તે આજ્ઞાનું મહત્વ અપવાદ જેટલું જ ગણાય. તે આચરણની પરંપરા ન ચલાવાય. તેમ છતાં કોઈ નામધારી આચાર્ય વગેરે આગમ વિપરીત આજ્ઞા મૌખિક કે લેખિત રૂપે શરૂ કરે અને તેની જ પરંપરા શરૂ થઈ જાય તો તેનું મહત્ત્વ આગમ વિધાનની સામે શૂન્ય જ ગણાય. નહીંતર પછીના ઓછા જ્ઞાની લોકો કંઈપણ શાસ્ત્ર વિપરીત વિધાનો કર્યા કરે !

આજના યુગમાં ઘણા આચાર્યો પોતાના અધિકાર, જીતાચારના નામે ભોગવે છે અને અપવાદરૂપ પરિસ્થિતિના આચરણોને પરંપરાના નામે ચલાવે છે જે **निगंथं पावयणं पुरओ काउं विहरइनी** પ્રતિજ્ઞાથી ચ્યુત થવા જેવું છે. અપવાદને અપવાદ સુધી સીમિત રાખવાની સત્તા બધા ગીતાર્થોને છે જ. પણ તેનો અર્થ એ નથી, કે કોઈપણ આગેવાન શાસ્ત્ર વિપરીત વિધિ માર્ગ શરૂ કરીને તે ચલાવી દે; તેવો અધિકાર તો કોઈને ય હોતો નથી.

શાસ્ત્રમાં નિર્દેશ કરેલ છે કે રત્નાધિકનો વિનય કરવો, પરંતુ સંયમનું સતત પૂરી રીતે ધ્યાન રાખવું; જેથી તેમાં કોઈપણ પ્રકારની આંચ ન આવે. સૂત્રોમાં ત્યાં સુધી નિર્દેશ કરેલો છે, કે ગુઢ પ્રાયશ્ચિત્ત આપે અને તે આગમાનુસાર ન હોય તો તે સ્વીકારે નહીં, સ્પષ્ટ ના કહી દે.



ગુઢ સંલેખના–સંથારાની અવસ્થામાં કહે કે અમુક મુનિને આચાર્ય પદ આપજો, પરંતુ તે યોગ્ય હોય તો આપવું, અયોગ્ય હોય તો તેની જગ્યાએ બીજી લાયક વ્યક્તિને તે પદ સોંપવું; એવું સ્પષ્ટ વિધાન છે. ટૂંકમાં ૧૦ પૂર્વથી ઓછા જ્ઞાનવાળા અથવા આજના આચાર્યો કે વચ્ચેના દેવર્દ્ધિકાળના જ્ઞાનીઓ વગેરે કોઈની પણ આજ્ઞા આગમથી વિપરીત હોય તો તે ઈત્વરિક જ હોઈ શકે. તેને હંમેશાં માટે પ્રથા સમજીને ચાલવાથી તે મહા અનર્થકારી કર્તવ્ય થઈ જાય છે. દસ પૂર્વી કે તેથી વધારે જ્ઞાનવાળા આગમ વિહારી હોય છે, તેમને માટે વ્યક્તિગત આચરણમાં શાસ્ત્રના નિયમો બાધક નથી હોતા પરંતુ ૧૦ પૂર્વથી ઓછા જ્ઞાન- વાળાએ આગમ શાસ્ત્રોને મજબૂત પ્રમાણ માનીને ચાલવું જોઈએ, એ જ આગમ પદ્ધતિ છે. આમ ન થાય તો મનફાવે તેમ બહુમતવાળાઓ કંઈપણ ચલાવી દે, નિયમરૂપે !!

અતઃ શ્રુતકેવળીઓની રચનામાં અધૂરપની કલ્પના કરવી અનુચિત છે અને તે પુનઃ વિચારણીય છે. ***છેદસૂત્રો પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલા છે, એટલે તેને ગણધર રચિતજ માનવા જોઈએ.*** ઉદ્ધરણ કર્તા કોઈ પણ હોય, પૂર્વોની મૌલિક રચના તો ગણધરોની જ છે. સમયની આચાર શિથિલતાને કારણે આર્યરક્ષિતે કે સ્કંદિલાચાર્યે પોતાના વખતમાં, આગમોમાં પરિવર્તન કરવાની કોશિશ કરી હતી, તેવી કલ્પના કરવી યોગ્ય નથી.

***ઉપલબ્ધ વ્યવહાર સૂત્ર, બૃહત્કલ્પ સૂત્ર કે નિશીથસૂત્રને સમય પ્રભાવી રચના માનવાને બદલે, ગણધરોની રચના માનવામાં કોઈ વિરોધ નથી.*** શ્રુત કેવલી દ્વારા આચાર શાસ્ત્રની રચના પૂરા શાસનકાળને લક્ષ્યમાં રાખીને જ કરવામાં આવી હોય છે. તેમના સંબંધમાં અન્ય કલ્પના કરવી, તે પ્રમાણિક પુઢષોની આશાતનાનું કૃત્ય થાય છે, જે સર્વથા અનુચિત છે, અક્ષમ્ય દોષ છે. માટે આવા કાલ્પનિક વિધાનો, શંકાઓથી સાવધ રહીને, શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને વિવેકની સાથે જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરવી જોઈએ.

## અક્ષયતૃતીયા : ભગવાન ઋષભદેવનું પારણું

(૧) 'ત્રિષષ્ટિ શલાકા ચારિત્ર' અધિકાર ૧, ૩ અને ગાથા ૩૦૧-૩૦૨માં અક્ષય તૃતીયાનું પારણું કહ્યું છે, અર્થાત્ એક વર્ષ, એક માસ, આઠ દિવસ પછી ભગવાનનું પારણું થયું તેમ કહ્યું છે.

(૨) **एक्कवरिसेण उसहो, उच्छुरसं कुणइ पारणं, गो–खीरे णिपढण्णं–अण्णे विदियम्मि दिवसम्मि–तिलोय पण्णति** ગાથા–૬૭૮

**અર્થ–** પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુએ એક વર્ષે ઈક્ષુરસથી પારણું કર્યું, બીજા તીર્થંકરોએ દીક્ષાના બીજા જ દિવસે ક્ષીરથી પારણું કર્યું. આ રીતે

**તિલોયપણ્ણત્તિ** માં અધિકાર ૪ ગાથા ૬૭૮માં ભગવાન ઋષભદેવનું પ્રથમ પારણું દીક્ષાના એક વર્ષે થયું, તેમ ઉલ્લેખ છે.

(૩) જિનસેન રચિત દિગંબર ગ્રંથ હરિવંશ પુરાણમાં દર્શાવેલ છે કે છમાસના અનશન પછી તીર્થંકર પ્રભુ ઋષભદેવ આહાર માટે નીકળ્યા અને વિધિ પૂર્વક આહાર ન મળવાથી લગાતાર છ મહિના સુધી તેઓ વિહાર(ભિક્ષાર્થે) કરતા રહ્યા. પછી રાજા શ્રેયાંસે પૂર્વ જન્મના સ્મરણના આધારે તેઓને પારણું કરાવવા ઈક્ષુરસ વહોરાવ્યો.– *સર્ગ ૯, શ્લોક ૧૮૩-૧૯૦/૧૪૨/૧૫૬. મહાપુરાણ– ૧૦૦/૨૦/ ૪૫૪.*

(૪)નવમી શતાબ્દી સુધીના દિગંબર ગ્રંથોમાં પારણા તિથિનો ઉલ્લેખ જ નથી.

(૫) દસમી શતાબ્દીના પુષ્પદંત(અપભ્રંશ) કવિએ પોતાના મહાપુરાણમાં કહ્યું છે કે– ભગવાનના ઉપવાસને એક વર્ષ થઈ ગયા પછી શ્રેયાંસે અક્ષય આહાર વહોરાવ્યો, તેને કારણે તે દિવસ 'અક્ષયતૃતીયાના' નામથી પ્રસિદ્ધ થઈ ગયો. ત્યાં વૈશાખ સુદ ત્રીજનો ઉલ્લેખ નથી.

(૬) શ્વેતાંબર પરંપરાના પ્રાચીન ગ્રંથોમાં પણ આ પારણા તિથિનો કોઈ ઉલ્લેખ નથી. કલ્પસૂત્ર તથા જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં તીર્થંકર વિશેના વિસ્તૃત વર્ણનો છે પણ પારણા તિથિનો ઉલ્લેખ ત્યાં પણ નથી અને સમવાયાંગ સૂત્ર અને વસુદેવ હિંડીમાં સંવત્સરના ઉપવાસ પછી પારણાનો ઉલ્લેખ છે પરંતુ પારણાની તિથિનો ઉલ્લેખ નથી. ત્રિષષ્ટિ ગુર્વાવલિમાં સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત છે કે વૈશાખ સુદ ત્રીજના પારણું થયું. આથી સ્પષ્ટ થાય છે કે ૧૨મી શતાબ્દિના પૂર્વે (શ્વેતાંબર ગ્રંથોમાં) ઋષભદેવની પારણા તિથિ તેમની દીક્ષા તિથિના પછી એક વર્ષ પછીની નિશ્ચિત્ત પણે હતી. એટલે પ્રાચીન ગ્રંથકારોએ દીક્ષાથી એક સંવત્સરના ઉપવાસનો ઉલ્લેખ કર્યો છે. જો પશ્ચાત્વર્તી ગ્રંથકારો દ્વારા ઉલ્લેખિત અક્ષય તૃતીયા વૈશાખ સુદ ત્રીજનો સ્વીકાર કરી લઈએ તો એક વર્ષ, એક માસ આઠ દિવસનું તપ થાય છે, જે **તિલોય-પણ્ણત્તિ** વગેરે ગ્રંથોથી પ્રમાણિત નથી થતું.

**સાર :–** અક્ષય તૃતીયા લોકમાં શુભ તિથિના રૂપમાં વધારે વિખ્યાત છે, તેની સાથે ક્યારેક એકાંતર તપસ્યાનું પારણું જોડી દેવામાં આવેલ છે, જેનું કાળાંતરે મહત્વ સ્થાપિત કરવા માટે જેમ તેમ કરીને ભગવાન ઋષભદેવના એક વર્ષના તપ સાથે અને ઈક્ષુરસ સાથે તેને જોડી દેવામાં આવેલ છે. મહત્વ સ્થાપિત કરવા માટે આવી જોડવાની પદ્ધતિઓ મધ્યકાળમાં ઘણી ચાલતી હતી. જેના અનેક ઉદાહરણો છે– જેમ કે, કલ્પસૂત્રના વ્યાખ્યાનમાં વાંચનને કાલકાચાર્ય સાથે જોડી દેવાયું, ચૂલિકાઓને સ્થૂલિભદ્રની બહેન સાથે જોડી દેવામાં આવી, નિશીથ સૂત્રને આર્યરક્ષિત સાથે કે ભદ્રબાહુ સાથે જોડવાનું, સાધ્વીઓ માટે છેદસૂત્ર વાંચવાના નિષેધને આર્યરક્ષિત સાથે જોડવાનું, ધ્રુવસેન રાજાના પુત્રના મૃત્યુને કાલકાચાર્ય સાથે જોડવાનું, ભદ્રબાહુ સંહિતા અને નિર્યુક્તિઓને પ્રથમ ભદ્રબાહુ સાથે



જોડવાનું, દશવૈકાલિકને 'મનક'ની સાથે જોડવાનું ઉત્તરાધ્યયન સૂત્રને ભગવાનની અંતિમ દેશના સાથે જોડવાનું, કલ્પસૂત્રનું ભગવાન દ્વારા વારંવાર વ્યાખ્યાનમાં વાંચવા સંબંધી પાઠ જોડવાનું, મહાનિશીથ સૂત્રની વાતોને ભગવાન તથા ગૌતમના નામે જોડવાનું, ચોથની સંવત્સરી ઉજવવાનું ચાલુ કરી તેને સિદ્ધ કરવા લાંબા લાંબા પાઠ કલ્પસૂત્રના પ્રારંભમાં જોડી દેવાનું વગેરે વગેરે મધ્યકાળમાં ચાલતી પ્રવૃત્તિઓના અનેક ઉદાહરણ શાસ્ત્રોમાં નજરે ચડે છે.

## મહાત્મા લોકાશાહનું જીવન

| | | |
|---|---|---|
| **જન્મ સ્થળ** | : | અરહટવાડા, જિલ્લો–સિરોહી |
| **માતા પિતા** | : | ગંગાબાઈ, શેઠ હેમાભાઈ. |
| **જન્મ–દિવસ** | : | સંવત ૧૪૮૨, કારતક સુદ પૂનમ |
| **લગ્ન** | : | સંવત ૧૪૯૭ મહા મહિનો, ઉંમર ૧૫ વર્ષ |
| **પરિવાર** | : | પત્ની–સુદર્શના, પુત્ર–પૂનમચંદ |
| **ધંધો** | : | શાહુકારી વ્યાજ |
| **ત્યારપછી** | : | અમદાવાદના બાદશાહ મહમદશાહના પાટણમાં ખજાનચી. |
| **ત્યારપછી** | : | બાદશાહના ખજાનચી, અમદાવાદમાં સંવત ૧૫૦૧માં. |
| **ગુણ** | : | બુદ્ધિમાન, ઈમાનદાર, ધાર્મિક વૃત્તિ, સુંદર અક્ષરો-વાળા. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | સંવત ૧૫૦૭માં 'જમાલ ખાં' એ પિતા મહમદ-શાહને ઝેર આપી મારી નંખાવ્યા અને પોતાનું નામ કુતુબુદ્દિન બદલીને ખુદ રાજા બની બેઠો. |
| **દીક્ષા** | : | સંવત ૧૫૦૯ માં શ્રાવણ સુદ અગિયારસ શુક્રવારના પ્રથમ પહોરનું ચોઘડિયું બીજું, ગામ–પાટણ. |
| **ગુઢ સાનિધ્ય** | : | યતિ શ્રી સુમતિ વિજયજી. |
| **દીક્ષા નામ** | : | લક્ષ્મી વિજય (પ્રસિદ્ધ નામ લોકાશાહ જ રહ્યું) |
| **ગુઢ સાનિધ્ય** | : | ૨૨ વર્ષ (અધ્યયન, ચિંતન, વિચરણ, ધર્મોપદેશ) |
| **ક્રિયોદ્ધાર** | : | સંવત ૧૫૩૧ અમદાવાદ, ઝવેરીવાડ નવી દીક્ષા સ્વયંમેવ અનેક સાધુઓ સાથે ઉંમર ૪૯ વર્ષ, વીર નિર્વાણ ૨૦૦૧માં |

**ક્રિયોદ્ધાર નિમિત :–** યતિવર્ગની શાસ્ત્ર વિઢદ્ધ આચાર પ્રણાલી, શ્રી–પૂજ્ય, રાજ સન્માન, છડી, ચામર, છત્રી, પાલકી, મ્યાના વગેરે વાહનનો પ્રયોગ, પગલાં કરવા, નવાંગી પૂજા કરાવવી, પૈસા લેવા, જ્યોતિષ, વૈદક ચિકિત્સા વગેરેથી

રાજાઓ આદિ પર પ્રભાવ રાખવાનું, રાજસભામાં બેસવાનું, ઉત્સૂત્ર પ્રરૂપણા, મૂર્તિપૂજા, તેના નિમિત્તે આરંભ-સમારંભ, આડંબરવર્ધક સંઘ પદયાત્રા કાઢવાનું, દોષયુક્ત ગવેષણા રહિત આહાર પાણી લેવાનું એટલે કે નિમંત્રણપૂર્વક આધાકર્મી ઔદ્દેશિક આહાર પાણી લેવાનું વગેરે ઘણાં બધાં કારણો નિમિત્ત બન્યાં.

**ક્રિયોદ્ધાર ક્ષેત્ર :–** અમદાવાદ, પાટણ, ગુજરાત અને પરંપરાથી સમગ્ર ભારત.

**ઉપદેશ વિષય :–** (૧) શ્રમણ ધર્મ તથા આગમ વર્ણન (૨) શ્રમણોપાસક જીવન બારવ્રત ૧૪ નિયમ, ત્રણ મનોરથ, પાંચ અભિગમ, નૈતિક જીવન, ધર્મની પ્રત્યે તથા ધર્મ ગુરૂઓ પ્રત્યે કર્તવ્ય (૩) શાંતિ, વિરતિ, વિચારોની પવિત્રતા, સરળતા, વિનય, શ્રદ્ધા, આગમજ્ઞાન, સ્વાધ્યાય, તપ, ધ્યાન, વૈરાગ્ય વૃદ્ધિ, નિવૃત્તિ, તથા દીક્ષા ભાવના વગેરે.

**વિરોધ :–** શ્રમણ શક્તિઓ દ્વારા, રાજસત્તા દ્વારા, પરીસહ ઉપસર્ગ વડે, વાસક્ષેપથી, તદનંતર સંવેગથી અર્થાત્ થોડોક આચાર સુધાર કરીને યતિઓએ પૂરજોશથી તેમનો વિરોધ પ્રદર્શિત કર્યો તથા છેલ્લે ભિક્ષામાં વિષયુક્ત આહાર આપીને ઉપસર્ગ કર્યો !

**સફળતા :–** ૨૨ બાવીસ વર્ષ સુધી વિશાળ આગમ અધ્યયનનો શુભ સંયોગ, ચિંતન, મનન, શ્રમણો સાથીઓનું વિચાર મિલન, ઉત્સાહ પ્રદર્શન, સ્વતંત્ર વિચરણ, પ્રવચન, ચર્ચાવાર્તા, વિચારશીલ શ્રાવક સમાજનો સંયોગ, અનેક પ્રમુખ સંઘપતિ શ્રમણોપાસકો દ્વારા શુદ્ધ ધર્મ સ્વીકૃતિ, શ્રદ્ધા ગ્રહણ, ટૂંક સમયમાં જ લગભગ આઠ લાખની જનસંખ્યાને શુદ્ધ જૈન ધર્મથી પ્રભાવિત કરી સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચારેય તીર્થોમાં જ્ઞાન ગંગા પ્રવાહિત કરીને નવી જ્યોત જલાવી. અંતમાં આરાધક પંડિત મરણને પ્રાપ્ત કર્યું.

તેમની પાછળ તેઓ વિશાળ ચતુર્વિધ સંઘનો પરિવાર, ધર્મપ્રભાવના માટે છોડી ગયાં. જેમાં સમયે સમયે અધિકાધિક ધર્મોત્થાન પ્રગતિ થવા લાગી.

**વિકૃત ઈતિહાસ :–** વિરોધી કેટલાક લોકોએ કપટ પ્રપંચથી જુદા-જુદા પુસ્તકોમાં, પાનાઓમાં, શાસ્ત્રોમાં પાછળથી લોકાશાહના જીવનને અનેક પ્રકારે વિકૃત ચિત્રિત કર્યું. ક્યાંક તેમને લહિયા કહ્યાં, તો ક્યાંક તેમને આગમ ચોર કહ્યાં, તો ક્યાંક તેમણે ગૃહસ્થ જીવન જ વ્યતીત કર્યું, તેમ લખી નાખ્યું. ક્યાંક તેમના ઉપરે એવો આક્ષેપ પણ કર્યો, કે લોકાશાહે ગૃહસ્થ જીવનમાં જ પોતાના નામનો સંપ્રદાય ચલાવવાને માટે લોકોને દીક્ષા આપી, તો ક્યાંક અહંવૃત્તિવાળા લહિયા બતાવ્યાં, લૂંકા કે લૂંકા મત ચલાવવાવાળા કહ્યાં. આવા તુચ્છ બુદ્ધિયુક્ત ખોટા આક્ષેપો કરીને લોકાશાહના જીવનને વિકૃતરૂપ આપવા આ વર્ગે પોતાની પૂરી શક્તિ કામે લગાડી અને જોશથી વિરોધ શરૂ કર્યો.



**સાર :–** મૂર્તિપૂજકોના માનીતા કલ્પસૂત્રમાં જ જણાવ્યું છે કે નિર્વાણના સમયે ભગવાન મહાવીરના જન્મ નક્ષત્ર પર ભસ્મગૃહનો સંયોગ હતો, જેથી જિનશાસન અત્યંત અવનતિ પર ચાલશે. તે ભસ્મગ્રહની ૨૦૦૦ વર્ષની સ્થિતિનો સંયોગ દૂર થયા પછી જિનધર્મ ઉદિતોદિત થશે, અર્થાત્ તેનું શુદ્ધ ધર્મના રૂપમાં પુનરુત્થાન થશે. આવા નિર્દિષ્ટ સમયમાં જ લોકશાહે ક્રિયોદ્ધાર કર્યો હતો.

મૂર્તિપૂજકોના માન્ય મહાનિશીથ સૂત્રમાં લખ્યું છે કે હે ભગવાન ! કુસાધુ અને શિથિલાચારી ક્યારે થશે ? તો ફરમાવ્યું છે હે ગૌતમ ! આજથી ૧૨૫૦ વર્ષ પૂરાં થયા બાદ શિથિલાચારી સાધુ થશે.

આ બંને સૂત્રોનાં પ્રકરણમાં દર્શાવેલ સંદર્ભમાં લોકાશાહનો ક્રિયોદ્ધાર સંયોગ વીર નિર્વાણ ૧૨૫૦ માં નહિ, પરંતુ ૨૦૦૧માં થયો. હજારો વર્ષથી ચાલતી કુત્સિત આચાર તથા ઉત્સૂત્ર પ્રરૂપણાની સામે તથા રાજ્ય સત્તાના પક્ષબળની સામે નવી ક્રાંતિ લાવનાર તથા ભસ્મગૃહના પ્રભાવની સમાપ્તિનું શ્રેય પામનાર તો કોઈ અસાધારણ પુરુષ જ હોઈ શકે. તેને લહિયા(ઢૂંઢીયા) કહી દેવા, કે ગૃહસ્થ આશ્રમમાં બેઠાં બેઠાં સાધુઓ પર હુકમ ચલાવનારા કહેવા, કે દર્શાવવા, તે માત્ર કુબુદ્ધિ કરામત તથા ખોટાં મૂળિયા રોપનારાનો જ ચમત્કાર હોઈ શકે. વાસ્તવમાં આવું વિકૃત તુચ્છ જીવન, પતિત ધર્મનો પુનરુત્થાન કરીને ધર્મોદ્યોત કરવા-વાળી એક ક્રાંતિકારી વ્યક્તિનું ન હોઈ શકે, એટલે નિબંધગત ઉક્ત પરિચય બુદ્ધિગમ્ય તથા શાસ્ત્રોક્ત પણ છે.

આ પરિચય સંવત ૧૬૩૬ પાટણ નગરમાં વસંત પંચમીએ લખવામાં આવ્યો હતો જે એક હસ્તપ્રત પુસ્તકની પાછળના બે પૃષ્ટોમાં મળ્યો, જે સંવત ૧૯૯૧માં અમદાવાદથી પ્રકાશિત થયો. **શ્રી જૈન ધર્મનો પ્રાચીન સંક્ષિપ્ત ઈતિહાસ અને પ્રભુ વીર પટ્ટાવલી** નામક પુસ્તક પૃષ્ટ ૧૬૧માં. ગુજરાતી ભાષામાં તે પુસ્તક છે, તેના આધારથી પરિચયાત્મક રૂપથી સંપાદન કરીને અહીં પ્રસ્તુત કરેલ છે.

**શિક્ષા પ્રેરણા :–** આજે સ્થાનકવાસી શ્રમણ સમુદાય શુદ્ધ ઉન્નત ધર્મી હોવા છતાં, ફરી શિથિલાચાર તથા મૂર્તિપૂજકતાના કેટલાય રૂપાંતર સ્વીકારતો જાય છે. તેણે પોતાના યુગપુરુષ જિનશાસનની શાન વધારનારા સેંકડો વર્ષ પૂર્વેની વિકૃતિઓની સામે બંડ પોકારનારા, મહાપુરુષ લોકાશાહના જીવન કર્તવ્યોનો જ્ઞાનપૂર્વક અભ્યાસ કરી, આત્મામાં નવી જાગૃતિ, નવું જોશ ઉત્પન્ન કરી, વિકૃતિઓથી સુરક્ષિત બનવું જોઈએ. અર્થાત્ નવાં નવાં શિથિલાચારો પર નિયંત્રણ રાખવું જોઈએ. જેને માટે ક્રિયાનિષ્ટ તથા કર્તવ્યનિષ્ટ આચાર્ય ઉપાધ્યાય પ્રવર્તક વગેરે પદવીધર જ નિયુક્ત કરવા જોઈએ. સાધુ સાધ્વી સમુદાયમાં આગમ અધ્યયન અધ્યાપનની સુવ્યવસ્થાને ગતિમાન કરવી જોઈએ. સૂત્ર અધ્યયન, વિચક્ષણતા,

આચારનિષ્ઠા વગેરે અન્ય પૂર્ણ યોગ્યતાઓ પ્રાપ્ત કર્યા વિના કોઈને પણ પ્રમુખ બનીને વિચરણ કરવાની આજ્ઞા દેવી જોઈએ નહીં તથા બીજી પણ કોઈ પ્રકારની અગ્રતાની(મુખી થવાની) જવાબદારી તેને સોંપવી જોઈએ નહીં. આ રીતે જ્ઞાન તથા સુવ્યવસ્થાથી તથા શુદ્ધાચરણથી જિન શાસનની સાચી સુરક્ષા કરી શકાય. આશા જ નહીં પણ પૂર્ણ વિ઼્ાસ છે કે મહાત્મા લોકાશાહના આ અસલી જીવન પરિચયનો ખભે-ખભા મેળવીને પ્રચાર પ્રસાર કરવામાં આવશે. સંક્ષેપમાં– (૧) ૧૫ વર્ષની ઉંમરે લગ્ન. (૨) ૨૭ વર્ષની ઉંમરે દીક્ષા. (૩) ૪૯ વર્ષની ઉંમરે પુનઃ દીક્ષા અને ક્રિયોદ્ધાર.

## આચારાંગ નિશીથ ધારણ કરનાર

**आचारप्रकल्प धारिणां चत्वारो भंगा स्तद्या– सूत्र धरो न अर्थ धरः, अर्थ धरो न सूत्र धरः, सूत्र धरोप्यर्थ धरोऽपि, ना सूत्र धरो नाप्यर्थ धरः । अत्र चतुर्थ भंगो शून्यः । आद्यानां त्रयाणां भंगानां तृतीयो भंगवर्ती स उपाध्याय उद्दिश्यते । यतः सः उभयधारी तया गच्छस्य सम्यग् परिवर्धको भवति ।** (આ મુખ્ય વિધાન થયું) **तदभावे द्वितीय भंग वर्त्यपि, तस्यापि अर्थ धारितया सम्यक् परिवर्धकत्वात् । नतु आद्यवर्ती । तथाच आह–सूत्रधर वर्जितानां आचार प्रकल्पिकानां गच्छं; गच्छस्य परिवर्धना त्रिके, तृतीय भंगे च । ततस्ते एव उपाध्याया स्थाप्या न प्रथम भंग वर्तिनः। एवं दशा कल्प व्यवहार धरादि पदानां अपि व्याख्या कर्तव्याः ।**

**यद्यपि पूर्वमाचार्यादयश्चतुर्दश पूर्वधरादयः आसीरन् तथापि इदानी आचार्या(उपाध्यायादयश्च) युगानुढपा दशा कल्प व्यवहार धरादयस्तपो नियम स्वाध्यायादिषु उधुक्ता, द्रव्य क्षेत्र काल भावोचित यतना परायणा, भवंति ज्ञातव्याः ।**– *व्यवहार सूत्र उद्देशक–३, सूत्र–३ भाष्य टीका ।*

**સંક્ષિપ્ત અર્થ :–** ઓછામાં ઓછું આચાર પ્રકલ્પ શાસ્ત્ર ધારણ કરનારા બહુશ્રુત જ સંઘાડાની આગેવાની ધારણ કરી વિચરણ કરી શકે છે, ઉપાધ્યાય પદ ગ્રહણ કરી શકે છે અને બે અંગ સૂત્ર તથા ૪ છેદ સૂત્રને ધારણ કરનારા જ આચાર્ય પદ ગ્રહણ કરી શકે છે. (૧) અત્રે ધારણ કરવાને, સૂત્ર અને અર્થથી ભંગ બનાવીને સૂચવ્યું છે, કે સૂત્ર અને અર્થ બંનેને જે ધારણ કરે છે, તેજ વાસ્તવિક યોગ્ય ગણાય. તેજ ઉપરોક્ત પદોને ગ્રહણ કરી શકે છે, એ જ રાજમાર્ગ છે. અપવાદથી અર્થાત્ કોઈ પણ સૂત્ર તથા અર્થ ઉભયને ધારણ કરનારા ન મળે તો ફક્ત અર્થ ધારણ કરવાવાળાને (અન્ય યોગ્યાભાવથી) યોગ્ય માની તેને ઉક્ત પ્રતિષ્ઠાના કાર્યો હાથ ધરવા મંજૂરી આપી શકાય છે.



યદ્યપિ પહેલાંના વખતમાં પૂર્વધર જ્ઞાની જ આચાર્યો થતાં હતાં પરંતુ આજે યુગાનુરૂપ ઉપરોક્ત અધ્યયન કરનાર તથા સંયમ તપમાં ઉદ્યત અને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવોચિત વિવેક રાખનાર કુશળને તે આચાર્ય વગેરે પદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવે છે.

## દ્રવ્ય પૂજા–ભાવ પૂજા

**छज्जीव काय संजमेसु, दव्व थएसो विढज्जइ कसिणो ।**
**तो कसिण संजम विऊ पुप्फाइयं न इच्छंति॥**આવ.-૨, નિ.-૧૯૩ ॥

**અર્થ :–** દ્રવ્ય સ્તવ કરવાથી પૃથ્વીકાય આદિ છ કાયની હિંસા ત્યાગ રૂપ સંપૂર્ણ સંયમનું સમ્યગ્ પાલન ન થઈ શકે. (**पुष्पादिनां लुंचन संघट्टनादिना कृत्स्न संयम अनुपपद्यते**) એટલે સંપૂર્ણ સંયમ પ્રધાન વિદ્વાન મુનિ 'પુષ્પાદિ દ્રવ્યસ્તવ'ની ચાહના પણ કરતા નથી.

**તર્ક–** કહેવાય છે કે દ્રવ્યસ્તવ કરવામાં જે ધનનો ત્યાગ થાય છે, ત્યારે શુભ અધ્યવસાય થાય છે.

**ઉત્તર :– तदपि यत्किंचित, व्यभिचारात्–** એતો કોઈકમાં હોય, અધિકમાં ન હોય. આમ જોવા જઈએ તો મોટેભાગે લોકો યશકિર્તી માટે જ તેવું કરતા હોય છે. (અથવા દેખાદેખી રૂઢિવશ કરે છે). શુભ અધ્યવસાય થઈ જાય તો તે ભાવ સ્તવ છે. કેમ કે શુભ અધ્યવસાયમાં દ્રવ્ય સ્તવ અપ્રધાન કારણ છે. પ્રધાન કારણ ભાવ સ્તવ જ છે. આરંભ સમારંભ તો કર્મ ફળદેવાની પ્રધાનતાવાળા છે. **भाव स्तव एव च सति तत्त्वतः तीर्थस्य उन्नति करणं । भाव स्तव एव तस्य सम्यग् अमरादिभिरपि पूज्यत्वात् । तमेव च दृष्टवा क्रियमाणं अन्येऽपि सुत्तरां प्रतिबुद्धयंते शिष्टाः, इति स्वपरानुग्रहो अपि इहैव (भावस्तवएव) इति गतार्थः।** આની પૂર્વ ગાથા ૧૯૨માં કહ્યું છે કે– દ્રવ્ય સ્તવ અનેક અપેક્ષાઓથી ગુણકારી પણ છે; એવું કહેવું સમજણ વગરનું કથન છે. (**अनिपुण मत्ति वचनमिदं**) તીર્થંકર તો છ કાયના હિતકર વચન જ કહે છે. 'છ કાયની રક્ષા' એજ પ્રધાન મોક્ષ સાધન છે, તેવું તીર્થંકર પ્રભુ ફરમાવે છે. **ગાથા– दव्वथओ भावथओ, दव्वथओ बहुगुणत्ति बुद्धि सिया । अणिउणमई वयणमिणं, छज्जीव हियं जिणा बेंति ॥१९२॥ पृथ्वी कायादिनो हितं प्रधानं मोक्ष साधनमिति जिना तीर्थंकरा ब्रुवते ।** વિત્તનો પરિત્યાગ, શુભાધ્યવસાય, તીર્થની ઉન્નતિ જોઈને અન્ય પણ બોધ પામે તે રીતે સ્વપરનો અનુગ્રહ કરનાર છે– દ્રવ્ય સ્તવ. તેની અસારતા બતાડવા માટે– **असारता ख्यापनाय आह–अनिउण मई वयणमिणं इत्यादि । यः प्रकृत्यैव असुंदरः स कथं श्रावकाणामपि युक्तः ॥ तस्मात् सति बोधि लाभे तप संयमानुष्ठान**

**परेण भवितव्यं । न यत किंचित चैत्यादि आलंबनं चेतसि आधाय प्रमादादिना भवितव्यं । तपः संयमोद्यमवतः चैत्यादि कृत्येषु अविराधकत्वात् । तथा चाह–चेइय कुल गणसंघे आयरियाण च पवयण सुए य सव्वेसु वि तेण कयं, तवसंजमुज्जमंतेणं ॥११०१॥** આ બધા પ્રતિ ભક્તિ વગેરે કૃત્ય કરનાર તે જ હોય જે તપ સંયમમાં ઉદ્યમવાન છે, તેણે આ બધા પ્રત્યે પોતાની ભક્તિનો વિનય કર્યો તેમ સમજવું. **यः तप संयमेषु उद्यमवान् वर्तते तेन एतेषु सर्वेषु स्थानेषु कृत्यं**(વિનય ભક્તિ) **कृतं ।**

**ભાવાર્થ :–** *(ઉપરોક્ત સર્વ પ્રમાણ ચર્ચાનો ભાવાર્થ)* છ કાય જીવોની હિંસારૂપ દ્રવ્ય પૂજાથી સંયમનું સમ્યગ્ પાલન ન થઈ શકે, અર્થાત્ સમ્યગ્ સંયમના જ્ઞાતા મુનિ ફૂલ-ફળાદિથી પૂજા કરવાની ઈચ્છા પણ ન કરે.

દ્રવ્યપૂજાથી ભાવોની શુદ્ધિ થાય તેવું પણ એકાંતે યોગ્ય જણાતું નથી કારણ કે દ્રવ્યપૂજા વગર પણ ભાવોની શુદ્ધિ થઈ શકે છે. ભાવશુદ્ધિનું પ્રધાન કારણ છે ભાવસ્તુતિ અને ભાવ પૂજા; તેમજ તે જ તીર્થની ઉન્નતિનું કારણ છે.

છ કાયના જીવોની રક્ષા કરવી એ જ મોક્ષનું પ્રથમ સાધન છે. તીર્થંકર તથા શ્રમણ છકાયને હિતકારી જ કથન કરે છે. છ કાયની હિંસા પ્રેરક વચન તે ત્યાગી પુરુષો કરતા નથી.

દ્રવ્ય પૂજા દ્રવ્ય સ્તવનું મહત્વ બતાવનારાના વચન(તર્ક) અનિપુણ બુદ્ધિના વચનો છે. એટલે બોધ પ્રાપ્ત કરીને સંયમ તપમાં પુરુષાર્થ કરવો જોઈએ. મૂર્તિપૂજા વગેરે બહાને સંવર તપમાં આળસ ન કરવી જોઈએ. સંયમ તપમાં જે ઉદ્યમવંત થાય તે જ ચૈત્યાદિ કૃત્યનો સ્વતઃ આરાધક બની જાય છે. અર્થાત્ તપ સંયમમાં ઉદ્યમ કરેલ હોય તો તેણે ચૈત્ય, આચાર્ય, ઉપાધ્યાય, ગુરુ, કુળ, ગણ, સંઘ, પ્રવચન, શ્રુત આ બધા પ્રત્યે કર્તવ્ય પાલન અથવા વિનય ભક્તિ કરેલ છે, તેમ સમજવું જોઈએ.

આ મૂર્તિપૂજકોના માન્ય નિર્યુક્તિ ગ્રંથોમાં આપેલ સ્પષ્ટ ઉલ્લેખનો ભાવાર્થ છે. આથી એટલું તો સ્પષ્ટ સમજાય છે, કે મૂર્તિપૂજા સંયમ ધર્મ તપ ગુણોમાં આળસ કે બહાનું કાઢવાની ઉત્પત્તિનું નિમિત્તક પણ છે. તેનાથી અધિકગણું મહત્વ સંવર પ્રવૃત્તિનું છે. એટલે સંવર સામાયિક વગેરે પ્રવૃત્તિઓને છોડીને ફક્ત પૂજા કરીને ધર્મ કર્યો એવો સંતોષ કરનાર વાસ્તવમાં અનિપુણ બુદ્ધિ એટલે મૂઢ-મતિ જ છે.

## પરઠવા સંબંધી જ્ઞાન : દ્વિદળ, માખણ

શ્રમણ સૂત્રના ચોથા પાઠના પાંચમી સમિતિના પ્રસંગે વિવેચનમાં આચાર્ય હરિભદ્ર સૂરિએ અન્યત્રથી સંપૂર્ણ **परिठावणिया निर्युक्ति** પોતાની



ટીકામાં ઉદ્ધૃત કરી છે. જેમાં અજીવ અને જીવ, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોના પરઠવાના પ્રસંગ તેમજ વિધિ બતાવી છે–

**चाउलोदगमाईहिं, जलयर माइण होई सच्चित्ता ।**
**जल थल खह काल गयं, अचित्ते विगिंचणं कुज्जा ॥**

**तंदुलाम्बुना सह मत्स्यो मंडूकी वा समेतौ; तौ चाल्य अंबुना सह जले नयेत । जल स्थल खगेषु कालगतेषु, अचित्त नो मनुज पारिष्ठापनिका स्यात्। मृतमत्स्य उंदरकाकादौ ।**

ત્રસ (વિકલેન્દ્રિય) જીવ ઊરણિકા(લટ) વગેરેથી સંસક્ત આહાર પાણીને શુદ્ધ કરવાની અને ખાવા-પીવાની વિધિ તથા પરઠવાની વિધિ બતાવી છે. પાણીની જેમ જીવથી સંસક્ત છાશની વિધિ કહી છે.

દહીં, માખણ, આ બંને ત્રસ જીવ સંસક્ત હોય, તેની વિધિ આ પ્રમાણે છે– પાણી કાઢીને પાણી રહિત દહીં તથા માખણને છાશમાં કે પાણીમાં નાખી દો, જીવ હશે તો દેખાઈ જશે; તેને પરઠી દેવું, જીવ ન દેખાય તો ખાઈ લેવું. સંસક્ત તક્રસ્ય અંબુવદ્ વિધિ.

**दधि नवनीतयोस्तु अयं विधि-पूर्व जलं गालयित्वा पिंडी भूत दध्नः एकाउंडी तक्रादौ प्रक्षेप्या चेत्प्राणा स्युस्तदा प्रेक्ष्यंते ततस्त्यज्यते, न स्युस्त दा भुज्यते। नवनीतोऽपि एकाउंडी त्यादि कार्यः । तक्राभावे गोरस धावने क्षेप्या। तस्याभावे शीती भूते उण्णाप्सु, तस्याप्यभावे तंदुलाप्सु क्षिप्त्वा वीक्ष्य शुद्धे, भोज्यम् । अशुद्धयोर्विधिना त्यागं ।**

**दध्नि पात्र पतिते संसक्त भ्रांतौ दधिः पात्रतीरं आनीय पुनः पश्चात् कृत्वा दधि लिप्त तीरे जीवा ईक्ष्याः । इक्षुविकारे कक्कंबेप्येष विधिः । परसमुत्थमप्येवं ।** અર્થાત્ ગૃહસ્થના વાસણમાં હોય અને શંકા થાય તો પણ આ વિધિ મુજબ પરીક્ષા કરી લેવી.

**रसज-रसजै संसंक्त तु कांजिकादि (उदक) सपात्रं त्याज्यम् ।**

સંસક્ત પાણીમાં–જીવ પરિણત થઈ જાય તો ત્રણ સાધુઓએ જોઈને પછી ગાળીને પીવું અનુજ્ઞાત છે. પરિણત ન થયા હોય તેને કાઢવાની વિધિથી કાઢી નાખે. ધોવણમાં પાણીના જીવ હોય તો **धावन जले पूतरेषु सत्सु** ગાળીને થોડા પાણીમાં તે જીવોને લઈ જો દાતા પાછું ન લે તો અપકાયમાં યતનાથી પરઠી દેવું જોઈએ.

પાણીમાં જીવંત કીડીઓ પડી જાય તો તુરંત ગાળીને વિવેક કરવો. માખી હોય તો જોઈને જ કાઢી નાખવી અને મરી જાય તો ગાળીને ઉપયોગ કરવો

અન્યથા– **मेधा उवहणंति पिविलिका, मच्छियाहि वमी हवइ ॥ पर हत्थे भत्ते पाणे वा जइ मच्छिया मरइ तं अणेसणिज्जं । संजय हत्थे, उद्धिरिज्जइ; नेहे पडिया छारेण गुंडिज्जइ ॥** – *આવશ્યક હરિભદ્રીય ટીકા : પારિઠાવણિયા નિર્યુક્તિ.*

**સારાર્થ :–** (૧) પાણીમાં દેડકાં કે માછલાં આવી જાય તો તેને પાણીમાં રાખી, બીજા પાણીમાં પરઠી આવવા (૨) પશુ પક્ષીના મૃત ક્લેવર ઉપાશ્રયમાં હોય તો વિવેકપૂર્વક યથાસ્થાને પરઠવા (૩) આહાર પાણીમાં, દહીં છાશમાં અને માખણ તથા શેરડીના રસમાં ત્રસ જીવ સંસકત હોય તો તેને વિવેકથી કાઢીને ખાવું અથવા ન નીકળે તો તે ખાધા વિના યથાસ્થાને પરઠી આવવું (૪) ત્રસ જીવ યુક્ત જળમાં જો જીવ પરિણત થઈ જાય અને તે પાણી જીવ રહિત થઈ જાય તો ત્રણ સાધુઓએ નિરીક્ષણ કરીને પછી ગાળીને તે પાણી ઉપયોગમાં લેવું. (૫) પાણીમાં, પાણીના જીવ હોય તો તેને થોડા પાણીમાં કાઢીને દાતા પાછું લે તો તે પાણી દઈ દેવું અન્યથા બીજા જળમાં યતનાથી પરઠી દેવું (૬) રસજ જીવોત્પતિ યુક્ત આહાર હોય તો પરઠી દેવું અને એવું પાણી આવી જાય તો પાત્ર સાથે પરઠી દેવું અથવા માટીના વાસણમાં નાખી પરઠી આવવું (૭) પાણીમાં કીડી પડી જાય તો તરત જ વિવેકથી કાઢી નાખવી, માખી પડે તો કાઢી નાખી, પછી ઉપયોગમાં લઈ શકાય. ચીકણો પદાર્થ હોય તો માખીને કાઢી રાખમાં નાખી દેવી (૮) કીડી, માખી આદિ મરી જાય તો તે પાણી ગાળીને ઉપયોગમાં લઈ શકાય (૯) ગૃહસ્થના હાથમાં રહેલ આહાર વહોરાવતી વખતે તેમાં માખી પડી જાય અને મરી જાય તો તે આહાર અનેષનીય છે(અગ્રાહય છે) અને સાધુએ વહોર્યા પછી તે આહારના પાત્રમાં ત્યાં જ માખી પડે તો તુરંત કાઢી નાખવી જોઈએ.

**ટિપ્પણ :–** (૧) અત્રે માખણ સંબંધી લેવા તથા સંશોધન કરવા અને ખાવા કે પરઠવાનું જે વર્ણન છે, તેનાથી સ્પષ્ટ થાય છે, કે માખણને અભક્ષ્ય કહેવાની પ્રથા આ ટીકાના કર્તા હરિભદ્રસૂરિના સમય સુધી ઉત્પન્ન થઈ નહોતી પાછળ થી જ કોઈએ પ્રચારિત કરી છે.

(૨) રસજ જીવોત્પતિવાળા આહાર અને જીવયુક્ત આહારાદિ પરઠવાના આ અનેક પ્રકરણોમાં 'દ્વિદળ' સંબંધી કિંચિત્ પણ કથન નથી. એટલે દ્વિદળ સંબંધી અયુક્ત તથા અનાવશ્યક કલ્પના પણ પાછળથી કોઈની સ્વચ્છંદ મતિથી ઉત્પન્ન થઈ હશે. ૨૨ અભક્ષ્યોની કલ્પના પણ પાછળથી શરૂ થઈ હશે.

(૩) જળના જીવોને પરઠવાની વિધિથી એટલું સ્પષ્ટ થાય છે કે તેને ગમે ત્યાં પણ પાણીમાં જ પરઠવા જોઈએ.



## નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્પર્શિત દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન

**१. कप्पई णिग्गंथाण वा णिग्गंथीण वा वासावासाणं सबीसराइए मासे वीइक्कंते पज्जोसवणं पज्जोसवित्तए ।**

**२. वासावासं पज्जोसवियाणं कप्पई णिग्गंथाण वा णिग्गंथीण वा सव्वओ समंता सकोसं जोयणं उग्गहं ओगिण्हित्ताणं चिट्ठित्तए अहालंदमवि उग्गहे ।**

**३. वासावासं पज्जोसवियाणं नो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पज्जोसवणाए इत्तरियं पि आहारं आहारित्तए ।**

**४. वासावासं पज्जोसवियाणं नो कप्पइ णिग्गंथण वा णिग्गंथीण वा अण्णयरिं विगइं आहारित्तए ।**

**५. वासावासं पज्जोसवियाणं कप्पइ णिग्गंथाण वा णिग्गंथी वा संथारगाइं गिण्हित्तए धारित्तए वा ।**

**६. वासावासं पज्जोसवियाणं कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा तिण्णि मत्तगाइं गिण्हत्तए वा धारित्तए वा ।**

**७. वासावासं पज्जोसवियाणं नो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा परं पज्जोसवणाओ गोलोममेत्ताइं पि केसाइं उवाइणावेत्तए ।**

**८. वासावासं पज्जोसवियाणं नो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सेहं वा सेहिं वा पव्वावित्तए णण्णत्थ पुव्वभाविएणं संविग्गेणं ।**

**९. वासावासं पज्जोसवियाणं णिग्गंथाण वा णिग्गंथीण वा समिइसु गुत्तीसु सम्मं उवउत्ते भवित्तए ।**

**१०. वासावासं पज्जोसवियाणं नो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा परं पज्जोसवणाओ अहिगरणं वइत्तए ।**

**અર્થ :–**

(૧) નિર્ગ્રંથ નિર્ગ્રંથીઓએ વર્ષાવાસના એક મહિના ઉપર વીસ દિવસ વીત્યા પછી પર્યુષણ કરવા જોઈએ.

(૨) વર્ષાવાસમાં રહેલાં સાધુ સાધ્વીઓએ ગમનાગમન માટે સવા યોજનનું સીમિત ક્ષેત્ર રાખવું જોઈએ. એનાથી બહાર ગમનાગમન કરવું જોઈએ નહીં.

(૩) ચાતુર્માસ કરતા સાધુ-સાધ્વીઓએ પર્યુષણના દિવસે સહેજ પણ આહાર ન લેવો જોઈએ.

(૪) ચાતુર્માસ કાળમા રહેલા સાધુ સાધ્વીઓએ કોઈપણ વિગયનું સેવન ન

કરવું જોઈએ.

(૫) વર્ષાવાસમાં સાધુ સાધ્વીઓએ સંસ્તારક(પાટ, ઘાસ વગેરે) ગ્રહણ કરવું તથા ઉપયોગમાં લેવું કલ્પનીય છે, યોગ્ય છે.

(૬) ચાતુર્માસમાં સાધુ સાધ્વીએ ત્રણ માત્રક ગ્રહણ કરવા કલ્પે છે. (અ) ઉચ્ચાર માત્રક (બ) પ્રશ્રવણ માત્રક (ક) ખેલ માત્રક.

(૭) વર્ષાવાસમાં સ્થિર સાધુ સાધ્વીઓએ પર્યુષણના દિવસે ગોરોમ જેટલા વાળ રાખવા કલ્પતા નથી.

(૮) ચાતુર્માસમાં રહેલા સાધુ સાધ્વીએ સ્ત્રી પુઢષ કોઈને પણ દીક્ષા દેવી કલ્પે નહીં પરંતુ ચાતુર્માસના પહેલાંથી જે પૂર્વ ભાવિત છે તેને દીક્ષા દઈ શકે છે.

(૯) ચાતુર્માસમાં સંત-સતીજીઓએ સમિતિ ગુપ્તિમાં વિશેષ ઉપયોગવંત રહેવું જોઈએ.

(૧૦) ચાતુર્માસમાં રહેતા સાધુ સાધ્વીઓએ કોઈપણ કલહને પર્યુષણના દિવસે પૂર્ણ સમાપ્ત કરી નાખવો જોઈએ. ત્યાર પછી તે કલહને રાખવાનું કે બોલવાનું કલ્પે નહીં.

તીર્થંકરોનું વર્ણન, સ્થવિરાવલી, સંવત-મિતિના વિકલ્પો, વગેરે વિષયોનું નિર્યુક્તિમાં કથન નથી. નિર્યુક્તિમાં પણ અંતિમ પાંચ ગાથા પ્રક્ષિપ્ત થયેલી છે.

આગમના મૂળપાઠમાં પણ અનેક પ્રક્ષેપ કરેલા છે, તે પ્રમાણ સિદ્ધ છે તો નિર્યુક્તિમાં પાંચ ગાથાનો પ્રક્ષેપ કોઈ અસંભવ નથી. આ વિષયમાં અન્ય વિવિધ પ્રમાણ, તર્ક યુક્ત જાણકારી આ પુસ્તકમાં જ યથાસ્થાને છે.

## ઐતિહાસિક પ્રમુખ ઘટનાઓ અને તેનો સમય

| વીર સંવત | ઘટના |
|---|---|
| ૬૪ | દસ બોલ વિચ્છેદ |
| ૨૧૪ | તૃતીય અવ્યક્તવાદી નિન્હવ |
| ૨૨૦ | ચતુર્થ શૂન્યવાદી નિન્હવ |
| ૨૨૮ | પંચમ ક્રિયાવાદી નિન્હવ |
| ૩૩૫ | પ્રથમ કાલકાચાર્ય |
| ૪૫૨ | દ્વિતીય કાલકાચાર્ય |
| ૪૭૦ | વિક્રમ સંવતની શરૂઆત |
| ૫૪૪ | છટ્ઠા નિન્હવ રોહગુપ્ત |
| ૫૮૪ | સાતમા નિન્હવ ગોષ્ઠામાહિલ |
| ૫૮૪ | વજબાહુના સ્વર્ગ ગમનના સમયે ૧૦ પૂર્વનું જ્ઞાન, ચોથું સંહનન, ચોથું સંસ્થાન વિચ્છેદ. |
| ૬૦૯ | સહસ્ત્રમલ દિગંબરમત (શિવભૂતિ) |
| ૯૮૦ | સૂત્ર લેખન વલ્લભીપુર |
| ૯૯૨ | લબ્ધિઓનો વિચ્છેદ |
| ૧૦૦૦ | એક પૂર્વનું જ્ઞાન રહ્યું |
| ૧૦૦૦ | દિગંબરના વિશેષ ગ્રંથોની રચના, કુંદકુંદાચાર્ય દ્વારા |
| ૧૦૦૮ | પૌષધશાળા, ઉપાશ્રયોનું નિર્માણ |
| ૧૦૦૯ | સમસ્ત પૂર્વનો વિચ્છેદ |
| ૧૦૦૯ | વીરભદ્રસ્વામી દેવર્દ્ધિગણિની પાટ પર ૨૮ મી પાટ, ૧૦૫ વર્ષની ઉંમર, ૫૫ વર્ષ આચાર્ય પદ પર રહ્યાં વીર નિર્વાણ ૧૦૬૪ સંવત ૫૯૪માં દિગંવત થયા. |
| ૧૬૭૦ | ખરતર ગચ્છ સ્થાપના |
| ૧૭૫૫ | તપાગચ્છ સ્થાપના |
| ૨૦૦૧ | લોકાશાહ દ્વારા શુદ્ધ ધર્મ પ્રવર્તન વિ.સં. ૧૫૩૧. |
| ૨૦૫૨ | તપગચ્છના આનંદવિમલસૂરિ દ્વારા ક્રિયોદ્ધાર |
| ૨૦૭૨ | આચલિયા ગચ્છ ક્રિયોદ્ધાર |
| ૨૦૭૫ | ખરતર ગચ્છ ક્રિયોદ્ધાર |
| ૨૧૮૬ | ધર્મદાસજીની દીક્ષા |
| ૨૨૮૫ | ઢગનાથજીથી ભીખણજીનો મતભેદ(તેરા પંથ) |



## વિશિષ્ટ પ્રસિદ્ધ પ્રાચીન શ્રમણ

| ક્રમ | પૂર્વાચાર્ય | વિશેષ માહિતી |
|---|---|---|
| ૧ | અગસ્ત્યસિંહ સૂરિ | વિક્રમની આઠમી શતાબ્દી/દશવૈકાલિક ચૂર્ણિની રચના કરી. |
| ૨ | આર્ય રક્ષિત | સાડા નવપૂર્વી/અનુયોગદ્વાર સૂત્ર રચનાકાર |
| ૩ | અમૃતચંદસૂરિ | વિ. સં. ૯૬૨ દિગંબર આચાર્ય. |
| ૪ | અભયદેવસૂરિ | વિ. સં. ૧૦૮૮માં આચાર્ય પદ, ૧૧૩૫માં દેવલોક થયા. નવાંગી ટીકાકાર. |
| ૫ | અમિતગતિ | વિ. સં. ૧૦૫૦માં થયા હતા. ગુઢ માધવસેન. |
| ૬ | ઉદયપ્રભસૂરિ | વિ. સં. ૧૨૨૦માં/આરંભસિદ્ધિ ગ્રંથ રચના. |
| ૭ | ઉમાસ્વાતિવાચક | વીર. નિ. સં. ૧૦૦૧, તત્ત્વાર્થ સૂત્રકર્તા. |
| ૮ | કાલકાચાર્ય | ત્રણ થયા (૧) વીર નિ. સં. ૨૮૦માં જન્મ, દીક્ષા ૩૦૦માં, ૩૩૫માં પદ, ૩૭૬ સ્વર્ગ, પન્નવણા સૂત્રના રચનાકાર (૨) વીર નિ. સં. ૪૫૩માં (૩) વીર નિ. સં. ૯૯૦ માં હતા. |

| | | |
|---|---|---|
| ૯ | કુંદકુંદાચાર્ય | વીર નિર્વાણ સંવત ૧૦૦૦માં. |
| ૧૦ | કોટ્યાચાર્ય | વિશેષાવશ્યક ભાષ્યની અવશેષ ટીકા પૂર્ણ કરી. |
| ૧૧ | ગંધહસ્તી સૂરિ | પ્રથમ આચારાંગની ટીકા પ્રારંભ કરી, બીજું નામ. સિદ્ધસેનાચાર્ય તત્ત્વાર્થ ભાષ્યની ટીકા પૂર્ણ કરી |
| ૧૨ | જિને૮ર સૂરિ | અભયદેવ સૂરિના ગુઢ ખરતર ગચ્છનો પ્રારંભ કરનારા, કથારત્ન કોશ વિ. સં. ૧૦૮૦માં હતા. |
| ૧૩ | જિનદાસગણિ મહત્તર | પ્રમુખ ચૂર્ણિકાર, હરિભદ્રસૂરિથી પ્રાચીન. વિ. સ. ૬૫૦-૭૫૦, નંદીસૂત્ર ચૂર્ણિ ૭૩૨માં. |
| ૧૪ | જિનવલ્લભસૂરિ | વિ. સં. ૧૧૬૦, અભયદેવ સૂરિના શિષ્ય. |
| ૧૫ | જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ | જીતકલ્પ, વિશેષાવશ્યક ભાષ્ય, ક્ષેત્ર સમાસ, બૃહત્સંગ્રહણી વગેરે રચ્યાં. વિ. સં. ૬૫૦-૬૦ ની આસપાસ થયા. જન્મ ૬૧૦માં |
| ૧૬ | તિલકાચાર્ય | વિ. સં. ૧૨૯૬ માં |
| ૧૭ | દેવેન્દ્રગણિ | પ્રવચન સારોદ્ધાર, પંચસંગ્રહ વગેરે બનાવ્યાં. |
| ૧૮ | દેવસૂરિજી | ૧૨૨૬માં સ્વર્ગ, સ્યાદવાદ રત્નાકરની રચના. |
| ૧૯ | દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ | વીર નિર્વાણ ૯૮૦, વિ. સં. ૫૧૦, આગમ લેખન કરાવ્યું. દેવવાચક નામ, નંદીસૂત્રની રચના કરી. |
| ૨૦ | દેવસેન ભટ્ટારક | વિ. સં. ૯૫૧, દિગંબર, ઘણાં ગ્રંથ રચ્યાં. |
| ૨૧ | દેવભદ્ર સૂરિ | વિ. સં. ૧૧૬૮માં કથા રત્નકોશ બનાવ્યો. |
| ૨૨ | દેવગુપ્ત સૂરિ | વિ. સં. ૧૧૯૫માં બૃહત્ક્ષેત્ર સમાસ વૃત્તિ. |
| ૨૩ | નેમીચંદ્રાચાર્ય | વિ. સં. ૧૨૦૦, વૈર સ્વામીના શિષ્ય. |
| ૨૪ | નેમીચંદ્ર સૂરિ | વિ. સં. ૧૧૨૯, ઉત્તરાધ્યયન ટીકા કરી. |
| ૨૫ | પ્રદ્યુમ્ન સૂરિ | વિ. સં. ૮૦૦માં યશોદેવ સૂરિના શિષ્ય. |
| ૨૬ | પ્રદ્યુમ્ન સૂરિ | વિ. સં. ૧૩૨૨ માં કનકપ્રભ સૂરિના શિષ્ય. |
| ૨૭ | પાર્/ચંદ્ર સૂરિ | વિ. સં. ૧૫૯૭ બાલાવબોધ ટબ્બા. |
| ૨૮ | પાદલિપ્ત સૂરિ | વિ. સં. આકાશગામિની વિદ્યા સિદ્ધ. |
| ૨૯ | બપ્પભટ્ટ સૂરિ | વિ. સં. ૮૦૦માં જન્મ, ૮૦૭માં દીક્ષા, ૮૧૧માં આચાર્ય સિદ્ધસેનના શિષ્ય. |
| ૩૦ | ભદ્રબાહુ સ્વામી | વીર નિ. સં. ૧૭૦માં સ્વર્ગ. ત્રણ છેદ સૂત્ર બનાવ્યાં. |
| ૩૧ | મુનિ સુંદર સૂરિ | વિ. સં. ૧૫૦૩માં સ્વર્ગ. હજાર અવધાન કરતા હતા. |
| ૩૨ | માનતુંગ સૂરિ | વિ. સં. ૮૦૦માં. ભક્તામર રચનાકાર. |
| ૩૩ | મલ્લિસેન સૂરિ | વિ. સં. ૧૨૧૪, સ્યાદવાદ મંજરી બનાવી. |
| ૩૪ | યશોદેવ સૂરિ | પિંડ વિશુદ્ધિ ટીકા તથા પાક્ષિક સૂત્ર વૃત્તિ બનાવી. વિ. સં. ૧૧૭૬માં. |



| | | |
|---|---|---|
| ૩૫ | રત્નપ્રભ સૂરિ | વિ. સં. ૧૨૩૮માં. રત્નાકરાવતારિકા બનાવી. |
| ૩૬ | લબ્ધિસાગરજી | વિ. સં. ૧૫૫૭માં શ્રીપાળ કથા રચી. |
| ૩૭ | વર્ધમાન સૂરિ | વિ. સં. ૧૦૮૮માં. ઉપમિતિ ભવ પ્રપંચ કથા રચી. |
| ૩૮ | વજ્ર સ્વામી | વીર નિ. સં. ૫૪૮ માં સ્વર્ગગમન. |
| ૩૯ | વજ્રસેન સૂરિ | વજ્રસ્વામીના શિષ્ય વીર. નિ. સં. ૫૮૫માં હતા. |
| ૪૦ | શ્યામાર્ય | વીર નિ. સં. ૩૭૮ થી ૩૮૬ માં. પન્નવણા સૂત્રની રચના કરી (તેમાં શંકા પણ છે) અપરનામ કાલકાચાર્ય. |
| ૪૧ | શાંતિસૂરિ વાદિવેતાળ | વિ.સં.૧૦૯૬માં સ્વર્ગગમન. ઉત્તરાધ્યયનના ટીકાકાર. |
| ૪૨ | શીલાંકાચાર્ય | શક સંવત્ ૭૯૮માં અને વિ. સં. ૯૩૩ થી વિદ્યમાન હતા. બે અંગ સૂત્રોના ટીકાકાર. |
| ૪૩ | સ્થૂલભદ્ર | વીર નિ. સં. ૨૧૯માં સ્વર્ગ. એમની બહેનો માટે મહાવિદેહથી ચૂલિકા લાવવાની કિંવદંતિ પ્રચલિત છે. |
| ૪૪ | સ્કંધિલાચાર્ય | વૃદ્ધવાદીના ગુઢ. |
| ૪૫ | સિદ્ધસેન દિવાકર | વૃદ્ધવાદીના શિષ્ય વીર નિ. સં. ૫૦૦માં સ્વર્ગવાસી. |
| ૪૬ | સમય સુંદર | વિ. સં. ૧૬૮૬માં વિદ્યમાન. |
| ૪૭ | સંભૂતિવિજય | વીર નિ. સં. ૧૫૬ માં સ્વર્ગગમન. |
| ૪૮ | સંઘદાસગણિ ક્ષમાશ્રમણ | પંચકલ્પ ભાષ્ય અને વસુદેવ હિંડીના રચયિતા વિ. સં. ૬૦૦થી ૬૨૦. |
| ૪૯ | સ્વયંભવાચાર્ય | વીર નિ. સં. ૯૮માં સ્વર્ગગમન. |
| ૫૦ | દ્વિતીય ભદ્રબાહુ | વિ. સં. ૫૫૦ થી ૬૦૦માં.દસ નિર્યુક્તિઓ, ભદ્રબાહુ સંહિતા, ઉપસર્ગહર સ્તોત્રના રચનાકાર, વરાહ-મિહિરના ભાઈ. |
| ૫૧ | હરિભદ્ર સૂરિ | વિ. સં. ૭૫૦ થી ૮૨૭ માં. પ્રધાન ટીકાકાર થયા. અનેક ગ્રંથ (૧૪૪૪) રચ્યાં. |
| ૫૨ | હેમચંદ્રાચાર્ય | જન્મ વિ. સં. ૧૧૪૫માં, દીક્ષા ૧૧૫૦માં, પદવી ૧૧૬૬માં, સ્વર્ગ ૧૨૨૯માં. |
| ૫૩ | હેમચંદ્ર (મલધારી) | વિ. સં. ૧૧૬૪માં વિદ્યમાન. અભયદેવ સૂરિના શિષ્ય. |

## કેટલાંક વીણેલાં સંકલનો અને તેના પરનું ટિપ્પણ

(૧) મૂર્તિપૂજક આગમોદ્ધારક મુનિ શ્રી પુણ્યવિજયજીએ એવું માન્યું છે, કે કલ્પ સૂત્રના 'સમાચારી' વિભાગમાં **अंतरावि से कप्पइ, नो से कप्पइ, तं रयणिं उवाइणावित्तए** આ પાઠ સંભવતઃ આચાર્ય કાલકની પછી રચવામાં આવેલો છે.

**ટિપ્પણ :–** સમાચારી વિભાગનું આ વિસ્તૃત સૂત્ર જ ઘડી કાઢેલું લાગે છે. તેનું સ્પષ્ટીકરણ આઠમી દશાના બ્યાવરથી પ્રકાશિત વિવેચનમાં તથા ચરણાનુયોગના સમાચારી પ્રકરણના ટિપ્પણમાં જોઈ લેવું. મૂર્તિપૂજક તટસ્થ ચિંતક આગમોદ્ધારક મુનિશ્રી પુણ્યવિજયજી પણ આ પાઠના પ્રક્ષિપ્ત દોષને કબૂલ કરે છે.

(૨) 'પ્રબંધ પરિજાત' પૃ. ૧માં લખ્યું છે કે 'નિશીથ' પૂર્વશ્રુતથી પૃથક્ કરાયેલું છે. પૃ. ૨ માં લખ્યું છે કે સંત સતિઓની સંખ્યા વધી, પછી પરિસ્થિતિએ પલટો ખાધો અને અનેક નવી સમસ્યાઓ ઉભી થઈ, જેના કારણે છેદ સૂત્ર (દશા, કપ્પ, વ્યવહાર)ને ઉકેલવામાં બધાં અપર્યાપ્ત રહ્યાં. નવીન પરિસ્થિતિને કાબૂમાં લેવા દોષો અને દુષ્પ્રવૃત્તિઓને રોકવા નિશીથાધ્યયનનું નિર્માણ કરવામાં આવ્યું.

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ બે સૂત્રોમાં જે પ્રાયશ્ચિત્ત વિધાન કરેલું તે તત્કાલીન નિર્ગ્રંથ શ્રમણ શ્રમણીઓ માટે જ પર્યાપ્ત હતું, પરંતુ ત્યારપછી.....

**ટિપ્પણ :–** આજના અલ્પજ્ઞ આચાર્યો પણ પોતાના ગચ્છોની વ્યવસ્થા ચલાવવા માટે સાધારણ નિયમોપનિયમ બનાવવામાં લાંબા સમયનો વિચાર કરી તે મુજબ સમાચારી બનાવી શકે છે. વચ્ચેના પૂર્વધરોની રચનાઓ પણ સેંકડો, હજારો વર્ષો સુધી ચાલતી આવી છે અને ચાલશે. ત્યારે ચૌદ પૂર્વી ભદ્રબાહુની રચનાને તથા તેમના વિધાનોને 'તત્કાળ માટે જ પર્યાપ્ત હતાં' એમ કહી દેવું ઉચિત છે ખરૂં ? શું આપણા સૂત્રોની રચના એટલી કાચી છે, તેમાંય આચાર શાસ્ત્ર અને તે પણ ગણધર કૃત પૂર્વોથી ઉદ્ધૃત કરેલાં વ્યવસ્થિત સૂત્રોની, એ પણ ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીની રચના ? કમાલ છે વિદ્વાનોની બુદ્ધિને !!

વીર નિર્વાણના ૪૦૦ વર્ષમાં જ કાલદોષ અને અગણિત પરિવર્તન થયેલાં, તો ૨૧૦૦૦ વર્ષમાં આગમોનાં શું હાલ થશે ? અને કેટલી વાર નવા આચાર શાસ્ત્રો બનાવવાની કલ્પના કરીશું ? આવી બધી કલ્પના કરવાનો શો અર્થ ?

સમયની શિથિલતાથી શાસ્ત્ર પરિવર્તનની કલ્પના કરવી એટલે ૧૪ પૂર્વી કે ગણધરના મહત્વને અથવા તો 'ઉદ્ધૃત'ના મહત્વને ન સમજવાથી થવાવાળી એક ભૂલ છે અથવા સમજતા હોવા છતાં પણ ઉદયકર્મની ભૂલભૂલામણીથી તે ચિંતનની તરફ ઉપેક્ષા કે અલક્ષ રહી જવાથી થવાવાળી આ ભૂલ છે. તેને સુધારવાની ખૂબ જ જરૂર છે.

(૩) ✓તાંબર સાહિત્યમાં વિશાખાગણિનું નામ જ નથી. બારમી શતાબ્દી પછી કોઈ અર્ધદગ્ધ પંડિતે આ ત્રણ ગાથાઓ બનાવીને લેખનકર્તાને આપી દીધી હશે, જેણે ઉદ્દેશક–૨૦ પછી પ્રશસ્તિ રૂપે નિશીથ સૂત્રમાં જોડી દીધી હશે. –*પ્રબંધ પારિજાત.*

**ટિપ્પણ :–** મુનિશ્રી કલ્યાણવિજયજીનું આ ચિંતન યોગ્ય પ્રતીત થાય છે, આ જ



રીતે મદ્યમાંસ વિષયના પાઠ તથા અન્ય અસંગત વાતો માટે પણ સમજી શકાય છે. ત્યારે જ આચારાંગ, દશવૈકાલિક, ભગવતી, સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરે સૂત્રોની શુદ્ધિ થઈ શકશે.

(૪) અગ્રાવતારનું કથન કોઈ પણ શાસ્ત્રમાં ન હોવાથી સાર્વત્રિક વિધિરૂપમાં મહત્વ દેવા લાયક નથી અને ચોલપટ્ટક રાખવાનું આગમ પ્રશ્નવ્યાકરણ સૂત્રથી પ્રમાણિત થાય છે.

(૫) 'ભદ્રબાહુના સૂત્રમાં સાધ્વીઓને આચાર પ્રકલ્પ વાંચવાનું વિધાન હોવાથી આર્યરક્ષિતે તે વિધાન બદલ્યું નહીં, પરંતુ મૌખિક આજ્ઞા લગાડી' જે આજ સુધી ચાલે છે. જેથી આજે પણ સાધ્વીઓને છેદસૂત્ર ભણાવાતું નથી. –*પ્રબંધ પારિજાત*

**ટિપ્પણ :–** ચૌદ પૂર્વીની આજ્ઞા આજ સુધી સૂત્રમાં ઉપલબ્ધ રહી અને તેનાથી વિરુદ્ધ સાડા નવ પૂર્વીની આજ્ઞા પણ ચાલતી રહી, આવો ખોટો ઈતિહાસ તે પૂર્વાચાર્યોને પણ બદનામ કરે છે અને આગમ અને ઈતિહાસના મહત્વને નષ્ટ કરે છે.

(૬) આચાર્ય કાલક અને દેવર્દ્ધિનો વિવાદ સમાપ્ત ન થયો. બંને પોતપોતાની જગ્યાએ અડગ રહ્યા. એટલે કલ્પસૂત્રમાં ૯૮૦ અને ૯૯૩ બે સંવત બતાવવી પડી. – *પ્રબંધ પારિજાત.*

**ટિપ્પણ :–** સૂત્ર લેખનકાળની બે સાધુઓની સમસ્યાને ભદ્રબાહુના સૂત્રમાં, તે પણ વચમાં લાવવાની શી જરૂર પડી ? ત્યાં તો વચ્ચે તે સૂત્રનો વિષય પણ ચાલતો નહોતો ! કોઈ પાઠ ભેદનું કે વાચના ભેદનું કારણ પણ નહોતું અને જો કદાચ કારણ હોય તો પણ અનેક સંદિગ્ધ અનિર્ણિત વિષય-સૂત્રોથી બહાર કાઢ્યા હતા, ત્યારે આ તો કોઈ પાઠ પણ નહોતો ! પછી નકામી બંનેની સમસ્યા સૂત્રની વચ્ચે જબરજસ્તી કેમ નંખાય ? અને એજ સમસ્યા પછી આગળ જતાં પાર્✓નાથ તથા નેમિનાથ ભગવાનના વર્ણનમાં ક્યાં ગાયબ થઈ ગઈ ? દેવર્દ્ધિગણિ દ્વારા આવું પદ્ધતિ વિરુદ્ધ કાર્ય થયું, એવી કલ્પના કેમ કરી ?

જ્યારે ભદ્રબાહુના સૂત્રમાં તત્સંબંધી કોઈ પાઠ હતો જ નહીં તો આવી અપ્રાસંગિક ચર્ચા વિચારણા કેમ ઉદ્ભવી ? 'બધાથી અંતમાં કલ્પસૂત્ર લખવાની' કલ્પના પણ બિનજરૂરી છે. તે સમયે તો એ કલ્પસૂત્ર દશાશ્રુતસ્કંધનું એક અધ્યયન માત્ર હતું, તેમાં જ તેનો નંબર આવી ગયો હતો. ત્યાર પછી તો અનેક સૂત્રોના નંબર હતા જ.

જ્યારે મૂળ સૂત્ર પાઠોના વિવાદમાં તે બંને આચાર્યોએ કોઈ દુરાગ્રહ નહોતો રાખ્યો. તો પછી તેમના નામે ઈતિહાસને પ્રદૂષિત કરવાનો શો અર્થ ?

સંવત સંબંધી ઈતિહાસની કલ્પનાઓ કે કલ્પસૂત્રની બાબતો બધી મૂળ

થી જ આધાર વિનાની છે. એટલે એવી બાબતો માટે થઈ દેવર્દ્ધિગણિ, કાલકાચાર્ય, શાંતિસૂરિ વગેરે પ્રતિષ્ઠિત આચાર્યોને અયોગ્ય ઠરાવી તેમના વિશે નિંદા-ટીકા કરવામાં કોઈ વિશેષ લાભ નથી. કલ્પસૂત્ર વિશેની બધી કરામતો મલયગિરી આચાર્ય પછીની છે. તેની પહેલાં પર્યુષણા-કલ્પ નામે કોઈ સૂત્ર હતું જ નહીં, કારણ કે તેનો આછો ઉલ્લેખ પણ ક્યાંય થયો નથી ! એટલે સંવતના વિકલ્પ વિશે દેવર્દ્ધિગણિનું નામ ચરી ખાવું તે સ્વાર્થાન્ધતા છે. ભસ્મગ્રહના નઠારા પ્રભાવથી જ કોઈકે પોતાના મોટેરાં સાધુ આચાર્યોના નામે સ્વાર્થ વૃત્તિથી પ્રેરાઈ આવી શરમજનક કલ્પનાઓ ઠોકી બેસાડેલી છે.

(૭) છેદસૂત્ર ન વાંચવા સંબંધી આર્યરક્ષિતના પ્રસ્તાવને તે સમયે સર્વ સંમતિ નહોતી મળી, સ્કંદિલાચાર્યની વાચનાના સમયે પણ નહીં એટલે વ્યવહારસૂત્રમાં આજે પણ તે વાંચવું જોઈએ એવું વિધાન છે. તેમ છતાં ૧૫૦૦ વર્ષથી સાધ્વીઓ તે વાંચતા નથી વગેરે. ***– પ્રબંધ પારિજાત.***

**ટિપ્પણ :–** આવી અંધશ્રદ્ધા વાળો ઈતિહાસ કેમ ચાલી શકે ? ૧૫૦૦ વર્ષમાં શું કોઈને એવું ન સુઝ્યું કે ૧૪ પૂર્વીને ગણધરની રચનાથી વિપરીત પણ કોઈ આજ્ઞા કરવાનો કોઈને અધિકાર હોય ? શું આર્યરક્ષિત આવી મૌખિક આજ્ઞા કરી શકે ખરાં ? જે સૂત્ર વિધાનથી વિપરીત હોવાં છતાં ચાલતી રહે !! આવું વિચારવું તે આર્યરક્ષિત જેવા પ્રતિષ્ઠિત સાધુઓને, ગણધર, ૧૪પૂર્વીની આશાતના કરીને કલંકિત કરવા જેવું ગણાય.

(૮) જિનદાસગણિ કૃત દશવૈકાલિક ચૂર્ણિમાં કહેલી ધ્યાનની પરિભાષાનું ખંડન અગસ્ત્ય ચૂર્ણિમાં કરેલું છે.

(૯) જિનદાસગણિએ અનેક ભાષ્ય ગાથાઓનો પ્રયોગ ચૂર્ણિઓમાં કરેલો છે તથા હરિભદ્રસૂરિએ ચૂર્ણિઓનો ઉપયોગ કરેલ છે. ભાષ્યકાર જિનભદ્રનો ઉત્તરકાળ વિક્રમસંવત ૬૫૦-૬૦ની આસપાસ છે. ચૂર્ણિકાર જિનદાસગણિનો સમય ૬૫૦-૭૫૦ની મધ્યે છે.

હરિભદ્રનો સત્તાકાળ ૭૫૦ થી ૮૨૭નો મધ્યકાળ છે. અગસ્ત્યસિંહ સૂરિ જિનદાસના સમકાલીન કે થોડા પશ્ચાત્વર્તી હતાં. લગભગ આઠમી શતાબ્દીનાં હોવાની સંભાવના છે.

(૧૦) ૧૪ પૂર્વી ભદ્રબાહુસ્વામી નિર્યુક્તિકાર હતાં, તે મુજબનું કથન વિશેષાવશ્યક ભાષ્યની ટીકામાં છે, તે સ્વોપજ્ઞ ટીકાંશમાં નથી પણ અન્ય ટીકાકાર શ્રી કોટ્યાચાર્યની ટીકામાં છે, આવું **પં. દલસુખ માલવણિયાજીએ** સ્થળ નીકાળીને બતાવ્યુંને સમજાવ્યું છે. કોટ્યાચાર્ય ૮મી ૯મી શતાબ્દીનાં હતાં. જે હરિભદ્ર સૂરિના સમકાલીન અથવા થોડા પૂર્વવર્તી છે.



(૧૧) નિશીથ ઉ.૧૯ના પાઠ વિશે એવી કલ્પના કરવામાં આવે છે કે મહારાષ્ટ્રમાં નિશીથની રચના થઈ એટલે અમાંત માન્યતાનો પ્રભાવ સૂત્રની રચનામાં પણ વર્તાય છે.

**ટિપ્પણ :–** શું આર્યરક્ષિત વગેરે પૂર્વધારી પ્રતિષ્ઠિત આચાર્યો અનેક આગમોથી વિઢદ્ધ ક્ષેત્રિક માન્યાતાઓથી પ્રભાવિત થઈ શકે ખરાં ? અને તેને સૂત્રમાં સંબંધ કરી શકે ? આવી ક્લિષ્ટ કલ્પના કરવાના બદલે યોગ્ય રીતે સૂત્રનો સંગત અર્થ કરવો જ યોગ્ય છે. જેથી પૂર્વાચાર્યોને કલંકિત પણ ન કરવા પડે અને આગમથી વિપરીત પ્રરૂપણા પણ ન થાય.

(૧૨) અગત્સ્યસિંહ સૂરિની દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિમાં અનેક ભાષ્ય ગાથાઓ હોવાનું મુનિશ્રી પુણ્યવિજયજીએ સ્વીકાર્યુ છે. ભાષ્યકાર જિનભદ્ર ગણિનો વિ. સં. ૬૧૦માં જન્મ હોવાનો સંભવ છે. ઈ. સ. ૬૦૯માં તેઓ હયાત હતા. *–અગસ્ત્ય ચૂર્ણિની પ્રસ્તાવના પૃષ્ટ–૭માંથી*

(૧૩) આ પ્રમાણે ૭૨ સૂત્રોનું લેખન દેવર્દ્ધિગણિ દ્વારા થયા પછી કાળાંતરે વ્યાખ્યાઓ પણ સમય સમય પર ક્રમથી લખવામાં આવી અર્થાત્ પહેલાં નિર્યુક્તિઓ, પછી ભાષ્ય, પછી ચૂર્ણિઓની રચના થઈ જે અનેક રચનાકારોના સંવતથી સ્પષ્ટ જણાય છે.

(૧૪) વરાહમિહિર દ્વારા પંચ સિદ્ધાંતિકા વિ. સં. ૫૬૨માં રચેલી છે. આજ વરાહ-મિહિરના ભાઈ દ્વિતીય ભદ્રબાહુ સ્વામી હતા, તેમને ૧૪ પૂર્વી ભદ્રબાહુના ભાઈ ગણી લેવા ભ્રામક છે. *– બૃહત્કલ્પ ભાષ્ય, ભાગ–૬ પ્રસ્તાવના, પૃ. ૧૭ના આધારે.*

(૧) વિ. સં. ૫૧૦માં દેવર્દ્ધિગણિ, કાલકાચાર્ય, શાંતિસૂરિ વગેરે દ્વારા આગમ લેખન થયું.

(૨) વિ. સં. ૫૬૦-૬૦૦ માં વરાહમિહિરના ભાઈ દ્વિતીય ભદ્રબાહુ સ્વામી નિર્યુક્તિકાર બન્યા.

(૩) વિ. સં. ૬૦૦-૬૨૦ સંઘદાસગણિ, ભાષ્ય તથા વસુદેવહિંડિના રચનાકાર થયા.

(૪) વિ. સં. ૬૫૦-૬૦ જિનભદ્રગણિ ભાષ્યકારનો ઉત્તરકાળ છે, તેમનો જન્મ વિ. સં. ૬૧૦માં છે.

(૫) વિ. સં. ૬૮૦ થી ૭૫૦ જિનદાસગણિ ચૂર્ણિકાર થયા. તેઓની નંદી સૂત્રની ચૂણિમાં ૭૩૨મી વિ. સં. લખેલ છે.

(૬) વિ. સં. ૭૦૦ પછી અગત્સ્યસિંહ સૂરિ.

(૭) વિ. સં. ૭૨૦-૭૦ સુધી કોટ્યાચાર્ય, વિશેષાવશ્યક ભાષ્યના ટીકાકાર (અપૂર્ણ હતી તે પૂર્ણ કરી)

(૮) વિ. સં. ૭૫૦-૮૫૦ ગંધહસ્તિ અપરનામ સિદ્ધ સેનાચાર્ય-તત્ત્વાર્થ ભાષ્યની ટીકા પૂર્ણ કરી તથા આચારાંગ ટીકા પ્રારંભ કરી.

(૯) વિ. સં. ૭૫૭-૮૨૭ હરિભદ્રસૂરિ-અનેક ગ્રંથકર્તા તથા ટીકાકાર થયાં.
(૧૦) વિ. સં. ૯૦૦ પછી બે અંગોના ટીકાકાર શીલાંકાચાર્ય થયા.
(૧૧) વિ. સં. ૯૫૦-૧૦૦૦ નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ થયાં.
(૧૨) વિ. સં. ૧૦૫૦ થી ૧૧૩૦ આચાર્ય મલધારી હેમચંદ્ર તથા દેવેન્દ્ર સૂરિ અને મલયગિરિ આચાર્ય ટીકાકાર થયા.
(૧૩) વિ. સં. ૧૨૦૦-૧૩૦૦માં કલ્પસૂત્રની રચના થઈ.
(૧૪) વિ. સં. ૧૩૦૦-૧૪૦૦માં કલ્પાંતર વાચ્યોની રચના(કલ્પસૂત્રની ટીકાઓ) થઈ.
(૧૫) વિ. સં. ૧૨૦૦-૧૪૦૦ પટ્ટાવલીઓ વગેરે ઈતિહાસોની રચના થઈ.

શક સંવત તથા વિક્રમ સંવતમાં ૧૩૫ વર્ષનું અંતર હોય છે.
વીર સંવત અને વિક્રમ સંવતમાં ૪૭૦ વર્ષનું અંતર હોય છે.
વિ.સં. અને ઈ.સ.માં ૫૭(ગુજરાતી ૫૬) વર્ષનું અંતર હોય છે.

સિદ્ધસેન ગણિએ અકલંક દેવની તત્ત્વાર્થ વાર્તિકનો ખૂબ ઉપયોગ કર્યો છે અને અકલંક દેવે પ્રસિદ્ધ બૌદ્ધ દાર્શનિક ધર્મકિર્તીનું ખંડન કરેલ છે. સિદ્ધસેન ગણિના દાદાગુઢ સિંહસૂરિએ નયચક્ર ટીકામાં ધર્મકીર્તિનો કોઈ ઉલ્લેખ નથી કર્યો. પરંતુ વિશેષાવશ્યક ભાષ્યમાંથી ગાથાઓ ઉદ્ધૃત કરી. ભાષ્યકાર જિન ભદ્રગણિનો તથા ધર્મકીર્તિનો સમય નિશ્ચિત્ત છે અર્થાત્–

| | | |
|---|---|---|
| ૧ | ભાષ્યકારનો સમય | વિ. સં. ૬૫૦ નિશ્ચિત |
| ૨ | સિંહસૂરિનો | વિ. સં. ૬૭૫ અનુમાનિત |
| ૩ | ધર્મકિર્તીનો | વિ. સં. ૬૮૨-૭૦૭ નિશ્ચિત |
| ૪ | અકલંક દેવનો | વિ. સં. ૭૫૦ અનુમાનિત |
| ૫ | હરિભદ્રસૂરિનો | વિ. સં. ૭૫૭ થી ૮૨૭ નિશ્ચિત |
| ૬ | સિદ્ધસેન ગણિનો | વિ. સં. ૭૭૫ થી ૮૬૦ અનુમાનિત |

૭ હરિભદ્રસૂરિએ તત્ત્વાર્થ ભાષ્યની ટીકામાં સિદ્ધસેનની ટીકાનું અનુસરણ કર્યું છે.

**નોંધ :–** આ બધા વર્ણનોની વિગત જાણવા માટે બૃહત્કલ્પ ભાષ્ય ભાગ–૬ની પ્રસ્તાવના અને જૈન સાહિત્યનો ઈતિહાસ (લે. પંડિત કૈલાશચંદ્રજી શાસ્ત્રી) જોઈ લેવું જોઈએ.

(૧૫) સંપૂર્ણ કલ્પસૂત્રના રૂપમાં દશાશ્રુતસ્કંધ સૂત્રનું આઠમું અધ્યયન હોવાના પ્રચારમાં નિમ્ન સ્થળ, સંદેહ ઉત્પન્ન કરનારા છે તથા તેને અસત્ય સિદ્ધ કરે છે– (૧) કોઈ પણ આગમમાં **સંવત માન્યતા ભેદ** અનાવશ્યક તથા અનુપયુક્ત હોય છે. આ ચર્ચાનો છેદ સૂત્ર સાથે કોઈ સંબંધ હોવાનું જણાતું નથી (૨)



સ્થવિરાવલીગત વંદન સ્તુતિ વગેરે વર્ણનોને આંખો મીચીને ભદ્રબાહુના માની લેવા, અંધશ્રદ્ધાથી જ થઈ શકે (૩) સમાચારીની રચના શૈલી તથા વિષય વર્ણન ચૌદપૂર્વી ભદ્રબાહુસ્વામી દ્વારા રચાયેલાં પાઠો તથા અન્ય આગમોથી વિઢદ્ધ અને અસંગત જણાય છે (૪) ઉપસંહાર વાક્યની રચના અને ભાવાર્થ પણ ભક્તિ કે સ્વાર્થના અતિરેકથી યુક્ત છે અને હાસ્યાસ્પદ જણાય છે.

(૧૬) કલ્પસૂત્ર માટે શ્રદ્ધા કે પ્રચાર ગમે તેટલો હોય પરંતુ ૭૨-૪૫-૩૨ કે ૮૪ આગમોની પ્રચલિત સંખ્યામાં ક્યાંય પણ તેનું સ્વતંત્ર નામ નથી. નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિઓ, ટીકા વગેરે મલયગિરિ આચાર્ય સુધીના કોઈ પણ વ્યાખ્યાગ્રંથમાં આ સૂત્રનું નામોનિશાન નથી.

(૧૭) આચાર્ય રામચંદ્રસૂરિના વિદ્વાન સંતો પણ એને પૂર્ણ શુદ્ધ તથા ૧૨૦૦ શ્લોક પ્રમાણ ભદ્રબાહુનું રચેલું નથી, એવું સ્વીકારે છે અને અન્ય કૃત ચૂલિકાઓ પરિશિષ્ટ અને હસ્તપ્રતની બાજુની ટિપ્પણીઓ ભળવાથી અશુદ્ધ અને વિકૃત થયાનું પણ સ્વીકારે છે.

કોઈપણ દેરાવાસી વિદ્વાન સંત ૧૩મી શતાબ્દીની પૂર્વનું એવું કોઈ પ્રમાણ ગોતીને બતાવવાનો પ્રયત્ન કરે કે જેમાં આ પર્યુષણા કલ્પસૂત્રના ૧૨૦૦ શ્લોક જેટલાનું નામ સહિત સ્વતંત્ર અસ્તિત્ત્વ સિદ્ધ થાય !

(૧૮) આ નવીન નામધારી કલ્પસૂત્રને વ્યવસ્થિત કરનારા આચાર્યે દશાશ્રુત-સ્કંધ સૂત્ર આઠમા અધ્યયનના નામે પ્રસિદ્ધ કરવા તેની મૌલિક રચના નહોતી કરી, પરંતુ પાછળથી તેને સ્વતંત્ર સૂત્ર રૂપે છદ્મસ્થિક દોષથી આઠમી દશાના નામથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જ કારણે આઠમી દશાના મૂળ પાઠમાં હસ્તક્ષેપ કરવામાં આવેલ છે, એટલું સુનિશ્ચિત છે.

આનું કારણ એ છે કે આ સૂત્રના સંકલનમાં શરૂઆતમાં તીર્થંકર વર્ણન છે જ્યારે આઠમી દશામાં અને તેની નિર્યુક્તિ ચૂર્ણિમાં પ્રારંભથી 'પર્યુષણા'ની વ્યાખ્યા છે.

(૧૯) આજે દશાશ્રુતસ્કંધ સૂત્રની આઠમી દશામાં જે સંક્ષિપ્ત પાઠ પ્રાયઃ પ્રતિઓમાં ઉપલબ્ધ છે, દશાશ્રુત સ્કંધ ચૂર્ણિ (શ્રી ચંપક સાગર દ્વારા સંપાદિત)માં પણ તે જ સંક્ષિપ્ત પાઠ ઉપલબ્ધ છે. પરંતુ આ સંક્ષિપ્ત પાઠ દશાશ્રુતસ્કંધની નિર્યુક્તિ ચૂર્ણિનું અનુકરણ કરનારો નથી પણ સ્વતંત્ર બન્યા પછીના પ્રસિદ્ધ કલ્પસૂત્રનું અનુકરણ કરનારો પાઠ છે. આ દોષ સૂત્રકાર કે લિપિ પ્રારંભ કાળનો નથી પરંતુ વચ્ચેના કાળમાં જે અશુદ્ધ આગમ હસ્તક્ષેપ થયેલ, તેના ફળ સ્વરૂપ છે.

આઠમી દશામાં ઉપલબ્ધ તે સંક્ષિપ્ત મૂળ પાઠમાં **તેણં કાલેણં તેણં સમએણં** (પાંચ હસ્તુત્તર કહીને) **જાવ ભુજ્જો ઉવદંસેઇ** એવો સંક્ષિપ્ત પાઠ છે

જેની નિર્યુક્તિ તથા ચૂર્ણિથી જ તેની અપ્રમાણિકતા સ્પષ્ટ થાય છે. નિર્યુક્તિકાર ૧૦૦૦-૧૧૦૦ શ્લોક પ્રમાણ સૂત્ર પાઠને છોડીને આગળના પાઠથી નિર્યુક્તિ કરે અને તેની ચૂર્ણિ કરનારા આચાર્ય પણ તેની જ પ્રારંભિક રૂપથી વ્યાખ્યા કરે અને કોઈ સ્પષ્ટીકરણ ન કરે કે અમે અમુક સૂત્ર છોડીને આગળથી નિર્યુક્તિ ચૂર્ણિ એ કારણોથી કરીએ છીએ વગેરે. ટૂંકમાં આઠમી દશામાં ઉપલબ્ધ સંક્ષિપ્ત પ્રારંભ અને અંત બંને જ અશુદ્ધ માનસથી ચલાવેલ પાઠ છે, મૌલિક નથી.

(૨૦) ગણધર તથા ભદ્રબાહુસ્વામીના અન્ય સૂત્રો પણ ઉપલબ્ધ છે, તેમાં કોઈ પણ વચ્ચેના અધ્યયનોમાં નવકારમંત્રનો પ્રયોગ નથી. તે એટલે સુધી કે ત્રણ છેદ સૂત્રોમાં તો કોઈ મંગલપાઠનું નામ પણ નથી. તો આ નવકારમંત્ર યુક્ત નવીન પ્રસિદ્ધ સૂત્રને શ્રી ભદ્રબાહુસ્વામીના નામે અક્ષરશઃ ૧૨૦૦ શ્લોક પ્રમાણ પ્રસિદ્ધ કરવું શું ઉચિત કહી શકાય ? અને આ પૂર્ણતઃ મિશ્રિત સૂત્રનું ભગવાન દ્વારા પરિષદમાં અનેકો વખત અર્થસહિત, વિસ્તારપૂર્વક વાંચન કરવાનું કથન, ઉપસંહાર વાક્યથી સમજવું એ હાસ્યાસ્પદ અને મૂર્ખતા ભરેલું છે.

(૨૧) નિર્યુક્તિ ગાથા ૬૨માં જે સંકેત કરવામાં આવ્યો છે, તે સંદિગ્ધ પણ છે, વિચારણીય પણ છે. તે ગાથામાં મંગલ નિમિત્ત પણ કહ્યું છે. વિચારવાની બાબત એ છે કે પ્રારંભની ૬૧ ગાથામાં તથા તેના આધારભૂત મૂળપાઠમાં કોઈપણ મંગલ કહ્યા વગર જ વર્ણન કર્યું છે. મંગલની પ્રથાવાળા આદિ મંગલ તો અવશ્ય કરે છે, મધ્ય કે અંત મંગલમાં ભજના કે નાસ્તિ હોય છે. પરંતુ આ અધ્યયન માટે નિર્યુક્તિમાં આદિ મંગલ વિના મધ્ય મંગલ કેમ ?

વાસ્તવમાં આ દશાના મૌલિક વિષયની વ્યાખ્યા ૬૧ ગાથા સુધી પ્રાયઃ પૂર્ણ થઈ જાય છે અને પછીની બાસઠમી ગાથાની ચૂર્ણિમાં 'સ્થવિર ગણધર' એવો વિકલ્પ પાઠ સ્વીકાર કરવામાં આવ્યો છે.(જુઓ પુણ્યવિજયજી કૃત કલ્પસૂત્ર ચૂર્ણિ) મૂળપાઠના સંક્ષિપ્ત પાઠમાં પણ જ્યારે નિર્યુક્તિ વ્યાખ્યાથી વિપરીત ઘડીને રાખવામાં આવી છે તો તેની સામે ૬૨ થી ૬૭ સુધીની પાંચ નિર્યુક્તિ ગાથાને ઘડીને રાખવી એ કોઈ અસંભવ વાત નથી.

(૨૨) ભગવાનના મુખથી વારંવાર કહેવામાં આવેલ અધ્યયનમાં, તેમના હજાર વર્ષ પછીના સાધુઓના વંદનના પાઠને જોડી, તે ભગવાને કે ભદ્રબાહુએ રચેલું અધ્યયન છે, તેવી અસત્ય પ્રરૂપણાના નગારા વગાડી, તેનો પ્રચાર કરી દૈનિક સમાચારોમાં છપાવી, લોકોને ભ્રમિત કરવા; તે ઘણું જઘન્ય કૃત્ય છે. જો અજાણતાં આવું બન્યું હોય તો તે ક્ષમ્ય છે.

બાકી કોઈ પણ મૌલિક સૂત્રમાં તીર્થંકર, ગણધર આદિનું વર્ણન હશે અને ત્યાંથી તે કલ્પસૂત્રમાં સમાવીને વિશેષ વૃદ્ધિ પામેલું હોય તો પણ મૌલિક તો એટલું જ સમજવું જોઈએ કે....**जाव गणधरा सावच्चा निरवच्चा वोच्छिण्णा ।**



આટલાને જ આગમિક મૌલિક તીર્થંકર થેરાવલી કે ગણધરાવલી માની શકાય. જેનો સંકેત સમવાયાંગ અને પુણ્યવિજયજી સંપાદિત આ અધ્યયનની ૬૨મી નિર્યુક્તિ ગાથાની ચૂર્ણિથી સ્પષ્ટ થાય છે.

(૨૩) દેવર્દ્ધિગણિએ પોતે સૂત્રમાં ખુદને વંદન કર્યા હોય એ શક્ય નથી, એટલે તે અન્યની કૃતિ છે તેવું માની શકાય. 'દેવર્દ્ધિગણિએ સુધારો-વધારો કરીને સ્થવિરાવલીનું અંતિમરૂપ રચ્યું' આ કથન પણ વ્યર્થ કલ્પના કરવા જેવું છે ! દેવર્દ્ધિગણિ અને દેવવાચક એક જ વ્યક્તિ છે, તેવું પૂર્વાચાર્યોનું માનવાનું હતું. ન માનવામાં આવે, તો પણ એ બંને સમકાલીન હતાં તેમ કહી શકાય. દેવર્દ્ધિગણિ વીર નિર્વાણ ૯૮૦ તથા ૯૯૩ ના મધ્યમાં થયા અને તેમણે આગમ લેખન કાર્ય શરૂ કરાવ્યું દેવવાચક પણ નંદીસૂત્રમાં સ્કંદિલાચાર્યના પછી ૬ મહાપુરુષોને વંદન ગુણગ્રામ કરીને, દૂષ્યગણિનું કીર્તન કરે છે. ઈતિહાસ તથા કાળગણનાથી દૂષ્યગણિને વંદન કરનારા એ સમયના જ સંભવે છે એટલે નંદીસૂત્ર રચનાકાળ અને આગમ લેખન કાળ લગભગ સમકાલીન જણાય છે.

દેવર્દ્ધિગણિ, ભદ્રબાહુ રચિત આઠમી દશામાં આવું મિશ્રણ શું કામ કરે? સ્વતંત્ર પર્યુષણા કલ્પસૂત્ર બનાવેલ હોત તો ૮૪ આગમમાં, ત્રણ કલ્પસૂત્રની જગ્યાએ ચોથું પર્યૂષણા કલ્પસૂત્રનું નામ પણ સામેલ હોત.

વળી પોતાને પોતે કેમ વંદે ? માટે આ કલ્પ સૂત્રને દેવર્દ્ધિગણિ સુધી ખેંચીને તેમાં સુધારા-વધારા કરવાની બાબતોમાં કલ્પના અને પરંપરા વિગેરેની વાતો મહત્વ- પૂર્ણ નથી પરંતુ વ્યર્થ જ વિચાર દષ્ટિ છે. જે ઉપરોક્ત ચર્ચાઓથી સ્પષ્ટ થાય છે.

(૨૪) આ ઈતિહાસ સંગ્રહ કરનારાઓએ નંદીસૂત્રની યુગ-પ્રધાનાવલી તથા કલ્પ સૂત્રની સ્થવિરાવલીની પછી શ્રી ધર્મઘોષસૂરિકૃત સ્તોત્રગત પટ્ટાવલીને ત્રીજા સ્થાને લઈ તેની રચના તેરમી શતાબ્દીની ગણાવી છે. 'કહાવલી' ગ્રંથની પટ્ટાવલીને ત્રીજા નંબરના સ્થાને લીધી નથી એટલે તે 'કહાવલી'નું સ્થાન કદાચ ચોથું હોઈ શકે. તેથી તે પટ્ટાવલી તેરમી શતાબ્દી પછીની અર્થાત્ ૧૪મી શતાબ્દીની રચના હોઈ શકે.

(૧) કલ્પસૂત્રની (૨) નંદીસૂત્રની (૩) સ્તોત્રગત પટ્ટાવલી (૪) કહાવલીગત પટ્ટાવલીઓ વગેરે ઈતિહાસ ચિંતકોની કલ્પના છે. વાસ્તવમાં પ્રથમ ક્રમ સ્તોત્રગત, દ્વિતીય ક્રમમાં કહાવલીગત પટ્ટાવલી તથા ત્રીજા ક્રમમાં કલ્પસૂત્ર ગત સમજવું.

(૨૫) **પુણ્યવિજયજીએ બૃહત્કલ્પ ભાષ્ય ભાગ–૬ની** પ્રસ્તાવનામાં પ્રમાણ ચિંતન સહિત સ્પષ્ટ નિર્ણય આપેલ છે. જે તેના ઊંડા અધ્યયન, ચિંતન-મનનનું પરિણામ છે. તે પ્રસ્તાવનાના પ્રકાશનની પૂર્વે કોઈના નિરીક્ષણ તથા ઉપાલંભના કંઈક પ્રમાણ તર્ક કે બુદ્ધિ પ્રભાવથી તે છટ્ઠા ભાગમાં જ **'આમુખ'** લખ્યું છે, જે

વિચારણાની કસોટી પર ખરૂં ઉતરતું નથી. તેમજ ત્યારપછીની તેમની સંપાદન-વાળી દશવૈકાલિક ચૂર્ણિની પ્રસ્તાવનાથી તે ખંડિત થઈ જાય છે. દશવૈકાલિક પ્રસ્તાવનાના લેખક સ્વયં શ્રી દલસુખભાઈ માલવણિયાજીએ પ્રમાણ ચર્ચા સહિત મને એલ. ડી. ભારતીય વિદ્યા મંદિર અમદાવાદમાં સમજાવ્યું કે આ અગસ્ત્ય ચૂર્ણિ ભાષ્યોની પછીની રચના છે. પુણ્યવિજયજીને તે કંઈ દેવર્દ્ધિગણિ પૂર્વે બન્યાનો ભ્રમ થયેલ, પરંતુ એ વધારે ચિંતનમાં નહોતા ઉતર્યા, નહીં તો તેમના ધ્યાનમાં આવી શક્યું હોત કે અમુક બાજુની વિચારસરણી માત્રથી તેને તે કાળમાં ન લઈ જઈ શકાય. નિર્યુક્તિઓ દ્વિતીય ભદ્રબાહુની હોવી, દેવર્દ્ધિગણિ પછીની હોવી, વિક્રમ સંવત ૫૫૦ વર્ષ પછી તેમજ વીર નિર્વાણ ૧૦૦૦ વર્ષ પછી હોવાનો તેમનો આશય પ્રસ્તાવનામાં સપ્રમાણ ચર્ચિત છે.

તે બૃહત્કલ્પ ભાષ્યના છટ્ઠા ભાગના 'આમુખ'માં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના વિશેષાવશ્યક ભાષ્યની સ્વોપજ્ઞ ટીકાના પ્રમાણને નિરસ્ત કરતાં શ્રી દલસુખ માલવણિયાએ સપ્રમાણ સમજાવ્યું કે આ ટીકા, પછીના વ્યાખ્યાકાર કોટ્યાચાર્યની છે. જિનભદ્રગણિની સ્વોપજ્ઞ ટીકા પણ છે, પરંતુ તે અધૂરી છે, જે કોટ્યાચાર્યે પૂર્ણ કરી છે. કોટ્યાચાર્યની ટીકાની અંતર્ગત તે પુણ્યવિજયજીના 'આમુખ'નું કથન છે. વાસ્તવમાં બીજાની પ્રેરણા તથા ઉતાવળમાં તેમણે 'આમુખ' લખ્યું હોવાથી, આ ભૂલ થઈ છે. ખરૂં ચિંતન તો તેમની બૃહત્કલ્પ સૂત્રની પ્રસ્તાવનામાં સ્પષ્ટ છે. અર્થાત્ નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય, વ્યાખ્યાઓ સંબંધી આ ઐતિહાસિક નોંધ ચિંતન, નિર્ણય, મૂર્તિપૂજક પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્ય વિજયજી મ.સા. વ. પં. દલસુખ માલવણિયાના અનુભવથી સમ્મત છે. આ બંને વ્યક્તિ સમકાલીન સાથી આગમ સંપાદન કર્તા થયા છે.

(૨૬)દશાશ્રુત સ્કંધની નિર્યુક્તિમાં પ્રથમ ગાથામાં જે પ્રાચીન ભદ્રબાહુને વંદન કરેલ છે તેને પણ મુનિ શ્રી પુણ્યવિજયજીએ સારી રીતે સમજાવ્યું છે કે ચૂર્ણિકારે આ ગાથાને નિર્યુક્તિકારની જ છે, તેમ માન્યું છે અને તેમણે સૂત્રકર્તા ભદ્રબાહુને વંદન કરેલ છે, તેમ બતાવ્યું છે. તેઓને એવો સ્હેજે વિચાર પણ નહીં આવ્યો હોય કે નિર્યુક્તિ ગાથામાં ભદ્રબાહુને વંદન કેમ કર્યા છે ? એટલે કે ચૂર્ણિકર્તાના સમય સુધી તો ૧૪ પૂર્વી ભદ્રબાહુએ નિર્યુક્તિ રચી હોય તેવું વાતાવરણ નહોતું. ત્યારે તેમણે કોઈપણ ખચકાટ વિના કહેલ કે નિર્યુક્તિ કર્તા, સૂત્ર કર્તા ભદ્રબાહુને આદિ મંગલરૂપે વંદન કરે છે. પુણ્યવિજયજી મ. સાહેબે એમ પણ કહ્યું છે કે ચૂર્ણિની વ્યાખ્યા થવાથી કોઈ એવી કલ્પના ન કરી શકે કે આ તો પાછળની પ્રક્ષિપ્ત કે ભાષ્ય ગાથા છે. આમ છતાં પણ કોઈ પોતાનો આગ્રહ પોષવા માટે કોઈ પણ કલ્પનાઓ કરતા રહે અને કલ્પનાઓ રહિત મૂળ શુદ્ધ તત્ત્વને દુરાગ્રહના કારણે સ્વીકાર ન કરે બલ્કે અન્વેષણ તટસ્થ વિચારને અવિ✓ાસપૂર્ણ મસ્તકવાળાનું માને અને આત્મ વંચના કરે તો તેનો કોઈ ઉપાય નથી.



(૨૭) હિમવંત થેરાવલી કે કલ્પ થેરાવલીને નંદીસૂત્ર પૂર્વેની રચના કહેવાથી કાંઈ સિદ્ધ થતું નથી. કલ્પસૂત્ર સંબંધી તર્કોના ઉત્તર દેવા આવશ્યક છે. અન્યથા જે સૂત્રનું સ્વતંત્ર અસ્તિત્ત્વ અને નામકરણ જ ન હોય તેને પ્રાચીન પ્રમાણ કોટીમાં કેવી રીતે ગણિ શકાય ? પ્રકાંડ ઈતિહાસ વેત્તાઓએ પણ હિમવંત થેરાવલીને નંદી સૂત્રની પહેલાની નથી ગણાવી જે **પટ્ટાવલી પરાગ** વગેરે ગ્રંથોમાંથી જાણી શકાય છે.

(૨૮) શિલાલેખો તથા ખોદકામના પ્રમાણો અને તે અંગેના નિર્ણયો પણ ભ્રામક છે. દેવર્દ્ધિગણિ પછી પ્રતિસ્પર્ધી જૈન કે જૈનેત્તર સાધુઓ, રાજાઓ વગેરેના સંસ્કારો નકલો અને કરામતોનું એ પરિણામ છે. એટલે શિલાલેખોના પ્રાચીનપણાની કલ્પના તથા ખોદકામ વિશેના સમયની ખરી કલ્પના પણ ધૂંધળી ભાસે છે.

(૨૯) દેવર્દ્ધિગણિની પૂર્વે થયેલી વાચનાઓનું તાત્પર્ય મૌખિક વાચનાને સંગ્રહિત કરી વ્યવસ્થિત ચલાવવા પૂરતું હોય તેમ સમજવું જોઈએ. દેવર્ધિગણીથી '૧૫૦ વર્ષ પહેલાં સ્કંદિલાચાર્યે સમસ્ત પંચાંગી સહિત આગમ લખાવીને સુરક્ષિત કર્યા.' આ કથન ઘણાં કાળ પછીની અસંગત કલ્પના માત્ર છે. કેમ કે તેમાં તર્ક એમ પણ થઈ શકે કે એવી કઈ સુરક્ષા હતી જે ૧૫૦ વર્ષમાં વિલુપ્ત અને પૂર્ણ લુપ્ત થઈ ગઈ. જ્યારે દેવર્દ્ધિગણિ દ્વારા કરાયેલ સુરક્ષા આજે ૧૫૦૦ વર્ષ સુધી ચાલી છે અને કુલ ૨૦,૦૦૦ વર્ષ સુધી પણ ચાલશે.

જો સ્કંદિલાચાર્યના સમયમાં પંચાગી(મૂળ, નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, ચૂર્ણિ)ની રચના અને તેની સુરક્ષા થઈ ગઈ હોય તો તેનો અર્થ એટલો જ કે તે વ્યાખ્યાઓના રચનાકર્તા ત્રણ પૂર્વથી વધારે જ્ઞાની હતા એ નક્કી છે. તો પછી તેમની લિપિબદ્ધ રચના તેમના નામથી મૌખિક કે લેખિત શું ૧૫૦ વર્ષ સુધી પણ નહીં ચાલી હોય ? નંદીસૂત્ર કર્તા દૂષ્યગણિના શિષ્ય એક પૂર્વધરની રચનાનો શ્રુત જ્ઞાન વર્ણનમાં કે ગ્રંથ અથવા આગમમાં નામ સાથે નિર્દેશ કરે તો ૧૪ પૂર્વીથી લઈને ત્રણ પૂર્વધારીના વ્યાખ્યા ગ્રંથોનો સ્વતંત્ર રૂપે કે પંચાંગી રૂપમાં નામનો ઉલ્લેખ માત્ર પણ નંદીમાં ન કરે તે અસંભવ લાગે છે. એટલે એ પાછળથી શરૂ કરાયેલ ભ્રમિત ધારણા માત્ર છે. કેટલીક નામ સામ્યથી અને કેટલીક અન્ય બીજા વિચારોથી ચલાવેલી પરંપરાઓ છે. વાસ્તવમાં એટલું તો સ્પષ્ટ થઈ જાય છે કે દેવર્દ્ધિગણિ ના સમયે આગમ લિપિબદ્ધ થયાં, તે પહેલાં અર્થ અને પરમાર્થ ફક્ત મૌખિક ગુઢ પરંપરાથી ચાલતા રહ્યા હતા અને જ્યારે આગમ લિપિબદ્ધ થયાં ત્યારે સર્વ પ્રથમ આચાર શાસ્ત્રોની નિર્યુક્તિ, ભાષ્ય, પછી ચૂર્ણિ વગેરે લેખિત તૈયાર થયાં. ત્યારબાદ અન્ય સૂત્રોની ટીકાઓ અને ભાષ્યોની ટીકાઓ હરિભદ્ર સૂરિ, શીલાંકાચાર્ય, અભયદેવસૂરિ તથા મલયગિરિ આચાર્ય દ્વારા કરવામાં આવી. કેટલાકે સંકલ્પ, સહયોગ અથવા પ્રારંભ માત્ર કર્યો. કેટલાકની

ટીકા પ્રસિદ્ધિ પ્રચારમાં આવ્યા વિના જ લુપ્ત થઈ. પ્રસિદ્ધ પર્યુષણા- કલ્પસૂત્ર પર વિદ્વાનોની કૃપા દૃષ્ટિ મલયગિરિ આચાર્યના પછી થઈ. જ્યારે દશાશ્રુત સ્કંધની નિર્યુક્તિપરક ચૂર્ણિ મૌલિક છે અને તેમાં સ્વતંત્ર પદ વ્યાખ્યા ચૂર્ણિ અન્ય કર્તૃક પ્રક્ષિપ્ત થઈ છે. જેનો ભેદ પણ ચૂર્ણિમાં સ્પષ્ટ જણાય છે.

(૩૦) ધ્રુવસેન નામે ત્રણ રાજા થઈ ગયા, તેવું વર્ણન મળે છે– **પ્રથમ :** (૧) ગુપ્ત સંવત ૨૦૦ થી ૨૩૦ માં, વીર નિર્વાણ સંવત ૧૦૪૬ થી ૧૦૭૬માં, વિક્રમ સંવત ૫૭૬ થી ૬૦૬માં. **દ્વિતીય :** (૨) વિક્રમ સંવત ૬૪૮ થી ૬૯૯ માં, વીર નિર્વાણ ૧૧૫૪થી ૧૧૫૯માં. **તૃતીય :** (૩) વિક્રમ સંવત ૭૦૭ થી ૭૧૧ માં, વીર નિર્વાણ ૧૧૭૭ થી ૧૧૮૧માં.

ધ્રુવસેન રાજાના પુત્રનું મૃત્યુ વિક્રમ સંવત ૫૮૪માં, શાસ્ત્રલેખન વિક્રમ સંવત ૫૧૦ થી ૫૨૩ ની વચ્ચેના સમયમાં.

(૩૧) ગુપ્ત સંવત, વલભી સંવત, મૈત્રક સંવત આ ત્રણેય એક જ પર્યાય છે.

(૩૨) આજ કાલનું પર્યુષણાકલ્પ સૂત્ર બારસો શ્લોકો કરતાં પણ વધારે પરિમાણ-વાળું છે પરંતુ આ પરિમાણ મૌલિક નથી. વર્તમાનમાં જે અંતિમ અધિકાર સમાચારી રૂપ છે, તેટલો પર્યુષણા કલ્પ હતો, જેનો સ્વાધ્યાય શ્રમણ વર્ગ કાલ ગ્રહણ પૂર્વક રાત્રિના સમયે કરતાં હતાં. તેની એ સમયે નવ વાચનાઓ (વ્યાખ્યાનો) હતી તેમજ એ ચતુર્વિધ સંઘની સભાઓમાં ખુલ્લેઆમ વંચાતું ન હતું !' આમ મૂર્તિપૂજક શ્રી કલ્યાણવિજયજી મ.સા. લખે છે.

(૩૩) **'પ્રબંધ પારિજાત' પૃષ્ટ- ૧૫૨**–સંદેહ વિષૌષધિ નામનું કલ્પ પંજિકા (કલ્પસૂત્ર ટીકા) છે, જેમાં પોતાનું મંગલાચરણ કર્યા પછી ટીકાકારે લખ્યું છે કે– 'પર્યુષણા કલ્પની કોઈક બે પ્રતોમાં મંગલાર્થ પંચ નમસ્કાર કરેલ દૃષ્ટિગોચર થાય છે **केषुचिदादर्शेषु** આ શબ્દોથી એટલું પ્રતીત થાય છે કે પંચ નમસ્કાર પ્રારંભમાં નહોતાં પરંતુ પાછળથી પ્રક્ષિપ્ત કરીને ઉમેરાયેલ છે.

(૩૪) અઠ્યાસી ગ્રહોમાં ભસ્મરાશિ નામનો ત્રીસમો ગ્રહ છે, જે ભગવાનના જન્મ નક્ષત્ર પર હતો. તેની સ્થિતિ બે હજાર વર્ષની હોય છે. આવું વર્ણન કલ્પસૂત્રના મૂળ પાઠમાં છે. આ ગ્રહ દશાના કારણે મૂર્તિપૂજા અને યતિઓમાં શિથિલાચાર પ્રસર્યો અને એ ગ્રહદશા સમાપ્ત થયા પછી જ સ્થાનકવાસી ધર્મ પ્રગટયો.

(૩૫) **तित्थोगालीय पइण्णा** અમે સુપેરે વાંચ્યું છે. તેમાં આ ગાથાનું નામોનિશાન પણ નથી. વાસ્તવમાં પૂર્ણમિક આંચલિક આદિ નૂતન (મૂર્તિપૂજક) ગચ્છ પ્રવર્તકોએ આ પ્રકારની અનેક નવીન ગાથાઓ બનાવીને **तित्थोगालीय पइण्णा** મહાનિશીથ વગેરે ગ્રંથોમાં પ્રક્ષિપ્ત કરેલી છે. એવા જ કોઈ પ્રકારનું પુસ્તક જિનપ્રભસૂરિના હાથમાં આવ્યું અને તેને પ્રમાણિક માની લેવાયું, જે



તેમણે ઠીક નહોતું કર્યું. એ ગાથાઓમાં સાંવત્સરિક, ચાતુર્માસિક તિથિના સંબંધનો વિષય છે. જિનપ્રભસૂરિ તપાગચ્છી વિદ્વાન હતાં.

(૩૬) જિનપ્રભસૂરિજીએ 'શુદ્ધ વિકટ' શબ્દનો અર્થ કાથા વિગેરેથી અચેત કરેલ જળ એમ કર્યો છે અને 'ઉષ્ણવિકટ' શબ્દનો અર્થ ઉષ્ણ જળ કર્યો છે.

(૩૭) 'પ્રબંધ પારિજાત' પૃ. ૧૫૬માં ટીકા કરી છે. જેમાં ધોવણ પાણીના અર્થ જણાવ્યાં છે. તેમાં અંતમાં લખ્યું છે કે અઠ્ઠમથી વધારે તપસ્યાવાળાના શરીરમાં પ્રાયઃ દેવતા નિવાસ કરે છે એટલે તેમણે શુદ્ધ ગરમ પાણી જ પીવું જોઈએ. અર્થાત્ અઠ્ઠમ સુધીની કે તેથી ઓછી તપસ્યામાં ધોવણ પાણી પી શકાય.

(૩૮) ચાર વખત ઉપાશ્રય પ્રમાર્જન– **૧.** સવારના પ્રતિલેખના પછી **૨.** આહાર કરતાં પહેલાં **૩.** આહાર કર્યા પછી **૪.** ચોથા પ્રહરના અંતમાં.

(૩૯) પન્યાસ સંઘવિજયજીએ કલ્પસૂત્ર પ્રદીપિકાવૃત્તિમાં શુદ્ધોદકનો અર્થ ગરમ પાણી કે વર્ણાંતરાદિ પ્રાપ્ત શુદ્ધ જળ એમ કર્યો છે અને ઉષ્ણ વિકટનો અર્થ ઉષ્ણ જળ એમ કર્યો છે.

(૪૦) 'પ્રબંધ પારિજાત' પૃ. ૧૬૦માં પાદપ્રોંછનનો અર્થ રજોહરણ કરવાનું ખંડન કર્યું છે. કેમ કે ઉપાશ્રય બહાર જાતા શ્રમણે પોતાના ઉપકરણ ગૃહસ્થને સંભાળવા-સાચવવા માટેની સૂચનામાં પાદપ્રોંછનનું નામ છે. રજોહરણ તો સદા સાથે રાખવાનું હોય છે, જે સાધુની પાસે એક જ હોય છે. તેને છોડીને બહાર જવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી પરંતુ પાદપ્રોંછન નાનકડો એક હાથ પ્રમાણ વસ્ત્રનો ટુકડો હોય છે. તેને રજોહરણ માનવામાં અવિચારકતા છે.

(૪૧) 'પ્રબંધ પારિજાત' પૃ. ૧૮૧ પંક્તિ પાંચમાંથી–'સ્કંદિલાચાર્યે બધા સૂત્રો તથા નિર્યુક્તિ વગેરે આગમોના વ્યાખ્યાંગ લખાવીને સિદ્ધાંતની રક્ષા કરી. નાગાર્જુન વાચકે નષ્ટાવશેષ તમામ આગમોને પંચાગી સહિત લખાવડાવીને સુરક્ષિત કર્યા હતા.'

તો પછી તે સુરક્ષિત વ્યાખ્યાંગ દેવર્દ્ધિગણિ સુધી પણ ન રહ્યાં ! તેમના દ્વારા નંદીસૂત્રોક્ત શ્રુતજ્ઞાનમાં તેનો ઉલ્લેખ પણ નથી. આજદિન સુધી તેની કોઈ સાબિતી પણ ઉપલબ્ધ નથી. કોઈએ તે જોયેલ કે વાંચેલ પણ નથી. તો એ કેવી સુરક્ષા થઈ ? અને કયા કયા રચયિતાની તે પંચાગી નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા વગેરે હતી ? કોઈ ખુલાસો મળતો નથી. એટલે તે બાબત ૧૪મી શતાબ્દીની માત્ર કલ્પના લાગે છે. જેમાં સત્ય તત્ત્વનો સદંતર અભાવ છે.

(૪૨) સુવિહિત શ્રમણો દ્વારા સભામાં વાંચન માન્ય થયા બાદ ધીમે ધીમે તેરમી-ચૌદમી શતાબ્દીથી કલ્પાંતર્વાચ્ય(કલ્પસૂત્ર વ્યાખ્યા)ની સૃષ્ટિ થઈ.

(૪૩) વરાહ મિહિરે વિ. સં. ૫૬૨માં પંચસિદ્ધાંતિકા ગ્રંથ રચ્યો, તેની પ્રશસ્તિમાં શક સંવત ૪૨૨ લખ્યું છે. જેમાં ૧૪૦ ઉમેરતા વિક્રમ સંવત થાય છે.

(૪૪) **तित्थोगालिय पइण्णा,** આવશ્યક ચૂર્ણિ, આવશ્યક હરિભદ્રીય ટીકા તથા પરિશિષ્ટ પર્વ વગેરે પ્રાચીન ગ્રંથોમાં ભદ્રબાહુનું જીવન ચરિત્ર વર્ણિત છે. તેમાં ૧૨ વર્ષીય દુકાળ, નેપાળ દેશમાં રહેવાનું, મહાપ્રાણ ધ્યાનની આરાધના, સ્થૂલભદ્ર વગેરેને વાચના દેવાનું, છેદસૂત્રોની રચનાનું વર્ણન વગેરે હકીકતો આવે છે. પણ વરાહમિહિરના ભાઈ હોવાનો, નિર્યુક્તિઓ રચવાનો, ઉપસર્ગહર સ્તોત્ર, ભદ્રબાહુ સંહિતા વગેરે રચવાનો આદિ અંગે કશોય ઉલ્લેખ નથી. અર્થાત્ ઉક્ત પરિશિષ્ટ પર્વ આદિની રચનાના સમય સુધી નિર્યુક્તિકાર તરીકે દ્વિતીય ભદ્રબાહુ-સ્વામીની માન્યતા હતી પરંતુ પ્રથમ ભદ્રબાહુના માટે તેઓ નિર્યુક્તિકાર હતા કે વરાહ- મિહિરના ભાઈ હતા એવી કોઈ સ્પષ્ટ માન્યતા ન હતી– *'પ્રબંધ પારિજાત'*

(૪૫) કેટલાક વિદ્વાનો ચૌદપૂર્વી ભદ્રબાહુને જ વરાહમિહિરના ભાઈ, સહોદર હતા, તેમ માને છે; સાથે જ છેદ સૂત્ર, નિર્યુક્તિ, સ્તોત્ર અને સંહિતાના પ્રણેતા પણ માને છે. પરંતુ આ કથન કોઈ રીતે સંગત નથી– *પુણ્યવિજયજી મ.સા*

(૪૬) સ્થવિર અગસ્ત્યસિંહની ચૂર્ણિમાં તત્ત્વાર્થ સૂત્ર, આવશ્યક નિર્યુક્તિ, ઓઘ- નિર્યુક્તિ, વ્યવહાર ભાષ્ય, કલ્પ(બૃહત્કલ્પ) વગેરે ગ્રંથોનો પણ ઉલ્લેખ છે. આ ચૂર્ણિમાં ભાષ્યની ગાથાઓ પણ ઉદ્ધૃત કરેલી છે.

(૪૭) ચૂર્ણિ સાહિત્યમાં જિનદાસ ગણિ મહત્તરનું મૂર્ધન્ય સ્થાન છે. તેમના વિદ્યાગુરુ હતા પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણ. જિનદાસ ગણિ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની પછી અને હરિભદ્રસૂરિની પહેલાં થયા હતા, સંભવતઃ વિ. સં. ૬૫૦ થી ૭૫૦ની વચ્ચે થયા હોઈ શકે. નંદીસૂત્ર ચૂર્ણિના ઉપસંહારમાં શકસંવત – ૫૯૮ આપેલ છે, જેના રચયિતા પણ જિનદાસ ગણિ જ હતા. તેમણે કેટલી ચૂર્ણિ રચી તે જ્ઞાત નથી પરંતુ હાલ ૭ ચૂર્ણિ મળે છે– **૧.** નિશીથ **૨.** નંદી **૩.** અનુયોગ દ્વાર **૪.** આવશ્યક **૫.** દશવૈકાલિક **૬.** ઉત્તરાધ્યયન **૭.** સૂયગડાંગ.

(૪૮) જીતકલ્પ ચૂર્ણિ કરનારા સિદ્ધસેન સૂરિ અને બૃહત્ક્ષેત્ર સમાસની ટીકા કરનારા ગંધહસ્તિ એક જ વ્યક્તિ છે એ તેનું અપરનામ હોય શકે છે.

(૪૯) જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો કાળ વિક્રમ સંવત ૬૫૦થી ૬૬૦ની આસપાસનો છે. તેમની કુલ ૯(નવ) રચનાઓ મળે છે– (૧) વિશેષાવશ્યક ભાષ્ય (૨) તેની ટીકા (૩) બૃહત્સંગ્રહણી (૪) બૃહત્ક્ષેત્ર સમાસ (૫) વિશેષણવતી (૬) જીતકલ્પ (૭) જીતકલ્પ ભાષ્ય (૮) અનુયોગ દ્વાર ચૂર્ણિ (૯) ધ્યાન શતક.

(૫૦) જીત કલ્પ ભાષ્યમાં– બૃ. ભાષ્ય, પંચ કલ્પ ભાષ્ય, પિંડનિર્યુક્તિ વગેરેની ગાથાઓ ઉદ્ધૃત કરેલી છે.

(૫૧) સંઘદાસગણિ-ભાષ્યકર્તા અને વસુહિંડીના કર્તા, એમ બે થઈ ગયા.



જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે (ભાષ્ય કર્તા), પોતાના વિશેષણવતી ગ્રંથમાં વસુદેવહિંડીની ગાથાઓનો ઉપયોગ કરેલ છે. તેમના નિશીથ ભાષ્યમાં બૃહત્કલ્પ ભાષ્ય, નંદી સૂત્ર, સિદ્ધસેન (ગંધહસ્તિ) અને ગોવિંદ વાચક વગેરેના નામનો ઉલ્લેખ આવેલ છે.

(૫૨) સાર એટલો જ છે કે બધા ભાષ્યકાર લગભગ દેવર્દ્ધિગણિ પછીના કાળ માં થયા છે, એટલે ચૂર્ણિઓ પણ એ પહેલાની હોય તેવી શક્યતા જણાતી નથી, ભલેને પછી તે અગસ્ત્યસિંહની ચૂર્ણિ કેમ ન હોય. તેમાં પણ ભાષ્યોનો ઉલ્લેખ આવે છે. એટલે(ચૂર્ણિ અંગે) વિક્રમની ત્રીજી શતાબ્દીના સમયની કલ્પના ઉતાવળ ભરી લાગે છે. અગસ્ત્યસિંહ સૂરિના ગુરુનું નામ ઋષિગુપ્ત પણ કહેલ છે. – *'પ્રબંધ પારિજાત' પૃ. ૪૯૦.*

(૫૩) વૃદ્ધવાદી, યક્ષસેન, દેવગુપ્ત, યશોવર્ધન ક્ષમાશ્રમણના શિષ્ય રવિગુપ્ત, નેમિચંદ્ર, જિનદાસગણિ ક્ષપક, સત્ય શ્રી પ્રમુખ શ્રુતધરો દ્વારા મહાનિશીથ સૂત્રનું સમર્થન કરાયેલ છે, તે સંદેહજનક લાગે છે. તે બધા શ્રુતધરો સમકાલીન નહોતા. વૃદ્ધવાદી અને સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરિ કરતાં ૩૦૦ વર્ષ પૂર્વે થયેલાં છે. કેટલાક નામો અપ્રસિદ્ધ છે. નેમિચંદ્રનો સમય ૧૧મી સદીના પૂર્વાર્દ્ધનો છે તો જિનદાસ ગણિ નિશીથ ચૂર્ણિકર્તા વિક્રમની આઠમી સદીના ઉત્તરાર્ધમાં થયા હતા.

(૫૪) મહાનિશીથનો હરિભદ્રસૂરિ દ્વારા ઉદ્ધાર કરવાનું પ્રમાણિત થઈ શકતું નથી કેમ કે આ સૂત્રની વચ્ચે હરિભદ્રનું નામ જે શ્રદ્ધા સાથે લીધું છે તેથી પણ સ્પષ્ટ થાય છે કે તેના કર્તા હરિભદ્ર સિવાયના કોઈ હતાં.

હરિભદ્રસૂરિના લગભગ ૬૦ ગ્રંથ વાંચ્યા છે પરંતુ તેમાં મહાનિશીથના ઉદ્ધારની વાત તો દૂર પણ તેના નામનો અછડતો નિર્દેશ પણ ક્યાંય જણાતો નથી. – ***મુનિ કલ્યાણવિજયજી.***

તેથી મહાનિશીથ સૂત્ર ઉધઈથી ખંડિત કરાયું અને આચાર્ય હરિભદ્ર સૂરિએ પાછળથી તેને અન્યાન્ય શાસ્ત્રોના પાઠો વડે વ્યવસ્થિત કર્યું. પછી સિદ્ધસેન વગેરે આઠ શ્રુતધર યુગપ્રધાન આચાર્યોએ તેને પ્રમાણિક ગણાવ્યું, વગેરે કિંવદંતીઓ સત્ય નથી. – ***પ્રબંધ પારિજાત પૃષ્ટ. ૭૧-૭૨.***

(૫૫) નંદીસૂત્રમાં કાલિકશ્રુતની સૂચિમાં **S%5** શબ્દ બૃહત્કલ્પ સૂત્ર માટે વપરાયો છે અને ઉત્કાલિક સૂત્રમાં ચૂલ્લ કલ્પસૂત્ર અને મહાકલ્પસૂત્ર એ બે કલ્પસૂત્રના નામ આવે છે, જેથી મુનિશ્રી કલ્યાણ વિજયજીનું માનવું એમ છે કે મહાકલ્પનો વિચ્છેદ થયાને ૧૦૦૦ વર્ષથી પણ વધારે સમય થઈ ગયો છે અને ચુલ્લ કલ્પ શ્રુતને જ આજે 'પર્યુષણા કલ્પ સૂત્ર ગણવામાં આવે છે'. – *પ્રબંધ પારિજાત પૃ. ૧૩૪.*

(૫૬) આચાર્ય હરિભદ્રસૂરિનું ટીકાકારોમાં સર્વ પ્રથમ નામ આવે છે. તેમનો સત્તા સમય વિ. સં. ૭૫૭ થી ૮૨૭ સુધીનો છે. ગુઢ જિન ભટ્ટ(જિનદત્ત) સૂરિ હતા. આજે હરિભદ્રના ૭૫ ગ્રંથ ઉપલબ્ધ છે. તેમણે ૧૪૪૪ ગ્રંથની રચના કરી હતી. નંદી, અનુયોગ, દશવૈકાલિક, પ્રજ્ઞાપના, આવશ્યક આદિ સૂત્ર પર હરિભદ્ર-સૂરિની ટીકાઓ મુદ્રિત ઉપલબ્ધ છે.

(૫૭) **કોટ્યાચાર્ય–** હરિભદ્રના સમકાલીન કે પૂર્વવર્તી હતાં. વિશેષાવશ્યક ભાષ્ય પર નવીન વૃત્તિ લખી જિનભદ્ર ગણિની અપૂર્ણ સ્વોપજ્ઞ ભાષ્યની ટીકાને પૂર્ણ કરી, તેમની પ્રત્યે શ્રદ્ધા સ્મરણ કર્યું. પરંતુ હરિભદ્રસૂરિનું નામ ક્યાંય નથી આપ્યું. (એટલે હરિભદ્રના સમકાલીન કે પૂર્વવર્તી હશે). હેમચંદ્રાચાર્યે પ્રાચીન ટીકાકારના રૂપમાં કોટ્યાચાર્યનો ઉલ્લેખ કર્યો છે. એમનો સમય વિક્રમની આઠમી સદીનો છે તો શીલાંકાચાર્યનો નવમી-દસમી સદીનો છે. એટલે બંને ભિન્ન-ભિન્ન છે. પ્રભાવક ચારિત્રમાં બંને(શીલાંકાચાર્ય, કોટ્યાચાર્ય)ને એક કરી દેવાયા છે.

(૫૮) **શીલાંકાચાર્ય–** પ્રભાવકચારિત્રમાં જણાવ્યા મુજબ એમનો સમય નવમી-દસમી સદીનો મનાય છે. તેમણે આચારાંગ પ્ર. શ્રુ. સ્કંધની વૃત્તિ ગુપ્ત સંવત ૭૭૨ (ઈ. સ. ૧૦૯૨)ના ભાદરવા ૫ સુધીમાં પૂરી કરી.

(૫૯) નિર્યુક્તિ પરિભાષા– **सूत्रार्थयो परस्पर नियोजने संबंधनं निर्युक्ति. –आ.नि.८३.निश्चयेन अर्थ प्रतिपादिका युक्ति निर्युक्ति** ।–*આચા. ૧/૨/૧.* સૂત્ર અને અર્થના નિશ્ચિત સંબંધ બતાવવાવાળી વ્યાખ્યાને નિર્યુક્તિ કહે છે

(૬૦) ગોવિંદાચાર્યની ગોવિંદ નિર્યુક્તિનો ઉલ્લેખ બૃહત્કલ્પ ભાષ્યમાં, અનુયોગ દ્વાર સૂત્રની ચૂર્ણિમાં તથા નિશીથ ચૂર્ણિમાં મળે છે.

(૬૧) શ્રી હરિભદ્રસૂરિ, શ્રી સિદ્ધસેનાચાર્ય(ગંધહસ્તિ) તથા શ્રી કોટ્યાચાર્ય આ ત્રણેય લગભગ સમકાલીન હતા.

(૬૨) જિનભદ્રગણિ ક્ષમાશ્રમણથી હરિભદ્રસૂરિ ૧૦૦ વર્ષ પછી થયા પરંતુ ૧૫મી ૧૬મી શતાબ્દીઓમાં બનેલી પટ્ટાવલીઓમાં જિનભદ્રગણિને હરિભદ્ર સૂરિના પટ્ટધર શિષ્ય ગણાવીને એક ભ્રામક પરંપરા ચલાવેલ છે.

(૬૩) નમિસાધુ ૧૧૨૨ વિક્રમ સંવતમાં થયા. તે આવશ્યક વૃત્તિકાર થયા.

(૬૪) આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૧૨૦ તથા ૧૩૪૬માં નંદી સૂત્રનું કથન છે.

(૬૫) મૂર્તિપૂજક મુનિશ્રી અમરવિજયજીના શિષ્ય ચતુરવિજયજીએ નિર્યુક્તિ-ઓને દ્વિતીય ભદ્રબાહુની રચના માની છે. 'મંત્રાધિરાજ ચિંતામણી' જૈન સ્તોત્ર સંદોહ પ્રસ્તાવના પૃષ્ટ ૧૨-૧૩ પ્રકાશક સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ સન્ ૧૮૩૬.

(૬૬) પંચકલ્પ ભાષ્યકારે તથા ચૂર્ણિકારે ૪ છેદ સૂત્ર ભદ્રબાહુ રચિત માન્યા છે.



(૬૭) ✓તાંબર સાહિત્યમાં વિશાખાગણિનું નામ જ નથી. બારમી સદી પછી કોઈ દૂષિતબુદ્ધિવાળા પંડિતે ત્રણ ગાથાઓ બનાવી કોઈ લેખકને આપી નિશીથ ચૂર્ણિના અંતે જોડાવી દીધી. તેના ૨૦મા ઉદ્દેશાની ચૂર્ણિની પછીની પ્રશસ્તિ રૂપે જોડેલી તે ગાથાઓ આજે પણ મળે છે.

(૬૮) ચૂર્ણિકાર જણાવે છે, કે સોય વગેરે ચારે ય ઔપગ્રહિક ઉપકરણો છે. તેમાંના દરેક ઉપકરણ આચાર્ય પાસે હોવા જોઈએ. બાકીના સાધુઓ પણ તેનાથી પોતાનું કામ કરી શકે છે. જો બાકીના સાધુને જરૂર પડે તો વાંસ કે સિંગના ઉપકરણો રાખી શકે, લોઢાના નહીં.

(૬૯) **पुरिम चरिमाण कप्पो, मंगलं वद्धमाण तित्थम्मि ।**
**इहं परिकहिया जिण, गणहराण थेरावली चरितं** ।–દશા૦ ૮/ગા૦ ૬૨

**ચૂર્ણિ :– अवि वद्धमाणं तित्थम्मि जिणं गणधरावलिया सव्वेसिं च जिणाणं समोसरणाणि परिकहिज्जंति** । સમવાયાંગ સૂત્રનો ભલામણ પાઠ પણ ઉપયોગી છે, જોઈ લેવો. –*દશાશ્રુત સ્કંધ સૂત્ર, દશા૦૮, નિર્યુક્તિ ગાથા–૬૨.*

(૭૦) મુનિશ્રી પુણ્યવિજયજીએ બૃહત્કલ્પ ભાષ્ય ભાગ ૬ પ્રસ્તાવનામાં લખ્યું છે તે ધ્યાનમાં લેવા જેવું છે–

'અહીં પ્રસંગવશાત્ એક વાત સ્પષ્ટ કરી લઈએ કે ચૌદપૂર્વી ભગવાન ભદ્રબાહુના જમાનાના નિર્યુક્તિ ગ્રંથોને આર્યરક્ષિતના જમાનામાં વ્યવસ્થિત કરાયા અને તે ફરીથી પછીના જમાનામાં વ્યવસ્થિત કરવામાં આવે, એટલું જ નહીં પણ એ નિર્યુક્તિ ગ્રંથોમાં ઉત્તરોત્તર ગાડા ભરીને વધારો ઘટાડો કરવામાં આવે; આ જાતની કલ્પના કરવી જરાય યુક્તિ સંગત નથી. કોઈપણ મૌલિક ગ્રંથમાં આવા ફેરફાર કર્યા પછી એ ગ્રંથને મૂળ પુઢષના નામથી પ્રસિદ્ધ કરવામાં ખરે જ એના પ્રણેતા મૂળ પુઢષની તેમજ પછીના સ્થવિરોની પ્રમાણિકતા દૂષિત જ થાય છે. વસ્તુતઃ વિચાર કરવામાં આવે તો કોઈ પણ સ્થવિર મહર્ષિ પ્રાચીન આચાર્યના ગ્રંથમાં અનિવાર્ય રીતે વ્યવસ્થિત કરવાની આવશ્યકતા ઉભી થતાં, તેમાં સંબંધ જોડવા પૂરતો ઘટાડો ઉમેરો કે સહેજ ફેરફાર કરે એ સહ્ય હોઈ શકે. પણ તેને બદલે તે મૂળ ગ્રંથકારના જમાના પછી બનેલી ઘટનાઓને કે તેવી બીજી અયુક્ત બાબતોને મૂળ ગ્રંથમાં નવેસરથી પેસાડી દે, એથી એ ગ્રંથનું મૌલિકપણું, ગૌરવ કે પ્રમાણિકતા ઉજ્વલ થશે ખરી ? આપણે નિર્વિવાદપણે કબૂલ કરવું જોઈએ કે મૂળ ગ્રંથમાં એવો નવો ઉમેરો ક્યારેય પણ વાસ્તવિક કે માન્ય કરી શકાય નહીં. કોઈપણ મહર્ષિ એવો ઉમેરો કરે પણ નહીં અને તે જમાનાના બીજા સ્થવિરો પણ તેને સ્વીકારે નહી.'

**ટિપ્પણ :–** એટલે નિર્યુક્તિઓમાં અનુચિત ફેરફાર કરવાનું માનવા કરતાં

પછીથી થયેલ દ્વિતીય ભદ્રબાહુની જ સંપૂર્ણ રચના માનવી સુસંગત છે, એવું જ કલ્પસૂત્ર બાબતમાં સમજી લેવું જોઈએ. પરંતુ એમ ન કહેવાય કે પૂઢં અક્ષરે અક્ષર ચૌદપૂર્વી ભદ્રબાહુનું રચેલ છે અને પછી દેવર્દ્ધિગણિએ જે યોગ્ય લાગે તેમ સુધારો-વધારો કર્યો અને પાછળથી બીજાઓએ પણ ઉમેરો કર્યો, યથા– ૯૮૦-૯૯૩ ની સંવત મિતિ બાબત અને દેવર્દ્ધિગણિની વંદન ગુણ ગ્રામ યુક્ત ગાથા રચવા બાબત વિગેરે.

(૭૧) 'અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે આજના જૈન આગમોમાં મૌલિક અંશો ઘણાં ઘણાં છે, એમાં શંકા નથી, પરંતુ જેટલું અને જે કાંઈ છે તે બધુંય મૌલિક જ છે એમ માનવા કે મનાવવાનો પ્રયત્ન કરવો એ સર્વજ્ઞ ભગવંતોને દૂષિત કરવા જેવી વસ્તુ છે.'

'આજના જૈન આગમોમાં એવા ઘણાં ઘણાં અંશો છે જે જૈન આગમોને પુસ્તકારૂઢ કરવામાં આવ્યા ત્યારના અથવા તે આસપાસ ઉમેરાયેલા કે પૂર્તિ કરાયેલા છે. કેટલાક અંશો એવા પણ છે જે જૈનેતર શાસ્ત્રોને આધારે ઉમેરાયેલા હોઈ જૈન દષ્ટિથી પણ દૂર જાય છે. ઈત્યાદિ અનેક બાબતો જૈન આગમના અભ્યાસી ગીતાર્થ ગંભીર જૈન મુનિગણે વિવેકથી ધ્યાનમાં રાખવા જેવી છે.' – *બૃહ. ભાષ્ય ભાગ. ૬ પ્રસ્તાવના પૃ. ૬૫થી.*

**ટિપ્પણી :–** શાસ્ત્રોદ્ધારક મૂર્તિપૂજક પૂ. શ્રી પુણ્યવિજયજી મ. સાહેબે મૌલિક આગમોમાં પણ ગીતાર્થ મુનિઓને વિવેક બુદ્ધિ રાખવાનું જણાવ્યું છે તો અન્ય આગમેતર ગ્રંથો, વ્યાખ્યાઓમાં અંધબુદ્ધિનો આગ્રહ રાખવાનું અને વિવેક બુદ્ધિનો નિષેધ કરવાનું કદાપિ કોઈને પણ માટે ઉચિત નથી.

**સાર :–** નિર્યુક્તિઓ દ્વિતીય ભદ્રબાહુ સ્વામીની બનાવેલ છે અને ભ્રમથી પ્રથમ (પ્રાચીન) ભદ્રબાહુ સ્વામીની માનવામાં આવે છે, જેથી ઘણી અસંગત વાતો ઉભી થાય છે. પછી અસત્ય કલ્પનાઓ કરવામાં આવે છે. એટલે ભ્રમિત માન્યતાઓનો પરિત્યાગ કરવો જોઈએ. તેથી અસત્ય કલ્પના ન કરવી પડે.

આગમ તો મૌલિક રૂપથી ગણધરકૃત જ છે. તેમાં થયેલ લિપિદોષ કે સુધારા વધારા અથવા પ્રક્ષેપોને યથાવત્ સમજીને વિવેક બુદ્ધિથી તત્ત્વ નિર્ણય કરવો જોઈએ. સંક્ષેપમાં નિર્યુક્તિઓના વાસ્તવિક કર્તાને અને આગમોમાં થયેલ વિકૃતિઓને સરળતાથી સ્વીકારી લેવી જોઈએ.

(૭૨) ***શું ઉત્તરાધ્યયન સૂત્ર ભગવાન મહાવીરની અંતિમ વાણી છે ?***

સમવાયાંગ સૂત્રમાં ૩૬ અસ્પૃષ્ટ-વ્યાકરણોનો કોઈ પણ ઉલ્લેખ નથી. ત્યાં એટલું જ સૂચન છે કે ભગવાન મહાવીર અંતિમ રાત્રિના સમયે પંચાવન કલ્યાણ- ફળ વિપાકવાળા અધ્યયનો તથા પંચાવન પાપ ફળ વિપાકવાળા



અધ્યયનોનું વ્યાકરણ કરી મોક્ષે ગયા. છત્રીસમા સમવાયમાં જ્યાં ઉત્તરાધ્યયનના છત્રીસ અધ્યયનોના નામોનો નિર્દેશ છે ત્યાં પણ આ સંબંધમાં કોઈ નિર્દેશ નથી કે આ અધ્યયનો ભગવાન મહાવીરની અંતિમ દેશનામાં ફરમાવેલાં છે.

ઉત્તરાધ્યયન સૂત્ર શબ્દશઃ ભગવાન મહાવીરની અંતિમ દેશના જ છે એવું ભારપૂર્વક તો ન કહી શકાય, કેમ કે કલ્પસૂત્રમાં ઉત્તરાધ્યયનના અધ્યયનોને અસ્પૃષ્ટ-વ્યાકરણ અર્થાત્ કોઈને પૂછ્યા વિના જ સ્વતઃ કથન કરેલ શાસ્ત્ર ગણાવ્યું છે. પરંતુ વર્તમાનના ઉત્તરાધ્યયનમાં જણાવેલ કેશીગૌતમીય, સમ્યક્-પરાક્રમ અધ્યયન જે પ્રશ્નોત્તર શૈલીમાં છે તે તત્ત્વચિંતકોને ચોક્કસ ચિંતન કરવા પ્રેરે તેવા છે. કેશીગૌતમના ત્રેવીસમા અધ્યયનમાં ભગવાન મહાવીરનો જે ભક્તિ અને શ્રદ્ધા સાથે ગૌરવપૂર્ણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સ્વયં ભગવાન પોતા માટે કરે એવું તો કેમ બને ? એટલે એમ જણાય છે કે ઉત્તરાધ્યયનમાં કેટલાક અંશો સ્થવિરોએ પોતાના તરફથી સંકલિત કર્યા છે અને એ પ્રાચીન તથા અર્વાચીન અધ્યયનોને એક સહસ્ત્રાબ્દી પશ્ચાત્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે સંકલિત કરી તેને વ્યવસ્થિત રૂપે રજૂ કરેલ છે.– ઉપા૦ દેવેન્દ્રમુનિકૃત – જૈનાગમ સાહિત્ય મનન અને મીમાંસા.

**ટિપ્પણ :–** આચાર્ય શ્રી દેવેન્દ્રમુનિનું એ અનુમાન પણ ઉત્તરાધ્યયન સૂત્રની રચનાનો સમય વીર નિર્વાણ દસમી શતાબ્દીનો બતાવે છે, જે પ્રશ્ન વ્યાકરણ સૂત્રના महावीर भासियाइं, आयरिय भासियाइं વગેરે અધ્યયનોથી સંકલિત કરીને બનાવેલ છે, તે કથનનું સમર્થક છે. જેથી એટલું તો સિદ્ધ થઈ જાય છે કે પ્રશ્ન- વ્યાકરણ સૂત્રના અધ્યયનોના સંકલન વડે આ અધ્યયન ગણધર સુધર્મા રચિત છે અને એટલે જ આ સૂત્રને કાલિક સૂત્રમાં ગણાવ્યું છે અને મહાવીર ભાષિત અધ્યયનોની પ્રમુખતાની અપેક્ષાએ ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશનાના નામથી પ્રચારિત થઈ ગયું છે કે ક્યારેય પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ઐતિહાસિક પ્રશ્નો : દેરાવાસી વિદ્વાનોથી

(૧) **पज्जोसवणा कल्प सूत्र** નામના આ સૂત્રનું અલગ અસ્તિત્ત્વ ક્યારથી થયું ?

(૨) શું કોઈ આગમમાં કે નિર્યુક્તિમાં, ભાષ્યમાં, ચૂર્ણિમાં, ટીકામાં તેનું સ્વતંત્ર રૂપે અસ્તિત્ત્વ હોવાનું જણાવ્યું છે ?

(૩) નંદીસૂત્ર રચનાકારે શ્રુતજ્ઞાનમાં આ સ્વતંત્ર સૂત્રને કોઈ નામથી નિર્દેશ્યુંછે ખરું ?

(૪) નિર્યુક્તિઓમાં નંદીસૂત્રનો નિર્દેશ મળે છે. તો શું નંદી સૂત્રની રચના પછી નિર્યુક્તિઓ બની ?

(૫) ઉપલબ્ધ સ્વતંત્ર અસ્તિત્વવાળા પર્યુષણા કલ્પસૂત્રના આદિ પાઠરૂપ નમસ્કાર મંત્રનું અસ્તિત્વ સ્વીકારવામાં પણ મતભેદ છે ?

(૬) દશાશ્રુત સ્કંધના આઠમા અધ્યયનના નામથી ઉપલબ્ધ પર્યુષણા કલ્પસૂત્રમાં તે સૂત્ર તથા તેના અધ્યયનના નામનો મુખ્ય વિષય સૌથી છેલ્લે છે, પ્રારંભમાં લગભગ ૧૦૦૦ શ્લોક પ્રમાણ વર્ણન અન્ય વિષયોનું છે. જ્યારે નિર્યુક્તિઓમાં પ્રારંભથી જ મુખ્ય વિષયોની વ્યાખ્યા છે અને ૧૦૦૦ શ્લોક જેટલા મૂળપાઠ માટે ફક્ત એક ૬૨મી ગાથામાં સંકેત માત્ર આપેલ છે આવું કેમ ? શું આમાં પણ કોઈ ખાસ રહસ્ય છે ?

(૭) ભગવાને સભામાં કથન કર્યું, ૧૪ પૂર્વી ભદ્રબાહુસ્વામીએ ગુંથન નિર્યુહણ કર્યું; તેટલું જ આઠમા અધ્યયનના ભાગરૂપ સ્વતંત્ર કલ્પ સૂત્ર માત્ર છે ? કે પછી તે પ્રક્ષિપ્ત થયેલું વધારેલું રૂપ છે ?

(૮) દશાશ્રુત સ્કંધના રચયિતા ભદ્રબાહુ સ્વામી વીર નિર્વાણ બીજી શતાબ્દીમાં થઈ ગયા. હવે પેલા સૂત્રના આઠમા અધ્યયનની વાત કરનારા સ્વતંત્ર અસ્તિત્ત્વ ધારી સૂત્રમાં વીર નિર્વાણ ૯૮૦ તથા ૯૯૩ નો વિવાદ કોણે, ક્યારે પ્રક્ષિપ્ત કર્યો, એવી આવશ્યકતા કેમ પડી ? કે જેથી એક પ્રામાણિક પુઢષકૃત સૂત્રને વિકૃત કર્યું ? તોપણ તેને જ આજ સુધી ભદ્રબાહુના સૂત્ર તથા તેના જ શબ્દોના નામથી સ્વીકાર કરવામાં અચકાસિત અનુકરણ માત્ર નથી ?....!!

(૯) ભદ્રબાહુ પછીના આચાર્યો આદિની સ્તુતિ અને વંદન નમસ્કાર પણ ભદ્રબાહુ કૃત નિર્યુક્તિમાં પોતે જ કરેલ છે તેમ માનવું અસત્ય કે પાપ યુક્ત નથી લાગતું ? તેને ૧૨૦૦ શ્લોકથી અલગ કેમ નથી રખાયું ? પ્રક્ષેપોને જાણવા અને માનવા છતાં પણ ૧૨૦૦ શ્લોક પ્રમાણ ભદ્રબાહુનું બનાવેલ છે તેમ કહેવું ઉચિત છે ખરું ? અને વળી તેને ભગવાને સભામાં કહ્યું (કથિત કર્યું) એવો પાઠ પણ સાથે જોડી દેવો શું યોગ્ય છે ?

(૧૦) શું ભગવાને આવું ૧૨૦૦ શ્લોકવાળું આઠમું અધ્યયન પરિષદમાં ફરમાવ્યું એ વાત ગળે ઉતરે છે ખરી ? અને જો **વારંવાર** પરિષદમાં એ ફરમાવ્યું હતું તો એક જ દિવસે કે અનેક દિવસોમાં ?

(૧૧) દશાશ્રુત સ્કંધનું આઠમું અધ્યયન ગૃહસ્થની સામે વાંચવાની વાત પણ નિશીથ સૂત્ર તથા તેની નિર્યુક્તિ, ચૂર્ણિ વગેરેથી ગુઢ ચૌમાસીનું પ્રાયશ્ચિત્ત કાર્ય હોય તેમ સિદ્ધ થાય છે અને એ આઠમા અધ્યયનમાં તીર્થંકરોનું વર્ણન હોય તો તેને ગૃહસ્થને સંભળાવવામાં સૂત્રકાર તથા વ્યાખ્યાકાર પ્રાયશ્ચિત્ત કથન અને વિવેચન કરે એ કઈ રીતે સંભવ હોઈ શકે ?

(૧૨) જે સૂત્ર તથા અધ્યયનને માટે આગમકાર ગૃહસ્થોને સંભળાવવાનું પ્રાયશ્ચિત્ત કહે અને જેને કાલિક સૂત્ર કહે તેજ અધ્યયનને સ્વતંત્ર સૂત્રનું અસ્તિત્વ દઈ કોઈ ઉત્કાલિક કરી દે અને છતાંય તેને ભદ્રબાહુનું ગણાવીને ત્રીજા પ્રહરમાં વાંચન કરે તેય વળી ગૃહસ્થ પરિષદમાં, એવું દુઃસાહસ પણ પોતાના પૂર્વાચાર્યો



પાસે કરાવે !! આ બધું કેવી રીતે સ્વીકારી શકાય ? આ બધું કરવું-કરાવવું એટલે જાણે જીવંત માખીને ગળી જવા જેવું થાય નહીં ?

(૧૩) ચૌદપૂર્વી ભદ્રબાહુ સ્વામી નિશીથ સૂત્રના ૧૦મા ઉદ્દેશામાં અપર્યુષણોમાં પર્યુષણ કરવાનું તથા પર્યુષણમાં પર્યુષણ ન કરવાને ગુઢ ચૌમાસી પ્રાયશ્ચિત્ત કહે તો આ આઠમી દશામાં એમ કેમ પાછું કહે કે પહેલા પર્યુષણ(સંવત્સર) કરવામાં કોઈ દોષ નથી લાગતો ?

(૧૪) શું ભદ્રબાહુ સ્વામીની રચનામાં અને ભગવાનના મુખેથી કહેવાયેલ આ અધ્યયનમાં એવું કથન ઉપયુક્ત છે કે 'શ્રમણ ભગવાન મહાવીરે પર્યુષણ કર્યું તેવી રીતે (એક મહિનો અને ઉપર ૨૦ દિવસ પછી) ગણધરો કરતાં, તેવી રીતે ગણધર શિષ્યો પણ કરતાં, તે જ રીતે સ્થવિરો કરતાં, તે જ રીતે આજના સાધુ કરે, તે જ રીતે આપણા આચાર્ય, ઉપાધ્યાય કરે, તે જ પ્રમાણે અમે પણ કરીએ છીએ' ઇત્યાદિ ભાવ પર્યુષણા કલ્પસૂત્રની સમાચારી વર્ણન આદિ સૂત્રમાં છે. તો પણ આ પાઠને ભગવાન કે ભદ્રબાહુના નામથી માનવો કેવી રીતે ઉચિત હોઈ શકે ? નિર્યુક્તિકારે આવી પરંપરાયુક્ત મૂળ પાઠની વ્યાખ્યા કરી નથી. અમારા આચાર્ય ઉપાધ્યાય કરતાં તેમ અમે કરીએ, અહીં 'અમે' કહેવાવાળા કોણ છે ? સ્વયં તીર્થંકરના કથનમાં પણ આગમોમાં **अहं पुण गोयमा; तयाणं अहं गोयमा** એવો પ્રયોગ છે, તો આ પાઠમાં **वयं** કહેનાર છે કોણ ? આવી કલ્પિત શ્રૃંખલા ભદ્રબાહુની હોઈ શકે, કે પ્રક્ષિપ્ત કરેલી છે ?

(૧૫) નંદી સૂત્રમાં ૭૨ આગમોના નામો છે તો ૪૫ માનવાનું કયું કારણ છે. લગભગ ૨૦ પ્રકીર્ણક આજે પણ ઉપલબ્ધ છે, તો ૧૦ને જ આગમ માનવા અને ૧૦ને નહીં ? નંદીસૂત્રમાં નામો હોવા છતાં તે પ્રકીર્ણકોને આગમ ન માનવામાં શું કારણ ?

(૧૬) હરિભદ્રસૂરિ, મલયગિરિ, આચાર્ય હેમચંદ્ર વગેરે યુગપ્રધાન ધુરંધર વિદ્વાનોની ઉપલબ્ધ રચનાઓને આગમમાં કેમ નથી ગણવામાં આવતી ? પંચાંગી સિવાય પણ અનેક ગ્રંથ છે.

(૧૭) સૂર્ય પ્રજ્ઞપ્તિમાં માંસ ભોજન વિષયક પાઠ **પ્રક્ષિપ્ત હોવા** છતાં પણ તેને કેમ માનવામાં આવે છે ?

(૧૮) આચારાંગ સૂત્રનું આઠમું અધ્યયન ઓછું હોવા છતાં, અર્થાત્ આ સૂત્ર **ખંડિત** હોવા છતાં તેને આગમ કેમ માનવામાં આવે છે ?

(૧૯) પ્રશ્નવ્યાકરણમાં નંદી તથા સમવાયાંગ કથિત વિષય ન હોવા છતાં પણ તેને આગમમાં કેમ માનવામાં આવે છે ?

(૨૦) ૪૫ આગમમાં કેટલાય આગમોના રચનાકારના, તેમની રચના સમયનો ઈતિહાસ નામ સાથે ઉપલબ્ધ ન હોવા છતાં આગમમાં કેમ અને કયા

આધારે ગણવામાં આવે છે ?

(૨૧) બૃહત્સંગ્રહણી ગાથા ૧૫૪માં 'સૂત્ર'ની પરિભાષા આપી છે, તે અનુસાર આગમનો નિર્ણય કરવામાં આવે છે શું ?અને એવો નિર્ણય કરવામાં આવે તો ૫-૧૦ આગમોને જ માનવા પડશે ? તો પછી ૪૫ કેવી રીતે થાય ? અથવા બૃહત્સંગ્રહીણીની પરિભાષાને ખોટી માનશો ?

(૨૨) ગણધર કે ૧૪ પૂર્વી આદિ રચિત આગમનો પૂર્ણ વિષય બદલાવીને નામ તે જ રહી જાય તો શું તેની આગમમાં ગણતરી થાય ખરી ?

(૨૩) ગણધર કે ૧૪ પૂર્વી રચિત આગમના થોડાક અંશો ઘટી જાય, વિચ્છેદ જાય તો શું તેની આગમમાં ગણતરી થાય ખરી ?

(૨૪) ગણધર કે ૧૪ પૂર્વીના સૂત્રના મૂળપાઠમાં, જેને જે મન ફાવ્યું તે વધાર્યું, સંવતો જોડી, તેમાં ગાથાઓ તથા ગદ્ય પાઠ રૂપ સ્તુતિ વંદન વગેરે વધારી, પોતાનો સ્વાર્થ સાધવા ચોથની સંવત્સરી હેતુ પર્યુષણના પાઠને વધારી, આવા વિકૃત બનેલ શાસ્ત્ર (કલ્પસૂત્ર)ને ૧૪ પૂર્વીના નામથી અક્ષરે અક્ષર પૂરા ૧૨૦૦ શ્લોક પ્રમાણ આગમ માનવામાં આવે તેને કેવી વિદ્વત્તા સમજવી ? અને આવી પ્રરૂપણા કરવાને પાપ સમજવું કે ધર્મ ? આવી પ્રરૂપણા કરનારાને શ્રમણ કહેવા કે શ્રમણ ભગવાનની આજ્ઞાના ચોર કહેવા ?

(૨૫) મહાનિશીથ અને કલ્પસૂત્રમાં અનેક શબ્દ, અનેક વાક્ય, અનેક અંશ મૌલિક સૂત્ર કર્તાના ન હોવા છતાં પણ મૂળપાઠમાં રખાયેલા વિકૃતિઓથી ભર્યા પડેલા આવા સૂત્રોને આગમરૂપમાં સ્વીકાર કરવામાં આવે તો પછી હરિભદ્રસૂરિ આદિની અનેક રચનાઓને ૪૫ની બહાર કેમ રાખવામાં આવી છે ? અને અનેક પ્રકીર્ણકોને નંદીસૂત્ર સૂચિમાં નામ હોવા છતાં ૪૫ આગમ બહાર કેમ રાખ્યાં છે ?

(૨૬) લિપિ કાલની ભૂલોને જાણીબૂઝીને પ્રમાણિક પુરુષોના આગમ રૂપ માની તેની પ્રમાણિકતાને કલંકિત કરવું યોગ્ય છે ખરૂં ? સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર, પર્યુષણા કલ્પસૂત્ર અને મહાનિશીથ સૂત્રોના અનેક પાઠો સ્પષ્ટરૂપથી મૌલિક રચના તથા મૌલિક રચનાકારોને દૂષિત કરે છે, તેને પ્રમાણિક પુરુષના રચેલા આગમ મૂળ પાઠના રૂપમાં સામેલ રાખીને પણ એવું કહેવું કે 'એ વાક્યો મૌલિક નથી, વિકૃતિથી પ્રવિષ્ટ થઈ ગયાં છે' આવા લકીરના ફકીરનું શું કહેવું ? અર્થાત્ વિકૃતિથી પ્રવિષ્ટ પણ માનવું અને પાછું મૌલિક પાઠમાં સમ્મિલિત રાખવું કદાપિ ઉચિત ન ગણાય. તો પછી સંપાદન, પ્રકાશન કે નકલમાં અક્કલથી ન્યાય કેમ નથી કરાતો ? પાઠ કેમ નથી સુધારાતો ?

(૨૭) ભગવતીની અંતિમ મંગલ પ્રશસ્તિને અભયદેવસૂરિ સ્વયં લિપિકર્તાની જણાવી વ્યાખ્યા પણ કરતા નથી. તેમ છતાં આજના સંપાદક તેને ગણધર રચિત



મૂળ પાઠમાં કેમ સ્વીકારે છે ?

(૨૮) ઠાણાંગ સૂત્રમાં અનેક જગ્યાએ દેવોના ચૈત્યવૃક્ષ એમ કહ્યું છે– ઠાણાંગ સૂત્ર ઠાણા ૪, ઉદ્દેશક ત્રીજો, સૂત્ર–૪૪૮. ચોવીસ તીર્થંકરોના અશોકવૃક્ષ સિવાયના પણ ચૈત્યવૃક્ષ કહ્યાં છે.

તો દેવો અને દેવાધિદેવોના ચૈત્યવૃક્ષના વૃક્ષમાં 'ચૈત્ય' કેમ લખ્યું છે ? તેનો શબ્દાર્થ અને તાત્પર્યાર્થ ઉદ્ધરણ પ્રમાણ ટીકા ગ્રંથ વગેરે સહિત સ્પષ્ટ કરવો ઘટે.

(૨૯) નંદી અને ઠાણાંગ સૂત્રમાં દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ સૂત્રનું નામ મળે છે અને તે સૂત્ર પ્રકાશિત ઉપલબ્ધ પણ છે, તો તેને આગમ કેમ નથી માનવામાં આવતું ?

(૩૦) સ્થાનકવાસી તેરાપંથી આદિ વિભિન્ન સમુદાયોમાં જે રીતે ૩૨ સૂત્રની માન્યતાવાળા બત્રીસે-બત્રીસ સૂત્રો તથા તેના નામો બાબત કોઈ વિકલ્પ નથી બલ્કે તે ૩૨ જ સર્વ માન્ય છે, તો દેરાવાસીમાં એવી એકરૂપતા કેમ નથી ? અને ૪૫ માનવામાં પણ અહીં-તહીં વિભિન્ન વિકલ્પો કેમ આપવામાં આવે છે, અર્થાત્ પંચકલ્પ, જીતકલ્પ, પાક્ષિક સૂત્ર, ઓઘનિર્યુક્તિ, પિંડ નિર્યુક્તિ વિગેરે માટે ગણના ભેદ છે, એટલે કે ક્યાંક ૪૬ તો ક્યાંક ૪૭ નામ પણ લખે છે અને સંખ્યા ૪૫ જ ગણાવે છે, તો આવું કેમ ?

(૩૧) (૧) દસ પ્રકીર્ણકની સિવાયના પ્રકીર્ણક ન માનવામાં કયું કારણ છે ? (૨) અને દસને માનવા પાછળનો કયો હેતુ છે કે, નંદી સૂત્રમાં જે નથી, તેને દસમાં ગણિ રાખ્યાં છે ? (૩) પ્રકીર્ણકોના રચયિતાના નામ જ જ્ઞાત નથી તો તેને આગમમાં માનવાનો શો અધિકાર છે ? તેનો સમય પણ જ્ઞાત છે ?

(૩૨) હરિભદ્ર સૂરિ તો ઘણાં મોટા પ્રકાંડ વિદ્વાન જ્ઞાની પ્રભાવક સંત શિરોમણિ યુગ પ્રધાન આચાર્ય થઈ ગયાં છે, તેમના લખેલા ગ્રંથ-સાહિત્ય અનેક છે તેને આગમ ન માનવામાં કયો હેતુ છે ?

(૩૩) ધ્યાન શતકને આગમ કેમ નથી માનતા ? જે હરિભદ્ર સૂરિથી પણ પૂર્વના આચાર્ય જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણનું રચેલું છે ?

(૩૪) **सुत्तं गणहर रइयं, तह पत्तेय बुद्ध रइयं च ।**
**सुयकेवलिणा रइयं, अभिन्न दस पुव्विणा रइयं । १५६ ।**

**અર્થ–** ગણધર, પ્રત્યેક બુદ્ધ, ૧૪ પૂર્વીથી ૧૦ પૂર્વી સુધીના જ્ઞાની ગીતાર્થ શ્રમણો દ્વારા કરવામાં આવેલી રચનાને આગમ કહી શકાય.

આ બૃહત્સંગ્રહણીની ગાથા છે, આ અનુસાર આપની આગમ માનવાની માન્યતા છે કે નહીં ? જો આ ગાથા અને તે મુજબના ગ્રંથો માન્ય હોય તો ૪૫ આગમ કઈ રીતે સિદ્ધ થાય ? અને જો આ ગાથા માન્ય ન હોય તો કોઈ વિદ્વાન આચાર્યની રચનાને આગમ માનો અને કોઈ પ્રામાણિક પુરુષની રચનાને આગમ ન માનો તો તેમાં શું કારણ હોઈ શકે ? આમાં શો ભેદ છે ?

(૩૫) શું મંદિર બંધાવવાનો ઉપદેશ વ્રતધારી સાધુ આપી શકે કે સચેત ફૂલ-પાણી અને અગ્નિ વડે પૂજા કરવાનું જૈન સાધુ કહે ખરા ? શું વર્તમાનના મંદિર માર્ગી સાધુઓ આ ક્રિયાઓની પ્રેરણા કરે છે કે તેમના પૂર્વાચાર્યોએ જ આવી પ્રેરણા કરી હતી? અને આવી પ્રેરણા કરનારાનું પહેલું મહાવ્રત દૂષિત થાય તેમ માની શકાય ?

(૩૬) શું દેવલોકની શાશ્વત પ્રતિમામાં આ અવસર્પિણીના પ્રથમ અને અંતિમ તીર્થંકરના નામ આવે તે ઉચિત છે ? કે પછી મંદિરમાર્ગીઓએ કરેલ સૂત્રમાં પ્રક્ષિપ્ત પાઠનો આ પ્રભાવ છે ?

(૩૭) **મુહપોત્તિયં** મુખવસ્ત્રિકા કે મુહપત્તિ નામ કહેવા (હોવા) છતાં તેને હાથમાં રૂમાલની જેમ રાખવી ઉચિત છે ?

(૩૮) બોલતી વખતે મુખવસ્ત્રિકાને હાથમાં ન રાખે કે મુખ પાસે હાથ લઈ જવાનો પ્રયત્ન પણ ન કરે, તેવા સાધુ પોતાને જિનાજ્ઞાને પાળનારા ગણાવી શકે ખરા ?

(૩૯) શું કોઈ સ્વચ્છંદમતિ સાધુ પોતાનું પુસ્તક બનાવીને, તે સ્થાનકવાસીના નામે છપાવે, પોતાનું નામ ખાનગી રાખી, ખોટાં નામો છપાવી, પ્રચાર કરાવે, પ્રસિદ્ધ કરાવે, તેવા કુમાર્ગી સાધુને જૈન સાધુ માની શકાય ?

(૪૦) વરાહસંહિતા બનાવનારા વરાહમિહિર નિર્યુક્તિ કર્તા ભદ્રબાહુ સ્વામીના સગા નાના ભાઈ હતા ?

(૪૧) વરાહ સંહિતા અને પંચસિદ્ધાંતિકા ગ્રંથની રચનાનો સમય તેના અંતમાં જાણવા મળે છે કે નહીં ? જો જણાય તો બતાવો.

(૪૨) કયા બાર વ્રતધારી શ્રાવકે મૂર્તિપૂજા કરી હતી, તે શાસ્ત્રમાં ૪૫ આગમ કે ૭૨ આગમમાંથી જણાવો.

**નોંધ :–** ઉપરોક્ત પ્રશ્નોના જવાબ સરળતા યુક્ત પત્ર સંપર્ક સૂત્રના સ્થાને લખી શકો છો. જો કોઈ ફરી પ્રશ્ન પૂછવો હોય તો પહેલાં ઉપરના બધા પ્રશ્નોના જવાબ લખી જણાવે, તો જ તે પ્રશ્ન કરવાને યોગ્ય ગણાશે.

સામાન્ય પાઠકોએ આ બધા પ્રશ્નોના સમાધાન સારાંશ-પુસ્તકોમાંથી મેળવી લેવા. દેરાવાસીઓની અપેક્ષા અને તેઓની જ્ઞાન શક્તિ કે ભક્તિ જાણવા આ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી છે. માટે તેઓ વિવેક બુદ્ધિથી સમાધાન કરે.

**જ્ઞાતવ્ય :–** ઉપરોક્ત અનેક પ્રશ્ન કેટલાંક મૂર્તિપૂજક વિદ્વાન સંતોને મૌખિક પૂછેલાં છે. સંતોષકારક ઉત્તર ન મળવાથી અત્રે એ બધાં સંકલિત કરેલા છે.

**॥ ઐતિહાસિક નિબંધ : પરિશિષ્ટ ખંડ–૨ સંપૂર્ણ ॥**



## જૈનાગમ નવનીત – ૮

# આવશ્યક સૂત્રના પરિશિષ્ટો

**૧ થી ૬**


| ક્રમ | પરિશિષ્ટ | પાના નં. |
|---|---|---|
| ૧. | અન્ય આગમોમાંથી સંકલિત પાઠ | ૨૦૧ |
| ૨. | આગમ સિવાયના ગુજરાતી પાઠ | ૨૦૮ |
| ૩. | પ્રતિક્રમણ વિધિ | ૨૧૯ |
| ૪. | સામાયિક પ્રતિક્રમણ વિશેષ પ્રશ્નોત્તર | ૨૨૨ |
| ૫. | સામાયિક સૂત્ર અને શ્રમણ સૂત્રનો ભાષાનુવાદ | ૨૪૯ |
| ૬. | સામાયિક સૂત્રના સરળ પ્રશ્નોત્તર | ૨૫૭ |



આગમ મનીષી
**શ્રી ત્રિલોકમુનિજી મ. સા.**


**ગુજરાતી ભાષાંતર (આવશ્યક સૂત્ર વિભાગ)**


સંપ્રદાય વરિષ્ઠા પૂ. બા. બ્ર. ગુલાબબાઈ મ. સ. ના સુશિષ્યા
પૂ. બા. બ્ર. તારાબાઈ મ. સ.
પૂ. બા. બ્ર. કુંદનબાઈ મ. સ.

## પરિશિષ્ટ-૧

# અન્ય આગમોમાંથી સંકલિત પાઠ

**પ્રાક્કથન :-**

આવશ્યક સૂત્રના છ આવશ્યકમાં આવેલા પચીસ પાઠો સિવાયના અન્ય સૂત્રોમાં પણ એવા પાઠો છે જે પ્રતિક્રમણની પરંપરામાં સમ્મિલિત છે. એ ક્યારે, કેવી રીતે સમ્મિલિત થયા તે વિષયમાં કંઈપણ ઈતિહાસ પ્રાપ્ત નથી.

આવશ્યક સૂત્રના મૂળપાઠમાં તો કેવળ શ્રમણોને પ્રતિક્રમણ યોગ્ય પાઠ જ છે, શ્રાવકને યોગ્ય પાઠો નથી. શ્રાવકોએ પણ પ્રતિક્રમણ કરવું તેવો ઉલ્લેખ અનુયોગ દ્વાર સૂત્રમાં છે. માટે આ આવશ્યક સૂત્રની ચૂલિકાના રૂપમાં કે અન્ય કોઈ પણ રૂપમાં તે પાઠ રહ્યાં હશે, એવી સંભાવના છે.

આજે તે અલગરૂપમાં ન હોવાથી તથા આગમોમાં તેવા અનેક પાઠ ઉપલબ્ધ હોવાથી એવું સ્વીકારવું પડે છે કે વધારાના પાઠો અન્ય આગમોથી સંકલિત થઈને પરંપરામાં ચાલે છે. એ સંકલિત પાઠોમાં જરૂરી અને ઉપયોગી પણ છે.

અત્રે પહેલાં શ્રમણ પ્રતિક્રમણમાં ઉપયોગી પાઠોને આપ્યા છે, પછી શ્રાવકના અણુવ્રત આપ્યા છે.

'કરેમિ ભંતે' નો પાઠ 'ઈચ્છામિ ઠામિ'નો પાઠ, આ બે પાઠ સાધુ-શ્રાવક બંનેના એક જ છે, કેટલાક શબ્દ પરિવર્તન સિવાય આ બંને પાઠ શ્રમણ યોગ્ય હોવાથી મૂળ આવશ્યક સૂત્રમાં ઉપલબ્ધ છે જ, શ્રમણોપાસક યોગ્ય આ પ્રકરણમાં આપેલ છે.

આ સંકલન આગમ, નિર્યુક્તિ, ભાષ્ય તથા અન્ય સાહિત્યથી પણ કરવામાં આવેલ છે. આવશ્યક સૂત્રના છ આવશ્યક અને તે આવશ્યકોના મૌલિક પચીસ પાઠ છે, તે આચાર શાસ્ત્ર વિભાગમાં જુઓ. અહીં પરિશિષ્ટ વિભાગમાં તેનો સમાવેશ કર્યો નથી, પરિશેષ વાર્તાઓનો જ અહીં સંગ્રહ કર્યુ છે.



# આવશ્યક સૂત્ર સિવાયના સૂત્ર પાઠો

*[ઉભય કાળ પ્રતિક્રમણ કરવાની વિધિમાં જરૂરી તથા પ્રચલિત અનેક પાઠ આવશ્યક સૂત્રમાં નથી, પરંતુ અન્ય આગમોમાં છે, તેમને અહીં સંકલિત કર્યા છે.]*

**પાઠાનુક્રમ :-**

| | | |
|---|---|---|
| (૧) તિક્ખુત્તો | (૫) કાયોત્સર્ગ શુદ્ધિ | (૯) સંલેખનાતિચાર |
| (૨) અઢાર પાપ | (૬) ક્ષમણ ક્ષમાપના | (૧૦) પ્રતિક્રમણ પ્રતિજ્ઞા |
| (૩) કરેમિ ભંતે | (૭) જ્ઞાનાતિચાર | (૧૧) પ્રતિક્રમણ ઉપસંહાર |
| (૪) इच्छामिठामि | (૮) દર્શનાતિચાર | (૧૨) બાર અણુવ્રત. |

**વંદન પાઠ :-**

तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेमि वंदामि णमंसामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामि मत्थएण वंदामि ।

— *રાયપ્પસેણીય સૂત્ર-૮*

**અઢાર પાપ સ્થાનનો પાઠ :-**

(१) पाणाइवाए (२) मुसावाए (३) अदिण्णादाणे (४) मेहुणे (५) परिग्गहे (६) कोहे (७) माणे (८) माया (९) लोहे (१०) पेज्जे (११) दोसे (१२) कलहे (१३) अब्भक्खाणे (१४) पेसुण्णे (१५) परपरिवाए (१६) रइअरइ (१७) मायामोसे (१८) मिच्छादंसणसल्ले ।– *ભગ૦-૧૨/૫. સ્થા૦-૧.*

**કરેમિ ભંતેનો પાઠ (શ્રાવકોપયોગી) :-**

करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि जावनियमं पज्जुवासामि, दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।

*–હરિભદ્રીયાવશ્યક પૃષ્ટ-૪૫૪.*

**ઇચ્છામિ ઠામિનો પાઠ (શ્રાવકોપયોગી) :-**

इच्छामि ठामि काउस्सगं जो मे देवसिओ अइयारो कओ काइओ, वाइओ, माणसिओ उस्सुत्तो उम्मग्गो, अकप्पो, अकरणिज्जो, दुज्झाओ, दुव्विचिंतिओ, अणायारो अणिच्छिअव्वो, असावगपाउग्गो नाणे तह दंसणे चरिताचरित्ते, सुए, सामाइए, तिण्हं गुत्तीणं, चउण्हं कसायाणं, पंचण्हमणुव्वयाणं, तिण्हं गुणव्वयाणं, चउण्हं सिक्खावयाणं, बारसविहस्स सावगधम्मस्स, जं खंडियं, जं विराहियं, तस्स मिच्छामि दुक्कडं ।– *હરિભદ્રીયાવશ્યક પૃષ્ટ-૪૫૬.*

## કાયોત્સર્ગ શુદ્ધિનો પાઠ :–

काउस्सग्गे मण चलिए वय चलिए काय चलिए अट्टज्झाणे झाइए ढद्दज्झाणे झाइए तस्स मिच्छामि दुक्कडं । – *સુત્તાગમે ભાગ–૨.*

## શ્રમણ ક્ષમાપના પાઠ :–

आयरिय उवज्झाए, सीसे साहम्मिए कुल गणे य ।
जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ॥१॥

सव्वस्स समणसंघस्स, भगवओ अंजलि करिअ सीसे ।
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहमंपि ॥२॥

सव्वस्स जीवरासिस्स, भावओ धम्म निहिय नियचित्तो ।
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहमंपि ॥३॥

*– મરણ સમાધિ પ્રકીર્ણક ગા૦ ૩૩૫–૩૩૬ – સંસ્તારક પ્રકીર્ણક ગા૦ ૧૦૪, ૧૦૫.*

## જ્ઞાનાતિચાર પાઠ :–

सुय णाणस्स इमे चउद्दस अइयारा जाणियव्वा न समायरियव्वा तंजहा ते आलोउं– जं वाइद्धं, वच्चामेलियं हीणक्खरं, अच्चक्खरं, पयहीणं, विणयहीणं, जोगहीणं, घोसहीणं सुट्ठुदिण्णं, दुट्ठुपडिच्छियं, अकाले कओ सज्झाओ, काले न कओ सज्झाओ, असज्झाए सज्झाइयं, सज्झाए न सज्झाइयं, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं । – *આવ૦ ૪, નિ૦*

## દર્શન સમ્યક્ત્વનો તથા અતિચારનો પાઠ :–

अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहुणो गुढणो ।
जिणपण्णत्तं तत्तं, इअ सम्मत्तं मए गहियं ॥ ॥१॥

परमत्थसंथवो वा, सुदिट्ठपरमत्थसेवणा वा वि ।
वावण्ण कुदंसणवज्जणा, इय सम्मत्तसद्दहणा ॥ ॥२॥

पंचिदियसंवरणो, तह णवविह बंभचेर गुत्तिधरो ।
चउविहकसाय मुक्को, इअ अट्ठारसगुणेहिं संजुत्तो ॥ ॥१॥

पंच महव्वय जुत्तो, पंचविहायारपालणसमत्थो ।
पंच समिओ तिगुत्तो, छत्तीस गुणो गुढमज्झ ॥ ॥२॥–*આવ૦૪, નિ૦*

एयस्स समत्तस्स पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तंजहा ते आलोउं– संका कंखा वितिगिच्छा परपासंड पसंसा, परपासंड संथवो, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं ।

*– આવ૦ ૬, નિ૦. ઉપાશક દશા સૂત્ર.*



## સંલેખના અતિચાર પાઠ :–

अपच्छिम मारणंतिया संलेहणा झूसणा आराहणया, इमीए संलेहणाए पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तंजहा ते आलोउं-इहलोगासं- सप्पओगे परलोगासंसप्पओगे जीवियासंसप्पओगे मरणासंसप्पओगे कामभोगासंसप्पओगे जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं।

*– આવ૦–૪, નિર્યુક્તિ. ઉપાસકશા સૂત્ર–૧*

## પ્રતિક્રમણ આજ્ઞા તથા પ્રતિજ્ઞા પાઠ :–

इच्छामि णं भंते तुब्भेहिं अब्भणुण्णाए समाणे देवसियं पडिक्कमणं ठाएमि देवसियं णाण-दंसण-चरित्ताचरित्त तव अइयार चिंतणत्थं करेमि काउसग्गं । *– આવ૦–૪, નિર્યુક્તિ.*

## કાયોત્સર્ગ આજ્ઞા પાઠ :–

इच्छामि णं भंते तुब्भेहिं अब्भणुणाए समाणे देवसियं पायच्छित्तं विसोहणत्थं करेमि काउस्सग्गं । *– આવશ્યક નિર્યુક્તિ.*

## પ્રતિક્રમણ ઉપસંહાર પાઠ :–

सामाइयं चउवीसत्थवं वंदणं पडिक्कमणं काउस्सग्गं पच्चक्खाणं एयं सडावस्सयं तम्मणे तच्चित्ते तस्लेसे, तदज्झवसिए, तत्तिव्वज्झवसाणे, तदट्ठोवउत्ते, तदप्पियकरणे, तब्भावणाभाविए, अणत्थ कत्थइ मणं अकरेमाणे एगग्गं चित्तेणं न कयं, आलस्सएणं पमाएणं विक्खित्त चित्तेणं कयं, तस्स मिच्छामि दुक्कडं। *–અનુયોગદ્વાર સૂત્ર–૨૯.*

## શ્રાવકના બાર અણુવ્રત :–

**પ્રથમ અણુવ્રત :–** पढमं अणुव्वयं थुलाओ पाणाइवायाओ वेरमणं; तसजीवे बेइंदिय तेइंदिय, चउरिंदिय, पंचिंदिय संकप्पओ हणण हणावण पच्चक्खाणं ससरीरं सविसेसं पीडाकारिणो, ससंबंधी सविसेसं पीडाकारिणो वा वज्जिउण जावज्जीवाए दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा; ए अस्स थूलग पाणाइवाय वेरमणस्स समाणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तंजहा– १. बंधे २. वहे ३. छविच्छेए ४. अइभारे ५. भत्तपाण-विच्छेए । जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं ।

**બીજું અણુવ્રત :–** बीअं अणुव्वयं थुलाओ मुसावायाओ वेरमणं; से य मुसावाए पंचविहे पण्णत्ते तं जहा– १. कण्णालीए २. गवालीए ३. भोमालीए ४.णासा-वहारो ५. कूडसक्खिज्जे; इच्चेवमाइस्स थूलमुसावायस्स पच्चक्खाणं जावज्जीवाए दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा; एअस्स थूलग-मुसावाय-वेरमणस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा

तंजहा– १. सहसब्भक्खाणे २. रहस्सब्भक्खाणे ३. सदारमंतभेए ४. मोसोवए से ५. कूडलेहकरणे जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं।

**ત્રીજું અણુવ્રત :–** तइयं अणुव्वयं थूलाओ अदिण्णादाणाओ वेरमणं से य अदिण्णादाणे पंचविहे पण्णत्ते तं जहा– १. खत्तखणणं २. गंठिभेअणं ३.जंतुग्घाडणं ४. पडिवयवत्थु हरणं ५. ससामिअवत्थु हरणं; इच्चेवमाइस्स थूल अदिण्णादाणस्स पच्चक्खाणं जावज्जीवाए दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा एअस्स तइयस्स थूलग अदिण्णादाण- वेरमणस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तं जहा– १. तेनाहडे २. तक्करप्पओगे ३. विरूद्धरज्जाइक्कमे ४. कूडतुल्लकूडमाणे ५. तप्पडिरूवगववहारे जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं ।

**ચોથું અણુવ્રત :–** चउत्थं अणुव्वयं सदार-संतोसिए परदार-विवज्जणरूव थूलाओ मेहुणाओ वेरमणं जावज्जीवाए तं दिव्वं दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा, माणुस्सं तिरिक्खजोणियं अवसेसं एगविहं एगविहेणं न करेमि कायसा, एअस्स थूलग-मेहुणवेरमणस्स समणो- वासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तं जहा– १. इत्तरिय परिग्गहिया गमणे २. अपरिग्गहिया गमणे ३. अनंगकिड्डा ४. पर विवाह करणे ५. कामभोग तिव्वाभिलासे जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं ।

**પાંચમું અણુવ્રત :–** पंचमं अणुव्वयं थूलाओ परिग्गहाओ वेरमणं– १.खेत्तवत्थुणं जहापरिमाणं २. हिरण्ण सुवण्णाणं जहा परिमाणं ३. घणधण्णाणं जहा परिमाणं ४. दुप्पय चउप्पयाणं जहापरिमाणं ५. कुवियस्स जहापरिमाणं एवं मए जहा-परिमाणं कयं तओ अइरित्तस्स परिग्गहस्स पच्चक्खाणं जावज्जीवाए, एगविहं तिविहेणं न करेमि मणसा वयसा कायसा एअस्स थूलग परिग्गह परिमाण वयस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तं जहा– १. खेतवत्थुप्पमाणाइक्कमे २. हिरण्ण सुवण्ण पमाणा- इक्कमे ३. धणघण्ण पमाणाइक्कमे ४. दुप्पयचउप्पया पमाणाइक्कमे ५. कुविय पमाणाइक्कमे, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं।

**છઠ્ઠું અણુવ્રત :–** छट्ठं दिसिव्वयं उड्ढदिसाए जहा परिमाणं, अहोदिसाए जहापरिमाणं, तिरियदिसाए जहा परिमाणं, एवं मए जहापरिमाणं कयं तओ सेच्छाए काएणं गंतूण पंचासवासेवणस्स पच्चक्खाणं, जावज्जीवाए दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा । एअस्स दिसिव्वयस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तं जहा– १. उड्ढदिसि पमाणाइक्कमे २. अहोदिसि पमाणाइक्कमे ३. तिरियदिसि पमाणाइक्कमे ४. खेत्तवुड्ढि (५) सइअंतरद्धा, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं ।



**સાતમું અણુવ્રત :–** सत्तमे वए उवभोग परिभोग विहिं पच्चक्खायमाणे– १. उल्लणियाविहिं २. दंतणविहिं ३. फलविहिं ४. अब्भंगणविहिं ५. उव्वट्टणविहिं ६. मज्जणविहिं ७. वत्थविहिं ८. विलेवण विहिं ९. पुप्फविहिं १०.आभरणविहिं ११. धूवणविहिं १२. पेज्जविहिं १३. भक्खणविहिं १४. ओदणविहिं १५. सूपविहिं १६. विगयविहिं १७. सागविहिं १८. महुरविहिं १९. जेमणविहिं २०. पाणीयविहिं २१. मुखवासविहिं २२. वाहणविहिं २३. उवाहणविहिं २४. सयणविहिं २५. सचित्तविहिं २६. दव्वविहिं; इच्चाइण जहापरिमाणं कयं तओ अइरित्तस्स उवभोगपरिभोगस्स पच्चक्खाणं, जावज्जीवाए एगविहं तिविहेणं न करेमि मणसा वयसा कायसा। सत्तमे उवभोगपरिभोगव्वए दुविहे पन्नत्ते तंजहा– भोयणओ य कम्मओ य तत्थणं भोयणओ समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरिव्वा तंजहा– १. सचित्ताहारे २. सचित्तपडिबद्धाहारे ३. अपक्कोसहिभक्खणया ४. दुपक्कोसहिभक्खणया ५. तुच्छोसहिभक्खणया। एवं कम्मओ णं समणोवासएणं पण्णरसकम्मादाणाइं जाणियव्वाइं न समायरियव्वाइं तंजहा– १. इंगालकम्मे २. वणकम्मे ३. साड़ीकम्मे ४. भाड़ीकम्मे ५. फोडीकम्मे ६. दंतवाणिज्जे ७. लक्खवाणिज्जे ८. रसवाणिज्जे ९. केसवाणिज्जे १०. विषवाणिज्जे ११. जंतपीलणकम्मे १२. निल्लंछणकम्मे १३. दवग्गि दावणया १४. सरदह तलाय परिसोसणया १५. असइजण पोसणया, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं ।

**આઠમું અણુવ્રત :–** अट्ठमं अणट्ठदंड वेरमणव्वयं से य अणट्ठदंडे चउव्विहे पण्णत्ते तंजहा– १. अवज्झाणाचरिए २. पमायाचरिए ३. हिंसप्पयाणे ४.पावकम्मोवएसे, इच्चेवमाइस्स अणट्ठादंडसेवणस्स पच्चक्खाणं, जावज्जीवाए दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा । एअस्स अट्ठमस्स अणट्ठदंड वेरमणस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तंजहा– १. कंदप्पे २. कुक्कुइए ३. मोहरिए ४. संजुत्ताहिगरणे उवभोग- परिभोगाइरित्ते, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं।

**નવમું અણુવ્રત :–** नवमं सामाइयव्वयं सावज्ज जोग वेरमण रूवं जावनियमं पज्जुवासामि दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा । एअस्स नवमस्स सामाइयवयस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियवा तंजहा– १. मणदुप्पणिहाणे २. वय दुप्पणिहाणे ३. कायदुप्पणिहाणे ४. सामाइयस्स सइ अकरणया ५. सामाइयस्स अणवट्ठियस्स करणया, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं ।

**દસમું અણુવ્રત :–** दसमं देसावगासियव्वयं दिणमज्झे पच्चूसकालाओ आरब्भ पुव्वादिसु छसु दिसासु जावइयं परिमाणं कयं तओ अइरित्तं सेच्छाए काएणं गंतूणं अन्नेवा पेहिऊण पंचासवासेवणस्स पच्चक्खाणं, जाव अहोरत्तं दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा, अह य छसु दिसासु जावइयं परिमाणं कयं तम्मज्झेवि जावइयाणं दव्वाइणं परिमाणं कयं तओ अइरित्तस्स उवभोग परिभोगस्स पच्चक्खाणं, जाव अहोरत्तं एगविहं तिविहेणं न करेमि मणसा वयसा कायसा । एअस्स दसमस्स देसावगासिय वयस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तंजहा– १. आणवणप्पओगे २. पेसवणप्पओगे ३. सद्दाणुवाए ४. रूवाणुवाए ५. बहियापुग्गलपक्खेवे, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छा मिदुक्कडं।

**અગિયારમું અણુવ્રત :–** एकारसमं पोसह वयं असण-पाण-खाइम-साइम-पच्चक्खाणं, अबंभ- पच्चक्खाणं उम्मुक मणि सुवण्णाइ पच्चक्खाणं, मालावण्णग विलेवणाइ पच्चक्खाणं, सत्थमूसलाइ सावज्जजोग पच्चक्खाणं, जाव अहोरत्तं पज्जुवासामि दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा । एअस्स एकारसमस्स पोसहवयस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा न समाय रियव्वा तंजहा– १. अप्पडिलेहिय दुप्पडिलेहिय सिज्जा- संथाराए २. अप्पमज्जिय दुप्पमज्जिय सिज्जासंथारए ३. अप्पडिलेहिय दुप्पडिलेहिय उच्चार पासवणभूमि ४.अप्पमज्जिय दुप्पमज्जिय उच्चारपासवण भूमि ५. पोसहस्स सम्मं अणणु पालणया, जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं ।

**બારમું અણુવ્રત :–** बारसमं अतिहि–संविभागवयं असण पाण खाइम साइम वत्थ पडिग्गह कंबल पायपुंछणेणं, पडिहारिय पीढ़ फलग सेज्जा संथारएणं, ओसह भेसज्जेणं पडिलाभेमाणे विहरामि । एयस्स अतिहिसंविभागवयस्स पंच अइयारा जाणियव्वा न समायरियव्वा तंजहा– सचित्त निक्खेवणया, सचित्तपिहणया कालाइक्कमे, परववएसे, मच्छरियाए जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडं । – *ઉપાસક દશા– અ. ૧. આવ.–૪. નિ.*

*સાધુનો કષાય પાણીમાં ખેંચેલી લીટીના સમાન તરત જ નષ્ટ થઈ જવો જોઈએ. તેને સંજ્વલન કષાય કહે છે. એક દિવસથી અધિક કષાય રંજનો ભાવ રહેવાથી સાધુપણું રહેતું નથી. ગુણસ્થાન છૂટી જાય છે.*



## પરિશિષ્ટ–૨

## સૂત્ર સિવાયના પ્રચલિત ગુજરાતી પાઠો

**ભાષા–પાઠાનુક્રમ :–**

| | | |
|---|---|---|
| (૧) છ કાયા | (૬) ચૌદ સંમૂર્ચ્છિમ | (૧૧) પ્રત્યાખ્યાન |
| (૨) પાંચ મહાવ્રત | (૭) પચ્ચીસ મિથ્યાત્વ | (૧૨) પ્રતિક્રમણ શુદ્ધિ |
| (૩) રાત્રિ ભોજન | (૮) ક્ષમાપના પાઠ | (૧૩) અઢાર પાપ |
| (૪) સમિતિ ગુપ્તિ | (૯) કાયોત્સર્ગ આજ્ઞા | (૧૪) જ્ઞાનાતિચાર |
| (૫) સંલેખના-સંથારા | (૧૦) તપ ચિંતન | (૧૫) દર્શનાતિચાર |

**અતિચાર ચિંતન વિધિ [ પ્રથમાવશ્યકમાં ]**

અતિચાર ચિંતનની બે પ્રકારની વિધિ છે. જેમ કે– (૧) દિનચર્યા ચિંતન વિધિ (૨) છ કાય, મહાવ્રત, સમિતિ ગુપ્તિના સ્વરૂપને આધારે અતિચાર ચિંતન વિધિ. (૧) સવારે સૂર્યોદય પછી મુહપત્તિ પ્રતિલેખનથી લઈને જે કાંઈ દૈનિક કાર્ય, વચન પ્રયોગ વગેરે કર્યા હોય, તેનું ક્રમથી સ્મરણ કરતાં-કરતાં વિચારવું કે તેમાં ક્યાંય કોઈપણ સંયમ કલ્પવિધિમાં અતિચાર દોષ લાગ્યો નથી ને ? કોઈ અવિધિ તો થઈ નથી ને ? આમ ક્રમશઃ સાંજનું પ્રતિક્રમણ શરૂ કરતાં પહેલાંના બધા કાર્યક્રમોમાં ઉપયોગ લગાવીને અનુપ્રેક્ષણ કરવું, આ દિનચર્યા ચિંતન વિધિ છે. (૨) છ કાય, પાંચ મહાવ્રત સ્વરૂપ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, એમ જ્ઞાન દર્શન, ચારિત્ર તપના સ્વરૂપના આધારે અનુપ્રેક્ષણ કરવું કે આ સંયમના મુખ્ય નિયમ, ઉપનિયમોમાં કાંઈ સ્ખલના તો થઈ નથી ને ?

**નોંધ :–** આ બંને ચિંતન વિધિનો નિર્દેશ આવશ્યક નિર્યુક્તિ ભાષ્ય ટીકામાં ઉપલબ્ધ છે.

આ ચિંતન પ્રવૃત્તિઓ ભાવાત્મક રૂપથી પરંપરામાં ચાલવાથી તત્સંબંધી સ્વતંત્ર કોઈ પણ મૂળપાઠ આવશ્યક સૂત્રમાં નથી પરંતુ તેનો વિધિ રૂપ સંકેત ઉત્તરાધ્યયન સૂત્ર આદિમાં છે.

આજકાલ ચિંતન વિધિ પ્રાયઃ લોપ જ થઈ રહી છે. કેવળ પરંપરાથી પ્રાપ્ત પાઠનું પુનરાવર્તન માત્ર કાઉસ્સગ્ગમાં કરી લેવામાં આવે છે અને આત્મ-નિરીક્ષણ, અવલોકન, તેમજ ભાવાત્મક ચિંતનનું લક્ષ્ય ગૌણ થઈ ગયું છે. આત્માર્થી સાધકોએ આ વિષયમાં અવશ્ય સુધારો કરવો જોઈએ. બીજી ચિંતન વિધિ માટે પાઠ આ રીતે છે.

**છ કાયનો પાઠ :–**

**પૃથ્વીકાય :–** રસ્તામાં વિખરાયેલી સચિત્ત માટી, મુરડ, રેતી, બજરી, કાંકરી

પથ્થરના ટુકડા અથવા ચૂરો, પત્થરના કોલસા અથવા ચૂરો, મીઠાં આદિ પૃથ્વીકાયના જીવોની વિરાધના થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**અપ્કાય :–** ઘરમાં ઢોળાયેલું પાણી, ધોયેલું પાણી, રસ્તામાં ફેંકાયેલું પાણી; નળ, પરબ વગેરે પાસે ઉછળતું પાણી; વર્ષા, ઝાકળ, ધુમ્મસ અને સૂક્ષ્મ વૃષ્ટિ કાયનું પાણી; નદી, નાળાં, કુવા, વાવડી, તળાવ આદિનું પાણી ઈત્યાદિ સચિત્ત અથવા મિશ્ર પાણીનો સંઘટ્ટો, વિરાધના થઈ હોય અને ધોવણની ગવેષણા આદિમાં અપ્કાય જીવોની વિરાધના થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**તેઉકાય :–** ગોચરી જવાના પ્રસંગમાં કોઈપણ પ્રકારની અગ્નિની વિરાધના થઈ હોય, રસ્તે ચાલતાં બીડી આદિ, સ્કુટર, ટેક્સી આદિનો સંઘટ્ટો ઈત્યાદિ રૂપે તેઉકાયની વિરાધના થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**વાઉકાય :–** શરીરના અંગોપાંગ, હાથ, પગ, મસ્તક વગેરેને ઉપદેશ, વાતચીત આદિ કાર્યમાં, પ્રતિલેખન, પ્રમાર્જનમાં તીવ્રગતિથી, ઝાટકાથી, ઉતાવળથી ચલાવ્યાં હોય; આ જ રીતે કોઈપણ ઉપકરણ, રજોહરણ, પાત્ર વસ્ત્ર, પુંજણી આદિને તીવ્રગતિથી, ઝાટકાથી, ઉતાવળથી ચલાવ્યાં હોય, પટક્યું ફેંક્યું હોય અથવા ઉપકરણ શરીર આદિને શાંતિથી યતનાપૂર્વક હલાવવાનું ધ્યાન રાખ્યું ન હોય; મુહપત્તિ વિના બોલાયું હોય; ઉતરવું, ચઢવું, ચાલવું તીવ્રગતિથી કુદકા અથવા ઠેકડાં મારતા કર્યું હોય, જેનાથી વાઉકાયની વિરાધના થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**વનસ્પતિકાય :–** લીલું ઘાસ, અંકુરા, લીલાપાન, ફૂલ, બીજ, શાક વગેરેના છોતરાં અથવા ટુકડાં, મરચાના બી, અનાજ, ગોટલી વગેરેની રસ્તામાં, ઘરોમાં વિરાધના થઈ હોય, ફુલણનો સંઘટ્ટો થયો હોય અથવા તેનું ઉલ્લંઘન કરવું પડ્યું હોય ઈત્યાદિ વનસ્પતિકાયની વિરાધના થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**બેઈન્દ્રિય :–** નાની મોટી લટ, કૃમિઓ વગેરે બેઈન્દ્રિય જીવોની વિરાધના થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**તેઈન્દ્રિય :–** લાલ કીડી , કાળી કીડી, મકોડા, પુસ્તકોમાંના નાના મોટા જીવ, જમીન જેવા રંગના કંથવા, ઈતડી, ઉધઈ, કાચા મકાનમાં અને વૃક્ષની નીચે અનેક પ્રકારના જીવ, ચાંચડ, માંકડ, જૂં, લીખ આદિ તેઈન્દ્રિય જીવોની વિરાધના થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**ચૌરેન્દ્રિય :–** માખી, મચ્છર, ડાંસ, નાના મોટા કરોળિયા, અનેક પ્રકારની કંસારી, વીજળીથી થતાં મચ્છર અને નાના મોટા અનેક જીવોની વિરાધના થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**પંચેન્દ્રિય :–** કૂતરાં, ચકલી, કબૂતર, ઉંદર, બિલાડી વગેરે જીવોની વિરાધના થઈ હોય તથા માર્ગમાં લઘુનીત કફ વગેરે અશુચિ પર પગ આવ્યા હોય, ગટરોને



ઓળંગવી પડી હોય અથવા ગટરના પાણી આદિ ઓળંગતા વિરાધનાનું કારણ બન્યું હોય તથા પરઠવા સંબંધી અવિધિથી કાંઈ વિરાધનાનું કારણ બન્યું હોય ઈત્યાદિ સંજ્ઞી, અસંજ્ઞી જીવોની વિરાધના થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા તેમજ બીજા સ્ત્રી, પુઢષ, પશુ પક્ષીઓની મન, વચન, કાયાથી કોઈપણ પ્રકારની આશાતના, વિરાધના કરી હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**મહાવ્રતના પાઠ :–**

**પહેલું મહાવ્રત : સંપૂર્ણ હિંસાનો ત્યાગ :–** છ કાય જીવોની સૂક્ષ્મ અને સ્થૂલ રૂપે મનથી, વચનથી, કાયાથી જીવન પર્યંત હિંસા કરવી નહિ, કરાવવી નહિ અને કરતાંને અનુમોદવી નહીં. એવા પહેલા મહાવ્રતની પાંચ ભાવના છે. (૧) યતનાપૂર્વક જોઈને ચાલવું. (૨) હંમેશાં મનને પ્રશસ્ત રાખવું. (૩) હંમેશાં સારા વચનોનો જ પ્રયોગ કરવો. (૪) ગવેષણાના નિયમોનું પૂર્ણ રૂપથી આત્મ સાક્ષીથી પાલન કરવું. (૫) વસ્તુ રાખવી, ઉપાડવી, પરઠવી વગેરે પૂર્ણ વિવેક તેમજ યત્નાની સાથે કરવું; એવા પેલા મહાવ્રતની પાંચ ભાવનાના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો માઢં પાપ મિથ્યા થાઓ. (નિષ્ફલ થાઓ)

**બીજું મહાવ્રત : સંપૂર્ણ અસત્યનો ત્યાગ :–** વિચાર્યા વગર, ઉતાવળમાં તેમજ ક્રોધ, માન, માયા, લોભને વશ થઈ સૂક્ષ્મ કે સ્થૂલ કોઈપણ પ્રકારે મનથી, વચનથી, કાયાથી જીવનપર્યંત જૂઠું બોલવું નહીં બોલાવવું નહીં, બોલવાવાળાને રૂડું માનવું નહીં. એવા બીજા મહાવ્રતની પાંચ ભાવના છે. (૧) સમજી વિચારીને શાંતિપૂર્વક બોલવું. (૨-૩) ક્રોધ–લોભ વગેરે કષાયોના ઉદય સમયે ક્ષમા–સંતોષ આદિ ભાવોને ઉપસ્થિત રાખવા, મૌન તેમજ વિવેક ધારણ કરવા. (૪) હાંસી, મજાક, કુતૂહલના પ્રસંગે અથવા તેવા ભાવ ઉપસ્થિત થાય ત્યારે પણ મૌન તેમજ ગંભીરતા ધારણ કરવી. (૫) ભય સંજ્ઞા થતાં નીડરતા તેમજ ધૈર્ય ધારણ કરવા. એવા બીજા મહાવ્રતની પાંચ ભાવનાના વિષયમાં કોઈ અતિચાર લાગ્યો હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**ત્રીજું મહાવ્રત : સંપૂર્ણ અદત્તનો ત્યાગ :–** ક્યાંય પણ, કોઈપણ નાની મોટી વસ્તુ આજ્ઞા વિના તથા કોઈ દ્વારા દીધા વિના મનથી, વચનથી, કાયાથી, જીવન પર્યંત ગ્રહણ કરવી નહીં, કરાવવી નહીં, અદત્ત ગ્રહણ કરનારાને ભલા પણ જાણવા નહીં. એવા ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના છે. (૧) નિર્દોષ સ્થાન, શય્યા સંથારાની યાચના કરવી. (૨) તૃણ, કાષ્ટ ઘાસ, લાકડું, કાંકરો, પત્થર, આદિ પણ યાચના કરીને લેવા. (૩) સ્થાનક આદિના પરિકર્મ કરવા નહીં. (૪) સહયોગી સાધુના આહાર, ઉપકરણ આદિ અદત્ત લેવા નહીં. (૫) વિનય, તપ, સંયમ, ધર્મના કર્તવ્યોનું ઈમાનદારીથી પાલન કરવું. તપના ચોર, રૂપનાં ચોર,

વ્રતનાં ચોર, આચારના ચોર તેમજ ભગવંતની આજ્ઞાના ચોર થવું નહીં. એવા ત્રીજા મહાવ્રતની પાંચ ભાવનાના વિષયમાં કોઈ અતિચાર લાગ્યો હોય તો મારું પાપ મિથ્યા થાઓ.

**ચોથું મહાવ્રત : કુશીલનો સંપૂર્ણ ત્યાગ :–** મનુષ્ય, પશુ, દેવ સંબંધી કામ ભોગનું સેવન અથવા સંકલ્પ, ઈચ્છા કરવી નહીં, દૃષ્ટિ વિકાર અથવા કામ કુચેષ્ટા કરવી નહીં. મનથી, વચનથી, કાયાથી જીવન પર્યંત આ પ્રકારના કુશીલ અબ્રહ્મચર્યનું સેવન સ્વયં કરવું નહીં, કરાવવું નહીં, કુશીલ સેવનારને રૂડાં પણ જાણવા નહીં. આવા ચોથા મહાવ્રતની પાંચ ભાવના છે. (૧) સ્ત્રી, પશુ વગેરેથી રહિત મકાનમાં રહેવું. (૨) સ્ત્રી સંપર્ક પરિચય વાતનો વિવેક રાખવો, (૩) સ્ત્રીના અંગોપાંગને રાગ, આસક્તિ ભાવથી જોવા સંભારવા અથવા નિરખવા નહીં, (૪) પૂર્વ ભોગવેલા ભોગોનું સ્મરણ કરવું નહીં, તેમજ નવાના કુતૂહલ આકાંક્ષા કરવા નહીં. (૫) સદા સરસ સ્વાદિષ્ટ કે અતિમાત્રામાં આહાર કરવો નહીં, અથવા ઊણોદરી તપ તેમજ રસેન્દ્રિય વિજય કરવો. એવા ચોથા મહાવ્રતની પાંચ ભાવનાના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો મારું પાપ મિથ્યા થાઓ.

**પાંચમું મહાવ્રત : સંપૂર્ણ પરિગ્રહ ત્યાગ :–** સોના, ચાંદી, ધન, સંપત્તિ, જમીન, જાયદાદ(વારસો) રાખવાનો સંપૂર્ણ ત્યાગ; સંયમ અને શરીરને આવશ્યક ઉપકરણો સિવાય સંપૂર્ણ નાના મોટા પદાર્થોના ત્યાગ; ગ્રહિત અગ્રહિત બધા પદાર્થો પર મમત્વ મૂર્છા આસક્તિ ભાવનો પૂર્ણ રૂપથી ત્યાગ; મનથી, વચનથી, કાયાથી જીવન પર્યંત. આ પ્રકારે દ્રવ્ય તેમજ ભાવ પરિગ્રહ કરવો નહીં, કરાવવો નહીં કરનારાની અનુમોદના કરવી નહીં; એવા પાંચમા મહાવ્રતની પાંચ ભાવના છે.(૧/૫) શબ્દ/રૂપ/ગંધ/ રસ/તેમજ સ્પર્શના શુભ સંયોગમાં રાગભાવ આસક્તિ ભાવ કરવા નહીં. તેમજ અશુભ સંયોગમાં દ્વેષ, હીલના અપ્રસન્ન ભાવ કરવા નહીં. પુદ્ગલ સ્વભાવના ચિંતનપૂર્વક સમભાવ, તટસ્થભાવના પરિણામોમાં રહેવું. રાગદ્વેષથી રહિત બનવાનો અને કર્મ બંધ થાય નહીં તેવો પ્રયત્ન કરવો. એવા પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો મારું પાપ મિથ્યા થાઓ.

**છઠ્ઠું વ્રત : રાત્રિ ભોજનનો સંપૂર્ણ ત્યાગ :–** આહાર, પાણી, ઔષધ, ભેષજ વગેરે કોઈપણ ખાદ્ય પદાર્થ, લેપ્ય પદાર્થ રાત્રિના સમયે પાસે રાખવા નહીં, ખાવા/પીવા નહીં, ઔષધ ઉપચાર લેપ વગેરે કરવા નહીં, આગાઢ પરિસ્થિતિથી રાત્રે રાખેલા પદાર્થ રાત્રે કામમાં લેવા નહીં, રાત્રે ઉદ્ગાલ મુખમાં આવી જાય તો એને કાઢી નાખવા, દિવસમાં પણ અંધકારયુક્ત સ્થાનમાં આહાર કરવો નહીં.

આવી રીતે દિવસ રાત્રિ ભોજન અને રાત્રિ-રાત્રિ ભોજનરૂપ છઠ્ઠા વ્રતની કોઈપણ મર્યાદાનું ઉલ્લંઘન થાય તો મારા પાપ નિષ્ફળ થાઓ, મિચ્છામિ દુક્કડં.



કાયોત્સર્ગમાં એમનું હું અવલોકન કરું છું.

**પાંચ સમિતિ ત્રણ ગુપ્તિના પાઠ :–**

**ઈર્યાસમિતિ :–** શાંતિથી ચાલવું, નીચે જોઈને ચાલવું, એકાગ્રચિતે ચાલવું. છકાય જીવોની રક્ષાના વિવેકથી ચાલવું. ચાલતાં ચાલતાં કોઈ સાથે વાતો ન કરવી. રાત્રિમાં પોંજીને ચાલવું (પ્રર્માજન કરીને), બહુ જીવ દેખાય તો દિવસે પણ પોંજીને ચાલવું. ક્યાંય અંધારૂં હોય તો દિવસે પણ પોંજીને ચાલવું. ચાલતી વખતે શબ્દ રૂપ આદિ ભાવોમાં આસક્ત ન થવું અને સ્વાધ્યાય, અનુપ્રેક્ષા આદિ પણ કરવાં નહીં. એવી ઈર્યા સમિતિના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો મારું પાપ મિથ્યા થાઓ.

**ભાષા સમિતિ :–** કઠોર, કર્કશ, છેદકારી, ભેદકારી, રહસ્ય વચન, સાવદ્ય વચન, નિશ્ચયકારી વચન, અતિશયોક્તિ યુક્ત વચન બોલવા નહીં. ગપ્પા લગાવવાં નહીં. પરસ્પર નિરર્થક, નિષ્પ્રયોજન વાતો કરવી નહીં અથવા સમય વ્યતીત કરવાને માટે પરસ્પર વિકથા કરવી નહીં. કોઈની નિંદા, હાંસી, તિરસ્કારની વાતો કરવી નહીં. બહુ બોલવું નહીં, તેમજ ઉટપટાંગ (આડુ-અવળું ઊંધુ-ચત્તું) અથવા વિકૃત ભાષા બોલવી નહીં. એવી બીજી ભાષા સમિતિના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો મારું પાપ મિથ્યા થાઓ.

**એષણા સમિતિ :–** ગવેષણા અને પરિભોગેષણાની વિધિનું અને નિયમોનું સંપૂર્ણ રીતે પાલન કરવું. વિવેક અને વિરક્તિ તથા સત્યનિષ્ઠાની સાથે આહાર, વસ્ત્ર, પાત્ર આદિ ગ્રહણ કરવાં તેમજ ઉપયોગ કરવો અથવા એષણાના ૪૨ દોષો અને માંડલાના પાંચ દોષોનું સેવન કરવું નહીં. પહેલા પહોરમાં લીધેલ આહાર પાણી ચોથા પહોરમાં રાખવા નહીં. પોતાના સ્થાનથી ચારે તરફ બે ગાઉ ઉપરાંત આહાર પાણી લઈ જવા નહીં. એવી એષણા સમિતિના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો મારું પાપ મિથ્યા થાઓ.

**આદાન નિક્ષેપ સમિતિ :–** ભંડોપકરણ અથવા વસ્ત્ર, પાત્ર, રજોહરણ, ડંડા, સોય, કાગળ, પુસ્તક આદિ કોઈપણ ઉપકરણ ઉપરથી ફેંકવું(નાંખવું) નહીં, વાંકા વળીને વિવેકપૂર્વક નીચે નમીને ભૂમિ વગેરે ઉપર જોઈને રાખવું. આ પદાર્થોને ઉપાડવા હોય તો પણ શાંતિ અને વિવેકથી યતનાપૂર્વક ઉપાડવા. પોતાની પાસે રાખેલા ઉપકરણોનું સવાર સાંજ વિધિપૂર્વક પ્રતિલેખન કરવું અને તે ઉપકરણો પર મમત્વ મૂર્છાભાવ ન રાખતાં તેનો પૂરો ઉપયોગ કરવો. બિનજરૂરી ઉપકરણોનો સંગ્રહ કરવો નહીં. ખૂબ જરૂરી ઉપકરણો જ લેવા; એવી ચોથી સમિતિના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો મારું પાપ મિથ્યા થાઓ.

**પારિષ્ઠાપનિકા સમિતિ :–** શરીરના અશુચિ પદાર્થોને, જીર્ણ ઉપધિને, વધેલા પાણી અથવા આહારાદિને પરઠવા યોગ્ય અન્ય બધા પદાર્થોને તેના યોગ્ય

વિવેકની સાથે યોગ્ય સ્થાનમાં પરઠવા. વડીનીત પરઠવા યોગ્ય ભૂમિ ૧૦ બોલ (ગુણ) યુક્ત હોય અથવા તેવા સ્થાન પર જ શૌચ નિવૃત્તિના માટે બેસવું. શૌચ નિવૃતિની અન્ય પણ આગમોક્ત વિધિઓનું પૂર્ણ પાલન કરવું; કફ વગેરે પરઠવામાં પણ પૂર્ણ વિવેક અને યતનાભાવ રાખવો, કોઈપણ પદાર્થને પરઠ્યા પછી તેને વોસિરાવવો અથવા વોસિરે-વોસિરે કહેવું. વડીનીત જઈને આવ્યા પછી ઈરિયાવહિનો કાઉસગ્ગ કરવો. પરઠવામાં ત્રસ, સ્થાવર, જીવોની વિરાધના ન થાય, તેનો પૂરો વિવેક રાખવો. એવી પારિષ્ઠાપનિકા સમિતિના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**મન ગુપ્તિ :–** મનમાં સંકલ્પ વિકલ્પ આદિ વિશેષ કરવા નહીં. શાંત પ્રસન્ન મને રહેવું. એવી મન ગુપ્તિના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**વચન ગુપ્તિ :–** વિકથા આદિ ન કરતાં, અધિકતમ મૌન વૃત્તિથી રહેવું, આવી વચન ગુપ્તિના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**કાય ગુપ્તિ :–** હાથ, પગ, માથું તેમજ સમસ્ત શરીરને નિષ્પ્રયોજન હલાવવા નહીં. અવિવેકથી હલાવવા નહીં. હાથ પગ આદિને પૂરા સંયમિત રાખતાં પ્રત્યેક પ્રવૃતિ કરવી. જીવ જંતુને જોઈને, પોંજીને પછી જ ખંજવાળવું, ભીંત આદિનો સહારો લેવો, હાથ પગને પસારવા, ભેગા કરવા, સૂવું, પડખું ફેરવવું આદિ પણ વિવેકપૂર્વક કરવા; ઈત્યાદિ કાયા ગુપ્તિના વિષયમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**સમુચ્ચય પાઠ :–** મૂળગુણ સમિતિ ગુપ્તિ યુક્ત પાંચ મહાવ્રત અને ઉત્તરગુણમાં અન્ય નિયમ, પચ્ચક્ખાણ, તપ, સ્વાધ્યાય, ધ્યાન યોગ આદિ છે, એના વિષયમાં જે કોઈ અવિવેકથી પ્રવર્તન પ્રરૂપણા થઈ હોય તો માઢં પાપ મિથ્યા થાઓ.

**સંલેખના-સંથારા :–**

હે ભગવાન હું જીવનના અંતિમ સમયમાં પોતાના ધાર્મિક જીવનની આરાધના માટે સંલેખના કરૂં છું. એવં મૃત્યુને બિલકુલ નજીક આવેલું જાણીને સંથારો ગ્રહણ કઢં છું.

પૌષધશાળાનું પ્રતિલેખન પ્રમાર્જન કરીને અને તેની આસપાસ નજીકમાં મળમૂત્ર પરઠવાની ભૂમિનું પ્રતિલેખન કરીને, ઘાસ આદિનો સંથારો પાથરીને, ગમનાગમનનું પ્રતિક્રમણ(ઈરિયાવહિ) કરીને ઘાસના સંથારા પર સુખાસનથી બેસું છું.

બંને હાથ જોડી, મસ્તકની પાસે અંજલી કરીને, પહેલાં સિદ્ધ સ્તુતિથી સિદ્ધ ભગવાનને અને બીજી વાર સિદ્ધ સ્તુતિથી મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન અરિહંત ભગવાન–તીર્થંકરને નમસ્કાર કરું છું.



બધા સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાની ક્ષમાયાચના કરી એવં ક્ષમાભાવ પ્રદાન કરીને, પછી બધા નાના મોટા જીવોની ક્ષમાયાચના એવં ક્ષમાભાવ પ્રદાન કરું છું. અથવા કોઈપણ પ્રાણીના પ્રતિ વૈર વિરોધભાવ રાખતો નથી.

પૂર્વે લીધેલા વ્રત પ્રત્યાખ્યાનોમાં કોઈ અતિચાર દોષ લાગ્યો હોય તો તેને યાદ કરી, આલોચના, પ્રતિક્રમણ કરીને, તેને ત્યાજ્ય સમજી હવે હું પૂર્ણ શલ્ય રહિત થાઉં છું.

પહેલાં મેં અંશતઃ હિંસા, આદિ ૧૮ પાપોનો ત્યાગ કર્યો હતો, હવે હું આપની સાક્ષી(શાસનપતિની સાક્ષી)એ સંપૂર્ણ ૧૮ પાપોનો ત્યાગ ત્રણ કરણ ત્રણ યોગથી જીવન પર્યંતને માટે કરું છું.

અસન, પાન, ખાદિમ, સ્વાદિમ ચારે પ્રકારના આહારોનો(અથવા ત્રણ આહારોનો) પણ જીવન પર્યંતને માટે ત્યાગ કરું છું.

ધન, કુટુંબ, પરિવાર, સગા, સંબંધી, મિત્ર, સાથી જેને માટે 'આ મારા છે' 'આ મારા છે,' એવું માન્યું છે, તેનો પણ હું ત્યાગ કરૂં છું. કારણ કે હું તો એકલો છું અને એકલો જ મૃત્યુને પ્રાપ્ત કરનારો છું.

જે આ માઢં શરીર છે તેના પ્રતિ મેં જીવનભર બહુ જ મોહ રાખ્યો છે. એની ઘણી જ સાર સંભાળ કરી છે. આ શરીરની સુખ સુવિધાને માટે જ રાતદિવસ પ્રયત્નશીલ રહ્યો છું. આ શરીરનો પણ હવે હું ત્યાગ કરૂં છું. એને વોસિરાવું છું. કારણ કે આ ઔદારિક શરીર પણ અહીં રહીને બળીને ભસ્મ થવાવાળું છે.

આ પ્રકારે હું પૂર્ણ રૂપથી આજીવન અનશન-ભક્ત પ્રત્યાખ્યાન સંથારો ગ્રહણ કઢં છું અને પંચ પરમેષ્ટી મહામંત્રને જ શરણભૂત માની, તેનું જ સ્મરણ કઢં છું અને તેનું જ ચિંતન, મનન, અર્થ, પરમાર્થ અવગાહનામાં હું મારા આત્માને લીન બનાવું છું.

**૧૪ સંમૂર્ચ્છિમનો પાઠ :–**

મનુષ્ય સંબંધી આ ચૌદ અશુચિ સ્થાન છે, જેમાં ઉત્કૃષ્ટ બે મિનિટની ઉંમરવાળા અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્ય જન્મતા મરતાં રહે છે. જેમ કે **૧.** મળમાં **૨.** મૂત્રમાં **૩.** કફમાં **૪.** શ્લેષ્મમાં **૫.** વમનમાં **૬.** પિત્તમાં **૭.** લોહીમાં **૮.** રસીમાં **૯.** શુક્ર(વીર્ય)માં **૧૦.** ફરી ભીના થયેલા વીર્યમાં **૧૧.** મૃત શરીરમાં **૧૨.** સ્ત્રી પુઢષના સંયોગમાં અર્થાત્ કુશીલ સેવનમાં **૧૩.** ગટરોમાં **૧૪.** બીજા પણ ઉકરડા આદિ અશુચિ સંકલનના દુર્ગંધયુક્ત સ્થાનોમાં.

આ જીવોની જાણ્યે અજાણ્યે આદત કે પ્રમાદવશ વિરાધના થઈ હોય તો તેનો હું પશ્ચાત્તાપ કરું છું અને એવી પ્રમાદ પ્રવૃત્તિથી એક દિવસ નિવૃત્ત થાઉં એવી મનોકામના કરું છું.

**૨૫ મિથ્યાત્વનો પાઠ :–**

ખોટી માન્યતા, અશુદ્ધ સમજ, અશુદ્ધ શ્રદ્ધાના આ ૨૫ પ્રકાર જાણવા યોગ્ય અને છોડવા યોગ્ય છે. જેમ કે **૧.** જિનેન્દ્ર કથિત જીવને અજીવ માનવા **૨.** અજીવને જીવ માનવા **૩.** ધર્મ કૃત્યને અધર્મ માનવો **૪.** અધર્મને ધર્મ માનવો **૫.** પાંચ મહાવ્રત પાલન કરનાર સાધુને સાધુ ન માનવા **૬.** પાંચ મહાવ્રત પાલન ન કરનારા અસાધુને સાધુ માનવા **૭.** મોક્ષ માર્ગને સંસાર માર્ગ માનવો **૮.** સંસાર માર્ગને મોક્ષ માર્ગ માનવો **૯.** મુક્ત થયેલા જીવોને અમુક્ત (મોક્ષ નહીં ગયેલ) માનવા **૧૦.** મોક્ષ ન ગયેલા જીવોને મુક્ત માનવા **૧૧.** આગ્રહ યુક્ત ખોટી સમજ **૧૨.** સામાન્ય રૂપ ખોટી સમજ **૧૩.** સંશય યુક્ત સમજ **૧૪.** જાણી સમજીને ખોટાંને સાચું માનવા મનાવવાનો આગ્રહ **૧૫.** અનાભોગ, ભોળ પણું, અજ્ઞાનદશા, વિકાસરહિત અવસ્થા **૧૬.** લોકપ્રચારની ખોટી સમજ પ્રવૃતિ **૧૭.** પરલોક સંબંધી ખોટી સમજ પ્રવૃતિ **૧૮.** અન્ય મત સંબંધી માન્યતા **૧૯-૨૧.** જિન પ્રવચન સિદ્ધાંતથી ઓછું, અધિક અથવા વિપરીત માનવું **૨૨.** ક્રિયા-આચારની ઉપેક્ષા વૃત્તિ અને વિચાર **૨૩.** જ્ઞાન અધ્યયનના પ્રતિ ઉપેક્ષા વૃત્તિ અને વિચાર **૨૪.** વિનય ભાવની ઉપેક્ષા વૃત્તિ અને વિચાર અથવા શુદ્ધ ધર્મ અને ધર્માત્માઓના પ્રત્યે અવિનયભાવ અને અવિનય વૃતિ **૨૫.** શુદ્ધ ધર્મ અને ધર્માત્માઓના અનાદર, અવહેલના આશાતના ભાવ એવં વૃત્તિ.

આ ૨૫ મિથ્યાત્વનો હું ત્યાગ કરું છું. અજ્ઞાનતા એવં અવિવેકથી અથવા દુઃસંગતથી, આ ૨૫ મિથ્યાત્વમાંથી કોઈ મિથ્યાત્વ ભાવો અથવા મિથ્યાત્વ પ્રવૃત્તિઓનું સેવન થયું હોય તો હું તેનો પશ્ચાત્તાપ કરું છું, ત્યાગ કરું છું, તેનાથી લાગેલું મારું તે પાપ મિથ્યા થાઓ (નિષ્ફળ થાઓ).

**ક્ષમાપના પાઠ(સમભાવ ચિંતન : કાયોત્સર્ગમાં) :–**

**खामेमि सव्वे जीवा, सव्वे जीवा, खमंतु मे ।**
**मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ ॥**

જે જીવોએ મારી સાથે ખોટો વ્યવહાર કર્યો હોય અને તેનાથી મને નારાજી થઈ હોય તો હવે હું તેને ક્ષમા કરી, તેના પ્રત્યેની નારાજી દૂર કરી મૈત્રી ભાવ સ્થાપિત કરું છું. જગતમાં કોઈ જીવ મારો શત્રુ નથી, પોતાના કરેલા કર્મથી જ સુખ દુઃખ થાય છે. એટલે મારે કોઈની પ્રત્યે વૈરભાવ નથી, બધા જીવો સાથે મૈત્રી ભાવ છે.

મેં જાણતાં અજાણતાં કોઈ જીવની સાથે ખોટો વ્યવહાર કર્યો હોય, કોઈને કષ્ટ પહોંચાડ્યું હોય તો હું મારા અપરાધની, તેમની પાસે ભગવાનની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું. તે જીવો મને ક્ષમા પ્રદાન કરે. ત્યારપછી જે જે વ્યક્તિ, જીવ, શ્રાવક, શ્રાવિકા, શિથિલાચારી, સહચારી, સાધુ સાધ્વીની સાથે પ્રત્યક્ષ અથવા



પરોક્ષ રૂપમાં વિષમ ભાવ ચિંતનમાં ચાલતું હોય તે સ્મૃતિમાં લઈને તેના પ્રત્યે સમભાવ જાગૃત કરવો જોઈએ.

**एवमहं आलोइयं निंदियं गरिहियं दुगंछियं ।**
**सम्मं तिविहेणं पडिक्कंतो, वंदामि जीण चउवीसं ॥**

**અર્થ :–** આ પ્રકારે હું મારા વ્રતોના અતિચાર દોષોની અને કષાય ભાવોની આલોચના, નિંદા, ગર્હા કરીને તેનાથી જુદો થાઉં છું. એવં તે દોષોને પૂર્ણ રૂપથી ત્યાગ કરીને ૨૪ જિનેન્દ્ર પ્રભુને વંદન કરું છું.

**કાઉસગ્ગ આજ્ઞા પાઠ :–**

હે ભગવાન આપની આજ્ઞા લઈને દિવસ સંબંધી પ્રાયશ્ચિત્તની વિશુદ્ધિના માટે કાઉસગ્ગ કરું છું.

**તપ ચિંતન વિધિ :–** (પાંચમા આવશ્યકમાં–રાત્રિ પ્રતિક્રમણમાં)

**किं तव पडिवज्जामि, एवं तत्थ विचिंतए ।– ઉત્તરા. સૂત્ર અ. ૨૬**

| | |
|---|---|
| છ માસી તપ કરવું ? | શક્તિ નથી, અભ્યાસ નથી. |
| પાંચ, ચાર, ત્રણ, બે માસી તપ કરવું ? | શક્તિ નથી, અભ્યાસ નથી. |
| માસખમણ કરવું ? | શક્તિ છે, અવસર નથી. |
| ૧૫,૮,૭,૬,૫,૪,૩,૨, ઉપવાસ કરવા ? | શક્તિ છે, અવસર નથી. |
| ઉપવાસ, આયંબિલ, નિવી કરવી ? | શક્તિ છે, અવસર નથી. |
| એકાસન, પુરીમઢ, પોરિસી કરવી ? | શક્તિ છે, અવસર નથી. |
| નવકારશી કરવી ? | શક્તિ છે, અવસર છે, ભાવ છે. |

**જ્ઞાતવ્ય :–** જે તપ જીવનમાં ક્યારેય ન કર્યું હોય તેને માટે કહેવું કે શક્તિ નથી, જે તપ પહેલાં કર્યું છે પરંતુ આજે કરવું નથી તેના માટે કહેવું કે શક્તિ છે પણ અવસર નથી અને જે તપ કરવું હોય તેના ઉત્તરમાં કહેવું કે શક્તિ છે, અવસર છે, ભાવ છે. તેના પછી જ કાઉસ્સગ્ગ પૂર્ણ કરવો અર્થાત્ પછી તેના આગળના પ્રશ્ન કરવાની અને ઉત્તર ચિંતન કરવાની જરૂર હોતી નથી.

**નોંધ :–** આ પાઠ રાત્રિ પ્રતિક્રમણના પાંચમા આવશ્યકમાં કાઉસ્સગ્ગમાં ચિંતન કરવાને માટે છે. ક્ષમાભાવ ચિંતનની સાથે તપ ચિંતન આ પાઠથી કરવું જોઈએ.

**પ્રત્યાખ્યાન પાઠ :–**

**उग्गए सूरे णमुक्कारं सहियं पच्चक्खामि चउविहं पि आहारं असणं पाणं खाइमं साइमं अण्णत्थऽणाभोगेणं, सहसागारेणं अप्पाणं वोसिरामि ।**

**અર્થ :–** હે ભગવાન હું સૂર્યોદયથી લઈને નમસ્કાર મંત્ર બોલું નહિં ત્યાં સુધી ચારે આહારના પચ્ચખાણ કરું છું.

**૧.** ભોજનના પદાર્થ **૨.** પાણી **૩.** ફળ મેવા **૪.** મુખવાસ ભૂલથી ખાવામાં આવી જાય કે એકાએક મોઢામાં છાંટા આદિ ચાલ્યા જાય તો તેનો આગાર.

**પ્રતિક્રમણ શુદ્ધિનો પાઠ :–**

પ્રતિક્રમણના પાઠોનું ઉચ્ચારણ શુદ્ધ ન કર્યું હોય, વિધિમાં કોઈ અવિધિ થઈ હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

એકાગ્રચિત્ત થઈને અર્થ ચિંતનપૂર્વક, આત્મશુદ્ધિપૂર્વક, અન્યત્ર ક્યાંય પણ મનને ચલાવ્યા વિના એકાગ્ર ચિત્ત થઈને પૂર્ણ ભાવયુક્ત પ્રતિક્રમણ ન કર્યું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા આ પાંચ વ્યવહાર સમક્તિના લક્ષણ છે. દેવ અરિહંત, ગુરુ સુસાધુ, ધર્મ-કેવળી ભાષિત; આ ત્રણ તત્ત્વ સાર સંસાર-અસાર, અરિહંત ભગવાન આપનો માર્ગ સત્ય છે, સત્ય છે, સત્ય છે. સ્તવ સ્તુતિ મંગલ કરું છું.

**અઢાર પાપ સ્થાનનો પાઠ :–**

**૧.** હિંસા **૨.** જુઠ **૩.** ચોરી **૪.** કુશીલ **૫.** પરિગ્રહ **૬.** ક્રોધ **૭.** માન **૮.** માયા **૯.** લોભ **૧૦.** રાગ **૧૧.** દ્વેષ **૧૨.** ક્લેશ **૧૩.** કલંક લગાવવું **૧૪.** ચાડી કરવી **૧૫.** બીજાની નિંદા, અવગુણ અપવાદ કરવો **૧૬.** સુખ દુઃખમાં હર્ષ શોક કરવો **૧૭.** કપટ યુક્ત જૂઠું બોલવું, છળ પ્રપંચ, ધોખાબાજી કરવી **૧૮.** જિનવાણીથી વિપરીત માન્યતા રાખવી, હિંસા આદિ પાપમાં ધર્મ માનવો.

એ પાપ સ્થાનોમાંથી કોઈ પાપનું જાણતા અજાણતા અવિવેક/પ્રમાદથી સેવન થયું હોય તો તેનું હું ચિંતન અવલોકન કરું છું.

**જ્ઞાન અને તેના અતિચારનો પાઠ :–** (आगमे तिविहे)

બાર અંગ સૂત્ર અને બીજા અનેક સૂત્ર રૂપ શ્રુતજ્ઞાન હોય છે. જેમાં વર્તમાનમાં ૩ર આગમ ઉપલબ્ધ માનવમાં આવેલ છે. તેના અર્થરૂપમાં અનેક સૂત્રની વ્યાખ્યાઓ, નિર્યુક્તિઓ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, અનુવાદ ઉપલબ્ધ છે. ૩ર આગમના નામ આ પ્રકારે છે.

**૧૧ અંગ :– ૧.** આચારાંગ સૂત્ર **૨.** સૂયગડાંગ સૂત્ર **૩.** ઠાણાંગ સૂત્ર **૪.** સમવાયાંગ સૂત્ર **૫.** ભગવતી સૂત્ર **૬.** જ્ઞાતાધર્મકથા સૂત્ર **૭.** ઉપાસકદશા સૂત્ર **૮.** અંતગડદશા સૂત્ર **૯.** અનુત્તરોવવાઈ સૂત્ર **૧૦.** પ્રશ્ન વ્યાકરણ સૂત્ર **૧૧.** વિપાક સૂત્ર.

**૧૨ ઉપાંગ સૂત્ર– ૧.** ઔપપાતિક સૂત્ર **૨.** રાયપસેણીય સૂત્ર **૩.** જીવાભિગમ સૂત્ર **૪.** પ્રજ્ઞાપના સૂત્ર **૫.** જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર **૬-૭.** જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર **૮-૧૨.** ઉપાંગ સૂત્ર

**૪ છેદ સૂત્ર– ૧.** નિશીથ **૨.** દશાશ્રુતસ્કંધ **૩.** બૃહત્કલ્પ **૪.** વ્યવહાર.



**૪ મૂલ સૂત્ર– ૧.** ઉત્તરાધ્યયન **૨.** દશવૈકાલિક **૩.** નંદી **૪.** અનુયોગ દ્વાર. ૩રમું આવશ્યક સૂત્ર.

જ્ઞાનના વિષયમાં મુખ્ય ૧૪ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે આ પ્રકારે છે– **૧.** સૂત્રના અક્ષર અથવા પદ આગળ પાછળ બોલાયા હોય **૨.** એક સૂત્ર પાઠને બીજા સૂત્રમાં બોલાયો હોય **૩.** અક્ષર ઓછો ભણાયો હોય **૪.** અક્ષર અધિક ભણાયો હોય **૫.** પદ(શબ્દ) ઓછા બોલાયા હોય **૬.** વિનય રહિત ભણાયું હોય **૭.** સંયુક્ત અક્ષર શુદ્ધ ન ભણાયા હોય **૮.** ઉચ્ચાર સ્પષ્ટ ન કર્યા હોય **૯.** અયોગ્ય વ્યક્તિને ભણાવ્યો હોય. રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય **૧૦.** અયોગ્ય રીતેથી જ્ઞાન ગ્રહણ કર્યું હોય. (અવિનયપણે લીધું હોય) **૧૧.** અકાળે શાસ્ત્ર ભણ્યા હોય **૧૨.** સ્વાધ્યાયકાળે શાસ્ત્ર ન ભણ્યા હોય. **૧૩.** ૩૪ અસજ્ઝાયમાં શાસ્ત્ર ભણ્યા હોય **૧૪.** સ્વાધ્યાયના અવસરે શાસ્ત્ર ન ભણ્યા હોય. આ અતિચારોમાંથી મને કોઈપણ અતિચાર લાગ્યો હોય તો તે સંબંધી મારું તે દુષ્કૃત્ય નિષ્ફલ થાઓ.

**દર્શન સમ્યક્ત્વ અને અતિચાર :–**

કેવલજ્ઞાન કેવલ દર્શનથી યુક્ત, રાગદ્વેષથી રહિત, વીતરાગ અરિહંત તીર્થંકર પ્રભુ મારા **આરાધ્ય દેવ** છે. પાંચ મહાવ્રત, પાંચ આચાર, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નવવાડ બ્રહ્મચર્ય, પાંચ ઈન્દ્રિય વિજય, ચાર કષાયની મુક્તિ; આ ગુણોને ધારણ કરનારા બધા સાધુ સાધ્વી મારા **આરાધ્ય ગુરુ** છે. સંવર નિર્જરા રૂપ ધર્મ અર્થાત્ સામાયિક, પૌષધ અને ત્યાગ, તપ, નિયમ, શ્રાવકના વ્રત, સંયમ, આદિ ધર્મ જ મારો **આરાધ્ય ધર્મ** છે.

જિનેશ્વર ભાષિત તેમજ ગણધર અથવા પૂર્વધર શ્રમણો દ્વારા રચિત આગમો મારા શ્રદ્ધાકેન્દ્ર શાસ્ત્ર છે. એવી સમ્યક્ત્વની પ્રતિજ્ઞા હું જીવનભર માટે કરું છું.

હું (જિન ભાષિત) જિનેશ્વર કથિત જીવાદિ તત્ત્વોનું જ્ઞાન વધારીશ, એવી જ રીતે જ્ઞાનીજનોનો સંગ કરીશ, મિથ્યામતધારી કુદર્શનીઓની સંગતિ કરીશ નહીં અને ઉપર પ્રમાણે સમ્યક્ત્વને ધારણ કરીને પછીથી તેનું વમન કરીને જે મિથ્યાદષ્ટિ થઈ ગયા છે, તેનો સંગ પણ કરીશ નહીં. સમ્યક્ત્વના મુખ્ય પાંચ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે આ પ્રકારે છે.

**૧.** ભગવાનના વચનોમાં (સૂક્ષ્મ તત્ત્વોમાં) સંદેહ કર્યો હોય **૨.** પાખંડીની પ્રભાવના ચમત્કાર જોઈને મન આકર્ષિત થયું હોય ૩. ધર્મકરણીના ફળમાં સંદેહ આણ્યો હોય **૪.** પાખંડી (પરમત)ની પ્રશંસા કરી હોય **૫.** પાખંડી (પરમતિ)ઓનો, સન્યાસીનો અથવા તેના શાસ્ત્રોનો પરિચય, સંપર્ક કર્યો હોય.

આ અતિચારોમાંથી મને કોઈ અતિચાર લાગ્યો હોય તો તે અંગેનું મારું પાપ મિથ્યા થાઓ. (મિચ્છામિ દુક્કડં)

## પરિશિષ્ટ-૩

## પ્રતિક્રમણ વિધિ

**પ્રાક્કથન :–**

આવશ્યક સૂત્રમાં પ્રતિક્રમણ કરવાની વિધિ સંબંધી કોઈ સંકેત અથવા પાઠ નથી, તેની વ્યાખ્યાઓમાં સ્પષ્ટરૂપે સુંદર વિધિ બતાવેલ છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૬મા અધ્યયનમાં પણ દેવસીય, રાઈય, બંને પ્રતિક્રમણની વિધિ સાધુને માટે સંક્ષિપ્તમાં બતાવવામાં આવી છે.

ઉત્તરાધ્યયન અધ્યયન ૨૯માં પણ પ્રશ્ન રૂપમાં વર્ણન છે. તેનાથી પણ પ્રતિક્રમણ સંબંધી કેટલીક વિધિ ઉપલક્ષિત થાય છે.

નિર્યુક્તિ ભાષ્યમાં બતાવેલી વિધિ પણ આ ઉક્ત સૂત્રોક્ત વિધિનું અનુસરણ કરનારી જ છે.

સાધુ પ્રતિક્રમણની વિધિને અનુરૂપ જ શ્રાવક પ્રતિક્રમણની વિધિ પણ સમજી શકાય છે.

અહીં આ પ્રકરણમાં સાધુ શ્રાવક બંનેના પ્રતિક્રમણની વિધિ બતાવવામાં આવી છે. જે આગમના મળેલા પાઠોના આધારે જાણવામાં આવી છે.

**નોંધ :–** પ્રચલિત પરંપરામાં સાધુ અને શ્રાવકના પ્રતિક્રમણમાં કાઉસગ્ગમાં અને પ્રગટમાં ગુજરાતી ભાષામાં રચેલા અર્વાચીન પાઠ બોલવામાં આવે છે. તેમજ કાઉસગ્ગ પછી પણ ફરી તે જ બોલાય છે. તેના પછી તે વિધિમાં કહેલા આગમોક્ત પાઠ બોલાય છે. તેના પછી પ્રાદેશિક ભાષા (હિન્દી, ગુજરાતી, મારવાડી)માં રચેલા પાંચ પરમેષ્ઠિ પદોની ભાવવંદના બોલવામાં આવે છે. **એ જ મુખ્ય અંતર છે–** પરંપરા પ્રતિક્રમણ વિધિમાં અને આગમકાલીન પ્રતિક્રમણ વિધિમાં.

આ અર્વાચીન(વર્તમાનમાં) બનેલા પાઠોની રચના પૂર્વે પણ પ્રતિક્રમણ તેમજ તેની વિધિ આગમાનુસાર ચાલતી જ હતી. તે જ આવશ્યક સૂત્રના પાઠ આજે પણ ઉપલબ્ધ છે. એટલે તેના આધારે અહીં વિધિ બતાવી છે.



## ફક્ત મૂળપાઠોથી સંક્ષિપ્ત સાધુ પ્રતિક્રમણ

આવશ્યક સૂત્ર અને તેમાં અન્ય સૂત્રોથી આપેલા પાઠોના આધારે આ વિધિ કહેવામાં આવી છે. આમાં હિન્દી, ગુજરાતી આદિ ભાષાના અથવા મિશ્રિત ભાષાના પાઠ રાખવામાં આવ્યા નથી. ફક્ત મૂળ રૂપમાં પ્રાપ્ત પાઠ લીધાં છે.

(૧) વંદન પાઠથી ત્રણ વાર વંદના
(૨) પ્રતિક્રમણ આજ્ઞા તેમજ પ્રતિજ્ઞા પાઠ (**इच्छामि णं भंते**)
(૩) નમસ્કારમંત્ર અને મંગલપાઠ (ચત્તારિ મંગલં)
(૪) કરેમિ ભંતે
(૫) કાયોત્સર્ગ પ્રતિજ્ઞા પાઠ (તસ્સ ઉત્તરી)

**કાયોત્સર્ગમાં :–**

(૬) સમુચ્ચય અતિચારનો પાઠ (ઇચ્છામિ ઠામિ)
(૭) ગમનાગમન અતિચારનો પાઠ (ઇચ્છાકારેણં)
(૮) નિદ્રા પ્રતિક્રમણ પાઠ (શ્રમણ સૂત્રનો પહેલો પાઠ)
(૯) ગોચરી પ્રતિક્રમણ પાઠ (શ્રમણ સૂત્રનો બીજો પાઠ)
(૧૦) સ્વાધ્યાય અને પ્રતિલેખન પ્રતિક્રમણ પાઠ (શ્રમણ સૂત્રનો ત્રીજો પાઠ)
(૧૧) તેત્રીસ બોલ પ્રતિક્રમણ પાઠ (શ્રમણ સૂત્રનો ચોથો પાઠ)
(૧૨) નિર્ગ્રંથ પ્રવચન શ્રદ્ધાન નમન પ્રતિક્રમણ પાઠ(શ્રમણ સૂત્રનો પાંચમો પાઠ)
(૧૩) સંલેખનાના અતિચારનો પાઠ
(૧૪) અઢાર પાપસ્થાનક પ્રતિક્રમણ પાઠ
(૧૫) નમો અરિહંતાણં બોલી કાઉસ્સગ્ગ પાળવું
(૧૬) કાઉસ્સગ્ગ શુદ્ધિનો પાઠ
(૧૭) ચોવીસ જિન સ્તુતિ પાઠ (લોગસ્સ)
(૧૮) ઉત્કૃષ્ટ ગુઢ વંદન પાઠ (ખમાસમણા બે વાર)

**અતિચાર ચિંતવણા પ્રગટ :–**

(૧૯) કાઉસ્સગ્ગમાં બોલેલા પાઠ (૬ થી ૧૪) પ્રગટ બોલવા
(૨૦) ઉત્કૃષ્ટ ગુઢ વંદન પાઠ (ખમાસમણા બેવાર)
(૨૧) કાઉસ્સગ્ગ આજ્ઞા પાઠ
(૨૨) નમસ્કાર મંત્ર
(૨૩) કરેમિ ભંતે
(૨૪) કાઉસ્સગ્ગ પ્રતિજ્ઞા પાઠ (તસ્સ ઉત્તરી)
(૨૫) કાઉસ્સગ્ગમાં– ક્ષમાપના પાઠ, શ્રમણ ક્ષમાપના પાઠ તેમજ તેનું આત્મચિંતન, નમો અરિહંતાણં બોલી કાઉસગ્ગ પાળવો.

(૨૬) કાઉસ્સગ્ગ શુદ્ધિનો પાઠ
(૨૭) ચોવીસ જિન સ્તુતિ પાઠ (લોગસ્સ)
(૨૮) ઉત્કૃષ્ટ ગુઢ વંદન પાઠ (ખમાસમણા બેવાર)

**પ્રત્યાખ્યાન પાઠ :–**

(૨૯) નમસ્કાર સહિત પચ્ચક્ખાણ પાઠ(નવકારસી, પોરસી)
(૩૦) ઉપસંહાર પાઠ
(૩૧) સિદ્ધ સ્તુતિનો પાઠ– એકવાર(નમોત્થુણં)
(૩૨) ગુઢ વંદન તથા પ્રાયશ્ચિત્ત ગ્રહણ (તિક્ખુતો)
(૩૩) અન્ય ઉપસ્થિત શ્રમણ વંદન
(૩૪) આવશ્યક સ્તવન (એક ચોવીસી સ્તુતિ)

## શ્રાવક પ્રતિક્રમણ વિધિ

સાધુ પ્રતિક્રમણની વિધિની જેમ જ શ્રાવક પ્રતિક્રમણની સંપૂર્ણ વિધિ છે. અતિચારના પાઠોનો તફાવત છે. તે આ પ્રકારે છે :–

(૧) જ્ઞાનાતિચારનો પાઠ
(૨) દર્શનાતિચારનો પાઠ
(૩) ૧૨ અણુવ્રત
(૪) સંથારા અતિચારનો પાઠ
(૫) ૧૮ પાપસ્થાનનો પાઠ

કાયોત્સર્ગ પછી પ્રગટ ઉચ્ચારણમાં પણ એ જ પાઠ બોલાય છે. શેષ સમાપ્તિ સુધી સાધુ પ્રતિક્રમણની જેમ જ વિધિ છે.

આ પ્રકારે આવશ્યક સૂત્રમાં અથવા અન્ય આગમોમાં ઉપલબ્ધ પાઠોના આધારથી તથા તે જ આગમોક્ત પાઠોના સંયોગ ઉપયોગથી આ વિધિ ઉપલક્ષિત થાય છે. પ્રચલિત પરંપરા વિધિનું અનુસરણ અહીં કર્યું નથી.

***સમ્યગ્દષ્ટિનો કષાય–રંજ ભાવ પાણી સુકાઈ જવાથી તળાવની માટીમાં પડેલી તિરાડની સમાન હોય છે. જે આવતા વર્ષમાં વરસાદ પડવાથી પુરાઈ જાય છે. એજ પ્રકારે ધર્મી પુરુષ અથવા સમ્યગ્ દષ્ટિ પુરુષનો કષાય સંવત્સરી પછી સમાપ્ત થઈ જવો જરૂરી છે.***

***જે વ્યક્તિ સંવત્સરી પર્વ પછી પણ કોઈ વ્યક્તિ પ્રત્યે નારાજગી–રંજ કષાય ભાવ રાખે છે, તેનું સમક્તિ રહેતું નથી. તે ભાવથી મિથ્યાદષ્ટિ હોય છે, ચાહે તે સાધુ અથવા શ્રાવક કહેવાતો હોય.***



**પરિશિષ્ટ–૪**

# સામાયિક પ્રતિક્રમણના વિશેષ પ્રશ્નોત્તર

**પ્રાક્કથન :–**

પ્રસ્તુત આવશ્યક સૂત્ર પ્રતિક્રમણ અને સામાયિકના રૂપમાં સમાજમાં પૂર્ણ પ્રચલિત છે. એની વિધિ પ્રક્રિયા પૂર્ણ પ્રચલિત છે અર્થાત્ આ સૂત્રની પ્રક્રિયા સમાજમાં સર્વત્ર વ્યાપ્ત છે.

એ વ્યાપકતાને કારણે આ સૂત્રની પ્રક્રિયાઓના વિષયમાં અનેક મતભેદ અને શંકા–જિજ્ઞાસાઓ પણ ઉત્પન્ન થતી રહે છે. કેટલાક સાધકોના મગજમાં અનેક પ્રશ્ન ઉદ્ભવે છે. તેનું ક્યાંક સમાધાન થાય છે અને ક્યાંક કોઈનું સમાધાન થતું નથી.

આ અપેક્ષાને ધ્યાનમાં રાખીને સ્વાધ્યાયીઓના જ્ઞાન વિકાસ માટે આ ચોથું પરિશિષ્ટ પ્રશ્નોત્તર રૂપમાં રાખવામાં આવ્યું છે. જેમાં સામાયિક પ્રતિક્રમણના પાઠોથી સંબંધિત અને સાધના પ્રવૃત્તિ સંબંધી પ્રશ્નોને એકઠાં કરી, તેનું આગમ સાપેક્ષ, ચિંતનયુક્ત સમાધાન આપવામાં આવ્યું છે.

હાર્દિક જિજ્ઞાસાપૂર્વક અને તટસ્થતાપૂર્વક જે સ્વાધ્યાયી આ પ્રકરણનું અધ્યયન કરશે, ચિંતન, મનન કરશે, તે અવશ્ય તત્ત્વ લાભ પ્રાપ્ત કરશે.

*નોંધ :– નવી શંકાઓના સમાધાન માટે સંપર્ક સૂત્રના માધ્યમથી પત્ર વ્યવહાર કરો.*

## પ્રશ્ન-વિષયાનુક્રમ


| | | | |
|---|---|---|---|
| (૧) | પાંચ પદ | (૨૬) | સંકલિત પાઠ કયા ? |
| (૨) | પદ પ્રાપ્તિ | (૨૭) | ૯૯ કે ૧૨૫ સંખ્યા ક્યાં ? |
| (૩) | ગુઢ એક-અનેક | (૨૮) | સંલેખના પાઠ શા માટે ? |
| (૪) | ધર્મગુઢ ધર્માચાર્ય | (૨૯) | વ્રતોમાં કરણ યોગ |
| (૫) | પદવીધર કેટલા | (૩૦) | પંચ પરમેષ્ઠિ વંદના |
| (૬) | શુદ્ધ-અશુદ્ધ સાધુ સંખ્યા | (૩૧) | મહાવ્રત આદિના ગુજરાતી પાઠ |
| (૭) | નમસ્કાર મંત્ર ક્યારે | (૩૨) | **इच्छामि णं भंते !** |
| (૮) | નમસ્કાર મંત્ર ગુણ | (૩૩) | **જાણવા યોગ્ય છે** આદિનો હેતુ |
| (૯) | વંદન પાઠો | (૩૪) | દસમા અગિયારમા પોષા |
| (૧૦) | આવર્તન | (૩૫) | પૌષધમાં સામાયિક |
| (૧૧) | **लोगस्स-णमोत्थुणं** | (૩૬) | પ્રતિક્રમણ સમાપ્તિ પાઠ |
| (૧૨) | ગમનાતિચાર પાઠ | (૩૭) | પચ્ચક્ખાણ પાઠ |
| (૧૩) | એક પાઠ કઈવાર(પ્રતિક્રમણમાં) | (૩૮) | ઉભયકાળ પ્રતિક્રમણમાં પચ્ચક્ખાણ |
| (૧૪) | કાઉસ્સગ્ગ કેમ(ઉભા-બેઠાં) | (૩૯) | લોગસ્સ કેટલા |
| (૧૫) | કાઉસ્સગ્ગ શુદ્ધિનો પાઠ | (૪૦) | બે પ્રતિક્રમણ |
| (૧૬) | લોગસ્સ ક્યારે | (૪૧) | પ્રતિક્રમણમાં સામાયિક જરૂરી |
| (૧૭) | સામાયિક પાળવા : પાઠ | (૪૨) | પ્રતિક્રમણ કોણે કરવું ? |
| (૧૮) | પ્રતિક્રમણ સમય | (૪૩) | પ્રતિક્રમણ શું ? |
| (૧૯) | પ્રતિક્રમણ વચ્ચે આજ્ઞા | (૪૪) | ગુઢવંદન ક્રમ |
| (૨૦) | કાઉસગ્ગમાં પાઠ | (૪૫) | આજ્ઞા—આજ્ઞા એમ વારંવાર બોલવું? |
| (૨૧) | નમસ્કાર મંત્રનું આગમ સ્થળ | (૪૬) | વ્રતોના અતિચાર શું છે ? |
| (૨૨) | **आगमतिविहे-अरिहंतोमहदेवो** | (૪૭) | **तुच्छोसहि**, અભક્ષ્ય |
| (૨૩) | શ્રાવક પ્રતિક્રમણ પાઠો | (૪૮) | અતિચારો અને પાપોનું પ્રતિક્રમણ |
| (૨૪) | ઉત્કૃષ્ટ વંદન વિધિ ક્યાં | (૪૯) | આવર્તનના શબ્દ |
| (૨૫) | અતિચાર પાઠ કેટલીવાર | (૫૦) | ક્ષમાપના ન કરવાથી શું ? |




## સામાયિક પ્રતિક્રમણના વિશેષ પ્રશ્નોત્તર

***(૧) પ્રશ્ન :– નવકાર મંત્રમાં કોને નમસ્કાર કરવામાં આવેલ છે ?***

**જવાબ :–** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ; આ પાંચ પદોને નમસ્કાર કરવામાં આવેલ છે.

***પ્રશ્ન :– પદ કોને કહે છે ?***

**જવાબ :–** યોગ્યતા, ગુણ વૃદ્ધિથી પ્રાપ્ત થયેલા પૂજ્ય સ્થાનને પદ કહે છે અને કાર્ય ક્ષમતાની યોગ્યતાથી આપેલાં પૂજ્ય સ્થાનને પદ કહે છે.

***પ્રશ્ન :– પ્રથમ અરિહંત પદમાં કોને નમસ્કાર કરવામાં આવે છે ?***

**જવાબ :–** જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય; આ ચાર ઘાતી કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરી મનુષ્ય લોકમાં વિચરતાં તીર્થંકર ભગવાનને પ્રથમ અરિહંત પદમાં નમસ્કાર કરવામાં આવે છે.

***પ્રશ્ન :– સિદ્ધ કોને કહે છે ?***

**જવાબ :–** જેઓએ આઠ કર્મોનો નાશ કરી સંપૂર્ણ આત્મ કલ્યાણ સાધી લીધું છે, જે મોક્ષમાં પહોંચી ગયા છે, તે સિદ્ધ ભગવાન કહેવાય છે.

***પ્રશ્ન :– આચાર્ય કોને કહે છે ?***

**જવાબ :–** જે સાધુસંઘના નાયક છે, સ્વયં આચાર પાળે છે અને સાધુસંઘને પળાવે છે, તેને આચાર્ય કહે છે.

***પ્રશ્ન :– ઉપાધ્યાય કોને કહે છે ?***

**જવાબ :–** જે શાસ્ત્રોના જાણકાર હોય અને શિષ્યોને શાસ્ત્રનું અધ્યયન કરાવે, તેને ઉપાધ્યાય કહે છે.

***પ્રશ્ન :– સાધુ કોને કહે છે ?***

**જવાબ :–** જે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન કરે છે તથા શાસ્ત્રાનુસાર આચરણ કરે છે, તેને સાધુ કહે છે.

***(૨) પ્રશ્ન :– આ પદ સ્વતઃ પ્રાપ્ત થાય છે કે કોઈના દેવાથી ?***

**જવાબ :–** અરિહંત અને સિદ્ધ એ બે પદ સ્વતઃ પ્રાપ્ત થાય છે તથા સંયમ ગ્રહણ કરવાથી સાધુ પદ પ્રાપ્ત થાય છે. સંપૂર્ણ સંઘને સંભાળવાની યોગ્યતા હોય એવા વિદ્વાન સાધુને આચાર્ય પદ આપવામાં આવે છે. શિષ્યોને ભણાવવામાં કુશળ હોય એવા વિદ્વાન સાધુને ઉપાધ્યાય પદ આપવામાં આવે છે. આ પ્રકારે ત્રણ પદ ગુણોથી સ્વયં પ્રાપ્ત થાય છે અને બે પદ(આચાર્ય-ઉપાધ્યાય) આપવાથી પ્રાપ્ત થાય છે.

***પ્રશ્ન :– પાંચ પદમાં દેવ કેટલા અને ગુઢ કેટલા ?***

**જવાબ :–** અરિહંત અને સિદ્ધ એ બે આપણા આરાધ્ય દેવ છે અને આચાર્ય,

ઉપાધ્યાય, સાધુ એ ત્રણ આપણા પૂજ્ય ગુરુ ભગવંત છે.

***(૩) પ્રશ્ન :– ગુરુ એક હોય કે અનેક ?***

**જવાબ :–** લોકમાં જેટલા પણ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે, જે ભગવાનની આજ્ઞાનુસાર વિચરે છે, તેઓ બધા સાધુ સાધ્વી ગુરુ પદમાં ગણાય છે.

***પ્રશ્ન :– શાસ્ત્રમાં એવું ક્યાં બતાવ્યું છે ?***

**જવાબ :–** **अरिहंतो महदेवो, जावजीवए सुसाहूणो गुरुणो** આ પાઠમાં બતાવ્યું છે.

***પ્રશ્ન :– સાધુઓના ગુરુ એક જ હોય છે ?***

**જવાબ :–** સાધુ જેની પાસે દીક્ષા ગ્રહણ કરે છે, તે એક જ દીક્ષા દેનારા તેના ધર્મ ગુરુ ધર્માચાર્ય કહેવાય છે. આ એક અપેક્ષા છે. આ અપેક્ષાથી તો તીર્થંકર અરિહંત દેવ પણ ગૌતમસ્વામી આદિ શ્રમણોના ધર્મગુરુ ધર્માચાર્ય દીક્ષાગુરુ જ હોય છે. પરંતુ સમ્યક્ત્વ પ્રતિજ્ઞામાં બધા અરિહંત, સિદ્ધ ભગવંત આરાધ્ય દેવ કહેવાય છે અને બધા સાધુ સાધ્વી ગુરુ પદમાં હોય છે.

***(૪) પ્રશ્ન :– ધર્મગુરુ, ધર્માચાર્ય કોને કહે છે ?***

**જવાબ :–** જેણે અધર્મીમાંથી ધર્મી બનાવ્યા, ધર્મવિમુખને ધર્મ સન્મુખ કર્યા એવા પોતાના પ્રથમ ઉપકારીને ધર્મગુરુ, ધર્માચાર્ય કહેવાય છે તથા દીક્ષાદાતા ગુરુને પણ ધર્મગુરુ ધર્માચાર્ય કહેવાય છે કારણ કે તેઓ તો પરમોપકારી હોય છે. એટલે તીર્થંકર ભગવાન કે આચાર્ય કે સાધારણ સાધુ અથવા શ્રાવક કોઈપણ પ્રથમ ઉપકારીને ધર્મગુરુ ધર્માચાર્ય કહી શકાય છે.

***પ્રશ્ન :– અરિહંત ભગવાન મોટા કે સિદ્ધ ભગવાન ?***

**જવાબ :–** સિદ્ધ ભગવાન મોટા છે. અરિહંત પણ તેને નમસ્કાર કરે છે.

***પ્રશ્ન :– નમસ્કાર મંત્રમાં પહેલા અરિહંતને નમસ્કાર કેમ કરાય છે ?***

**જવાબ :–** સિદ્ધ ભગવાન નિરાકાર સ્વરૂપ છે. તેની ઓળખાણ પણ અરિહંત કરાવે છે. તે જ ધર્મનો માર્ગ પ્રકટ કરે છે એટલે પ્રત્યક્ષ ઉપકારી હોવાથી અરિહંત તીર્થંકરને પ્રથમ પદમાં નમસ્કાર કર્યા છે.

***પ્રશ્ન :– આચાર્ય પાંચમા પદવાળા સાધુઓને નમસ્કાર કરે છે ?***

**જવાબ :–** પ્રથમ પદવાળા અરિહંત પોતાનાથી મોટા બીજા પદવાળા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરે છે. તેવી રીતે સંયમ પર્યાયમાં પોતાનાથી મોટા સાધુઓને અને પોતાના ગુરુને આચાર્ય પણ વંદન કરે છે. દેશનો પ્રધાનમંત્રી અથવા ચક્રવર્તી, વાસુદેવ પણ પોતાના માતા પિતા, મોટા ભાઈને પ્રણામ કરે જ છે.

***પ્રશ્ન :– સિદ્ધ ભગવાનના ગુણ કેટલા હોય છે ?***

**જવાબ :–** સિદ્ધ ભગવાન આત્માના સર્વગુણોથી સંપન્ન હોય છે તથા આઠ કર્મના ક્ષય થવાથી તેમનામાં તત્ સંબંધી મુખ્ય ૩૧ ગુણો હોય છે.



***પ્રશ્ન :– સાધુજીમાં કેટલા ગુણ હોય છે ?***

**જવાબ :–** સાધુજીમાં હજારો ગુણ હોય છે. જેને ૧૮ હજાર ગુણ કહે છે તથા મુખ્ય ૨૭ ગુણ કહ્યા છે. અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય એ પણ સાધુ જ હોય છે. એટલે એને પણ એ ૨૭ ગુણ તો હોય જ છે તથા અન્ય અનેક વિશેષ ગુણ સંપન્ન હોવાથી તે આચાર્ય, ઉપાધ્યાય અને અરિહંત પદમાં કહેવાય છે.

***પ્રશ્ન :– ૨૭ (સત્તાવીસ) ગુણ ક્યા છે ?***

**જવાબ :–** પાંચ મહાવ્રત પાલન કરે, પાંચ ઈન્દ્રિયોને વશમાં રાખે, ચાર કષાયો કરે નહીં, ભાવસત્ય, કરણસત્ય, યોગસત્ય, ક્ષમાવંત, વૈરાગ્યવંત, પવિત્ર મન, મધુર વચન, કાયાની સમ્યક્ પ્રવૃત્તિ, જ્ઞાન સંપન્ન, દર્શન સંપન્ન, ચારિત્ર સંપન્ન, વેદનામાં સહનશીલ અને મરણ સંકટને સહન કરનારા.

***પ્રશ્ન :– અરિહંતમાં વિશેષ ગુણ કયા હોય છે ?***

**જવાબ :–** ૩૪ અતિશય, ૩૫ વાણીના ગુણ, ૮ મહાપ્રતિહાર્ય તથા તેઓ શરીરના ૧૦૦૮ લક્ષણોથી સંપન્ન હોય છે.

***પ્રશ્ન :– આચાર્યના વિશિષ્ટ ગુણ કયા હોય છે ?***

**જવાબ :–** આચાર્યની આઠ પ્રકારની સંપદા હોય છે. **૧.** આચાર સંપદા **૨.** જ્ઞાન સંપદા **૩.** શરીર સંપદા **૪.** વચન સંપદા **૫.** વાચના સંપદા **૬.** મતિ સંપદા **૭.** તર્ક શક્તિની સંપદા **૮.** સંગ્રહ પરિજ્ઞા સંપદા. આચાર્ય શરીરથી સુંદર સુડોળ, જાતિ સંપન્ન, બુદ્ધિમાન, વિચક્ષણ, આગમોના જ્ઞાતા, બહુશ્રુત, સંયમ નિષ્ઠ અને પ્રભાવશાળી ઐશ્વર્ય સંપન્ન હોય છે.

***પ્રશ્ન :– ઉપાધ્યાયના વિશેષ ગુણ કયા હોય છે ?***

**જવાબ :–** શિષ્યોને ભણાવવામાં, સૂત્ર કંઠસ્થ કરાવવામાં કુશળ હોય છે. સ્વયં શાસ્ત્ર જ્ઞાનમાં બહુશ્રુત હોય છે, ભણવા ભણાવવાની તીવ્ર રુચિવાળા હોય છે તથા આચાર્યના અનેક ગુણોથી પણ સંપન્ન હોય છે. બીજા સમૂહમાંથી ભણવા માટે આવનારા સાધુઓને અધ્યયન કરાવે છે. આચાર્ય તો સકલ ગણના નાયક, સકલ શિરોમણી હોય જ છે. તેના પછી સંઘમાં બીજું પૂજ્ય પદ ઉપાધ્યાયનું હોય છે.

***પ્રશ્ન :– અરિહંત ક્યારે, ક્યાં અને કેટલા હોય છે ?***

**જવાબ :–** અરિહંત મનુષ્ય ક્ષેત્રમાં (પંદર કર્મભૂમિ ક્ષેત્રમાં) હોય છે. ભરત, ઐરવત ક્ષેત્રમાં ત્રીજા ચોથા આરામાં હોય છે, મહાવિદેહ ક્ષેત્રમાં સદા શાશ્વત હોય છે. ભરત ક્ષેત્રમાં એક સમયમાં એક હોય છે અને ઉત્સર્પિણી અથવા અવસર્પિણી કાળમાં ત્રીજા ચોથા આરામાં કુલ મળીને ૨૪-૨૪ થાય છે. પાંચ મહાવિદેહમાં ૧૬૦ વિજય છે. તે પ્રત્યેકમાં એકેક હોઈ શકે છે. એટલે ઉત્કૃષ્ટ ૧૬૦ (તીર્થંકર) ત્યાં હોઈ શકે છે તથા ઓછામાં ઓછા ૨૦ તીર્થંકર તો સદા રહે છે. એથી ઓછી સંખ્યા ક્યારે ય હોતી નથી.

સંપૂર્ણ લોકમાં કુલ મળીને ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકર એક સાથે હોઈ શકે છે. પાંચ ભરતના પાંચ અને પાંચ ઐરવતના પાંચ અને પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયના ૧૬૦ અર્થાત્ ૫+૫+૧૬૦ = ૧૭૦ થઈ શકે છે અને જઘન્ય વીસ તો સદા હોય છે. અત્યારે ભરતક્ષેત્રમાં કોઈ અરિહંત નથી. મહાવિદેહ ક્ષેત્રમાં ૨૦ તીર્થંકરો અત્યારે વિચરી રહ્યાં છે.

***(૫) પ્રશ્ન :– સિદ્ધ ભગવાન, ક્યાં ક્યારે ને કેટલા હોય છે ?***

**જવાબ :–** સિદ્ધ ભગવાન અનંત છે, સદા અનંતા રહે છે. ઉર્ધ્વલોકમાં દેવલોકની ઉપર લોકના આખરી કિનારે સિદ્ધશિલા છે. તેથી પણ ઉપર લોકાગ્ર ભાગમાં અનંત સિદ્ધ ભગવાન બિરાજમાન છે. તેમને જન્મ મરણ ન હોવાથી, તેઓ આત્મ સ્વરૂપમાં સદાને માટે ત્યાં સ્થિર છે. મનુષ્ય જ કર્મોનો સંપૂર્ણ નાશ કરી સિદ્ધ બને છે. અત્યારે આપણા ભરત ક્ષેત્રમાંથી કોઈ સિદ્ધ થઈ શકતું નથી. મહાવિદેહ ક્ષેત્રમાંથી અત્યારે પણ મનુષ્ય કર્મ ક્ષય કરી સિદ્ધ બને છે.

***પ્રશ્ન :– આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ક્યાં, ક્યારે અને કેટલા હોય છે ?***

**જવાબ :–** મનુષ્ય ક્ષેત્રની ૧૫ કર્મભૂમિમાં હોય છે. જ્યારે જ્યાં અનેક સાધુ સાધ્વી હોય છે ત્યારે ત્યાં તેના આચાર્ય-ઉપાધ્યાય પણ હોય છે. ગચ્છ અત્યંત વિશાળ(મોટો) હોય તો વ્યવસ્થા સંભાળવા માટે પ્રવર્તક, સ્થવિર, ગણધર, ગણિ, ગણાવછેદક આદિ પદવીધર બનાવી શકાય છે. ઉપાધ્યાય એક અથવા અનેક પણ આવશ્યકતાનુસાર થઈ શકે છે. ભરત ક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં ત્રીજા, ચોથા આરામાં અને ક્યારેક પાંચમા આરામાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ હોય છે તથા મહાવિદેહ ક્ષેત્રમાં સદા શાશ્વત રહે છે. સાધુઓની સંખ્યા સર્વત્ર મળીને ઓછામાં ઓછી પણ અનેક હજાર કરોડ હોય છે અને અધિકમાં અધિક પણ અનેક હજાર કરોડ હોય છે. તદ્નુસાર આચાર્ય, ઉપાધ્યાય પણ અનુમાનથી હજારો લાખોમાં સમજી લેવા જોઈએ. 'અનેક' માં બે કે નવનો સમાવેશ થઈ જાય છે.

***(૬) પ્રશ્ન :– શુદ્ધ સંયમ પાલન કરનારાની સંખ્યા અધિક હોય છે કે સંયમમાં દોષ લગાડનારાની સંખ્યા અધિક હોય છે ?***

**જવાબ :–** સંપૂર્ણ લોકની અપેક્ષાએ શુદ્ધ સંયમ પાળનારાની સંખ્યા અધિક હોય છે. અર્થાત્ લોકમાં શુદ્ધ સંયમ પાલન કરનારાની સંખ્યા અનેક હજાર કરોડ હોય છે અને દોષ લગાડનારાની સંખ્યા અનેક સો કરોડ હોય છે. મૂળગુણ અને ઉત્તરગુણમાં દોષ લગાડનારા સાધુ પણ મહાવિદેહ ક્ષેત્રમાં સદા શાશ્વત અનેક સો કરોડ તો હોય જ છે. ભરતક્ષેત્રમાં તો ક્યારેક સાધુ હોય છે અને ક્યારેક હોતા નથી, ક્યારેક ૫૦-૧૦૦ પણ હોય છે, ક્યારેક લાખો પણ હોય છે, ક્યારેક દોષ લગાડનારા વધુ થઈ જાય છે તો ક્યારેક શુદ્ધ સંયમ પાલન કરનારા વધુ થઈ જાય છે.



***પ્રશ્ન :– આ દોષ લગાડનારા અનેક સો કરોડ સાધુ પાંચમા પદમાં રહે છે. તેને વંદન કરાય છે ?***

**જવાબ :–** આ અનેક સો કરોડની સંખ્યા પાંચમા સાધુ પદમાં ગણવામાં આવેલાની બતાવવામાં આવી છે. કારણ કે જે શ્રમણ પરિસ્થિતિથી દોષ સેવન કરીને પણ અંતઃકરણમાં તેનો ખેદ રાખે છે, જેને પોતાના દોષ સમજાય છે અને યથા અવસર તે દોષ પ્રવૃત્તિને છોડીને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે; એટલે તે પાંચમા પદમાં હોય છે અને વંદનીય પણ હોય છે. એ પોતાના દોષની પુષ્ટી કે પ્રરૂપણા કરતા નથી. પરંતુ પોતાની કાયરતા સમજે છે અને તે નબળાઈ સિવાય તપ, સંયમ અને જ્ઞાન ધ્યાનમાં લીન રહે છે. તેઓ શુદ્ધ શ્રદ્ધાપૂર્વક શુદ્ધ પ્રરૂપણા કરે છે, શુદ્ધ સંયમ પાલન કરનારા સાધુઓ પ્રત્યે હૃદયમાં આદરભાવ રાખે છે. તેના સિવાય જે શ્રમણો સંયમ, નિયમ અને ભગવંત આજ્ઞાના પ્રતિ બેદરકારી રાખનારા અથવા અશુદ્ધ શ્રદ્ધા પ્રરૂપણા કરનારા હોય છે, તે આ સંખ્યામાં સમાવેલા નથી. એટલે તેઓ પાંચમા પદમાં પણ સમાવેલા નથી, માટે તેઓ ભાવ વંદનીય પણ હોતા નથી. દ્રવ્યલિંગ અને સમાજથી ગ્રહાયેલા હોવાથી તેઓ માત્ર વ્યવહારથી વંદનીય છે.

એક ગચ્છમાં પણ અનેક જાતના સાધક હોય છે. તેમાં પણ કેટલાય ભાવ વંદનીય હોતા નથી. તો પણ તેઓ ગચ્છમાં હોય, સાધુના વ્યવહારમાં બંધાયેલા હોય, ત્યાં સુધી વ્યવહાર વંદનીય રહે છે.

***(૭) પ્રશ્ન :– નવકાર મંત્ર ક્યારે ગણવા જોઈએ ?***

**જવાબ :–** સૂતાં સમયે, ઉઠતાં સમયે, ઘરથી બહાર જતાં સમયે, અથવા કષ્ટ આપત્તિના સમયે અથવા મૃત્યુ સમયમાં નવકાર મંત્ર અવશ્ય ગણવા(બોલવા) જોઈએ.

***પ્રશ્ન :– નવકાર મંત્ર ક્યારે ક્યાં ન ગણવા જોઈએ ?***

**જવાબ :–** નવકાર મંત્રને માટે કોઈ સ્થાન અથવા કોઈ સમયનું બંધન નથી. જ્યારે જ્યાં સમય હોય, ઈચ્છા થાય, આવશ્યક લાગે ત્યાં તેનું ઉચ્ચારણ કરી શકાય છે. શૌચ ગૃહમાં પણ જો કષ્ટ, સંકટ અથવા મૃત્યુ સમય નજીક લાગે તો ત્યાં પણ નવકાર મંત્રનું સ્મરણ કરી શકાય છે.

***(૮) પ્રશ્ન :– પાંચે પદમાં કુલ કેટલા ગુણ છે ?***

**જવાબ :–** પાંચ પદમાં એક પદ સિદ્ધ ભગવાનનું છે અને ચાર પદ સાધુ અવસ્થાના છે. એટલા માટે આ બે પદોની અપેક્ષાએ શાસ્ત્રમાં સિદ્ધોના મુખ્ય ૩૧ ગુણ કહ્યાં છે અને સાધુનાં મુખ્ય ૨૭ ગુણ કહ્યાં છે. શેષ ત્રણ પદની ગુણ સંખ્યા શાસ્ત્રમાં કહી નથી. પરંતુ આચાર્યોએ બીજી અપેક્ષાએ અરિહંતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુના ૨૭. આ રીતે કુલ

૧૦૮ ગુણ પંચ પરમેષ્ટી પદના બતાવ્યા છે.

***(૯) પ્રશ્ન :– આગમમાં વંદનના પાઠ કયા કયા છે ?***

**જવાબ :–** તિક્ખુત્તો, નમોત્થુણં અને ખમાસમણો.

***પ્રશ્ન :– રસ્તામાં ચાલતાં મુનિરાજને વંદના કેમ કરવી ?***

**જવાબ :–** દર્શન થવાથી કેટલેક દૂરથી હાથ જોડી મસ્તક નમાવી 'મત્થએણં વંદામિ' બોલતાં થકાં વંદના કરવી જોઈએ.

***પ્રશ્ન :– અરિહંત, તીર્થંકર અથવા સાધુ સાધ્વીના સ્થાન પર પ્રત્યક્ષ દર્શન થતાં કયા પાઠથી વંદના કરવી ?***

**જવાબ :–** અરિહંત અને સાધુ સાધ્વીના સ્થાન પર પ્રત્યક્ષ દર્શન થતાં તિક્ખુત્તોના પાઠથી ત્રણ વાર આવર્તન કરી, પંચાંગ નમાવીને વંદના કરવી જોઈએ.

***(૧૦) પ્રશ્ન :– નવ આવર્તન કરતાં થકાં ત્રણવાર તિક્ખુત્તોના પાઠથી વંદના કરવી બરાબર છે ?***

**જવાબ :–** **तिक्खुत्तो** શબ્દ 'પ્રદક્ષિણા' એટલે આવર્તનનો વિશેષણ છે તેથી ત્રણ આવર્તન કરવા આગમ સમ્મત છે. ત્રણવાર ઉઠ-બેસ કરીને વંદન કરવાની વિધિ કોઈપણ આગમ વર્ણનથી પ્રાપ્ત થતી નથી. ત્રણવાર **मत्थएणं वंदामि** બોલીને મસ્તકને ત્રણવાર ભૂમિ પર લગાવી શકાય છે, તેવો ઉલ્લેખ આગમ **उववाई** અને **रायप्पसेणी** આદિ સૂત્રોથી પ્રાપ્ત થાય છે.

***પ્રશ્ન :– અરિહંત, સિદ્ધ અને શ્રમણને પરોક્ષ વંદન કયા પાઠથી કરવું ?***

**જવાબ :–** અરિહંત અને સિદ્ધોને પરોક્ષ વંદન નમોત્થુણંના આખા પાઠનું ઉચ્ચારણ કરીને જ કરવું જોઈએ. સાધુ સાધ્વીને પણ પરોક્ષમાં (આખા **णमोत्थुणं** ના પાઠથી નહીં) સંક્ષિપ્ત નમોત્થુણંના પાઠથી જ વંદન કરવું જોઈએ, આ જ આગમ સમ્મત છે. ***પરોક્ષમાં કોઈને પણ તિક્ખુત્તોના પાઠથી વંદન કરવું આગમ સમ્મત નથી. તે ફક્ત ચાલી રહેલી અશુદ્ધ પરંપરા છે.***

***પ્રશ્ન :– ખમાસમણાના પાઠથી વંદના ક્યારે કરી શકાય છે ?***

**જવાબ :–** પ્રતિક્રમણની વચ્ચમાં ત્રણ જગ્યાએ ખમાસમણાના પાઠથી વંદન કરવામાં આવે છે. બીજા કોઈપણ સમયે આ પાઠથી વંદન કરવાનું આગમ સમ્મત નથી. કારણ કે આ પાઠનો સંબંધ પ્રતિક્રમણથી છે. અન્ય સમયમાં વંદના તિક્ખુત્તોના પાઠથી અને પરોક્ષ વંદના નમોત્થુણંના પાઠથી કરવામાં આવે છે. રસ્તે ચાલતાં સાધુઓને 'મત્થએણં વંદામિ' કહીને દૂરથી સંક્ષિપ્ત વંદન કરવું જોઈએ.

***પ્રશ્ન :– આ વંદન પાઠોમાં કયો વિષય છે ?***

**જવાબ :–** (૧) તિક્ખુત્તોના પાઠમાં વંદન વિધિ અને વચન સન્માન છે (૨) નમોત્થુણંના પાઠમાં નમસ્કારની સાથે ગુણાનુવાદ છે (૩) ખમાસમણાના પાઠમાં



વંદન, ભક્તિ અને ત્રુટિઓનું પ્રતિક્રમણ તથા ક્ષમાયાચના છે.

***(૧૧) પ્રશ્ન :– लोगस्स અને णमोत्थुणं પાઠોના વિષયોમાં શું અંતર છે ?***

**જવાબ :–** લોગસ્સના પાઠમાં વર્તમાન ૨૪ તીર્થંકરોની નામ સહિત ગુણસ્તુતિ છે, સાથે સાથે વચન દ્વારા ભાવ વંદન પ્રગટ કરવામાં આવે છે. નમોત્થુણંના પાઠમાં તીર્થંકર સિદ્ધ થયેલા સિદ્ધ ભગવંતોના ગુણગ્રામ છે, સાથે સાથે નમસ્કાર પણ કરવામાં આવ્યા છે.

***પ્રશ્ન :– નમોત્થુણંના પાઠથી ગુણગ્રામ નમસ્કાર કેટલીવાર કરવા ?***

**જવાબ :–** **૧.** સિદ્ધોની મુખ્યતા હોય તો કેવલ એકવાર **૨.** અરિહંતોની મુખ્યતા હોય તો પ્રથમ સિદ્ધને, પછી અરિહંતને એમ બે વાર **૩.** ધર્મગુરુ ધર્માચાર્યની મુખ્યતા હોય તો ભરતક્ષેત્રમાં અરિહંત ભગવાન વિચરતાં હોય તો સિદ્ધ, અરિહંત અને ગુરુને એમ ત્રણ વાર નમોત્થુણંથી વંદન કરવું અને જો અરિહંત ભગવાન ભરત ક્ષેત્રમાં વિચરતાં ન હોય તો સિદ્ધ અને ગુરુને એમ બે વાર નમોત્થુણંથી વંદન કરવું. ગુરુ માટે **णमोत्थुणं** નો પાઠ સંક્ષિપ્ત જુદો હોય છે.

***પ્રશ્ન :– આ ઉપરોક્ત વંદન સંબંધી જ્ઞાનનો આધાર પ્રમાણ શું છે ?***

**જવાબ :–** રાયપસેણીય સૂત્ર, ભગવતી સૂત્ર, ઔપપાતિક સૂત્ર, આદિના વંદન પ્રકરણોના આગમ પાઠ જ કહેવાયેલા વંદન જ્ઞાનના મુખ્ય આધાર છે. તેના હેતુ આધારથી આ સમાધાન કરવામાં આવ્યું છે.

***પ્રશ્ન :– એક જ વારમાં એક સાથે બે વંદન પાઠોથી વંદના કરી શકાય છે ?***

**જવાબ :–** ના, એક પ્રસંગમાં ઉપરના સમાધાનો અનુસાર કોઈપણ એક પાઠથી વંદન કરવું જોઈએ.

***પ્રશ્ન :– પ્રતિક્રમણમાં તિક્ખુત્તોના પાઠથી વંદન કરીને પછી તેની સાથે ખમાસમણાના પાઠથી વંદન કરવામાં આવે છે ?***

**જવાબ :–** તે ખોટી પરંપરા છે. પ્રતિક્રમણની વચ્ચે ત્રણ જગ્યાએ ખમાસમણાના પાઠથી વંદન કરવા તે યોગ્ય છે. તેના સિવાય વચ્ચે વારંવાર તિક્ખુત્તોના પાઠથી વંદન કરવું તે બરાબર નથી. એ ખોટી ભ્રમણાથી ચાલતી પરંપરા માત્ર છે.

પ્રતિક્રમણ શરૂ કરવાની આજ્ઞા પ્રત્યક્ષમાં ગુરુ અથવા રત્નાધિકને **तिक्खुत्तो** ના પાઠથી પ્રત્યક્ષ વંદન કરીને લેવાય છે અને પ્રતિક્રમણના અંતમાં પ્રત્યક્ષ ગુરુવંદન **तिक्खुत्तो**ના પાઠથી કરીને ક્ષમાયાચના એવં પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવામાં આવે છે તથા તે બંને સમયે બધા રત્નાધિકોને પ્રત્યક્ષ વંદન તિક્ખુત્તોના પાઠથી કરવામાં આવે છે.

પ્રતિક્રમણની વચમાં– (૧) વ્રત અતિચારોનું પ્રતિક્રમણ કર્યા પહેલાં, (૨) પ્રાયશ્ચિત્ત શુદ્ધિ કાયોત્સર્ગ કરવા પહેલાં અને (૩) પ્રત્યાખ્યાન કરવા પહેલાં; આ ત્રણ જગ્યાએ ખમાસમણાના પાઠથી વંદન કરવામાં આવે છે.

મધ્યમ વંદના એકવાર કરવી જોઈએ. પ્રત્યક્ષમાં તીર્થંકર ભગવાન માટે શ્રાવક શ્રાવિકાઓ દ્વારા ત્રણ આવર્તનપૂર્વક એકવાર વંદન કરીને બેસી જવાનું વર્ણન અનેક આગમોમાં મળી આવે છે. ફક્ત ઉત્કૃષ્ટ વંદન પ્રતિક્રમણમાં ત્રણ જગ્યાએ, બે-બે વખત કરવામાં આવે છે. ત્રણ વારની મધ્યમ વંદનાનો કોઈ આગમ આધાર નથી. સાધુ હજારો ગુણોના ધારક હોય છે અને મુખ્ય ૨૭ ગુણોના ધારક હોય છે. તો તે ગુણો પ્રમાણે વંદના કરાય નહીં.

તેમ છતાં જ્ઞાન, દર્શન, ચારિત્રની અપેક્ષાએ ત્રણ વંદના કરવાનો રિવાજ છે પરંતુ સાધુઓને ત્રણ વાર કરવાની સાથે સિદ્ધોને પણ ત્રણવાર વંદના કરવામાં આવે છે. જો કે તેમાં જ્ઞાન, દર્શન બે જ હોય છે, ચારિત્ર હોતું નથી.

અનેક શ્રાવકો દ્વારા ભગવાનને વંદન કરવાનું વર્ણન આગમોમાં જોવાથી એ સ્પષ્ટ થાય છે કે ત્રણ આવર્તન અને એકવાર પંચાંગ નમાવીને વંદન કરવું, એ આગમ સમ્મત વંદન વિધિ છે.

***(૧૨) પ્રશ્ન :– ગમનાગમન અતિચાર પ્રતિક્રમણનો પાઠ બે પ્રકારે જોવા મળે છે. તેમાં સાચો કયો છે ?***

**જવાબ :–** **इच्छामि पडिक्कमिउं इरियावहियाए** આ રીતે શરૂ થવાવાળો પાઠ શુદ્ધ છે અને **इच्छाकरेणं संदिसह भगवं इरियावहियं पडिक्कमामि इच्छं** આટલો પાઠ પાછળથી જોડાયો છે; એવું પ્રાચીન પ્રતો જોવાથી જણાય છે.

***(૧૩) પ્રશ્ન :– પ્રતિક્રમણ કરવાની વિધિમાં એક પાઠ કેટલીવાર આવી શકે?***

**જવાબ :–** પ્રતિક્રમણ વિધિમાં અલગ-અલગ જગ્યાએ કોઈપણ પાઠ ત્રણવાર આવી શકે છે. તેનાથી અધિક આવે તો તે આગમ આધાર વિનાની અશુદ્ધ પરંપરા છે, તેમ સમજવું અને ત્રણથી અધિક વાર બોલવું આવશ્યક પણ નથી.

***(૧૪) પ્રશ્ન :– કાઉસ્સગ્ગ ઊભા-ઊભા કરવો કે બેસીને ?***

**જવાબ :–** શારીરિક કારણ ન હોય તો કાઉસ્સગ્ગ ઊભા થઈને જ કરવો જોઈએ. પરિસ્થિતિનું કોઈ કારણ હોવા પર સુખાસનથી બેસીને પણ કાઉસ્સગ્ગ કરી શકાય છે.

***પ્રશ્ન :– કાઉસગ્ગ પાળવાના સમયે આખો નવકાર મંત્ર બોલવો જોઈએ કે ફક્ત એક જ પદ બોલવું ?***

**જવાબ :–** ફક્ત **णमो अरिहंताणं** એટલું જ પદ બોલવું જોઈએ. **तस्स उत्तरी**ના પાઠથી પણ એ જ સાબિત થાય છે. આખો નમસ્કાર મંત્ર બોલવો, તે પડી ગયેલી પરંપરા માત્ર છે.

***(૧૫) પ્રશ્ન :– કાઉસ્સગ્ગ શુદ્ધિનો સાચો પાઠ કયો છે ?***

**જવાબ :–** આ પાઠ આગમમાં મળતો નથી. એટલે એમાં બે ધ્યાન અને ચાર



ધ્યાનના નામ બોલવામાં મતભેદ છે. અપેક્ષાથી બે ધ્યાન બોલવા જ વિશેષ યોગ્ય લાગે છે.

***(૧૬) પ્રશ્ન :– લોગસ્સનો પાઠ ક્યારે બોલવામાં આવે છે ?***

**જવાબ :–** કોઈપણ પ્રકારના આગમોક્ત કાઉસગ્ગ કર્યા પછી પ્રગટમાં લોગસ્સનો પાઠ બોલવામાં આવે છે. પ્રતિક્રમણમાં પણ કાઉસગ્ગ પછી લોગસ્સના પાઠનું ઉચ્ચારણ કરવામાં આવે છે. લોગસ્સનો પાઠ તીર્થંકરનું ઉત્કીર્તન છે, નામ સહિત ગુણગ્રામ છે. કીર્તન અને ગુણગ્રામ મનમાં કરવાના અથવા મૌનથી કરવાના હોતા નથી. તે તો પ્રગટથી બોલીને કરવામાં આવે, ત્યારે તેનું કીર્તન નામ સાર્થક થાય છે. આગમ, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, આવશ્યક સૂત્રમાં પણ કાઉસ્સગ્ગ પછી લોગસ્સનો પાઠ બોલવાનું વિધાન છે. કાઉસ્સગ્ગની અંદર લોગસ્સનો પાઠ કરવાનું વિધાન કોઈપણ મૂળ આગમમાં નથી પરંતુ કાઉસ્સગ્ગ પછી બોલવાનું વિધાન અવશ્ય છે. તો પણ પૂર્વાચાર્યોએ સામાન્ય લોકોની દષ્ટિથી કાઉસ્સગ્ગમાં પણ આલંબન હેતુ લોગસ્સનો પાઠ બોલવાની પરંપરા ચલાવી છે.

વાસ્તવમાં તો કાઉસ્સગ્ગ, આત્મ ચિંતન, અતિચાર દોષનું ચિંતન કરવા માટે કરવામાં આવે છે. ગુણકીર્તન કરવા માટે કાઉસ્સગ્ગ કરવાની આવશ્યકતા હોતી નથી. તે તો પ્રગટ ઉચ્ચારણથી કરવાની વસ્તુ છે. ત્યારે તેને કીર્તન કહી શકાય છે.

***(૧૭) પ્રશ્ન :– સામાયિક પાળવાના પાઠ કેટલા છે ?***

**જવાબ :–** સામાયિક વ્રતના પાંચ અતિચારનો પાઠ, **सामाइयं सम्मं काएणं** ઈત્યાદિ પાઠ અને ૩૨ દોષોનો પાઠ આ ત્રણ પાઠ મુખ્ય રૂપથી છે. બાકીના પાઠ ૪ સંજ્ઞા, ૪ વિકથા આદિ પાઠ સ્પષ્ટીકરણ માટે જોડવામાં આવ્યા છે. જેનો સમાવેશ ૩૨ દોષોમાં થઈ જાય છે.

***પ્રશ્ન :– સામાયિક લેવા પાળવાની વિધિમાં ફરક કેમ આવે છે ?***

**જવાબ :–** સામાયિક લેવા પાળવાના પાઠોચ્ચરણ વિધિ અથવા ક્રમ નિર્દેશ કોઈપણ આગમમાં અથવા તેની વ્યાખ્યામાં મળતાં નથી. મૂળ આધાર કાંઈપણ ન મળવાથી અને ભિન્ન-ભિન્ન પરંપરાઓથી મળ્યા હોવાના કારણે વિધિમાં ફરક આવે છે.

તત્ત્વદષ્ટિથી સમજવા માટે નીચેના તત્ત્વ વિચારવા યોગ્ય છે. સામાયિક લેતાં સમયે ઈરિયાવહિ પ્રતિક્રમણ હેતુ **इच्छामि पडिक्कमिउं इरिया वहियाए** ના પાઠનું ધ્યાન કરવું તે બરાબર છે. સામાયિક પાળવાના સમયે સામાયિકમાં થયેલ ૧૮ પાપોના ત્યાગ રૂપ વ્રતમાં લાગેલા અતિચારોનું ચિંતન કરવાના હેતુથી ૧૮ પાપસ્થાનના પાઠનું ધ્યાન કરવું બરાબર છે. લોગસ્સનો પાઠ અને કાઉસ્સગ્ગ શુદ્ધિનો પાઠ તો પ્રત્યેક કાઉસ્સગ્ગની પછી જ બોલવામાં આવે છે. લોગસ્સના

પાઠ પછી સામાયિકની પ્રતિજ્ઞા કરેમિ ભંતેના પાઠથી વિનયપૂર્વક લેવામાં આવે છે.

તસ્સ ઉત્તરીનો પાઠ પ્રત્યેક કાઉસ્સગ્ગ કર્યા પહેલાં બોલવામાં આવે છે. કારણ કે તે કાઉસ્સગ્ગ કરવાનો પ્રતિજ્ઞા પાઠ છે.

આ વિધિના આદિમંગલ માટે નમસ્કારમંત્ર અને 'મંગલ પાઠ' બોલવા જોઈએ અને પ્રતિક્રમણની સમાપ્તિમાં જે રીતે સિદ્ધ સ્તુતિ નમોત્થુણંના પાઠથી કરવામાં આવે છે, તે જ રીતે સામાયિક લેવાની વિધિના અંતમાં અને પાળવાની વિધિના અંતમાં નમોત્થુણંનો પાઠ બોલવો જોઈએ.

સામાયિક પાળવાના અતિચાર શુદ્ધિનો પાઠ પણ અંતમાં બોલવો આવશ્યક છે અને અંતિમ મંગલની અપેક્ષા સામાયિક સમાપ્ત કરતાં સમયે નમસ્કારમંત્ર બોલવો, એ પણ બરાબર છે.

આ આવશ્યક તત્ત્વો સામાયિકની વિધિના નિર્ણય માટે આવશ્યક છે. કાઉસ્સગ્ગમાં ઈચ્છાકારેણંનો પાઠ બોલવો જ છે, તો કાઉસ્સગ્ગની પહેલાં તેને બોલવો બરાબર નથી. લોગસ્સનો પાઠ કાઉસ્સગ્ગના પછી બોલવો જ છે, એટલે કાઉસ્સગ્ગમાં લોગસ્સ બોલવો પણ બરાબર નથી.

***(૧૮) પ્રશ્ન :– રાઈય અને દેવસિય પ્રતિક્રમણનો સમય કયો છે ?***

**જવાબ :–** પ્રતિક્રમણ કરવાનો સમય ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૬થી સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં કરવાનું સ્પષ્ટ થાય છે. સૂર્યાસ્ત પછી દેવસિય પ્રતિક્રમણ અને સૂર્યોદય પહેલાં રાઈય પ્રતિક્રમણ કરવું જોઈએ.

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૬માં સૂર્યાસ્ત સમયે થંડિલભૂમિ પડિલેહણનું કાર્ય બતાવવામાં આવ્યું છે. દશાશ્રુતસ્કંધ સૂત્રમાં સૂર્યાસ્તના પહેલા સમય સુધી ચાલવું વિહાર કરવો વગેરે બતાવવામાં આવ્યું છે. બૃહત્કલ્પ સૂત્રમાં સૂર્યાસ્ત પૂર્વ સમય સુધી ખાતાં પીતાં સાધુની પણ આરાધના બતાવવામાં આવી છે. આ રીતે સૂર્યાસ્તની નજીકના પૂર્વ સમયમાં પ્રતિલેખન, વિહાર અને આહાર વિધિનો આગમ નિર્દેશ હોવાથી તે કાળને પ્રતિક્રમણનો કાળ કહી શકાતો નથી. એટલે સૂર્યાસ્તની પૂર્વે પ્રતિક્રમણનો સમય માનવો આગમ વિપરીત થાય છે.

પ્રાતઃ સૂર્યોદયની પછીના સમયમાં આગમમાં પ્રતિલેખન, વિહાર એવં આહારનું કથન છે. એટલે સૂર્યોદયની પહેલાં જ પ્રતિક્રમણનો કાળ માનવો બરાબર છે.

આવી રીતે આગમ સંમત તત્ત્વ એ છે કે સૂર્યાસ્ત પછી દેવસિક પ્રતિક્રમણ અને સૂર્યોદય પહેલાં રાત્રિક પ્રતિક્રમણ કરવું જોઈએ.

***પ્રશ્ન :– પ્રતિક્રમણ ૪૮ મીનિટમાં થવું જોઈએ ?***

**જવાબ :–** આગમોમાં એવા કોઈ નિશ્ચિત સમયનો ઉલ્લેખ નથી. છતાં પણ એક રૂપતા એવં વ્યવસ્થિતતાની દષ્ટિથી એવું કહેવાય છે કે ૪૮ મીનિટ અથવા



એક કલાકમાં પ્રતિક્રમણ થઈ જવું જોઈએ.

વાસ્તવમાં નવી જૂની શીખેલ વ્યક્તિ અથવા અભ્યસ્ત, અનભ્યસ્ત વ્યક્તિની અપેક્ષા હીનાધિક સમય થાય તે સ્વભાવિક છે.

વિશેષ પરિસ્થિતિમાં અને નવા શીખેલા સાધકને ઉક્ત સમયથી અધિક સમય પણ લાગી શકે છે અર્થાત્ કોઈને કલાક, દોઢ કલાક સુધી પણ લાગી શકે છે અને કોઈને ૨૦-૨૫ મીનિટમાં પણ પૂર્ણ થઈ શકે છે.

લાલ દિશા સંબંધી (સંધિકાળ) યૂપકકાળ અસ્વાધ્યાય કાળ પણ ક્યારેક ૩૦, ૪૦, ૫૦ મીનિટ એવં ક્યારેક કલાકથી પણ વધારે સમયનો હોઈ શકે છે.

સાર તત્ત્વ એ છે કે પ્રતિક્રમણ પ્રમાદ રહિત થઈને કરવું, પરસ્પર વાતો ન કરવી જોઈએ. છતાં કોઈને ૩૦, ૪૦, ૫૦ મીનિટ અથવા કલાક પણ લાગી જાય, તોપણ કાંઈ આગમ વિઢદ્ધ થતું નથી.

વાસ્તવમાં જે મૂળ આગમકાલીન પ્રતિક્રમણ છે, તે તો અત્યંત નાનું જ છે. તે માટે તો અડધો કલાક પણ પર્યાપ્ત છે. પરંતુ વર્તમાનમાં કેટલાક પાઠ, દોહા, સવૈયા, ભજન, સ્તુતિ, પ્રતિક્રમણમાં પ્રવેશી ગયા છે.

મૂળ આવશ્યક સૂત્ર તો આજ પણ ૧૦૦-૨૦૦ શ્લોક પ્રમાણ જ માનવામાં આવે છે. છતાં પણ કરવામાં આવતાં વિધિયુક્ત પ્રતિક્રમણ લગભગ એક હજારથી પાંચ હજાર શ્લોક પ્રમાણ મોટું પણ થઈ ગયું છે.

આ પ્રકારે પ્રતિક્રમણના પરિમાણની સમાનતા નથી. વ્યક્તિગત ઉચ્ચારણ ગતિમાં પણ મંદતા તીવ્રતા થાય છે. એટલે સમય પણ હીનાધિક લાગે છે. જે માટે શાસ્ત્રમાં કોઈ સ્પષ્ટોલ્લેખ નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં કેટલાક સંકેત છે. તે અનુસાર પ્રતિક્રમણનો સમય અડધા કલાકથી લઈને સવા કલાક પણ થઈ શકે છે.

***(૧૯) પ્રશ્ન :– પ્રતિક્રમણની આજ્ઞા લીધા પછી વચમાં પ્રત્યેક આવશ્યકની આજ્ઞા લેવી જોઈએ ?***

**જવાબ :–** છ આવશ્યક તો આવશ્યક સૂત્રના અધ્યયન રૂપ વિભાજન છે. તે અધ્યયનોમાં આવેલ પાઠોને આગળ પાછળ એક અથવા અનેકવાર જોડવાથી પૂર્ણ વિધિયુક્ત પ્રતિક્રમણ થાય છે. એની વચ્ચે-વચ્ચે 'આવશ્યક' લગાડવું અને વારંવાર આજ્ઞા લેવી બરાબર નથી.

જેમ આવશ્યક સૂત્રમાં લોગસ્સ બીજા આવશ્યક અધ્યાયમાં, ખમાસમણો ત્રીજા આવશ્યક અધ્યાયમાં છે. જો કે વિધિયુક્ત પ્રતિક્રમણમાં લોગસ્સ બે વાર અને ખમાસમણો ત્રણ વાર બોલાય છે. તો બીજો આવશ્યક બે વાર અને ત્રીજો આવશ્યક ત્રણ વાર કહેવો પડશે. એવી રીતે કરેમિભંતેનો પાઠ આવશ્યક સૂત્રમાં તો પ્રથમ આવશ્યકમાં છે. જો કે વિધિયુક્ત પ્રતિક્રમણમાં ત્રણવાર બોલાય છે. તો પ્રથમ આવશ્યકની આજ્ઞા છે, એમ ત્રણ વાર બોલાશે ? ના, તેમ સંભવ નથી. એટલે

એકવાર પૂર્ણ પ્રતિક્રમણની આજ્ઞા લીધા પછી વારે-વારે આજ્ઞા લેવી અનાવશ્યક અને અસંગત છે.

***(૨૦) પ્રશ્ન :– જે અતિચાર ચિંતનનો પાઠ કાઉસ્સગ્ગમાં ચિંતનરૂપમાં બોલાય છે, શું તેને પહેલાં જ બોલીને મિચ્છામિ દુક્કડં દઈ દેવું બરાબર છે ?***

**જવાબ :–** વિધિ સંકલનાનો વિસ્તૃત આગમ આધાર નહીં હોવાથી કેટલાક પાઠોની ક્રમ પરંપરા ફરી વિચારણીય છે. જેમ ગમનાગમન અતિચાર પ્રતિક્રમણ (**इच्छाकारेणं**), સંક્ષિપ્ત અતિચાર પ્રતિક્રમણ(**इच्छामि ठामि**)નો પાઠ, કાયોત્સર્ગ પહેલાં બોલીને પછી કાયોત્સર્ગમાં પણ બોલાય છે, તે બરાબર નથી.

ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રતિક્રમણની સંક્ષિપ્ત વિધિ બતાવી છે. પરંતુ ક્રમપૂર્વક પાઠોની વિસ્તૃત વિધિ કોઈ આગમમાં ઉપલબ્ધ ન હોવાથી પ્રચલિત ક્રમ થોડોક વિચારણીય એવં સંશોધનીય અવશ્ય પ્રતીત થાય છે.

વિચારણાથી આ નિર્ણય થાય છે કે કાઉસ્સગ્ગની પહેલાં આદિ મંગલ સામાયિક પ્રતિજ્ઞા એવં કાયોત્સર્ગ પ્રતિજ્ઞા પાઠ હોવો જ પર્યાપ્ત છે, તે પૂર્વે **વિધિ પરિશિષ્ટ**માં (ત્રીજા પરિશિષ્ટમાં) બતાવવામાં આવ્યું છે.

***(૨૧) પ્રશ્ન :– નમસ્કાર મંત્ર કયા આવશ્યકનો પાઠ છે ?***

**જવાબ :–** છ આવશ્યકમાં નવકાર મંત્રનો પાઠ નથી. તેને આદિ મંગલ પાઠના રૂપમાં માનવામાં આવ્યો છે. ભગવતી સૂત્રના પ્રારંભમાં નવકાર મંત્રનો પાઠ છે. અન્ય સૂત્રોના પ્રારંભમાં નથી. એવી રીતે નમોત્થુણંનો પાઠ પણ છ આવશ્યકમાં નથી. તેને અંતિમ મંગલ રૂપમાં માનવામાં આવ્યો છે. અન્ય અનેક આગમોમાં નમોત્થુણંનો પાઠ મળે છે.

***(૨૨) પ્રશ્ન :– આગમે તિવિહે અને અરિહંતો મહદેવોનો પાઠ કયાં આવે ?***

**જવાબ :–** આ બંને પાઠ છ આવશ્યકમાં નથી. પછી આચાર્યોએ સંપાદિત કરીને બનાવ્યા છે. એટલે એમાં ગુજરાતી, પ્રાકૃત મિશ્ર ભાષા છે. અરિહંતો મહદેવો આવશ્યક નિર્યુક્તિના આધારથી એવં આગમે તિવિહેનો પાઠ ચોથા આવશ્યકના તેત્રીસ બોલના પાઠથી લઈને જ્ઞાનાતિચાર અને દર્શનાતિચારની આવશ્યકતા માટે ઉપયોગી સમજીને સંપાદિત કરવામાં આવ્યા છે.

***(૨૩) પ્રશ્ન :– શ્રાવક પ્રતિક્રમણનો પાઠ કયા આવશ્યકમાં છે ?***

**જવાબ :–** આવશ્યક સૂત્રના છ આવશ્યકોમાં સાધુ પ્રતિક્રમણના પાઠોનો જ ઉલ્લેખ છે. શ્રાવક યોગ્ય પાઠ કરેમિ ભંતે, ઈચ્છામિ ઠામિ આદિ શ્રમણ પ્રતિક્રમણના પાઠથી સંશોધિત સંપાદિત કરવામાં આવ્યાં છે અને અન્ય પાઠ અનેક આગમોમાંથી લેવામાં આવ્યા છે. એ બધા મળીને આખું શ્રાવક પ્રતિક્રમણ યથોચિતરૂપથી સંકલિત કરીને સંપાદિત કરવામાં આવ્યું છે. શ્રાવક પ્રતિક્રમણ કરવાનું પણ જરૂરી હોવાથી તેનું સંપાદન ઉપયોગી જ છે.



ઉપલબ્ધ છ આવશ્યકમાં તો ફક્ત ૨૩ પાઠ છે અને બે આદિ, અંત મંગલ પાઠ માનવામાં આવ્યા છે. એમ કુલ ૨૫ પાઠથી શ્રમણ પ્રતિક્રમણ પૂર્ણ કરવામાં આવ્યું છે. છટ્ઠા આવશ્યક પછી પરિશિષ્ટ રૂપમાં શ્રાવક પ્રતિક્રમણ સંક્ષેપમાં વ્યાખ્યાકારે સ્વીકાર કર્યો છે. તેના આધારથી વિસ્તૃત રૂપમાં પૂર્ણ શ્રાવક પ્રતિક્રમણ પ્રચલિત છે. જેમાં કાલાંતરથી કેટલીય સ્તુતિઓ, ભજન, દોહા પ્રવેશી ગયા છે.

***(૨૪) પ્રશ્ન :– ખમાસમણાના પાઠથી ઉત્કૃષ્ટ વંદનની વિધિ કયાં બતાવવામાં આવી છે ?***

**જવાબ :–** સમવાયાંગ સૂત્રના ૧૨મા સમવાયમાંથી એની વિધિ સંબંધી જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેના આધારે બે વાર ખમાસમણા, ૪ વાર માથું નમાવવું, ૧૨ આવર્તન કરવા, પ્રવેશ, નિષ્ક્રમણ, ઉક્કડું આસન આદિ કરવામાં આવે છે. એનું સ્પષ્ટીકરણ સમવાયાંગ ટીકા અને આવશ્યક સૂત્રની નિર્યુક્તિ ટીકામાં ઉપલબ્ધ છે.

***(૨૫) પ્રશ્ન :– કાઉસ્સગ્ગમાં બોલાતા ૯૯ અતિચાર આદિ પાઠોને બીજીવાર પ્રગટ કેમ બોલાય છે ?***

**જવાબ :–** કાઉસ્સગ્ગમાં મૌનપૂર્વક વ્રતોના અતિચાર–દોષોના ચિંતનથી આત્માનુ- પ્રેક્ષણ કરવામાં આવે છે અને પછી પ્રગટમાં બોલીને તેનું આલોચના પ્રતિક્રમણ મિથ્યા દુષ્કૃત આપવામાં આવે છે.

***પ્રશ્ન :– બે વાર બોલવું ઠીક છે તો ત્રણ વાર અતિચારોને કેમ બોલાય ?***

**જવાબ :–** ઉત્તરાધ્યયન સૂત્રના આધાર થી જ પ્રતિક્રમણની વિધિ સ્પષ્ટ થાય છે. તદનુસાર બે વાર બોલવાનું જ સ્પષ્ટ થાય છે. અર્થાત્ કાઉસ્સગ્ગમાં ચિંતન કરીને પછી પ્રગટમાં વ્રત અતિચારોનું પ્રતિક્રમણ સંલગ્ન કરી લેવું જોઈએ અને પછી પ્રાયશ્ચિત્ત શુદ્ધિને માટે પુનઃ કાઉસ્સગ્ગ કરી લેવો જોઈએ. વિશેષ જાણકારી માટે ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૬ જોવું જોઈએ.

***(૨૬) પ્રશ્ન :– સંકલિત, સંપાદિત પાઠ કેટલા અને કયા છે ?***

**જવાબ :–** એમ તો શ્રાવક પ્રતિક્રમણ સંપૂર્ણ જ સંકલિત સંપાદિત છે અને શ્રમણ પ્રતિક્રમણમાં કેટલાક પાઠ સંકલિત સંપાદિત બોલાય છે. આ પાઠોની સ્પષ્ટ જાણકારી માટે આ પુસ્તકના પરિશિષ્ટોનું ધ્યાન પૂર્વક અધ્યયન કરવું જોઈએ. ત્યાં અન્ય આગમોથી સંકલિત પાઠ તથા આગમ સિવાય સંકલિત, સંપાદિત, પાઠોનો એક સાથે સંગ્રહ આપવામાં આવ્યો છે.

સામાન્ય રૂપથી એ સમજી શકાય છે કે જેટલા પણ પાઠ હિન્દી, ગુજરાતી ભાષામાં અથવા મિશ્ર ભાષામાં છે તે બધા નવા સંપાદિત છે અને ૨૫ મિથ્યાત્વ, ૧૪ સંમૂર્ચ્છિમ, મહાવ્રત, સમિતિ ગુપ્તિ, અણુવ્રત, સંલેખના, પાંચ પદની વંદના, **आयरिय उवज्झाए**નો પાઠ, **तस्स सव्वस्स** આદિ પાઠ સંગ્રહિત સંપાદિત છે.

શ્રાવક પ્રતિક્રમણના **करेमि भंते** અને **इच्छामि ठामि**ના પાઠ પણ સંપાદિત-સંશોધિત છે.

***(૨૭) પ્રશ્ન :– શ્રાવકના ૯૯ અતિચાર અને સાધુના ૧૨૫ અતિચારોનું કથન સંકેત ક્યાં છે ?***

**જવાબ :–** એવી સંખ્યાનો સંકેત કોઈપણ આગમમાં નથી. બીજી પણ એવી સંખ્યાઓની ગણતરી પરંપરામાં ચાલે છે, જેનો આગમોમાં કોઈ નિર્દેશ નથી, જેમ કે ૨૧ પ્રકારના ધોવણ, પંચ પરમેષ્ટિના ૧૦૮ ગુણ, આચાર્યના ૩૬ ગુણ, ઉપાધ્યાયના ૨૫ ગુણ, જીવના ૫૬૩ ભેદ ઈત્યાદિ.

એ બધા અપેક્ષાથી સંકલિત કરીને બનાવવામાં આવે છે. જે કેટલાક તો આગમ સંમત હોય છે અને કેટલાક અસંગત પણ થઈ જાય છે.

***(૨૮) પ્રશ્ન :– સંલેખના તો જીવનના અંત સમયમાં થાય છે. તેના અતિચારોની રોજના કાઉસ્સગ્ગમાં ચિંતનની શું આવશ્યકતા છે ?***

**જવાબ :–** આ તપના અતિચારોની અપેક્ષાએ સંકલિત પાઠ છે. એટલે એમાં સંલેખનાના સ્થાન પર તપના અતિચાર કહેવા જોઈએ અને સાથે જ તપ સ્વરૂપ પણ બોલવું જોઈએ. આ પુસ્તકમાં આ સંલેખના પાઠના સ્થાન પર 'તપ સ્વરૂપ અને તેના અતિચાર' નામથી તે પાઠ આપવામાં આવ્યો છે.

***(૨૯) પ્રશ્ન :– બાર અણુવ્રતોમાં કરણ–યોગ એક સમાન કેમ નથી ?***

**જવાબ :–** શ્રાવકના અણુવ્રત ત્રણ કરણ અને ત્રણ યોગના ૪૯ ભાંગામાંથી કોઈપણ ભંગથી લઈ શકાય છે; એવું ભગવતી સૂત્રમાં બતાવવામાં આવ્યું છે. પ્રત્યેક વ્રતમાં શ્રાવકની પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. એટલે કરણ યોગ સમાન થઈ શકતા નથી. એટલે આ વ્રતો મધ્યમ દરજ્જાના સાધક શ્રાવકોની યોગ્યતાને લક્ષ્યમાં રાખીને સંપાદિત કરાયેલ છે. જે એક પ્રકારની સામૂહિક વ્યવસ્થાની દૃષ્ટિથી બરાબર પણ છે. જેટલા અનુકૂળ હોય તેટલા વધારે કરણ યોગ કરી શકાય છે, તેમાં આગમથી કોઈ વિરોધ નથી. એટલે આ પાઠોના સાચા આશયને વિવેક બુદ્ધિથી સમજી લેવા જોઈએ.

આ અણુવ્રતોના મૂળ પાઠોમાં આગાર, વ્રત સ્વરૂપ અને તેના અતિચારોની સંરચના ઘણી અનુભવ પૂર્ણ છે. આ સંરચનાથી યુક્ત આ વ્રતોને, ગરીબ-અમીર, યુવા યા વૃદ્ધ, સ્ત્રી-પુરુષ એવં રાજા-નોકર, શેઠ-મુનિમ, કોઈપણ ધારવા ઈચ્છે તો ધારી શકે છે.

પ્રથમના ત્રણ વ્રત અને ૮, ૯, ૧૧મું વ્રત બે કરણ ત્રણ યોગથી હોવાનું બરાબર અને પાલનમાં સંભવ છે. પરંતુ ૫, ૬, ૭, ૧૦ મું; આ ચાર વ્રતો એક કરણ ત્રણ યોગથી જ પાલન કરવા સુગમ છે. આ પ્રકારે બધા વ્રતોમાં કરણ યોગ સમજી લેવા. ૧૨મા વ્રતમાં કરણ યોગને બોલવાની આવશ્યકતા પણ નથી રહી.



તેમાં તો સુપાત્ર દાન દેવાનો નિયમ છે. જે ત્રણ કરણ ત્રણ યોગોની સંપૂર્તિની સાથે આપવો જોઈએ. ત્યારે શ્રેષ્ઠ દાન થાય છે.

***(૩૦) પ્રશ્ન :– પ્રતિક્રમણમાં ખામણા-ભાવવંદના કેવી રીતે અને કેમ ?***

**જવાબ :–** પ્રતિક્રમણનો(મુખ્ય) ઉદ્દેશ તો વ્રત પચ્ચક્ખાણોની શુદ્ધિ કરવાનો છે; દિવસમાં થયેલા અતિચારો(દોષો)નું ચિંતન, સ્વદોષ દર્શન અને તેનું પરિશોધન કરવાનું છે. આત્માના કષાય પરિણામોનું પરિવર્તન સમભાવમાં કરવાનું છે. આ મુખ્ય ઉદ્દેશથી જ મૌલિક પ્રતિક્રમણના પાઠો આવશ્યક સૂત્રમાં ઉપલબ્ધ છે. તેનાથી પ્રતિક્રમણનું પૂર્ણ પ્રયોજન સિદ્ધ થઈ જાય છે. તો પણ ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં અને ૨૬મા અધ્યયનમાં પ્રતિક્રમણ પૂર્ણ થતાં અર્થાત્ પચ્ચક્ખાણ થઈ ગયા પછી સ્તવ સ્તુતિ મંગલ કરવાનો પણ નિર્દેશ છે અને તેનું પણ મહત્વ પ્રતિક્રમણ સાથે રાખવામાં આવ્યું છે.

તે બંને સૂત્ર સ્થળોના નિર્દેશ અનુસાર પાંચ પદોની ભાવવંદના કે ખામણા આદિ ગુણગ્રામ વગેરે પચ્ચક્ખાણ કર્યા પછી કરવા તે બરાબર છે. પરંતુ પરંપરામાં પ્રતિક્રમણની વચમાં આ સ્તુતિ ગુણ ગ્રામના પાઠોએ સ્થાન લઈ લીધું છે. એ આગમ સમ્મત નથી. આ બધી સ્તુતિ, ગુણગ્રામ આદિ પચ્ચક્ખાણ પછી કરવા જ આગમ સંમત છે પરંતુ વચમાં પ્રવેશ થઈ જવાથી પ્રતિક્રમણનો અધિક સમય એમાં જ લાગી જાય છે; તેથી અતિચાર ચિંતન, સ્વદોષ દર્શન, આત્મ શુદ્ધિનો ઉપક્રમ, ઓછો કરી દેવામાં આવે છે, ગૌણ કરી દેવામાં આવે છે, તેમાં રસ ઓછો લેવામાં આવે છે; સ્તુતિ ભક્તિના રસમાં જ અધિકતમ પ્રતિક્રમણનો સમય વ્યતીત કરી દેવામાં આવે છે.

જોકે પ્રતિક્રમણનો મુખ્ય ઉદ્દેશ ભક્તિ રસનો આનંદ લેવાનો નથી પરંતુ સ્વદોષ દર્શન અને આત્મ પરિણામ વિશુદ્ધિ કરવાનો અને કષાયોપશાંતિ કરવાનો છે. માટે આ સ્તુતિ ગુણગ્રામ રૂપ પાંચ પદોની ભાવ વંદનાનો ખામણાનો નિષેધ કરવાની અપેક્ષાએ તેનું સ્થાન પરિવર્તન કરવાથી આગમ સંમત સ્થાનમાં અર્થાત્ પ્રતિક્રમણના પચ્ચખ્ખાણ કર્યાની પછી હોવું જોઈએ.

***(૩૧) પ્રશ્ન :– મહાવ્રત સમિતિ-ગુપ્તિના ભાષાપાઠ આગમ સંમત છે ?***

**જવાબ :–** પ્રચલિત શ્રમણ પ્રતિક્રમણમાં ગુજરાતીના સંપાદિત મહાવ્રત, સમિતિ, ગુપ્તિના પાઠ છે. તેમાં પણ કોઈ-કોઈ સ્થળ સંશોધન યોગ્ય છે અર્થાત્ આગમથી કેટલુંક અન્યથા પણ છે. તેના માટે આચારાંગ સૂત્ર અને પ્રશ્નવ્યાકરણ સૂત્રગત મહાવ્રત, સમિતિ, ગુપ્તિ અને ૨૫ ભાવનાઓનું અધ્યયન કરવું જોઈએ. પ્રસ્તુત પુસ્તકમાં તે ગુજરાતી પાઠોનું સંશોધન કરીને પ્રસ્તુત કરવામાં આવ્યું છે. વિદ્વાન પાઠક ધ્યાન રાખવાથી સમજી શકે છે. ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨૪માં પણ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું વર્ણન છે.

***(૩૨) પ્રશ્ન :– इच्छामि णं भंते પ્રતિક્રમણનો પ્રથમ પાઠ છે, આ મૌલિક આવશ્યક સૂત્રમાં છે ?***

**જવાબ :–** આ પાઠ પ્રતિક્રમણની આજ્ઞા લેવાની વિધિરૂપ છે. સંપાદિત કરાયેલો પાઠ છે, મૂળમાં નથી.

***(૩૩) પ્રશ્ન :– પ્રતિક્રમણમાં અતિચારના પાઠોમાં આવતાં*** *જાણવા યોગ્ય છે પણ આચરણ કરવા યોગ્ય નથી,* ***આ શબ્દોનો શો હેતુ છે ? શું તે અતિચારોનું આચરણ કરનારો શ્રાવક કે સાધુની કોટીમાં નહીં ગણાય ?***

**જવાબ :–** પ્રતિક્રમણમાં પ્રયુક્ત ઉપરોક્ત શબ્દ આદર્શ શિક્ષા રૂપ છે. તેને એકાંતિક આગ્રહમાં ન લેવા જોઈએ. અર્થાત્ વ્રતધારીઓના વ્રતોની શોભા અથવા પરિપુષ્ટિ માટે તે સાવધાની, શિક્ષા, પ્રેરણા છે. તેનું યથાવત્ ધ્યાન રાખવાથી વ્રત પુષ્ટ થાય છે અને વ્રતધારી આદર્શ સ્થાનને પ્રાપ્ત કરે છે.

આ શિક્ષાનું પાલન ન થવાથી વ્રતોની પરિપુષ્ટિમાં ઉણપ આવે છે; સાધક આદર્શ કક્ષાથી સામાન્ય કક્ષામાં પહોંચે છે. એટલે કે તેના વ્રતોમાં કિંચિત્ અતિચરણ પણ થાય છે. આ પ્રકારે આ વાક્યોનો આશય સમજવો જોઈએ. પરંતુ તેને સાધનાથી અર્થાત્ શ્રાવકપણાથી રહિત કહી શકાતા નથી.

જેમ કે ૧૫ કર્માદાન વ્યાપાર ધંધા છોડવા યોગ્ય છે, છતાં પણ આગમોક્ત કેટલાક શ્રમણોપાસકો તે વેપાર ધંધા છોડી શક્યા નહોતા. બંધ અને વધ પ્રથમ વ્રતમાં આચરણ કરવા યોગ્ય નથી તોપણ કેટલાક શ્રમણોપાસક રાજા આદિ યુદ્ધમાં શસ્ત્ર પ્રયોગ કરતા જ હતા.

આવી રીતે સંયમ સાધકના વિષયમાં પણ આદર્શ ગુણો માટે સમજી લેવું જોઈએ. સાધુને ૨૨ પરીષહ જીતવાની ધ્રુવ આજ્ઞા, આદર્શ પ્રેરણા છે. છતાં પણ રોગ પરિષહ સહન ન થવાથી, ઔષધ ઉપચાર કરવા અને કરાવનારાને શાસ્ત્રમાં અસાધુ મનાયા નથી. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨ માં ઔષધ ઉપચાર ન લેવામાં જ સાચું સાધુપણું કહ્યું છે, તો પણ આ આદર્શ શિક્ષા વાક્ય છે. તેને એકાંતમાં લેવાતું નથી. જે ઔષધ ઉપચારનું સેવન કરે તેનું સાધુપણું સાચું નથી, તો ખોટું સાધુપણું છે એમ પણ કહી શકાતું નથી.

મેલ પરીષહ જીવન પર્યંત સહન કરવાનો સૂત્રમાં આદેશ હોવા છતાં પણ પ્રક્ષાલન પ્રવૃત્તિ કરનારાને બકુશ નિર્ગ્રંથ દરજ્જામાં ભગવતી સૂત્રમાં માનવામાં આવ્યા છે અને દશવૈકાલિક અધ્યયન–૪ માં પ્રક્ષાલન પ્રવૃત્તિમાં પડનારાની સદ્ગતિ થવી જ દુર્લભ-કઠણ બતાવી છે. આવી રીતે આગમ વાક્યોને અપેક્ષા સાથે સમજવા જોઈએ, એકાંતિક સમજવા ન જોઈએ.

***(૩૪) પ્રશ્ન :– ૧૦મા વ્રત અને ૧૧મા વ્રતમાં શું અંતર છે ? અને ૧૦માનું પૌષધ અને ૧૧માનું પૌષધ શું છે ?***



**જવાબ :–** પૌષધનું વ્રત ૧૧મું છે. તેમાં ૧૦મા ને ૧૧મા એમ બે ભેદ કરવા આગમ સાપેક્ષ નથી. બધા પ્રકારના પૌષધ ૧૧મા વ્રતમાં જ સમજવા જોઈએ. કારણ કે પૌષધનું વ્રત એક જ છે, ૧૧મું જ છે.

કોઈપણ વ્રત જઘન્ય, મધ્યમ ઉત્કૃષ્ટ રીતે ધારણ કરી શકાય છે. પરંતુ તેને તે વ્રતમાં જ ગણાશે, અન્ય વ્રતમાં નહીં.

એવી રીતે ૧૮ પાપોના ત્યાગ રૂપ સંવર પ્રવૃત્તિના હીનાધિક થવા પર; આહાર ત્યાગ અથવા આહાર સેવન થવા પર પણ અથવા ૨૪ કલાકના ૨૦ અથવા ૧૬ કલાક થવા પર પણ તે સંવર પ્રવૃત્તિ(સાવદ્ય ત્યાગ પ્રવૃત્તિ)ને ૧૧મા વ્રતથી ઉતારીને ૧૦મા વ્રતમાં નાંખવું અથવા ૧૦મું પૌષધ વ્રત નામ દેવું અથવા નામકરણ કરવું બરાબર નથી અને આગમ સંમત પણ નથી. વિશેષ વિચારણા માટે ભગવતી સૂત્રના શંખ પુષ્કલી શ્રાવકના પ્રકરણનો સારાંશ ખંડ–૫ શ્રી ભગવતી સૂત્રમાં અધ્યયન કરવું જોઈએ. ત્યાં ભગવાનના પ્રમુખ શ્રાવકોનો આહાર યુક્ત પૌષધ ૧૧મા વ્રતમાં ગણવામાં આવ્યો છે. કારણ કે પાખીનો પ્રતિપૂર્ણ પૌષધ કરવાનો તે શ્રાવકોનો આજીવન નિયમ હતો.

***(૩૫) પ્રશ્ન :– પૌષધમાં સામાયિક પણ લઈ શકાય છે ?***

**જવાબ :–** પૌષધમાં સામાયિક લેવાનું વાસ્તવમાં કોઈ પ્રયોજન હોતું નથી. કારણ કે પૌષધનું જ સ્વતઃ અપ્રમત્ત ભાવથી આચરણ થાય છે. તેમાં રાત દિવસ આત્માને ધર્મ જાગરણમાં જોડી શકાય છે. પરંતુ પ્રવાહરૂપમાં સામાન્ય સાધકોને વ્યર્થ પ્રમાદ પ્રવૃત્તિથી બચાવવા માટે સામાયિકની પ્રેરણાની પ્રવૃતિ ચાલી છે. આ નિમિત્તથી સાધક સુવા માટે આળસ કે પ્રમાદ કરશે નહીં.

આ તો પૌષધના સ્વરૂપને ન સમજનાર અથવા ભૂલનાર સામાન્ય સાધકોને સામાયિકના મહત્ત્વ વડે પ્રમાદથી અટકાવવાનો એક ઉપાય છે. વાસ્તવમાં તો પૌષધનું મહત્ત્વ સામાયિકથી પણ અધિક અપ્રમત્તતાનું છે. એટલે જાણકાર સાધકોને પૌષધમાં સામાયિક લેવી અથવા ગણવી કોઈ જરૂરી નથી. છતાં પણ સામાન્ય પ્રવાહની સાથે બધાને ચાલવામાં એકરૂપતા રહે એટલે સામાયિક લ્યે અને ગણતરી કરવામાં આવે તો કોઈ નુકસાન સમજવું જોઈએ નહીં અને સામાયિક લેવી અથવા ન લેવાનો એકાંતિક આગ્રહ પણ ન કરવો જોઈએ. આ હાનિ લાભના વિચારથી સામાન્ય સાધકોની અપેક્ષાએ ચલાવવામાં આવેલી પ્રવૃત્તિ છે, એવું સમજી લેવું જોઈએ.

***પ્રશ્ન :– સામાયિકમાં ગયા કાળની સામાયિક મેળવીને આગળની સામાયિક લઈ શકાય છે ?***

**જવાબ :–** પૂર્વ સમાધાનના આશયની સમાન જ આ પ્રશ્નનું સમાધાન છે. સામાયિક વ્રત, ૯(નવ)મું વ્રત યથાવસર અધિકતમ સમય માટે પ્રતિદિન કરતાં

રહેવું જોઈએ. આ શ્રાવકનું શિક્ષા વ્રત છે. એની સંખ્યાની ગણતરી કરવી પણ સામાન્ય સાધકોને પ્રેરણાને કારણે પ્રચલિત છે, એમ સમજવું જોઈએ. આગમોમાં શ્રાવકોના ૬ પૌષધની ગણતરી તો બતાવી છે. પરંતુ સામાયિકની ગણતરી કોઈપણ શ્રાવકની બતાવી નથી.

પરંપરામાં ૪૮ મીનિટની એક સામાયિકના પરિમાણથી સામાયિકની ગણતરી કરવાની પરંપરા છે. અધિકતમ સાધકોને પોતાની ક્રિયાની ગણતરી કરવાથી સાધનામાં પ્રેરણાની વૃદ્ધિ થાય છે અને ઉત્સાહ વૃદ્ધિ થતી રહે છે. આ અપેક્ષાથી હાનિ લાભના વિચારથી સામાયિકનો હિસાબ રાખવો, ગણતરી કરવી લાભપ્રદ છે. આ પ્રસંગથી એક સાથે અનેક સામાયિક કરીને તેની ગણતરી કરવાની પ્રવૃત્તિ કરી શકાય છે. તે પ્રવૃત્તિની વ્યવસ્થામાં ક્યારેક એક સામાયિક લીધા પછી તેમાં અનેક સામાયિક જોડાઈ જાય છે, જે ૪૮ મીનિટના હિસાબથી ગણતરી કરવામાં આવે છે.

આ પ્રવૃત્તિની વ્યવસ્થામાં આગામી સામાયિક ગમે ત્યારે લઈ શકાય છે. જેમ એક સામાયિક લીધી અને જ્ઞાન ધ્યાન આદિમાં ૨-૩ કલાક પસાર થઈ ગયા તો યાદ આવવાથી પહેલાના સમયનો હિસાબ લગાવીને આગળની સામાયિક લઈ શકાય છે.

વહેવારિક વિવેક માટે એટલું ધ્યાન તો અવશ્ય રાખવું જોઈએ કે આગળ ની સામાયિકના પચ્ચખ્ખાણ લેતાં જ સામાયિક પાળવાનો પ્રારંભ ન કરી દેવો જોઈએ. અર્થાત્ સમય પૂરો થઈ ગયો હોય તો પણ નવા પચ્ચક્ખાણ પછી ૫-૧૦ મીનિટ ધર્મ ધ્યાનમાં સમય વ્યતીત કરીને પછી જ સામાયિક પાળવી જોઈએ.

***(૩૬) પ્રશ્ન :– પ્રતિક્રમણ સમાપ્તિનો જે ઉપસંહાર પાઠ પચ્ચક્ખાણના પછી બોલાય છે. તે પૂર્ણ યોગ્ય અને આગમોક્ત છે ?***

**જવાબ :–** આ પાઠ મૂળ આવશ્યક આગમમાં નથી અને વ્યાખ્યામાં પણ નથી. પછીનું ઘણું સંપાદિત-સંકલિત છે. એમાં અનાવશ્યક અને અસંગત હોવા જેવો આભાસ થાય છે. એટલે જેટલું આવશ્યક હોય તેટલો જ વિચાર કરીને બોલવું જોઈએ. સાથે જ અનુયોગદ્વાર સૂત્રમાં ભાવ આવશ્યક વિચારણામાં આપેલ પાઠનું અહીં સંકલન સંપાદન કરવું આવશ્યક છે, તે નથી બોલાતું. જેને બોલવું ઘણું જ જરૂરી છે. પ્રસ્તુત પુસ્તકમાં આ વિચારણાયુક્ત પાઠનું સંપાદન પ્રસ્તુત કરવામાં આવ્યું છે, તેને જોઈ લેવું જોઈએ.

***(૩૭) પ્રશ્ન :– ગંઠિસહિયં પચ્ચખ્ખાણનો પાઠ સૂત્રમાં ક્યાં છે ?***

**જવાબ :–** આવશ્યક સૂત્રમાં **णमुक्कारसहियं** આદિ દશ પચ્ચખ્ખાણનો પાઠ છે. પરંતુ આ પાઠ મૂળ આવશ્યક સૂત્રમાં નથી. આ સંકલિત સંપાદિત પાઠ છે.



એમાં **गंठि सहियं, मुट्ठि सहियं** બે શબ્દો વ્યાખ્યા ગ્રંથોમાંથી લઈને જોડવામાં આવ્યા છે. જે **णमुक्कारसहियं**ની સમાનતાવાળા છે. આમ તે ત્રણે સંકેત પચ્ચખ્ખાણ ગણવામાં આવે છે. અર્થાત્ **૧.** ગાંઠ ન ખોલે ત્યાં સુધી પચ્ચક્ખાણ **૨.** મુઠ્ઠિ ન ખોલે ત્યાં સુધી પચ્ચક્ખાણ **૩.** નવકાર મંત્ર ન ગણે ત્યાં સુધી પચ્ચક્ખાણ; સાંકેતિક પચ્ચક્ખાણ હોવાથી એમાં સર્વ સમાધિ પ્રત્યયિક આગાર નથી. કારણ કે નિર્દિષ્ટ સંકેતથી જ્યારે ઇચ્છે ત્યારે પચ્ચક્ખાણ સમાપ્ત કરી શકાય છે. એટલા માટે સર્વ સમાધિ પ્રત્યયિક આગારની આવશ્યકતા હોતી નથી.

સર્વ સમાધિ પ્રત્યયિક આગાર અધ્ધા પ્રત્યાખ્યાનમાં આવશ્યક હોય છે. કારણ કે તેમાં પચ્ચક્ખાણની સાથે કાળ મર્યાદા હોય છે અને તે કાળ સમાપ્તિના ઘણાં સમય પહેલાં જ કોઈ શારીરિક વિકટ પરિસ્થિતિ ઉભી થઈ જાય ત્યારે સર્વ સમાધિ પ્રત્યયિક આગારના આધારથી તે પચ્ચક્ખાણનો સમય પૂરો થતાં પહેલાં જ સમાપ્ત કરી શકાય છે.(પાળી શકાય છે)

વર્તમાનમાં **नमुक्कार सहियं** પચ્ચક્ખાણને પણ ૪૮ મીનિટના સમય નિર્ધારણ સાથે અદ્ધા પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે. પરંતુ તેના પચ્ચક્ખાણ પાઠમાં પરિવર્તન કરવામાં આવ્યું નથી, આ બરોબર નથી. પ્રચલિત પરંપરાને યોગ્ય જ પચ્ચખ્ખાણનો પાઠ હોવો જોઈએ.

પ્રશ્નગત **गंठिसहियं** આદિ પાઠની જગ્યા એ આગમમાં ઉપલબ્ધ **णमुक्कार सहियं** વગેરેના પાઠથી પચ્ચક્ખાણ કરવા વિશેષ યોગ્ય અને શાસ્ત્ર સંગત છે. કારણ કે એવા મિશ્ર પાઠથી આગારોનું સત્ય ઉચ્ચારણ થઈ શકતું નથી. એટલા માટે અધિકતમ જૈન સાધુઓમાં આજે પણ નમુક્કાર સહિયંના પાઠથી પચ્ચખ્ખાણ કરાવવામાં આવે છે. તદનુસાર દરેક શ્રમણ-શ્રમણોપાસકે પણ સામુહિક રૂપમાં **णमुक्कारसहियं**નું પચ્ચક્ખાણ જ કરવું જોઈએ.

કેટલાક સાધુ શ્રાવક આ **गंठिसहियं**ના પાઠથી પચ્ચક્ખાણની પરંપરા પાળતાં છતાં કોઈપણ પચ્ચક્ખાણ ધારતા નથી અને કરતા પણ નથી; ફક્ત પાઠનું ઉચ્ચારણ શ્રવણ કરીને જ સંતોષ માની લ્યે છે. આ પ્રકારની ઉપેક્ષા ઘણી જ અનુચિત છે. એવી ઉપેક્ષા કરનારાએ સ્વતઃ પોતાનો સુધારો કરવો જોઈએ અને ઓછામાં ઓછું **णमुक्कारसहियं**નું પચ્ચખ્ખાણ તો અવશ્ય કરવું જોઈએ.

***(૩૮) પ્રશ્ન :– બંને સમય પ્રતિક્રમણમાં णमुक्कारसहियंના પચ્ચક્ખાણ કરવાથી એક જ પચ્ચક્ખાણ બે વાર કરવા પડશે ?***

**જવાબ :–** આગમિક અર્થવાળા નમુક્કાર સહિયંના પચ્ચક્ખાણ કરવા હોય તો સાંજે એક નવકારના અને સવારે પાંચ નવકાર ગણવાના પચ્ચક્ખાણ ધારણ કરી શકાય છે. પરંપરા રૂઢ અર્થવાળા **णमुक्कारसहियं**ના પચ્ચક્ખાણ કરવા હોય તો સાંજે નમુક્કાર સહિયં પચ્ચક્ખાણ ૪૮ મીનિટની અપેક્ષાએ કરવા

અને પછી સવારના પચ્ચક્ખાણમાં તેનાથી ૫-૧૦ મીનિટ ઉપરાંતના પચ્ચક્ખાણ કરવા જોઈએ. આ પ્રકારે કરવાથી બંને વખતે નવા પચ્ચક્ખાણ થઈ જાય અને આ રીતે કરવાથી એક જ પચ્ચક્ખાણ બે વાર કરવા પડશે નહીં. આ મૂંઝવણના કારણે કેટલાય સંત સાંજે પચ્ચક્ખાણ ન કરતાં સવારે જ પચ્ચક્ખાણ કરે છે.

***(૩૯) પ્રશ્ન :– કાઉસ્સગ્ગમાં કેટલા લોગસ્સ ગણવાં જોઈએ ?***

**જવાબ :–** સૌ પ્રથમ એ યાદ રાખવું જોઈએ કે લોગસ્સનો પાઠ કાઉસ્સગ્ગમાં બોલવાનું યોગ્ય નથી. આ વિષય પૂર્વ પ્રશ્નોત્તરોમાં સમજાવી દીધો છે.

પ્રાચીન પરંપરા પ્રમાણે દેવસિય પ્રતિક્રમણમાં ૪, રાત્રિમાં ૨, પાખીમાં ૧૨, ચોમાસીમાં ૨૦, સંવત્સરીમાં ૪૦ લોગસ્સ બોલવાનો ઉલ્લેખ મળે છે.

વર્તમાન પરંપરામાં ૪, ૨, ૮, ૧૨, ૨૦ લોગસ્સ બોલવાની પ્રવૃત્તિ પણ ચાલુ છે. એના સિવાય બીજી સંખ્યા પણ છે. ગુજરાતમાં કાઉસ્સગ્ગમાં લોગસ્સ ન ગણવાની પરંપરા પણ ચાલે છે.

વાસ્તવમાં ૨૪મા ભગવાનના શાસનમાં જ્યાં બંને સમય પ્રતિક્રમણ કરવું જરૂરી હોય છે ત્યાં એટલા બધા લોગસ્સ બોલવાના સાધુઓ માટે બરાબર નથી. તેને તો દેવસિક પ્રતિક્રમણમાં ક્ષમાભાવ ચિંતન, રાત્રિ પ્રતિક્રમણમાં તપચિંતન કરવું સદા આવશ્યક સમજવું જોઈએ. સંપૂર્ણ પ્રતિક્રમણના કાઉસગ્ગમાં અતિચાર ચિંતન અને ક્ષમાભાવ ચિંતન જ મુખ્ય ઉદ્દેશ છે પરંતુ જેનાથી ઉક્ત ચિંતન સંભવ ન હોય, તેના માટે **લોગસ્સ** ગણવાની બનાવેલી અવલંબન રૂપ પરંપરા છે.

આમ તો કાઉસ્સગ્ગમાં સંપૂર્ણ યોગોનું વ્યુત્સર્જન કરવામાં આવે છે. ફક્ત ✓ાસો✓ાસની ગણતરી સમય પરિમાણ માટે કરવાની હોય છે. આવશ્યક સૂત્રની પ્રાચીન વ્યાખ્યામાં પહેલો વિકલ્પ ✓ાસો✓ાસ ગણતરીનો છે. બીજો વિકલ્પ **લોગસ્સ**નો કહ્યો છે. બંનેનો સહજ સમન્વય થતો નથી પરંતુ પરાણે બેસાડવો પડે છે.

સંવત્સરી, પાખી, ચોમાસીના દિવસે પણ લોગસ્સ બોલવાને બદલે ક્ષમાભાવ-ક્ષમાપના ભાવને પુષ્ટ કરવા માટેનું ચિંતન કરવું, આ પ્રતિક્રમણનો મુખ્ય હેતુ ધ્યાનમાં રાખીને તેનું ચિંતન કરવું જોઈએ. આ જ નૂતન વિકાસનું માધ્યમ અનુભવથી સમજાય છે તથા માત્ર પરંપરાને જ નિભાવવી હોય કે ચિંતન કરતાં ન આવડતું હોય તો ઉક્ત લોગસ્સ બોલતા રહેવું જોઈએ, તેને છોડવાની આવશ્યકતા નથી.

કાઉસ્સગ્ગમાં **લોગસ્સ** ગણવાનું આગમમાં ક્યાંય વિધાન નથી. પરંતુ કાઉસ્સગ્ગ પૂર્ણ કર્યા પછી કીર્તન કરવા માટે એનું વિધાન આવશ્યક સૂત્રના બીજા આવશ્યકરૂપમાં છે. કાઉસ્સગ્ગ પછી પણ કીર્તનરૂપમાં લોગસ્સ પ્રકટ બોલવાનું ઉત્તરાધ્યયન સૂત્રમાં વિધાન છે. એટલે કાઉસ્સગ્ગમાં લોગસ્સ બોલવામાં આગમના મૂળપાઠનો આધાર નથી પરંતુ પ્રગટ બોલવાના સ્પષ્ટ પ્રમાણ છે.



કાઉસ્સગ્ગ પછી **લોગસ્સ** ગણવાના પ્રમાણ– (૧) ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન–૨૯ (૨) દશવૈકાલિક સૂત્ર, અધ્યયન–૫ ઉદ્દેશક–૧ (૩) આવશ્યક સૂત્રમાં, બંને કાઉસ્સગ્ગની પછી.

***(૪૦) પ્રશ્ન :– પાખી, ચૌમાસી, સંવત્સરી પર્વ દિવસોમાં બે પ્રતિક્રમણ કરવા જોઈએ ?***

**જવાબ :–** ૨૪મા તીર્થંકરના શાસનના સાધુ સાધ્વી હંમેશા બંને સમય પ્રતિક્રમણ કરે છે. તેના માટે આ બે પ્રતિક્રમણ કરવાની વાત વ્યર્થ એવં આગમ વિપરીત છે. મધ્યના ૨૨ તીર્થંકરના શાસનના સાધુ સાધ્વી હંમેશાં પ્રતિક્રમણ આવશ્યક રૂપથી કરતા નથી તેને આ પર્વના દિવસોમાં પ્રતિક્રમણ કરવું આવશ્યક હોય છે. ત્યારે તે પહેલાં દેવસી, પ્રતિક્રમણ કરે છે અને બીજું તે પર્વ દિવસનું પ્રતિક્રમણ કરે છે. એક જગ્યાની વાતને બીજી જગ્યાએ બંધ બેસતી કરી દેવી બુદ્ધિનો ભ્રમ છે. એવું કરવું ન જોઈએ. આ વિષયની પ્રાસંગિક વાર્તા જ્ઞાતા સૂત્રમાં એટલે સારાંશ ખંડ–૧ કથાશાસ્ત્રમાં જુઓ.

***(૪૧) પ્રશ્ન :– પ્રતિક્રમણમાં સામાયિક કરવી આવશ્યક છે ?***

**જવાબ :–** સામાન્યતયા સામાયિક યુક્ત જ પ્રતિક્રમણ કરવું આગમ આશયયુક્ત છે. વિશેષ પરિસ્થિતિમાં સામાયિક વિના પણ પ્રતિક્રમણ કરી લેવું જોઈએ. અર્થાત્ સામાયિક કરવા જેટલો સમય અથવા પ્રસંગ ન હોય તો.

***(૪૨) પ્રશ્ન :– ૧૨ વ્રતધારી શ્રાવકોએ જ પ્રતિક્રમણ કરવું જોઈએ ?***

**જવાબ :–** એક વ્રતધારી અથવા ૧૨ વ્રતધારી કોઈપણ શ્રાવકને પ્રતિક્રમણ કરવામાં કોઈ વાંધો નથી. હા ! ૧૨ વ્રતધારીને યથા સમય પ્રતિક્રમણ કરવું આવશ્યક હોય છે. પ્રતિક્રમણના સ્વરૂપનું જ્ઞાન કરાવતાં કરાવતાં તેની વ્યાખ્યામાં ત્રણ વૈદ્યોનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે–

**૧.** પ્રથમ વૈદ્યની દવા-રોગ હોય તો સારૂં કરે નહીંતર નવો રોગ ઉભો કરે. **૨.** બીજા વૈદ્યની દવા-રોગ હોય તો સારૂં કરે નહીંતર કંઈ ન કરે. **૩.** ત્રીજા વૈદ્યની દવા-રોગ હોય તો સારૂં કરે નહીંતર શરીરને પુષ્ટ કરે.

પ્રતિક્રમણને ત્રીજા વૈદ્યની દવાની સમાન બતાવ્યું છે. એટલે વ્રત હોય અથવા વ્રત ન હોય, અતિચાર લાગ્યા હોય અથવા ન લાગ્યા હોય પ્રતિક્રમણ કરવામાં સાંભળવામાં લાભ જ છે, હાનિ નથી.

એક વાત બીજી પણ ધ્યાનમાં રાખવાની છે. જે શ્રાવકે જે જે હોંશથી ત્યાગ પ્રત્યાખ્યાન લીધા છે તેણે નાના મોટા બધા નિયમોની એક યાદી બનાવીને રાખવી જોઈએ અને તેને યોગ્ય સમય પર્વ દિવસોમાં ચિંતનપૂર્વક અવલોકન કરવું જોઈએ કે મારા આ બધા વ્રત પચ્ચક્ખાણનું શુદ્ધ પાલન થઈ રહ્યું છે ? જો સંભવ હોય તો પ્રતિક્રમણના સમયે કાઉસ્સગ્ગમાં પણ તેનું સ્મરણ અવલોકન

કરી શકાય છે. બૃહદ્ આલોયણાની જગ્યાએ તેનું વાંચન પર્વ દિવસોમાં અવશ્ય કરવું જોઈએ.

***(૪૩) પ્રશ્ન :– પ્રતિક્રમણ શું છે ?***

**જવાબ :–** પ્રતિક્રમણ, એ વ્રત શુદ્ધિની, સ્વદોષ દર્શનની, દોષાવલોકનથી, ભાવ વિશુદ્ધિની અને સમભાવ વૃદ્ધિકરણની પ્રક્રિયા છે; આત્માને વ્રતોના સંસ્કારથી ભાવિત કરવાની પ્રક્રિયા છે. છદ્મસ્થ અવસ્થામાં સૂક્ષ્મ, સ્થૂલ ભૂલ થવી શક્ય છે. તેને પરિમાર્જન અવલોકનની આ પ્રશસ્ત પ્રક્રિયા છે. એવા પ્રતિક્રમણ કરનારાની સાથે બેસીને ધ્યાનપૂર્વક સાંભળવું શ્રદ્ધાને અને વ્રતરુચિને વધારનારુ થાય છે. આ શ્રવણ આત્માને સંસ્કારિત કરવાનું માધ્યમ પણ થઈ શકે છે. આનાથી વ્રત ધારણની પ્રેરણા પણ મળે છે. ક્યારેક કેટલાયનું સંક્ષિપ્ત રુચિથી કલ્યાણ થઈ જાય છે.

જેમ કે– ભગવતી સૂત્રમાં 'વરુણ નાગ નતુઆ' ના મિત્રનું દૃષ્ટાંત છે. તેણે મૃત્યુ સમયમાં એટલું જ કહ્યું કે મારા ધર્મી મિત્રે જે ધર્મ સ્વીકાર કર્યો છે, તેનો હું પણ સ્વીકાર કરું છું. એટલા માત્રથી તે અનંતર ભવથી (પછીના ભવથી) મુક્ત થવા યોગ્ય બની ગયો. એટલે કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિને બેકાર અથવા વ્યર્થ છે; એમ કહેવું ન જોઈએ. કારણ કે ગમે તેવી નાની ધર્મ ક્રિયા પણ કોઈના જીવનમાં મહત્ત્વશીલ વળાંક દેનારી થઈ શકે છે. એટલે પ્રતિક્રમણ કરવું અથવા સાંભળવું લાભકારી જ સમજવું જોઈએ, વ્રતધારણ કર્યા હોય કે ન કર્યા હોય.

ધ્યાન એ રાખવું કે એકાગ્ર ચિત્તથી ભાવપૂર્વક પ્રતિક્રમણ સાંભળવું અને કરવું જોઈએ અને વ્રત ન લીધા હોય તેને લેવા માટે આત્મામાં પ્રેરણા પ્રાપ્ત કરવી જોઈએ.

***(૪૪) પ્રશ્ન :– શું ગુરુવંદન નાના મોટાના ક્રમથી કરવું જોઈએ ? અને વધારે સંત હોય અથવા શરીરમાં કોઈ બીમારી હોય તો યોગ્ય વંદન કેવી રીતે કરવું જોઈએ ?***

**જવાબ :–** સંભવ હોય તો નાના મોટાના ક્રમથી વંદન કરવું તે જ રાજમાર્ગ છે. વંદન કરવાની જે યોગ્ય વિધિ શીખડાવાય છે, તે અનુસાર જ ત્રણ આવર્તન પચાંગ નમનયુક્ત વંદન શાંતિથી અને ભક્તિયુક્ત કરવું જોઈએ.

રાજવેઠ અથવા વેઠની જેમ અથવા અસભ્યતા યુક્ત વંદન કરવું દોષ છે. વંદનની યોગ્ય વિધિની ઉપેક્ષા કરવામાં શ્રદ્ધા ભક્તિ અને વિવેકની ઉણપ થાય છે. એવું ક્યારેય પણ ન કરવું જોઈએ. જો સમય અભાવ હોય અથવા સામાન્ય શારીરિક કારણ હોય તો પણ શાંતિપૂર્વક ત્રણ આવર્તન, પંચાંગ નમન તો આવશ્યક રૂપથી કરવું જ જોઈએ. ત્રણવાર ઉઠ બેસ ન થઈ શકે તો ફક્ત બેઠાં બેઠાં અથવા ઊભાં-ઊભાં જેવી શારીરિક પરિસ્થિતિ હોય તે પ્રમાણે વિવેકપૂર્વક



ભક્તિયુક્ત વંદન કરવું જોઈએ. કારણ વિના, લાપરવાહીથી, વેઠની જેમ વંદન કરવું અનુચિત છે. એવી નકલ કરવી પણ અનુચિત છે. વિનય ભક્તિ માટે, નિર્જરા માટે કરવામાં આવતું વંદન ભાવયુક્ત અને વિધિ સહિત જ થવું જોઈએ. જેમાં **ત્રણ આવર્તન અને પંચાંગ નમન આવશ્યક છે** અને અંતમાં **मत्थएणं वंदामि** બોલતી વખતે મસ્તક જમીન સુધી અવશ્ય નમાવવું જોઈએ.

વંદનાના ૩૨ દોષ કહેવાયા છે. જેની જાણકારી કરીને યોગ્ય વંદન કરવું જોઈએ.

***(૪૫) પ્રશ્ન :– પહેલો આવશ્યક પૂરો થયો બીજા આવશ્યકની આજ્ઞા છે. આવી રીતે બીજો આવશ્યક પૂરો થયો ત્રીજા આવશ્યકની આજ્ઞા છે. ઈત્યાદિ બોલવું જોઈએ?***

**જવાબ :–** આવશ્યક સૂત્રના અધ્યયન ૬ છે. તેના નામ 'સામાયિક' આદિ છે. પ્રતિક્રમણ કરવાની વિધિમાં તે અધ્યયનોના નામ બોલવાની કોઈ આવશ્યકતા નથી. અધ્યયનોમાં આવેલ પાઠ અને તેનો ક્રમ અલગ છે અને પ્રતિક્રમણની વિધિમાં તેને જુદા ક્રમથી એક અથવા અનેકવાર બોલવામાં આવે છે. એટલે "અમુક આવશ્યક પૂરો થયો, અમુકની આજ્ઞા" એવું બોલવું યોગ્ય નથી. એવું બોલવાનું કોઈ પ્રાચીન પ્રમાણ પણ નથી.

પ્રથમ આવશ્યક અધ્યયનમાં 'સામાયિક'નો પાઠ છે. જે ત્રણવાર બોલાય છે. બીજા આવશ્યક અધ્યયનમાં લોગસ્સનો પાઠ છે, તે પ્રત્યેક કાઉસ્સગ્ગની પછી બોલવામાં આવે છે. ત્રીજા આવશ્યક અધ્યયનમાં **इच्छामि खमासमणो**નો પાઠ છે તે પણ કુલ (૬) વાર અને ત્રણ સ્થળ પર બોલવામાં આવે છે. ચોથા આવશ્યકમાં વ્રત આદિ અથવા અતિચારોના પાઠ છે. તેને **लोगस्स, इच्छामि खमासमणो** રૂપ બીજા ત્રીજા આવશ્યકની પહેલા જ કાઉસ્સગ્ગમાં તથા તેના પછી પ્રગટમાં બોલાય છે. 'ગમનાગમન અતિચાર' અને સમુચ્ચય અતિચારનો પાઠ 'ઈચ્છામિ ઠામિ' પણ ચોથા આવશ્યક અધ્યયનમાં હોવા છતાં પણ કાઉસ્સગ્ગ પહેલાં અને પછી ત્રણવાર બોલાય છે. એટલે આવશ્યક સૂત્રના અધ્યયનોનું નામ અથવા ક્રમ પ્રતિક્રમણ વિધિમાં બોલવું બરાબર નથી અને એટલા માટે પ્રતિક્રમણની આજ્ઞા લીધા પછી ફરી ફરી આજ્ઞા લેવી બરાબર નથી. વિધિની વચમાં વિનયની આવશ્યકતામાં 'ઈચ્છામિ ખમાસમણો' ઉત્કૃષ્ટ ગુરુવંદનાનો પાઠ બે બે વાર ત્રણ સ્થળ પર બોલાય છે. એટલે તેના સિવાય અન્ય વંદન અને આજ્ઞા નિષ્પ્રયોજન થાય છે. પ્રતિક્રમણના પ્રારંભમાં શાસનપતિની આજ્ઞા અને અંતમાં સમુચ્ચય ગુરુ વંદન પર્યાપ્ત થાય છે.

***(૪૬) પ્રશ્ન :– ત્રીજા વ્રતના અતિચાર કેમ સમજવા ?***

**જવાબ :–** ચોરીની વસ્તુ ખરીદવામાં મોટી ચોરીની વસ્તુ સમજવી. અર્થાત્

ચોરાઉ વસ્તુ લીધી હોય, ચોરને મદદ કરી હોય, ચાવી લગાવીને તાળુ તોડીને આદિ પાંચ પ્રકારની મોટી ચોરીની વસ્તુની ખબર પડી જવાથી ઓછી કિંમતમાં મળવાથી ખરીદવી, તે ત્રીજા વ્રતના અતિચાર છે. ખબર વિના પૂરી કિંમતે ખરીદવા પર અતિચાર લાગતા નથી.

***પ્રશ્ન :– પાંચમા વ્રતના અતિચાર કેવી રીતે લાગે છે ?***

**જવાબ :–** પાંચમા વ્રતમાં ધ્યાન ન રાખવાથી, હિસાબ ન મેળવવાથી મર્યાદા ઉલ્લંઘન થઈ જાય અથવા વારસો આદિ ધન મળી જવાથી મર્યાદા ઉલ્લંઘન થઈ જાય, પછી તેને શીઘ્ર સમયની મર્યાદા કરી તેટલા સમયમાં સીમિત કરી લેવાય તો તે આ વ્રતના અતિચાર થાય છે અને જાણીને લોભ, લાપરવાહીથી મર્યાદાનું ઉલ્લંઘન કરવું; આ વ્રતના અનાચાર છે.

***પ્રશ્ન :– છટ્ઠા વ્રતના અતિચાર કેવી રીતે સમજવાં ?***

**જવાબ :–** છટ્ઠા વ્રતમાં શારીરિક આદિ પરિસ્થિતિઓથી અથવા ભૂલથી દિશા પરિમાણનું ઉલ્લંઘન થયું હોય તો તે અતિચાર કહેવાય છે.

***(૪૭) પ્રશ્ન :– ૭મા વ્રતના અતિચાર કેવી રીતે છે ?***

**જવાબ :–** ત્યાગ ન હોવા છતાં સચિત્ત વસ્તુઓનું સેવન, અભક્ષ્ય અનંતકાય ભક્ષણ અને ૧૫ કર્માદાનનાં વ્યાપાર એ શ્રાવકના માટે ૭મા વ્રતના અતિચાર છે. જેમ કે કોઈને મારવા પીટવા આદિના પ્રત્યાખ્યાન ન હોય તો પણ બંધે, વહે, છવિચ્છેએ, અઈભારે, ભત્તપાણવોચ્છેએ પ્રથમ વ્રતના અતિચાર છે. અર્થાત્ ત્રસ જીવની સંકલ્પપૂર્વક હિંસા કરવાનો ત્યાગ માત્ર હોવા છતાં પણ ગુસ્સામાં કોઈને નિર્દયતાથી મારપીટ કરવી આદિ તથા અધિક ભાર ભરવો આદિ તેમજ ૭મા વ્રતના આ અતિચારોનો ત્યાગ ન હોવા છતાં પણ શ્રાવકના આચરણ યોગ્ય ન હોવાથી તે અતિચાર તો છે જ એવું સમજીને યથાશક્તિ ત્યાગ કરવો જોઈએ.

શેરડી આદિ તુચ્છ વસ્તુ નથી, ઘણાં ઉજ્ઝિત ધર્મવાળા છે. પરંતુ મધ-માંસ, ઈંડા, માછલી આદિ અભક્ષ્ય; બીડી, સિગારેટ, તમાકુ આદિ તુચ્છ હેય પદાર્થ છે તથા અધિક પાપનું કારણ કર્માદાન હેય છે. તેમજ કંદમૂળ અનંતકાયના પદાર્થ પણ હેય તુચ્છ વસ્તુ છે. એ શ્રાવકને ત્યાગવા યોગ્ય છે. ૭મા વ્રતમાં મુખ્ય નવા ૨૦ અતિચારોનું કથન કરવામાં આવ્યું છે. બાકી પોતાના મર્યાદિત પદાર્થોમાં અથવા વ્યાપારોમાં કોઈ દોષ લાગે તેના અતિચાર સ્વયં સમજી લેવા જોઈએ અને જાણીને સ્વયં ભંગ કરે તો તેને અનાચાર સમજીને અલગથી આલોચના કરી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું જોઈએ. **અભક્ષ્ય**– બીડી, સીગારેટ, ચિલમ, તમાકુ, ઈંડા, માંસ, માછલી, શરાબ, ભાંગ, અફીણ ગાંજા આદિ, આ **તુચ્છૌષધિ** છે.

***પ્રશ્ન :– ૧૦ મા વ્રતના અતિચારોનો શું આશય છે ?***



**જવાબ :–** ૧૦મા વ્રતમાં દિશાની મર્યાદા કરી બે કરણ ત્રણ યોગથી ત્યાગ કરવામાં આવે છે. એટલે મર્યાદિત ક્ષેત્રના બહારથી (૧) સામાન મંગાવવો (૨) મોકલવો (૩) બીજાને બોલાવીને સંકેત કરવો (૪) લખીને અથવા મોઢાના ઈશારેથી સંકેત કરવો (૫) ફોન, ચિટ્ઠી, તાર આદિ દેવા અતિચાર છે.

***(૪૮) પ્રશ્ન :– અતિચારો અને પાપોના પ્રતિક્રમણમાં શું અંતર છે ?***

**જવાબ :–** વ્રતોમાં લાગેલ અતિચારોનું પ્રતિક્રમણમાં મિચ્છામિ દુક્કડં દેવામાં આવે છે. જે વ્રત જાણીને ભંગ કર્યા હોય તેનું ગુઢ આદિની સમક્ષ સ્વતંત્ર આલોચના પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે ત્યારે શુદ્ધિ થાય છે તથા જે પાપોનો ત્યાગ નથી, તેનું પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત્ત ન થતાં ખેદ પશ્ચાત્તાપ અથવા ત્યાગનો મનોરથ અથવા ભાવના રાખવામાં આવે છે. સંક્ષેપમાં વ્રત પ્રત્યાખ્યાનના અતિચારોની શુદ્ધિ પ્રતિક્રમણથી થાય છે. શેષ અવ્રત અથવા પાપો માટે પ્રતિક્રમણથી જ્ઞાન, શ્રદ્ધાન, ત્યાગની ભાવના અથવા ખેદ પશ્ચાત્તાપ થાય છે.

***(૪૯) પ્રશ્ન :– ઉત્કૃષ્ટ વંદન પાઠમાં जवणिज्जं શબ્દને કેમ બોલાય ?***

**જવાબ :–** **जवणिज्जं** એક શબ્દ છે. એટલે આવર્તનમાં તેને ન તોડતાં એક આવર્તન કરવું યોગ્ય છે. આગલું આવર્તન 'ચ ભે' બે અક્ષરથી પૂર્ણ કરી શકાય છે. જેમ 'અહો' માં પણ બે અક્ષરથી આવર્તન પૂર્ણ કરાય છે. એમ 'ચ ભે' આવર્તન પૂર્ણ કરવામાં કોઈ દોષ નથી. **जवणिज्जं** = યાપનીય, મન તથા ઈન્દ્રિય નિગ્રહ.

***(૫૦) પ્રશ્ન :– ક્ષમાપના ભાવ ન કરવાથી શું થાય છે ?***

**જવાબ :–** ક્ષમાપના ભાવ ન કરવાથી સમકિત વ્રતમાં અતિચાર લાગે છે. મુખ્ય અતિચારમાં કથન ન હોવા છતાં પરિશેષ અતિચારોમાં એને સમજવું. નારાજી રોષ ભાવ અધિક સમય રાખવાથી અને ક્ષમાભાવ લાંબા સમય સુધી ન કરવાથી સમકિત વ્રત જ નષ્ટ થાય છે. અર્થાત્ તેને સમકિત છૂટી જઈને મિથ્યાત્વ આવે છે. તેને બાકીના ત્યાગ નિયમનું પણ કોઈ મહત્વ નથી રહેતું, આરાધના થતી નથી. ગમે તેટલું તપ નિયમ અને સંથારો કરી લ્યે, પરંતુ સમસ્ત પ્રાણીઓ પ્રત્યે ક્ષમાપના ન કરે, કોઈને પણ શત્રુ માને અથવા રંજ રાખે તો ધર્મી અને સમદષ્ટિની ગણતરીમાં પણ તે આવતો નથી તથા સમ્યગ્દષ્ટિની ગતિને પ્રાપ્ત નથી કરતો, મિથ્યાત્વીની ગતિને પ્રાપ્ત કરે છે. એટલે કોઈપણ વ્યક્તિ પ્રત્યે રંજભાવ લાંબા સમય સુધી ન રાખવો જોઈએ, શીઘ્ર ક્ષમાભાવ ધારણ કરી લેવો જોઈએ.

***એક દિવસથી અધિક રંજભાવ કષાય રાખે તો સાધુત્વ રહેતું નથી. ૧૫ દિવસથી અધિક રાખે તો શ્રાવકપણું રહેતું નથી અને એક વર્ષથી અધિક રાખે તો સમકિત અથવા ધર્મીપણું પણ રહેતું નથી.***

## પરિશિષ્ટ–૫

## શ્રમણ સૂત્ર : સામાયિક સૂત્ર : ભાષાનુવાદ

**શ્રમણ સૂત્રના પાંચ પાઠ :–**

**(૧) શયન નિદ્રા પ્રતિક્રમણ પાઠ :–** હું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું. અધિક સૂવું. જ્યારે ઈચ્છા થાય ત્યારે સૂવું અથવા વારંવાર સૂવું. બિછાના ઉપર, સૂવા, ઊઠવા, બેસવામાં, પડખું ફેરવવામાં શરીર સંકોચવામાં, પસારવામાં જું આદિનો સંઘટ્ટો(સ્પર્શ) થવામાં, નિદ્રામાં બોલવું અને દાંત કચકચાવવામાં, છીંક અને બગાસું ખાવામાં, કોઈનો સ્પર્શ કરવામાં તથા સચિત્ત રજયુક્ત વસ્તુ, ભૂમિનો સ્પર્શ કરવામાં અતિચાર કર્યા હોય, સૂવામાં અથવા સ્વપ્નના કારણે આકુળ વ્યાકુળતા થઈ હોય, સ્વપ્નમાં સ્ત્રી વિષયક કામરાગ, દષ્ટિરાગ, મનોરાગ થયો હોય અને ખાવાપીવાના વિષયમાં અન્યથા ભાવ થયો હોય, આ અતિચારોમાંથી કોઈ અતિચાર દોષ લાગ્યો હોય તો તેના સંબંધી મારું પાપ(દુષ્કૃત્ય) નિષ્ફળ થાઓ.

**(૨) ભિક્ષાચરી પ્રતિક્રમણ પાઠ :–** હું ગોચર ચર્યા–ગાયની જેમ અનેક સ્થાનોથી થોડી-થોડી લેવાની ભિક્ષા સંબંધિત અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. ગોચરીમાં આજ્ઞા વિના બંધ બારણા ખોલ્યા હોય; કુતરા, વાછડા અને સ્ત્રીનો સંઘટ્ટો કર્યો હોય; સજાવીને રાખેલા ભોજનમાંથી ભિક્ષા લીધી હોય, પ્રક્ષેપ આદિ કરીને અથવા પશુ-પક્ષીઓને દેવામાં આવતી વસ્તુની ભિક્ષા લીધી હોય, ભિક્ષાચર આદિ યાચકો અથવા શ્રમણો(સાધુઓ)ને માટે સ્થાપિત ભોજન લીધું હોય, શંકા સહિત આહાર લીધો હોય, વિચાર્યા વગર જલ્દીથી આહાર લીધો હોય, એષણા-પૂછ્યા કર્યા વગર આહાર લીધો હોય; પ્રાણી, બીજ અને વનસ્પતિ યુક્ત આહાર લીધો હોય, ભિક્ષા દીધાં પછી તેના નિમિત્તથી હાથ ધોવા આદિ આરંભ કરાય તેવી ભિક્ષા લીધી હોય, ભિક્ષા લીધાં પહેલાં તેના નિમિત્તથી આરંભ કરવામાં આવે તેવી ભિક્ષા લીધી હોય, સચિત્ત પાણીથી સ્પર્શાયેલી વસ્તુ લાવીને આપે તેવી ભિક્ષા લીધી હોય, સચિત્ત રજથી સ્પર્શાયેલી વસ્તુને લાવીને આપે તેવી ભિક્ષા લીધી હોય, ભૂમિ ઉપર ઢોળતાં-ઢોળતાં દીધેલી ભિક્ષા લીધી હોય, ખાવા પીવાની વસ્તુમાંથી અયોગ્ય પદાર્થ ફેંકાતા-ફેંકાતા દેવામાં આવતી ભિક્ષા લીધી હોય, વિશિષ્ટ ખાવા લાયક પદાર્થ માંગીને લીધો હોય; ઉદ્દગમ, ઉત્પાદન અને એષણાના ૪૨ દોષોથી યુક્ત આહાર લીધો હોય, ખાધો હોય; દોષ યુક્ત આહાર જાણ્યો હોય, જાણીને પણ તેને પરઠ્યો ન હોય, આ અતિચારોમાંથી મને કોઈ અતિચાર લાગ્યો હોય તો તે મારું દુષ્કૃત્ય નિષ્ફલ થાઓ. (મિચ્છામિ દુક્કડં).



**(૩) સ્વાધ્યાય–પ્રતિલેખન પ્રતિક્રમણ પાઠ :–** હું પ્રતિક્રમણ કરું છું. ચાર કાળ એટલે દિવસના પહેલા અને છેલ્લા પહોરમાં તથા રાતના પહેલા અને છેલ્લા પહોરમાં સ્વાધ્યાય કરી ન હોય, ઉભયકાલ, બંને વખત–દિવસના પહેલા અને છેલ્લા પહોરમાં, પાત્રા, વસ્ત્ર આદિ ઉપકરણોનું પડિલેહણ કર્યું ન હોય, અથવા અવિધિથી કર્યું હોય, સ્થાન આદિનું પ્રમાર્જન કર્યું ન હોય અથવા અવિધિથી કર્યું હોય; આ અતિચારોમાંથી મને કોઈ અતિચાર–દોષ લાગ્યો હોય તો તે મારું દુષ્કૃત્ય નિષ્ફલ થાઓ. (મિચ્છામિ દુક્કડં)

**(૪) તેત્રીસ બોલ પ્રતિક્રમણ પાઠ :–** હું(નીચેના તેત્રીસ બોલોનું) પ્રતિક્રમણ કરું છું. જેમ કે– એક પ્રકારના અસંયમનું; રાગ અને દ્વેષ બે બંધનનું; મન, વચન, કાયા, આ ત્રણ દંડોનું; માયા, નિયાણું અને મિથ્યાત્વ આ ત્રણ શલ્યનું; રસ, ઋદ્ધિ, શાતા આ ત્રણ ગર્વનું; મન, વચન, કાયાની ત્રણ ગુપ્તિનું અને જ્ઞાન, દર્શન, ચારિત્ર આ ત્રણની વિરાધનાનું પ્રતિક્રમણ કરું છું. ચાર કષાય, ચાર સંજ્ઞા, ચાર વિકથા અને ચાર ધ્યાનનું પ્રતિક્રમણ કરું છું.

કાયિકી આદિ પાંચ ક્રિયા, શબ્દ આદિ પાંચ કામ ગુણ, અહિંસા આદિ પાંચ મહાવ્રત અને ઈર્યા સમિતિ આદિ પાંચ સમિતિનું પ્રતિક્રમણ કરું છું. છ કાય અને છ લેશ્યા, ૭(સાત) ભય અને ૮(આઠ) મદનું પ્રતિક્રમણ કરું છું. આવી રીતે નવ બ્રહ્મચર્યની વાડ, દસ યતિધર્મ, ૧૧–શ્રાવક પડિમા, ૧૨–ભિક્ષુ-પડિમા, ૧૩–ક્રિયા સ્થાન, ૧૪–જીવના ભેદ, ૧૫–પરમાધાર્મિક દેવ. ૧૬–સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયન, ૧૭–અસંયમ. ૧૮–અબ્રહ્મચર્ય, ૧૯–જ્ઞાતાસૂત્રના અધ્યયન. ૨૦–અસમાધિ સ્થાન. ૨૧–સબલ દોષ, ૨૨–પરીષહ, ૨૩–સૂયગડાંગસૂત્રના કુલ અધ્યયન. ૨૪–ચાર જાતિના દેવ, ૨૫–પાંચ મહાવ્રતોની ભાવના, ૨૬–ત્રણ છેદ સૂત્ર (દશા, કપ્પ, વ્યવહાર)ના અધ્યયન, ૨૭–અણગારના ગુણ. ૨૮–આચાર પ્રકલ્પ, ૨૯–પાપ સૂત્ર, ૩૦–મહામોહનીયના બંધ સ્થાન, ૩૧–સિદ્ધોના ગુણ, ૩૨–યોગ સંગ્રહ. ૩૩–આશાતના.

આ ઉપરના બોલોમાંથી જાણવા યોગ્ય જાણ્યા ન હોય, આદરવા યોગ્ય આદર્યા ન હોય અને ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ ન કર્યો હોય તો તે સંબંધી મારું પાપ મિથ્યા થાઓ. (મિચ્છામિ દુક્કડં).

**નોંધ :–** આ તેત્રીસ બોલોનો વિસ્તાર આચાર શાસ્ત્ર સારાંશ ખંડ–૩માં જુઓ.

**(૫) નિર્ગ્રંથ પ્રવચન શ્રદ્ધાન, નમન, પ્રતિક્રમણ પાઠ (णमो चउवीसाए) :–** હું ઋષભદેવથી લઈને મહાવીર પ્રભુ સુધીના ચોવીસ તીર્થંકરોને નમસ્કાર કરું છું. આ નિર્ગ્રંથ પ્રવચન જ સત્ય, અનુત્તર, અદ્વિતીય(અજોડ), પ્રતિપૂર્ણ, મોક્ષમાં લઈ જનારું સર્વતઃ શુદ્ધ છે. માયા, નિયાણું અને મિથ્યાદર્શન; આ ત્રણ શલ્યને

છેદનારૂં(નાશ કરવાવાળું) છે. આ સિદ્ધિ, મુક્તિ, નિર્યાણ–મોક્ષ,નિર્વાણ–શાંતિનો માર્ગ છે. આ સત્ય, અવિચ્છિન્ન અને સર્વ દુઃખોનો નાશ કરવાનો માર્ગ છે.

આ નિર્ગ્રંથ પ્રવચનમાં સ્થિત મનુષ્ય, સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને પરિનિવૃત્ત થાય છે તથા સર્વ દુઃખોનો અંત કરે છે.

હું આ નિર્ગ્રંથ ધર્મ પર શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ કરૂં છું, એનું આચરણ અને અનુપાલન કરૂં છું. આ નિર્ગ્રંથ ધર્મ પર શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ કરતાં, એનું પાલન અને અનુપાલન કરતાં, આ નિર્ગ્રંથ ધર્મની આરાધનાને માટે હું તત્પર થાઉં છું, વિરાધનાથી વિરમું છું.

હું અસંયમ, અબ્રહ્મચર્ય, અકલ્પ, અજ્ઞાન, અક્રિયા, મિથ્યાત્વ, અબોધિ અને અમાર્ગનો ત્યાગ કરૂં છું તથા સંયમ, બ્રહ્મચર્ય, કલ્પ, જ્ઞાન, ક્રિયા, સમ્યક્ત્વ બોધિ અને સન્માર્ગનો સ્વીકાર કરૂં છું. અતિચારની સ્મૃતિ અથવા વિસ્મૃતિ, તેનું પ્રતિક્રમણ અને અપ્રતિક્રમણના સંબંધી સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરૂં છું.

હું શ્રમણ છું, સંયત અને વિરત છું. મેં ગયા કાળના પાપોની આલોચના કરી છે અને ભવિષ્યમાં પાપકર્મો કરવાના પ્રત્યાખ્યાન કર્યા છે. હું નિયાણાથી મુક્ત, દષ્ટિ સંપન્ન અને કપટ સહિત જુઠ્ઠાનો ત્યાગ કરનારો છું. (આ શબ્દોને જોતાં આ પાઠ શ્રમણો માટે જ છે શ્રાવકો માટે નથી) અઢીદ્વીપ, બે સમુદ્રો અને પંદર કર્મભૂમિઓમાં હું મુહપત્તિ, રજોહરણ, ગુચ્છો અને પાત્રને ધારણ કરનારા, પાંચ મહાવ્રતને ધારણ કરનારા, અઢાર હજાર શીલાંગ ગુણોને ધારણ કરનારા, અક્ષત આચાર અને ચારિત્ર ધારણ કરનારા જે સાધુ છે, તે બધાને મસ્તક અને મનની એકાગ્રતાપૂર્વક મસ્તક નમાવીને(હાથ જોડીને)વંદન કરૂં છું.

## સામાયિક સૂત્ર ભાષાનુવાદ

**નમસ્કાર મંત્ર :–**

અરિહંતોને મારા નમસ્કાર હોજો. સિદ્ધોને મારા નમસ્કાર હોજો. આચાર્યોને મારા નમસ્કાર હોજો. ઉપાધ્યાયોને મારા નમસ્કાર હોજો. લોકમાં બધા સાધુઓને મારા નમસ્કાર હોજો. આ પંચ પરમેષ્ટિને કરાયેલો નમસ્કાર બધા પાપોનો નાશ કરનાર છે અને તે બધા મંગલોમાં પ્રથમ મંગલ છે.

### ગુરુવંદનાનો પાઠ (तिक्खुत्तो) :–

હે ભગવાન ! હું આપની જમણી બાજુથી ત્રણ વાર પ્રદક્ષિણા કરું છું, વંદણા કરું છું, નમસ્કાર કરું છું, સત્કાર કરું છું, સન્માન આપું છું, ભગવાન આપ કલ્યાણ રૂપ છો, આપ મંગલરૂપ છો, આપ દેવરૂપ છો, આપ જ્ઞાનવંત છો, હે ભગવાન હું આપની સેવામાં બેસું છું અને મસ્તક નમાવીને વંદન કરૂં છું.



**વિધિ :–** ગુરુ મહારાજની તરફ મોઢું રાખીને સીધા ઊભા રહેવું અથવા પૂર્વ તથા ઉત્તર દિશામાં અરિહંત અથવા સિદ્ધ ભગવાનની સ્મૃતિ કરી તેની તરફ મુખ કરી ઊભા રહેવું. પછી તેની સામે હાથ જોડીને તેમના મસ્તકની જમણીથી ડાબી તરફ હાથોને ફેરવતાં ત્રણવાર તેનું આવર્તન કરવું, પછી વિનયયુક્ત ઘૂંટણે અને પંજાના બળે બેસીને (**सक्कारेमि** થી **पज्जुवासामी** સુધી બોલીને) ગુણકીર્તન કરવું. પછી 'મત્થએણં વંદામિ' બોલતી વખતે કમર વાળીને પંચાંગથી નમસ્કાર કરવા. અર્થાત્ બે ઘૂંટણ બે હાથ અને મસ્તક ભૂમિ પર લગાવીને પૂર્ણ વંદના કરવી.

### ગમનાગમન અતિચાર શુદ્ધિનો પાઠ (इरियावही) :–

હે ભગવાન હું ઈર્યાપથિકી વિરાધનાનું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું. માર્ગમાં ગમનાગમન કરતાં કોઈ પ્રાણીને કચર્યા હોય, કોઈ બીજને કચર્યા હોય, કોઈ લીલી વનસ્પતિને કચડી હોય, ઝાકળ ઓસ, કીડીના દર, ફુગ, પાણી, માટી (સચિત) અને મકડીના જાળાને કચડ્યા હોય અને જે મેં એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય પ્રાણીઓની વિરાધના કરી હોય. જેમ કે– **૧.** સન્મુખ આવતા હણ્યા હોય **૨.** ધૂળ આદિથી ઢાંક્યા હોય **૩.** મસળ્યા હોય **૪.** એકઠાં કર્યા હોય **૫.** સ્પર્શ્યા હોય **૬.** કષ્ટ પહોંચાડ્યુ હોય **૭.** વધારે કષ્ટ પહોંચાડ્યું હોય **૮.** ભયભીત કર્યા હોય **૯.** એક સ્થાનેથી બીજા સ્થાને રાખ્યા હોય **૧૦.** જીવનથી રહિત કર્યા હોય, તો તેનું પાપ મારા માટે નિષ્ફળ હોજો.

### કાઉસ્સગ્ગ કરવાનો પાઠ (तस्स उत्तरी) :–

હે ભગવાન ! તે પાપ યુક્ત આત્માને શ્રેષ્ઠ બનાવવા માટે, પ્રાયશ્ચિત્ત કરવા માટે, વિશુદ્ધ કરવા માટે, શલ્યોથી રહિત કરવા માટે અને પાપોનો નાશ કરવા માટે હું કાઉસ્સગ્ગ કરું છું. કાઉસ્સગ્ગમાં શ્વાસ લેવો, છોડવો, ઉધરસ આવવી, છીંક આવવી, બગાસું આવવું, ઓડકાર આવવો, વાયુનું છૂટવો, ચક્કર આવવા, મૂર્છા આવવી, થોડા અંગોનું હલવું, થોડો કફ ચાલવો, થોડી આંખ હલવી આદિનો મારે આગાર છે. એના થવાથી મારો કાઉસ્સગ્ગ ખંડિત અથવા વિરાધિત થશે નહીં. એના સિવાય જ્યાં સુધી હું "નમો અરિહંતાણં" એમ બોલીને કાઉસ્સગ્ગ ન પાળું ત્યાં સુધી મારૂં શરીર સ્થિર કરીને વચનથી મૌન રહીને અને મનને શુભ ધ્યાનમાં એકાગ્ર કરી પોતાના આ શરીરને વોસિરાવું છું. અર્થાત્ એનું મમત્વ ત્યાગીને કાઉસ્સગ્ગ કરૂં છું.

### ૨૪ જિન સ્તુતિનો પાઠ (लोगस्स) :–

લોકમાં ઉદ્યોત કરનારા, ધર્મ તીર્થની સ્થાપના કરનારા, રાગદ્વેષને જીતનારા, ૪ ઘાતી કર્મોનો નાશ કરનારા, ચોવીસ કેવળજ્ઞાની તીર્થંકરોની હું સ્તુતિ કરીશ.

ઋષભ, અજીત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ જિનેશ્વરને હું વંદન કરું છું.

સુવિધિ(પુષ્પદંત), શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ જિનેશ્વરને હું વંદન કરું છું.

કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, અરિષ્ટનેમિ, પારસ, વર્ધમાન જિનેશ્વરને હું વંદન કરું છું.

આ પ્રકારે મારા દ્વારા સ્તુતિ કરાયેલ, કર્મ રૂપી રજમેલ રહિત તથા જન્મ મરણથી મુક્ત ચોવીસ જિનેશ્વર તીર્થંકર ભગવાન મારા પર પ્રસન્ન થાઓ.

જેનું કીર્તન, વંદન અને ભાવપૂજન કર્યું છે, જે લોકમાં ઉત્તમ છે, તે સિદ્ધ ભગવાન ! મને ભાવ આરોગ્ય, શુદ્ધ સમ્યક્ત્વ લાભ અને શ્રેષ્ઠ સમાધિ ભાવ આપો.

ચંદ્રથી પણ અધિક નિર્મળ, સૂર્યથી પણ અધિક પ્રકાશ કરનારા મહાસમુદ્રની સમાન ગંભીર સિદ્ધ ભગવાન ! મને મોક્ષની સિદ્ધિ આપો.

## સામાયિક વ્રત લેવાનો પાઠ (करेमि भंते) :–

હે ભગવાન ! હું સામાયિક વ્રત ગ્રહણ કરું છું, પાપ કાર્યોનો ત્યાગ કરું છું. બે ઘડી માટે હું આપની સેવામાં બેસું છું. હું પાપકાર્યોને મન, વચન અને કાયાથી કરીશ નહિ અને કરાવીશ નહિ તથા પૂર્વકૃત પાપ પ્રવૃત્તિઓથી નિવૃત્ત થાઉં છું. હૃદયથી તે કાર્યોને ખરાબ સમજું છું. તેની ગર્હા કરું છું, આ રીતે મારા આત્માને પાપ ક્રિયાથી અલગ કરું છું.

## સિદ્ધ સ્તુતિનો પાઠ (णमोत्थुणं) :–

અરિહંત ભગવંતોને મારા નમસ્કાર હો. જે ધર્મની આદિ કરનારા છે, ચાર તીર્થની સ્થાપના કરનારા, સ્વયં બોધ પામેલા, પુરુષોમાં શ્રેષ્ઠ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ કમળ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધ હસ્તી સમાન છે, લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકનું હિત કરવાવાળા, લોકમાં દીપક સમાન, લોકમાં ઉદ્યોત કરનારા છે.

જીવોને અભયદાન દેનારા, જ્ઞાનરૂપી નેત્રને દેનારા, મોક્ષ માર્ગના દાતા, શરણ દેનારા, સંયમ રૂપી જીવનના દેનારા, સમ્યક્ત્વ લાભના દેનારા, ધર્મના દાતા, ધર્મના ઉપદેશક, ધર્મના નાયક, ધર્મના સારથી છે.

ચાર ગતિનો અંત કરનારા શ્રેષ્ઠ ધર્મ ચક્રવર્તી છે. દ્વીપ સમાન, રક્ષક રૂપ, શરણભૂત, ગતિરૂપ અને આધાર ભૂત છે.

બાધા રહિત શ્રેષ્ઠ કેવળજ્ઞાન, કેવળદર્શનને ધારણ કરવાવાળા, છદ્મસ્થ



અવસ્થાથી રહિત, સ્વયં રાગદ્વેષને જીતનારા, અન્યને જીતાડનારા, સ્વયં સંસાર તરેલ, બીજાને તારનારા, સ્વયં બોધ પામેલ અને બીજાને બોધ દેનારા, સર્વ કર્મબંધનથી મુક્ત અને બીજાને મુક્ત કરાવનારા, સર્વજ્ઞ સર્વદર્શી છે.

જે કલ્યાણ સ્વરૂપ, સ્થિર, રોગ રહિત, અંત રહિત, ક્ષય રહિત, બાધા રહિત, પુનરાગમન રહિત એવા સિદ્ધ ગતિ નામના સ્થાનને પામી ગયા છે, ભયને જીતી ચૂક્યા છે, તે જિનેશ્વર સિદ્ધ ભગવાનને મારા નમસ્કાર હોજો.

તથા આ ગુણોથી યુક્ત જે અરિહંત ભગવાન સિદ્ધ ગતિના ઇચ્છુક છે, એને પણ મારા નમસ્કાર હોજો.

## સામાયિક પાળવાનો પાઠ (एयस्स नवमस्स) :–

આ નવમા સામાયિક વ્રતના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે, પરંતુ આચરણ કરવા યોગ્ય નથી. તે આ પ્રકારે છે. તેની આલોચના કરું છું.

(૧) સામાયિકના સમયે મનમાં અશુભ ચિંતન કર્યું હોય.
(૨) અયોગ્ય વચન બોલ્યા હોય.
(૩) કાયાથી અયોગ્ય કાર્ય કર્યું હોય
(૪) સામાયિકને અથવા સામાયિક લેવાના સમયને ભૂલી ગયા હોય.
(૫) સામાયિકને અનવસ્થિત રૂપથી કરી હોય. નિયમોનું બરાબર પાલન ન કર્યું હોય તો તે મારું પાપ નિષ્ફળ થાઓ.

સામાયિકને કાયાથી સમ્યક્ સ્પર્શ કર્યો ન હોય, પાલન ન કર્યું હોય, શુદ્ધતાપૂર્વક ન કરી હોય, તેને પૂર્ણ ન કર્યું હોય, કીર્તન કર્યું ન હોય, આરાધના કરી ન હોય, આજ્ઞા અનુસાર પાલન ન કર્યું હોય તો તેનાથી થનારું મારું પાપ નિષ્ફળ થાઓ.

## સામાયિકના ૩૨ દોષ

### મનના ૧૦ દોષ :–

**(૧) અવિવેક :–** સામાયિકમાં આહાર, ભય, મૈથુન, પરિગ્રહનો સંકલ્પ કરવો, વિવેક (ઉપયોગ) રાખ્યા વિના સામાયિક કરવી.
**(૨) યશકિર્તી :–** યશને માટે સામાયિક કરવી.
**(૩) લાભાર્થ :–** ધન, પુત્ર આદિ લાભ માટે સામાયિક કરવી.
**(૪) ગર્વ :–** ઘમંડમાં આવીને સામાયિક કરવી. સામાયિકમાં ગર્વ કરવો.
**(૫) ભય :–** કોઈના ડરથી અથવા દબાણથી સામાયિક કરવી.
**(૬) નિદાન :–** સામાયિકના ફળથી પરભવમાં ભૌતિક સુખ પ્રાપ્તિનો સંકલ્પ કરવો.

**(૭) સંશય :–** સામાયિકના ફળમાં સંદેહ રાખવો.
**(૮) રોષ :–** સામાયિકમાં ગુસ્સો કરવો, કષાય કરવો.
**(૯) અવિનય :–** સામાયિકમાં દેવ ગુરુનો બરાબર વિનય ન કરવો.
**(૧૦) અબહુમાન :–** સામાયિક પ્રત્યે હૃદયમાં આદરભાવ ન રાખવો.

**વચનના ૧૦ દોષ :–**

**(૧) કુવચન :–** ખરાબ શબ્દો બોલવા, ગાળ દેવી.
**(૨) સહસાકાર :–** વગર વિચાર્યું બોલવું.
**(૩) સ્વછંદ :–** સાંસારિક ગીત અથવા અશ્લીલ ગીત આદિ બોલવા.
**(૪) સંક્ષેપ :–** સામાયિકના પાઠ આદિને સંક્ષેપ કરી બોલવા.
**(૫) કલહ :–** ક્લેશકારી વચન બોલવું, કલહ કરવો.
**(૬) વિકથા :–** દેશકથા, રાજકથા, સ્ત્રીકથા, આહાર કથા કરવી, અથવા એ વિકથાયુક્ત પત્રિકા, સમાચાર પત્ર આદિ વાંચવા.
**(૭) હાસ્ય :–** હાંસી મજાક કરવી, અન્યને હસાવવા.
**(૮) અશુદ્ધિ :–** સામાયિકના પાઠને અશુદ્ધ બોલવા અથવા સામાયિકમાં અકલ્પનીય ભાષા બોલવી. જેમ કે અવ્રતીને આવો, પધારો, જાઓ આદિ આદર, આદેશ સૂચક શબ્દ બોલવા અથવા સાવદ્ય વચન બોલવા.
**(૯) નિરપેક્ષ :–** મારે સામાયિક છે, એની સાવધાની રાખ્યા વિના બોલવું.
**(૧૦) મુણમુણ :–** સ્પષ્ટ ઉચ્ચારણ ન કરવા.

**કાયાના ૧૨ દોષ :–**

**(૧) કુઆસન :–** પગ પર પગ રાખીને અથવા પગ ફેલાવીને બેસવું, અર્થાત્ અભિમાન અથવા અવિવેકપૂર્ણ આસનથી બેસવું.
**(૨) ચલાસન :–** આસન સ્થિર ન રાખવું, ખાસ કારણ વિના અહીં તહીં ફરતાં રહેવું.
**(૩) ચલદષ્ટિ :–** જ્ઞાન ધ્યાનમાં એકાગ્ર ન થતાં અહીં-તહીં જોતાં રહેવું.
**(૪) સાવદ્ય ક્રિયા :–** સ્વાધ્યાય, ધર્મધ્યાન, આદિ ધાર્મિક કાર્ય સિવાય અન્ય ગૃહ કાર્ય અથવા સમાજ કાર્ય કરવું.
**(૫) આલંબન :–** ઓઠીંગણ લઈને બેસવું અથવા ઊભા રહેવું.
**(૬) આકુંચન પ્રસારણ :–** વારંવાર હાથપગ આદિને અકારણ લાંબા ટૂંકા કરવા.
**(૭) આળસ :–** આળસ કરવી, સુસ્ત બેસવું.
**(૮) મોડન :–** આંગળી આદિના ટાચકા ફોડવા.
**(૯) મલ :–** શરીરના કોઈ અવયવનો મેલ ઉતારવો.
**(૧૦) વિમાસણ :–** આર્તધ્યાન કરવું, શોકાસનથી બેસવું અથવા સામાયિકમાં



જોયા વિના, પૂંજ્યા વિના હલવું, ચાલવું તથા ખંજવાળવું.
**(૧૧) નિદ્રા :–** સામાયિકમાં સૂવું અથવા બેઠા બેઠા નિદ્રા લેવી.
**(૧૨) વૈયાવચ્ચ :–** શરીરની સેવા સુશ્રુષા કરવી અથવા કરાવવી.

**સામાયિકના ૩૨ દોષની ગાથાઓ :–**

*अविवेक जसोकित्ती, लाभत्थी गव्व भय णियाणत्थि ।*
*संसय रोस अविणउ, अबहुमाणए दोसा भणियव्वा ॥१॥*

*कुवयण सहसाकारो, सच्छंद संखेव कलहं च ।*
*विगहा विहासोऽसुद्धं, णिरवेक्खो मुणमुणा दोसादस ॥२॥*

*कुआसणं चलासणं चलदिट्ठी, सावज्जकिरिया लंबणाकुंचण पसारणं ।*
*आलस मोडण मल विमासणं, णिद्दा वैयावच्च त्ति बारस कायदोसा ॥३॥*

**॥ શ્રમણ સૂત્ર : સામાયિક સૂત્ર : ભાવાનુવાદ સંપૂર્ણ ॥**

- ❑ સામાયિકના વિધિ દોષોનું જ્ઞાન અવશ્ય કરવું જોઈએ.
- ❑ ઈમાનદારીથી બધા દોષોથી રહિત સામાયિક કરવી જોઈએ.
- ❑ સામાયિકમાં કોઈપણ દોષ ન લાગે એવી લગની રાખવી જોઈએ.
- ❑ સામાયિકમાં સમય માત્ર પણ પ્રમાદ ન કરવો જોઈએ. સમાચાર પત્ર અથવા નવલકથા ન વાંચવી જોઈએ.
- ❑ સામાયિકમાં આત્મચિંતન અને ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું જોઈએ અથવા ધર્મની વાર્તા સાંભળવી જોઈએ.
- ❑ સામાયિકમાં અધિકતમ મૌન રાખવું જોઈએ.
- ❑ દોષ રહિત સામાયિક કરવાથી જ શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ થાય છે.
  લાખ ખાંડી સોના તણું, લાખ વર્ષ દે દાન.
  સામાયિક તુલ્ય નહીં, એમ ભાખ્યું ભગવાન.
- ❑ ૨૪ કલાકમાંથી એક કલાક કાઢીને પ્રતિદિન સામાયિક અવશ્ય કરવી જોઈએ.

## પરિશિષ્ટ–૬

## સામાયિક સૂત્ર : સરળ પ્રશ્નોત્તર

***પ્ર. ૧ :– અરિહંત કોને કહેવાય છે ?***

**જવાબ :–** તીર્થંકર ભગવાનને અરિહંત કહેવાય છે. જેઓએ ચાર ઘાતી કર્મોનો ક્ષય કર્યો છે, તેને અરિહંત કહે છે.

***પ્ર. ૨ :– સિદ્ધ કોને કહે છે ?***

**જવાબ :–** જે આઠ કર્મને ક્ષય કરી મોક્ષે ચાલ્યા ગયા છે, તેને સિદ્ધ ભગવાન કહે છે.

***પ્ર. ૩ :– આચાર્ય કોને કહે છે ?***

**જવાબ :–** જે ચતુર્વિધ સંઘના નાયક હોય છે, તેને આચાર્ય કહે છે.

***પ્ર. ૪ :– ઉપાધ્યાય કોને કહે છે ?***

**જવાબ :–** જે સાધુઓને ભણાવે છે, તેને ઉપાધ્યાય કહે છે.

***પ્ર. ૫ :– સાધુ કોને કહે છે ?***

**જવાબ :–** ધન પરિવારનો ત્યાગ કરી જે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન કરે છે, તેને સાધુ કહે છે.

***પ્ર. ૬ :– ચાર ઘાતી કર્મ કયા છે ?***

**જવાબ :–** (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) મોહનીય (૪) અંતરાય.

***પ્ર. ૭ :– શેષ ચાર કર્મ કયા છે ?***

**જવાબ :–** વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર.

***પ્ર. ૮ :– તીર્થંકર કેટલા છે ?***

**જવાબ :–** ચોવીસ.

***પ્ર. ૯ :– નવકાર મંત્રમાં કેટલા પદોને નમસ્કાર કર્યા છે ?***

**જવાબ :–** પાંચ પદોને, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.

***પ્ર. ૧૦ :– આ પાંચ પદમાં આપણા દેવ કેટલા અને ગુરૂ કેટલા ?***

**જવાબ :–** બે પદ આપણા આરાધ્ય દેવના છે. ત્રણ પદ આપણા પૂજ્ય ગુરુ છે.

***પ્ર. ૧૧ :– દેવ બે છે, તેમાં મોટા કોણ છે ?***

**જવાબ :–** સિદ્ધ ભગવાન.

***પ્ર. ૧૨ :– નમસ્કાર મંત્રમાં સિદ્ધોથી પહેલાં અરિહંતોને નમસ્કાર શા માટે ?***



**જવાબ :–** અરિહંત ભગવાન જ લોકમાં ધર્મ પ્રગટ કરે છે. સિદ્ધોનું સ્વરૂપ પણ તે જ બતાવે છે. એટલે લોકમાં પરમ ઉપકારી હોવાથી તેને પ્રથમ પદમાં નમસ્કાર કર્યા છે.

***પ્ર. ૧૩ :– ત્રણ ગુરૂ પદમાં મોટા કોણ છે ?***

**જવાબ :** જે દીક્ષામાં મોટા હોય છે, તે ગુરૂ પદમાં મોટા કહેવાય છે. એટલે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કોઈપણ મોટા હોઈ શકે છે અને કોઈ નાના પણ હોઈ શકે છે.

***પ્ર. ૧૪ :– નવકાર મંત્રમાં આચાર્ય, ઉપાધ્યાયને સાધુજીથી જુદા અને પહેલાં નમસ્કાર કેમ કર્યા છે ?***

**જવાબ :–** આચાર્ય સંઘના નાયક હોય છે, સાધુ સાધ્વીઓની સંપૂર્ણ દેખરેખ રાખે છે. ઉપાધ્યાય સાધુઓને જ્ઞાનદાન આપે છે. એટલે સંઘના ઉપકારી હોવાથી એને સર્વ સાધુઓથી પહેલાં અર્થાત્ ત્રીજા ચોથા પદમાં નમસ્કાર કર્યા છે.

***પ્ર. ૧૫ :– શું અરિહંત ભગવાન સિદ્ધ ભગવાનને નમસ્કાર કરે છે ?***

**જવાબ :** હા, કરે છે.

***પ્ર. ૧૬ :– શું આચાર્ય ઉપાધ્યાય પણ સાધુજીને વંદન કરે છે ?***

**જવાબ :** હા, દીક્ષામાં મોટા હોય તો તેને વંદન કરે છે.

***પ્ર. ૧૭ :– એમ કેમ ? પદ મોટું છે એટલે વંદન ન કરવા જોઈએ ?***

**જવાબ :–** જો કોઈ પ્રધાન મંત્રી બની જાય તો પણ પોતાના માતા-પિતા, મોટા ભાઈ આદિને વંદન કરશે જ. એવી રીતે જે પહેલાં દીક્ષા લીધેલા હોય છે, તે સાધુઓમાં મોટા કહેવાય છે. એટલે તેને વંદન કરવામાં આવે છે.

***પ્ર. ૧૮ :– પાંચ પદોના મુખ્ય ગુણ કેટલા કહેવાય છે ?***

**જવાબ :–** અરિહંતના–૧૨, સિદ્ધના–૮, આચાર્યના–૩૬, ઉપાધ્યાયના–૨૫ અને સાધુના–૨૭.

***પ્ર. ૧૯ :– માળામાં એકસો આઠ મણકા કેમ હોય છે ?***

**જવાબ :** પાંચ પદોના કુલ મળીને ૧૦૮ ગુણ થાય છે. એટલે માળાના મણકા ૧૦૮ હોય છે.

***પ્ર. ૨૦ :– નવકાર મંત્ર ક્યારે ગણવા જોઈએ ?***

**જવાબ :** સુતી વખતે, ઉઠતી વખતે, ઘરથી બહાર જતી વખતે, સંકટમાં અને જ્યારે ઈચ્છા થાય ત્યારે નવકાર મંત્ર ગણવા જોઈએ.

**ગુરુવંદનનો પાઠ :–**

***પ્ર. ૧ : વંદના કોને કહે છે ?***

**જવાબ :–** સાધુ સાધ્વી આદિ પ્રત્યે પોતાનો વિનય ભાવ પ્રગટ કરવાને વંદના કહે છે.

***પ્ર. ૨ :– વંદના કેટલા પ્રકારની હોય છે ?***

**જવાબ :–** વંદનાના ત્રણ પ્રકાર છે. (૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ.

***પ્ર. ૩ :– જઘન્ય વંદના કોને કહે છે ?***

**જવાબ :–** બંને હાથ જોડીને મસ્તક ઝુકાવતાં "મત્થએણં વંદામિ" બોલવું તે જઘન્ય વંદના છે.

***પ્ર. ૪ :– જઘન્ય વંદના ક્યારે કરવી જોઈએ ?***

**જવાબ :–** ગૌચરી, વિહાર અથવા કોઈપણ કાર્ય માટે જતાં અથવા આવતાં સાધુ સાધ્વી સામે મળી જાય ત્યારે જઘન્ય વંદના કરવી જોઈએ.

***પ્ર. ૫ :– મધ્યમ વંદના કોને કહે છે ?***

**જવાબ :–** ત્રણ વાર પ્રદક્ષિણા–આવર્તન કરીને પંચાંગ નમાવીને ITÉB]¿Mના પાઠથી વંદના કરવી તે મધ્યમ વંદના છે.

***પ્ર. ૬ :– મધ્યમ વંદના ક્યારે કરવી જોઈએ ?***

**જવાબ :–** સાધુ સાધ્વીજી પોતાના સ્થાન પર સ્થિર આસનમાં બેઠા હોય અથવા ઉભા હોય ત્યારે મધ્યમ વંદના કરવી જોઈએ.

***પ્ર. ૭ :– મધ્યમ વંદના દિવસમાં કેટલીવાર કરવી જોઈએ ?***

**જવાબ :–** દિવસમાં એકવાર અવશ્ય કરવી જોઈએ તથા સામાયિક આદિ કરતી વખતે સ્વાધ્યાય આદિ ધાર્મિક કાર્યોની આજ્ઞા લેતી વખતે પણ મધ્યમ વંદના કરવી જોઈએ.

***પ્ર. ૮ :– સાધુ સાધ્વીજીની પાસેથી વારંવાર નીકળવાનું થાય અથવા તેની પાસે વારંવાર જવાનું થાય તો કઈ વંદના કરવી જોઈએ ?***

**જવાબ :–** એકવાર મધ્યમ વંદના કર્યા પછી જતાં વખતે અને આવતાં વખતે જઘન્ય વંદના અવશ્ય કરવી જોઈએ.

***પ્ર. ૯ :– વંદના કરતી વખતે કઈ કઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ ?***

**જવાબ :–** (૧) ઉત્તરાસંગ અથવા રૂમાલ આદિ મોઢા પાસે રાખવો જોઈએ (૨) ઓછામાં ઓછા ત્રણ ચાર હાથ દૂર ઉભા રહીને વંદના કરવી જોઈએ (૩) આંખ અહીં તહીં ન ફેરવતાં ગુઢની સામે એકાગ્ર દષ્ટિ રાખવી જોઈએ. (૪) વ્યાખ્યાન આદિ પ્રસંગમાં મૌનપૂર્વક વંદના કરવી જોઈએ (૫) ઊંચા સ્વરથી ન બોલતાં મંદ સ્વરથી બોલી વંદના કરવી જોઈએ. જ્યાં બોલવાથી કોઈના કાર્યમાં બાધા પહોંચે તો મૌનપૂર્વક વંદના કરવી જોઈએ.(૬) આપણાં નખ, પસીનો,



ગુઢને ન લાગે એવી રીતે હળવા હાથે ચરણ સ્પર્શ કરવો જોઈએ. જો વચમાં કોઈ બેઠા હોય અથવા અધિક સંખ્યા હોય તો દૂરથી જ વંદના પૂર્ણ કરી લેવી જોઈએ.

***પ્ર. ૧૦ :– આવર્તન ત્રણ વાર કેવી રીતે કરવા જોઈએ ?***

**જવાબ :–** ગુઢદેવ સામે બિરાજમાન હોય ત્યારે બંને હાથ જોડીને તેમના મસ્તકની જમણી બાજુથી ડાબી તરફ હાથોને ઘુમાવતાં ત્રણ વાર આવર્તન કરવું જોઈએ. પછી પંજા અને ઘૂંટણોના બળથી બેસીને પંચાંગ નમાવીને વંદના કરવી જોઈએ.

***પ્ર. ૧૧ :– ત્રણ વાર પ્રદક્ષિણા–આવર્તન શા માટે કરવામાં આવે છે ?***

**જવાબ :–** પૂર્ણ વિનય પ્રગટ કરવા માટે ત્રણવાર આવર્તન કરવામાં આવે છે. લૌકિક વ્યવહારમાં પણ કોઈ વાતને પૂર્ણ નિશ્ચિત્ત કરવા માટે ત્રણ વાર કરવામાં કે કહેવામાં આવે છે.

***પ્ર. ૧૨ :– પર્યુપાસના કોને કહે છે ?***

**જવાબ :–** કાંઈક સાંભળવાની ઈચ્છાથી નમ્ર આસને ગુઢની સમીપ બેસવું.

***પ્ર. ૧૩ :– સત્કાર કોને કહે છે ?***

**જવાબ :–** સ્તુતિ કરવી, સ્વાગત કરવું, વસ્ત્ર આદિ આપવા.

***પ્ર. ૧૪ :– સન્માન કોને કહે છે ?***

**જવાબ :–** મોટા માનવા, ઊંચું આસન દેવું, નમ્રતા રાખવી અને અંતરમાં અહોભાવ રાખવો.

***પ્ર. ૧૫ :– ઉત્કૃષ્ટ વંદના કોને કહે છે ?***

**જવાબ :–** 'ખમાસમણા'ના પાઠથી ૧૨ આવર્તનપૂર્વક વંદના કરવી.

***પ્ર. ૧૬ :– ઉત્કૃષ્ટ વંદના ક્યારે કરવામાં આવે છે ?***

**જવાબ :–** પ્રતિક્રમણ વખતે ગુઢની આશાતનાઓ સંબંધી આલોચના એવં ક્ષમાપના કરવા માટે ઉત્કૃષ્ટ વંદના કરવામાં આવે છે.

***પ્ર. ૧૭ :– ત્રણે વંદનામાં કેટલા-કેટલા આવર્તન હોય છે ?***

**જવાબ :–** જઘન્ય વંદનામાં આવર્તન હોતા નથી. મધ્યમ વંદનામાં ત્રણ આવર્તન હોય છે અને ઉત્કૃષ્ટ વંદનામાં ૧૨ આવર્તન હોય છે.

***પ્ર. ૧૮ :– વંદના કેટલીવાર કરવી જોઈએ ?***

**જવાબ :–** જઘન્ય અને મધ્યમ વંદના એકેકવાર કરવી જોઈએ તથા ઉત્કૃષ્ટ વંદના બે વાર કરવી જોઈએ. મધ્યમ વંદના ત્રણ વાર કરવાની પરંપરા ચાલે છે.

***પ્ર. ૧૯ :– મધ્યમ વંદના કોને કરવામાં આવે છે ?***

**જવાબ :–** જે સાધુ સાધ્વીજી સામે હોય તેને મધ્યમ વંદના કરાય છે. તીર્થંકર ભગવાનના દર્શન સમયે પણ મધ્યમ વંદના કરાય છે તથા કોઈપણ કાર્યની આજ્ઞા લેવી હોય તો મધ્યમ વંદના કરવામાં આવે છે.

***પ્ર. ૨૦ :– પ્રદક્ષિણાનો શું મતલબ છે ?***

**જવાબ :–** પ્રદક્ષિણાનો મતલબ છે, આવર્તન કરવું, આરતી ઉતારવી.

**ગમનાગમન અતિચાર શુદ્ધિનો પાઠ :-**

***પ્ર. ૧ :– આ પાઠથી શું કરવામાં આવે છે ?***

**જવાબ :–** આ પાઠથી ચાલવા આદિમાં થયેલ જીવ વિરાધનાની આલોચના કરાય છે.

***પ્ર. ૨ :– જીવ વિરાધના કોને કહેવાય છે ?***

**જવાબ :–** નાના મોટા કોઈપણ જીવને પોતાના શરીર આદિથી કષ્ટ પહોંચાડવું.

***પ્ર. ૩ :– જીવ વિરાધના કેટલા પ્રકારની છે ?***

**જવાબ :–** જીવ વિરાધના ૧૦ પ્રકારની છે. આ પાઠમાં **अभिहया**થી લઈને **जीविया**ओ **ववरोविया** સુધી બતાવવામાં આવી છે.

***પ્ર. ૪ :– ૧૦ વિરાધના કઈ છે ?***

**જવાબ :– ૧.** સન્મુખ આવતાં જીવને કષ્ટ પહોંચાડ્યું હોય **૨.** ધૂળ આદિથી ઢાંક્યા હોય **૩.** મસળ્યા હોય **૪.** એકઠાં કર્યા હોય **૫.** સ્પર્શ્યા હોય **૬.** પરિતાપ પહોંચાડ્યો હોય. **૭.** કિલામના પહોંચાડી હોય **૮.** ભયભીત કર્યા હોય **૯.** એક સ્થાનથી બીજા સ્થાન પર રાખ્યા હોય **૧૦.** જીવનથી રહિત કર્યા હોય.

***પ્ર. ૫ :– જીવ વિરાધના ન થાય તેનો શું ઉપાય ?***

**જવાબ :–** શાંતિથી વિવેક પૂર્વક નીચે જોઈને ચાલવું, પ્રત્યેક કાર્ય સાવધાનીથી જીવોને ધ્યાનમાં રાખીને કરવું.

**કાયોત્સર્ગ કરવાનો પાઠ :-**

***પ્ર. ૧ :– આ પાઠ ક્યારે બોલાય છે ?***

**જવાબ :–** જ્યારે કોઈપણ કાઉસ્સગ્ગ કરવો હોય, ત્યાર પહેલાં આ પાઠ અવશ્ય બોલવો જોઈએ. આ પાઠ પૂર્ણ થતાં જ કાઉસ્સગ્ગ પ્રારંભ કરવો જોઈએ.

***પ્ર. ૨ :– આ પાઠમાં શું વર્ણન છે ?***

**જવાબ :–** આ પાઠમાં કાઉસ્સગ્ગ કરવાની પ્રતિજ્ઞા છે અને તેમાં રાખવામાં આવેલા આગારોનું વર્ણન છે.

***પ્ર. ૩ :– કાઉસ્સગ્ગમાં કેટલા આગાર હોય છે ?***



**જવાબ :–** કાઉસ્સગ્ગમાં મુખ્ય ૧૨ આગાર છે.

***પ્ર. ૪ :– કાઉસ્સગ્ગનો શું અર્થ છે ?***

**જવાબ :–** શરીરથી હલવું આદિ બધી પ્રવૃત્તિ બંધ કરી સ્થિર રહેવું અને શરીર પ્રત્યે મમતા ન રાખવી; તેમજ વચનથી મૌન થવું અને મનને એકાગ્ર કરવું.

***પ્ર. ૫ :– કાઉસ્સગ્ગ કેવી રીતે કરાય છે ?***

**જવાબ :–** બે રીતે કરાય છે **૧.** ઊભા રહીને બંને હાથોને પગની પાસે સીધા લાંબા રાખીને બંને પગોને કંઈક(આઠ આંગુલ) દૂર રાખીને એકાગ્ર દષ્ટિથી સ્થિર રહેવું **૨.** સુખાસન આદિથી સીધા બેસીને, પગ પર જમણી હથેળીને ડાબી હથેળી પર રાખીને એકાગ્ર દષ્ટિથી સ્થિર રહેવું.

***પ્ર. ૬ :– બાર આગાર કયા છે ?***

**જવાબ :– ૧.** શ્વાસ લેવો **૨.** શ્વાસ છોડવો **૩.** ઉધરસ આવવી **૪.** છીંક આવવી **૫.** બગાસું આવવું **૬.** ઓડકાર આવવો **૭.** વાયુ છૂટવો **૮.** ચક્કર આવવા **૯.** પિત્ત વિકારથી મૂર્છા આવવી **૧૦.** અંગોનું સૂક્ષ્મ હલન **૧૧.** કફનું સૂક્ષ્મ હલન **૧૨.** દષ્ટિનું સૂક્ષ્મ હલન.

***પ્ર. ૭ :– આગાર કેમ રાખવામાં આવે છે ?***

**જવાબ :–** આગારમાં કહેલી પ્રવૃત્તિ થઈ જવા પર કાઉસ્સગ્ગ ખંડિત થતો નથી એટલે આગાર રાખવામાં આવ્યા છે.

***પ્ર. ૮ :– કાઉસ્સગ્ગમાં શું કરવામાં આવે છે ?***

**જવાબ :–** કાઉસ્સગ્ગમાં આત્મચિંતન, વ્રતોમાં લાગેલા દોષોનું ચિંતન, પોતાના અવગુણોનું તથા તીર્થંકર આદિના ગુણોનું ચિંતન કરવામાં આવે છે. કષાય ત્યાગ અને ક્ષમા ધારણ સંબંધી ચિંતન કરવામાં આવે છે. ધર્મધ્યાન અથવા શુક્લ ધ્યાન કરવામાં આવે છે.

***પ્ર. ૯ :– કાઉસ્સગ્ગ પૂર્ણ કેવી રીતે કરવામાં આવે છે ?***

**જવાબ :–** પોતાના ઈચ્છિત વિષયનું ચિંતન અથવા ઈચ્છિત સમય પૂર્ણ થઈ જવા પર **णमो अरिहंताणं** એવું ઉચ્ચારણ કરતાં કાઉસ્સગ્ગ પૂર્ણ કરવામાં આવે છે અને ત્યારપછી કાઉસ્સગ્ગ શુદ્ધિનો પાઠ અને ૨૪ જિન સ્તુતિનો પાઠ બોલવો જોઈએ.

**ચોવીસ જિન સ્તુતિનો પાઠ :-**

***પ્ર. ૧ :– આ પાઠમાં કોની સ્તુતિ કરવામાં આવી છે ?***

**જવાબ :–** ભરતક્ષેત્રમાં થયેલ ૨૪ તીર્થંકર ભગવાનના નામ બોલીને, તેની સ્તુતિ કરવામાં આવી છે.

***પ્ર. ૨ :– તેઓને તીર્થંકર કેમ કહેવાય છે ?***

**જવાબ :–** સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા; આ ચાર તીર્થની સ્થાપના કરવાથી તેમને તીર્થંકર કહે છે અને જિનશાસનના પૂર્ણ શ્રુતજ્ઞાનની પુનઃ સ્થાપના કરવાથી તેમને તીર્થંકર કહે છે.

***પ્ર. ૩ :– તીર્થ કોને કહે છે ?***

**જવાબ :–** તે તીર્થંકર ભગવાનની વાણીથી સ્વયં સંસારને તરી જાય છે, પાર કરી લ્યે છે અને પોતાના શરણમાં આવનારને પણ સંસારથી તરવાનો માર્ગ બતાવે છે, તેને તીર્થ કહે છે.

***પ્ર. ૪ :– ચોવીસ તીર્થંકર અત્યારે ક્યાં છે ?***

**જવાબ :–** ભગવાન ઋષભદેવથી ભગવાન મહાવીર સ્વામી પર્યંત ચોવીસ તીર્થંકર ભગવાન સિદ્ધ થઈ ગયા છે, મોક્ષમાં પધારી ગયા છે.

***પ્ર. ૫ :– અત્યારે કયા તીર્થંકર ભગવાનનું શાસન છે ?***

**જવાબ :–** અંતિમ ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું શાસન અત્યારે ચાલી રહ્યું છે.

***પ્ર. ૬ :– તીર્થંકર ભગવાન મોક્ષથી પાછા મનુષ્ય લોકમાં ક્યારે આવે છે ?***

**જવાબ :–** મોક્ષમાં ગયા પછી ત્યાં આત્મ સ્વરૂપમાં લીન થઈ જાય છે. તેનું શરીર અને કર્મ તથા રાગ અને દ્વેષ આદિ રહેતા નથી. એટલે તે ક્યારે ય પણ પાછા મનુષ્ય લોકમાં આવતા નથી.

***પ્ર. ૭ :– સિદ્ધ ભગવાનની સ્તુતિથી આપણને શું લાભ છે ?***

**જવાબ :–** મહાન પુરુષોના ગુણગ્રામ કરવાથી આપણા જુના કર્મોની નિર્જરા થાય છે, પાપ કર્મોનો બંધ થતો નથી. સદ્‌બુદ્ધિ ઉત્પન્ન થાય છે. જેથી આપણે પણ તેની સમાન બનવાનો પુરુષાર્થ કરી મોક્ષ પ્રાપ્ત કરી શકીએ છીએ.

***પ્ર. ૮ :– સિદ્ધ ભગવાન રાગદ્વેષ રહિત છે. તો તેઓને પ્રસન્ન કરવાને માટે અથવા મોક્ષ દેવા માટે પ્રાર્થના કેમ કરવામાં આવે છે ?***

**જવાબ :–** તેના પ્રત્યે આપણો આદરભાવ પ્રગટ થાય છે. એવી પ્રાર્થના કરવાથી આપણને મોક્ષ પ્રાપ્તિની લગની અથવા યોગ્યતા પ્રાપ્ત થાય છે અને તેવા ભાવો દૃઢ બને છે. જેથી આપણે સંયમનું પાલન કરી સમાધિ અને સિદ્ધિને પ્રાપ્ત કરી શકીએ છીએ.

***પ્ર. ૯ :– તીર્થંકર ભગવાન સૂર્યથી પણ અધિક કયો પ્રકાશ કરે છે ?***

**જવાબ :–** આત્મજ્ઞાન રૂપ ભાવ પ્રકાશ કરે છે અને અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે. સૂર્ય મનુષ્ય ક્ષેત્રને પ્રકાશિત કરે છે અને તીર્થંકર ભગવાન કેવળ



જ્ઞાનથી સંપૂર્ણ લોકને પ્રકાશિત કરે છે.

**સામાયિક વ્રત લેવાનો પાઠ :–**

***પ્ર. ૧ :– સામાયિક વ્રત કોને કહે છે ?***

**જવાબ :–** જે વ્રતમાં ૧૮ પાપોનો ત્યાગ કરવામાં આવે છે અને સમભાવને ધારણ કરવામાં આવે છે, તેને સામાયિક કહે છે.

***પ્ર. ૨ :– સામાયિક વ્રત કેટલા સમયનું હોય છે ?***

**જવાબ :–** સામાયિકનો નિશ્ચિત સમય એક મુહૂર્ત (૪૮ મિનીટ)નો છે. એને એક સામાયિક કરવાનું કહેવાય છે.

***પ્ર. ૩ :– કરણ કોને કહે છે ?***

**જવાબ :–** કરવું, કરાવવું અને અનુમોદના રૂપ ક્રિયાને કરણ કહે છે.

***પ્ર. ૪ :– યોગ કોને કહે છે ?***

**જવાબ :** મન, વચન અને કાયાના વ્યાપારને યોગ કહે છે.

***પ્ર. ૫ :– બે કરણ ત્રણ યોગ શું છે ?***

**જવાબ :–** ૧૮ પાપ, મનથી, વચનથી અને કાયાથી કરવા નહીં અને કરાવવા પણ નહીં.

***પ્ર. ૬ :– મનથી કરવાનું શું છે ?***

**જવાબ :–** પાપ કરવાનો મનમાં સંકલ્પ કરવો.

***પ્ર. ૭ :– મનથી કરાવવાનું શું છે ?***

**જવાબ :** પાપ કરાવવાનો મનમાં સંકલ્પ કરવો.

***પ્ર. ૮ :– મનથી અનુમોદના શું છે ?***

**જવાબ :–** પાપ કાર્યોને મનમાં સારા સમજવાં.

***પ્ર. ૯ :– વચનથી કરવાનું શું છે ?***

**જવાબ :–** પાપ કાર્યના સંકલ્પને વચનથી પ્રગટ કરવા, પ્રતિજ્ઞા કરવી.

***પ્ર. ૧૦ :– વચનથી કરાવવાનું શું છે ?***

**જવાબ :–** પાપ કાર્ય કરવા માટે બીજાને કહેવું.

***પ્ર. ૧૧ :– વચનથી અનુમોદના શું છે ?***

**જવાબ :–** પાપ કાર્યની તથા પાપ કાર્ય કરનારાની પ્રશંસા કરવી 'ઘણું સારૂં કર્યું' આદિ બોલવું.

***પ્ર. ૧૨ :– કાયાથી કરવાનું શું છે ?***

**જવાબ :–** સ્વયં પોતાના હાથ આદિથી કાર્ય કરવું.

***પ્ર. ૧૩ :– કાયાથી કરાવવાનું શું છે ?***

**જવાબ :–** બીજાને કરવા માટે ઈશારો કરવો.

***પ્ર. ૧૪ :– કાયાથી અનુમોદના શું છે ?***

**જવાબ :–** પાપ કાર્ય કરનારાના તે કાર્યથી પ્રસન્ન થઈ અભિનંદન આપવા, પીઠ થાબડવી આદિ તથા પાપ કાર્યથી ઉત્પન્ન થતી વસ્તુનો ઉપયોગ કરવો તથા તેમાં આનંદ અનુભવવો.

***પ્ર. ૧૫ :– અઢાર પાપ ક્યા છે ?***

**જવાબ :–** **૧.** હિંસા **૨.** જૂઠ **૩.** ચોરી **૪.** મૈથુન **૫.** પરિગ્રહ **૬.** ક્રોધ **૭.** માન **૮.** માયા **૯.** લોભ **૧૦.** રાગ **૧૧.** દ્વેષ **૧૨.** કલહ **૧૩.** કલંક લાગડવું **૧૪.** ચાડી કરવી **૧૫.** બીજાની નિંદા કરવી **૧૬.** સુખ-દુઃખમાં હર્ષ-શોક કરવા **૧૭.** કપટ સહિત ખોટું બોલવું **૧૮.** ધર્મ સંબંધી વિપરીત માન્યતા રાખવી અથવા જિનવાણીથી વિરુદ્ધ સમજવું, માનવું.

**સિદ્ધ સ્તુતિ :–**

***પ્ર. ૧ :– આ પાઠમાં કોનું વર્ણન છે ?***

**જવાબ :–** આ પાઠમાં તીર્થંકરના, તીર્થંકર સિદ્ધના ગુણોનું વર્ણન છે. આ ગુણોથી તેની સ્તુતિ કરતાં તેને નમસ્કાર કર્યા છે.

***પ્ર. ૨ :– આ પાઠને શક્રસ્તવ કેમ કહેવામાં આવે છે ?***

**જવાબ :–** પ્રથમ દેવલોકનાં ઈન્દ્ર પોતાના સ્થાન પર જ આ પાઠથી અરિહંત-તીર્થંકર અને સિદ્ધ ભગવાનની સ્તુતિ નમસ્કાર કરે છે. એટલે આ શક્રસ્તવ, શક્રેન્દ્ર દ્વારા કરવામાં આવેલી સ્તુતિ કહેવાય છે.

***પ્ર. ૩ :– આ પાઠ બે વાર કેમ બોલવામાં આવે છે ?***

**જવાબ :–** પ્રથમ વારમાં સિદ્ધ ભગવાનની સ્તુતિ કરવામાં આવે છે અને બીજી વારમાં વર્તમાન શાસનપતિ તીર્થંકરની સ્તુતિ અને નમસ્કાર કરવામાં આવે છે.

***પ્ર. ૪ :– લોગસ્સ અને નમોત્થુણંમાં શું અંતર છે ?***

**જવાબ :–** **लोगस्स** માં ચોવીસ તીર્થંકરોના નામ, સ્તુતિ, કીર્તન, નમન પ્રાર્થના વગેરે છે. **णमोत्थुणं** માં અરિહંત સિદ્ધના અનેક ગુણોનું કીર્તન કરતાં નમસ્કાર કર્યા છે, કોઈનું નામ નથી.

***પ્ર. ૫ :– संपत्ताणं અને संपाविउकामाणंમાં શું અંતર છે ?***

**જવાબ :–** **संपत्ताणंનો અર્થ :** મોક્ષ પ્રાપ્ત કરેલ સિદ્ધ ભગવાન. **संपाविउ**



**कामाणं**નો અર્થ છે, મોક્ષ પ્રાપ્તિના ઈચ્છુક અર્થાત્ શીઘ્ર આ ભવમાં જ મોક્ષ પ્રાપ્ત કરનારા અરિહંત ભગવાન, જેને જે ફળની પ્રાપ્તિ થવાની હોય તેને તેનો ઈચ્છુક કહી શકાય છે. જેમ નરકમાં જવા યોગ્ય કાર્ય કરનારા નરકાયુના ઈચ્છુક કહેવામાં આવ્યા છે.

**સામાયિક :–**

***પ્ર. ૧ :– સામાયિક ક્યાં કરવી જોઈએ ?***

**જવાબ :–** ધર્મ સ્થાનમાં અથવા એકાંત અને શાંત, જીવ જંતુ રહિત સ્થાનમાં કરવી જોઈએ. રાત્રિમાં છતયુક્ત સ્થાનમાં કરવી જોઈએ.

***પ્ર. ૨ :– સામાયિકમાં વેશ કેવો હોવો જોઈએ ?***

**જવાબ :–** સાંસારિક ઝભ્ભો, પેન્ટ આદિ સીવેલ વસ્ત્ર ઉતારીને સફેદ ચાદર (પછેડી) મુહપત્તિ અને ચોલપટ્ટો પહેરવો જોઈએ.

***પ્ર. ૩ :– સામાયિકના ઉપકરણ શું છે ?***

**જવાબ :–** આસન, મુહપત્તિ, ચાદર(પછેડી), ચોલપટ્ટો, પૂંજણી; આ આવશ્યક ઉપકરણ છે તથા જ્ઞાન ધ્યાન માટે માળા અથવા ધાર્મિક પુસ્તકો રાખવા જોઈએ.

***પ્ર. ૪ :– મુખ વસ્ત્રિકા આદિનું શું માપ છે ?***

**જવાબ :–** મુખ વસ્ત્રિકા ૨૧ આંગુલ લાંબી + ૧૬ આંગુલ પહોળી; દુપટ્ટા = ૨ મીટર લંબાઈ + ૧ મીટર પહોળાઈ; ચોલપટ્ટો = ૨ મીટર લંબાઈ + ૩/૪ પોણો મીટર ઊંચાઈ.

***પ્ર. ૫ :– મુખવસ્ત્રિકા કેવી રીતે રાખવી જોઈએ ?***

**જવાબ :–** મુખ પર રહેનારું વસ્ત્ર જ મુખવસ્ત્રિકા કહેવાય છે. એટલે આઠ પડ કરીને ૫ આંગુલ પહોળી અને ૮ આંગુલ લાંબી મુખવસ્ત્રિકાની વચમાં દોરો લગાવીને મુખ પર બાંધવી જોઈએ.

***પ્ર. ૬ :– મુખ વસ્ત્રિકા બાંધવાનું શું કારણ છે ?***

**જવાબ :–** **૧.** એનું નામ જ મુખવસ્ત્રિકા છે **૨.** સામાયિકમાં ઉઘાડે મોઢે બોલવું કલ્પતું નથી **૩.** ઉઘાડે મોઢે બોલવાથી સાવદ્ય ભાષા બને છે **૪.** ઉઘાડે મોઢે બોલવાથી વાયુકાય આદિ જીવોની વિરાધના થાય છે **૫.** ઉઘાડે મોઢે બોલવાથી બીજા પર થૂંક ઉડે છે **૬.** ધાર્મિક આચરણનું આ ચિહ્ન છે. એટલે મુખવસ્ત્રિકા મોઢા પર બાંધીને જ સામાયિક કરવામાં આવે છે.

***પ્ર. ૭ :– મુખ વસ્ત્રિકા હાથમાં રાખવાથી કયો દોષ લાગે ?***

**જવાબ :** (૧) હાથમાં રાખવાને 'કર વસ્ત્ર(રૂમાલ)' કહેવાય છે. મુખ વસ્ત્રિકા કહેવાતી નથી. (૨) હાથમાં રાખવાથી અધિકતર ઉઘાડે મોઢે બોલાય છે, જેનાથી

**૧.** સામાયિકના નિયમનો ભંગ થાય છે. **૨.** બીજા પર થૂંક ઉડે છે. **૩.** તેની ભાષા (સાવદ્ય) પાપકારી હોય છે. **૪.** વાયુકાય આદિ જીવોની વિરાધના થાય છે. **૫.** શાસ્ત્ર આદિ પર થૂંક ઉડે છે.

(૩) બંને હાથ જોડીને ગુઢ વંદન કરતી વખતે મુખવસ્ત્રિકાને મુખ પર રાખવી આવશ્યક છે. તેનું પાલન પણ હાથમાં રાખવાથી થતું નથી.

(૪) મુહપત્તિ હાથમાં રાખનારા સાધુ સાધ્વી પણ ખુલ્લા મોઢે અયતના પૂર્વક બોલે છે. એથી સ્પષ્ટ જ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. એટલે મુહપત્તિ મોઢે બાંધીને જ સામાયિક કરવી જોઈએ.

***પ્ર. ૮ :– સામાયિક કરવાથી શું-શું લાભ છે ?***

**જવાબ :–**

(૧) એક મુહૂર્તને માટે હિંસા આદિ ૧૮ અઢારેય પાપ છુટી જાય છે.

(૨) સંસારના અનંત પ્રાણીઓને અભયદાન મળે છે.

(૩) સાંસારિક જીવનથી વિશ્રાંતિ મળે છે.

(૪) શાંતિ અને સમભાવની પ્રાપ્તિ થાય છે.

(૫) એક મુહૂર્ત સુધી ધાર્મિક અભ્યાસ, ચિંતન, મનન, શાસ્ત્રશ્રવણ, વાંચન તથા સાધુ-સાધ્વીની સેવાનો લાભ મળે છે.

(૬) જેનાથી આપણી ધાર્મિક રુચિ, વૈરાગ્ય જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

(૭) કેટલાય પ્રકારના જ્ઞાન વાંચવા અને સાંભળવા મળે છે.

(૮) જેનાથી ક્લેશ કષાય છૂટે છે.

(૯) ધન, પરિગ્રહની અને વિષય સુખની આસક્તિ છૂટે છે.

(૧૦) સામાયિકમાં પાપનું સેવન છૂટી જવાથી ઘણાં નવા કર્મનો બંધ અટકી જાય છે.

(૧૧) જ્ઞાન ધ્યાન આદિથી જુના પાપ કર્મનો પણ નાશ થાય છે.

(૧૨) જેથી આત્મા હળુકર્મી બને અને નવા-નવા વ્રત લેવાની ભાવના થાય. એટલે દરરોજ ઓછામાં ઓછી એક સામાયિક અવશ્ય કરવી જોઈએ.

***પ્ર. ૯ :– રેલ ગાડી આદિમાં સામાયિક થઈ શકે છે ?***

**જવાબ :** વાહનમાં સંવર અને નિત્ય નિયમ વાંચન આદિ કરી શકાય છે. વાહન જ્યાં વધારે સમય રોકાય ત્યાં ઉતરીને એકાંત સ્થાન મળવાથી સામાયિક કરી શકાય છે.

***પ્ર. ૧૦ :– સામાયિક વિધિ સહિત જ લેવી જોઈએ ?***



**જવાબ :–** સંપૂર્ણ પાઠ કંઠસ્થ હોય તો સામાયિક વિધિપૂર્વક જ લેવી જોઈએ. સંપૂર્ણ પાઠ કંઠસ્થ ન હોય તો સામાયિક લેવાના પાઠ(**करेमि भंते**)થી લેવી જોઈએ અથવા સાધુ સાધ્વી કે અન્ય કોઈ પાસે પ્રત્યાખ્યાન કરવા જોઈએ.

***પ્ર. ૧૧ :– કોઈ પ્રત્યાખ્યાન કરાવનારું પણ ન હોય તો શું કરવું ?***

**જવાબ :** એવી સ્થિતિમાં જો કોઈને સામાયિક કરવી હોય તો યોગ્ય સ્થાનમાં વિધિપૂર્વક બેસીને ત્રણ વાર નવકારમંત્ર બોલીને વંદન કરીને 'હું સામાયિક ગ્રહણ કરું છું' એવો સંકલ્પ કરી લેવો અને સમય પૂરો થયા પછી સામાયિક પાળવાના સંકલ્પથી વંદન કરીને ત્રણ વાર નમસ્કાર મંત્ર બોલી લેવા. આ પ્રકારે પણ સામાયિક થઈ શકે છે.

***નોંધ :– આ પરિશિષ્ટના પ્રશ્નોત્તર, ધાર્મિક પાઠશાળાના બાળકો માટે હોવાથી તેનું અલગ પરિશિષ્ટ કરવામાં આવ્યુ છે. તેથી પરિશિષ્ટ–૪માં આવેલા પ્રશ્નોત્તરમાંથી કેટલાકનું પુનરાવર્તન થયું છે. આ પરિશિષ્ટના ઉદ્દેશ્યની ભિન્નતાના કારણે તેમ કરવામાં આવ્યું.***

**॥ સામાયિક સરળ પ્રશ્નોત્તર સંપૂર્ણ ॥**

**॥ આવશ્યક સૂત્રના પરિશિષ્ટો સંપૂર્ણ ॥**

**॥ પરિશિષ્ટ : અનુભવ અર્ક સંપૂર્ણ ॥**

**॥ જૈનાગમ નવનીત ભાગ–૮ સંપૂર્ણ ॥**

## આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી સંપાદિત

### ઉપલબ્ધ સાહિત્ય

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| | **હિન્દી સાહિત્ય** | |
| ૧ | ઉત્તરાધ્યયન સૂત્ર સારાંશ | ૫–૦૦ |
| ૨ | દશવૈકાલિક સૂત્ર સારાંશ | ૫–૦૦ |
| ૩ | આચારાંગ સૂત્ર સારાંશ | ૫–૦૦ |
| ૪ | ઠાણાંગ સૂત્ર સારાંશ | ૫–૦૦ |
| ૫ | સમવાયાંગ સૂત્ર સારાંશ | ૫–૦૦ |
| ૬ | ભગવતી સૂત્ર સારાંશ | ૫૦–૦૦ |
| ૭ | જ્ઞાતા ધર્મકથા સૂત્ર સારાંશ | ૬–૦૦ |
| ૮ | ઉપાસક દશા સૂત્ર સારાંશ | ૧૦–૦૦ |
| ૯ | અંતગડ સૂત્ર સારાંશ | ૨૦–૦૦ |
| ૧૦ | રાજપ્રશ્નીય સૂત્ર, નંદી સૂત્રનીકથાઓ | ૧૦–૦૦ |
| ૧૧ | ઐતિહાસિક સંવાદ | ૧૦–૦૦ |
| ૧૨ | જીવાભિગમ સૂત્ર સારાંશ | ૭–૦૦ |
| ૧૩ | જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર સારાંશ | ૭–૦૦ |
| ૧૪ | જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર સારાંશ | ૭–૦૦ |
| ૧૫ | ચાર છેદ સૂત્ર સારાંશ પરિશિષ્ટ યુક્ત | ૫૦–૦૦ |
| ૧૬ | બૃહત્કલ્પ સૂત્ર સારાંશ | ૫–૦૦ |
| ૧૭ | વ્યવહાર સૂત્ર સારાંશ | ૫–૦૦ |
| ૧૮ | ઉપદેશ શાસ્ત્ર જૈનાગમ નવનીત | ૫૦–૦૦ |
| ૧૯ | ગુણસ્થાન સ્વરૂપ | ૨–૦૦ |
| ૨૦ | ધ્યાન સ્વરૂપ | ૨–૦૦ |
| ૨૧ | ચૌદ નિયમ | ૨–૦૦ |
| ૨૨ | બાર વ્રત | ૨–૦૦ |
| ૨૩ | સંવત્સરી એકતા વિચારણા | ૨–૦૦ |



| | | |
|---|---|---|
| ૨૪ | સામાયિક સૂત્ર સરલ પ્રશ્નોત્તર | ૨–૦૦ |
| ૨૫ | સામાયિક પ્રતિક્રમણ વિશિષ્ટ પ્રશ્નોત્તર | ૨–૦૦ |
| ૨૬ | સવિધિ હિન્દી શ્રાવક પ્રતિક્રમણ | ૨–૦૦ |
| ૨૭ | આગમ વિપરીત મૂર્તિ પૂજા | ૨–૦૦ |
| ૨૮ | શ્રમણ પ્રતિક્રમણ હિન્દી | ૨–૦૦ |
| ૨૯ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર–૧ | ૧૦–૦૦ |
| ૩૦ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર–૨ | ૧૦–૦૦ |
| ૩૧ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર – ૩–૪ | ૨૦–૦૦ |
| ૩૨ | ચરણાનુયોગ સંપૂર્ણ બે ભાગોમાં | ૧૦૦૦–૦૦ |
| ૩૩ | દ્રવ્યાનુયોગ સંપૂર્ણ ત્રણ ભાગોમાં | ૨૦૦૦–૦૦ |
| ૩૪ | ત્રીણિ છેદ સૂત્રાણિ વિવેચન સાથે | ૩૦૦–૦૦ |
| ૩૫ | નિશીથ સૂત્ર વિવેચન સાથે | ૩૦૦–૦૦ |
| ૩૬ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તરી સંપૂર્ણ સેટ | ૬૦૦–૦૦ |
| | **ગુજરાતી સાહિત્ય** | |
| ૧ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર–૧–૨ | ૨૦–૦૦ |
| ૨ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર–૩–૪ | ૨૦–૦૦ |
| ૩ | ચૌદ નિયમ | ૨–૦૦ |
| ૪ | બાર વ્રત | ૨–૦૦ |
| ૫ | મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના (દરેક ભાગના) | ૫૦–૦૦ |
| ૬ | જૈન શ્રમણોની ગોચરી તથા શ્રાવકાચાર | ૫–૦૦ |
| ૭ | વિવેચન સાથે આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ | ૨૦૦–૦૦ |
| ૮ | વિવેચન સાથે સૂત્રકૃતાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ | ૨૦–૦૦ |
| ૯ | વિવેચન સાથે સ્થાનાંગ સૂત્ર ભાગ–૧, ૨ | ૬૦૦–૦૦ |
| ૧૦ | વિવેચન સાથે સમવાયાંગ સૂત્ર સંપૂર્ણ | ૨૦૦–૦૦ |
| ૧૧ | વિવેચન સાથે ભગવતી સૂત્ર ભાગ–૧ થી ૫ | ૨૦૦૦–૦૦ |
| ૧૨ | વિવેચન સાથે ઉપાસક દશાંગ સૂત્ર | ૧૦૦–૦૦ |
| ૧૩ | વિવેચન સાથે અંતગડ દશાંગ સૂત્ર | ૧૬૦–૦૦ |
| ૧૪ | વિવેચન સાથે અનુત્તરોપપાતિક સૂત્ર | ૧૦૦–૦૦ |

| | | |
|---|---|---|
| ૧૫ | વિવેચન સાથે પ્રશ્ન વ્યાકરણ સૂત્ર | ૧૯૦–૦૦ |
| ૧૬ | વિવેચન સાથે વિપાક સૂત્ર | ૧૧૦–૦૦ |
| ૧૭ | વિવેચન સાથે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર | ૨૫૦–૦૦ |
| ૧૮ | વિવેચન સાથે ઉપાંગ સૂત્ર (નિરયાવલિકાદિ) | ૧૫૦–૦૦ |
| ૧૯ | વિવેચન સાથે ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ ૧–૨ | ૬૦૦–૦૦ |
| ૨૦ | વિવેચન સાથે દશવૈકાલિક સૂત્ર સંપૂર્ણ | ૩૦૦–૦૦ |
| ૨૧ | વિવેચન સાથે નંદી સૂત્ર | ૨૦૦–૦૦ |
| ૨૨ | વિવેચન સાથે અનુયોગદ્વાર સૂત્ર | ૨૫૦–૦૦ |
| ૨૩ | ચરણાનુયોગ સંપૂર્ણ બે ભાગોમાં | ૧૬૦૦–૦૦ |
| | **અગ્રિમ ગ્રાહક યોજના (ગુજરાતી)** | |
| ૧ | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તરી સેટ ૩૨ આગમ (૨૦૦૮ સુધીમાં) | ૬૦૦–૦૦ |
| ૨ | મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના ભાગ–૧ થી ૮ | ૪૦૦–૦૦ |

*સારાંશ પુસ્તકોના વિષયોમાં શંકા–કુશંકા કરી કર્મબંધ ન કરતાં જિજ્ઞાસાથી આગમ મનીષી મુનિરાજશ્રીથી પત્ર સંપર્ક કરી જ્ઞાન–વૃદ્ધિ કરવી જોઈએ.*

**નિવેદક – જીજ્ઞેશ બી. જોષી**

- ★ ***બત્રીસ આગમોનો ગુજરાતી સારાંશ વાંચીને સંક્ષેપમાં જાણી શકાય છે કે જૈનાગમોમાં શું શું સમજાવ્યું છે.***
- ★ બત્રીસ આગમોનો ગુજરાતી સારાંશ આઠ પુસ્તકોમાં પોસ્ટ ખર્ચ સહિત કુલ રૂા. ૪૦૦/–નો M.O. રાજકોટ મોકલી પ્રાપ્ત કરી શકાય છે. [ડિસેમ્બર ૨૦૦૪ સુધી આઠે ય ભાગો પ્રકાશિત થવાની યોજના છે].

**રાજકોટનું સરનામું:** નેહલ હસમુખભાઈ મહેતા, આરાધના ભવન, ચંદ્રપ્રભુ એપાર્ટ., ગ્રાઉન્ડ ફ્લોર, ૬/૧૦ વૈશાલીનગર, રાજકોટ–૩૬૦૦૦૧



## સૌજન્ય દાતાઓને આભાર સહ ધન્યવાદ

૧. શ્રી શરદભાઈ જમનાદાસ મહેતા, રાજકોટ
૨. સ્વ. પ્રભાબેન મોહનલાલ મહેતા (ગુઠકુલવાળા) પોરબંદર
૩. શ્રીમતી ભાવનાબેન વસંતલાલ તુરખીયા, રાજકોટ
૪. શ્રી લાલજી કુંવરજી સાવલા (તુંબડી), ડોંબીવલી
૫. સ્વ. રંજનબેન ચંદ્રકાંત દોશી (કુંદણીવાળા) રાજકોટ
૬. શ્રીમતી જ્યોત્સનાબેન પ્રકાશભાઈ વોરા, રાજકોટ
૭. શ્રી નવલ સાહિત્ય પ્રકાશન ચેરીટેબલ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર
૮. શ્રીમતી મધુબેન રજનીકાંત કામદાર, રાજકોટ (તરંગ એપા.)
૯. શ્રી નરેન્દ્રભાઈ શાંતિલાલ કામદાર, લાતુર
૧૦. શ્રીમતી કીનીતાબેન દીલીપકુમાર ગાંધી, રાજકોટ
૧૧. શ્રી નંદાચાર્ય સાહિત્ય સમિતિ, બદનાવર
૧૨. શ્રી પ્રફુલભાઈ ત્રીભોવનદાસ શાહ, રાજકોટ
૧૩. શ્રી મનહરલાલ છોટાલાલ મહેતા, રાજકોટ.
૧૪. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, મલાડ (વેસ્ટ)
૧૫. શ્રી આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન, સુરત
૧૬. શ્રી હરીલાલ મંગળજી મહેતા, મુંબઈ
૧૭. ડૉ. ભરતભાઈ ચીમનલાલ મહેતા, રાજકોટ
૧૮. ધીરેન્દ્ર પ્રેમજીભાઈ સંગોઈ, માટુંગા
૧૯. શ્રી ચંદુભાઈ વોરા, મોમ્બાસા
૨૦. ડો. સુધાબેન ભૂદરજી હપાણી, રાજકોટ (૮ સેટ)
૨૧. શ્રી શાંતિલાલ છોટાલાલ શાહ (સાયલાવાળા) અમદાવાદ
૨૨. શ્રી વલ્લભજી ટોકરશી મામણીયા, મુંબઈ
૨૩. શ્રી મણીલાલ ધનજી નીસર, થાણા

***જૈન શ્રમણોની ગોચરી અને શ્રાવકાચાર – પ્રકાશિત થઈ ગયેલ છે.***

***(પોકેટ સાઈઝમાં) મૂલ્ય : રૂા. ૫/–***

***૧૦૦ અને તેથી વધારે માટે મૂલ્ય : રૂા. ૩/–***